NOT TO BE ISSUED
OUT OF THE LIBRARY.



Digitized with financial assistance from the
Government of Maharashtra
on 18 July, 2018

MANORANJAK KATHÁ.

OR

CHARMING STORIES;

A COLLECTION OF

MISCELLANEOUS TALES & ANECDOTES

INCLUDING THOSE OF

ANCIENT RAJAHS AND KINGS &ca.

BY

PESTANJI KÁVASJI RABÁDI,

Reporter, Jam-e-Jamsheed, and Author of "Dinné Mazdiasné," "Kehevat-Mool," "Nithi Sangrah" and "Hádié Mazdiasné."

50965

BOMBAY:

PRINTED AT THE JAM-E-JAMSHEED PRESS.

YEZDEJARDE 1242.

A. D. 1872.


00050965

મનોરંજક કથા

ઇચ્છાને

દીલને રમુજ આપનારી વારતાઓ.

આગલા રાજાઓ, પાદશાહઓ, અને તે વીગરેની

પરચુટણ કથા તથા કાંહણીઓનો શંઘરહ.

બનાવનાર

એ૦ પેશાતનજી કાંવરાજી રબાડી

તે

જામે જમશેદનો રીપોરટર,

અને

દીને માજદીઅસ્નને, કેહેવત મુલ, નીતી શંઘરહ, અને

હાદીએ માજદીઅસ્નનો કરતા.

LIBRARY
OF THE
BOMBAY
BRANCH
ASIATIC

જામે જમશેદ ખાનામા

પરસીધ કરેઅોછે.

શંને ૧૨૪૨ ઇઅજદજરદી.

શંને ૧૮૭૨ ઇશવીં

To,

BYRAMJEE JEJEEBHOY Esqr.

Ex Member of the Council of His Excellency the Governor for Making Laws and Regulations,

BOMBAY.

Respected Sir,

As a leader among our Community you have always proved yourself a true patron of knowledge and education. As a slight token of admiration for those qualities, I beg leave most respectfully to dedicate to you this Book entitled "Manoranjak Kathá," or Charming Stories, with the expression of a hope that, with your usual liberality and generous nature, you will be pleased to accept the dedication.

I remain Respected Sir,

Your most obedient servant,

PESTANJI KÁVASJI RABÁDI.

નેક્નામ શેઠજી શાહેબ,

શેઠ જેહરાંમજી જીજીભાઈ,

મુંબઈના નામદાર ગવરનરની

ધારા બાંધનારી સભાના માજી અધીકારી જોગ.

અકાબર શાહેબ—

તમો નામદાર વીદીઆ, હોનર, તથા કેલવણીને હંમેશ ઉતે જન આપતા આવો છેઓ, તેની પરશીધ થાએલી વણીએક નોધની ઈઆદગારીમા આ "મનોરંજક કથા" નામની કેતાબ તમો માન પામેલા અકાબર શાહેબને મોટી નમનતાઈ શાથે અરપણ કરવાની રજા લેઉં છેઉં, અને ઉંમેદ રાખુચકે તમો શાહેબ પોતાની શદાની શખીતબે પરમાણે કબુલ રાખશો. એજ અરજ.

માનવંતા અકાબર સાહેબ—

હું છેઉં તમારો નમનતાઈ ભરેલો શેવક,

એ૦ પેશાતનજી કાવશાજી રબાડી.

રોજ મુબારક ૧૭ મો, માહ મુબારક ૨ જો સાલે ૧૨૪૨ ઈસ્વિજદજરદી.

૫૨મેશ્વ૨, જે શ૨વે શકતીવાન શાહેબછે,અને જેણે શગલી પેદા એશ પેદા કીધેલીછે તે શાહેબના નામની બ૨ખતથી આ કેતાબ લ ખવાનું કાંમ આ૨ંભીઉ હતું, અને તે શાહેબની મેહ૨બાનીથી એ કાંમ શમાપત કીધામાં આવીઉછે.

એ કેતાબને "મનો૨ંજક કથા" કરીને નાંમ આપેઆમા આવીઉછે, જેની અંદ૨ દીલને ૨મુજ આપનારી વા૨તાઓનો શમાશ કીધોછે. રા જાઓ,પાદશાહઓ,અને તે વીગ૨ેની કથા,અને કાહણીઓની વા૨તા ઓ શાંભલવાનો શોખ માણશ જાતમા ખુદ૨તથી ઉત૨ેલોછે,અને તેટ લા માંટે તેવી વા૨તાઓ શાંભલવાને દ૨એક માંણશ ઈનતેજા૨ી રાખે છે,અને તેવી વા૨તા ક૨ના૨ની ત૨ફ અછું ચીત લગાડીને તે શાંભલેછે. એવો શોખ દ૨એક ગનેઆતનાં લોકોમાછે, અને બીજી ગનેઆત ભ રેલી, તથા વીદીઆ અજીબાશીક, અને ધ૨મ ઉપીઓગી બાબતો ક ૨તાંને એવી કાંહણીઓની વા૨તા શાંભલવા, તથા વાંચવા ઉપ૨ તે ઓ ઘણું ધીઆંન આપેછે. લોકોમાં એવી કથા અને કાંહણીઓ વી શે આવી ૨ીતની ઉલટ, અને ઈનતેજા૨ી જોવાથી શેવકે એવી ક થા, અને કાંહણીઓની આ ચોપડી બનાવવા ઉપ૨ પોતાના મગજ ને વલાણ આપી હતી, અને કેટલેએક ઠેકાંણેથી જુદી જુદી ૨શી લી, અને મનને ૨મત, અને ગમત આપના૨ી વા૨તાઓનો શંધ૨ હ ક૨ેઓછે, શગલી મલીને ૬૨ વા૨તાઓ એ ચોપડીની અંદ ૨ શમાવેલીછે.

એ કેતાબ મધ્યે "બખતીઆ૨ નાંમુ" એવે નાંમની એક કેતાબ દાખલ કીધેલીછે, જેની અંદ૨ એક બીજાં શાથે શંબંધ રાખના૨ી જુદી જુદી દશ વા૨તાઓછે. એ નાંમાં માંહેલી મતલબ એવીછે કે "શીશતાન" શે૨ મધ્યે "આજાદબખત" નાંમે એક પાદશાહ હતો, અને તે દશ વજી૨ રાખતો હતો. એ મધ્યેનો પેહેલો, અને વડો વ જી૨, જેનું નાંમ "શપેહશાલા૨" ક૨ીને હતું, અને તે પાદશાહી રાજકા૨ોબા૨ ચલાવતો હતો. એ વજી૨ને તાંહ "મેહ૨નેગા૨" નાં

મની એક દીકરી હતી, જે ઘણીજ ખુબશુરત, અને ચેહરાવંતી હ તી, અને તેનો બાપ તેને હદથી જીઆદે ચાહતો હતો; કાંકે તેનાં બાપને તેનાં શીવાએ બીજું ફરજંદ નહી હતું. એક દીવશે વજી ર શેહરની બાહેરનાં ગાંમો તરફ મેહશુલની તપાશને માટે ગએએો હતો, અને તાંહ વધારે વખત રોકાઈ પડેઆથી, પોતાની બેટીને બો લાવી હતી, જેને રશતા મધે જોવાથી પાદશાહ આજાદબખત તેની ઉપર આશક થાએએો હતો, અને રશતા મધેથી પોતાને ઘેર લેઈ જા ઈને તેની શંગાથે નેકા કીધા હતા. એ ખબર વજીરને થાવાથી તે ણે લશકરને પોતાનાં હાથમાં લીધું, અને પોતાના પાદશાહના શેહ ર ઉપર ચઢાઈ કીધી. લશકર ફરી ગીઆથી, પાદશાહ લાઈલાજ થાએએો, અને પોતાની બાએડી "મેહરનેગાર"ને લેઇને છુપે રશતે શેહર મધેથી નાહશી ગીએો. મેહરનેગારને રશતા મધે હંમેલ છુ ટા, અને તેણે એક બેટાને જનમ આપેએો; પણ દુશમેનની ધારા તીથી મંજલ દર મંજલ નાહશવાને લીધે તે છોકરાને એક કુવા ઉ પર મેલીને તેઓ આગલ વધીઆ. થોડા વખત પછે એ છોકરાને ચોરની ટોલકીનો એક શરદાર લેઈ ગએેએો, અને તેને તાંહ બાલક નહી હોવાને લીધે તેણે તે છોકરાને પાલીને પરવરશ કરેએો, અને તેનું નાંમ "ખોદાદાદ" કરીનેં રાખીઉ.

બીજી તરફથી "ફેરમાન" નાં પાદશાહની મદદથી પાદ શાહ અજાદબખતે પોતાનું શેહર પાછું ફતેહ કીધું. એતેફા ક એવો બનીએો કે એક દીવશે પાદશાહ "આજાદબખત" શી કારગાહથી શેહર તરફ પાછો ફરતો હતો, અને તે વેલાએ ચો રોનો પેલો શરદાર "ફરોખશવાર" પોતાના ઘરમપુતર "ખોદા દાદ," અને પોતાની ટોલકી શહીત તે તરફથી જાઈ પોહચીએો, અ ને પાદશાહી કાફલાને લુટવાની ધારણાથી તેની ઉપર હોમલો કરે એો; પણ તેમા તે ફતેહમંદ નહી થાએએો, અને પોતે તથા ખોદા દાદ પાદશાહી લશકરનાં હાથમાં કેદ પકડાએેઆ. આ વેલાએ ખો દાદાદે જે બાહદુરી કીધી હતી તે વખાણવા જોગ હતી, અને તે જોવાથી પાદશાહ આજાદબખત ઘણો ખુશી થાએએો હતો, અને તે ની ખુબશુરતી ઉપર મધન થાઈને તેને પોતાની ખીદમતમાં ચાકરી

રાખીએા હતેા, અને તેના ધરમ બાપ ફરેાખશવારને ખેાદાદાદનાં માં ગવા ઉપરથી કેટલીએક નશીહત દેઈને છેાડી મેલીએા હતેા. પાદ શાહ આજાદબખતે ખેાદાદાદને જીવતદાન બખશીણું તેના બદલામાં તેનું નાંમ "બખતીઆર" કરીને રાખીઉ. બખતીઆર પેાતાની ચં ચલાઈને લીધે દર દીવશે પદવીદર પદવીએ ચડતેા ગએેા, અને તે ની ઉપર પાદશાહની મેહરબાંની વધતી ગેઈ. આ ઉપરથી પાદશા હી દરબારનાં વજીરેામાં "બખતીઆર"ની ઉપર હશદ પેદા થાઈ, અને તેને લીધે તેની ઉપર એક ઘણું જ બુરૂં તેાહમત ઉભું કરીણું, જે ઉપરથી પાદશાહ બખતીઆરની ઉપર નારાજી થાએેા, અને તેને કતલ કરવાને શારૂં કેદ કરાવીએા. પાદશાહ તેને કતલ કરવા માટે જે દીવશે બાહેર કાઢનેા હતેા તે દીવશે બખતીઆર એક એ ક નશીહતની વાત કરીને પાદશાહને ધીરજ ધરવા માટે બેાધ આ પતેા હતેા, અને ઉતાવલ કીધાથી પાછલથી પશતાવેા ખેંચવેા પડશે, એવું શાહમજાવતેા હતેા, અને ધીરજ ધરેઆથી બખતીઆર પેાતા ની બેગેાનાહી જાહેર થાવાની પાદશાહને આશા આપતેા હતેા. એ પરમાંણે પાદશાહના દરએેક વજીરે, દર દીવશે એક એક પછે બખ તીઆરને કતલ કરવાની કેાશેશ કીધી હતી, અને તરેહવાર ઈઉક તીએા કામે લગાડી હતી; પણ બખતીઆરની ચંચલાઈ આગલ તે એાનું કશું ફાવીણું નહી, અંતે દશમે દીવશે બખતીઆરની બેગેા નાહી માલમ પડી, અને બખતીઆર પાદશાહ આજાદબખતનેા છેા કરેાછે, એવું જાહેરમાં આવીઉ. એ ઉપરથી પાદશાહએે પેલા અ દેખા વજીરેાને ખારેશતા કીધા, અને પેાતાના કુટમબ સાથે ખુશી ભરેલી રીતે પેાતાનેા બાકીનેા વખત ગુજારેએા હતેા.

શાંકલીઓ.

વારતા. શ્લોક.

૧—એક વફાદાર બાંડી.... .... ૧

૨—ભણેલો ચોર, અને કાજી ૬

૩—એક અગનેઆની ભરવાડ..... ૧૮

૪—ભરવાડે કીધેલી મેહનતની કીમત ! ૨૦

૫—અપટ આખુનજીનો ચંચલ નીશાલીઓ ૨૨

૬—બખતીઆર નાંમું બાબ પેહેલો—પાદશાહ આજાદબખતનો હેવાલ ૨૩

૭—બખતીઆરનો જનમ, અને ચોરના શરદારે કીધેલુ તેનું પોશન ૩૦

૮—બખતીઆરનાં ધરમ બાપ ચોરે પાદશાહના લશકર ઉપ ર હોમલો કીધાથી, બખતીઆર ખરા બાપને હાથે બં ધવા દાખલ પકડાએઓ ૩૬

૯—ખોદાદને બંધમાથી છોડીને પાદશાહએ પોતાનો ખાશ ખી દમતગાર કીધો, અને તેનુ નામ બખતીઆર રાખીઉ.... ૩૮

૧૦—વજીરોના હશદપણાથી બખતીઆરને મારી નાખવાની ત ઈઆરી ! ૩૯

૧૧—બાબ બીજો—પાદશાહની ગફલતીથી મારેઓ ગએલો શો દાગર ૪૩

૧૨—બાબ તરીજો—બાએડી મેલવવાની ઉતાવલ કરતાં આંખ ખોહનાર, અને બેશબરપણાથી રાજ ખોહી હેરાન થા નારો પુરશ..... ૫૨

૧૩—બાબ ૪ થો—અબુશાબેર નાંમનો એક મરદ, જે શબુરી બખતીઆર કીધાથી પાદશાહીએ પોંહચીઓ..... ૬૪

૧૪—બાબ ૫ મો—ઈમનના પાદશાહએ પોતાનાં ગોલામનો ગુનાહ માફ કીધાથી જાહેર થાએલી ખુશાલી..... ..... ૭૫

૧૫—બાબ ૬ ઠો—પાદશાહ દાદબંદે પોતાનાં કામગાર વજીર ને મારવા પછે પશ્તાવો કરવા બાબે..... ૮૩
૧૬—બાબ ૭ મો—એરાકના પાદશાહની બેટી, જે શંકટમાં આવેલી હતી તેણે મકરથી પોતાનો બચાવ કરવા વીશે. ૯૮
૧૭—બાબ ૮ મો—ઉતાવલ કીધાથી ફરજંદો ખોહનાર જહવે રી વીશે..... ૧૧૧
૧૮—બાબ ૯ મો—અદેખાઈ કીધાથી મારેઆ ગએલા અબુ તમામ નામના મરદ બાબે..... ૧૨૩
૧૯—બાબ ૧૦ મો—અજમના મુલકના પાદશાહની વારતાથી બખતીઆરનો છુટકારો થાએઓ, અને બખતીઆર પાદ શાહીએ બેઠાથી વજીરોનુ મારેલ જાવુ..... ૧૩૩
૨૦—ઘધેડાના ખેતાબના પુરશો..... ૧૪૭
૨૧—કંચનીએ આપેલો ઉતર..... ૧૪૮
૨૨—ભલા, અને ભુંડાનુ વરણન ૧૪૯
૨૩—તોખમની તાશીર..... ૧૫૯
૨૪—શલોગના શવાલનો જવાબ..... ૧૬૩
૨૫—ઘેલાશાહના ઘરેહની તાશીર !..... ૧૬૫
૨૬—રાજની શરશાઈ માંટે શવાલ..... ૧૭૪
૨૭—મુહુરતવારથી મોટી ચોરી કરનારો પુરશ..... ૧૭૭
૨૮—પંદીત થાએલો પુરશ..... ૧૮૨
૨૯—શવતંતરતાથી જાલવેલું પતીવરતાપણું..... ૧૮૮
૩૦—માંણેકચંદનુ તપીલું !..... ૨૦૨
૩૧—હરીભાઈની શેરડી; વાખ વાખ !..... ૨૦૪
૩૨—લાલ શોદાગર, અને કાલો ચોર..... ૨૦૬
૩૩—ભવઈઆ બનેલા વાણીઆઓ..... ૨૧૩
૩૪—રતનની ચોરી પકડવાની ઈઉકતી..... ૨૧૫
૩૫—જેને ઘેર લોભ, અને આશાછે તેને ફજેતીનો શું પાર ? ૨૨૯
૩૬—મરંણ શંબંધી એક ફકીરનો દાખલો..... ૨૩૦
૩૭—શમો ફેરવાએલો શોદાગર..... ૨૩૪
૩૮—વખત શંભાલીનેજ વાત કરવી..... ૨૪૦

૩૯—શાચો શખશ શોભી નીકલે..... ૨૪૮
૪૦—કરમની મતીની કેવી થાઈ ગતી !..... ૨૫૬
૪૧—શાટાંમા શપડાએલો શોદાગર..... ૨૭૧
૪૨—ચંદન રાજા ૨૮૨
૪૩—નવ રતનનો હાર પેહરનારી રાંણી..... ૨૮૮
૪૪—ચોરી પકડનારો ચેના ભટ !..... ૩૦૨
૪૫—શું નશીબમા હોએતો ઘેર બેઠાં નહી મલે ?..... ૩૧૧
૪૬—ભાએગમાં નહી હોએતો કાંથી મલે ?..... ૩૧૩
૪૭—એક પરધાનની ચંચલાઈ..... ૩૧૫
૪૮—રાજાની શુવાવડ, અને લહુવાની દીકરીની ચંચલાઈ.... ૩૧૯
૪૯—ખુવાંની ખબર મેલવનારો હજામ !..... ૩૨૮
૫૦—ફુલરા રાંણીનો આશક ૩૩૦
૫૧—એક અશતરી શાથે અશતરીનાન્ન લગન !..... ૩૪૦
૫૨—લલીતા નામે છોડીની ચંચલાઈ..... ૩૪૮
૫૩—વાઘનો અશુભ ઘરેહ..... ૩૫૭
૫૪—ભવીશ જાણનારો મોચી ૩૫૯
૫૫—ગુજરાતી શરશ કે દીલીવાન !..... ૩૬૯
૫૬—રાંણીને બોશો લેનારો શીપાહી !..... ૩૮૦
૫૭—એક બેવફા રાંણી..... ૩૮૭
૫૮—એક પાદશાહને શલોગનો શોખ..... ૩૮૯
૫૯—બાએડીને શાત ખાશડાં મારવાની બોલી ફરનારો ભરથાર ૩૯૨
૬૦—ખરી દોશતીના ચાર મીતરો ૩૯૫
૬૧—ફાંશી દીધેલો પુરશ જીવતો થાએઓ ! ૪૦૧
૬૨—હાંડીબાગનો રાજા ! ૪૦૪

એક વફાદાર બાંડી.

LC...
BRANCH
OF THE
ASIAT...

દાએરશ નામનો એક શેહનશાહ નબર નામના શેહેરમાં પાદશાહત કરતો હતો, જેના હાથ નીચે બીજાં ઘણાએક પાદશાહી શેહરો હતાં, જેના હાકમો પાશેથી દાએરશ શલામતી લેતો હતો. આ પાદશાહને તાંહ "ગુલેઅતાર" નામે એક બાંડી હતી, જે ઘણીજ ખુબ શુરત, અને આપણા એમાલનાં કરતાંબો વધારે તેના વજુદમાં ખુબ શુરતી હતી. આ બાંડી બેનેહાત ખુબ ખશલતની, અને જાહેરમાં; તે મજ બાતેનમાં નેક દીઆનત વાલી હતી, અને આલમના લોકોને શજા વાર હોએ તે મીશાલે હુનર વાલી હતી. આ બાંડીઉપર પાદશાહ ઘણોજ મેહરબાન હતો, અને તેને ઘણીજ ચાહતો હતો. એક દીવશે આ બાંડીને હાથે આશમાનની ગીરદેશતથી એક હરખત થાઈ, જે વીશે પાદશાહ પરથમ અંજાણો હતો; પણ જારે તે વાતથી પાદશાહ વાકેફ થાએઓ તારે, ઘણોજ દલગીર થાએઓ, અને વજીરને હોકમ કીધો કે એ બાંડીને પકડ, અને બજાર મધે લેઈ જાઈને વેચી નાંખ. પાદશાહે આ બાંડીને વેચવા માંટે વજીરને કેટલીએક બોલી કરવાને જણાવીઉં હતું, જેમાંની પેહલી બોલી એ હતી કે બાંડીને વેચવાનું શાટું કરનાર દલાલ તેને જોએઆ વગરજ શાટું, અને કીમત કરે. બીજી બોલી એ કે ખરીદદારે તેનું મોહડું જોએઆ વગરજ, જે કીમત દલાલ ઠેડવે તે કીમતે ખરીદ કરવી, અને ઘેર લેઈ જાએઆ બાદ તેનું મોહડું નહીજ જોવું. તરીજી બોલી એ કીધી કે ખરીદદારે તે બાંડીને ખરીદેઆ પછેબી તેનું મોહડું નહી જોવું, અને તેની ખુબશુરતી લુટવી નહી, અને જે ધણી તેને ખરીદે તેણે શું નાના એક હજાર દીનારથી ઓછી કીમત આપવી નહી જોઈએ.

પાદશાહની ઉપલી બોલીઓ શાંભલી વજીર અચરતીમાં પડેઓ, અને વીચારીઉં કે વેચવાનુ શાટું કરનાર દલાલ બાંડીને જોએઆ વગર ખરીદદારને તે વેચાંણ વીશે કેહી રીતથી શાહમજાવી શકે; તેમજ ખરીદદાર પુરશાબી એનો ચેહરો જોએઆ વગર, અને એની ખુબશુરતી, અને ખશલતને શાહમજીઆ વગર તે કેહી રીત

થી પશંદ કરીને ખરીદી કરે; પણ વજીરે પાદશાહનો હોકમ બજા વવાને જોઇએ, અને તે ઉપરથી તે બાંડીને વેચવા માટે દલાલખા નામાં લેઇ ગએઓ, અને દલાલને શગલી બીનાથી વાકેફ કરેઓ, જથી દલાલ પણ દલગીર થાએઓ, અને વજીરને કહીઉં કે એવી બોલીથી બાંડીનો ઉકાવ તે કેહી રીતે થાઇ શકશે. દલાલે બજાર માં ઉભો રહીને બાંડીને વેચવા માટેની બોલી લોકોને જણાવી, અ ને તે ઠેકાંણે બાંડીને પરદેપોશ બુરખા શાથે લેઇ જાઇ ઉભી કીધી. તાંહ ઘણા ખરીદદારો એકઠા થાએઆ હતા, તેઓએ દલાલને જ ણાવીઉં કે તેઓની ચાલ નથી કે માલ તપાશીઆ વગર, અને વ ગર જોવે ખરીદી કરે. શુંનાના એક હજાર દીનાર તે મતા જોએ આ, અને તપાશીઆ વગર શી રીતથી આપી શકીએ. આ વેચાં ણની વેલાએ જે તવંગર ખરીદદારો હતા તેઓએ તે બાંડીની લે વાલી એવી બોલીથી નહી કીધી; પણ એક ગરીબ પુરશ કે જે માતરે એક હજારજ દીનારનીજ પુંજી ધરાવતો હતો તે, ઉપલાં વે ચાંણની જગાએ જાઇ ઉભો. તે ખરીદદાર બાંડીનાં વેચાંણ શંબં ધી બોલીઓથી વાકેફ થાએઓ, અને તેણે તે બાંડીની લેવાલી કી ધી, અને તેને જોએઆ વગર બોદા તવકલથી એક હજાર શુંના ના દીનાર, જે તેની માતરે પુંજી હતી તે વજીરને લાવી આપેઆ, અને બાંડીને ઘણીએક ઇજત, અને તાજીમ શાથ પોતાને ઘેર લેઇ ગએઓ. બાંડીએ ઘેરમાં જાઇને શગલી તરફ નજર ફેરવી, અને તે ઘેર પોતાને લાએક નહી જાણેઉ, અને પોતાને લાએકનાં બીછાં ણા નહી દીઠાં, અને હાજતનો જે વખત જોઇએ તે નહી દીઠો તેથી તેણે પાક ઇશવરની આગલ દોઆ માંગીને શબુરી પકડી. પેલા કમ પુજીનાં પુરશે બાંડીને ઘેરમાં બેશાડી, અને પોતે ઘેરનાં ખરચને માટે કોઇની પાશે કરજે નાંણું લેવાને ગએઓ. પેલી તર ફથી વજીર પાદશાહની દરબારમાં ગએઓ, અને બાંડીને વેચવા શં બંધી શગલા શમાચારથી તેને વાકેફ કરેઓ, અને બોલીઓ કે ઘ ણાએક દોલતમંદ ખરીદદારો તે વેચાંણની વેલાએ હાજર હતા; પણ તેઓએ પાદશાહની બોલી પરમાણે બાંડીને ખરીદ કરવાને ના પાડી. એક પુરશ કે જે માતરે શુંનાના એક હજાર દીનારનીજ

પુંજી પોતાની પાશે વેરાવતો હતો તેણે બાંડીની લેવાલી કીધીછે. પાદશાહે બાંડીની કીમતનાં એક હજાર દીનાર ખજાણચીને આપવાનો હોકમ કરેઓ, અને તે પરમાણે વજીરે તે જર ખજાણચીને હવાલે કરેઓ. પેલી તરફથી પેલો બાંડીનો ખરીદદાર પુરશ પોતાનાં એક મીતરને ઘેર ગએઓ, અને પોતાને લગતી બીના તેને જણાવીઆ વગરજ તેની પાશેથી થોડાંએક નાંણાં વીઆજે લેઇને બજર મધેથી ખાવં ખોરાકી લેઇને ઘેર તરફ ગએઓ. આ વેલાએ બાંડીનો ચેહરો તેની નજરે પડેઓ, અને તે જોવાથી તે કમ પુંજી નાં પુરશનુ દીલ એટલું તો હરખ, અને ખુશીમાં આવીઊં કે તે ની જહનુનમા તે બોલીઓ કે ઓ નેકબખત ઓરત, જે રાતનાં તુ મારી ગોદમાં આવે તે રાતનાં ચંદરમાહને કેજે કે તે રાતના તે ગરબ થએ, ઈઆને આકારા ઉપર દેખાવ નહી કરે, અને મોમબતીને કેહેજે કે તે રાતે બલતી બલતી ગુલ થએ, ઈઆને બુજાઈ જાએ; કાંકે તે બાંડીનો ચેહરો ચંદરમાહના કરતાંનેબી વધારે જહલકાટ ભરેલો હતો. આ કમપુંજીનો પુરશ તે બાંડીનુ મોહડું જોઇ જોઇ ને અજબ થાતો હતો, અને તેને જણાવીઊં કે— અએ પરદેદાર બાનુ, બજાર મધેથી વશાવી લાવેલો ખોરાક પકાવ કે આપણે શા થે ખાઇએ, જેથી તારાં નીમખનો હક હાશલ થાએ. બાંડીએ જવાબ દીધો કે—ખુશી, અથવા નાખુશીથી મને ખરીદ કરનારા ખાવંદ તું જે કાંઇ ફરમાવે તે બજા લાવવાને તે તઇઆરછે. એ પછે બાંડીએ ખાંણું પકાવીઊં, જેહની લેહજત એવીતો મજેહની હતી કે તેવું લેહજતદાર ખાંણું પેલા કમપુંજીના પુરશે પોતાની જીંદગીના વખતમાં ચાખીઉં નહી હતું, અને તેટલા માંટે દર એક નવાલે બાંડીનાં પકવાનની વખાણ, અને તારીફ કરવા લાગો. ખાંણુ ખાઇ, અને શરાબ પીઇને તંદરશત થાએઆ પછે, બંધે જણાઓ દુનીઆદારીની વાતચીતમાં મશગુલ થાએઆં, અને તે વાતચીતમાં બાંડીના જવાબ શાંભલવાથી, તેની નેક ખશલતને માંટે તે પુરશ એટલોતો હેરત થાતો હતો, કે જેથી તે આ દુનીઆ, અને બેહશતની વાતોને ભુલી ગએઓ હતો, અને તેનુ શગલુ ચીત તે બાંડીની ઉપર દેવાનુ થાએઊં હતું.

એક દીવશે પાદશાહએ પોતાનાં વજીરને બોલાવીઓ, અને જ ણાવીઉં કે અએ દાના વજીર, બાંડીને હું એ વેચીતો ખરી; પણ તેનો ચેહરો જોવા વગર મારા જીવને કરાર થાતો નથી; માંટે બાં ડીને ખરીદનારો પુરશ શોધગરછે, અને તેને જો નશે મલેતો, અ લબતે પાછી વેચશે; માંટે તું જા, અને તેને પુછ કે બાંડીની કીમત ના એક શખશ બે હજાર દીનાર આપેછે; માંટે તારે આપવીછે• વ જીરે જવાબ દીધો કે— બંદેનવાજ, એ હોકમ બજાવવાને તે તઈ આરછે; પણ અગરજો બે હજાર દીનારે મી તે નહીજ આપે તો; તારો હોકમ છે કે જબરદશતીથી લેઈ આણું ? પાદશાહએ જવાબ દીધો કે ના, એમ નહી; પણ અગરજો તે રાજી નહી થાએતો વ ધતાં વધતાં દશ હજાર દીનાર, અને એક ઘણાજ શુંદર શરોપાવ ની બોલીથીબી પાછી લેઈ આવવી• વજીર પેલા કમપુંજના પુરશ પાશે ગએએો, અને પાદશાહે જણાવીઆ પરમાંણે બાંડીની માંગણી કરીને એક-એક પછે દશ હજાર દીનાર, અને શરોપાવ આપવાને બી જણાવીઉં• પેલા કમપુંજનાં પુરશે વજીરને જણાવીઉં કે દશ હજાર દીનારતો શું; પણ શો હજાર જીવથી જો કોઈ ખરીદદાર નીકલે, તોપણ એ માશુકને તે કદીબી વેચનાર નથી• આ શબાચા ર વજીરે પાદશાહને જણાવીઆ, જે શાંભલવાથી પાદશાહ અચરત થાએએો, અને વજીરને હોકમ કીધો કે તારે એ પુરશને શોહરના કાજી પાશે લેઈ જવો કે કદાચ દીનનો કોઈ નુકતો એવો નીકલે કે જેથી ઉપલી ખરીદી રદ થાઈ શકે• એ ઉપરથી વજીર પેલા પુર શને કાજીની પાશે લેઈ ગએએો, અને કાજીની આગલ તે બાંડીનાં વેચાણ શંબંધી શગલી બીના જાહેર કીધી, અને પુછીઉં કે એ વે ચાંણ રદ કરવા માંગે તો, ધરમના ફરમાંન પરમાંણે થાઈ શકે કે નહી ? કાજીએ પુછીઉ કે વેચાંણની વેલાએ પાદશાહની તરફનો કો ઈ દલાલ હતો કે નહી ? વજીરે જવાબ દીધો કે હા, હતો, અને તેનીજ મારફતે એ વેચાંણ થાએઉં છે• કાજીએ જણાવીઉં કે તા રે અવેતો શગલો આધાર બાંડીની મરજી ઉપરછે• અગરજો બાંડી પાદશાહને ચાહતી હોએતો, પાદશાહને તાંહ લેઈ જવી; પણ અગ રજો તે પોતાના ખાવંદને ઈછતી હોએ તો, ખાવંદજ તેને પોતાની

શાથે રાખવી. એ ઉથરથી વજીર કાજીને શાથે લેઈને બાંડીની પા શે ગએએા, અને કહીણ કે અએ બીબી, અમેા જે પરપુછ કરી એ તેનેા હેાકમ કરવાનુ, અને અંદેશેા કરવાનુ કામ તારા હાથમા છે. અગરજો તું પાદશાહને ચાહતી હેાએતેા મારી શાથે આવ; પ ણ અગરજો તારી મરજી તારા ભરથાર શંગાથેજ રેહવાની હેાએ તેા, તે વાતનેા ખેાલાશેા કરવેા. બાંડીએ જવાબ દીધેા કે એા દા નાઈને પેાહુચેલા વજીર, અને એા ઈનશાફને અદલપણુ ચાહનારા કાજી તમેા જાંણેા, અને બુજેા કે પાદશાહે એકવાર મહને પુરતી રીતે જેાઈને પશંદ કીધી હતી, અને પાછલથી વગર વીચારવે, અને તપાશ કીધા વગરે, એક તરફી હકીકત ઉપર વીચાર બાંધી ને મને ના પશંદ કીધી, અને જાહેર બજાર મધે વેચી. આ માહ રેા ખાવંદ કે જેણે મને કવચીત જેાઈ નહી હતી કે આંધેલી, મુ ગી, અને લુલી કે લંગડીછે, અને મારી ખુબી તથા ખશલત શં બંધી બીનાથી બીલકુલ જે અંજાણેા હતેા તેણે, મહને પેાતાની શગલી માએઆપું જી જેાહીને ખેાદા ઉપર ભરેાશેા રાખી મને ખરીદ કીધી. તેવા ભરેાશેદાર ભરથારને પડતેા કાંએ મેલું, અને વગર ભરેાશા ના રાજાને શા વાશતે ચાહું ? અવે તમેા જાવેા; કાંકે જે ખાવંદ પેા તાની આખી જીંદેહગીની પુંજી જેાહીને મહને ખરીદ કીધેલીછે, અને તેણે અવે મારી ખુબશુરતી દીઠીછે, અને મારી ખરી ખુ બીથી તે પુરતી રીતે મારી ઉપર પશંદ, અને રાજી થાએલેાછે. તે વા એક લાએકીવાલા, અને વીશવાશુ ખાવંદની ચાકરીમાં મશગુલ થાવાને હું અતીઘણી મદન છેઉં. વજીરે આ બાંડીના શબ્દેા પા દશાહની આગલ જાઈ કહેઆ, જે શાંભલીને પાદશાહે મુંછમાં હ શીએા, અને બાંડીની અકલને ઘણીજ પશંદ કીધી, અને વજીરને હેાકમ કીધેા કે દશ હજાર દીનાર બાંડીને અખશીશે દાખેલ આપેા, અને તેહના ભરથાર પાશેથી બાંડીની ખરીદીને માટે લીધેલા એક હજાર દીનાર તેને પાછા આપેા. એ પછે બાંડીને જણાંવવું કે આ વંદની ખેદમતમાં બેપરવાહીથી રેહવુ, અને એક બીજા શંગાથે દીલ મેલવીને શલામતી; અને ખુશી શાથે પેાતાની જીંદેગી ગુજરવી.

(૬)

ભણેલો ચોર, અને કાજી.

"અમીરશાહ પાદશાએ ગાજી" નામનો એક પાદશાહ "જરશીલી શા" નામના શેહરની પાદશાહી કરતો હતો, જેના શેહર મધે નશરૂદ્દીન નામનો એક મુશલમાન કાજીપણાંનો ઓધો ચલાવતો હતો. કાજી એક દીવશે રાતનાં બીછાંણાં ઉપર શુઈને ધરમ શંબંધી એક કેતાબ વાંચતો હતો, અને તેટલામાં તેની આંખમાં હુંઘનો જોર હુંકો આવીઓ. થોડા વખત પછે તે પાછો ઊંઘથી બીદાર થાએઓ તારે, પોતાનાં મનમા વીચારીઉં કે ઓઆબ જે છે તે મોહતનો જ મરોછે; માટે ઊંઘાવુ અને મરવું, એ બંધે શરખાછે. એવુ બોલી ને પાછો પેલી કેતાબ વાંચવામાં મશગુલ થાએઓ. કેતાબ વાંચતાં વાંચતાં, તેની અંદર પોતાનાં પેગમબરની નશીહતો આવી, અને તેમાં એક હોકમ એવો હતો કે નીમાજ પોતાનાં બાગ, અને વાડી માં પઢવો ઘણો રવાછે. એ ઉપરથી કાજીએ ઠેરાવ કરેઓ કે આવ તી કાલે બાંમદાદે મારા બાગમાં જાઈ નીમાજ પઢું કે તે વાજબી કેવાશે, અને વાડી કેવીછે તેની ખબરદારી પણ થાશે. એ ઉપરથી કાજીએ "બાખતરીઆ" નામના પોતાના ગોલામને બોલાવીઓ, અને તેને હોકમ કીધો કે આવતી કાલે બાંમદાદની વેલાએ, "દરાજગોશ મીશરી" નામના ઘોડાને જીન નાંખી તઈઆર કરીને મને શુતેલો ઉઠા ડજે; કાંકે જલદીથી પરોઢીઆંમાં વાડી મધે જાઈને નીમાજ પઢ વાનોછે. કાજીનો ગોલામ ઘણો આલશુ, અને બેપરવાહ હતો, મા ટે તે કાજીનો હોકમ શાંભલીને તુરત ટબેલા મધે ગએઓ, અને પેલા ઘોડા ઉપર જીન નાંખી ટબેલા મધેથી ઘોડાને કાજીના ઘેર આ ગલ લાવી બાંધીઓ, અને પોતે ઓટલા ઉપર શુતો કે તુરતજ ઉ ઠીને કાજીને જણાવવાને શવલ પડે. ઉંઘેઆ પછે થોડે વખતે જા ગીઓ, અને એવું શહમજીઓ કે અવે બાંમદાદનો વખત થાએલો છે. એ ઉપરથીતુરત કાજીની પાશે ગએઓ, અને તેને શુંતેલે જગાડીને કહીઉં કે બાગમા જવાનો વખત થાએઓ, અને તેટલા માટે ઘોડાને તઈઆર કરીને લાવેઓ છેઉં. કાજીએ તેના બોલવા

ઉપર ભરોશો આણ્યોઓ, અને શુનેલો ઉઠતાંજ, તે વખત રાતનોછે કે શહવાર પડી, તેનો વીચાર કીધાવનાજ ઘોડા ઉપર શવાર થા ઇને ચાલવા લાગો, અને તે ફકત નીમાજનાંજ કામને માટે બાગમા જતો હતો તેથી ઝોલામને શાથે નહી લીધો. શેહર બાહેર ખુ શી શાથે નીકલી ગએઆ પછે, કબરશથાનની બીહાંમની જગા આ વી. આ જગાએ જાહડીની અંદર એક ચોર ભરાઈને બેઠેલો હ તો, અને પોતાને માંટે કોઈ શીકાર શોધતો હતો. કાજી કબરશથાન માં ગએઓ તે વેલાએ મધીઅ રાત થાએલી હતી, અને પેલો ચોર તેની શામણે જાઈ ઉભો, અને જોઈઉકે શેહરનો કાજી ઘોડે શવા ર થાએલોછે, અને માથા ઉપર પાઘડીને કપડાં ભારી કીમતનાછે,ને થી હાથ મધેની નાગી તલવાર બનાવીને બોલીઓ કે અરે કાજી, આજ ઘણા દાહડા થાએઆ હું તારી રાહ જોતો બેઠો છેઉ; માટે તું ઘોડા ઉપરથી નીચે ઉતર, અને તારાં આંગ મધેનાં કપડાં ઉ તારીને મને આપી તદન નાગો થાઈને તું તારે ઘેર જા.

કાજીએ ચોરને દીઠો કે તેના હાથમાં નાગી તલવારછે તેથી તે ઘણોજ બીહધો; પણ હીમત પકડીને ચોરને પુછીઉં કે ભાઈ, તું કોંણછે ?

ચોરે જવાબ દીધો કે હું ચોર છેઉં. શું તું જાણતો નથી કે એવડી મોટી રાતના કબરશથાનની જાહડીની અંદર કોઈ શાહુકાર ભરાઈ બેશતો હશે.

કાજીએ ચોરથી એવો જવાબ શાંભલીઓ તારે, ચોરને કહીંઉકે અએ નાદાન મરદ, શું તું ખોદાથીબી બીહીતો નથી જે મારાં કપ ડાં લેવા માંગેછે ?

ચોરે જવાબ દીધોકે અએ નાદાંન કાજી, તારામાં હું જરાબી કાબેલીઅત નથી જોતો; શા માટે કે અગરજો હું ખોદાથી બીહ તોજ નહી હતેતો, તારૂં માથું ધડ ઉપરથી તુરતજ છુટું કરી નાખ તે, અને મુંગો મોહડે તારો શરવે અશબાવ લુટી લેઈને ચાલીજાતે; પણ જારે હું ખોદાથી બીહધો છેઉં તારેજ તુને શમજાવીને કેવું છેઉ કે તું જલદીથી ઘોડા ઉપરથી નીચે ઉતર, અને તારાં આંગ મધેનો જામો, પાઘડી, અને તે બીગરે અશબાવ મને આપીને તું ના

ગા થાઈને જેવો જનમીઓ તેવોજ તારે ઘેર ચાલીજા. શાવાશતે કે તારી પાશે જે કાંઈ ચીજછે તે પાક ખોદાએતાલાએ મારી રોજી દાખલ મોકલીછે. જે ચીજ માહરા લાએગનીછે તે તું અતરે લાવીઓછે; માટે ચાલ બોલ અવે તુંને કેહી રીત પશંદ પડેછે ?

કાજીએ કહીઉં કે ઓ ચોર, તું મારી શરમબી નથી કર તો. તું જાણકે હું ખોદાનો પેઆરો બંદો, અને શઘલા મુશલમા નો ઉપર હોકમ ચલાવનારો કાજી છેઉં.

ચોરે કાજીને જવાબ દીધો કે ઓ કાજી, મારી શરમ તારે કરવી જોઇએ: કાંએકે હું ચોર છેઉં; પણ ખોદાનોજ પેદા કીધેલો બંદો છેઉં, અને શઘલા મુશલમાનોને તાંહ ચોરી કરવાનું કામ મા હરૂંછે. આજ કેટલાએક દીવશ થાએઆ રાત, અને દીશ મેહનત કરૂં છેઉં તારે તું જેવો શીકાર માતરે આજ રાતરે માહરે હાથ લાગો છે, તેને હું કેમ છોડીદેઉં ? અવેતો તું જલદી કર,અને કોઈ જાણે નહી તેમ કપડાં, અને ઘોડો મારે હવાલે કર કે જે શગલું મારે વાશતેજ ખોદાની તરફથી તું લાવેલોછે. જાંહ શુધી રાતનો વખ તછે તાંહ શુધી તું શગલું મને આપીને નાગો થાઈ ઘેર જાશેતો કોઈ તુંને જોઈને હશશે નહી; પણ અગરજો ચીલંમ લગાડેઆથી અ જવાલું થાશે, અને લોકો તારો પેશતો જોશેતો, જગતમાં તારી હશી થવાની.

કાજીએ ચોરને જવાબ શવાલમા હોશીઆર જાણેઓ તારે, બોલીઓકે ઓ જુવાન મરદ, આવું ખરાબ કામ તું શાવાશતે કરેછે ? તું આફતાબનો શરીખી નુરાની ભરેલો ચેહરો ધરાવેછે. અગરજો તું કોઈ શારો ઉદ્યમ પકડશેતો, પરવરદેગાર, જે રોજનો ખાવંદછે તે તુંને તે કામમાં ઘણી બરકત આપશે.

ચોરે જવાબ દીધોકે ઓ હોશીઆર હોશ વનાના કાજી, તું રાતને દીવશ ઘણી મેહેનત, અને શુખતી ભોગવીને લોકોને ઘેર શામા ટે કોરાન પઢેછે. શાનત થાઈને મુગે મોહડે ઘેર મધે બેશી કાંએ નથી રેહતો કે ખોદાએ તાલા, જે રોજનો ખાવંદછે તે તુનેં ઘેર બેઠાં શગલું પોહચાડશે.

કાજીએ જવાબ દીધો કે ઓ જુવાન મરદ, કોરાન પઢવાનું

કામ હું કેમ બંધ કરૂં. જો એ કોરાં ન પઢવાનું બંધ કરૂં તો, પરવર દેગાર મને રોજી કેમ, અને કાંહથી બખશે ?

ચોરે જવાબ દીધોકે કાજી શાહેમ, એ વાત જરે તમો શમજોચ તારે વીચાર કરોની કે હું ચોરી કરવાનો મારો ઉદમ શી રીતથી બંધ પાડી શકું ? જો ચોરી કરવાનો ઉદમ હું છોડી દેવું તો પરવર દેગાર મને ખાવાનું કેમ અને કહે રશતેથી આપે ? કાંકે તે શાહેએ મારી રોજી એજ રશતેથી ઉતારેલીછે.

કાજીએ ચોરને જણાવીઉં કે અએ જુવાન મરદ, તું મારી શરમ નથી કરતોતો ખેર; પણ પરવરદેગારની તો જરા શરમ અ ને મુરવત કર ?

ચોરે જવાબ દીધો કે એ કાજી, હું જાંણુંચ કે તું કાજી ન થી; પણ એક ખરોજ દગલબાજ પુરશછે. અગરજો હું ખોદાની શરમ કરૂં; અને તારાં કપડાં તથા ઘોડો નહીજ લેવું, તારે પછી ઘેર જઈ ને ખાઉં શું ? હું કાલનો ભુખોછેઉં, અને તું મારી પાશે ખોદાની શરમ કરાવેચ, તારે શું ખોદા જાણતો નથી કે તેનો એક બંદો, જે ચોરીનોજ ધંધો કરેચ, અને કેટલાએક દીવશ થાએઆ તેના હાથમાં શીકાર આવતો નથી, માટે બે દીવશથો તેની ઉપર ભુખમરો પડેચ. જો ખોદાની મરજી મારી પાશે ચોરી કરાવવાની નહીજ હતેતો, અન્ન બતે મારે શારૂ ઘેર બેઠાં ખાવાનું પોહચાડને, અને તારે તે શાહેમની મરજી હું શારોપડે શમજીને ચોરી નહી કરતે; પણ ખોદા શાહેમનો હોકમ મનેએવો છેકે તું ચોરી કરીનેજ તારૂં પેટ ભરજે; માટે તું ઉતાવલ કર, અને ઘોડા ઉપરથી ઉતરોને ઘોડો, અને કપડાં મારે હવાલે કર, અને નાગો માદર જાત તારે ઘેરજા.

કાજીએ કહીઉં કે ઓ ચોર, હરામનું ખાવાથી તું પાછો ફર. ચોરી કરવાની લેખાનત ભરેલી ઈલત મેલો દેઈને બીજો કાંઈ હલા લનો ધંધો કરવાનો ઉદમ પકડીને આબરૂથી તારૂં ગુજરાન કર કે જેથી તું આએ જેહાંનના લોકોનો; તેમજ પરવરદેગારનો તકશીરવા ન નહી થાએ.

ચોરે જવાબ દીધો કે હા, તુને હવડાં કપડાં આપવા પડેછે તે થી પરવરદેગારને, અકલને, શરમને, અને મેહરબાનીને વચે લાવેછે;

પણ કાલ રોજે હું તારે ઘેર આવશ, અને તે વેલાએ એ શગલી શીખામણ તું મને કેજેકે જે હું શારી રવેશે ધીઆનમાં ઉતારશાં પણ હવડાંતો તું મને કપડાં અને ઘોડો આપીને મુગો મોહડે તારે ઘેર ચાલીઓ જા. ખોદાએ તાલાનો મને હોકમ થાએઓછે કે અ એ મારા બંદા, તું બે દીવશનો ભુખેઓછે; માંટે જે હાથમા આ વે તેની ચોરી કરીને ખાજે, કાંકે તે કામ ઘણું હલાલછે, માટે તુ અવે ઉતાવર કર. ઘણો વખત થાએઓ કજીઓ કરેઆ કરેછે, અ ને મારો જીવ કુડાવેછે તે ઠીક કરતો નથી, અને તેમા તારાં કાજી પણાંની શીઆણપત નથી. તુંને એવુ શું શુહુજ પડીઉ કે અરધી રાતને શમે આ બીહામના જંગલમાં આવીને માહરે જેવા એક દેવની ચુંગાલમાં ફશી પડેઓ; પણ તેહુકીકછે કે પરવરદેગારે મારા ફાં ડામાં ફશવા માટે તુંને અતરે મોકલીઓછે. અગરજો તારાં તન થી તારા જીવને તું છુટો પાડી નાખે, તોપણ માહરા ફાંદા મ ધેથી તું છટકી જવાનો નથી. મને ખોદાનો હોકમ એવોછે કે જે કોઈ પઢેલો, કેલવણી પાંમેલો, અને હોશીઆર હોએ તેનેજ લુટજે, અને કોઈ ગરીબને ઈજા દેતોના, તારે શું તુંને છોડી દેઈને કોઈ ગરીબને લુટું કે વારૂં ? ખોદાના હોકમથી ઉલટો ચાલી કોઈ ગરી બને લુટીને દોજખ લોગવવું તેના કરતાં બેહતર એછે કે તારા જે હવા પઢેલા, અને તાલેવવાનને લુટીને બેહશતનો મારગ હાંશલ કર.

કાજીએ કહીઉંકે અએ ચોર મરદ, એમા મારી કાંઈ તકશી ર નથી. મેતો મારા ગોલામને કહેઉ હતું જે મને બાંમદાદને વખતે ઉઠારજે કે હું બાગમાં જાઈને નીમાજ કરૂં, પણ તે બે વકુ ફે મને કઢંગે વખતે ઉઠાડી અતરે મોકલીઓછે, માટે મને માફી બ ખશવી કે જેથી નીમાજનો વખત મારા હાથમા આવે.

ચોરે કહીઉ કે અએ કાજી, પરવરદેગાર તારા ગોલામનું ભ લું જ કરશે, કાંકે તે તારા નેકબખત ગોલામે મારી રોજીનો દરવાજો ખુલલો કરેઓ. તું કાજીછે, અને નજુમનો પઢેલોછે, માટે તારા ગો લામે તુંને શુતેલો ઉઠાડી બાહેર મોકલીઓ તારે, તું શી રવેશે આ જે કેવી રીતની તપાશ કરીને નીકલીઓ ? તું કાજીછે કે હજામ, કે રાત અને દીવશનો જરાબી વીચાર નહી કીધો ? પણ એમા તું

શું કરે—પરવરદેગારે મારી રોજીનો દરવાજો ઉઘાડવા માટે તુંને એ પરમાણે અતરે મોકલીઓછે. નજુમનો એલમ હાંશલ કરેઆ છતાં બાહેર નીકલતી વેલાએ તારી પોતાની શલામતીની તપાશ તું એ નહી કીધી, માટે તુને કાજી કરીને કેવોબી નહી જોઇએ. જો કોઇ મુશલમાન તુને કાજી કરીને કેહેતો, તેની મુશલમાનીબી શાબે ત નહી રેહ. લોકોને માતરે ઠગવાનીજ ધારણાથી તું માથે મોટી પા ઘડી, અને કંમરે તેવોજ દોશાલો બાંધીને કાજી બનેલોછે; પણ થા તે શેતારા, અને બારે બુરજની તુંને ખબર નથી કે તેઓની ચાલ કેહવી પરકારનીછે. કશાબી એલમ વગર તું લોકોને ઠગીને પ ઇશો પેદા કરી ખાએછે; માટે તુને લુટવો ખુબ રવાછે. અગરજો તુંને શેતારા, અને શુરજની ચાલ ખબર હોએતો, મહને જવાબ દે કે આશમાનની ચાલ કેમછે ?

કાજીએ જવાબ દીધોકે આપણા કુરાંન મધે આપણા પેગમ બરે એવું ફરમાવેલું છે કે અગરજો કોઇ શખશ મુશલમાન હોએ, અને તે "રંમલ", ઇઆને નજુંમનો એલંમ શીખે, અથવા પઢે તેને કુફર જાણવો.

ચોરે જણાવીઉં કે એબી ઇઉકતી ઠીકજછે. જરે પોતાને આવડે નહી તારે, આખી આલમને કુફર ઠેરવીને છુટી જાઇએ. હુ જાણુંચકે તું કાજી નહી પણ દગલબાજછે. હું ખોદાના ફરમાન પરમાણે ચાલું છેઉં તેને તું આડે આવીને મને કેછેકે તું ચોરીનો ધંધો ના કર, અને તું કાજી થાઇને દુનીઆં ફના થાએ તેવું ભુડું બોલેછે.

કાજી જેવારે ચોરની દાનાઇ, અને હીમત જોઇને મુશતાક થા એઓ તારે, બોલીઓજે ઓ ભલા મરદ, ખેર તું મારાં કપડાં લેજે; પ ણ તેની આગમચ તું મને જણાવ કે અવડાં કહેઓ વખતછે.

ચોરે જણાવીઉં કે અવડાંનો વખત એવોછે કે જે કોઇ શખશ પોતાના ઘેર મધેથી બાહેર નીકલીને બાગમાં જાએ તેના કપડાં ચોર ખુશીથી લેઇ જેલે.

ચોરનો આવો જવાબ શાંહલલીને કાજીને હશવું આવીઉં, અ ને બોલીઓકે અએ ચોર, તું ઘણો હુનર અને એલમ શીખેલોછે, અ ને બીજુ એકે ખોદાએનેબી તુ શારી રીતે પીછાનેછે; માટે તારાં પુ

ગ ઉપર માંથું મૂકીને તારી પાસે માફ માગું છેઉં કે મેહરબાની કરીને ખોદાએને વાશતે તું મારાં કપડાં અને આબરૂ નાં લે. હું ખોદાએનો હોકમ માનીને નેક કામ કરવાને જાઉં છેઉં, અને તું પો તે ધણો નેકછે, માટે ખોદાના ફરમાવેલાં નેક કામમાં હરખત ના ક ર, કાંકે જે નેક કામ હું કરશ તેના શવાબનો નેક હીશશો તુનેબી પોહચશે.

ચોરે એનો જવાબ વાલીઓ કે તું કાજી થાઈને શાવાશને જુ હું બોલેછે, અને એવું શા માટે કહેછે કે ખોદાના હોકમથી હું ફ રતો નથી. ખોદાના હોકમથીતો તું ફરેછે, કાંકે આપણા કુરાંન મ ધે એવું જણાવેલું છે કે મુશલમાન થાઈને પોતાના ઘેર મધેથી એ ખલો બાહેર નહી નીકલે, પણ તું કાજીછે, અને તમામ લોકોને દીન તથા દુનીઆની વાતો શહનજાવેછે, તારે તું પોતે એખલો કા એ બાહેર નીકલીઓ ? એટલા માટે તું ખોદાએતાલાનો ચોર ઠરેછે. અગરજો તારી શંગાથે એકબી માણશ હતેતો, હરગેજ થાઈને તારા કપડાં લેવાની માહરી છાતી નહી ચાલતે. ખોદાએ તાલાના હો કમથી ઉલટો ચાલીને રાતની વેલાએ તું એખલો બાહેર નીકલીઓ તેની મતલબ બાગમાં જાઈ નીમાજ પઢવાની નહી પણ રાતની વે લાએ ચોરી કરવાની ધારણાથી તું બાહેર ફરેછે, અને દીશના લો કોને ઠગીને કાજી પણાનુ કામ કરેછે, અને તેટલાજ વાશતે તારાં કપડાં જરૂર કરીને લેવા જોઈએ. અગરજો તારાં કપડાં નહી લે ઉંતો હું ખોદાએ તાલાનો ચોર થાઉ. તું કાજીછે માટે મારી ઉ પર કાઈ ગોશીના કરતો, માટે અત્રે તુ ઉતાવલ કર, અને તારાં ક પડાં અને ઘોડો મારે હવાલે કર, અને નાગો થાઈને રાતછે તેટલાં થીજ તારે ઘેર ચાલીજા કે દુનીઆના લોકોમાં તુને લાજ નહી લાગે.

કાજીએ કહીઉં કે પરવરદેગારનો હોકમતો એવોછે કે જે કો ઈ મરદ કાજીને હેરાન કરે, અથવા કાજીની મતાની ચોરી કરે તે મરદ કેઆમત લગે દોજખ ભોગવે.

ચોરે જવાબ દીધો કે કાજી શાહેબ, તમો કેવોચ તે વાત ખ રીછે; પણ હજુર તમોએ કુરાનની ઉંડી મતલબની શહમજ મેલ વી નથી. કુરાન મધે તો એવું લખેલું છે કે જે કોઈ મરદ કાજી

થાઈને આદમીને કાએલ કરે, અને મેહેનતમા નાખે, અને તેના કા મથી તેને જલદીથી ફારેગ નહી કરે, અને જે કોઈ શખશ મકશદ ચાહતો હોએ તેની મકશદ પુરી નહી પા ડે, ત્યારે તે કાજી દોજ ખમા જાએ; માટે તું કાજી થાઈને મારી મકશદ શામાટે પુરી પા ડતો નથી, અને શું કરવા મને હેરાંન કરેચ, તથા મેહેનત અને રંજમા નાખીએોછે ? અગરજો તું ખોદાના કુરાનને માન આપ તો હોએતો, તુરતજ તારાં કપડાં, અને ઘોડો મારે હવાલે કરે; પણ હું શારીપઠે શહમજુંચ કે તું કુરાનને અમશથકો બદનામી આ પેછે; પણ ખરાં જીગરથી માન આપતો નથી.

કાજીએ કહીઉં કે એ નાદાન મરદ, ખોદાની રાહ પડતી મેલીને હેરેમ નની રાહને તું શામાટે પકડેછે ?

ચોરે જવાબ દીધોકે હું તો ખોદાની રાહ ઉપરજ છેઉં, અને તેના હોકમ થી ફરતો નથી. તે શાહેબનો હોકમછે કે દીશના ચો રી નાકરતો, અને ગરીબને ઈજા નાદેતો; પણ રાતની વેલાએ બેશ ક ચોરી કરજે, જેથી હું રાતની વેલાએજ ચોરી કરૂંછેઉં; પણ ખોદાની રાહથી તો તું ફરેલોછે. પરવરદેગારનો હોકમછે કે દુ નીઆના લોકોએ રાતની વેલાએ પોતાના ઘેર મધેથી બાહેર નહી નીકલવું, જે વાત તુને શારીપઠે ખબરછે તારે, રાતની વેલાએ તું ઘેર મધેથી બાહેર નીકલીઓ; માટે તેં ખોદાએની હુકમ તેની ચોરી કીધીછે, અને શેહતાનની રાહ ઉપર ચાલીઓછે. તું કાજી કેહ વાએચ; પણ ખોદાની રાહતો કશી જાણતોજ નથી, માટે શેતાબી કરીને ઘોડા ઉપરથી નીચે ઊતર, અને કપડાં ઉતારીને તારી મા એ જેવો જણેઓ તેવોજ તારે ઘેર ચાલીજા.

કાજી અવે નાઉમેદ થાએઓ, અને તે ઉપરથી વીચાર કીધો કે હું તમામ લોકોનો કાજી છેઉં, અને શગલાઓ મારા હોકમને તાએબેછે; પણ હવડાં મારૂં બખત શું ઉંધુંછે કે આ ચોરની ચુંગાલમા ફશીઓ છેઉં, અને વલી ચોરબી કેવો મલીઓચ કે હું તેને અકલ અને દાનાઈ શંબંધી એક વાત કેહુંચતો તે મને તેની બમની કહીને ઉલો રેહછે, અને વલી તેના શમુનોબી એવા કે જે દાનાઈને મલતા અને અકલ પશંદ હોએછે, તારે હું એના પંજા

મધેથી ખલાશી પામું એ વાત અને શપના શરીખી થાઈછે. હું ગમે એટલી હીકમત કરશ; તોપણ એ માહરાં કપડાં, અને ઘોડો છોડનાર નથી. એવો વીચાર કીધાપછે કાજીએ ચોરને કહીઉં કે ભાઈ, તારી ખુશી એમજછે તો ખેર, તું કપડાં અને ઘોડો લેજ. હું તુંને આપવાનેબી ખુશી છેઉં; પણ એટલી માહરી ઉપર મેહરબાની કરકે મારા બાગ શુધી મારી શાથે આવ, અને હું તાંહ જાઇને બંગલાની અંદર બીજાં કપડાં બદલીને એ કપડાં તુંને આપું.

ચોરે જવાબ દીધો કે કાજી, તું તો મારી તકરારથી આજેજ થાઇને ઘભરાઇ ગએઓછે, અને તેથી દેવાનો બનીઓછે; પણ તારી માફક હું બી દેવાનો થાએઓ નથી કે જે કામ શેહલાઈથી થાઇ શકે તેને પડતું મેલીને હાથે કરીને ઈજા ભોગવું, અને કદાચ તું ફાવીઓ તો, વલી મારપણ ખાવો પડે, અગર બનેતો કરોધ નો મારેઓ મારો જીવ પણ લીએ; તો પછે માહરે હાથ આવેલાં કપડાંને ઘોડોબી જાએ, અને મારો પૈઆરો પરાણ પણ ખોહીને બેશવું પડે; માટે એવું વગર ભરોશાનુ કામ હું શાવાશતે કરૂં ? બાગમા આવવાની મહને કશીએ જરૂર નથી; માટે ઊતાવલ કર, અને કપડાં તથા ઘોડો માહરે હવાલે કરીને તારે ઘેરજા. અગર જો શહવાર પડશેતો, પછે તુંને ઘેરજાવું મુશકેલ થાશે, અને મોટી શરમ હાંશલ કરવી પડશે.

કાજીએ કહીઉં કે ભાઈ તું માહરી શાથે મારા બાગમા નથી આવતોતો તારી મરજી; પણ વારૂ તારે મેહરબાની કરીને મારે ઘેર શુધી આવ કે હું અંદર જાઈને તુંને કપડાં ઊતારી આપું, અને ઘોડાની શાથે બીજો અશબાવ પણ આપશ.

ચોરે જવાબ દીધો કે એ કાજી, મારી પાશે એક કેતાબછે, અને તેની અંદર એવું લખેલુંછે કે અગરજો કોઈ મરદના હાથમાં કાંઈ માલ, અથવા મતા આવી હોએ, અને તેને પડતી મેલીને તે પાછલથી મેલવી શકશ, એવો જો ભરોશો રાખેતો, તેવા મરદની ઉપર હરવેશપ આગાહ, જે મોટો ખોદાછે તેની ક્ષિઆંનત પડે; માટે હું તારી શાથે તારે ઘેર નહી આઉં.

અવે તું તાકીદ કર, અને ઘોડા ઉપરથી નીચે ઊતરીને કપડાં ઊ તાર: નહીતરકે અવેતો હું ઘણો કાએલ થાએલો છેઉં, માટે મા રા હાથ મધ્યની તેજ તલવારથી તારૂં દોકું વાહડી નાખશ:. હું બુનીઆદ છેઉં, અને કેટલીએક કેતાબ પઢેલો છેઉં, અને ને ઊપરથી તું ને કેટલીએક નશીહત કરૂં છેઉં; શાવાશતે જે હું તારી પોતાની કોમનો છેઉં; પણ જેહવારે તું તારે ઘેર જાશે તારે, મારા ગુણને ઈઆદબી નહી કરશે ! હું તો બધી રીતથી તું ને શાહમજા વી ચુકો છેઉ. અવે કરવા નહી કરવાનો અખતીઆર તારા હાથમાછે.

કાજીએ જારે એવા શખુન ચોરને મોડેથી શાંભલીઆ તેવારે, પોતાના દેલમા બલવા લાગ્યો કે આ ચોરબચ્ચો મારે મથેનો ભલીઓ છે. એ મારાં કપડાંતો લેશેજ; પણ વલી તે શાથે મને તાંના મી નાના તીરથી વીંધેછે, અને મારી શીખામનનીબી કશીએ દરકા ર રાખતો નથી. હું એને શીખામણની એક વાત કેહું ચતો એ મહને પંદર વાતથી શીખામણ દીએછે. એવો વીચાર કીધા પછે કાજી ફરીથી એકવાર બોલીઓ કે ઓ ઈઆર, હું તું ને શો ગંદ લેઈને મારી શાથે લેઈ જાઉં છેઉં કે અગરજો ઘેર લેઈ જા ઈને હું તું ને કશીબી ઈજા કરૂં, ઈઆં દગો દેઉં તો મને પરવર દેગારના કશમછે.

ચોરે કહીઉં કે ઓ કાજી, હું તું ને એક વાત કેહું ચ તે તું ધીઆન રાખીને શાંભલ, અને જો તે વાત તું કબુલ કરેજાજ તારી શાથે તારે ઘેર હું આઉં.

કાજીએ કહીઉં કે ભાઈ, તું જે કેહતે મારે કબુલછે.

ચોરે કહીઉં કે તું મને એક ગોલામ દાખલ ખત લખી આપ.

કાજીએ એ વાત કબુલ રાખી, અને ખત લખવાને બેઠો.

ચોરે કહીઉં કે ભાઈ શબુર કર, મારી પાશે એક ઘણી પુ રાંણી ચોપડીછે તેની અંદરની એક વાત અવહાં મને ઈઆદ આ વીછે કે હરેક માંણુશ મોટાં શંકટમા આવીઉં હોએ, અને તે વે લાએ તે પોતાના બચાવને માટે ગમે એવાબી શોગંદ ખાએ, અથ વા ખત લખી આપે, અને તેમ કીધાથી છુટકો થાએઆબાદ, જો

તે શોગંદ, અને ખત નહી પાલે, તો તેમા કશોએ ગુનાહ નથી; માટે અગરજો તું પણ એ પરમાંણે ફરી જાએ તો, હું તુંને શું કરી શકું ? માટે તું ખત લખી આપે તેબી મારે કબુલ નથી, અ ને તેટલા વાશતે તુંને ઘટેચ કે વખત બોહેઆ વગર જેમ બને તે મ જલદીથી ઘોડા ઉપરથી નીચે ઊતરીને તારાં કપડાં ફાડી આપ વાં; નહીતરકે અવે તારૂં માંથું કાપીને ધડથી છુટું પાડશ•

કાજી જેહવારે ઘણો આજેજ થાએઓ તારે, ચોરને જવાબ દેવાની કશીએ તાકાત રહી નહી, અને લાચારીથી ઘોડા ઉપરથી નીચે ઊતરેઓ, અને જામો તથા બીજો શગલો પોશાગ આંગ મ થેથી કાહડીને ચોરને હવાલે કીધો; પણ માતરે એક રોમાલ લંગો ટ કરવાને શારૂં પોતાની પાશે રેહવા દીધો• કાજીએ ચોરને જણા વીઉં કે ભાઈ શગલો પોશાગતો હું એ તુંને આપેઓ; પણ માત રે લંગોટ કરવાનેજ કારણે આ રોમાલ રાખેલોછે; કાંકે લંગોટ કીધા વગરે નીમાજ થાઈ નહી શકે•

ચોરે પુછીઉં કે રે ઓ કાજી, તું કહેઆ મજહબનોછે, અ ને તું કહેઆ કુબનો કાજીછે, અને તારો તબકો કોંણુની શાથે લા ગેછે ?

કાજીએ જવાબ દીધો કે માહરો ફીરકો "શાફી" નોછે, અને અમો લોકો "શરીક" કેહવાઈએછે•

ચોરે જણાવીઉં કે મારી પાશે એક કેતાબછે, અને તેની અં દર એવું લખેલું છે કે શાફીનો મજહબ પાલનારાઓ જો લુંગી રા ખીને નીમાજ કરેતો ઘણો ગુનાહ લાગે, માટે ઉતાવલ કરીને મને રોમાલ આપી દેવો•

કાજીએ લાચાર થાઈને રોમાલ ચોરને હવાલે કીધો• એ છ તાંબી ચોરે કાજીનાં આંગ તરફ શગલી જગાએ નજર ફેરવીને જો ઈઉં, અને તે ઉપરથી કાજીના હાથનાં આંગલાં મધે શુનાંની એ ક મોટી વીટી જણાઈ• એ ઉપરથી ચોરે કાજીને પુછીઉં કે કા જી ભાઈ, તમો મને તમારી પાશેની દરએક ચીજ આપી ચુકાકે અજુર કાંઈ બાકી રહેલું છે ?

કાજીએ જવાબ દીધોકે ભાઈ, જે કાંઈ મારાં આંગ ઉપર હતું તે શગલું હું તમોને આપી ચુકો•

ચોરે જણાવીઉં કે અફશોશ ! એક શખશ કાજીમા નાંમ ખપાવે, અને વલી મને શીખામણ દીએ કે તું ચોરીનો ધંધો કરેચ તેથી બાદા તારી ઉપર નારાજી થાશે, એવી રીતે લોકોને બદનામ કરે, અને તે શીખામણ દેનારો પુરશ પોતેજ જુઠું બોલે, અને ચોરી પણ કરેછે; પણ ઓ કાજી, એમ કરવું તુંને ઘટતું નથી; પણ પછેતો તારી મરજીમાં આવે તે ખરૂં.

કાજીએ પુછીઉં કે ભાઈ, હું વલી જુઠું તે શું બોલીઓ, અને ચોરી તે કેહી કીધી જે તું માહરી પાશેની શગલી વશતુ લેઈ જેતીઆ છનાં, વલી અમશથકો મને બદનામ કરેછે. ઓ ઈ આર, તારાં કાંમથી એકવાર હશવું બી આવેછે, અને માહરી મ તા ગએઆથી એકવાર રડવું પણ આવેછે, તેવું છતાંબી અજુર તું મહને શું કેહેછે ?

ચોરે જણાવીઉં કે તારા હાયને આંગલે શું નાની જે વીટીછે તે મહને તેં આપી નથી, અને જુઠું બોલીઓ કે માહરાં આંગ ઉપરની શગલી ચીજ હું તુંહુને આપી ચુકો, અને તે વીટી ચો રીથી છુપાવીને અજુરતો મનેજ બદનાંમ કરેચ કે શગલું લીધું, અને અજુર શું કેહછે. ભાઈ, કાજી જેહવા એક માહ પુરશને એવું જુઠું કામ કરવાને ઘટતું નથી, અને તેટલા શારૂં ઉતાવલ કરીને તારે હાથને આંગલેનો વીટી ઉતારીને મહુને આપી દેવી કે તે લેઈને હું મારી આંગલીએ પેહરૂં.

કાજીએ તુરત વીટી કાહડીને ચોરને હવાલે કીધી; કારણ કે તેનાં બોલવા ઉપરથી કાજી ઘણો કાએલ થાએઓ હતો.

ચોરે કાજીની શગલી વશતુ લીધા પછે, જણાવીઉ કે અવે માહરો જીવ ઘણો ખુશી થાએઓ; માટે અવે તું તારે ઘેર મોટી ખુશી શાથે ચાલીજા; પણ માહરી એક નશીહતને ઈઆદ રાખજે કે અવેપછે ફરીને રાતની વેલાએ એખલો બાહેર નીકલતોના.

કાજીએ ચોરને જણાવીઉં કે ઓ નેકબખત, તેં શરવે લી ધુંતો ખરૂં; પણ એક લુગડાંનો કકડો મને આપ કે લોકલાજને મા ટે માહરાં મોહડાં ઉપર ઢાંકીને ઘરમા લરાઈ જાઉંકે લોકો મને ઓલખે નહી.

ચોરે જવાબ દીધોકે એ કાજી, તું મને ફરી ફરીથી હેરાન નાંકર; તારી પાશેથી મેં જેકાંઈ લીધું તે અમશથકું લીધું નથી; પણ નશીહતની ઘણીએક વાતો શાહમજાવીને તેના બદલામા લી ધું છે. નશીહત ભરેલી માહરી વાતો શાંભલવાથી તારો જીવ ઘ ણો ખુશી થાએઓછે, અને તે માશે પાર તારી ઉપર રહેલોછે, જે વાલવા માટે આવતી કાલે અતરે પાછો આવીને મહને મારા ઉ પકારના બદલામા કાંઈ આપી જજે; પણ અગરજો તેમ કરવાને તું ભુલશેતો હું મારે ઘેર જઈને તુંને ગાલ દીઅશ કે મેં ઘણી મેહનત લેઈને કાજીને અકલપશંદ વાતો કહી, અને નશીહત ભરે લા શબ્દોનો શંભલાવીઆ, જેથી કાજી દાનાઈને પુગો, અને તેના બ દલામા મહને કાંઈજ આપીઉં નહી. મોહડાં ઉપર ઢાંકવા માટે કપડાંની કશી જરૂર નથી. જમણો હાથ મોહડાં ઊપર ઢાંક, અ ને ડાહવો હાથ તારી જાત ઉપર ઢાંક, અને મુંગે મોહડે ચાલીને તારે ઘેર નીકલી જાકે કોઈબી માણશ તુંને જોઈ, અને ઓલખી નહી શકશે.

કાજી બીચારો ચોરની બોલીદરાજીથી ઘણો લાચાર થાએઓ, અને જે પરમાણે માંએના પેટ મધેથી નાગો માદરજાત બાહેર પડે ઓ હતો તેવીજ હાલતમાં પોતાને ઘેર ગએઓ.

એક અગનેઆની ભરવાડ.

ભરવાડ લોકો ઘણું કરીને જંગલોમા પોતાની જીંદગીનો મો ટો વખત રોકેછે; કારણકે તેઓનો ધંધો બકરાંના વેપારનોછે. ક ઠોરા નામે શેહરની પડોશ માંહેલાં એક જંગલ મધે પુંજા નામનો એક ભરવાડ રેહતો હતો, જે બકરાનો મોટો વેપાર ચલાવતો હ તો, અને જોકે તે રાંન ઘણું બોહલું હતું તોપણ પુંજા ભરવાડ ના બકરાંની શંખીઆ બોહલી હોવાને લીધે તે બકરાંને પુરતો ચારો મલતો નહી હતો. પુંજાને તાંહ જેરામ નામનો એક છોક

રો હતો, તેના લગન પણ તે રાંન મધેજ કીધામા આવેઆં હતાં; પણ તેની બાએડી મોટી થાએઆથી, તેને રાંન મધે રાખવાને પુંજાના જેઠ નામના વેહવાઇએ વાંધો લીધો હતો; કાંકે પુંજાનો વેહ વાઇ કઠોરા શેહર મધેજ રહીને બીજો ધંધો કરતો હતો, જથી તે પઇશા ટકાથી શુખી હતો. જોકે જેઠો પઇશાવાલો હતો પણ તેને તાંહ માતરે છોકરી શીવાએ બીજું ફરજંદ નહી હતું, અને તેટલા માટે તેણે પોતાની છોકરીને પુંજાને તાંહ રાંનમાં મોકલવાને નાપાડી, જે ઉપરથી પુંજાએ પોતાની બાએડી શહીત પોતાના દીકરા જેરાંમને કઠોરા શેહરમધે પોતાના ઘેરમા રેહવાને મોકલીઆં હતાં. જે દીવશે પુંજાનો છોકરો પોતાની માએની શાથે કઠોરા શેહર મધે દાખલ થાએઓ તે દીને માગશર વદ અમવાશ, અને શો મવાર હતો,અને તેટલા માટે શેહરની ભાગલ બાહેર હનુમાનની પુંજા કરવાને શેહર મધેથી હજારો લોકો જાતાં હતાં. પુંજાના છોકરા જેરાંમે જંગલ મધેજ પોતાનો શગલો વખત ગુજરેઓ હતો તેથી તેણે માતરે છુટાં છવાએઆં પાંચ પંદર માણશોને કોઇ કદાચ જોએલાં હતાં, અને તે ઉપરથી જારે તે શેહરની ભાગલ આગલ ગએઓ તારે, શેંહકડો માણશોને જોઇને ઘભરાઇ ગીઓ, અને અકલાઇને પોતાની માએને પુછવા લાગો કે રે માં, આ મારાં હુહરાં આટલાં બધાંને તેની માંએ જણેઆં કેમ ઓહેં ? આ શવાલ નો જવાબ તેની માએ તેને આપવા જાએ, તેની આગમચ તેણે વલી બીજો શવાલ કીધોકે રે માં, વારૂ મારી છછરીએ જણેઆં ઓહેં; પણ છછરાં બધાંને દુધતે કેમ પાઇઉં ઓહેં ? જેરાંમની માએ એનો જવાબ આપવા જાતી હતી એટલામાં શેહરની અંદરથી રેલતો, અને ડોલતો એક હાથી દરવાજાની બાહેર નીકલીઓ, તેને જોઇને જેરાંમ ભરવાડો ખુશી થાઇ બોલીઓ કે ઓહોઃ મારાં છછરાં લેહુરાં પણ આવાં મોટાં દેખું, અને એણેજ બધાંને દુધ પાઇઉં ઓહેં. વલી ફરીથી માંએને પુછેછે કે ઓમાં, એતો હું ધુ થાઇઉં; પણ મારાં છછરાંના બધાનાં પાધોટાં કોંણે બાંધીઆં ઓહેં ? કોઇને લીલું, કોઇને કારૂં, અને કોઇને ધોરૂં કોંણે કીધું ઓહેં ?

જેરાંમની માએ ઉપલા શવાલોનો ખોલાશો તેની આગલ કી

ધો હતો, તે ઉપરથી, અને વખારે વખત લગે શેહર મધે વશી આ ઉપરથી તે દુનીઆઈ લોકોના મોટા મેલાવડા સંબંધી લેહને શ હમજીઓ હતો.

ભરવાડે કીધેલી મેહલની કીમત !

મથુરાં દેશનો રાજા મોહનશીંગજી ઘણો મોજીલો હતો, અને તેના શેહરોના મેહશુલની વશુલાતનાં નાંણાં જોકે ઘણાં જમાવ થાતાં હતાં; તો પણ રાજા તે નાંણાંને આડી રીતે ઉપીઓગ કરતો હતો, અને જેમ ગમે તેમ, લખલુટ રીતે ખરચી નાખતો હતો. એક દીવ શે એતેફાક એવો બનીઓ કે રાજાએ શેહરની બાહેર જંગલ મ ધે એક ઘણોજ કીમતી મેહલ બંધાવા માંડીઓ. આ મેહલની પ છવાડે રાજાએ દેવાનાપણાથી પોતાની દોલતનો મોટો ભાગ ખરાબ કીધો, અને લાકડાંના નખશી કામની અંદર જવેરાત મઢાવી લીધું, જથી તે મેહલનો દેખાવ ઘણોજ શુંદર, અને તારીફ લાએક થાઈ પડેઓ હતો. એક દીને શુંભ મુહુરત દેખાડીને રાજાએ તે મેહલનું વાશ મુહુરત કીધું હતું, અને તેની કીરીઆ મોટી ધામ ધુમ શાછે કી ધી હતી, જેની રચના જોવાને શેહરની રઈઅતનો મોટો ભાગ તે જંગલ મધે ગએઓ હતો. બીજી તરફથી એવો બનાવ બનીઓકે તે જંગલની નજદીકનાં બીજાં એક જંગલ મધે ભરવાડનુ એક ફુટ મબ રેહતું હતું, તેઓનાં પાંચ બકરાં આગલી રાતના ગુમ થાએઆ થી તે ફુટમબ મધેથી માંમો અને ભાંણેજ બકરાંની શોહધ કરવાને બામદાદથી આશપાશ ફરતા હતા. આગલ વધીઆ પછે, મથુરાં દે શના રાજાના મેહલની ઉપર શુરજનાં કીરણ પડવાથી, તેની અંદ ર મહદી લીધેલું જવેરાત ચલકાટ મારતું હતું, અને તેને લીધે તે મેહલ દુરથી શુનાના ડુંગરની મીશાલ દેખાવ દેતો હતો. આ દે ખાવ જોવા ઉપરથી પેલા બંધે માંમાં ભાંણેજ ભરવાડો તે તરફ વ ધીઆ, અને મેહલની આગલ ગએઆતો, હજારો હજાર માણશને

મેહલની આશપાશ ફરતાં જોએઆં, અને તેઓ પણ તાંહ ફરીને તે મેહલને આપેલો જહવેરાતનો શીણગાર જોતા હતા. લોકો, તથા કેટલાએક જહવેરીઓ તે મેહલની કીમત બાબે તરેહવાર અટકલ મારતા હતા, જે દેખાવ રાજા, અને તેનો વજીર નજરે જોતો હતો, અ ને કીમતના આંકડા કાંને શાંહભલતા હતા. એજ ઠેકાણે પેલા બંધે ભરવાડો પણ જાઈને ઉભા, અને લોકોનુ શાંભલીને પેલા ભરવાડાના ભાંણેજે માંમાંને કહીઉંકે માંમાં "ઈંઈઈ" કરીને એક આંગલી દે ખાડી. એ ઉપરથી માંમાંએ બે આંગલી ઉનચી કરીને ભાંણેજને કહીઉંકે" ઈંઈઈ". આ બંધે ભરવાડોનો દેખાવ જોઈને વજીરે રા જાને કહીઉંકે શઘલા જહવેરીઓના કરતાં આ બંધે ભરવાડો શરશ ઠડીઆ, અને તેઓએ મેહલની કીમત કીધી. રાજાએ પુછીઉંકે તે કેમ ? વજીરે કહીઉંકે એકે એક આંગલી બતાવી, અને બીજાએ બે આંગલી બતાવી. એની મતલબ એકે, એકે કહીંકે એક પોહર લ ગે આખી દુણીઆમાં વરશાદ પડે, અને અનાજની જેટલી આબા દી થાએ તેટલી એની કીમત, તારે બીજાએ કહીઉંકે એક નહી પ ણ બે પોર લગે વરશાદ પડેઆથી જેટલી અનાજની આબાદી થાએ તેટલી એની કીમત ગણવી જોઈએ. વજીરનો આ વીચાર, રાજાએ પેલા ભરવાડોને બોલાવી પુછવા ઉપરથી ખરો કહીઓ, અ ને તે ઉપરથી રાજાએ ખાખરના એક પાતરાં ઉપર તે ભરવાડાઓને પોતાના બાર ગામો લખી આપેઆં, જે લેઈ મઘન અને ખુશી થા તા તેઓ પોતાના જંગલ તરફ પાછા ફરેઆ. રશતા મધે એક ઓ લખઈતા ભરવાડની બકરાં ચારવાની જગા મલી, અને તે ઠેકાંણે પેલા બંધે માંમાં ભાણેજ પેલાં બકરા વાલા શંગાથે વાતચીત કર વા ઉભા. આ વેલાએ ભાંણેજનાં હાથમાં પેલું ખાખરનું પાતરૂં હતું, અને બંધે હાથ પાછલ રાખીને તે પેલા ભરવાડ શંગાથે વાતે ઉભો હતો, એટલામાં પાછલથી એક બકરીએ પેલાં પાતરાં ઉ પર દાપું મારીને તે પાતરૂં ચાવીને ગલી ગેઈ. આ ઉપરથી પેલો ભરવાડો પાછો રાજાની પાશે ગએઓ, અને વજીર આગલ બોલી ઓ કે—"હાજને હાજન મલીઆં, લોજને લોજન મલીઆં; અને વાત કરતાં કરતાં હાવજરાંએ બાર ગાંમ ગરીઆં !" ભરવાડની

આ મતલબને વજીર તુરત શાહમજી ગીએા, અને રાજાને શાહમજા વીને ફરીથી તરાંબાનાં પતરાં ઉપર તેને એક મનભુત લખત ક રાવી આપીઉ.

અપટ આખુનજીનેા ચંચલ નીશાલીઓ.

"એક મુશલમાંન આખુનજી કેટલાએક છેાકરાઓને એકઠા કરી ને "મકતબદારી" ચલાવતેા હતેા, ઈઆને નીશાલ ભણાવતેા હ તેા. ઘણા દીવશ ગુજરેઆ પછે, એક દીને એક ફકીર તેની ની શાલ આગલ જાઈ ઉભેા, અને આખુનજીની છેાકરાઓને શીખવવા ની રીતભાંત જોઇને ખુશીમાં આવેઓ હતેા. આ વેલાએ તે ફ કીરે આખુનજીને એલતેમાશ કીધી કે અગરજો તેનેા હેાકમ હેાએ તેા, એક શવાલ તે કરવા માંગેછે. આ વાત આખુનજીએ કબુલ રાખી, અને ફકીરને જણાવેઉં કે જેબી પુછશે તેનેા જવાબ આપવા ને તે તઈઆરછે. એ ઉપરથી ફકીરે આખુનજીને શવાલ કીધેા કે:—

"કહેાતેા કાજી, નકહેાતેા પાજી, ઔર નકહેાતેા બલ લેંશા: પાં ચ વખત હુએેશેા નીમાજકા, ઔર છઠા બખત શેા કએેશા ?"

ફકીરનેા આ શવાલ શાંભલતાંજ આખુનજીતેા ઘભરાટમા પડે ઓ કે અવે એનેા જવાબ શું દીએ; પણ એટલામા એક છેાકરેા જડપથી ઊઠીને ઉભેા થએેઓ, અને બેાલીઓ કે—"આખુનજી, તુ મને પરશુ મુજે શીખાએઆ શેા બાત: અગર આપકા હેાકમ હેા વેતેા મએે કહું ?"

આખુનજીએ તેને જવાબ દીધેા કે બેટા કહેા.

એ ઉપરથી છેાકરાએે તે ફકીરના શવાલનેા જવાબ વાલેઓ કે:—

"શું નેા તુમ અમીર, નશું નેા તુમ ફકીર; શું ન લેએેા જવાબ તું મ મુજકા: પાંચ વખતશેા નીમાજકા; ઔર છઠા બખત શેા ઘર કુ બીચકા."

અરથ—એટલેકે પાંચ વખત જે છે તે પાક પરવરદેગારની

બંદેગી, ઈઆને ભગતી કરવા, અને દુનીઆઈ જંજાલ, તથા હાદે શા ખેંચવા બાબેનાછે, અને છઠો, ઈઆને રાતના બાર વાગા પછે ના વખત આશાએશ લેવા, તથા શનશાર શુખ ભોગવવા માંટેનોછે.

બખતીઆર નામું.

બાબ પેહલો.

પાદશાહ આજાદબખતનો હેવાલ.

આ નામું ફારશી જુબાનમાં "નુરે અલલા" નામે એક શાહેરે નોડીઉં હતું, અને તેનો તરજુમો ગુજરાતી જુબાન મધે કીધામા આવેલોછે. એ નામાના જુદા જુદા દશ "બાબ" બનાવેલાછે, અને તે દરએક બાબ વાંચીઆથી અકલ, હોશીઆરી, અને નશીહત હાંશલ થાઈ શકેછે. એનો બનાવનાર શાહેર એવું કહી ગએઓછે કે "શીરાતાન" શેહર મધે એક પાદશાહ થાઈ ગએઓછે જેનું નામ "આજાદબખત" કરીને હતું. એ પાદશાહને તાંહ જુદા જુદા દશ વજીરો હતા, જેઓને જુદી જુદી ચહડતી દશ પદવીઓ આપેલી હતી. એઓ માંહેલો પેહલી પદવીનો વજીર તે પાદશાહના રાજની હકુમત કરતો હતો, જેનું નામ "શપેહશાલાર" કરીને હતું. આ વજીર ફેણોજ દેલાવર હતો, અને તે શાથે શાહુમજી, અને ડાહેઓ હતો. આ વજીરને તાંહ એક દીકરી હતી, જે બેનેહા એત ખુબશુરતી ધરાવતી હતી, જેનું નાંમ "મેહરનેગાર" કરીને હતું. આ છોડી એટલીતો ખુબશુરતી વાલી હતી કે તેના શેખ શારાથી ગોલાબનાં ફુલનો રંગ જાંહખ મારતો હતો, અને તેના ચે હરાથી પરીઓ લજવાતી હતી. એ છોડીની એવી રીતની ખુબ શુરતીને લીધે તેનો બાપ "શપેહશાલાર" તેને ઘણોજ ચાહતો હતો, અને તેને જાએઆ વના તેના બાપનો એકબી દીવશ જાતો ન

હી હતો. એક વેલાએ "શપેહશાલારે" એવું ચાહેઉં કે પાદશાં હતા મુલક માંહેલાં લોકો કેવી અવશથામાંછે, તે દેખાવ તેણે પોતા ની નજરે જોવો જોઈએ, એવું ધારીને તે શેહર મધેથી બાહેર પ ડેઓ હતો. એતેફાક એવો બનેઓ કે મુલકની આબાદાની કરવા ને વાશતે કેટલાએક દીવશ શુધી "શપેહશાલાર" ને શેહરની બાહે રજ રેહવું પડેઉં હતું, અને તેટલા વખત શુધી તેનેથી પોતાની ને કખાહ દીકરીનો મુખરો જોવાને બનીઉં નહી હતું. એ ઉપરથી તેણે પોતાની દીકરીને પોતાની નજદીક બોલાવી લેવાનો વીચાર ક રેઓ, અને કેટલાએક વીશવાશુ માંણશોને "મેહરનેગાર"ને બોલા વા મોકલેઆં. પોતાની દીકરીને પોતાની નજદીક બોલાવવા શારૂ વજીરે તેની ઉપર એક નાંમું લખેઉં હતું, જે લેઈને પેલાં માંણ શો "મેહરનેગાર"ની ખીદમતમાં જાઈ પુગાં હતાં, અને નામું તે ના હાથમાં આપેઉં હતું. પોતાના બાપે મોકલાવેલું નામું વાંચે આ ઉપરથી, મેહરનેગારે ખેદમતગારોને હોકમ કરેઓ કે મુશાફરી નો અશબાવ તઈઆર કરે. શગલો અશબાવ તઈઆર થાએઆ પછે, જડાવદાર એક શુંદર અમબારીથી હાથી શીણગારેઓ, અને તે ઉપર શવાર થાઈને શેહરની બાહર ચાલવા લાગી. એતેફાક એવો બનીઓ કે શેહરનો પાદશાહ, જે શેકારે ગએલો હતો તે શે કારગાહમાં નીશફલ થાઈને પાછો આવતો હતો તે, આ દબદબા ભરેલી શવારીની શાંમણે થએઓ, અને દેહડા તંબુ વીગરે મુશાફ રીનો પાદશાહી દમામ જોઈને પુછપરછ કરવા લાગો કે આ અં બારી ઉપર કોણ બેઠેલું છે, અને શગલા અશબાવ શાથે કાંહ જા એછે. પાદશાહને તેનાં માંણશોથી જવાબ મલેઓ કે આપણા વજીર "શપેહશાલાર"ની દીકરી "મેહરનેગાર"છે. વજીર મુલક ની તપાશ કરવા માટે મુશાફરીએ ગએલોછે, અને તેનો પેઆર દી કરી તરફ ઘણોછે, અને દરરોજ તેને જોવા વગર ચાલતું નથી; માટે મુશાફરીમા રોકાણ પડવાથી તેણે પોતાની દીકરીને પોતાની નજદીક બોલાવીછે. આ વાત શાંભલતાંજ પાદશાહએ પોતાના ઘોડાને પાછો ફેરવીઓ, અને પેલી અંમબારીની નજદીક જાઈ પોં હચીઓ. અમબારી આગલ વજીરના જે ખેદમતગારો હતા તેઓ

પાદશાહને જોઇને ઘોડા ઉપરથી તુરત નીચે ઉતરી પડેઆ, અને કુનશ બજાવીને ઉભા રહેઆ. પાદશાહએ તેઓને હોકમ કીધો કે શપેહશાલારની દીકરીને પેગામ શાથે શલામ પોંહચાડો. આ વાત ખેદમતગારોએ કબુલ રાખી, અને પાદશાહનો હોકમ બજા લાવેઆ, જેથી પાદશાહએ તાંહથી પાછો ફરવાની તઈઆરી કીધી; પણ એટલામાં એવો મામલો બનેઓ કે પવનનો મોટો વટોલીઓ થાઈ આવીઓ, અને તેના શપાટા અમઆરી ઉપર જમરા ચાલવા લા ગા; માટે પાદશાહ અમઆરી શંબંધી ધાશતી ભરેલા વીચાર કરતો તે તરફ જોતો હતો. એટલામા પવનના શપાટાથી અમબારીનો પરદો ઉનચો ચહડી ગએઆથી પાદશાની નજર "મેહરનેગાર"ની ઉપર પડી. આ ખુબશુરત ચેહરેની નાજનીને જોવાથી પાદશાહ ના ઇશકે ઉછાલો કરેઓ, અને તે ઉપરથી પાદશાહના જીવને અ ધીરાઈ અને બેંકરારી પેદા થાઈ કે આ પરીને ચેહરેની નાજની ને કેહારે પોતાની શાથે લેઈ જાએ. એ ઉપરથી પાદશાહએ પો તાના વજીરના ખેદમતગારોને ફરમાવીઊં કે "મેહરનેગાર"ને તે ઘણી ચાહેછે, અને પોતાને ઘેર લેઈ જાઈ રાખેછે, અને વજીરને પણ તે પાછો અતરે બોલાવશે. ખેદમતગારોએ જવાબ દીધો કે બંદેનવાજ, અમો તમારા હોકમને તાએમે છેઇએ; પણ માંગીએચ કે વજીરે કીધેલા હોકમ પરમાંણે "મેહરનેગાર" ને અમો શપેહશાલા રની નજદીક લેઈ જાઇએ, અને તમોએ રાખેલી ધારણા પરમાંણે શગલાંઓ પાછાં આવીશું. એ ઉપરથી પાદશાહ ગોશામાં આવી ઓ, અને પોકાર મારી બોલેઓ કે અએ ખેદમતગારો, તમો મારી વચે આવીને મને નશીહત આપનારની પેઠે બોલનારા કોણ ? પા દશાહએ ચાહીઊં કે ખેદમતગારોને મારે; પણ વીચાર કીધો કે તે ઓને મારેઆથી "મેહરનેગાર"નું દીલ રખેને કચવાએ, અને તે ઉપરથી તેણે પોતાનો વીચાર ફેરવીઓ, અને ખેદમતગારોને ફરી થી જણાવીઊં કે "મેહરનેગાર"ની અમબારી તે પાછી ફેરવીને પોતાની શાથે લેઈ જાએછે; કાંકે તે તેનો આશક થાએલોછે, અને તેટલા માટે તમોને "શપેહશાલાર"ની ઉપર નામું આપેચ તે તે ની પાશે લેઈ જવો કે તેની રજામંદીથી મેહરનેગારની શાથે પોતા

ના નેકા કરશે. એ પછે મેહરનેગારની શાથે જે અશબાવ હતો તે "શપેહશાલાર"ને ઘેર પાછો મોકલાવીઓ, અને અમબારીની શાથે પોતાને ઘેર ચાલેઓ, અને રશતામાં એવું બોલતો હતો કે મારૂં દીલ માશુક ઈઆરના હાથમાં ફશીઊંછે, જે નાજુખ નારી, અજબ ચેહરેની મેહબુબછે. એ માહતાબને રૂપની અને ચાલાક દેલ ની બાનુ, એકવાર મારૂં દીલ પોતાની તરફ લેઈ ગેઇછે, ઈઆને તેના એશકથી મને દેવાનો શરીઓ કીધોછે. ઓ નેક બાનું, તારૂં કદ શરોવરના શીહધાં જાહડના શરખું છે, અને જેહવારે તારો નેક ચેહરો મેં દીઠો તારે, મારૂં દીલ લોહીમા જાર થાઈઊં. ઘેર ગ એઆ પછે પાદશાહુએ મેહરનેગારની મરજી પુછીને તેની શાથે નેકા કીધા, અને તે રાત તેની શાથે રમત, અને ગંમતમાં ગુજારી. બીજે દીને નવીશીંદાને બોલાવી "શપેહશાલાર"ની ઉપર નામું લખાવીઊં, અને તેની અંદર એવી મજમુન લખી હતી કે—બુજોરગ ખોદાએતાલા ઘણો પીઆરોછે. આ નામુ શીશતાનના તાજ અને તખત શાથેના પાદશાહ "આજાદબખત," પાક પરવરદેગાર તેની ઊંમર દરાજ કરે તેણે, પોતાના એતબારી, દેલાવર, અને બુજોરગ વજીર "શપેહશાલાર"ની ઊપર લખીઊંછે કે તેનું નહી વપરાએલું, અને નહી વીંધાએલું મોતી, ઈઆને દીકરી, જે પાકીના પરદાની પછવાડે રહેલી હતી તેને, બુજોરગ દીનની શરીઅત મુઆફક પોતાના નેકામા લાવીઓછે, અને જાંણવું કે હું તાહરો શાહેશતે લાએકનો "દામાદ," ઈઆને જમાઈ થાએઓ છેઊં. તું ને મારાથી બેહતર જમાઈ નહી મલતે; માટે તું ને ઘટારતછે કે એ વાતથી તારાં દીલને ખુશી રાખવું. આ નામાં ઉપર મોહર કરીને કેટલાએક ઘોડા, ઊંઠ, હાથી, અને તે વીનાએ જંડાવદાર શાહજથી એક અશવારી તઈઆર કીધી, અને કેટલાએક શરોપાવની શાથે એક બુજોરગ મરદને તે નામુ આપીને "શપેહશાલાર" ના ખીદમતગારોની શાથે વદીઆ કીધો.

પાદશાહનું નામું "શપેહશાલાર"ની નજદીક પોંહચીઊં, જને "શપેહશાલારે" બુજોરગીથી ઈજત શાથે વાંચીઊં તેવારે દીકરીની ઉપર બાપ દાખલના બેનેહાત પેઆરથી તેનું દીલ લોહીથી ભરાઈ

આવીઊં; પણ જરૂરના શબબ ઉપરથી પાદશાહની ઉપર નામાનો જવાબ લખેઓ, જેની અંદર ખુશાલી અને ખુશવખતીની ઈધાણી બતાવીને જણાવેઊં કે—પાદશાહનું નામું વાંચીઆથી મને અજાએબ નેકવખતી મદદ થઈ. મને મલેલી બુજોરગીના શુકરાના મારી જુબાનથી કેહી રીતે કરી શકું, તેની શહમજ મને પડતી નથી. અગરજો એવી ખુશાલીનો હું એોચાબ દીઠો હતે તો, તેનો હરખ મારા જીગરમાં શમાઈ પણ નહી શકતે; પણ એ તાજ ખરેખરી રીતે તમોએ મારા માંથાં ઉપર મેલેઊંછે તેને શારૂં જારે હું તમારી ખીદમતમાં પોંહચશ તારે મારી તરફની નેકવખતીનો શીજદો બજા લાવશ. એો શગલા પાદશાહઓના શીરદાર, તારી અકલ ખુબીથી ભરેલીછે. જે પાદશાહ આવી રીતની ખુબી ધરાવતો હોએ તેના હોકમથી હરેક માંણશ શીરીતે શીર ફેરવી શકે ? (આ મીશાલના શખુનો શપેહશાલાર જાહેરદારીમાં લખતો હતો; પણ બાતેનમાં મકર અને હીલા શોધતો હતો; તોપણ કબજના શબબને લીધે દીકરીની રીત પાદશાહી લાએક તઈઆર કીધી, અને પાદશાહ ઉપર મોકલાવી.) નામાં મધે એોજરખવાહીથી જણાવેઊં કે હું તો જંગલ મધે પડેલો છેઊં, અને તેટલા માટે જરૂરજોગ ખીદમત બની શકી નથી, કે જે આલમ પનાહ પાદશાહને લાએક હોએ. ઊંમેદ રાખેઆમાં આવેછે કે પોતાના જુના ચાકર ઊપર માંફી બખશીને કબુલ રાખેઆમાં આવશે. નામું તઈઆર કરીને તે ઊપર મોહર કીધી, અને પોતાની દીકરીની રીત શાથે પાદશાહની ઉપર મોકલાવેઊં. આ બીનાને જેહવારે બે તરણ માંશ ગુજરેઆ તેવારે, શપેહશાલારે લશકરનાં શગલા ઝમકાબરો, અને બુજોરગોને બોલાવીઆ, અને ખજાંણાની તીજોરીનો દરવાજો ખુલી ને તેઓને તથા લશકરી માણશોને જરની બખશીશ કીધી, અને કોલાહ તથા કબાહ આપી. તે પંછે લશકરના શરદારોને પોતાની નજદીક બેશાડીને કહેઊં કે ભાઈઓ, તમારી શાથે મારે એક ભેદની વાત કરવાનીછે, જે વાત તમોએ ઘણીજ રીતથી છુપાવી રાખવી જોઈએ. તમોને માલમછે કે મારા જીગરમાં કેવી આગ શલગેલીછે; પણ તે વાત દાનાવો શીવાએ બીજા કોઈની આગલબી બો

લવી નહી જોઈએ; કાંકે દીલના છુપા ભેદનો ખુલાશો દાનાઓ શી વાએ બીજા કોઈથી થાઈ શકતો નથી. તમો દાનાવ છેઓ, અને તે ઉપરથી આશા રાખું'ચ કે મને જીવતદાંન બખશશો, અને મારા ભેદની વાતને તમારા જીવની મીશાલે છુપાવીનેજ રાખશો. શગલા અ મીર ઉમરાઓએ શપેહશાલારના શખુનો શાંભલીને તેને શેજદો કરે ઓ, અને જણાવીઉ કે તુ અમારી ઉપર જમાતદાર પઠેલછે અને તારી શરદારીથી અમો બુજારગી અને મોટાઈ ભોગવીએછે. તારી બુલંદ અકલના બલથી અમો દોલત વરાવીએ છેઈએ; માટે ઓ શીરદાર, અ મારે શારૂ વધારે બોલવાનુ મોહકુબ કર, અને તારી મતલબ શું છે તે અમોને જાહેર કર. "શપેહશાલારે" તેઓને જણાવીઢ કે તમો શગલા ઓ શારીપઠે જાણો છેઓ કે અવડાં શુધી હુએ કેહવી રીતની મેહ નત ખેંચીને અને મરદાંનગી કરીને દોલત માહરા કબજામા ઓશત વાર રાખીછે, અને તેજ નેકબખતીની મેહરબાનીથી મુલકનો ફેશાદ દુર થાએઓછે. માહરી એવી શારી અને વફાદારીથી ભરેલી ખી દમતના કેટલાએક હુકો ધીઆનમાં નહી રાખેઆ, અને માહરો મો હલ, અને ખેદમતગારો, જેઓ ખેદમતને લાંએક હતા તેઓની હો રમત લુટી, અને તમોને રોશનછે કે મારી દીકરીને રશતા મધેથી બં ધીવાન તરીકે લેઈ શએઓ, અને મરદાનગીની દામાનને નામરદાંન ગીના ચીકથી ખરડી; તારે અવે શેહર માંહેલા લોકો પોતાની દીકરી ઓની લાજનો શંભાલ કહી રીતથી કરી શકે ? આવી રીતના શ ખુનો બોલતી વેલાએ "શપેહશાલાર"ની આંખ મધેથી મરદાનગી ની ચાનકનાં આંશુ પડતાં હતાં.

લશકરી શરદારો, ઉમરાઓ, અને પાદશાહના બીજા વજીરોએ મલીને "શપેહશાલાર" ને જણાવીઉંકે એ શઘલી બીના એક મુદત થાઈ તેઓને ખબરછે, અને અવે અવડાં તે વખત નજદીક આવેઓ છે કે એ પાદશાહને દુર કરીને તુંહુને પોતાના અમીર દાખલ ગણીએ. એટલા શખુનો બોલીઆ પછે તેઓએ એક બીજામા ઠેડાવ કરીને શ પત લીધાકે એ વાતથી કોઈએ ફરવું નહી. એ ઉપરથી "શપેહશા લાર" ખજાણાની તીજોરી મધેથી લશકરને ફરીને કેટલોએક જર આપેઓ, અને થોડાએક દીવશમાં એક મોટી ફોજ એકઠી કીધી, અ

ને પાદશાહની શાંમણે લડાઈ કરવાની તઈઆરી કીધી. ઈશવરનુ કરવું એવું બનીઉંકે આ બીના "શયેહશાલાર" ના ઘેર તરફ જાઈ પુગી, જેથી તેના ચાકર નફરો ખુશીમા આવેઆ. શયેહશાલારનાં બે દુએો મધ્યેનો એક ભેદુ પાદશાહના મેહલમાં આવજાવનો પગદંડો રાખતો હતો તેણે, એ ખબર "મેહરનેગાર" ના કાન ઉપર છુપી રીતે નાખી. શયેહશાલાર જરે શેહરની નજદીકીમાં ગએેઓ તારે, પાદશાહને ખબર પડી, અને તે ઉપરથી તેણે ચાહીઉંકે તેને એશતેકબાલ લેવાને જાએ; પણ "મેહરનેગારે" તેહને ચેતવણી આપીકે "શયેહશાલાર" તો તારૂ તાજ લેઈ મેલવાને માટે લશકરની મોટી ફોજ લેઈને આવેછે. આ ખબર શાંભલતાંજ પાદશાહ ફીકરમંદ થએેઓ; પણ તેટલામાતો "શયેહશાલારે" શેહરની આશપાશ ઘેરો નાખેઓ. આ ખબર શાંભલતાંજ પાદશાહએે "મેહરનેગાર" ની તરફ જોઈઉં, અને બોલીઓકે આ ફેશાદ ઉભો થાવાનુ કારણ માહરી કમ અકલછે; પણ અવે એે વાતની તજવીજ કેહી રીતથી કરવી જોઈએ; કાંકે એે રાત જાઈને શહવાર પડવાની પુરી ઉંમેદ નથી. ને કબખત બીબી "મેહરનેગારે" પાદશાહને શહલા આપીકે તુરત આપણે એે શેહર છોડીને બાહેર નીકલી જાઈએ, અને બીજા કોઈ પાદશાહની પનાહ લેઈને પાછી શેહર ઉપર ચડાઈ કરીએે. પાદશાહએે "મેહરનેગાર" ની મશલેહતને પશંદ કીધી, અને જણાવીઉંકે "કેરમાન" ના પાદશાહની તરફ આપણે જવું જોઈએ; કાંકે "કેરમાન" નો, પાદશાહ જેહાંનના શખીઓથી એક શખાવતનો કરનારછે. એે પાદશાહ બુજોરગ દીલદારનો ઈઆરછે; માટે તે આપણા હકમાં મેહરબાનીની નજર કરશે, અને આપણને રૂપું, શુંનું, અને લશકર વીગરે જોઈતુ શઊ આપશે; માટે એે શીવાએે આપણને બીજી જગા નથી. એટલું કહીને તે બંધે અશતરી ભરથાર તઈઆર થાએેઆં અને મેહલની અંદરથી જંગલ મધે નીકલી જાવાની એક જગા હતી તે રશતે તેઓ શેહર બાહેર નીકલી ગીગાં. આ વેલાએે પાદશાહ હથીઆરબંધ થાએેઓ હતો, અને બંધેજણે ઘોડાની શવારી કીધી હતી, અને કેટલુંએક ઉનચી કીમત નુ જહવેરાત પોતાની શાથે લીધું હતું. રશતા મધે ચાલતાં પાદ

શાહુ પશતાવાના "બેતો" બોલતો હતો. એ પરમાણે એક રાત, અને એક દાહડો શુધી ઘોડાઓએ મંજલ કાપી તેહવારે એક કુવો આવીઓ, જેહનાં પાંણી એટલાંતો કવડાં હતાં કે તેના કરતાં લીમ ડાનો રશ કવરાટમા નરમ માલમ પડતો હતો.

બખતીઆરનો જનમ,

અને ચોરના શરદારે કીધેલું તેનુ પોશન.

"આજાદ બખત" પાદશાહુએ "મેહરનેગાર" શંગાર્થે નેકા કીધાને આ વેલાએ અગીઆર માંશ થાએલા હતા, અને "મેહરનેગા ર" હુંમેલદાર થાએલી હતી, માટે પેલા કુવા ઉપર જાઈ પુગાપછે, "મેહરનેગાર" ને હુંમેલ છુટવાનું દુખ થાઈઉં. એક તરફથી શુરીઅનો મોટો તાપ ચાલુ હતો, અને બીજી તરફથી પેલા કુવાનો ઓટલો તપતો હતો, અને તરીજી તરફથી "મેહરનેગાર" ના હોટ પાંણી વગર શુકાતા હતા, જે આફત ભરેલી બલાથી પાદશાહ, અને "મેહરનેગાર" અફશોશ કરતાં બેઠાં હતાં. મેહરનેગારે પાદ શાહને જણાવીઉંકે ઓ નેક શીરદાર, માહરા જીવની મને આ શા નથી, અને મારેથી, ઘોડા ઉપર બેશી શકાતુ નથી; તેમજ આ રેતીના વનમા મારેથી ચાલી પણ શકાએ નહી, અને દુશમનની તલવાર આપણી પાછલ ચમકેછે; માંટે કદાચ તે અતરે આપણી શોહધમાં આવી પોહચેતો, તારોતો બચાવ થાઈ શકશે; માટે તું અ તરેથી મને પડતી મેલીને આગલ નીકલીજા. માહરા જેહવા હજા ર જીવ હું તારી ઉપર કુરબાન કરશ; માટે મારી ચીંતા પડતી મે લીને તારા જીવની શલામતી ચાહ. પાદશાહએ જણાવીઉ કે મુ લક, માલ, અને મતા એકવાર ખોહું; પણ તારા જેવી માશુક, જે જીવને ઘણીજ પેઆરીછે તેને હાથથી શીરીતે જાતી મેલું ? મારી ઉપર જે બલા આવી પડીચ તે તારી ઉપરથીજ આવેલીછે. આ બંધે જણાઓ આવી રીતની ગોફતેગોમાં હતાં, એટલામાં બીજીને

મોટું દુખ થાઈ આવીઉં, અને એક ખુબશુરત બેટાને જનમ આપે
ઓ, જે પુનમના ચંદરમાહના શરીખાં રૂપનો હતો, અને તેના તેજ
થી તે જંગલ નુર ભરીઉં થાઈઉં હતું. મેહરનેગારે તે બેટાને શાફ
કરીને પોતાની ગોડમાં લીધો, અને તેને દુધ પાવાલાગી. પાદશાહએ
મેહરનેગારને જણાવીઉંકે આ વખત બાલકને દુધ પાવા, અને તેની
ઉપર પેઆર રાખવાનો નથી. એ બાલકને અતરેજ પડતો મેલી
એ, અને તે પાક ઈશવરને શપુરદ કરીએ કે તે એનો નેગેહબાન થા
શે, અને તેની અપરંમપાર બખશેશ એની ઉપર ઉતરીતો, એનો
જાન બરબાદ નહી થાશે. પાદશાહે ઉંચી કીમતની એક કબાહ પો
તાની પાશેથી કાહડી, અને દશ મોતી કે જે બેકીમતી હતાં તે છો
કરાની બાજુએ બાધીઆં, અને પેલી કબાહની અંદર તેને લપેટી
ને કુવાના શેરાના ઉપર મેલીઓ, અને બંધે જણા પોતાના મોહ
દરદ ભરેઆં કરીને તાંહથી આગલ ચાલીઆં. મંજલ દરમંજલ કા
પતાં તેઓ "કેરમાન" શેહર તરફ જાઈ પોહચીઆં, જેથી એ ખ
બર "કેરમાન" ના પાદશાહના કાન ઉપર જાઈ પુગી. આ ખબ
ર કેરમાનના પાદશાએ ખરી માની નહી, અને તે ઉપરથી પોતા
ના કાશદ લોકો, જેઓ "શીશતાન" ખાતે જાતા હતા, અને જેઓ
શીશતાનના પાદશાહ આજદબખતને ઓલખતા હતા, તેઓને આ
ખબર મેલવવા શારૂ મોકલીઆ. કાશદો શીશતાનના પાદશાની નજ
દીક ગએઆ, અને તેને ઓલખીઆથી પાછા કેરમાન તરફ ગએઆ,
અને એ ખબર પોતાના પાદશાહને જાહેર કંધી, જે ઉપરથી કેરમા
નનો પાદશાહએ હોકમ કીધોકે મોટાં લશકર શાથે શરદારોએ શીશ
તાંનના પાદશાહ આજદ બખતને લેવાજાવાની તઈઆરી કીધી. લ
શકર તઈઆર થાએઆ પછે, કેરમાનનો પાદશાહ શીશતાનના પાદ
શાહને એશતેકબાલ લેવા ગએઓ, અને તેને પોતાની ગોદમાં દાબી
ઓ, અને મોટાં આદરમાન શાથે તેને પોતાના શેહર મધે લેઈ ગ
એઓ. મેહલ મધે ગએઆ પછે, કેરમાનના પાદશાહએ હોકમ ક
રેઓકે શેહરના તમામ ગવઈઆઓને બોલાવીને દબદબા ભરેલી એક
મીજલેશ તઈઆર કરવી. આ મીજલેશ તઈઆર કીધા પછે, કેરમા
નના પાદશાહએ પોતાના બેટાઓને દરબાન શાથે પાદશાહ આજદ

બખતને બોલાવવા મોકલીઆ, જેઓ પાદશાહ આજાદબખતને તે મી જલેશ મધે લેઈ ગએઆ. એ પછે ગવઈઆઓએ ગાએણના શરોદ ચાલુ કીધા, અને તેથી આખી મીજલેશ ખુશ થાવા લાગી, અને શરાબનો દોર ચાલવા લાગો. જેહવારે આજાદબખત પાદશાહની આ ગલ શરાબ ગએઓ તેહવારે, શરાબ હાથમાં પકડતાંજ તેની આંખ મધેથી નવધાર આંશુ પડવા લાગાં. આ દેખાવ જોવાથી ફેરમાનના પાદશાહએ તેને દેલાશો દીધો, અને જણાવીઉંકે એ ભાઈ, તારા દીલને ખુશીથી ભરેલું રાખ, અને કશી ચીજનો અંદેશો નાં કર કે જેથી પાક ખોદાતાલા તારા હકમાં શારૂંજ કરશે. પાદશાહ અજાદ બખતે જણાવીઉંકે એ જેહાનના પાદશાહ, માહરાં દીલને ખુશ હાલતે કેહી રીતથી કરૂં. હું મારાં ખાનદાનથી પરાગંદેહ થાએલો છેઉં; અને મુલક તથા ખજાનો દુશમેનના હાથમાં પડેઓછે. એ ઉપરથી ફેરમાનના પાદશાહે તેનેં શધલો હેવાલ પુછી જોએઓ, જે તેણે ખુલલી રીતે અવલથી જાહેર કરેઓ. પાદશાહ અજાદબખતનો દુખ ભરેલો હેવાલ શાંભલવા ઉપરથી ફેરમાનનો પાદશાહ દલગીર થા એઓ; પણ તે દીવશ ખુશાલી ભરેલો હતો; માટે તેને તેવીજ હાલ તમા ગુજારવા દીધો. બીજ દીને પાદશાહના ફરમાવીઆ ઉપરથી ખજાનાનો દરવાજો ખુલ્લીઓ, અને લશકરને તથા લશકરી શરદારો ને ખજાનાની ખેરાત કીધી, અને લશકરને શમારીને પાદશાહ આજા દબખતને શવાધીન કીધું, અને તેઓને હોકમ કરેઓકે જાંહ શુધી શીશતાનનો મુલક તમો ફતેહ કરો તાંહ શુધી તમોએ શારીપઠે ઈ આદ રાખવું કે તમારો પાદશાહ આજાદબખતછે; માટે એની ફરમા બરદારીથી તમારૂં દોકું ના ફેરવતા, અને એના હોકમને તાબેજ રેહજો. બીજે દીવશે પાદશાહ આજાદબખતને પાદશાહી પોશાગનો શરોપાવ આપેઓ, અને કેટલાએક ગોલામો, બાંડીઓ, ઘોડાઓ, ખ ચરો, અને ઉંઠોનો એક મોટો જથો બખશીશ આપીને તેને શીશતા ન તરફ રવાના કરેઓ. આ વેલાએ શીશતાન મધે એવો માજેલો બનીઓ હતો કે તાંહનો નવો રાજા "શપેહશાલાર", જે પરથમ આ જાદબખતનો વજીર હતો, અને જેને લશકરે તખત ઉપર બેશાડીને પોતાનો પાદશાહ કીધો, તેહને પાદશાહી મલીઆથી તે છકી ગએઓ

હતો, અને પોતાના શરદારો, અને ખીદમતગારોની મશલેહતને ધોકા રવા લાગો, અને તેઓના કેવાથી ઉલટો ચાલતો હતો, જેથી તે શ ગલાઓ તેની ઉપર નારાજી થાઈને પોતાના આગલા પાદશાહ આ જાદબખતને ઈઆદ કરતા હતા. એવે શમે જારે પાદશાહ આજાદબ ખત લશકર લેઈને શીરાતાન તરફ જાઈ પોહચવાની તેઓને ખબર પડી તારે, તેઓ ખુશીમાં આવીઆ, અને છુપી રીતે મશલેહત કી ધી કે અવે પાદશાહ આજાદબખતને મદદ કરવી, અને શપેહશાલારના હોકમને માન નહી આપવું. પાદશાહ આજાદબખત શીરાતાનની ન જદીક જાઈ પુગો, અને તે ખબર શપેહશાલારને પડી તારે, તેણે પો તાના વજીરો, અને લશકરી શરદારો વીગરે ખીદમતગારોને પોતાની હજુર બોલાવીઆ, અને તેઓને ખજાનો ખુલો કરીને જર બખશ વા માડીઉં; પણ શપેહશાલારની શેાજ ફરી બેઠી, અને તેની શં ગાથે કેટલાએક શખ્ય કોલ કરારો કરવા માંગેઆ. લશકરી મામલો શપેહશાલારે જારે આવી રીતનો દીઠો તારે, છુપી રીતે એક ઘોડો તઈઆર કરેઓ, અને કેટલુંએક જહવેરાત શાથે લેઈને પાદશાહી મે હલની અંદરનો રશતોકે જાંહથી પાદશાહ આજાદબખત પોતે નીક લી ગએઓ હતો તેજ રશતેથી પોતેબી શેહર છોડીને રવાના થાએ ઓ. બીજી તરફથી પાદશાહ આજાદબખત પોતાના શેહર મધે વગા ર મેહનતે લડાઈ કીધા વગર દાખલ થાએઓ, અને આશાનીથી શેહર ફતેહ કરીને પોતાના તખત ઉપર બેઠો. આ ખબર શાંભલ વાથી લશકરી શરદારો, વજીરો, અને શેહર માંહેલા શગલા અમીર ઉમરાઓ, અને પરજાના લોકો તેહની મુલાકાત લેવા જાતા હતા, અને તેને ખુશી ભરેલા આશીરવાદ દેતા હતા, અને તેની પાશે પો તાની તકશીર વીશેની માફી માગતા હતા. પાદશાહ આજાદબખતે તેઓને માફી બખશી, અને ખુશી શાથે તેઓની મુલાકાત લીધી હ તી. એ પછે પાદશાહ આજાદ બખતને કેરમાનના પાદશાહએ જે લ શકર શપુરદ કરીઉં હતું તેને ખજાના મધેથી કેટલીએક બખશીશ કીધી, અને પોતાની તરફ એક દાનાવ પુરશ હતો તેને તે લશકર ને કેરમાન શેહેર તરફ વદીઆ કરી આવવાને મોકલીઓ, અને કેર માનના પાદશાહને માટે કેટલીએક ઉમદા ચીજો ભેટ મોકલાવી.

એ પછે પાદશાહ પોતાની બીબીની શંગાથે એશઆરામથી પોતાનો વખત ગુજરતો હતો, અને તેના દીલમા કશોએ ગમ નહી હતો; પણ તેનું પેઆરૂં ફરજંદ કે જેને તે જંગલ માહેલા પેલા કુવા ઉપર મેલીને નીકલી ગએએા હતો તેની યાદ તેને વારેઘ ડીએ આવતી હતી, અને તે એવું જ શાહમજતો હતો કે તે બાલક ને કુવા ઉપર મેલી ગએઆં પછે, જંગલના જનવરો તેને ખાઈ ગ એઆં હશે: તેને આ ખબરતો હતીજ નહી કે પરવરદેગારની બખશેશથી તે બાલકનુ પોશન થાઈઉં હતું, અને કેટલીએક મોહ વજતથી તેને ઉધારી મોટો કરેઆમા આવીએા હતો.

એતેફાક એવો બનીએા હતો કે જે જંગલના કુવા ઉપર મોહ રનેગારે પોતાના બાલકને જનમ આપીએા, અને જેના ચોતરા ઉ પર તે બાલકને મેલીને તેએા તાંહથી ચાલતાં થાએઆં હતાં તેજ જંગલ મધે વાટપાડા ચોર લોકોની એક ટોલકી વશતી હતી, અને પાદશાહ આજાદબખત કુવા ઉપર પેલાં બાલકને મેલીને થોડેએક છેટે ગએઆપછે,પેલા ચોરોની ટોલકી તે કુવા તરફ જાઈ પુગી હતી. આ વેલાએ ચોરોની ટોલકીના શરદારની નજર કુવા તરફ ગેઈ, અને તેના ચોતરાના એક ખુણામાં તેણે એક બાલકને રડતું જોઈઉં. એ ઉપરથી તે શરદારે તે બાલકની નજદીક જાઈ જોઈઉં, અને તે ઉપરથી તેનો ચેહરો ઘણોજ ખુબશુરત માલમ પડેએા, અને તે ની ઉપર હોરાડેલું કપડું, અને તેના હાથે બાંધેલાં મોતી ઉપરથી તે શરદાર શાહમજીએા કે આ બાલક કોઈ અમીરજાદાનુછે, અને કોઈ માંઠા સંજોગને લીધે અતરે મેલીજાવું પડીઉંછે. તે શરદાર નુ નામ "**ફરોખ શવાર**" કરીને હતું, અને તેને તાંહ ફરજંદ નહી હતું; માટે તેણે તે બાલકને ઉંચકી લીધું, અને તેનુ પાલણ કરીને પોતાનાં ફરજંદ દાખલ રાખવાનો વીચાર કરેએા, અને તે ને પોતાને ઘેર લેઈજાઈ એક દાઈના શવાધીનમા આપેએા. "ફરો ખ શવાર" નો પેઆર તે બાલક ઉપર ઘણોજ બેશી ગએએા, અ ને તે ઉપરથી તેની માવજત ઘણીજ શારી રીતે તે કરવા લાગેા, અ ને તેનુ નામ "**ખોદાદાદ**" કરીને રાખીઉં. ધીમેધીમે ખોદાદાદ જે મજેમ ઉંમરે પુગતો ગએએા તેમતેમ, તે કેલવણીને મલતાં રડાં

કામેનો શોખીલો થએએો, અને તે ઉપરથી તેણે વીદીઆ અભી આશ કરીને પોતાના બાપના મકાંન મધે પડેલી ઘણીજ શરશ ચોપડીઓ વાંચી હતી, અને તે ઊપરથી તેણે પોતાના બાપનાં કામ ને નાપશંદ કરેઉં હતું. "ખોદાદાદ" ને તેનો ધરમ-બાપ ફરોખ શવાર ઘણોજ ચાહતો હતો, અને આખા દીવશમા એક વારબી તેને જોએઆ, અને તેની શંગાથે બોલચાલ કરેઆ વના તેને ચાલતુ નહી હતું; માટે જરેબી ફરોખ શવાર કેથે દરોરો મારવા જાતો તારે, "ખોદાદાદ" ને પોતાની શંગાથે લેઈ જાતો હતો. જારે "ખોદાદાદ" ઉમરે પુગો, અને પોતાના બાપના ધંધાને અણઘટતો શહ મજવા લાગો તારે, એક દીવશે તેણે પોતાના બાપને ઘણીએક નશીહત કીધી, અને તેના ધંધાને પડતો મેલી, બીજો ઉદમ કરવાની તેને શહલા આપી; પણ માહાં ભાએગે તે શીખામણ ઉપર તેના બાપે વલાણ નહીજ લીધાથી, લાચારે ખોદાદાદ બોલીઓ કે જારે એ વુંજછે તારે, ઓ પેઆરા બાપ, તુંને ઘટતું નથી કે જે કામ કરવાને મારૂં દીલ દુખાએછે તે કામ કરવાજાતી વેલાએ મને લેઈજવો નહી. એ ઉપરથી ફરોખ શવારે ખોદાદાદને જણાવીઉં કે એ પેઆરાં ફરજંદ, અગરજો એ ધંધો કરવાની તારી ખુશી નહી હોએતો, શુ એથી તેમા તારે શામેલ નહીજ થાવું, અને જે ઠેકાણે અમો દરોરો નાખીએ તે જગાથી થોડીએક વેગલાઈ ઉપર તારે ઉભું રેહવું; પણ તારો ચેહરો જોવા વગર મને કરાર નથી રેહતો તેટલાજ માતરે કારણને લીધે તુંને મારી શાથે આવવું જોઈએ. ખોદાદાદે ચોપડીઓ વાંચીઆથી ઘણું શારૂં ગનેઆન મેલવીઉં હતું, અને તે ઉપરથી તેણે વીચાર કરેઓ કે જે બાપે તેને પાલી પોશીને મોટો કરેઓછે, અને જેની મેરબાનીથી તે અવડાં ઉમરે પુગતો થાએઓછે તે બાપનાં શખુનને આધીન થાવું જોઈએ, અને જેબી હોકમ તે કરે તે તુરત બજાલાવવો જોઈએ. ખોદાદાદ કશરતનો પણ એક અછો ખેલાડી હતો, અને મોટો બલવાન તથા જોરાવર હતો તેથી તેણે વીચારીઉં કે બુઢો બાપ જે કામ કરવાને જાએછે તે કામમા કદાચ કોઈ વાર તે શંકટમાંબી આવી પડે; માટે તેનાં હોકમને આધીન થાઈને તે તેની શાથે જાશેતો, તેનાં શંકટની વેલાએ તેની મદદ કરવાને

તેને બની આવશે. એવા વીચાર ઉપરથી ખોદાદાદે પોતાના બાપના હોકમને માન આપીઉં, અને તેની શાથે ચાલતો થાએઓ.

બખતીઆરના ધરમબાપ ચોરે પાદશાહના લશકર ઉપર હોમલો કીધાથી, બખતીઆર બરા બાપને હાથે બંધવા દાખલ પકડાએઓ.

એક દીનને શમે પાદશાહ આજાદબખતને એવો ઈરાદો થાએ ઓકે એક મોટા કાફલા શાહીત શેકાર મારવા જાવું, અને તે પરમા ણે તે શેકાર ઘાહ જાઈને પાછો શેહર તરફ ફરતો હતો તેવે શમે પેલા ફરોખ શવારનો કાફલો અકશમાત જંગલ મધે તેને મલીઓ, અ ને તે ઉપરથી ફરોખ શવારે પાદશાહના કાફલા ઉપર ટુટી પડવા ને પોતાના માણશોને હોકમ કરેઓ. ફરોખ શવારના માણશોએ પા દશાહનાં લશકરી માણશો ઉપર હોમલો કીધો ખરો; પણ પાદશાહ નાં માણશો વધારે હોવાથી માર ખાવા લાગા. ફરોખ શવારના ઘ ણાંએક માણશોને પાદશાહના માણશોએ કતલ કરેઆં, અને કેટલાં એકને કેદ પકડીઆં. આ વેલાએ ફરોખ શવારે ઘણી જવામરદીથી લડાઈ કીધી હતી; પણ શેવટે તે આજાદબખતના લશકરના શરદા રના હાથમાં કેદ પકડાએઓ; આ દેખાવ જોવાથી ખોદાદાદ, જે દુ ર ઊભેલો હતો તેને શુરુર છુટી આવીઉં, કાંકે તેણે જોઈઉંકે તે ના બાપને કેદ પકડીઓછે. એ ઉપરથી લડાઈના જંગ મધે તે દોડી ગએઓ, અને ડહેરીથી પોતાના બાપને કેદખાનામાંથી છોડવીને શા થે લેઈ નાહશવા લાગો; પણ માઠા શંજોગથી એવું બનીઉંકે ખો દાદાદના ઘોડાનો પગ એક ખાડાની અંદર ગુતી ગએઓ, જેથી તે નાહશતો અટકી પડેઓ. આ અડચણનો લાભ લેઈને આજાદબખત ના લશકરે ખોદાદાદ, અને ફરોખ શવારને તુરતજ પકડી લીધા. એ

પછે શગલા બંધવાઓને લેઈને પાદશાહ આજાદબખત શેહર મધે પે ઠો, અને તેઓને બીજ દીને કચેરી મધે હાજર કરેઆ. આ વેલાએ પાદશાહ આજાદબખતે ખોદાદાદને દીઠો, અને તે ઉપરથી તેનો ખુ બશુરતી ભરેલો ચેહરો જોઈને તેને પોતાનો દીકરો ઈઆદ આવીઓ કે આવીજ ખુબશુરતીવાલો તેનો દીકરો પણ હતો. ખોદાદાદ ઉપર પાદશાહને દએઆ ઉપજી અને તુરતજ તેના મનમા વીચાર ઉતપ ન થાએઓ કે આવી ખુબશુરતીથી ભરેલા એક જુવાનને મારવો ન હી જોઈએ. એ ઉપરથી તેણે ખોદાદાદને નશીહત ભરેલા કેટલાએક શબ્દો કહેઆ, અને જણાવીઉંકે ચંદરમાહ શરીખો ચેહરો ધરાવી આ છતાં, આવાં માહા પાપી કામમાં તું શામેલ થાએઓછે, એ વા ત તારા ખુબશુરતી વાલા ગોરા મુખરાને જાંહખ લગાડનારીછે. એ ઉપરથી ખોદાદાદે જણાવીઉંકે એ નેકબખત પાદશાહ, જે કામ મુલે તે ને પશંદજ નહી તે કામ તેને હાથે હરગેજ બનેજ નહી, અને તે કા મથી હાથ ઉઠાવવાને તેણે પોતાના બાપનેબી નશીઅત કીધી હતી; પણ માઠાં ભાએગે તે ઉપર તેણે ધીઆન આપીઉં નહી,અને પોતા ના પેઆર, અને મોહબતને ખાતર તેને માતરે તે દરોગાની વેલાએ અ મશયકો પોતાની શાથે રાખતો હતો. તમારાં લશકર ઉપર તેના બા પની ટોલકીએ જારે હોમલો કીધો તારે, તેની અંદર તે શામેલ નહી હતો; પણ દુર ઉભેલો હતો, અને જારે તેના બાપને કેદ પકડીઓ તા રે, એક દીકરા તરીકેના પેઆરનો જોશો ચડી આવેઆથી તે પોતા ના બાપની વચે પડીઓ, અને તેને છોડવી લેઈને નાહશી જાતો હ તો; પણ માઠાં ભાએગને લીધે તેના ઘોડાનો પગ જમીન મધે ગ લી ગએઆથી તે તારાં લશકરના હાથમા કેદ પકડાએઓ; માટે પા દશાહએ તેને જીવતદાંન બખશવું જોઈએ.

ખોદાદાદને બંધમાથી છોડીને પાદશાહએ પોતાનો ખાશ ખીદમતગાર કીધો, અને તેનુ નામ બખતીઆર રાખીઉં.

આ વાત શાચી માલમ પડેઆથી, પાદશાહ આજાદ બખતે ખોદાદાદને તથા તેના બાપને જીવતદાંન બખશીઉં, અને બાકીના ચોરોને ગરદન મરાવીઆ. પાદશાહએ ફરોખશવારને કેટલીએક લેટ આપીને જણાવીઉં કે અવેથી તેણે આ બુરૂં કામ નહી કરવું, અને "ખોદાદાદ", ને પાદશાહએ જીવતો રાખેઓ; માટે તેનુ નામ બદલીને, ખોદાદાદને બદલે "**બખતીઆર**" કરીને રાખીઉં, અને તેહને પોતાના લશકરના ઘોડાઓની શરદારી આપી. બખ્ તીઆરે પાદશાહના ઘોડાઓની ઘણીજ શારીરીતે માવજત કરાવવા માંડી, જેથી ઘોડાઓ તરોતાજગી ભરેલા, અને આશુદા થાવા લાગા, જેથી પાદશાહ ઘણોજ મધન થાવા લાગો. એક દીવશે પાદશાહ એ વીચારેઉંકે "**બખતીઆર**" જરે નજરનો ચોખ્ખોછે તારેજ ઘોડાઓ તંદરૂશત હાલતમાં આવીઆછે; માટે અગરજો એને ખ જાણાનો શરદાર કીધો હોએતો બરોબર રીતે ખજાણાનો શંભાલ કરી શકશે. એ ઉપરથી પાદશાહએ બખતીઆરને પોતાની નજ દીક બોલાવીઓ, અને ખજાણાની તીજોરીની કુંચી તેને હવાલે કી ધી, અને મોટાં માનથી તેને જણાવીઉંકે જેમ ઘોડાઓની પાહેધા નો તેણે ચોખી દીઆનતથી શંભાલ કીધો તેવીજ શારી દીઆનત થી ખજાણાને રાખવો. ઘણા વખત શુધી બખતીઆરે ખજાણા ચીનુ કામ ઘણીજ ખબરદારી, અને શારીરીતે કીધું, જેથી પાદ શાહનો પેઆર તેની ઉપર વધતો ગએઓ, અને દરરોજ તેને કચે રી મધે બોલાવવા લાગો, અને તેની મશલેહત લેઇને દરએક કામ કરવા લાગો, અને પોતાના નવે વજીરની મશલેહત પડતી મેલી. આ ઉપરથી પાદશાહના વજીરોની આંખમા બખતીઆર ઘણોજ કડવો લાગો, અને તેઓ તેની અદેખાઇ કરવા લાગા, અને એવો લા ગા શોધવા લાગાકે કોઇ દીવશે કાંઇબી વાકમા લાવીને એને ગરદન

મરાવીએતો ઘણું શારૂં. પાદશાહનો પેઆર બખતીઆરની ઉપ ર એટલોતો વધી ગએએો હતોકે બખતીઆરને માટે ખાવાપીવાનુ પણ તીજોરી મધે પોહચાડતો હતો. એક દીવશે એવો માઠો શં જોગ બનેઓકે તીજોરી મધે બેઠાબેઠા બખતીઆરને દારૂ પીવાનો શોખ થાએએો, અને તે ઉપરથી તેણે કેટલીએકવાર દારૂ પીધો. એપછે બપોરના પાદશાહે તેને માટે ખાણાં શાથે પણ તે દીને દા રૂ મોકલીએો હતો, અને તે દારૂપણ બખતીઆરે વગર વીચારવે પીધો હતો. આ બેહધ દારૂથી બખતીઆરનુ મન તેના અખતી આરમા નહી રહેઉં, અને બેચેન થાઈ પડેએો. રાત શુધી તે તી જોરી મધેજ શુઈ રહેએો; પણ તે પછે વગર શુધીમા તાંહથી ઉઠી ને પાદશાહના મેહલ મધે દાખલ થાએએો, અને પાદશાહના બી છાંણા ઉપર શુઈ ગએએો.

વજીરોના હશદપણાથી બખતીઆરને મારી નાખવા તૈઆરી !

મોડી રાતના પાદશાહ મેહલ મધે ગએએો, અને પોતાનાં બી છાંણાં ઉપર બખતીઆરને શુતેલો જોઈને વીચારમાં પડેએો, અને તુરતજ હોકમ કીધાથી ખેદમતગારોએ બખતીઆરને તાંહથી ઉઠાડી ને બંદીખાંનામા કેદ કરેએો. એ પછે પાદશાહ નાગી તલવાર લેઈ ને મેહરનેગારની પાશે ગએએો, અને તેને પુછેઉં કે શાચું બોલ, બખતીઆર મેહલ મધે શા માંટે આવીએો હતો ? એની તાકાત ન હી કે તારા બોલાવીઆ વના વગર કારણે મેહલમા આવી શકે. મેહરનેગારે પાદશાહને જણાવીઉં કે અએ જેહાંનનાં પાદશાહ, આ વાત શું છે, અને તે કેમ બનીછે, તે વીશેની તેને બીલકુલ ખ બર નથી; માંટે વગર કારણે તું મને મારવા માંગતો હોએતો બુ ખતીઆરછે; પણ હું તારી પાશે એટલુજ માંગું ચ કે આજની રા

ત મને જીવતદાન બખશ કે શાહવાર પડેઆથી એ વાતનો તું ને કો ઈ પણ રીતથી ખુલાશો મલશે. એ ઉપરથી પાદશાહએ મેહરનેગા રને કેદ કીધી, અને પોતે મોટા અંદેશા, અને વીચારમાં રાત ગુજા રી. શાહવાર પડી, અને પાદશાહ એવાનખાનાં મધે ગએએો, અને વજીરને બોલાવા માંણશ મોકલીઉં,જથી તેનાં નવ વજીર મધેનો પેહ લો વજીર તેની આગલ હાજર થાએએો. પાદશાહનો ચેહરો ગોશા ભરેએો જોવાથી વજીરે અરજ કીધી કે પાદશાહ, એવી તે બીના શું બનીચ કે તાહરો ચેહરો ગોશા ભરેલો થાએએોછે. પાદશાએ વજીર ને પોતાની પાશે બેશાડીએો, અને રાને બનેલી બીનાથી તેને વાકેફ કરેએો. આ બીના શાંભલવા ઉપરથી વજીરને જીવ આવેએો, અને વીચારીઉં કે અવે બખતીઆરનુ મરણ નજદીક આવીઉછે. વજીરે પાદશાહુને જણાવીઉં કે બંદેનવાજ, જે પુરશ જંગલ મધે ઉંધરેએો હોએ, અને જેનો પેશો લુટફાંટ, અને ચોરી કરવાનો હોએ, અને તે ને માંટે હજારો જણનાં ખુન કરી જાન લેવાને જે પાછો હટેએો ન હી હોએ, તેવો પુરશ તે પાદશાહની નજદીક બેશવાને લાએક કાં હથી હોએ ? મેં અગાઉથીજ વીચાર કરેલો હતો કે એ શખશ કો ઈ પણ દીને બદફેલી કરશે; પણ જારે અવે પાદશાહને પોતાનેજ માલમ પડીઉછે તારેતો ઘટેછે કે એની ઉપર મોટી નશીબત ગુજા રીને એને મારી નાખે. એ ઉપરથી પાદશાહએ બખતીઆરને બો લાવી મંગાવીએો, અને જણાવીઉં કે અએ હરામજાદા કુતરા; જારે મેં તુને જીવતદાન બખશીઉં, અને માહરી નજદીક બેશનાર કરીને તારો મરતબો વધારેએો તારે, તેં મારી ઉપરજ બદદીઆનત કીધી, અને માહરા મેહલ મધે દાખલ થાઈને માહરા મોહલની નઈઅત ક રીને માહરાં તખત ઉપર શુતો. આ શખુન શાંભલવાથી બખતીઆ રની આંખમાંથી નવધાર આંશુ પડવા લાગાં, અને તે બોલીએો કે એો જેહાનના પાદશાહ, એ વાતથી હું બે ગોનાહ છેઉ. મારી ત કશીર એટલીછે કે મારેથી હંમેથી જીઆદે શરાબ પીવાએેએો, જે ણે મહને પોતાનાં અખતીઆરમાં લીધો, અને તે ઉપરથી હું એવા વીચારથી મેહલ મધે દાખલ થાએેએો કે જાણે માહરી જગા ઉપર જાઈને હું શુતો છેઉં; માંડાં ભાએેગને લીધે શરાબનાં અમલમાં મા

રે હાથે એ શગલુ કાંમ થાએલુછે, અને તેને માંટે હું ઘણોજ દલ
ગીર છેઉં. વજીરે જોઇઉં કે બખતીઆર, એ જુગનીથી છુટી જા
શે; માંટે તેણે પાદશાહને અરજ કીધી કે અએ નામદાર પાદશાહ,
અગરજો તારો હોકમ હોએ તો, મેહરનેગારની નજદીક તે જાએ, અ
ને આ લેદ ભરેલી વાતનો ખોલાશો પુછે. પાદશાહએ વજીરની એ
વાત કબુલ રાખી, અને તે ઉપરથી વજીર મેહરનેગારની પાશે ગ
એએો, અને અરજ કીધી કે અએ જેહાંનને રોશન રાખનારં બાંનું,
તારી ઉપર શું બીના બનીછે, અને કેવી આફત આવી પડીછે તે
નુ મારી આગલ બએઆન કર; કાંકે તે વીશેની પરપુછ, અને ત
પાશ કરવાને પાદશાહએ મને મોકલેલોછે. મેહરનેગારે વજીરને જાહે
ર કીધું કે જે બુરો અંદેશો મારે શારૂ કીધામા આવેછે તેથી હું
બીલકુલ બેગોનાહ છેઉં, અને એ વાતની મને કંશીએ ખબર નથી.
વજીરે કહીઉં કે કેટલીએક વાતને વાશતે કેટલાંએક માંણશો પાદ
શાહ આગલ ગવાહી આપેછે; પણ તેને હું ખરી માનતો નથી; પ
ણ જરે અત્રે પાદશાહનુ દીલ તારી ઉપર રૂહીઉંચ, અને ખફા થા
એલુંછે તારેતો તેને રાજી કરવાનો એલાજ તારે કરવોજ જોઇએ;
અને તે એલાજ એવોછે કે જે શહરા હું તુંને આપું તે પરમાંણે
તારે અમલ કરવો જોઇએ કે જેથી પાદશાહ તારી ઉપરનો ગોશો
બીલકુલ કાડી નાંખશે, અને તારી શાથે મોટી ખુશીથી પાછો વેહવા
ર ચાલુ કરશે. મેહરનેગારે પુછીઉં કે તે બીના શું છે; તારે તેના
જવાબમાં વજીરે તેને કહીઉં કે પાદશાહ તુંને બોલાવીને પુછે તારે કે
જે કે:— " આ ચોર બચાને તુંએ જીવતદાંન બખશીઉં, અને તા
" રી પાશે બેશનારો કીધો, અને "બખતીઆર" નામ આપીઉ, જેથી
" તે પોતાની બદફેલીથી ખીલીએો, અને વારેઘડીએ મહને કેવા
" ડીઉં કે તુંને ઘટારતછે કે મારી શાથે હમબીશતર થાએ. પ
" ણ અગરજો એ વાત હું કબુલ નહી કરૂંતો, બખતીઆરે ધમ
" કી આપી કે પાદશાહને મારી નાંખે, અને દીશની વેલાએ મને
" પકડીને બદફેલી કરે, અને જણાવીઉં કે પછે જોઉ કે તે કાં
" મથી કોંણ તેનો અટકાવ કરવાને શામણે આવેછે. આ વાતથી
" તે ઘણીજ દલગીર હતી, અને વારેઘડીએ પાદશાહ આગલ

" તે કેવાની હીમત પકડતી હતી; પણ ધાશતીને લીધે મુંગીજ રેતી " હતી કે રખેને પાદશાહ તેની ઉપર બદ ગુમાન લાવે. " વજીરે મેહરનેગારને બીજું એવું કહીઉં કે અગરજો તું એવા શખુન પાદ શાહની આગલ બોલશે તો, તારી ઉપરનુ ગુમાન બીલકુલ નીકલી જાશે, અને પાદશાહ બખતીઆરને ગરદન મારશે, જેથી શરવે બીનાં ઢંકાઈ જાશે. મેહરનેગારે જવાબ દીધો કે મારે વાશતે કોઈ જુવાનને ગરદન કાંએ મરાઉં, અને તેની ઉપર જુહુ, અને બીલકુલ ખોટું તોહમત શામાટે જોડી કાહું ? વજીરે જવાબ દીધો કે એને ગરદન મારવો રવાછે; કાંકે એણે ઘણાં વરશ થુધી ચોરીનો ધંધો કરેઓ છે, અને તે અરશામાં ઘણાંએક માંણશોનાં નાહેક ખુન કરેઆંછે; માટે અગરજો કેઆમતને દાહડે એ ખુનને માંટે તુને શવાલ પુછે આમા આવશે તો, તેનો જવાબ દેવાનુ કામ હું મારે માથે લેઉં છે ઉં. આ શખુનો વજીરને મોહડેથી શાંભલીઆ તારે, લાઈલાજને લીધે મેહરનેગારે તેની વાત કબુલ રાખી. એ ઉપરથી વજીરે તેને જ ણાવીઉં કે અવે હું પાદશાહની પાશે જાઉં છેઉં, અને જરે પાદ શાહ તુને બોલાવીને પુછે તારે, જે રવેશે મેં તુને શીખવીઉંચ તે જ રવેશે બરોબર રીતે બોલજે, અને તેમાં કશું ઉલટપાલટ કરવું નહીં. આ બીના મેહરનેગારે કબુલ રાખીઆથી, વજીર તાંહથી ની કલીને પાદશાહની નજદીક જાઈ ઉભો. પાદશાહે તેને પુછીઉં કે વ જીર કાંએ, તું શું કરી આવીએ ? વજીરે જવાબ દીધો કે મેહરને ગારે જે બીના તેની આગલ જાહેર કીધીચ તે મારે મોડેથી તારી આગલ કેવા જોગ નથી; તેમજ તુનેબી ઘટારતછે કે તે શખુનો મા હરે મોડેથી બાહેર કડાવવા નહી; પણ મેહરનેગારને તારી નજદીક બોલાવીને તેનેથી પરપુછ કરવી. એ ઉપરથી પાદશાહએ મેહરનેગા રને બોલાવી, અને તેને પુછેઆથી, વજીરે જેમ તેને શીખવીઉં હ તું તેમ શગલું કહીઉં. એ હેવાલ શાંભલવાથી પાદશાહએ મેહરનેગા રને પોતાની નજદીક બોલાવીને તેની આગલ ઓનરખાહી કરવા લાગો, અને બોલીઓ કે એ તમામ તકશીર મારેથીજ થાએલીછે કે એ નાપા ક ચોરને હું મારી નજદીકીમાં લાવીઓ, જેથી આજે એવી બદ દી આનત જાહેર થાઈ. આ તપાશ કરતામાં દીવશ અશટ પામવા લા

ગા, જેથી પાદશાહએ હોકમ કીધો કે બખતીઆરને મજબુત બેડી શાથે કેદ કરે, અને જેહવારે વખત પોંહચે, ઈઆને શહવાર પડે તા રે, તેને ઝાહવારીથી મારી નાંખે કે જેથી શેહરનાં શગલા લોકોને નશીહતનો ઢડો મલે. એ પછે પાદશાહનાં વજીરો કચેરી મધેથી પો તાને ઘેર જાવાને નીકલીઆ, અને રશતા મધે મનશુબો કીધો કે એવી કોઈ તજવીજ કરવી જોઈએ કે જેથી પાદશાહ બખતીઆર ને મજબુત ઈજા આપીને મારી નાંખે.

બાબ બીજો.

પાદશાહની ગફલતીથી મારેઆ ગએલા

શોદાગર.

બીજે દીને શહવાર પડી, અને તે વેલાએ કચેરી બેઠા પછે, પાદશાહનો બીજો વજીર તેની નજદીક જઈ ઉભો, અને પાદશા હને શેજદો કરીને બોલીઓ કે ઓ જેહાનના પાદશાહ, તુંને ઘટા રતછે કે અવે વધારે વખત શુધી બખતીઆરને બંદીખાંનામા રાખ વો નહી, પણ તેનુ માંથું ધડથી છુટું પાડવાનાં કામમા તારી ત લવારને જલદીથી કામે લગાડવી જોઈએ. એ ઉપરથી પાદશાહએ હોકમ કીધોકે બખતીઆરને હાજર કરે. ખેદમતગારોએ બખતીઆ રને લાવીને પાદશાહની નજદીક ઉભો કીધો, અને તેને જોતાંજ પા દશાહએ જલાદને હોકમ કીધો કે બખતીઆરે જેહવી રીતે બીજ વાવીઆંછે તેવીજ રીતે તેની ઉંમરના જાહડને જડબેખથી ઉખડી નાંખે કે જેથી શેહર માંહેલા ફેશાદીઆ લોકોને નશીહત પકડવાને બની આવે. બખતીઆરે પાદશાહને શેજદો કરી જણાવીઉ કે શા હેબ, જે જગા ઉપર હાલ તે ઉભેલોછે તે જગાએ તેનો જીવ ફના થાવાનો વખત અવે નજદીક પોંહચેલોછે; પણ દીન જાહેર કરનાર

પેગમબરનો તાકીદનો હોકમછે કે જે કોઈ શખશ ઉપર ખોટું તોહ મત ઉઠાવીઆમાં આવીઊં હોએ તે શખશ જો પોતાનાં નીરઅપરા ધીપણા વીશે ખોલાશો નહી કરેતો ગોએઆ તેની ઉપર મેલેલાં તો હમતમા પોતાનેજ હાથે પોતે શામેલ થાવા શરખુંછે, ઈઆને પોતા નેજ હાથે પોતાનો જીવ ખોહવા જેવુંછે; માટે હું ખરેખરો નીર અપરાધી છેઊં, અને મારો હાલ પેલો શોદાગર કે જેણે પોતાનેજ હાથે પોતાની દોલત ખોહી, અને તે શાથે બખતબી તેનેથી વેગલું થાઈઊં, અને પાછલથી તેણે ઘણીબી કોશેશ કીધી; પણ તેમા તે શોદાગર નામોરાદ થાઈને બેઠો. પાદશાહુએ બખતીઆરને પુછીઊ કે શોદાગર કોણ હતો, અને તેની ઉપર શું અને કેવી નશીબત ગુજરીછે તેનો ખોલાશો કરવો. એ ઉપરથી બખતીઆરે પાદશાહને મોટી નમનતાઈ શાથે જણાવીઊં કે:—

બશરા શેહરની અંદર મલેકશાહ નામનો એક શોદાગર રેહ તો હતો, જે શગલી પાંતીએ શુખી હાલતમાં હતો; પણ આશમા નની ગીરદશતથી એવો બનાવ બનીઓ કે તેની દોલતનાં મોટા ભાગને નુકશાન થાઈ ગએઊં; કાંકે જે જે મુલકો ખાતે વાંહાંણો ભ રીને માલ મોકલાવીએાં હતો તે વાંહાંણોને હાંણી પુગી, અને તે પછેબી શોદાગર જે કાંઈ ધંધો કરતો હતો તેમા તેને નુકશાંન શી વાએ બીજું કાંઈજ હાંશલ થાતુ નહી હતું. એતેફાક એવો બની ઓ કે એક વરશે અનાજનો ભાવ તે શેહરમાં ઘણો વધી ગએેઓ, અને તે ઉપરથી શોદાગરે એવો વીચાર કરેઓ કે બીજા ધંધામાં તેને નુકશાન થાએઆ કરેછે; માંટે અવે બાકી રહેલી દોલતને અના જની ખરીદીમાં રોકું કે આવતે વરશે વલી આ વરશનાં કરતાંને બી અનાજની માંહ્યધારી ચાલશે, જેથી તેને બે પઈશા મલશે. આ ઈરાદા ઉપરથી શોદાગરે પોતાની બાકી રહેલી દોલતનો તમામ અનાજ ખરીદ કીધો, અને ઢગલાના ઢગલાથી ઘેરો ભરી મેલીને બી જાં વરશ શુધી તેની તકેદારી રાખી. શારા શંજોગે બીજે વરશ શા રો વરશાદ પડેઆથી અનાજનો પાક ઠીક ઉતરેઓ, જેથી આગલાં વર શનાં કરતાંને અનાજનો અતીઘણો શશતો થાએઓ ! શોદાગરે વ લી વીચારીઊ કે આ વરશે અનાજ ઘણોજ શશતો થાએઓછે તો,

આવતે વરશે ખચીત માંઘો થાવો જોઇએ; કાંકે જે વરશે અનાજનો ભાવ અતીઘણોજ ઉતરી જાએ તેને બીજે વરશે તેનો ભાવ અતીઘણો માંઘો થાએ, એવો કુદરતી કાએદોછે, અને અગરજો એક વરશ વધારે તે અનાજની માહવજાત કરશેતો, અલબતે તેનો બદલો તેને મલી આવશે. એ ઉમેદ ઉપરથી શોદાગર વલી બીજાં એક વરશ શુધી તે અનાજના ઢગલાઓ પાછલ ખરાબ થાએઓ.

કેહવતછે કે જે શખશનો વખત પુરો થાએઓ હોએ, અને તે વેલાએ ને પુરશ ગમે એવાબી ઉપાએ લીએતો, તેના બેહુવા વખતને લીધે તેના તે ફલદરૂપ નહીજ થાએ, તેવો હાલ આ બેચારા શોદાગરનો થાએઓ, અને તરીજે વરશે વરશાદે એટલીતો મજબુત હેલી કીધી કે તેના જોરથી લોકોની મોટી ઈમારતો વીગરે મજબુત ઘેરો તુટી પડેઆં, અને શેહરની તમામ ઈમારતો પાંણીથી તરબોર થાઈ ગેઇ, જેથી પેલા શોદાગરે જે ઘેરોમાં અનાજના ઢગલા કીધા હતા તે વરશાદના પાંણીથી ભીંજવાઈ ગએઆ, અને તેથી કરીને તેની અંદરથી બદબો નીકલવા લાગી, અને આશપાશના રેહવાશીઓ તે બદબોથી બેજર થાએઆને લીધે, શરકારે તે અનાજ શેહરની બા હેર નખાવી દેવાને શોદાગરને તાકીદનો હોકમ કીધો, જેથી શોદાગ રને શાંમણો ખરચ કરીને તે અનાજ શેહરની બાહેર મે કલવ ની ફરજ પડી, જેથી તે બેચારો દોલત ખોઇને શાંમણો કરજદાર થા ઇ પડેઓ !

શોદાગરે વીચાર કીધોકે આ શેહરમાં રેહવાથી દાહડો તેને ઈઆરી કરતો નથી, અને શગલી પાંતીએ નુકશાનજ થાએછે; માટે શેહર છોડીને શકર જાઉંતો, અલબતે તેમા ફાએદો થાઇ શકશે. એ વા વીચાર ઉપરથી શોદાગર માતરે પોતાને રેહવાનુ ઘેર ધરાવતો હ તો તે ઘેર વેચી નાખીને તેના રૂપીઆ મધેથી અવેજ લેઇને, બીજા કેટલાએક શોદાગરોની શાથે, એક વાંહાંણુ ઉપર શવાર થએઓ. વાં હાંણુ ઉપડીઆ પછે તરીજે દીવશે શમુદર મધે તોફાંન થાઇઉં, અ ને તરણ દીવશ લગે વાદલ અને તોફાંનનો જોર એટલોતો ચાલીઓ કે જેથી દીવશની રોશની ઢંકાઇ ગેઇ. અંતે તે વાંહાંણુ ભાગું, અને ઘણાંએક માંણુશો દુબી મુવાં; કેટલાંએક માંણુશો, જેઓના હા

થમાં કાઈ આધાર આવેએા તેએા તરીને શમુદ્દર મધેથી કીનારે ગ એઆં• એન પરમાણે પેલા શોદાગરના હાથમાં એક પાટીઉં આવી આથી, તે પણ તરીને કીનારે ગએેએા; પણ તે કીનારો જંગલનો હતો; માટે ઘણો ચાલેઆ પછે એક માણુશ તેને મલીઉં• શોદાગરે તે માણશને પુછીઉં કે અતરે વશતી કાંહ મલશે કે તે ભુખો પેઆ શોછે માટે આશરો મલે• પેલા માણુશે તેને આગલ જાવાને કહી ઉં કે તાંહ એક આબાદી ભરેલું ગાંમછે• એ ઉપરથી શોદાગર આ ગલ ચાલીએા, અને જોઈઉંતો આબાદી ભરેલું એક ગાંમ આવીઉં• આ ગાંમનો માલેક એક "દેહકાંની" હતો, જે માલ, અને ખજાણો ઘણો ધરાવતો હતો• આ "દેહકાંની" પોતાની ગેઆલરી ઉપર બે ઠેલો હતો, અને તે વેલાએ શોદાગર તેની નજદીક ગએેએા, અને તેને નમનતાઈથી અરજ કરીને આશરો માંગેએા, અને જણાવીઉં કે તે વાખાનો મારેલો એક પુરશછે• એ ઉપરથી દેહકાંનીએ તેની ઉ પર વાખો શીરવેશથી પડેએા તેની પરપુછ કીધી, અને તે ખુલાશો શાંભલવાથી શોદાગરના હાલ ઉપર તેને દએેઆ આવી• દેહકાનીએ તેને જણાવીઉં કે અગરજો તું તેના ગાંમની મેહશુલ વશુલ કરવા નું કામ માથે લીએે, અને અનાજના પાકની ઉપર તકેદારી રાખેતો, અનાજની જેટલી પેદાશ થાએે તેની અંદરથી તુંને અરધો ભાગ આ પશ• શોદાગરે એ વાત કબુલ રાખી, અને દેહકાનીને ઘેર રહેએા• એક વરશ શુધી શોદાગરે જે શારી મેહનત કીધી હતી તેનો બદલો પરવરદેગારે તેને શારીપઠે આપેએા, અને દેહકાનીના ગાંમ મધે દર વરશના રાબેતા કરતાને પુશકલ અનાજ પાકો• શોદાગરે વીચાર ક રેએા કે ગાંમનો માલેક દેહકાંનીછે, અને તેટલા માટે તે પોતાની બો લી પરમાણે કદાચ અનાજનો અરધો ભાગ તેને નહી આપશે; માટે કેટલોએક અનાજ તેણે એક ઠેકાંણે છુપાવીએા, અને વીચાર કરેએા કે અગરજો દેહકાંની પાંધરો ઉતરીને તેને અરધો ભાગ આપશેતો, પછે એ અનાજ પણ તેને શવાધીન કરવો• શગલો હીશાબ નકી થ એઆ પછે, દેહકાંનીએે અનાજની વેંહચણી કીધી, અને અરધો ભા ગ પેલા શોદાગરને આપેએા• શોદાગરે તે ભાગ લેઈને દેહકાંનીને જ ણાવીઉં કે શાહેબ, તમારી ઉપર તેને વીશવાશ નહી હતો કે તમો મ

ને તમારી બોલી પ્રમાણે અરધો ભાગ આપશો, અને તે અવીશવા શ ઉપરથી કેટલોએક અનાજ મેં શંતાડેલોછે કે જો તમો મને એ છો ભાગ આપોતો તે શંતાડેલો અનાજ હું જ રાખું, અને બરો બર ભાગ આપોતો, તે અનાજને લાવીને પાછો રાશમા આપવો; પણ જરે તમોએ મને બરોબરજ ભાગ આપેઓ તારેતો, અવે ને અનાજ રાશમાંજ નાખવો જોઇએ; એટલું કહીને તે અનાજ લેવા ને શોદાગર જંગલ મધે ગએઓ. એતેફાક એવો બનીઓ કે જ દીને રાતના આ અનાજ શોદાગરે જંગલ મધે શંતાડીઓ તેજ રા તના તે જંગલ મધે ચોરો છુપાએલા હતા, તેઓએ શોદાગરના ગએઆ પછે તે અનાજ ચોરીઓ હતો; માટે શોદાગરને ફીકે મોહ ડે પોતાના શેઠ દેહકાની આગલ જવું પડીઉ. દેહકાંની શોદાગ ની દેઆનતદારીને માટે તેની ઉપર ગોશે થાએઓ, અને તેને આ પેલો અનાજનો હીશશો તેની પાશેથી છીણવી લેઇને તેને ગામની બાહેર કાડી મેલાવીઓ. આ બનાવથી શોદાગર પાછો નાશીપા શ થાએઓ, અને મોટી દલગીરી શાથે ચાલતો ચાલતો શમુદર કી નારે જાઇ બેઠો.

એતેફાક એવો બનીઓ કે તે શમુદર કીનારા આગલ મોતી કાહડનારા છ "તારા" જાઇ પુગા, અને તેઓએ શોદાગરને ગમ ગીન થાએલો જોઇને ખબર પુછી. શોદાગરે પોતાનો તમામ હે વાલ જણાવીઆથી "તારાઓ" ને દએઆ આવી, અને તે ઉપર થી તેઓએ દેડાવ કરેઓ કે આપણ છહે જણા શમુદરમા જાઇએ, અને જળી મલે તે લાવીને શોદાગરને આપીએ, પછી એના ભાએ ગથી જે મલે તે ખરૂં. આ વીચાર ઉપરથી છહે તારાઓ શમુદરમાં ગએઆ, અને ઘણીજ ઉનચી કીમતના મોતીના છ દાના તેઓના હાથમાં આવીઆ. આ દાંના જોવાથી તારાઓ બહુ ખુશી થાએઆ, અને વીચારીઉ કે શોદાગરની ગએલી દોલત અવે એને પાછી મલી. તારાઓ તે મોતી શોદાગરને આપીને તાંહથી ચાલી ગએઆ. શો દાગર મોતી લેઇને તાંહથી ચાલતો થાએઓ, અને રશતામાં વીચાર કરેઓ કે શગલાં મોતી જો શાથે રાખશતો, ચોર મલીઆથી બધાં જતા રેહશે માટે બે ભાગમાં છુટાં રાખુ કે તરણ જએતો તરણ બે

ચી શકે. આ વીચારથી તરણુ દાંના શોદાગરે એક કપડાં મધે બાં ધીઆ, અને બીજા તરણુ દાંના પોતાના મોહડાં મધે છુપાવી રાખે આ. રશતામાં ચોર લોકોની એક ટોલકી તેને મલી, અને શોદાગ રની શાથે ચાલવા લાગી. ખાતી વેલાએ મુતરવાને બાંહુને જાઈ ને શોદાગર મોતી મોડાંમાંથી કાડીને શાંતતો હતો, અને ખાઇ રહે આ પછે પાછાં મોડાં મધે મેલતો હતો. બે દીવશની મંજલ શુ ધી શોદાગરે પેલા ચોર લોકોનીજ શાથે તેઓની રોટલી ખાધી; કાં કે તેની પાશે કશીએ ખોરાક નહી હતો, અને તે ઉપરથી ચોરો એવું શાહમજીઆ હતાં કે એ કોઈ ગરીબ પુરશછે, અને એની પા શે કશીએ વત નહી હશે; માટે એને અમશથકો હેરાંન કરવો ન હી; પણ માઠાં ભાએગે રશતે ચાલતાં શોદાગરે પેલા ચોરોની આગ લ વાત કરવા માંડી, જેથી તેના મોહડાં મધેના મોતીનો એક દાં નો બાહેર નીકલી પડેઓ. એ ઉપરથી ચોરોની નજર ઊંઘડી, અને શોદાગરને પકડીને તેનાં પાંશલાં દાબીઆં, જેથી તેનાં મોડાં મધેના બીજાં બે મોતી બાહેર નીકલી પડેઆં. ચોર લોકોએ વી ચારીઊં કે શોદાગરે મોતી મોડાં મધે રાખીઆં હતાં તારે અવે એ ના આંગ ઉપર બીજુ કશું નહી હશે, એવા ભરોશાથી તેઓ તેને પડતો મેલીને આરકતરે મારગે નોકલી ગએઆ. શોદાગર તાંહથી એક શેહર તરફ ચાલી ગીએો, અને તાંહ રાતવાશો રહેઆ પછે, બીજ દીને પેલાં મોતી વેચવાને બજાર મધે ગએએો. બજાર મધે એણીગમથી પેલીગેમ ફરવા લાગેા, અને મોતી વેચનારાઓ તરફ ધારવીને જોવા લાગેા. એક જાણુના દેખાવ ઉપરથી તેને ભલેા આ દમી ધારેઓ, અને તે ઉપરથી તેની દુકાન ઉપર જાઈ બેઠેા. પોતા ની પાશેના મોતી કાડીને તેના હાથ ઉપર મેલીઆં, અને બોલીઓ કે ભાઈ એ મોતીની કીમત શું છે તે તમોએ આંકવી. મોતી જો તાંજ પેલા વેપારીની નજર ફરી ગેઈ; કાંકે તે મોતી ખરેખર પાદ શાહઓને લાએક હતાં. એ ઉપરથી મોતીના વેપારીએ શોદાગ રની ઉપર તોહમત ઉઠાવીઊં કે એ મોતી તેની દુકાંન મધેથી ચો રાએલાંછે, અને તે કાંહથી વેચાતાં લાવીઓ તેની શાબેતી આપની. તે વેપારીએ શરકારના શીપાહી પાશે શોદાગરને પકડાવીઓ, અને

લોકોએ વેપારીની વાતને ખરીજ માની, કાંકે તે વેપારીની આંટ, અને આબરૂ શારી હતી. પાદશાહની કચેરી મધે જારે શોદાગરને લેઇ ગએઆ તારે, તાંહ પરપુછ કીધી, અને તે મોતી શોદાગર કાં હથી લાવીએા તેની શાબેતી માંગી. આ બાબતમાં શોદાગરે જે ખોલાશો કીધો હતો તે ઉપર પાદશાહએ ભરોશો નહી આણેએા, અને શોદાગરને ચોર ઠેડવીને તેને તુરંગ મધે કેદ કરેએા. આ વાતને કાંઇએક મુદત ગુજરી ગેઇ, અને તે પછે એવો મામલો બને એા કે મોતી કાડનારા પેલા તારાએા તે શેહર તરફ જાઇ પુગા, અ ને શેહરની વશતી જોવા માટે શગલી જગાએ ફરવા લાગા. એ ક દીવશે, બંદીવાનોમા ખેરાત કરવાને માટે તેએા તાંહની તુરંગ જોવાને ગએઆ, અને તાંહ પેલા શોદાગરને બેરી શુધાં જોએેએા, જે ઉપરથી તેએાએ તેની આગલ જાઇને પરપુછ કીધી, અને તે ઉ પરથી શોદાગરે બધી બીનાથી તેએાને વાકેફ કીધા. આ ઉપરથી પેલા તારાએા શેહરના પાદશાહની આગલ ફરીઆદ ગએેઆ, અને શોદાગરને તેએાએે મોતી આપેઆં હતાં તે બીશેની ગવાહી આપી. શોદાગરે પરથમ એ ખોલાશો પાદશાહ આગલ કરેએા હતો, અને પેલા મોતી કાહડનારાએાનો ખોલાશો પણ તેને મલતોજ આવીઆ થી, પાદશાહએ શોદાગરને બેડી મધેથી છુટો કરેએા, અને પેલા મોતીના વેપારીએે તેની ઉપર જુઠું તોહમત ઉઠાવીઉં હતું માટે તેની પાશેથી મોતી તથા તેનો કુલે અશબાવ લેઇ મેલીને શોદાગરને હવાલે કરેએા, અને શેહરના લોકોમા ઢંઢેરો ફેરવીને તે વેપારીને ગરદન મરાવીએા, અને લોકોને જણાવીઉં કે બાહેરથી આવેલા પરદેશી ઉપર જેએા જુલમ કરે તેએાના હાવા બુરા હાલ કીધામા આવશે. એ પછે પાદશાહએે શોદાગરને શારો પોશાગ પેહરાવીને પોતાનો ખજાનચી બનાવીએા, અને વીચારીઉં કે એ શખશ પાદશાહ એાની ખીદમતને લાએકછે. એ ઉપરથી પાદશાહના વજીરને અ દેખાઇ પેદા થાઇ, અને તે શોદાગરની ઉપર બલવા લાગો. શોદા ગર ખજાણાને ઘણીજ શારી રીતથી રાખવા લાગો, જેથી તેમા વ ધારો થાતો ગીએા. તીજોરીની પડોશમાંજ પાદશાહની દીકરીનો મેહલ હતો, અને ઊંદરોએે તેની દેવાર મધે એક છેદ પાડેએા હતો,

જ્યથી પેલી છોકરીના મેહલ મધેનો દેખાવ માલમ પડતો હતો. એ ક દીવશે એક પેટીની અંદર ખજાણો ભરીને તે પેટીનુ મોહડું બંધ કરવાના કામમા શોદાગર ગુતો હતો, અને તે કામ કરતાં તે ની નજર દેવાર માંહેલા પેલા છેદની ઉપર પડી. એ ઉપરથી તે ઘભરાએએા, અને પેટીને લગતું કામ પડતું મેલીને મટોડીનો ગા ર બનાવીને પેલો દેવાર મધેનો છેદ બંધ કરવાના કામમા વલગી ઓ. શોદાગાર જારે દેવારનો છેદ બંધ કરતો હતો તારે, પાદશા હનો પેલો અદેખો વજીર ખજાણાની તીજોરી આગલ જઈ પુગો, અને શોદાગરને મટોડી હાથમાં લેઈ છેદ પુરવાનુ કામ કરતો જો તાંજ, તુરત પાદશાહના મેહલ તરફ દોડીએો, અને વીચારીઉં કે અવે આ જોગવાઈ ઘણીજ શારી બેઠીછે. તેણે પાદશાહને જણાવીઉં કે એક બેગાનો, અને ભટકતો પુરશ, જેને પાદશાહએ ચહડતી પદ વી ઉપર બેશાડીએાછે તે કામ પાદશાહને હાથે શારૂં, અને શોહ ભા ભરીઉં થાઈઉં નથી; કાંકે અવડાં જે દેખાવ તે પોતાની નજ રે જોઈ આવીએાચ તે દેખાવને લગતું કાંમ પાદશાઈ કુટમબને માટે ઘણુજ નઠારૂંછે, અને તેનુ બએઆન મારી જુબાનથી પાદશા હની આગલ થાઈ શકે નહી; પણ અગરજો પાદશાહ મ રી શાથે ખજાણાનીં તીજોરીમાં આવે તો, માહરૂં શાંભલવાના કરતાંને પો તાની નજરે જોએલુ તેને ઘણુંજ વાજબી લાગશે. એ ઉપરથી પાદશાહ તેની શાથે ખજાણાની તીજોરીમાં ગએએા, અને તે વેલા એ પેલો શોદાગર પેલી દેવારના છેદની અંદર મટોડીનો ગાર પુ રી રહીને તે ઉપર ચુનો ફેરવીને દેવારને શાફ બનાવતો હતો. એટલોજ માતરે દેખાવ પાદશાહની નજર પાડીને વજીર તેને તાંહથી પાછો લેઈ ગએએા, અને જણાવીઉં કે મેં એવી અફવા શાંભલી હતી કે તારો ખજાણાચી દેવાર મધે છેદ પાડીને તારી દીકરી શં ગાથે છુપા શંધેશા ચલાવેછે; અને કાંમ પુરૂં થાએથી છેદ પાછો પુરેછે; પણ તે અફવાને હુંએ ખરી માની નહી હતી; તોપણ જારે તે અફવા વધારે ઓડેથી શાંભલી તારે, હું આજે તે વીશેની તપા શ મારી જાતે કરવા માટે ગુપચુપ તીજોરી પાશે ગએએા. આ વેલાએ ખજાણચીને છેદની ઉપર મોહડું રાખીને તારી છોકરીના

ઘેર મધે કોઈની શંગાથે વાત કરતો જારે મેં મારી નજરે જોએ ઓા તારે, તુરતજ કાંઈબી બીજું કરેઆ વગર તારી પાશે આવી ઓા કે એ દેખાવ હું તુંને તારી નજરે દેખાડું; પણ જારે તુને લાવીઓા તારે તેં આટલું તો નજરે જોઈઊં કે દેવાર મધે છેદ પાડેલોછે. આ ઉપરથી પાદશાહએ એ વાતને ખરીજ માની, અને શોદાગરને બંદીખાંને નખાવીઓા, અને તે પછે તેની આંખના દો લા કાહડાવીને તેને રીબાવીને મારી નખાવીઓા. એ પછે પાદશાહ પોાતાની દીકરીના મેહલ મધે ગએઓા; પણ તાંહાં દીકરીને દીઠી નહી, અને પરપુછ કરતાં માલમ પડીઊં કે છોકરી તો બે માશ થાએઆ પોાતાના બાગમા જાઈને રહેલીછે, અને તાંહથી ગએઆ ચાર દીવશ થાએઆ એક ગાંમ ગઈછે, અને તેના ઘેરમાં કોઈ પ ણ માંણશ નહી હતું. આ બાબે ઘણી શારી રીતથી પરપુછ, અને તપાશ કીધા ઉપરથી પાદશાહની પુરીજ ખાતરી થઈ કે આ બાબતમા બજીરે ફીતુર લગાડીઆં હતાં, અને શોદાગરને ચહડતી પદવીએ ચડેલો તે જાઈ નહી શકેઓા, અને તેની હશદને લીધે તેનો પરાંણ લેવાડીઓા. એ ઉપરથી પાદશાહને વજીરની ઉપર બહુજ કેહર આવીઓા, જેથી વજીરનેબી ગરદન મારેઓા; પણ વગ ર પરપુછ કરવે, વજીરના બોલવા ઉપર ભરોશો રાખીને શોદાગર ને મારી નાખિઆથી, પાદશાહને શોદાગર વીશે જેમજેમ શારી વા તો પાછલથી માલમ પડતી ગેઈ તેમ તેમ તે દલગીર, અને પશે માન થાતો ગએઓા, અને તેથી પાદશાહને મોટો અફશોશ પેદા થાએઓા.

અવે બખબીઆર પાદશાહને કેહછે કે અગરજો પાદશાહએ વજીરના કેવા પછે એ બાબે લાબબી નજર દોડાવીને જરૂર જોગ, અને ઘટતી તપાશ, અને પરપુછ કીધી હતેતો, બેચારો નીરદોશ શોદાગર વગર કારણે મારેઓા નહી જાતે, અને પાદશાહને પાછલ થી પશતાવો કરવો નહી પડતે; માટે ઓા દુનીઆની દાદને પોહચ્યનારા પાદશાહ, મને મારવામા પણ જો તું ઉતાવલ ન હી કરશે, અને ધીરજથી તપાશ કરશે તો, બાક પરવરદેગારની મેહરબાનીથી માહરૂં બેગોનાહપણું તુંને જાહેર થાશે, જેથી પાછ

લથી તું ને ઉપલા પાદશાહની પઠે પશતાવો નહી કરવો પડશે. એ પછે દીવશ પુરો થાએઆથી પાદશાહના હોકમથી બખતીઆરને બંદીખાને લેઈ ગએઆ.

બાબ તરીજો.

બાએડી મેલવવાની ઊતાવલ કરતાં આંખ ખોહનાર, અને બેશબરપણાથી રાજ ખોહી હેરાન થાનારો પુરશ.

જેહવારે તરીજો દીવશ તલુ થાએએો તેહવારે કચેરી બેઠા પછે, પાદશાહનો તરીજો વજીર પાદશાહ આજાદબખતની આગલ ગએએો, અને પાદશાહને શેજદો કરીને અરજ કીધી કે જેહાંનના પાદશાહની ઉમરદરાજ હોજો. હું બીહું છેઊં કે અગરજો બખતીઆરને લગતી ખબર દુનીઆ માંહેલા બીજા પાદશાહુએાની દર બારમા પોહચશે તો તેએો આપણે માટે ખરાબ વીચાર કરશે; તેમ જ અગરજો એ વાત દુનીઆના લોકોના કાન ઉપર જાશે તો, આપણને બુરું બોલશે; માટે બખતીઆરને ઘણા વખત શુધી બંદીખાંનામા જીવતો રાખવો જોઈતો નથી. એ ઉપરથી પાદશાહુએ બખતીઆરને બોલાવવાનો હોકમ કીધો, અને તે પરમાણે તેને તુરંગ મધેથી કાડીને પાદશાહની નજદીક લાવીઆ. પાદશાહુએ જલાદને હોકમ કીધાથી, તેણે બખતીઆરને મારવા શારૂ તેની આંખે પાટા બાંધવાની તઈઆરી કીધી. બખતીઆરે જલાદને કહી ઊં કે જરા શબર કર, અને તે પછે બોલીએા કે પાદશાહએ તેને બંદીખાંનુ બખશીઊં છે તો તેની કેશીએ ચીંતા નથી. શગલી જ ગાએ ધારોજ કે અગરજો કોઈ શખશ ઉપર હરેક પરકારના વાંકનો શોધે ગએએો હોએ તો, જાંહ શુધી તેના અપરાધને વાશતે પ

રપુછ, અને તપાશ કીધામા આવે તાંશુધી તેને કેદમા રાખે,અને તેવી તપાશ ઉપરથી તેની ઉપરનો શંધે દુર થાએ તો,પછે તેની ઉપર મેલેલા અપરાધ મધેથી તેને મોકલો કરીને છોડી મેલે,પણ અગરજો તેની ઉપર અપરાધ શાબેત થાએ તો,પછે તેને ઘટતી શજાએ પોહચાડે; માટે પાદશાહને પણ ઘટારતછે કે મારા વીશે પણ ઘટતી પરપુછ,અને તપારા કરવી,અને મારી ઉપર મેલેલો ગુનાહ ખરોછે કે નહી,તે બાબે ઘટતી રીતે તલાશ, અને ચોકશી કરવી, જેથી મારૂં બેગુનાહપણું આશકારા થાએ. પણ અગરજો પાદશાહ વગર તપાશે કોઈની ઉશકેરણીને આધીન થાઈને મહને બેગુનાહ મારીજ નાખશે તો, પાછલથી જારે મારૂં બેગુનાહપણુ જાહેર થાશે તારે, "હલબ" ના પાદશાહના બેટાએ બેશબરીથી પોતાનો મુલક ખોહેઓ, અને તેનીથી તે નાચીજ, અને બેચારો થાએઓ, અને તેના દુશમેનો પોતાની મોરાદે પોહચેઆ, તેમજ ઓ જેહાંનના પાદશાહ, પાછલથી તુનેબી પશતાવો ખેંચવો પડે, એવું કામ હરગેજ થાઈને નાકરતો, અને મારી બાબતમા પકી અને શારી રીતે પરપુછ, અને તપાશ કરજે. પાદશાહએ પુછીઉં કે ઓ બખતીઆર, "હલબ" ના પાદશાહના બેટાનો એહવાલ શું છે, અને તેણે બેશબરી શું કીધી તેનેથી તું મને વાકેફ કર. બખતીખારે પાદશાહને જણાવીઉં કેઃ—

પાદશાહની ઉંમરદરાજ હોજો, અને શબુરીથી શપુરંણ રેહજો. "હલબ" નામે એક શેહર મધે એક પાદશાહ રેહતો હતો. આ પાદશાહ અદલ ઈનશાફનો ખાવંદ હતો, અને તે પોતાની રઈઅતને દુખી નહી, પણ શુખી, અને ખુશી ભરેલી હાલતમાં રેહલી જોવાને ઘણી ચાહ રાખતો હતો, અને રઈઅતની પાશેથી કશી પણ ચીજ બેકાએદે લેતો નહી હતો. આ પાદશાહને તાંહ એક બેટો હતો, અને તેનુ નામ "બેહેજાદ" કરીને હતું. "બેહેજાદ" ને તેના બાપે ઘણી શારી કેલનણી આપી હતી; અદબ, હેકમત, હુનર, અને મરદાંનગીની અછી તાલીમ આપેલી હતી; પણ તે બેશબરી ઘણીજ ધરાવતો હતો, અને હરેક કામની વેલાએ એટલીતો ઉતાવલ કરતો હતો કે પછે તે કામ બીગડીજાએ તોપણ જરા ધીરજ, અ

ને શબુરી પકડતો નહી હતો. કોઈ આદમી ગમે એવીબી વાત ક રે તો તે ઉપર અંમલ કરવાને જહડપથી તઈઆર થાતો હતો. એ ક દીવશે તે પોતાના મીતરો શાથે બેઠેલો હતો,અને તે વેલાએ તેના એક મીતરે નજરે જોએલી, અને કાંને શાંભલેલી કેટલીએક અજા એબી ભરેલી વાતો કરવા માંડી, તે ઉપર ઘણું જ શારૂં ચીત લગા ડીને બેહુજાદ શાંભલતો હતો. આ વેલાએ તેના એક બીજા મીત રે જણાવીઉં કે હરેક વાત અમશથકી કાને શાંભલીએ, તેના કરતાં ને નજરે જોઈ હાએતો શારી. આશરે બે વરશની વાત ઉપર હું એ કેટલોએક બેકીમતી માલ ખરીદ કરેઓ હતો, અને તે માલને ઉંઠો બીગરે ઉપર લાધીને શોદ્દો કરવા માંટે મુશાફરી જાતો હતો. જારે તે એક નુલકની, નજદીક પોહોચીઓ તારે, એકાએક કેટલાએ ક ચોરો તેની મતા ઉપર ટુટી પડેઆ,અને તેઓ તેની કીમતી મતા લુટી લેઈ ગએઆ. આ વેલાએ તે લાચાર થાએઓ,અને મુંગે મોં હડે તાંહથી ચાલવા માંડીઉં. ચાલતાં ચાલતાં જારે રાત પડી તારે, તેણે વીચારીઉં કે આ બીઆબાન જંગલ મધે જમીન ઉપર વાશો કરવો હીક નથી. જન જનાવરની દેહશતને લીધે કોઈ જાહડની ઉ પર બેશી રાત કાડવાનો તેણે વીચાર કીધો, અને તે ઉપરથી તે જા હડો તરફ નેગાહ કરવા લાગો. એ વેલાએ તેની નજર એક જા હડની તરફ ગેઈ, જે ઉનચાઈએ આશમાનની બુલંદી શુધી લાગેલું હતું, અને તેટલા માટે તે જાહડની ઉપર તે ચહડીને તેની એક ડા હલ ઉપર બેઠો. મોટી રાત ગેઈ તારે, તે જંગલના એક ખુણાં મધેથી રોશની દીપવા લાગી, અને જરા વખતમાં અશતરીઓનુ એ ક ટોલું ખુશી ભરેલી રીતે ગજલ ગાતું તાંહથી પશાર થાઈઉં. એ પછે વલી કેટલીએક શોહલીઓની એક બીજી ટોલી તાંહ આવી. આ અશતરીઓના હાથમાં જડાવદાર ટબકો હતી, અને તેઓ ઘ ણી ઉમદા ખુશબો બાલતાં હતાં, જેથી તે જંગલ ખુશબોદાર થા ઈ પડીઉં હતું. આ શોહલીઓની ટોલીઓ તાંહથી પશાર થા એઆ પછે એક અંબારી દેખાઈ, જેના પરદા ઢાંકેલા હતા, અને તેની શાથે માહરોએની બાંડીઓ, હાથમાં અંબરની બલતી બતીઓ લેઈને ચાલતી હતી. તે અંમબારીની આગલ તથા પાછલ ગાના

રી તથા વજંતર વજાડનારી, અને નાચ કરનારી અશતરીઓના બે ટોલાં ચાલતાં હતાં. આ અશતરીઓ મધેથી કેટલીએક અશતરી નાચતી હતી, કેટલીએક વજંતર વજાડતી હતી, અને શગલીઓ ખુશ આવાજથી શુંદર ગાએણુ કરતી હતી. પેલી અંભબારીની અંદર જે અશતરી બેઠેલી હતી તે એવીતો ખુબશુરત હતી કે તેના શ વરૂપની વખાણ થાઈજ નહી શકે. તેના ગાલ મોમબતીના કર તાંનેબી વધારે રોશન હતા, જેથી તે અશતરીને જોઈને તે ઘણોજ બે કરાર થાઈ પડેઓ હતો.

"બેહેજાદ" ના ઉપલા મીતરે આ અશતરીની વખાંણુ ગાઈ, અને તેના શવરૂપની આવી રવેશથી તારીફ કીધી તારે "બેહેજાદ" તેની ઉપર મોહીત, અને આશક થાઈ પડેઓ. "બેહેજાદ", તે અ શતરી ઉપર એટલોતો મોહીત થાએઓ કે તેને જોવા શારૂ તે બેક રાર થાઈને દેવાનો બની ગએઓ. "બેહેજાદ" ના મીતરે એ પ છે જણાવીઉંકે તે વેલાએ તે પેલાં જાંહડ ઉપરથી નીચે ઉતરેઓ ન હી હતો; કાંકે તેને જંગલી જાનવરો વીશે ઘણી ધાશતી રહી હતી. જારે શહવાર પડી, અને આફતાબ તલુ થાએઓ તારે, "ર મ" શેહર, જે "કેશર" ના પાદશાહનો મુલકછે તેની અંદર તે દાખલ થાએઓ, અને તાંહ ગએઆ પછે એક જણથી પેલી અશતરી વીશે પરપુછ કીધી કે એ કોંણુછે કે એવા દબદબા શાથે રાતની વેલા એ તે શેહર મધે દાખલ થાઈ. તે શખશે જવાબ દીધોકે તે અશતરી "કેશર" શેહરના પાદશાહની બેટીછે, અને તેનુ નામ "નેગાર" કરીને છે, અને શેહરની બાહેર તે એક મેહલ અને ખુશનમા બાગ રાખેછે, જે બાગ, અને મેહલ ગોએઆ બેહશતના બાગના શરીઓ દીપી ની કલેલોછે. એ અશતરી બાગમાં નાચ, અને રંગને માટે કેટલા એક દીવશ શુધી જાઈને રેહછે, અને તે પછે પાછી શેહર મધે આ વી રેહછે.

બેહેજાદના મીતરે આ વાત અતરે ખતમ કીધી, અને તે ઉપરથી તુરતજ બેહેજાદે પોતાના બાપના એક વજીરને બોલાવીઓકે જે વજી ર ઘણો ડાહેઓ હતો, અને તેટલા માટે પાદશાહ તેનીથી શગલી પ રપુછ કરી રાજ ચલાવતો હતો. બેહેજાદે તે વજીરને કહીઉંકે તું

એ તુરત પાદશાહની પાશે જાવું, અને પાદશાહને કેવું કે તું દીકરા ની કશીએ પરવાહ રાખતો નથી, અને તેની તરફ શારી નજરથી જોતો નથી. દુનીઆ મધે કહેએા પુરશછે કે જે બાએડી કીધા વગર અમશથકેા એેખલેાજ રહેલેા હેાએ, અગરજો પાદશાહને દીકરાનેા ગમ હતે તેા તેના જીવની તે ઘણી ફીકર કરતે. વજીરે બેહેજાદને જવાબ દીધેા કે ફરમાબરદાર છેઉં, એટલું બેાલીને તે તાહથી પાદશા ની નજદીક ગાએએા, અને બેહેજાદે કહેલા શગલા શબદેાથી પાદશાહ ને વાકેફ કરેએા. એ વાત શાભલીઆથી, પાદશાહએ વીચારીઉં કે બેહેજાદ કેાઇપણ જગાએ આશક પડેએાછે, અને તે ઉપરથી વજીરને જણાવીઉંકે બેહેજાદને કેહવું કે એક તારા શીવાએ બીજા કેાઇનેા ગમ તે રાખતેા નથી; પણ ઢીલ કરવાનુ કારણ એવું છે કે તારે માટે તારી હમજાતજ પેદાકરૂં; કાંકે તે ઉપર તુ રાજી થાએ; પણ અગરજો અવડાં તારી ખાહેશ કેાઇ ઉપર થાઇ હેાએતેા, જાહેર કર કે તે મેલવાની હું કેાશેશ કરૂં, અને તારી મેારાદ તારી ગેાદમા આપું. આ બીના શાંભલીને વજીર બેહેજાદની પાશે ગએએા, અને પાદશાહના શખુનથી તેને વાકેફ કીધેા. એ ઉપરથી બેહેજાદે વજીર ને જણાવીઉંકે હવડાંજ પાછું ફરવું, અને પાદશાહને જણાવવું કે "રૂમ" નેા પાદશાહ "કેશર" એક બેટી રાખેછે, જેનુ નાંમ "નેગાર" કરીનેછે; માટે તુને ઘટેછે કે તે બેટી શાથે મારા નેકા કરવા માટે તુરતજ કાશદને મેાકલીને મારે શારૂં તે માંગણી કરે, અને તેમ કરવામા આપણને કશીએ રીતની શરમ નથી; માટે તેની ઉપર તાકીદથી કાશદ મેાકલવેા જોઇએ. પાદશાહએ જવાબ વા લીએકે રૂમનેા પાદશાહ આપણી માંગણી કબુલ રાખશે નહીજ; કાંકે તે આપણાથી જુદા મજહબનેા પાલનારછે; માટે આપણી શાથે દીકરી આપવાનેા વેહવાર નહી કરશે. વજીરે એ શખુનેા બેહેજાદને કહેઆ. બેહેજાદે જાહરે એવી બીના શાંભલી તારે, વજી રને કહીઉંકે જારે તેનેા બાપ તે છેાકરીની માંગણી કરતેા નથી તા રે, ઘટારત એનછે કે હું આ શેહરને તજી મેલું, અને બીજી તરફ નીકલી જાઉં. પાદશાહ એ છેાકરાને ઘણેાજ ચાહતેા હતેા, અને જારે તેને નહી જોતેા હતેા તારે, બેકરાર થાઇ પડતેા હતેા તારે,

બેહેજાદની વાત જારે વજીરે પાદશાહ આગલ કહી તારે તે લાઈલાજ થાએઓ, અને એકવાર બેટાની ખાતરને શારૂં કે શર પાદશાહ ઉપર કેટલાએક તોફા અધીઆએ શાથે કાશદો મોકલીઆ. કાશદો જેહવારે રૂમ તરફ ગએઆ તારે, કેશર પાદશાહને ખબર થાઈકે હલબના પાદશાહના કાશદો આવીઆ છે તારે, કેશર પાદશાહએ કેટલાએક અકાબરોને કાશદની શામણે મોકલીઆ, જેઓ બાઆદરમાન શાથે કાશદોને શેહર મધે લેઈ ગએઆ. બીજે દીને પાદશાહ કેશરે પેલા કાશદોને પોતાનો નજદીક બોલાવીઆ, અને તેઓ શામાટે તાંહ પોહચીઆ તેનુ કારણ પુછીઉં. એઉપરથી કાશદોએ હલબના પાદશાહનો પેગામ પોહચાડીઓ, જે શાંભલ વાથી કેશર પાદશાહ ગોશામાં આવીઓ, અને બોલીઓકે, કેશરનો મુલક તમારી નજરમા આવતો નથી, અને થોડો તથા ટુકો દેખાએ છે કે શું જે એવા શખુન બોલોછેઓ. મારી બેટીની કીમત શો લાખ દીનારનીછે; માટે જે કોઈ શો લાખ દીનાર આપે તેને મારી બેટી હું આપું. એટલા શખુન બોલીને કેશર પાદશાહ ઊંડી ગએઓ, જેથી કાશદ લોકો તાંથી પાછા ફરેઆ, અને હલબના પાદશાહ આગલ શગલી વાત જાહેર કીધી. એ ઉપરથી હલબના પાદશાહ એ પોતાના બેટા બેહેજાદને જણાવીઉંકે મેં તુને મના કીધો હતો, અ ને જણાવીઉં હતું કે કેશરનો પાદશાહ માહરી માંગણી કબુલ રા ખી મને માન નહી આપશે; પણ તેં મારૂં કહીઉં નહી માનીઉં, અને કાશદો મોકલાવીઆ, જેઓ ખાલી હાથે પાછા ફરેઆછે. બે હેજાદે બાપને કહીઉંકે કેશરના પાદશાહએ કાઈ બેટી આપવાને ના પાડી નથી; પણ તેણે જર માંગીઉંછે, અને તેની માંગણી પરમા ણેનું જર જો તેને આપેઆમા આવેતો, પોતાની બેટી આપવાને તે ત ઈઆરછે, એવું કાશદોના કેહવા ઉપરથી ખુલ્લું માલમ પડેછે. બેહે જાદને તેના બાપે જવાબ દીધોકે તેની માગણી પરમાણેનો જર મા રી પાશે નથી તારે તે હું કાંહથી લાઉં. બેહેજાદે બાપને કહી ઉંકે ખજાંણો, માલમના, અને ઈશટેટ વીગરે જહવેરાત જે કાંઈ હો એ તે વેચી નાંખો, અને કામ જોગ જરૂરનીજ ચીજો રાખો. પાદશા હે બચાંના પેઆરથી દેવાનો હતો માટે તેણે તેમ કીધું; પણ તે

થીતેા ખાતરે પચાશ લાખ દીનારનેાજ આશરેા થાએએા. બેહેજાદે બાપને કહીઉં કે અવે બાકીનાં દીનાર પુરા કરવા માટે રઈઅતની ઉપર વેરેા નાખવેા જોઈએ કે શઘલા પુરા થાશે. પાદશાહએ જણાવી ઉ કે એવું કામ તે કધીબી કરવાનેા નથી: એમ કીધાથી તેની પરજા દુખી થાએ; કાંકે તેનેા મુલક ઘણેાજ નાંધેલેાછે, અને વેરાનેા બેાજ તે એાથી ઉંચકી નહી શખાએ, જથી શેહર છેાડીને તેઓને નાહશી જા વું પડેતેા, પછે હું પાદશાહી તે કાંહથી કરૂં ? એમજો કીધામાં આ વેતેા, એ મુલક દુશમેનેાને હાથ પડે. બેહેજાદે કહીઉં કે એથી થેાડા એાછા દીનાર તું પરજાના લેાકેામાથી ઉંઘરાવ, પછે બાકી રેહશે તે નેા વીચાર પાછલથી કીધામાં આવશે. પાદશાહ પેાતાના બેટાની હુજતથી આજેજ થાએએા તારે, પેાતાના મુલકના લેાકેા ઉપર વીશ લાખ દીનારનેા વેરેા નાખીએા. આ વેરેા ઉંઘડાવવાને બેહેજાદે પેા તાના માણશેાને મેાકલીઆં, જએા ઘણી તાકીદ કરીને તે વેરેા ઉં ઘડાવી લાવીઆ, અને તે વેલાએ બધા મલીને શીતેર લાખ દીનારનેા આશરેા થાએએા. બેહેજાદે પેાતાના બાપને કહીઉં કે અવે એ શી તેર લાખ દીનાર કેશરના પાદશાહ ઉપર મેાકલવા, અને બાકીના ત્રીશ લાખ દીનારને માટે મેહતલ માંગવીકે અલબતે એ વાતને તે પા દશાહ કબુલ રાખશે. એ ઉપરથી પાદશાહએ એક નામુ લખીને કેટલાએક તેાફા અધીઆએા આપીને પેલા શીતેર લાખ દીનાર શાથે કાશદેાને કેશર પાદશાહની ઉપર મેાકલાવીઆ. કાશદેા રૂમ મધે દા ખલ થાએઆ, જએાને આદરમાનથી શેહરમા લીધા, અને કાશદેા પા શેનું નામું વાંચીઆથી કેશર પાદશાહે જવાબ દીધેાકે જાંહ શુધી શગલા દીનાર જમાવ નહી થાએ તાંહશુધી હલબના પાદશાહ ની માંગણી કબુલ રાખેઆમા નહી આવે. એ ઉપરથી કાશદેા પા છા ફરેઆ, અને હલબમધે આવીને શગલી બીનાથી પેાતાના પાદશા હને વાકેફ કરેએા. આ વાત બેહેજાદે શાંભલીઆથી તેણે પેાતાના બા પને જણાવેઉં કે બાકીના દીનાર પુરા કરવામાટે તાકીદેથી મુલકના લેાકેા ઉપર બીજો વેરેા નાખવેા, અને શેાદાગરેા તથા વજીરેા વીગરે પાશેથી કરજ લેવું જેથી બાકીની ખુટ પુરી થાશે કે પછે કેશર ના પાદશાહની પાશે હું જાઈને તેનેા "દામાદ" ઈઆને જમાઈ થા

ઊં. પાદશાહુએ તેને જણાવીઊં કે એવી રીતની બેઅદબી તેને થી પોતાની રઈઅત શાથે નહી થાએ કે જેથી તેની પરજાનું દીલ દુખાએ, અને શેહરની વશતી પરાગંદે થાએ તો પછે પાદશાહી હો કમ કોણની ઉપર ચલાવેઆમા આવે. બેહેજાદે જવાબ દીધો કે જા રે તું રઈઅતનીજ ખેરખાહી ચાહેછે, અને દીકરાના દીલના દર દની તુંને કદરજ નથી તો, તું તારા મુલક ઉપર નેગાહ રાખ: હું તારો મુલક છોડીને જાઊં છેઊં; પણ પાદશાહનું દીલ દીકરા ઉપર ઘણુંજ દોડતું હતું તેથી તેણે વલી બીજા દશ લાખ દીનાર નો વેરો નાખવા માંગેઓ, અને જણાવેઊં કે બાકી રહેલા વીશ લાખ દીનારને માટે એક વરશની મેહતલ માગી કે એટલા વખત માં લોકો પોતાના ધંધામાં કાંઈ પેદા કરે તો બાકીનો વેરો આપવા ને તેઓને બની આવે, તો પછે તારી મોરાદ હાંશલ કરૂં. બેહેજા દે આ વાત કબુલ નહીં રાખી, અને તેને નાપશંદ કીધી. એ ઉ પરથી પાદશાહે છ માંશ, અને તે પછે લાચારે તરણ માંશની પ ણ મુદત માંગી, તારે બેહેજાદે કહીઊં કે તરણ માંશતો શું, પણ તરણ દાહડાબી શબર નહી કરૂં. એ ઉપરથી પાદશાહને ગોશો ઉપજીઓ, અને કહીઊં કે જારે એટલા વખત શુધીબી શબર નહી કરે તારેતો,તું ને ગમેતે કર, અને જાંહ તું ને ગમે તાંહ જા. એ ઉપર થી બેહેજાદે પેલા જમાવ કીધેલા શીતેર લાખ દીનાર પોતાની પાશે લી ધા,અને રાહનો કેટલોએક અશબાબ તથા પોતાના વીશવાશુ કેટલાએક ગોલાઓને શાથે લેઈને રૂમ શેહર તરફ કુચ કીધી. જેહવારે તેઓ રૂમની નજદીક ગએઆ તેવારે,એક જગા દીઠી કે જાંહ લડાઈના લ શકરને ઉભું કરેઆમાં આવતું હતું, અને લડાઈની વેલાએ શગલા અશબાબનાં ઉંઠો વીગરે રાખેઆમાં આવતાં હતાં, જે જગા ઉપ ર રૂમ શેહરના દબદબા ભરેલા એક કાફલાએ છાવણી નાખેલી હ તી, અને તે કાફલાનો શીરદાર એક મરદ હતો તે ઘણોજ દાનાવ અને અકલમંદ હતો, જેની ઉપર રૂમના પાદશાહ કેશરનો પુરતો વીશવાશ હતો. એ ઉપરથી બેહેજાદે વીચારીઊં કે એ કાફલાની ઉપર તેણે દરોરો પાડવો, અને જો તેમા ફતેહ પામીએતો, બાકી રહેલા દીનારની ખુટ પુરી થાશે, અને જો મારેઓ ગએઓ તો,

રંજ અને શખતીમાંથી ઓછો થાશે. એવા ઘેરા વીચારથી બેહુ જદે પોતાના ગોલામો શાથે તે કાફલાની ઉપર હોમલો કીધો; પણ તે કાફલાના આદમીઓ મરદાનગીમા પુરા હતા તેથી તેઓએ બેહુ જાદને તથા તેના ગોલામોને કેદ પકડીઆ, અને મજબુત બંધથી બાંધીને પોતાના શરદારની આગલ લેઈ ગએઆ. શરદારે તેઓને હોકમ કીધો કે આજનો દાહડો તેઓને કેદ રાખવા, અને આવતી કાલે તેઓની બાબતમાં ધીઆંન પોંહચાડીઆમાં આવશે. એ ઉપરથી તે દીવશે તેઓને કેદ રાખેઆ, અને બીજે દીને શુરીઅ ની કલેઆ પછે તેઓને તે કાફલાના શરદારે પોતાની નજદીક બોલાવી મંગાવીઆ. શરદારની આગલ તેઓને ઉભા કરેઆથી જારે શ રદારે બેહેજાદનો ચેહરો જોએઓ તારે, તે દલગીર થાએઓ, અને વીચારીઉં કે આ મરદ કોઈ પાદશાહી નુર ધરાવેછે, અને તે ઉપ રથી તેણે બેહેજાદને પુછેઉં કે અએ જવાં મરદ, આ બુરાં કામ ઉ પર તેં શામાટે ધીઆન દોડાવીઉં; કાંકે તું ને હું એવાં કામને લા એક નથી ગણુનો;કાંકે તું કોઈ પાદશાહ જાદો,ઈઆ બુજોરગ જાદો દે ખાએછે, અને આવું બુરૂં કામ કરવાને તું લાએક હડતો નથી. એ ઉપરથી બેહેજાદ કશું એ બોલી શકેઓ નહી, પણ મુંગે મોહડે રડ વા લાગો. પેલા શોદાગરે ફરીને પુછેઉં કે ઓ જુવાન, આ કા મ તેં શામાટે કરેઉંછે તેનો હેવાલ જો ખરેખરી રીતે જાહેર કર શે તો, તુંને બંધ મધેથી ખલાશ કરશ, અને જે મોરાદ તું રાખ તો હોએ તે પુરી પાડશ; પણ અગરજો ખરો બોલાશો નહી કર શે તો કેશર પાદશાહની આગલ મોકલેઆથી તમોને શુલીએ ચડા વી મારી નાખેઆમા આવશે. શોદાગરના મોહડામાંથી જારે આ વા શબ્દો બેહેજાદે શાંભલીઆ તારે, તે પોકાર મારીને રડી પડે ઓ, અને શોદાગરના પગ ઉપર માથું મેલીને પોતાનો શગલો હેવા લ ખરેખરી રીતે તેની આગલ જાહેર કરેઓ. આ ઉપરથી શો દાગરને બેહેજાદની હાલત ઉપર દએઆ આવી, અને તેથી તેને દી લાશો આપીને કહીઉં કે કાંઈ ફીકર કરવી નહી. તારે જોઈતા બાકીના તીશ લાખ દીનાર તે તુંને આપવાને કબુલછે; પણ એવી બોલી તું કર કે તારૂં કામ કરીને તું પાછો તારે મુલક ગએઆ

પછે તે તીશ લાખ દીનાર તેને પાછા આપે, અને જો એ વીશેના કોલકરાર મજબુત કરી આપે તો હું તુંને ઉપરા દીનાર આપીને પાદશાહ કેશરની નજદીક લેઈ જાઈ હાજર કરૂં. આ વાત બેહુજદે કબુલ રાખી, અને શોદાગરે જેમ માગણી કીધી તેમ તેની શા થે કોલકરાર કરેઆ. એ ઉપરથી શોદાગરે બેહુજદને તથા તેના ગોલામોને બંધથી ખલાશ કીધા, અને તેઓને લાએકના પોશાગ તે ઓને પેહરાવીઆ, અને બીજે દીને બેહુજદની પાશેના શીતેર લાખ દીનાર લીધા, અને તેની અંદર બીજા તીશ લાખ દીનાર મેલીને મોહર કીધી, અને બીજે દીને તેઓને કેશર પાદશાહની દરબારમાં હાજર કીધા. શોદાગર કેશર પાદશાહની નજદીક ગએઓ, અને અદબ શાથે અરજ કીધી કે "હલબ" નો શાહુજાદો હાજર થાએ ઓછે, અને તારી મુલાકાતની ખાહેશ કરેછે. કેશર પાદશાહએ તે ને પોતાની નજદીક બોલાવીઓ, અને પાશે બેશાડીને ખેર આફી અત પુછવા લાગો, જેનો જવાબ બેહુજાદ ઘણી ખબરદારીથી આ પતો હતો. એ પછે કેશરે તેને પુછીઉં કે આ ઠેકાંણે આવવાની તે શું મોરાદ રાખેછે ? બેહુજાદે કેશર પાદશાહ આગલ એ વાત નો ખોલાશો કીધો, અને તેની દીકરીની માંગણી કીધી. આ વા ત શાંભલીને કેશરે તેને દશ દીવશ શબુર કરવાને કહીઉં; પણ બે મ શબર કરવાને તેણે નાપાડી. કેશરે તેને પાંચ દીવશ ઢીલ ક રવાને કહીઉં; પણ તેમ કરવાને તેણે કબુલ નહી કીધું. કેશરે તેને તરણ દીવશ શુધી ખોટી રેહવાને જણાવીઉં; પણ તેમ થો બવાને તેણે નાપાડી. એ ઉપરથી કેશરે કહીઉં કે એક આજનો દીવશ શબર કરવી જોઈએ કે ઓરત લોકો પોતાના કામની તઈ આરી કરે. આ વેલાએ બેહુજાદ કબુલ થાએઓ, અને જણાવી ઉં કે શાહેબ, રવાછે; આજનો દીવશ શબર કરૂં છેઉં. એ ઉપ રથી પાદશાહે હોકમ કીધો કે બેટીને બાગમા લેઈ જાએ, અને અ મીરજાદાઓ તથા શાહુજાદાઓને હોકમ કીધો કે બેટીને આરાએશત કરે, અને બેહુજાદને માટે મજલેશ શમારીને ગવઈઆ તથા કલામતો ને એકઠા કરે, અને શરાબનો દોર ચાલુ કરે. બેહુજાદને મીજલશ મા લેઈ જાઈ બેશાડીઓ; પણ તેનું દીલ મીજલશની ગમતમાં

નહી, પણ કેશરની દીકરીના જીગરમાં ભરાએલું હતું, અને તે એટલેતો બેશબર થાએઓ હતો કે એક દીવશ થોબવાને બદલે તુરત વેલાએજ તેને જોવાને માટે અંધીરો પડેઓ હતો, અને શબુરી છોડીને મીજલશની અંદરથી ઉઠીને બાગમા ફરવા લાગો, અને શગલી તરફ નેગાહ કરીને કેશર પાદશાહની દીકરીની શોહબ્બ દેવાનાની મીશાલે કરતો હતો.

એતેફાક એવો બનીઓ કે બાગને લગતી એક દેવાર મધે એક આંધલું હતું, અને તેની અંદરથી કેશર પાદશાહની દીકરીના વારાનો દેખાવ જણાતો હતો, અને કેશરની દીકરી પણ તે વેલા એ તાંહજ ઉભેલી હતી; માટે તેની નજર પણ બેહેજાદની તરફ ગોઈ. એ બનાવથી તે ગોશામા આવી કે કોઈ બેગાનો મરદ તેને જોએછે, અને તે ઉપરથી બેદમતગારોને હોકમ કીધો કે લોહડાંની બે શીક ગરમ કરીને પેલા છેદ મધેથી જોનાર મરદની બંધે આંખોમાં લોકે. આ હોકમ બીદમતગારે બજાવીઓ, જેથી બેહેજાદની બંધે આંખોના દોલા ફુટી ગીઆ, અને તે પોકાર મારીને જમીન ઉપર પડી લેટવા લાગો. બેહેજાદના પોકાર ઉપરથી શગલી જ ગાએ દોડાદોડ થાઈ, અને તપાશ કીધાથી બેહેજાદની બેશબરી જાહેર થાઈ ! અને તેવી બેશબરી પકડીઆથી બેહેજાદ કેહવી નશીબ તને પોંહચીઓ તે વાત લોકોમાં આશકારા થાઈ, અને કેશર પાદશાહને ખબર પડી. કેશરે તેની આગલ જાઈને જોઇઉં, અને તબીબોને બોલાવી હોકમ કીધો કે જેટલા જરની જરૂર પડે તેટલો ખરચવો, અને બેહેજાદની આંખ રોશન કરવી. તબીબોએ પોતાની ખાતરી કરીને પાદશાહ કેશરને જણાવીઉં કે એનો એલાજ કોઈપણ રીતે થાઈ શકવાનો નથી; માટે એની પાછલ જર ખરચવો વાજબા નથી. એ ઉપરથી કેશર પાદશાહએ હોકમ કીધો કે જે ખજાણો લેઈને બેહેજાદ અતરે આવીઓછે તેની શાથે એને પાછો "હલબ" શેહરમા મેલી આવવો; કાંકે એક આંધલાને જમાઈ કરવાને તે કંઈ ખુશી નથી. એ હોકમ પરમાણે ફરમાબરદારો બેહેજાદને તેને મુલક લેઈ ગએઆ, અને તેને જોવાથી તેનો બાપ, અને તેના શેહરની રઈઅત રડવા લાગી, અને લોકોમા વાત ચાલી કે બેશબ

રી પકડીઆથી બેહેજાદ આવી હાલતને પોંહચીઓ. વખત આ ગલ વધીઓ, અને આશમાનની ગીરદેહશતથી હુલબનો પાદશાહ મરણ પામીઓ, અને તે ઉપરથી પરજાએ કોઈ પારકા શખશને ઉભો કરીને પાદશાહી તખતે બેશાડીઓ, અને બેહેજાદને જણાવીઉં કે આંધલા પાદશાહ ઉપર તેઓ રાજી નથી. એ ઉપરથી બેચારા બેહેજાદે પોતાનો બાકીનો વખત, શબુરી અખતીઆર નહી કીધાને લીધે, રંજ, અને મેહનત કરીને પુરો કીધો.

અવે બખતીઆર પાદશાહ આજાદબખતને કેહેછે કે ઓ નેકબ ખત પાદશાહ, જો બેહેજાદ તેટલીજ માતરે એક રાત શબુરી પક ડીને કાહડતે તો, બીજી રાતના પાદશાહ કેશરની દીકરીને પોતાની ગોદમા પકડતે, અને પોતાની આંખને બરબાદ નહી કરતે, તેનો મુ લક પારકાના હાથમા નહી જાતે, અને બાકી રહેલો વખત, અંધા પા શાથે રંજ અને મેહનતમાં કાડવો નહી પડતે; માટે ઓ દએઆ લુ પાદશાહ, તુંનેબી ઘટેચ કે મને મારી નાખવામા શેતાબી નહી કરે, અને થોડા વખત શુધી મને જીવતો રાખવામા કાંઈ અફશોશ નહી કરે તો, હું ધારૂંચ કે પાક પરવરદેગાર મારી બેગોનાહી તે ની આગલ જાહેર કરશે; પણ હું બખતીઆર મારેઓ ગએઆ પછે મારી બેગોનાહી જાહેર થાશે તો પાદશાહને મોટો અફશોશ, અને પ શતાવો કરવો પડશે. એ શખુત બખતીઆરને મોહડેથી શાંભલી પાદશાહએ તેને પાછો બંદીખાને લેઈ જાઈ રાખવાનો હોકમ કીધો; કાંકે દીવશ ગરબ થાવા આવીઓ હતો, જે ઉપરથી ખીદમતગારો એ બખતીઆરને બંદીખાનામા લેઈ જાઈને રાખેઓ.

બાબ ૪ થો.

અબુશાખેર નામનો એક મરદ, જે શબુરી અખતીઆર કીધાથી પાદશાહીએ પોંહચીઆ.

ચોથે દીને શહવાર પડી, અને ચોથો વજીર પાદશાહ આજાદ બખતની નજદીક ગએલો, અને તેણે પાદશાહને દુઆ કીધા પછે એલતેમાશ કીધી કે પાદશાહની દોલત જીઆદેહ હોજો, પાદશાહ નો હોકમ જોગો વખણાએલો હોએ કે જેથી ખલકની આશુદગી નો શબબછે. પાદશાહોએ બરદાશત કરવી લાએકછે; પણ બ ખતીઆરની બાબતમા જે બરદાશત થાઈછે તે હદથી બાહેર ગએ લીછે, અને તેટલા માટે મને ધાશતી લાગેચ કે એવી રીતની બરદા શત વધારે વખત ચાલીઆથી દીન, અને દુનીઆના લોકોથી બદ નામી મેલવવાનો શબબ થાઈ પડશે. જે મીશાલે કે મધ જે છે તે માણશને તંદરશતી આપનારૂંછે; પણ અગરજો તેને હદથી બા હેર જાઈને જીઆદેહ ખાધું હોએ તો, ગરમીનો ઉપદરવ કરેછે; મા ટે પાદશાહએ અવે વધારે વખત શુધી બખતીઆરની બાબતમાં ઢી લ કરવી જોઈતી નથી. એ ઉપરથી બખતીઆરને બંદીખાનેથી બાહેર લાવવાને પાદશાહએ હોકમ કીધો, અને તેને બાહેર લાવીઆ પછે, પાદશાહએ જલાદને હોકમ કીધો કે એનું તન તેજ તલવાર ના જહટકાએ કરીને જીવથી જુદુ કરે. જલાદે બખતીઆરની આંખે પાટા બાંધવાને હાથ ઉનચો કીધો કે બખતીઆરે જલાદને કહીઉં કે શબર કર, અને પાદશાહની પાશે પનાહ માગી, અને બો લેઓ કે પાદશાહની જીનદેગાંની લાંમબી હોજો, નેકબખત પાદશા હ મને મારી નાખવાના કામમા ઉતાવલ નહી કરે, અને શબુરી અખતીઆર કરે; કાંકે જેઓએ શબરને અખતીઆર કીધીછે તેઓ દોલતે પોંહચીઆછે. અગરજો પાદશાહનો હોકમ હોએ તો, જમ ગોઈ કાલે તેણે ઉતાવલ કરનાર બેહેજદની બેશબુરી શંબંધી

વરણુન કીધું તેમજ શબુરી અખતીઆર કરનારા "અબુશાબેર" નાંમના મરદનું બેઆંન જાહેર કરે, કે જેથી પાદશાહને રોશન થા એ કે શબુરી પકડીઆથી માણશો દોલતે પોંહચીઆછે. એ ઉપ રથી પાદશાહએ બખતીઆરને પુછીઊં કે"અબુશાબેર" નામનો મર દ કોંણ હતો, અને તેણે કેવી રીનથી શબુરી અખતીઆર કીધી કે જેથી તે દોલતને પોંહચીઓ; માટે તેનો હેવાલ જાહેર કરવો. એ ઉપરથી બખતીઆરે પાદશાહને જણાવીઊં કે જેહાંનના પાદશાહ ની ઉમરદરરાજ હોજો. "અબુશાબેર" મરદની હકીકત એવી છે કે:—

એક ગાંમમા"અબુશાબેર"કરીને એક મરદ રેહનો હતો તે મોટું કુટંમબ ધરાવતો હતો; પણ તેની હાલત એક ફકીરના શરખી ગરીબ હતી;તોપણ તે શબુરી અખતીઆર કરતો હતો,જેથી તે ગામના લોકો તેના હોકમને તાબેમે રેહનાં હતાં,અને જેવી મશલેહુત તે આપે તે ઉપ રજ ગામના લોકો અમલ કરતાં હતાં. એમ કરતાં એક દીવશે ગાંમ મધે એક અમલદાર જાઈ પોંહચીઓ, અને તેણે મેહશુલની બાબત માં ગાંમના લોકો ઉપર મોટો બોજો નાખેઓ, જેથી ગાંમનાં લોકો દુખી થાવા લાગાં. ગામના રેહવાશીઓ મધેના જુવાનોનો એક ટોલો એકઠો થાએઓ, અને તેઓ પેલા અમલદારને મારીને નીકલી ગએઆ. આ ઉપરથી ઘરડા લોકોનો એક ટોલો ઉભો થાએઓ, અને તેઓ "અબુશા બેર" ની પાશે ગએઆ, અને તેને જણાવેઊં કે અગરજો તેઓ શાથે તેબી શામેલ થાએ તો, પાદશાહ આગલ જાઈને તેઓ પોતાની બેગોનાહી જાહેર કરે કે જેથી પાદશાહ તેઓ ની ઉપર ખફા નહી થાએ. અબુશાબેરે તેઓને જણાવીઊં કે તે ણે શબુરીનું શરબત પીધેલું છે; માટે એટલી બધી ઉતાવલ કરીને તમારી શાથે પાદશાહને તાંહ આવવાની તે કશી પણ જરૂર જોતો નથી. એ ઉપરથી ઘરડા લોકોનો ટોલો તાંહથી લાચાર થાઈને પોતાને ઘેર જાઈ બેઠો. પેલા અમલદારના મરણની ખબર પાદશા હને પોંહચી, અને તે ઉપરથી હોકમ કીધો કે એ ગાંમના લોકોની માલમતા લુટી લેવી, જે કીધાથી તે લોકો પશેમાન હાલતને પોંહ આ. પાછલથી આશરે આઠ વરશે એવો બનાવ બનીઓ કે તે ગામને

લગતી શીમમા એક વાધે પોતાનો વાશો કીધો, અને ગાંમ મધે રે નારા પુરશો, અશતરીઓ, અને બાલકો, તથા તેઓના ઢોરો મધેથી એક ચોકશ શંખીઆનો ભખશ કીધો, જેથી ગામના લોકો દેહશતમં દ થએઆ, અને એક ઠેકાંણેથી બીજે ઠેકાંણે જવાની તેઓમાં તાકાત રહી નહી. એ ઉપરથી એક દીવશે કેટલાંએક લોકો એ કઠાં થાએઆં, અને અબુશાબેરને ઘેર ગએઆં, અને તેને જણાવી ઊં કે જો તે તેઓની શાથે શાંમેલ થાએતો, પાદશાહ આગલ જઈને આ જુલમી જાનવર વીશે ફરીઆદ કરીએ કે જેથી પાદશાહ એને મરાવી નાખે, તો આપણા ગાંમમા જે બેકરારી પેદા થાઈચ તેનો બચાવ થાએ; પણ અબુશાબેરે તેઓની તે વાતને નાકબુલ રાખી, જેથી તેઓ લાચાર થાઈને પોતાને ઘેર ગએઆ. એક દીવશ એ વો આવીઓ કે પાદશાહ પોતે તે ગાંમમા શેકાર રમવાને ગએએા. આ બનાવ ઉપરથી ગામના ઘરડા લોકો એકઠા થાએઆ, અને પા દશાહની આગલ જઈને તેને કુંનશ બજાવી ઉભા. પાદશાહુએ તે ઓને પુછેઆથી બોલેઆ કે શાહેબ, અમો તમારી પરજના લોકો છેઈએ, અને ખંડણી તથા મેહશુલ વીગરે આપીને તમારાં ગાંમમાં વશીએછે; પણ અમારી ઉપર વારેઘડીએ મોટો જુલમ ગુજરેછે. થોડુંએકની વાત ઉપર મેહશુલ ખાતાંનાં કાંમ ઉપર એક અમલદા ર આવીઓ હતો, તેણે અમારી ઉપર મોટો જુલમ ગુજારેઓ હ તો, જેથી ગાંમનો થોડાએક જુવાનીઆએોમા જહનુન પેદા થાએઆ થી તેઓએ તે અમલદારને મારી નાખેઓ હતો; પણ પાદશાહએ તેનું વેર આખાં ગાંમના લોકો ઉપર લીધું હતું, અને અમારૂં ગાં મ લુટાવી દીધું હતું. અવડાં આજ કેટલુંએક થાઈઊં એક વાધે અમારા ગાંમની શીમમાં વાશો કરેઓછે, અને તેણે અમારાં માંણ શો, બચાં છોકરાંઓ, અને ઢોરોનો ઘણો નાશ કરેઓછે; માટે અ મારૂં દુખ તું નહી ટાલે તો બીજા કોણની આગલ ફરીઆદ જા ઈએ. પાદશાહ તેઓનો હેવાલ શાંભલીને દલગીર થાએઓ, અને તેઓને પુછેઉં કે જારે અમલદારે તમારી ઉપર જુલમ કીધો તારે, અ ને તેને મારીનાખીઓ તારે, તથા તમારાં ગાંમની શીમમા વાધે રે હઠાંણુ કીધું તારે, તમો શામાટે મારી આગલ અરજ કરવાને આવે

આ નહી; જો તમો તુરત વેલાએ મારી આગલ આવતેતો, તે અ
મલદારની હું બદલી કરતે; તેમજ તેને મારીનાખવાની ખરી ખબ
ર તમો મને આપતેતો, તમારાં ઘેર બેગુનાહ હું નહી લુટાવતે; અ
ને છેલું એકે વાઘને આવતાંને વારજ તેની ખબર મને આપી હતે
તો, હું તેને મારી નખાવતેતો, પછે તમારાં માણશો, બાલકો, અ
ને ઢોરોનો શંખીઆબંધ નાશ નહી થાતે; પણ જારે તમો ઘટતે
વખતે મારી પાશે નહીજ આવેઆ તેમાં વાંક તમારોજછે. પરજા
ના લોકોએ કહીઉંકે શાહેબ, અમારાં ગાંમ મધ્યે એક બુધો મરદછે
જે અકલવાન, અને ડાહેઓછે, અને તેની શહલા પરમાણે અમો
ચાલીએછે, તેણે બંધેવાર તમારી પાશે આવવા માટે અમોને ના પા
ડી, જેથી અમો અટકીને પાછા રહેઆ. પાદશાહએ તુરતજ
હોકમ કીધો કે પેલા વાઘને મારી નાખે, અને "અબુશાબેર" ને તે
નાં કુટમબ શહીત ગાંમ મધેથી બાહેર કાડી મેલે. કાંકે તેણે ગાં
મના લોકોને ખરાબ કીધાંછે. એ ઉપથી પેલા વાઘને મારી નાખી
એા, અને "અબુશાબેર" ને ગામ બાહેર કાડી મેલીએા. લાચા
ર બેચારો અબુશાબેર પોતાના કુટમબ શહીત એક ગામ તરફ ગએ
એા, અને તે ગાંમને પાદરે જાઈને ઉતારો લીધો, અને ભુખના ઉપ
દરવને નરમ પાડવાની ધારણાથી પોતાના બંધે છોકરાઓને ગાંમ
મધે ભીખ માંગવાને મોકલીઆ કે કાંઈ લાવેતો ખાઈને ભુખ નરમ
પાડીને શુઈ જાએ. છોકરાઓ ગાંમમાં ભીખ માંગવાને ફરતા હતા
તેઓને ચોર લોકોની એક ટોલી મલી, અને છોકરાઓના ચેહરા ખુ
બ શુરતી ભરેલા દીઠાથી તે ચોરો તેઓને પકડી લેઈ ગીઆ. વખ
ત ઘણો લાગાથી અબુશાબેર છોકરાઓની શોહધમાં ગએઓા, પ
ણ કે તેથી તેઓનો પતો નહીજ મલીઓ તારે,લાચાર થાઈ પાછો
ફરેઓા, અને ઘણી ઘણીઆંણી પરવરદેગાર આગલ શબુરી માગી
ને શુઈ ગીઆં. બીજી શહવાર પડી, અને તેઓ ઉઠીઆં, અને
મોહડું દાતન કરીને તે ગાંમથી આગલ જાવાને ચાલવા લાગાં.
આ વેલાએ અબુશાબેરની બાએડીને ફરજંદની ઈઆદ આવી, જે
થી તે રડવા લાગી; પણ અબુશાબેરે તેને શહમજાવીઆથી તે મુ
ગી રહી. આગલ ચાલીઆ પછે બીજુ ગાંમ આવીઉં, અ

ને તે ગાંમમા મુશલમાન લોકોની વશતી હોવાને લીધે તેની અંદ ર એક "મશજીદ" હતી. આ મારી બઈઅર બંધે બે દીવશનાં ભુખાં હતાં, અને તેટલા માટે અબુશાબેરે ભીખ માંગવા જવાનો વીચાર કીધો, અને તેટલા માંટે પોતાની બાએડીને પેલી "મશજી દ" ની અંદર બેશાડીને પોતે તાંહથી ભીખ માંગવાને ગએએા. થોડા વખત પછે કેટલાએક લુછા મુશલમાનો મશજીદ તરફ ગએ આ, અને તેઓએ અબુશાબેરની બાએડીને દીઠી, જે ખુબશુરતી ધરાવતી હતી. એ ઉપરથી તેઓ મધેના એક જણે તે ઉપર ન જર બીગાડી, અને મોટો પોકાર મારીને તેને જણાવીઊં કે ચાલ ઉઠ, મારી શાથે મારે ઘેર આવ; નહીતરકે મારીને ઉંચકી લેઈ જશ. અબુશાબેરની બાએડીએ પોતાના બચાવ શંબંધી કશો ઈ લાજ નહી જોએએા, અને તેટલા માંટે છુપી રીતે પોતાની એક આંગલી કરડી, અને તેના લોહીથી મશજીદની દેવાર ઉપર લખીઊં કે તેને ચોર લોકો લેઈ ગએઆ. આ બનાવને જરા વખત થ એએા તારે, અબુશાબેર મશજીદમાં ગએએા, અને પોતાની બાએડી ને તાંહ નહી દીઠી. શોહધ કરતા પેલી દેવાર ઉપર નજર પડી, અને તે વેલાએ તેને ખબર પડી કે તેની બાએડી પણ હાથથી ગેઈ. આ વેલાએ અબુશાબેરે પરવરદેગાર આગલ શબુરી પકડીને દુઆ કીધી કે તે શાહેબ તેની બાએડીને શબુરી આપે કે તેથી તે બેશબર નહી થાએ. બીજી શહવારે અબુશાબેર તે ગાંમથી આગલ ચાલીએા, અને કેટલેએક દીવશે એક શેહર તરફ જઈ પુગેા. આ શેહરનેા પાદશાહ ઘણેા જુલમગાર હતેા, અને પરજા તથા બાહેર થી આવતા પરદેશીએા ઉપર શેતમ ગુજારતેા હતેા. તે પાદશાહએ એક મેહલ બાંધવાનું કાંમ જારી કરીઊં હતું, અને તેને માટે બે ગારીએા દાખલ બાહેરથી આવતા પરદેશીએાને પકડતેા હતેા, અને તેઓની પાશે ઘણું શખ્ત કામ લેતેા હતેા, અને તેવું છતાં તેઓ ને પુરતું ખાવાનું બી આપતેા નહી હતેા. શાંહજ પડતાંમાં અબુ શાબેર તે શેહર મધે દાખલ થએએા, અને તે વેલાએ તેને દરબા ને પકડીએા, અને પોતાના પાદશાહની નજદીક લેઈ ગએએા. પા દશાહએ તેને પેલી ઈમારતના કારોબારીને શવાધીન કીધેા, અને

બીજે દીનેથી તેને તે ઈમારતના બાંધકામની ઉપર મજુરી કરવાને રાખેઐા. અબુશાબેરને તથા એક બીજા પુરશને એવું તો મજબુત કામ શોફીઊં હતું કે છેક હેશી કુટની ઊનચાઇ શુધી નીચેથી પથરો લેઇ જવા પડતા હતા. આ શખથ મજુરીથી અબુશાબેર ઘણોજ કાએલ થાએેઐા હતો, અને પરવરદેગાર પાશેથી છુટકો માંગતો હતો કે આ જુલમ મધેથી તેને મોકલો કરવો. એક દીવશને શમે પાદશાહ એક છુપી જગામાં ભરાઇ બેઠેલો હતો, કે બેગારી લોકો બરોબરં કામ કરેછે કે નહી તેની તપાશ કરે. ઉપર ચડતાં ચડતાં અબુશાબેરે પોતાના શોહબતીને પુછીઊં કે ભાઇ, આ ઠેકાંણેથી કહે દીને આપણો છુટકો થાશે. તે શોહબતીએ જવાબ દીધો કે ભાઇ,એક માંરા થાએેઐા આ ઠેકાંણે મને પકડેલોછે,અને તે ઊપરથી બાએેડી છોકરાને મજવામા તેનો જીવ ભરાએેલોછે, પણ એક રાત જાઇને તે પોતાના બચાંને મલી આવે તેટલોબી તેને વીશાંમ્રે આપેઆમાં આવતો નથી; કાંકે તેના બાલકો અને અશતરો શું કરેચ, અને કેવી હાલતમાંછે તે વીશેનોબી તેને બીલકુલ ખબર નથી, તારે હું તુંને કેહી રીતથી શમજાઊં કે અતરેથી આપણો કહે દીવશે છુટકો થાશે. આ ઉપરથી અબુશાબેરે તેને જણાવીઊં કે ભાઇ, કાંઇ ફીકર કરવી નહી: શબુરી અખતીઆર કર કે પરવરદેગાર એ જુલમગારના હાથમાથી કોઇપણ વેલાએે આપણો છુટકો કરશે; માટે શબુરી, અને ધીરજને મન મધેથી છોડી મેલવી નહી; કાંકે શબુરી અખતીઆર કરનારને તે હકતાલા પોતાના મીતર દાખલ શાહમજેછે. આ બંધે પુરશો વચે થાએેલી ગોફતેગો પાદશાહએે ધીઆંનથી શાંભલી હતી. એ પછે અબુશાબેર મેહલના છેક ઉનચેના ભાગ ઉપર ગએેઐા, અને તાંહથી તેના માંથાં ઉપર આ પેલો એક ભારી બોજો થોબાવી નહી શકાએેઐા, અને તેને લીધે તે ઉપરથી છેક નીચે પડી ગએેઐા, જેથી તેના હાથ પગને નુકશાં ન થાઇઊં. આ ખબર પાદશાહને થતાંજ તેણે અબુશાબેરને પોતાની નજદીક બોલાવીઐા, અને તેની ઉપર ગોશે થાઇને બોલીઐા કે ઐા ચંડાલ તું ઘણો બુરોછે. માહરાં માંણશોને લુછાઇ કરવા માંટે તું પુશલાવેછે, અને મને જુલમગાર કરીને કેહછે, અને મારે

માંથે તોહમત મેલવાની ધારણાથી ઉનચાઈથી પડી ગએએાછે કે એમ કીધાથી હું તુંને છોડી મેલું; પણ તારી ધારણા કધીપણ બર આવવા નહી દેવશ. એટલું બોલીને હોકમ કીધો કે એને બંદીખાને લેઈ જાઈને મજબુત બેડી શાથે કેદ રાખવો. આ ઉપરથી અબુશાબેરને કેદ કીધો, અને તેના પગમાં બેડી ઠોકીઆમાં આવી. આ શંકટથી અબુશાબેર નારાજી થાએએો; પણ શબુરી અખતીઆર કીધી, અને પરવરદેગાર આગલ એવી દુઆ માંગી કે એ જુલમ મધેથી તેનો છુટકો કરવો. અબુશામેરની દુઆ તે શાહેબે કબુલ રાખી, અને તે ઉપરથી એવો મામલો બનીએો કે તે જ રાતના પેલા જુલમગાર પાદશાહને મજબુત મોરચી થાઈ, અને તેને માટે ઘણાબી ઊપાએ કરીઆમાં આવીઆ, પણ તે કારગત નહી લાગા, અને જુલમગાર પાદશાહ અંતે મરણ પામોએા ! આ પાદશાહને ફરજંદ નહી હતું; તેમજ તેણે પોતાના કોઈ બેશીને દતપુતર કરેએા નહી હતો, અને તે ઊપરથી પાદશાહ કોણ ને કરવો, એવો શવાલ પરજાના લોકોમાં ઉઠીએા. એ ઉપરથી પરજાના લોકો અદાલત મધે એકઠાં થાએેઆં, અને પાદશાહ ઠેકવવા માટે ભાંજઘડ કીધી. કેટલાએક દાનાવ મરદોએે એક ઈઉકતી કામે લગાડી, અને તરણ શવાલો તઈઆર કીધા, જે શવાલો ઘણીજ ઊંડી મતલબ ધરાવતા હતા; માટે તેઓએે ઠેડાવ કરીએા કે એક બીજાની રાખરખાવતથી કોઈના લાગતા વલગતાને પાદશાહ કરીએે, તેનાં કરતાંને જે શખશ આ તરણુડે શવાલોને શારી પઠે શમજીને તેના જવાબ આપે તેનેજ પાદશાહ નેમવો જોઈએ; કાંકે જે શખશ એે શવાલોના જવાબ આપવાની શકતી રાખતો હોએે, તેના મગજમા વધારે ઝહુર હોવું જોઈએ. આ શવાલો તેઓએે તે શભા મધે ફેરવીઆ; પણ તેના જવાબ કોઈથી આપી શકાએેઆ નહી. એ ઉપરથી પેલા દાનાવોએે વીચાર કીધો કે બંધીખાનામા કેદ પડેલા બંધવાએેા મધેથી કોઈ શખશ એે શવાલોનો જવાબ આપી શખશે; કાંકે જેઓ ચોરી લુછાઈ, અને ઠગાઈનો પેશો કરે તેઓમા વધારે ચંચલાઈ હોવી જોઈએ. એે વીચારથી તેઓ બંધીખાનામા ગએેઆ, અને કેટલાએક બંદીવાનોને પેલા તરણ શવાલો

પુછેઆ; પણ તેઓથી તેના જવાબ આપી શકાએઆ નહી. આ ગત્ર ચાલતાં તેઓને અમુશાબેર મલીઓ, અને તેણે તે તરણુડે શ વાલેાના જવાબ મનમાનતી રીતે પુરેપુરા આપેઆ, જે વીશે પેલા દાનાવેાની પણ ખાતરી થાઈ, અને તે ઊપરથી તેઓએ અમુશા બેરને પાદશાહી આપવાનેા ઠેડાવ કરેએ. એ ઊપરથી અમુશા બેરને બેડીથી ખલાશ કરીને બંદીખાંનેથી બાહેર કાડીએા, અને હમામખાનામા લેઈ જાઈ આંગ શાફ કરાવીને પાદશાહી પેાશાગ પેહરાવીઓ. એ પછે તેને અદાલત મધે લેઈ જાઈને શગ્રલી પર જના એક મનથી પાદશાહી તખત ઉપર બેશાડીઓ, અને પરજાના લેાકેા તેને પેાતાના પાદશાહ દાખલ કબુલ રાખીને તેને શેજદેા કર વા લાગા, અને તેની ફરમાબરદારીમાં હાજર થાએઆ. એ પ છે શેહરને તાબેના લશકરી સરદારેા, શેહરના શાહુકારેા, શેાદાગરેા, અને અમીર ઉમરાવેા તેની મુલાકાતને માંટે ગએઆ હતા, જેઓની ભેટ તેણે મેાટાં આદરમાનથી લીધી હની. અમુશાબેર તે શેહર ની હકુમત ચલાવવા લાગેા, અને પરજાના લેાકેાનેા ઈનશાફ ઘણી જ ચેાકશાહીથી કરવા લાગેા, જેમા કશીએ રાખરખાવત કે ગફલ તી કરતેા નહી હતેા, અને તે ઉપરથી તેનેા ઈનશાફ અદલછે, એવી બીના પરજાના લેાકેામા આશકારા થાઈ. એ પછે એક દીવશે બે શખશેા તેની અદાલત મધે દાખલ થાએઆ, અને તેઓની મુલાકાત તેણે મેાટાં માન શાથે લીધી. આ બે શખશેા મધે એક શેાદાગર હ તેા, અને બીજો ચેાર બચેા હતેા, જેણે પેલાં ગાંમ મધેથી અમુ શાબેરના બે છેાકરાઓને ચેારેઆ હતા, અને તે છેાકરાઓને ઉપ લા શેાદાગરને તાંહ ગેાલામ દાખલ વેચીઆ હતા. પાદશાહ અ મુશાબેરે તે બંધે પુરશેાને પુછીઊં કે તમારી હકીકત શું છે. એ ઉપરથી શેાદાગરે અરજ કીધી કે—બંદેનવાજ, તેની અરજ એવી છે કે આ બે છેાકરાઓ આ પુરશે તેને તાંહ ગેાલામ દાખલ વેચી આ હતા; પણ પાછલથી એ પુરશે છેાકરાઓને ઉશકેરીઆથી તે ઓ તેના ઘેર મધે રેહવાને નાપાડેછે, અને એ પુરશને તાંહ પાછા જવા માંગેછે, અને કેહેછે કે તેઓ ગેાલામ નથી, પણ મુશલમાંન ને પેટનાછે, અને આ શખશ તેઓના માબાપની ગેરહાજરીમાં તે

ઓને એક ગાંમ મધેથી ચોરી લાવેલોછે. તેઓને ગોલામ દાખલ વેચીઆ હોએ એવી તેઓને ખબર આપેઆમા આવીતી નહી, અ ને તેટલા માટે તેઓ પાછા જવા માંગેછે; પણ જારે એ છોકરાઓ પાછા જવા માંગેછે તારે, તેઓનો અટકાવ કરવાને તે કવચીત રાજી નથી; પણ તેનો પાશેથી લીધેલા પઈશા એ પુરશે તેને પાછા આ પવા જોઇએ કે નહી ?

પાદશાહ અબુશાએરે પેલા બંધે છોકરાઓને જોઇને ઓલખી આ કે તે છોકરા તેનાજછે; પણ છોકરાઓ પોતાના બાપને ઓલ ખો શકતા નથી. અબુશાએર પાદશાહએ પેલા ચોરની પાશેથી શોદાગરે કીધેલા ખુલાશાનો જવાબ માંગીઓ, અને તે ઉપરથી તે બોલીઓ કે શાહેબ, એ શોદાગર છોકરાઓને શારી રવેશથી રાખતો નથી, અને તેઓ પાશે મુશકેલ કાંમ કરાવેછે, અને તેટલા માટે તેઓ એનું ઘેર છોડી જવા ચાહેછે. જારે એમજછે તોરે છો કરાઓને પાછા લેઈ જવાને તે ખુશીછે, અને શારી માવજતથી રા ખશે. જાંહશુધી તેણે તેઓને પોતાના ઘેર મધે રાખીઆ હતા તાંહશુધી તેઓથી બને તેટલું જ કામ તેઓને શોંપીઉં હતું; પણ જારે શોદાગર તેઓથી નહી બને નેવું કામ જુલમથી તેઓ પાશે કરાવવા માગેછે તારે તેઓ કંટાલીને તેને તાંહથી નીકલી જવા માંગેછે.

પાદશાહ અબુશાહએરે છોકરાઓને પુછીઉં કે તમો શા ઉપર થી કેવોચ કે તમો ગોલામ નથી ? આ શવાલ શાંહભલતાંજ છોક રાઓ રડી પડેઆ, અને પાદશાહ આગલ તફશીલવાર ખુલાશો કી ધો કે—તેઓના બાંબાપ એક જરૂરના કારણશર મુશાફરી કરવા ને નીકલીઆં હતાં, અને એક ગાંમને પાદરે મકાન કરીને તે બં ધેને ગાંમ મધે કાંમ શારૂ મોકલીઆ હતા, જે વેલાએ આ ચોર બ ચાએ તેઓને પકડી લીધા હતા, અને તે વાત જો તેઓ કોઇની બી આગલ બોલે તો, તલવારથી તેઓને કાપી નાખવાની ધમકી આપી હતી, અને એક જુદેજ રશતેથી તેઓને તે ગાંમ મધેથી કા ડી લેઇ ગીઓ હતો.

છોકરાએ નો ખુલાશો શાંભલ વા થી અબુશાબેરની છાતી દર દથી ભરાઈ આવી, અને તે ઉપરથી પેલા ચોરને બંધીખાને કેદ કરાવીઓ, અને શોદાગરને તેના પઈશા આપી રવાના કરેઓ, અને છોકરાઓને હમામ ખાનામા મોકલાવી આંગ શાફ કરાવી ને પાદશા હી પોશાગ પેહરાવીઓ. એ પછે તે છોકરાઓને શારી માહવનત થી પાદશાહએ રાખેઆ હતા, જેને કેટલાએક દીવશ ગુજરવા પછે, વલી બીજા બે જણાઓ પાદશાહની અદાલત મધે પોતાનો ક જીઓ લેઈને ગએઆ. એ મધે એક અશતરી, અને બીજો પુરશ હતો, જે અશતરી પાદશાહ અબુશાબેરની હતી, અને પેલો પુરશ તેને ચોરી લેઈ જનારો ચોર હતો. અબુશાબેર પોતાની અશતરીને ઓલખી શ કેઓ નહી; કાંકે તેના મોહડાં ઉપર બુરખો નાખેલો હતો; તેમજ તે અશતરી પોતાના ભરથારનેભી ઓલખી શકો નહી; કાંકે તે કંગાલ હાલતમાંથી પાદશાહી દરજજે ચહડીઆથી તેના મોહડાં ઉપર શારી નુરાંની આવેલી હની. પાદશાહના પુછવા ઉપરથી ચોરે ફરીઆદ કી ધી કે આ અશતરીને ફલાંણાં શેહર મધેથી પઈશા ખરચીને તેણે ખરીદ કીધી હતી, અને તે પછે તેણે તેની શાથે નેકા કરીઆ હતા; પણ હવડાં એ મારી તાબેદારી નથી કરતી. અબુશાબેરે પેલી અશતરીને પુછીઉં કે કાંએ બાઈ, તું તારા ભરથારની તાબેદારી શા માટે નથી કરતી ?

આ અશતરીએ જણાવીઉં કે ઓ નેક પાદશાહ, મારો ઈનશાફ તું અદલ કરજે. આ પુરશે જે ખોલાશો કરેઓચ તેમા એ બધું જુ ઠું બોલીઓછે. એ કાંઈ મારો ખાવંદ નથી. મારો ખાવંદતો અ બુશાબેર કરીને હતો. અમોને અમારા ગાંમના લોકો શાથે વાંધો પડેઆથી, અમો બાહેર મુશાફરીએ નીકલીઆં હતાં. અમો બે દી કરા ધરાવતાં હતાં, જેઓને એક ગાંમ આગલ જાઈને અમોએ કાઈ ખાવાનુ લેવાને ગાંમ મધે મોકલીઆથી તેઓ તાંહ ગુમ થાએઆ હતા. અમો અશતરી ભરથાર શબુરી વાલાં હતાં, માટે શબુરી અખ તીઆર કરીને તાંથી બીજે ગાંમ ગએઆં. આ ગાંમને લગતી એક મેશજીદ મધે મારો ભરથાર મને બેશાડીને પોતે ખાવાનુ લેવાને ગએ ઓ, એટલે આ લુછો પુરશ આવીને મને તાંથી લેઈ ગએઓ, અને મહ

ને ખરાબ કરવાને અનીતના ઉપાએ કીધા; પણ અવડાં શુંધી હું એ એને ઉલટપાલટ શહમજાવીને મારો બચાવ કરેઓછે; પણ અવેતો તું ઈનશાફનો ખાવંદ જો મારી લાજ જાલવશેતોજ રેહશે.

દીવશ પુરો થાવા આવેલો હતો; માટે અબુશાબેરે પેલા ચોરને બંધીખાને મોકલાવીએા, અને પેલી અશતરીને પોતાના હમામખાના માં મોકલાવી. એ પછે પોતે કચેરી મધેથી ઉઠીને મેહલ મધે ગ એએા, અને પેલી અશતરીને પાદશાહી લાએક પોશાગ પેહરાવીને તે ને તથા પેલા બંધે છોકરાઓને પોતાની નજદીક બોલાવીઆ, અને તેઓને એક બીજાની ઓલખ, તથા ઈધાંણી આપેઆથી તેઓએ એ ક બીજાનં અછી તરાંહથી ઓલખીઆં, અને ઈશવરની કુરપાથી બ ધાં શાથે લેટેઆં, અને એશ આરામમા તે રાત ગુજારી.

બામદાદ થાઈ, અને આફતાબે પોતાના રોશન કીરણ ચોતરફ ફેંકેઆં. પાદશાહએ કચેરીમા બોરાજીઆ પછે શેહેર મધે ઢંઢેરો કરાવીને કુલે પરજાને લેગી કીધી, અને પેલા બંધે ચોરોને તથા બં ધે છોકરાઓ તથા અશતરીને કચેરી મધે બોલાવીને, પરજાના લો કોને ફરમાવીઊં કે—અએ મુશલેઈમાનો, તમો જાણો, અને બુજો કે આ બંધે છોકરાઓ તેના પોતાના ફરજંદછે, અને આ અશતરી એ ઓની માહવતરછે, અને એઓ ઉપર ગુજરેલી હકીકત, જે એઓએ તમો લોકોના દેખતાં કચેરી મધે કહીછે તે તમો મધેના ઘણાઓએ શાં ભલેતીછે; પણ શુકરછે તે કીરતારના કે હજરત મોહામદ પેગમબરે કોરાન મધે જેમ જણાવેલું છે તેમ, શબર જેછે તે મુશકેલની તોડનાર છે તેમ, તે કીરતારે મારી શબુરીનો બદલો વાલીને મારાં કુટમબ શં ગાથે મને પાછો મેલવીઓછે. એટલુ કહીને પેલા બંધે ચોરોને રી બાવીને મારી નાખવાનો હોકમ કીધો કે ફરીને તેની પરજાના લોકો એવો ગુનાહ નહી કરે. એ પછે અબુશાબેર પોતાના કુટમબ શ હીત ગંમતમા પોતાનો વખત કાહડવા લાગો. એ વાતને એક મુદત ગુજરેઆ પછે, અબુશાબેરની જંદગી પુરી થાઈ, અને તે પછે તેના બેટાઓએ તે શેહરનું રાજ ચલાવીઊં.

બખતીઆરે પાદશાહને જણાવીઊં કે ઓ નેક વીચારના પાદ શાહ; તુબી મને મારવામા ઉતાવલ નહીજ કરશેતો, ઈનશાઆલા

મારી બેગોનાહી તું ને જાહેર થાશે. શબર કરવાનુ કામ મુરખ લોકોને પરથમ કડવું લાગેછે;પણ તેમ શબર નહી કીધાથી શેવટે માંઠા ફલ પરાપત થાએછે; માટે પાદશાહને ઘટારતછે કે મારા ઈનશાફ ના કામમાં ઉતાવલ નહી કરીને શબુરી અખતીઆર કરેકે જેથી માહરા ગુનાહ શંબંધી ઈશવર તેની પુરતી ખાતરી કરી આપશે. દીવશ આખર થાવાને લીધે પાદશાહએ બખતીઆરને પાછો બંધી ખાનામા મોકલીઓ, અને પોતે કચેરી બરખાશત કરીને મેહલ મ ધે રવાના થાએઓ.

બાબ ૫ મો.

ઈમનના પાદશાહએ પોતાના ગોલામનો ગુનાહ માફ કીધાથી જાહેર થાએલી ખુશાલી.

પાંચમાં દીવશે પોતાનો દોર શહરૂ કીધો, અને પાદશાહ આ જાદબખત કચેરી મધે બીરાજીઓ. એ વેલાએ પાદશાહનો પાંચમો વજીર તેની આગલ ગએઓ, અને એલતેમાશ કીધી કે ઓ જીંદે ગીના શાહેબ, શેહર માંહેલા ફેશાદીઆ લોકો અવે નચીત થાએઆ છે. તેઓ એવું શાહમજેછે કે આપણો પાદશાહ બરદાશતનો કરનારછે; માટે આપણે જેબી ગુનાહ કરશું તેને શારૂં બરદાશત કરીને આ પણને છોડી દેશે; કાંકે દુનીઆ મધે બખતીઆરના જેહવો અજીબ ગુનાહ બીજા કોઈએ નથી કીધો. બખતીઆરને રાતની વેલાએ પાદશાહએ પોતાના મેહલ મધે દાખલ થાએલો પોતાની નજરે દીઠો, અને તેવું છતાં તે વીશેની જારે દરગુજર કીધી તારે, આપણેબી જે ગુનાહ કરશું તે વીશે પાદશાહ દરગુજર કરશે, એવું ફેશાદીઆ લોકો શાહમજેછે; માટે તેઓ પોતાના કામમા ડલેરી અખતીઆર કરે તેની આગમચ પાદશાહને ઘટેછે કે પોતાની તેજ તલવાર બખ તીઆર જેહવા એક મોટા ગુનેગારનો જીવ તનથી જુદો કરવામા કા

મે લગાડે કે ફેશાદીઆ લોકોમા મજબુત તરહાશ બેશે, અને તું અદલ ઈનશાફનો કરનાર ગણાએ. એ ઉપરથી પાદશાહએ કી ધેલા હોકમથી બખતીઆરને લાવીઆ, અને પાદશાહએ જલાદને હોકમ કીધો કે એનુ શર ધડથી જુદું કરે. બખતીઆરની આં ખે પાટા બાંધવાને જલાદે તઈઆરી કીધી કે બખતીઆરે તેને કહી ઊં જે શબર કર. એ પછે પાદશાહ આગલ બખતીઆરે ફરીઆદ કીધી કે એ દુનીઆની નેગેહબાનીના રાખનાર પાદશાહ, મને મા રવાના કામમા અદેખાઓના ઉશકેરેઆથી તું જો શેતામ કરશેતો આખેર પશતાશે; પણ અગરજો શબર અખતીઆર કરશે, અને તેથી મારી બેગુનાહી જાહેરમા આવશેતો, તુને ખુશાલી ઊપજવા ની; માટે મને મારવાના કામમા જો તું કેટલાએક દીવશ શુધી ધી રજ પકડશે, અને શબર કરશેતો, ઈમનના પાદશાહની પેઠે તુનેબી ખુશાલી ઉપજશે. એ પાદશાહએ પોતાના "અબરેહે" નામના ગો લામનો અજાએબ ગુનાહ જાણી જોઈને માફ કીધો, જથી તેણે પોતાનો ખોહેલો મુલક પાછો અખતીઆર કીધો, જથી તેને ખુશવખતી પેદા થાઈ હતી. પાદશાહ આજાદબખતે બખતીઆરને પુછીઉં કે ઈમનનો પા દશાહ કોણ હતો, અને તેના ગોલામે કેહવો અપરાધ કરેઓ હતો, અને ઈમનના પાદશાહએ તે ગુનાહ જાણેઆ છતાં તેને માંફી કાંએ બખશી, અને તેને ખુશાલી કેમ થાઈ, તે વીશેનુ વરણન બખતી આરે કરવું જોઈએ. એ ઉપરથી બખતીઆરે પાદશાહને જણા વીઉં કે:—

ઈમનના મુલકમા એક પાદશાહ હતો, જે લશકરી ફોજ ઘણી મોટી ધરાવતો હતો. આ પાદશાહને તાંહ એક હબશી ગોલામ હ તો, જેનુ નામ "અબરેહે" કરીને હતું. તે ગોલામ હબશી ઓના પાદશાહનો દીકરો હતો; પણ આશમાનની ગીરદશતથી તે ગોલામ દાખલ બંધ પડેલો હતો. તે ગોલામે કોઈને નહી જણા વીઉં હતું કે તે હબશીના પાદશાહનો દીકરોછે; તેમજ ઈમનના પાદશાહને પણ તે વીશેની કશી ખબર નહી હતી. ઈમનનો પાદશા હ પોતાના તે ગોલામને એક દોશત દાખલ ચાહતો હતો. એક દીવશે ઈમનનો પાદશાહ શીકારગાહ ગએઓ, અને પેલા ગોલામનેબી પોતાની

શાથે લેઈ ગએએો હતો. શેકારગાહમા એવો બનાવ બનેઓં કે એ ક હરણ પાદશાહના ધોડાની નીચેથી પશાર થાઈઊં, અને તેની પા છલ લાગીને પાદશાહએ ઘણાબી તીર ફેંકીઆ; પણ તેથી હરણને એ લજામ નહી પોહચીઓ. એ ઉપરથી પાદશાહના ગોલામ "અબરે હે" પોતાનો ધોડો તે હરણની પાછલ જોહકાવીઓ, અને એક તીર એવીતો શીપતથી ફેંકેઓ કે તે તીર પાદશાહના કાનના ચાબકાંમા લા ગીને નીકલી ગીઓ, જેથી પાદશાહનો એક કાન શરથી છુટો થઈ ને નીચે પડી ગએએ. એ ઉપરથી તુરતજ ખીદમતગારોએ તે "અ બરેહે" ગોલામને કેદ પકડીઓ; પણ તુરતજ પાદશાહએ હોકમ કી ધો કે તેનો ગુનાહ તેણે માફ કીધોછે; માટે તેને છોડી મેલવો. એ પછે તેઓ શેહર મધે રવાના થાએઆ, અને એશ આરામથી વખત ગુજારવા લાગા. એક દીવશે પાદશાહ વાંહાંણુ મધે બેશીને શમુદ રની શેહલ કરતો હતો, અને દરીઆવનો તમાશો જોતો હતો. એ વેલાએ અચબુચ શમુદરમાં થાએલા તોફાંનથી તે વાંહાંણુ ગરક થાઈઊં; પણ પાટીઆનો એક તખતો પાદશાહના હાથમા આવેઆથી, પાદશાહ ખોદાતાલાની તવકલ કરીને તે તખતા ઉપર ચડી બેઠો, અને ખોદાની ઈઆદમા મશગુલ થાએએો. પાટીઆંનો આ તખ તો એકાએક હબશીના મુલક તરફ ઘશડાઈને કીનારે લાગો, અને પા દશાહ ખુશકી ઉપર જાઈને તે શાહેબની કુદરત શંબંધી શોકરાના કરવા લાગો. એ પછે તે શેહેર મધે દાખલ થાએએો; પણ શગ લી દુકાનો બંધ જોઈ; માટે આશાએશ લેવાને થકી તે એક શોદા ગરના બાવરચીખાના આગલ દાખલ થાએઓ, અને એક નીચી જ ગા મધે ભરાઈને શુતો.

એ રાતના એવો બનાવ બનેઓ કે શોદાગરના ઘેર ઉપર ચો રોએ દરોરો નાખેઓ, અને તે શોદાગરને તેના એક ગોલાંમ, અને બે બાંડી શાથે મારી નાખીઆં, અને તેના ઘેર મધેની મતા લેઈને ની કલી ગીઆ. આ ખુનીઓએ ખુન કેમ કીધાં હતાં તેની ખબર ઈ મનના પાદશાહને હતી નહી, પણ કોઈ શંજોગને લીધે પાદશાહનાં કપડાં લોહીથી ખરડાએલાં હતાં. શહવાર પડી, અને ખુનની ખબર જાહેર થાઈ, અને ઈમનનો પાદશાહ રશતાની ઠાકને લીધે

ભર ઊંઘમાં પડેલો હતો. લોકોએ તેનાં કપડાં ઊપર લોહીના ડાઘ દીઠા, અને તે ઉપરથી તેને ખુની શહમજીને કેદ પકડીઓ, અને હબશીના પાદશાહની આગલ લેઈ ગએઆ. પાદશાહએ તેને પુછીઊં કે એ ચંડાલ માહરા શેહર મધે આ જબુન કામ નેં કીધું છે; પણ શોદાગરની મતા, જે તુંએ ચોરીચ તે કહે ઠેકાણેછે, અને તારા બીજા શોહબતીઓ કાંહછે તે શગલું જાહેર કર; નહી તરકે તુંને રીબાવીને મારી નાખેઆમાં આવશે. ઈમનનો પાદશાહ, હબશીના પાદશાહની આગલ રડી પડેઓ, અને બોલીઓ કે ગરીબ નવાજ, આ ખુનથી તે બીલકુલ અંજાણોછે. તે કાઈ ચોર બચો નથી, પણ એક પાદશાહ જાદોછે, અને વાંહાંણમા બેશીને શમુદરની શેહલવાહ કરતો હતો, એટલામા દરીઆવના તોફાન થી વાંહાંણ ગરક થાઈઊં, અને કેટલીએક મુશકેલે એક પાટીઆંની મદદથી તે આ દશા તરફ નીકલી આવીઓછે. રાતનો શમો હોવાથી ઉતારાની જગા કેથે નહી જોઈ તારે, શોદાગરનો બાવરચી ખાનાનો તેણે આશરો લીધો હતો; એ શીવાએ તેને બીજી કશી પ ણ ખબર નથી. પાદશાહએ તેને પુછીઊંકે જારે એ ખુન શંબંધી તુંને કશીએ ખબરજ નથી તારે, તારાં કપડાં લોહીથી શામાટે ખ રડાએલાંછે ? ઈમનના પાદશાહએ જવાબ દીધો કે શાહેબ,એજ વાત ને માટે તે પોતે પણ અંદેશામાં પડેલોછે કે તે એક અલાહેદી જગાએ શુતેલો હતો, અને તેવું છતાં તેનાં કપડાં લોહીથી શામાટે ખરડા એલાંછે ? આ ઊપરથી હબશીના પાદશાહને ગોશો ઉપજીઓ, અ ને તે ઊપરથી હોકમ કરેઓ કે એને લેઈ જાઈને તલવારથી કતલ કરો. ઈમનના પાદશાહએ નમનતાઈ શાથે અરજ કીધીકે ઓ નેક બખત પાદશાહ, જો તું ઈનશાફને અદલ ચાહતો હોએતો, મને મારવામા શેતાબી કરવી નહી. અગરજો તું શબુરી અખતીઆર કરશેતો, આ ખુન શંબંધી ભેદ જાહેર થાશે, અને મારી બેગોનાહી આશ કારા થાશે. એ ઊપરથી હબશીના પાદશાહએ કીધેલા હોકમ પર માણે, ઈમનના પાદશાહને બેડી ઠોકીને બંધીખાંને કેદ કીધો, અને તે ઠેકાંણે બેશીને તે પાદશાહ પરવરદેગારને ઈબાદ કરવા લાગો.

ઈમનનો પાદશાહ વાંહાંણ મધે શેહલગાહ કરતો હતો

તારે વાંહાંણુ ગરક થાઈઉં, અને પાદશાહનો પતો નહી મલીઓ તારે, તેનો ગોલામ "અમરેહુ" એક વાંહાંણુ મધે બેશીને તેની શોહબતને શાટું નીકલીઓ, અને દેશે દેશ ફરવાનો ઈરાદો રાખેઓ; પણ ખોદાનુ કરવું એવું થાઈઉં કે શમુદર મધે અકશમાત વલી તોફાંન થાઈ આવીઉં, અને પાંણીના મોજાથી "અમરેહુ" નાં વાંહાંણુને હબશીના શેહરને કીનારે લેઈ જાઈ મેલીઉં. "અમરેહુ" એ પરવરદેગાર આગલ દુઆ માગી, અને કીનારે ઊતરોને શેહર મધે દાખલ થાએઓ; પણ તે નહી જાણતો હતો કે તે શેહર તેનું પોતાનુજછે. વશતીમાં ફરતાં કેટલાએક લોકોએ તેને ઓલખી ઓ, અને તે ઉપરથી પકડીને પાદશાહની નજદીક લેઈ ગએઆ, અને પાદશાહએ તેને ઓલખીને ગલે લગેટેઓ, અને એ ખુશાલીને માંટે કેટલાએક દીવશો ગમનમાં ગુજરેઆ, અને પાદશાહ જાંહ જાએ તાંહ તેને પોતાની શાથે લેઈ જાતો હતો. જે બંદીખાનામા ઈમનના પાદશાહને કેદ કીધેલો હતો તે બંદીખાંનુ એક જંગલમાં હતું, અને તે જંગલી લીલોતરીની વનશપતીથી શીણુગાર પામેલું હતું, અને તે જંગલ માંહેથી પાંણીની એક નદી વેહતી હતી. પાદશાહનો રવઈઓ એવો હતો કે ઉપલી નદીને કીનારે દર રોજ બાંમદાદની વેલાએ બંદીવાનોને ખુદરતી ઐલ ઈઆને (જાહડો) કરાવવા માટે લેઈ જાતા હતા, અને કેટલાએક વખત શુધી તે ખુશનમા હવામા તેઓને બેશાડીઆ પછે, પાછા બંદીખાના મધે લેઈ જાતા હતા. દરરહંતે પાદશાહ પણ તે ઠેકાંણે જાતો હતો, અને તે વેલાએ શગલા બંદીવાનોને હારેહોર ઉભા રાખતા હતા, અને તેઓ મધેથી શગલાઓની ખબર પુછતો હતો, અને જેઓ અરજ કરે તેઓનુ શારી રીતે શાંભલીને તે ઉપર ધીઆન આપતો હતો. એક દીવશે હબશીનો પાદશાહ, પોતાના રવઈઆ પરમાણે બંદીખાના આગલ ગએઓ, જે વેલાએ તેનો દીકરો "અમરેહુ" બી તેની શાથે હતો, અને તે બંદીખાંનાની દેવાર જે ઉપલી નદીનાં કીનારા શુધી હતી તે દેવારની પાછલ ઉભેલો હતો. ઈમનનો પાદશાહ બંદીખાંનાંની તે દેવારની આશપાશ ફરતો હતો, પણ તેણે "અમરેહુ" (પોતાના) ગોલામને જોએઓ નહી હતો. પેલો દેવારની ઉપર એક કાગડો

બેઠો, અને મોટે અવાજે બોલવા લાગ્યો. એ ઉપરથી ઈમનના પા દશાહએ ચાહીઉં કે કાગડાને મારેતો તેના મોટા અવાજના કંટાલા મધેથી ખલાશી પામે. એ વીચારથી આશપાશ ઢેપું શોધવા લા ગ્યો; પણ એક ચોખુન હાડકું તેની નજરે પડીઉં, જે ઘણાજ બ લથી પેલા કાગડાની તરફ ફેંકીઉં. આ વેલાએ એવો મામલો બ નીઓકે તે હાડકું કાગડાને બદલે "અબરેહે" નામના હબશીના પા દશાહના છોકરાના કાનના ચાબકાંમા લાગું, જેથી તેનો કાન શરથી છુટીને નીચે પડી ગએઓ. આ ઉપરથી "અબરેહે" પોકાર ઉ ઠાવીઓ, અને હોકમ કીધો કે હાડકાંના મારનારને શોહધી કાહડે. એ ઉપરથી બેદમતગારો બંધીખાનાં મધે દોડી ગએઆ, અને શો હધ કીધાથી તે હાડકાંનો મારનાર ઈમનનો પાદશાહ ઠરેઓ. એ ઉપરથી તેઓ તેને પોતાના પાદશાહની પાશે લેઈ ગએઆ, અને જ ણાવીઉં કે એણે હાડકું મારીને "અબરેહે" નો કાન કાપી નાખે ઓ. પાદશાહ તેની ઉપર ઘણોજ ગોશે થાએઓ, અને બોલીઓકે એ બેઅદબ, તુંએ કીધેલાં ખુનનાં બદલામાં મોહતના પંજા મધેથી હુંએ બચાવીને માતરે કેદ રાખેલોછે. એવી મારી તારી શાથની ભ લાઈ છતાં, તુંએ વલી બીજીવાર એવીજ બુરી ચાલ ચલાવીછે, મા ટે તુને અવે વધારેવાર ખોટી રાખેઆ વગર ગરદન મારવો જોઈએ.

ઈમનના પાદશાહએ જવાબ દીધો કે ખોદાવંદ, મારે હાથે હાલમા જે અપરાધ થાએઓચ તે અંજાણપણાનોછે, અને તેટલા હ લકા ગુનાહને શારૂં તેને ગરદન મારવો જોઈતો નથી; પણ અગ રનો મેં ખુન કીધું હતે, અને તેનો બરોબર પુરાવો મારી ઉપર થાએઓ હતેતો, મને ગરદન મારવો શજાવાર હતો. આપણા પે ગમબર હજરત મોહામદનો કોરાન મધે તાકીદનો હોકમછે કે ખુન ને બદલે ખુન લેવું; પણ અગરચે કોઈએ કોઈની આંખ ફોડીઆ મા આવી હોએતો, તેનીબી આંખ ફોડવી; કોઈએ કોઈનુ નાખ કાપીઉં હોએતો, તેને બદલે તેનુંબી નાંખ કાપવું, અને અગરજો કોઈએ કોઈનો કાંન કાપેઓ હોએ તો તેને બદલે તેનોબી કાંન કાપ વો વાજેબછે. એજ રવેશ જવી રીતનો જેણે અપરાધ કીધો હો એ તેવીજ રીતનો બદલો લેવો જોઈએ; માટે ઓ નેકબખત પાદ

શાહ મને ગરદન મારવો તું ને રવા નથી. એ ઉપરથી હબશીના પાદશાહએ જલાદને હોકમ કીધો કે એનોબી કાંન કાપે, જે ઉપર થી જલાદ તેની આગલ ગએઓ,અને જોએછે તો તેનો એક કાંન નહી હતો. આ ખબર જલાદે હબશીના પાદશાહને આપી, અ ને તે ઊપરથી પાદશાહએ ઈમનના પાદશાહને પુછીઊં કે શું તુ એવાંજ કાંમો કરેછે કે જેથી તારો એક કાંન કાપેઆમો આવીઓ છે ! અગરજો તું ચાહતો હોએતો, તારા જીવથી તું ને ખલાશ ક રું; માટે રાશતી બોલ કે આ તારો કાંન કોંણે કાપેઓછે, અને તે કાપવાનું કારણશું; ઈમનના પાદશાહએ જણાવીઉંકે—પાદશાહની જીંદગી લાંબી હોજો. મારા કાન વીશેનો ખોલાશો એવોછે કે હુ ઈમન શેહરનો પાદશાહ છેઉ, અને હબશી જાતનો એક ગોલામ મારે તાંહછે, જેનું નામ "અબરેહે" કરીનેછે. એક દીવશે હું શેકારને માટે ગએઓ, અને એક હરણ ઉપર મે ઘણા તીર ફેં કીઆ, પણ એકે કારગત નહી લાગો, અને તે ઉપરથી મારી પા છલ મારા ગોલામે એક ચોરશ તીર તે હરણ ઉપર ફેંકેઓ, જે મારા કાનને લાગુ થાએઓ, જેમ કે આજ દીને હુંએ એક કાગ ડાની ઉપર હાડકું ફેંકીઉં, અને તે તારાં માણશને વાગું છે; પ ણ તે મારા ગોલામને હું ઘણો ચાહતો હતો, અને મારા એક મીતર દાખલ ગણતો હતો; માટે મેં તેનો તે ગુનાહ માંફ કીધો હ તો. આ વાત શાંભલતાંજ, પાદશાહ અચરતીમાં પડેઓ, અને પો તાના દીકરા "અબરેહે" ને પોતાની નજદીક બોલાવીઓ, અને પુ છીઉંકે આ આદમીને તુંએ કોઈ વાર દીઠું હતું ? "અબરેહે" ઈમનના પાદશાહની નજદીક ગએઓ, અને પોતાના શેઠને ઓલખ તાંજ તે તુરત તેને પગે પડેઓ, અને પોતાનું માંથું ખાકમા નાખી ઘણો પશતાવો કરવા તથા ખાકમાં લેટવા લાગો. પોતાના દીકરા ની આ હીલચાલ જોતાંજ, હબશીનો પાદશાહ તખત ઉપરથી ઊડી ને ચાલતો થાએઓ, અને ઈમનના પાદશાહની નજદીક જાઈ, તેને શેજદો કરીને બગલમાં લીધો, અને તેની આગલ ઘણી ઓજરખ વાહી કીધી, અને પોતાની તકશીર વીશે રડીને તેની પાશે માંફી માગી. એ પછે ઈમનના પાદશાહને પોતાના ઈમામ મધે મોકલી

ને પાદશાહી પોશાક પેહરાવીએા, અને એક ચુનંદા ઘોડા ઉપર બે શાડીને મોટા દબદબા શાથે પોતાની દરબાર મધે લેઈ ગીએા, અ ને ઘોડા, ગોલાંમ, બાંડી, અને તે બીગરે કેટલીએક ચીજની તેને ભેટ કીધી, અને બે માશ શુધી તેની અછી રીતે બરદાશત કીધી, જે અરશામાં રાત દહાડો "અબરેહુ" તેની તાબેદારી કરતો હતો. એતેકાફ એવો બનીઓકે પેલા શોદાગરને મારનારા ચોરોનો પતો ખા દશાહને મલીએા, અને તે ઉપરથી તેઓને પકડીને ગરદન મારેઆ. ઉપલી મુદત પછે હબશીના પાદશાહુએ ઈમનના પાદશાહને ઘણા ઉનચા તોફા, અને પાકીજે ટબાકો આપી મોટી ઈજત, અને તા આજીમ શાથે, લશકરી એક મોટી ફોજના માન શાથે તેના શેહેર ત રફ રવાના કરેઓ, જેથી તે પાદશાહ મોટી ખુશાલી શાથે પોતા ના શેહર મધે દાખલ થાએઓ, અને પોતાના તખત ઉપર કરાર પકડીઓ, અને એશ આરામ કરવા લાગો. પોતાની શાથે આવે લાં હબશીના લશકરને કેટલીએક ઉનચી ચીજોની વેંહચણી કીધી, જેથી તેઓ મધન થાએઆ, અને એજ પરમાણે હબશીના પાદશા હને માટે કેટલીએક તોફો ચીજો ભેટ આપી તેઓને હબશીના મુલ ક તરફ રવાના કરેઆ.

અવે બખતીઆર પોતાના પાદશાહ આજાદબખતને કેછે કે અ ગરજો ઈમનના પાદશાહુએ પોતાના ગોલામ "અબરેહુ"ને તેની ત કશીર માફ નહી કીધી હતેતો, ઉપલાં શંકટ મધેથી મોકલો થાઈ ને તે પોતાના મુલકમા નહી દાખલ થાતે, અને પોતાના મુલકની પાદશાહી પાછી નહી મેલવતે. તેજ પરમાણે હબશીના પાદશાહુ એ પેલા શોદાગરના મરણને માટે ઈમનના પોદશાહને મારી નાખી ઓ હતેતો, જારે તે ખુનીઓનો પતો હાથ લાગતે તારે, તેને મા ટો પશતાવો ખેંચવો પડતે, અને વલી તેનો દીકરો "અબરેહુ" પો તાના શેઠની શોહબતને માટે પોતાના બાપને મુલક ગએઆ પછે, પો તાના પાદશાહને લગતી વાત કરતે, અને તે ઉપરથી ઈમનના પાદ શાહની ઓલખ હબશીના પાદશાહને મલતે, તે વેલાએ તેના આગ લા અકશોશમા બેવડો વધારો થાતે; માટે એ આજાદબખત પાદશા હ, તુપણ મને મારી નાખવામા ઉતાવલ નહી કરે, અને પાંચ શા

ત દાહડા શબુરી પકડેતો, તે કીરતારની મેહરોબાનીથી મારી બે ગોનાહી પણ તું ને રોશન થાશે. એ વેલાએ દીવશ અશટ પામ વાને લીધે પાદશાહએ કીધેલા હોકમ મુજબ બખતીઆરને પાછો બંધીખાને લેઈ ગએઆ.

બાબ ૬ ઠો.

પાદશાહ દાદબંદે પોતાના કામગાર વજીરને મારવા પછે પશતાવો કરવા બાબે.

છઠે દીવશે જારે આફતાબે પોતાના કીરણ જમીન ઉપર પ રકાશીઆં તારે, પાદશાહ આજાદબખત પોતાના તખત ઉપર બી રાજીઓ, અને કચેરીમા શગલાઓ બીરાજીઆ પછે, પાદશાહનો છઠો વજીર પાદશાહની આગલ ગએઓ, અને પાદશાહની વખાણ તથા તારીફ કીધા પછે, બખતીઆરને મારવા બાબે પોતાના પરાક રમ લગાવીઆં કે—જે પાદશાહઓ પોતાના મુલકનુ ભલું ચાહેછે, તે પાદશાહઓ પોતાના દુશમેનોની જડબેખ ઉખેડી નાખવાને ખંતી હોએછે. આપણી પાદશાહતના વખતમા ઘણા દુશમેનો થાઈ ગ એઆછે; પણ તેઓમા બખતીઆરના જેહવી બુરી ચાલ કોઈએ ચ લાવી નથી. બખતીઆર એક ચોર બચોછે, અને તેને જો જીવ તો રેહવા દીધોતો, ટક મલીઆથી તે કેવું માઠું પરીનામ લાવશે, તે વીશેનું ભવીશ કેહવાઈ શકાતું નથી; માટે પાદશાહએ તેને જી વતો રાખવો જોઈતો નથી. પાદશાહના હોકમથી બખતીઆરને કચેરી મધે લેઈ ગએઆ, અને પાદશાહએ જલાદને હોકમ કીધો કે તુરતજ બખતીઆરને તેજ તલવારથી ગરદન મારે. જલાદ બખ તીઆરની નજદીક પોહચીઓ કે બખતીઆરે તેને શબર રેહવાને ફરમાવીઉં, અને પાદશાહને દોઆ કરીને અરજ કીધી કે:—

હું ચાહુંચ, અને નીશચઅ કરૂંચ કે અવેથી એક શખુનઓ

નહી બોલું, અને પાદશાહ જેબી હોકમ કરે તેને આધીન થાઉં; પ
ણ જરે લમબાણ વીચાર કરૂંચ તારે માલમ પડેછે કે મુગો રેહવા
થી, અને પોતાની બેગોનાહી જાહેરમા નહી આણેઆથી, એવું ઠડે
છે કે મારા ખુન શંબંધી ગોએઆ હું પોતે કોશીશ કરૂં, ઈઆને
મારે હાથેજ હું મારેઓ જાઉં. પાદશાહને ઘટમા નછે કે મને માર
વામા શેતાબી નહી કરે; કાંકે હું એકીનથી કેહું છેઉં જે પાદશા
હ મને મારેઆથી શેવટે પશતાવો કરશે, અને મોટી અકશોશ શા
થે નીરઆશ થાશે; કાંકે હું ખરેખરો બેગોનાહ છેઉં. પાદશાહ
"દાદબંદે" પોતાના "કારદાર" નામના વજીરના કેહવા ઉપરથી
પોતાના "કામગાર" વજીરને મારેઓ હતો, અને જહવારે પાછલ
થી માલમ પડીઉં કે "કામગાર" વજીર બેગુનાહ હતો તારે, પા
દશાહ પશેમાન થાએઓ, અને જેમ તેને અકશોશ કરવો પડેઓ તે
મ, એ નેક ખશલતના પાદશાહ આજાદબખત મને મારેઆથી તુ ને
બી પાછલથી પશતાવો કરવો પડશે. પાદશાહ આજાદબખતે બખ
તીઆરને પુછીઉં કે પાદશાહ "દાદબંદ" કોંણ હતો, અને "કાર
દાર" તથા "કામગાર" નામના વજીરોની ખટપટ શું છે, તે વાત
નો ખોલાશો થાવો જોઈએ. એ ઉપરથી બખતીઆર અદબ બ
જા લાવેઓ, અને જણાવીઉં કેઃ—

"દાદબંદ" નામનો એક પાદશાહ હતો, અને તેને તાંહ "કા
રગાર", તથા "કામગાર" નામના બે વજીર હતા, જેઓને એક
બીજામા એખલાશ નહી હતો. કામગાર વજીરને તાંહ એક બેટી
હતી, અને તે ખુબશુરતી ઘણીજ ધરાવતી હતી. એક દીવશે પા
દશાહ શેકારને માટે શેહર બાહેર ગએઓ, અને પોતાની શાથે કા
મગાર વજીરને લીધો, અને શેહરની નગેહબાની રાખવાનુ કામ કા
રદાર વજીરને શોકીઉં, જેને માટે કારદાર દર રોજ શેહરના જુ
દા જુદા રશતાઓ ઉપર તપાશ કરવાને ફરતો હતો. ફરતો ફર
તો એક દીવશે કારદાર વજીર, પોતાના શોહબતી કામગાર વજીર
ના ઘેહર તરફ ગએઓ, અને નજર ફેરવીને જોતાં "આગાશી"
ઉપર કામગારની બેટી તેને માલમ પડી, જે પોતાના બાલ શુકવ
તી હતી. આ છોડી ગોએઆ એક પરીને ચેહરેની હતી, માટે

કારદાર વજીર તેની ઉપર આશક થાએએા, અને તેને મલવા મા ટે ગોએએા દેવાનો બનેએા. કામગાર વજીર ઘણેા ડાહેએા, શહે મન્દુ, પરહેજગાર, અને "ઈશવરી વહી" શાહમનતો હતો, પણ કારદાર નાતરશ, કપટી, બદકાર, અને જુલમગાર હતો, જે હકીકતથી તે શેહરના લેાકેા વાકેફ હતા. કારદારે પેાતાના દીલ શાથે અંદેશેા કીધેા કે કામગાર પરહેજગાર, અને "ખેાદાશનાશ" અને વલી તેની શંગાથે હશદ ધરાવેછે, તારે અવે એલાજ એજછે કે પાદશાહ શેકારગાહથી આવે તારે, તેની આગલ કામગરની બે ટીના ચેહરાની હું પુશકલ શેફત કરૂં કે પાદશાહ તેની ઉપર આ શક પડે, અને કામગાર પાશેથી તેની માંગણી કરે. આ કામ નકી થાએઆ પછે, હું તે છેાડીની ખામી, અને એબ વીશે પાદ શાહ આગલ કેટલુંએક વરણુન કરૂં, કે જેથી પાદશાહ તેને ના પશંદ કરે, અને તેમ થાએઆ બાદ, પાદશાહની પાશેથી હું તેને માંગી લેઉં.

પાદશાહ શેકારગાહથી શેહરમા દાખલ થાએએા, અને કારદાર વજીરને બેાલાવીને શેહરના લેાકેા શંબંધી ખેર ખુશાલી પુછી. કા રદારે પાદશાહને કુંનશ બજાવી કહીઉં કે શેહરની રઈઅત તરેાતા જગી શાથેછે; પણ એ બાબેની તપાશ કરવા રશતાએા ઉપર ફર તાં તેણે એક અજાએબ શરબેા દેખાવ જોએએાછે, અને તેવેા દે ખાવ તેણે પેાતાની આખી ઉંમરમાં દીઠેાજ નથી. પાદશાહુએ પુ છીઉં કે એવેા દેખાવ તે શુંછે તેનેા ખેાલાશેા કરવેા જોઈએ. એ ઉપરથી કારદાર વજીરે પાદશાહ આગલ કામગાર વજીરની બેટીની ખુબશુરતી શંબંધી એવી તાલમેલથી વરણુન કીધું કે તેને જોએ આ વગર પાદશાહ તેનેા આશક થાએએા, અને કારદાર વજીરને પુછીઉં કે તારે એને મેલવવાની તદબીર કેવી રીતથી કરવી જોઈ એ. કારદારે પાદશાહને શાહલા આપી કે એ કામ ઘણુંજ શેહ લુંછે, અને તેને માટે દેાલત કે પઈશા ખરચવાને કશીએ જરૂર ન થી; તેમજ કાશદ, અને પેગામ મેાકલવાની ગરજ નથી; માટે એ છેાકરી વીશેની માંગણી મેાહડે મેાહું કામગારથીજ કરવી જોઈએ કે શરમનેા મારેએા તે કબુલજ થાશે. એ વાત પાદશાહની નજ

રમાં દરશત આવી, અને તે ઉપરથી તેણે તુરતજ કામગાર વજીર ને બોલાવી મંગાવીઓ, અને તેની દીકરીની માંગણી કીધી, અ ને જણાવીઉં કે અગરજો એ વાત તું કબુલ રાખે તો હું મારી શગલી દોલત, અને તાજ તખત શઉ તારે શવાધીન કરૂં. એ ઉપ રથી કામગારે જણાવીઉં કે અએ પરજાની પનાહ રાખનારા પાદ શાહ, અગરજો તે એકશો દીકરી ધરાવતો હતે તો, તે શગલી તા રી જનાબમાં હાજર કરવાને હરગોજ ભુલતે નહીં. ચાકરજાદી પુગ તી ઊંમરનીછે; માંટે એ વાતની શહલા તેને પુછું, અને તેની રજા લેઈને દીનના હોકમ મુજબ તારી ખેદમત બજા લાઉં. પાદશાહએ તેને તુરત ઘેર મોકલીઓ કે તે પોતાની દીકરીથી પરપુછ કરે. કા મગારે ઘેર જાઈને એ શગલી હકીકતથી પોતાની દીકરીને વાકેફ કી ધી. એ ઉપરથી કામગારની દીકરીએ પોતાનાં બાપને જવાબ આ પેઓ કેઃ—

પેહલું એ જે હું પાદશાહને લાએક નથી.

બીજું એ જે પાદશાહની ખીદમતમા હકતાઆલાની બંદગી કરી નહી શકું.

તરીજું એ જે પાદશાહ થોડી તકશીરથી આજાબ કરે.

કામગારે પોતાની દીકરીને પુછીઉ કે તારે અવે એની તદબી ર શું છે. અગરજો એક શખુન પાદશાહને કેહું, અને તેની મરજી થી ઉલટો હોએ તો, મને મારી નાખવાને કોશેશ કરશે. વજીરની દીકરીએ શહલા આપી કે એ વાત તું પાદશાહ આગલ કબુલ ક ર; પણ તેને વાશતે લાભબા દીવશની મેહતલ માંગ કે તે અરશા માં આપણે આ દેશ છોડીને નીકલી જાઈએ. એ મશલેહત પશંદ કરીને કામગાર પાદશાહની હજુરમાં ગએઓ, અને અરજ ગુજારી કે ચાકરજાદી પાદશાહની ખેદમતમા શરફરાજ થાઈછે; પણ દશ દીવશની મેહતલ માગીછે કે એ અરશામાં ઓરતોની જે મશલેહત હોએ તે કરે. એ વાત પાદશાહએ કબુલ કીધી, અને વજીરને ફરમા વીઉ કે એ મુદત લગે તેણે ઘેર આગલજ રેહવુ, અને જે કામ ઘ ટારત હોએ તે તુરત કરવું. કામગાર પાદશાહને શેજદો કરીને ઘેર ગએઓ, અને શેહર છોડીને બાહેર નીકલી જવાના કામમાં મશગુ

લ થાએએો, અને પાંચમે દીવશે તે પોતાની દીકરીને લેઈને શેહર મધેથી નીકલી ગીએો. આ વાતની ખબર બીજે દીને કાદર વજીરને થાઈ, અને તેણે તે વાત પાદશાહ આગલ જાહેર કીધી. પાદશાહએ એ બીનાં શાંભલતાંજ હોકમ કીધો કે નવજુવાં ન, અને લડાએક બશો અશવારોને તેઓ પાછલ દોડા વે, અને જાંહ મલે તાંહથી તેઓને શંભાલથી પકડીને અતરે લાવે. એ વેલાએ કારદાર વજીરે અરજ કીધી કે—અગરજો પાદ શાહનો હોકમ હોએ તો, આ કામ બજાવવાને તે પણ જાએ. પાદ શાહએ હોકમ આપેઆથી તે પણ પેલાં લશકરની શાથે ગએએો, અને શંધેશા મેલવતો તે આગલ ચાલવા લાગો. દશમે દીવશે એ ક તલાવને કીનારે કામગાર વજીર પોતાની દીકરી શાથે બેઠેલો મા લમ પડેએો. આ વેલાએ તે બંધે બાપ દીકરાને કારદાર વજીરે બાં ધવાનો હોકમ કીધો, અને તેઓનાં મુશકા ટાઈટ કરીને શેહર મધે લેઈ ગએેએો. પાદશાહની આગલ તેઓને હાજર કીધાથી, પાદશાહ તેઓને જોઈને હશીએો, અને કામગારને બોલીએો કે અએ હરામ જાદા, તું કાંહ જાતો હતો, એટલુ બોલીને પોતાનાં હાથમાં લોહડાં નો એક ગુરજ હતો તે ઉઠાવીને તેનાં માથાંમાં મારેએો, જેથી તેનું ભેજું નીકલી પડેઆથી તુરતજ મરણ પાંમીએો. એ પછે પાદશા હએે કામગારની દીકરી તરફ નેગાહ કીધી; પણ તેનુ હોશાન જો તાંજ તેનાં દીલમા દએેઆ આવી, જેથી તેને મેહલ મધે મોકલાવી, અને તેની રજામંદીથી દીનના હોકમ પરમાંણે તેની શંગાથે પોતા નાં નેકા કરીને મોરાદે પોહચીએો. તે બેટી હકતાલાની બંદેગીમા મશગુલ રેહતી હતી, અને ઘણીએક આશાએશ પાંમતી હતી. કા રદાર તે બેટીને માટે બેકરાર રહેલો હતો, અને ચાહતો હતો કે એક ચીજથી બદનામ કરે. બનાવ એવો બનીએો કે પાદશાહને એ ક દુશમેન પેદા થાએેએો, અને પાદશાહ લશકર એકઠું કરીને તે ની શામણે લડાઈમાં ગએેએો, અને શેહરની પાશબાનીનું કામ કા રદારનાં હવાલામાં આપીઉં. કારદાર હરરોજ કામગારની દીક રીને માટે ઘણોજ દરદમંદ હતો, અને તેને વાશતે કેવો એલાજ લીએ તેના વીચારમાં હતો. એક દીવશે તે પાદશાહજાદી પોતાના મેહલમા

હતી તે વેલાએ કારદારે દુરથી તેને શેનદો કરેએો,અને નજદીક જા ઈને એલતેમાશ કીધી કે એક મુદત થાઈ તારા ઈશકનો તરશેએો છેઉં. તારી ઉપર હું આશક થાએલો છેઉં, અને તારે માટે હું દેવાનો બનેલો છેઉ; માટે તુને ઘટારતછે કે હું બીચારાના જીવનો બચાવ કરે, અને મારી શાથે હમબીશતર થાએ. અગરનો તું રા જી હોએતો,. આપણે આ મુલક છોડીને બાહેર નીકલી જાઈએ; કાંકે મારી પાશે એટલીતો મતાછે કે તુંને કશી પાંતીથી હાજતમંદ નહી કરશ. અગરજો તું અખતીઆર કરેતો, પાદશાહને તાજ ત થા તખતથી હલાક કરીએ, અને તેને મારી નાંખીને તેની પાદશા હત આપણે લેઈજીએ. એ પાદશાહી તખત હું તારે શવાધીન કર શ, અને બંધે હાથ જોડીને હું તારી ખેદમતમા હાજર રેહશ. હું તારી તાબેદારી કરશ, અને તારા શખુનથી હરગેજ પાછો ન હી ફરશ.

કામગારની બેટી પાદશાહજાદીએ કારદારને જણાવીઉં કે— તું બેમુરવતછે, અને પરવરદેગારનીબી શરમ નથી કરતો, અને પો તાના ખાવંદના હકમા એવી રીતનો બદ વીચાર રાખેછે. તારા ફરેબમાં ફશીને કેઆમતને દાહડે તે કીરતાર આગલ હું શું જવા બ દેઉં.

કારદારે તેને જણાવીઉં કે એ પાદશાહની ઉપર તું એટલુ બધું દીલ શા માટે રાખેછે; તારા બાપને એણે બે ગુનાહ મારી નાએેઓ, અને તેની વફાદાર ચાકરી ઉપર નજર નહી રાખી.

કામગારની દીકરીએ કહીઉ કે મારા બાપને માટે ખોદાતાલા નો એવોજ હોકમ થાએેઓ હશે, અને મારે શારૂંબી તે કીરતાર જે હોકમ કરશે તેજ બનશે; માટે તું તારા જીવને મેહનતમા ના નાખ. એટલું કહીને તે પોતાના ઓરડા મધે જાતી રહી.

કારદાર પોતાનાં મકરમાં નીશફલ થાએઆથી ઘભરાએેઓ, અને વીચાર કીધો કે કામગારની દીકરીએ પોતાનુ પતીવરતાપણું મજબુતાઈથી જાલવેલું છે, માટે અવડાં થાએલી ભાંજઘડ શંબંધી બીના તે પાદશાહ આવીઆથી તેની આગલ જાહેર કરશે, જેથી તેના જીવની ખોહવારી થાશે. એટલા માટે અત્રે કોઈ એવી ઈઉ

કતી ચલાઉં કે પાદશાહ શેહરમા આવે તેની આગમચ હું તેની આગલ જાઉ, અને કામગારની દીકરી ઉપર કાંઈ તોહમત ઊઠાવી પાદશાહને જાહેર કરૂં કે પાદશાહ શેહર મધે આવીઆ પછે. તે અ શતરી મારે વાશતે વાત કરેતો, પાદશાહ તે કબુલ નહી રાખે. આ તોહમત શું ઊઠાવે, અને એની હીકમત કેમ કરે, તે વાતનાં વીચા રમાં કેટલાએક દીવશો નીકલી ગએઆ, અને તેહવામાં હલકારા ઓ પાદશાહની ફતેહ થવા શંબંધી ખબર શેહરમાં લાવીઆ કે પાદશાહ લડાઈ ફતેહ કરીને શેહર તરફ પાછો ફરેઓછે. એ ઉપર થી પાદશાહના અકાબરો, અને તે વીનાએ લોકો કેટલીએક મંજલ શુધી તેને એશતકબાલ લેવાને ગએઆ, અને તેઓની શાથે કારદાર વજીર પણ પોતાનુ લશકર લેઈને ગએઓ હતો. જારે તે શગલાઓ પાદશાહની નજદીક પોહચીઆ તારે, પાંઉપેઆદા થાઈને પાદશાહ ની આગલ ગએઆ, અને કારદાર વજીરે પાદશાહની આગલ જાઈ કુંનશ બજાવી,અને તે પછે પાદશાહની જમની બોરદુ ઉપર તેની શાથે ચાલવા લાગો. એ વેલાએ પાદશાહ શેહરની આબાદી વીશે પરપુછ કરતો હતો,અને તેનો જવાબ કારદાર વજીર આપતો હતો. આ જોગ વાઈનો લાભ લેઈને કારદારે પાદશાહની આગલ વાત છેડી, અને બોલીઓ કે અએ નેકબખત પાદશાહ, તારી દોલત તથા ઊમર જી આદે હોજો. એક વાત મેં શાંભલીછે તે તારી આગલ કેહવાને લા એક નથી; કાંકે તે શાંભલવાથી પાદશાહને નાખુશી ઉપજશે. પા દશાહએ શોગંદ લેઈ જણાવીઉં કે જે કાંઈ હોએ તે શુખેથી કેહ. કારદારે કહીઉં કે તે વાત કેહવાની મારામા કુદરત નથી, અને હું ચાહતો નથી કે પાદશાહ મારે મોડેથી ખરાબ શખુનોથી ભરેલી વા ત શાંભલે, જેથી પાદશાહનું દીલ ચોંકીને દલગીર થાએ. અગરજો તે વાત નથી કેહતો, અને પાછલથી તે વાતની ખબર પાદશાહને થા ઈ તો, મારી ઉપર ગોશી થાએ. પાદશાહે કહીઉ કે તારી ઉપર મારો પુરતો ભરોશોછે, અને હું જાણુંચ કે તું એકબો શખુન ભ ને ખોટો નહી કેહશે. કારદારે પરવરદેગારના શપત લીધા, અને બોલીઓ કે કેહવતછે કે તમામ આતશ બુજાવી નાખીને માતરે એ ક છટકલો રેહવા દીધો હોએતો, તે તમામ જેહાનને બાલીને ભશમ

કરેછે; તેમજ શાંકને મારી નાંખીને તેનાં બચાંની પરવરશી કીધામા આવી હોએતો, તે તમામ આલમના લોકોને જીઆન કરેછે.

કારદારે પાદશાહને જણાવીઉં કે એક દીવશે જારે, તે પાદશા હના મેહલની તકેદારીને માટે અંદર ફરતો હતો તારે, તેના કાન મધે બે આશનાવોનો આવાજ આવીઓ, અને તે ઉપરથી ધીરજથી છુ પાઈને તે પેલા આવાજ તરફ ગએઓ, અને કાંન કરીને શારાં ધી આનથી શાંભલીઉં તો કાંમગારની બેટી "ઝર" નામના ગોલામ શાથે વાત કરતી જણાઈ, અને તે વાત ઉપરથી માલમ થાઈઉં કે તે ગોલામ તેનો આશક, અને તે બેટી તેની માશુખ હતી. એ વે લાએ તેઓ વચે એવી વાત થાતી હતી કે—જે વેલાએ પાદશાહુએ કા મગારને મારી નાખેઓ તે વેલાએ તેની એ બેટી ઘણીજ રડતી હ તી, અને તેને તુ નામદાર ઘણી રીતથી દેલાશો આપતો હતો. આ વેલાએ તે બેટીએ તુને અરજ કીધી હતી કે તેના બાપનો "ઝર" ના મનો એક ગોલામછે, અને તે ઘણો વીશવાશુછે, અને તેણે બચ ગીથી તેને પાલી હતી, અને તે તેના બાપ બરોબરછે; માટે તે ગો લામને તેની આગલ રાખવાને પાદશાહુએ હોકમ આપવો. જારે તેઓ વચે વાત થાતી હતી તારે, કામગારની બેટી ગોલામને એ વું કેહતી હતી કે જારે હું નાંવલી હતી તારે તુએ મને પરવરશ કીધીછે; માટે હું તુને હવડાં ઘણો દોશત કરીને ચાહુંછેઉં. ગે ઈ રાતના જારે હું તારી નજદીક આવી, અને તું ને બોલાવીઓ તારે, નેં મારી શાથે વાત નહી કીધી. જોકે હું નાંવપણાથી હું મેશે તારી નજદીક છેઉં. તારે ખાતર મેં મારા બાપને જુઠું શહમજાવીઉં, અને આપણે શેહર બાહેર નીકલી ગએઆં કે એમ કીધાથી તારી અને મારી જુદાઈ નહી થાએ. પાદશાહ તુને મા રી આગલ નહી રાખતો હતો; પણ તારે ખાતર મેં પાદશાહને ઘ ણો શંમજાવીઆથી તેણે મારી આગલ તુને રાખેઓછે; માટે હું તારી મદદથી મારા બાપનુ વેર લેવાને ઘણી ખુશીછેઉં, અને પાદ શાહને તાજ તથા તખતથી, અને આ જેહાંનથી ઉખેડી નાખું; કાં કે તેણે મારા બાપને બેતકશીર મારી નાખેઓછે. આટલા શુધી નો વાત મેં શાંભલી, અને તારે માટે જે ખરાબ શબ્દ વાપડેઆ

તારે, વધારે શાંભલવાને મારો જીવ કમકમીએો, અંને તેથી હું બા હેર નીકલી પડેએો, અને દરરોજ એ વાતનાં અંદેશામા હતો; પ ણ આજ દીને એ વાતનો અખતીઆર હું એ તારા હાથમા આપેએો છે• આ વાત શાંભલવાથી પાદશાહનુ દેલ ધુજીઉં, અને તેના મોહડાં નો ચેહરો ફીકો પડી ગએેએો• પાદશાહએે મેહલ મધે દાખલ થાએ આ પછે, "ઝેર" નામના ગોલામને પોતાની નજદીક બોલાવીએો, અને હાથમા તલવાર પકડીને તેના શરીરના બે ટુકડા કરી નાખી આ• એ પછે પોતાની બાએેડીને બોલાવી, અને તેને જણાવીઉં કે તુ તે આદમીછે કે મહને મારી નાખવા માટે ઝેર ગોલામની શાથે તેં મશલેહત કીધી, અને મને તજીને તેને અખતીઆર કીધો•

પાદશાહના આ શખુન શાંભલતાંજ કામગારની દીકરી પાંમી ગઈ કે આ હરામજાદી કારગારે કીધેલીછે,અને ચાહીઉં કે પોતા ઉપર વીતે લી હકીકતનો ખોલાશો કરે; પણ પાદશાહએે તેની ઉપર પોકાર ઊઠાવી એા, અને કહીઉં કે હજુર શખુન બોલવા માંગેછે; અવડાં તુંને ઝેર ની નજદીક મોકલું છેઉં• એટલું કહીને હોકમ કીધો કે એને કંમર મધેથા કાપીને બે કકડા કરે• એ વેલાએે કારદારે અદબ બજાવીને અરજ કીધી કે પાદશાહની ઊંમર દરાજ હોજો, પાદશાહએે એા રતોને મારવી શજાવાર નથી• મારી મશલેહત એછે કે એના હા થ પગ બાંધીને ઊંઠ ઊપર લાધવી, અને બીઆબાન જંગલ કે જાં હ આદમીની વશતી, અને પાંણી નહી હોએે તેવે ઠેકાંણે એનો મકા ન કરવો, કે જંગલની ગરમી, અને પાંણીની પેઆશથી એનો જાન બરબાદ થાએે• કારદારની આ ભલામણ પાદશાહને પશંદ પડી, અ ને તે ઊપર અમલ કરીને કામગારની બેટીને મુશકાટાઈટ કરી ઉઠ ઊપર લાધીને ઉંઠને શેહર બાહેર કાડી મેલીઉં• ઉંઠ જંગલ તરફ જાતું હતું, અને પેલી નીરદોશત અશતરી તડકાંથી હલાક થાતી હ તી; તો પણ તે પરવરદેગારની બંદેગીમા મશગુલ હતી• તેનુ ગલું પાંણીથી શુકાઈ ગએેઉં, અને બોલવાની તેનામા તાકાત રહી નહી, તો પણ તે પોતાના મન શાથે મોનાજાત કરતીં હતી, અને કેહતી હ તી કે ઓ ખોદા, તું જાંણેછે કે હું બેગોનાહ એક બેચારી ઓરત છે ઉં• અગર તેં મારી ઉપર મોહતનો હોકમ કીધોછે તો એકવાર

મારાં મોહડાંમાં તરી લાવ; કાંકે હું તારા એક પણાંની ગવાહી દે ઉં છેઉં. આગલ ચાલતાં એકાએક ઉંઠ નીચે બેશી ગએઉં, અ ને લેટ મારવા ગએઉં, જેથી તે બેટી નીચે ગબરી પડી, અને જમીન ઉપર ઉભી થાઈને જોએછે.તો પાંણીનુ એક શુંદર તલા વ તેને જણાઈઉં, જેની આશપાશ લીલી હરીઆરી શરીખી ઘાંહ શ ઉંગેલી હતી. તે પાંણીની આગલ પેલી ગેઇ, અને પાંણી પીઈ ને તંદરૂશત થાએઆ પછે, ઉભી રહીને પરવરદેગારની બંદેગીમાં મ શગુલ થાઈ. આ જંગલમાં જાહડનો છાંહેઓ નહી હનો; માટે પરવ રદેગારે આપેલી વાચાથી પેલુ ઉઠ ઉકીને તેની ઉપર પોતાનો છાહેઓ, નાખીને ઉભું રહેઉં. ખોદાનુ કરવું એવું બનીઉં કે એક શારબાંન ને હાથે પાદશાહના કેટલાંએક ઉઠ ગુમ થાએઆં હતાં, અને તેની ધાશતીથી તે શારબાન પાદશાહની આગલ નહી જાતો હતો, અને ઊ ઠો મેલવવા માટે શેહરની આશપાશનાં જંગલો મધે રખડતો હતો, તે શારબાન એકાએક તે જંગલમા પેલી છોકરીની નજદીક જાઈ પુગેઓ. તે એક ઉનચી જગા ઉપર હતો, અને તાંહથી તે બેટીને જોઈને નીચે ઉતરી તેની આગલ ગએઓ. એ વેલાએ તે બેટી ખોદાની બંદેગીમા મશગુલ હોવાથી શારબાને વીચાર કીધો કે એ બેટી નીમાજથી ફારેગ થાએ ને પછે એની પાશે જાઉં. શારબાને પાંણીનો તલાવ જોએઓ,અ ને તેની આશપાશ ઘાશની લીલોતરી જોઈ, અને તેથી અજબ રહેઓ કે આ જંગલમાં પાંણી, તે કેમ બનીઉં. બીજો ચમતકાર એ દીઠો કે પેલી બેટી જે જગા ઉપર બદેગી કરતી હતી તાંહ તડકું હોવાથી પાદ શાહનું ઉંઠ પોતાનો છાહેઓ તે ઉપર ધરીને ઉભું હતું. આ દેખાવ જોઈને શારબાન અચરતીમા પડેઓ, અને પેલી બેટી બંદેગીથી ફારેગ થાએઆ પછે, શારબાન તેની નજદીક ગએઓ, અને બંધે હાથ જોડી ને તેને અરજ કીધી કે ઓ નેક બાનું, હું તુંને બેટી દાખલ ગણવા માં ગું છેઉં; માટે તુંને લાએકછેકે મારી અરજ તું કબુલ રાખે. કામ ગારની દીકરીએ શારબાનનો શખુન કબુલ કીધો, અને બોલીકે જો તું ખરા જીગરથીજ બાપ થાવા માંગતો હોએતો; હું પણ તુંને બાપ દાખલનુ માંન આપું છેઉં, અને મારાં જીગરથી બાપ તરીકે ગણું છે ઉં. એ પછે શારબાને તેને પુછીઉં કે આ બીઆબાન જંગલ મધે તું

કેમ આવી રહેલીછે, અને તું ને અતરે કોંણ મેલી ગએઉંછે. કામ ગારની બેટીએ એ બાબે તેની આગલ ખરો ખોલાશો કરવાને નાપા ડી; પણ પોતા ઉપરની મુશકેલ વાત મોઘમમાજ કહી. શારબાને પો તાની પાશે રોટલી વીગેરે ખાવાનુ હતું તે તેને આપીઉં, જે ખાઇ ને તે તરૂપત થાઈ. શારબાને તેને જણાવીઉં કે તારી ઉપર પરવ રદેગારની મેહરબાની ઉતરેલીછે; કાંકે તે શાહેબે આ બીઆબાંન જંગલ કે જાંહ પાંણીનુ એક ટીપું કે ઘાશનુ તનખું નહી હતું, અને માતરે રેતી ઉડતી હતી તે ઠેકાંણે પલક દરીઆવની મીશા લે પાણીનો ખુશનમા ચશમો, અને હલીઆરી શરીખી ઘાશ બના વી નાખીછે; માટે હું મારી એક મોરાદ તારેથી ચાહુંચ, અને મ ને આશાછે કે પરવરદેગાર તે વીશે તારી અરજ કબુલ રાખશે. તે બેટીએ પુછીઉં કે તારી મોરાદ શું છે. શારબાને જવાબ દી ધો કે હું પાદશાહ દાદબંદનો શારબાન છેઉં, અને મારાં ગો વારાં મધેથી મારે હાથે કેટલાંએક ઊંઠ ગોરવરલે ગએઆંછે, અ ને તેની શોધ ઘણીબી કીધી પણ મલતાં નથી, અને તેટલાં માટે કુટમબ પરીવારથી છુટો પડીને આજ કેટલાએક દીવશથી જંગલોમા રખડું છેઉં; પણ ઉઠોનો પતો કેથે લાગતો નથી; માટે પરવરદેગાર આગલ મારે શારૂં દુઆ માંગ કે તે શાહેબ તે ઉઠો મને બખશે કે હું તે લેઈને શેહરમા જઈને પાદશાહની આગલ શરખરૂ થાઉં, અને મારાં કુટમબ પરીવારને મલું. કામગારની બેટી તે શાર બાનને માટે પરવરદેગારની આગલ બંદેગીમાં મશગુલલ થાઈ, અ ને તેનાં ઉઠ મેલવી આપવાની અરજ કીધી. આ અરજ તે શા હેબે કબુલ રાખી, અને શારબાનને લાંમબી જગા ઉપર તેનાં ઉઠો નજરે પડેઆં, જેથી તે ખુશી થાઈને તે બેટીનાં હકમાં દુઆ માંગ વા લાગો, એટલામાં તે ઉઠો ચાલીને તેની નજદીક આવી ઉભાં. આ વેલાએ શારબાન ઘણો ખુશીમા આવેઓ,અને તે બેટીને અરજ કીધી કે ઓ નેક બાંનું, આ બીઆબાંન જંગલ મધે ફાડીખાનારાં જાનવરોની મોટી વશતીછે, અને તેટલા માટે તુને ઈજા થાશે, તે શારૂં તુને ઘટારતછે કે તું મારી શાથે મારે ઘેર આવે. તારેથકી હું મારાં ઘેર મધે છુપી રીતે એક એલાહેદી જગા રાખશ, જાંહ

તું પરવરદેગારની બંદેગીમા, મશગુલ રેહજે. આ વાત તે બેટીએ કબુલ રાખેઆથી, શારબાને એક ઊઠ તેને બેશવા માંટે તઈઆર કીધું અને તેને છુપાછુપ શેાહર મધ્યે લેઈ ગએએા, અને પેાતા ના ઘેર મધ્યે આશરેા આપેએા, અને તે પછે ઊંઠેા લેઈને પાદશા હને ટબેલે ગએએા. બીજે દીને તેણે ઊંઠેા મલવા શંબંધી ખબર પા દશાહ આગલ કહી, અને દરરેાજ પાદશાહની કચેરીમા આવજાવ કરવા લાગેા. એક દીવશે જારે, શારબાન પાદશાહની ખેદમતમા ગ એએા તારે, પાદશાહ ઘણેા ગમગીન માલમ પડેએા કાંકે એક મુશ કેલ વાત તેને ઈઆદ આવી હતી. શારબાંને પાદશાહને અરજ કી ધી, અને તેની ઉદાશીનું કારણ પુછીઊં. પાદશાહએ શારબાંન આ ગલ પેાતાની મતલબ લેદમાં જણાવી, જે શાંહભલીને શારબાન બેાલીએા કે એા નેક કેરદારના પાદશાહ, મારાં ઘેર મધ્યે એક બે ટીછે, અને તે બંદેગી કીધાથી ખેાદાને પેાહચેલીછે, અને જેબી કા મને માંટે પરવરદેગાર આગલ બંદેગી કરીને જે દુઆ માંગેછે તે દુઆ તે શાહેબ કબુલ રાખેછે. આ બેટી કેાણની, અને શારબાન તેને પેાતાને તાંહ કેમ, અને કાંહથી લાવીએા, તે વીશેના ખેાલાશેા તેની પાશેથી માંગેએા, અને તે ઉપરથી શારબા ને શગલેા હેવાલ પાદશાહની આગલ કહેએા, અને બેાલીએા કે— અગરજો નામદાર પાદશાહ તે બેટીની પાશે આવીને પેાતાની મ તલબ તેની આગલ કેહ, અને તે પરવરદેગારને અરજ કરેતેા, અ લબતે તારી ઉપરની મુશકેલ આશાંન થાશે. આ વાત પાદશાહએ કબુલ રાખી, અને બીજે દીને શારબાનને ઘેર જવાને કબુલ થાએ એા. આ બીના શારબાને બેટી આગલ કહી, અને તે શાંહભલવા થી બેટીએ પેહલે વાંધેા લીધેા; પણ શારબાનના શહમજાવીઆથી કબુલ થાઈ. આગલથી કીધેલા ઠેડાવ પરમાંણે, બીજે દીતે રાત ના બાર કલાકે પાદશાહ શારબાનની શાથે તેને ઘેર ગએએા, અને શારબાંને પાદશાહ આવેઆની ખબર બેટીને આપી. આ વેલાએ બેટીએ પેાતાના બંદગીખાંનાને પરદ્દા નાંખીએા, અને પાદશાહને પેાતાની નજદીક બેાલાવીએા. પાદશાહએ બંદેગીખાંના આગલ જાઈને અદબ બજાવી, અને બેટીને શલામ કીધી, જેના જવાબ બે

રીએ વાલીઓ, અને પાદશાહ શું મકશદ ધરાવતો હતો તે વીશે ની પરપુછ કીધી. પાદશાહએ પોતાનો શગલો હેવાલ તે ની આગલ કહેઓ, અને પોતાને શારૂં પરવરદેગાર પાશે દુઆ માંગવાની અરજ કીધી. આ અરજ બેટીએ કબુલ રાખી, અને ખોદા પાશે દુઆ માંગવાને જણાવીઊં. આ વાતચીત કરની વે લાએ પાદશાહએ બેટીનો અવાજ પારખેઓ કે એતો કામગાર વજી રની દીકરી, તેની પોતાની બાએડીછે. એ ઉપરથી તેણે જહડફ થી પરદો ઊંચકી નાખીઓ, અને તેની આગલ ગએઓ, અને કે ટલીએક આજેજી કરીને તેની પાશે માફ માંગી, અને તેને પોતા ની શાથે પોતાને ઘેર લેઈ જવા માંગી. બેટીએ પાદશાહને જણા વીઊં કે ઓ નેક ભરથાર, હું તુને મારાં પુર જીગરથી ચાહું છેઊ, અને તારા હોકમને તાએબે છેઊં પણ તારી ખાતરી અધુરી રીતે એક તરફી જુબાની ઉપરથી કરવાને તે ખુશી નથી. આજની રાત તું મને માફ કર; આવતી કાલે રાતનાં બાર વાગે અતરે આ વવાની તશદી લેજે, અને અતરે તું છુપાઈ બેશજે; કાંકે હું તારા કારદાર વજીરને અતરે બોલાવી મંગાવશ, અને તેણે મારી શાથે કેવી રીતની દગલબાજી કીધીચ તે એકવાર તારી હજુરમાં બોલા વશ, તે શગલા શખુનો તેને મોડેથી શાંભલીઆથી તારી પુરી, અ ને પકી ખાતરી થાએઆ પછે હું તારી શાથે હાજર થાશ. આ વાત પાદશાહએ કબુલ કીધી, અને તે દીને પાછો ઘેર ગએઓ. શહવાર પડી, અને બેટીએ શારબાન પાશે કારદારને કેવાડીઊં કે એક ઓરત, જે તેના ઘેરમાછે તેણે તુને ઈઆદ કીધોછે, અને તું ને જણાવીઊછે કે તારો શખુન નહી કીધાથી તે ઘણી પશેમાન થઈછે; માટે તુને મલવાની ખાહેશ તે ઘણી કરેછે; તે શારૂં આજ રાતનાં એક કલાકે તેને મલવા આવવું. આ વાત શારબાને કા રદાર વજીરને જણાવી, અને શાંભલતાંજ તે મઘન થાએઓ, અને શારબાનને જણાવીઊ કે જરૂર આવશ. શારબાને એ ખબર બેટી ને જાઈને કહી. રાત પડી, અને બારવાગા કે પાદશાહ શારબા નનાં ઘેરમાં ગએઓ, અને પોતાની બાએડી શંગાથે મુલાકાત લીધી, અને તે પછે તેને બંદેગીખાનાની પડોશ માંહેલી એક મોટી પેટી

મત્રે શાંતીઓ• જરાવારે કારદાર વજીર આવીઓ તારે, એ ખબર શારબાને બેટીને કહી,જે ઉપરથી બંદેગીખાનાને પરદો નાખીને કા રદારને આગલ બોલાવીઓ, અને કારદારે તેને સલામ કીધી, જે નો જવાબ તેણે પાછો વાલીઓ• આટલી વાતચીત ઉપરથી કાર દારે તેનો આવાજ ઓલખીઓ, અને બોલીઓ કે એ મારાં જીગ રના દુખની ટાલનારી બાનું, તું આ જગોએ કેમ આવી, અને તુંને કોણ લાવીઓ• પાદશાહએ તુંને ઊંઠ ઉપર બેશાડી શેહર બાહેર કાડી મેલીઆ પછે, તુંને પાછી મેલવવા શારૂં હુંએ ઘણા માણશો તારી પાછલ દોડાવીઆં હતાં, પણ તેઓ નીશફલ થાઈને પાછાં ફરેઆં હતાં• એ વખતથી હુંએ તારો મનજુત ગમ પકડી ઓછે, અને તારી ઈનતેજારીમાં હતો; પણ શદ હજાર આફરીન હો જો તે કીરતારની કરાંમત ઉપર કે તેણે આપણને મેલવીઆંછે• તુંને ઈઆદ હશે કે પાદશાહ લડાઈમાં ગએઆ પછે, એક દીવશે તું તારા મેહલમાં હતી, અને તે વેલાએ તુંને મે જણાવીઊં હતું કે બાહેર આવીને મારી શાથે હમબીશતર થા; આપણે બંધે જણા અતરેથી બાહેર નીકલી જાઈએ;બીજું મેં એવું બી જણાવીઊં હતું કે જો તું ચાહતી હોએતો હું પાદશાહને તાજ અને તખત વગરનો કરૂં, અને એને મારી નાંખું; પણ તું બોલી હતી કે તું જેના નીમખથી પરવશ થાએઓ તેને માટે આવા બુરા શખુન બોલેછે• મેં જવાબ દીધો હતો કે પાદશાહ એવો ખરાબછે કે જેમ તેણે તારા બાપના હાલ કીધા તેમ તે કોઈ દાહડે તારા બુરા હાલ કર શે• એ ઉપરથી તેં જણાવીઊ હતું કે મારા બાપને વાશતે ખોદાનો જે હોકમ હતો તે બનીઊં,અને મારે શારૂં બી તે શાહેબ જે હોકમ કર શે તે બનશે; પણ તું પાદશાહનો નોકરછે, અને તેની દોલતથી તું નીઆમત અને મરતબાને પોંહચીઓછે, અને તેવું છતાં તેને શારૂં તું બદ દીઆનત રાખેછે, એ ઘણું જ અણઘટતું, અને નાલાએક છે• આ પરમાણેની તારી ચાલથી તું ખરાબ નશીબતને પુગી હતી; પણ અગરજો મારી મશલેહતને કબુલ રાખી હતે, અને મારા હોકમને તાબેબે થાઈ હતે તો, જે રંજ અને શખતી તુંને ભોગવવી પડી તે હરગેજ નહી ભોગવતે• બેટીએ જણાવીઊં કે

તારા શખુતને મેં માન નહી આપેઉ તેથીજ હું દુખી થાઈ; માટે અવે તે વાતની મને માંફી બખશવી જોઈએ, અને આવતી કાલે રાતના તું અતરે ફરીને આવજે કે આપણ બંધે શાથે તારે ઘેર જાઈશું. વજીરે કહીઉં કે ઓ દીલખાહ, મારો જીવ અવે તારે થી જુદાઈ રાખવાને ચાહતો નથી; માટે તું મારી શાથે આજેજ આવ, અગરજો તારી ખુશી હોએતો, હું અતરે રેહું, અને તું ને ગોદમાં પકડું. બેટીએ જણાવીઉં કે ઓ મારા ખેરખાહ આશ કે,હું તુને મલવાને ઘણી તલબ રાખું છેઉં,અને તારી શાથે આવવાને ઈનતેજાર છેઉં;પણ મેં શપત લીધાછે કે જેબી વખતે તારી મોલાકા ત થાએ તેજ વખતે હજરત મોહામદનાં ફરમાન પરમાંણે રોજા પક હું, માટે આગલી રાતો જેમ ગેઈ તેમ, આજની રાતને તું ગુજા રૂ, અને શહવાર પડેઆ પછે, તારા કોઈબી ઈંતબારી આદમીને મારી પાશે મોકલજે કે હું તેની શાથે તારી તાબેગરીમાં હાજર થાવશ. આ વાત કબુલ રાખીને કારદાર વજીર પોતાને ઘેર ગએ ઓ, અને તે પછે બેટીએ પાદશાહને પેલી પેટી મધેથી બાહેર કા ડીઓ, અને પુછીઉ કે ઓ નેક બખત પાદશાહ, બંધે તરફની જુ બાની તુંએ શાંભલીછે; માટે અવે બોલ કે ગુનાહ કોંણની ઉપર લાગુ પડેછે. પાદશાહએ તેની આગલ શર નમાવીઉં, અને મો ટી શરમીંદગી હાંશલ કીધી, અને તેને જણાવીઉ કે તું ખરેખ રી નીરદોશછે, અને પતીવરતા અશતરીછે, અને જેબી થાઈઉં તે મારી બેઈનશાફીથી બનીઉંછે; માટે તે વીશે મને માફી બખશવી. એટલું કહીને તેને પોતાની બગલમા પકડી, અને પોતાની શાથે પોતાને ઘેર લેઈ ગએઓ, અને "ઝેર" ગોલામને મારવાથી ઘણો જ પશતાવો કરવા લાગો. બીજી શહવાર પડી, અને પાદશાહ પોતાના તખત ઉપર બેઠો, અને વજીર તથા અમીર ઉમરાઓની મુલાકાત લીધી. કારદારને જોતાંજ પાદશાહને મજબુત જહનુન ચ ડી, અને તુરત હોકમ કીધો કે કારદારને રીબાવી રીબાવીને મારી નાખે, જે હોકમ તુરત અંમલમાં લાવીને કારદારને મારી નાખી ઓ. એ પછે પાદશાહ પોતાની બાનુ શાથે એશ આરામમા વખ ત ગુજરવા લાગો; પણ "ઝેર" નામના વજીરને મારી નાખવા,

તથા પોતાની અશતરીને હલાક કરવા માટે ઘણોજ પશતાવો કરતો હતો.

અવે બખતીઆરે પાદશાહ આજાદબખતને જણાવીઉં કે અગરજો પાદશાહ "દાદબંદ" પોતાનાં કારદાર વજીરનાં કેવા ઉપર નહી ચાલેઓ હતે, અને "ઝેર" નામના વજીરને મારી નહી નાખતે, અને પોતાની અશતરી ઉપર જુલમ નહી ગુજરતે તો, શું તેને પાછલથી પશતાવો ખેંચવો પડતે ? માટે ઓ નેક અંદેશાના પાદશાહ તુંનેબી ઘટારતછે કે મને મારી નાંખવામાં ઉતાવલ નહી કરે, અને ખુશીમાં આવે તેટલા વખત શુધી બંધીખાંનેજ રાખેતો, તેને એકીનછે કે તે પાક પરવરદેગાર મારી બેગોનાહીથી અલબતે તેને વાકેફ કરશે, જેથી તેને પાછલથી પશતાવામાં આવવુ નહી પડે. એ કામકાજમાં દાહડો આખર થવા આવીઆથી, પાદશાહ એ હોકમ કરેઓ કે બખતીઆરને બંધીખાનામાં લેઈ જાએ, જેથી તેને પાછો કેદ કરેઆમાં આવીઓ હતો.

બાબ ૭ મો.

ઓરાકના પાદશાહની બેટી, જે શંકટમા આવેલી હતી તેણે મકરથી પોતાનો બચાવ કરવા વીશે.

શાતમાં દીવશની બામદાદ થાઈ,અને આફતાબ તલુ થાએઓ. વખતશર પાદશાહ પોતાનાં તખત ઉપર બીરાજીઓ, અને શાતમા વજીરે નજદીક જાઈને શીજદો કીધો, અને બોલીઓ કે અએ ગરીબનવાજ બખતીઆરને જીવતો રાખીઆથી શેહરના લોકો તરેહવાર બુમાટા ઉારાડેછે, જે શાંભલવાને અવે તેનામા તાકાત રેહતી નથી. લોકો બોલેછે કે બખતીઆરને પાદશાહએ પોતાની નજરે રાતની વેલાએ પોતાના મેહલ મધે શુતેલો જોએઓ, તેહવુ છતાં, પાદશાહ એટલો તે શું તેનો ગરજવાનછે કે તેને મારી નથી નાખતો, અને

લોકોના તાનામોનાં, અને વજીરોની શહલા ઉપર ધીઆન નથી આ પતો; માટે એ પાદશાહ દુનીઆનો ડર રાખીને ચાલવુ; એ કામ શહ મન્દુ માણશોનુછે. તે શારૂં અવે બખતીઆર ઉપરનો પેઆર ઉઠાવીને એને આ જેહાનથી કુચ કરાવવી જોઈએ. આ શુખન શાંભલેઆ થી પાદશાહ શરમીંદો થાએએો, અને તુરત ઉઠીને મેહલમાં ગએએો, અને પોતાની અશતરીને પુછીઉં કે બખતીઆરના બાબમાં તું શું ધારે ચ. ઓરતે જવાબ દીધો કે એને મારવોંજ બેહતરછે. એ પછે પાદશાહ પાછો આવી તખત ઉપર બેઠો, અને બંધીખાના મધેથી બખતીઆ રને બોલાવી મંગાવીએો, અને જલાદને હોકમ કીધો કે એને ગરદ ન મારે. જલાદે ગરદન મારવાનો પોશાગ પેહરીએો, અને બખ તીઆરની નજદીક ગએએો. બખતીઆરે તેને નમનતાઈથી અર જ કીધી કે જરા શબર કર, અને પછે પાદશાહને નમનતાઈ શાથે અરજ કીધી કે અએ દાનેશમંદ પાદશાહ,મને મારવામાં તુંએ શેતા બી કરવી જોઈતી નથી; કાંકે હું બેગુનાહ છેઉં;માટે ઊતાવલ નહી કરશે તો મારી બેગોનાહી તારી નજદીક જાહેર આવશે;પણ અગર જો મારી બેગોનાહી મોટા વખત શુધી જાહેરમાં નહીંજ આવે તો પછે પાછલથી શુએથી મારજે; કાંકે જો હું જીવતો હોશતો માર વાને બની આવશે; પણ એકવાર મારી નાએએો તો પછે જીવતો કીધામાં નહી આવશે, અને કદાચ મારી બેગોનાહી જાહેર થાઈ તો પછે વલી પશતાવો કરવો પડશે. પાદશાહએ જણાવીઉં કે તારી બેગોનાહી શું છે તે જાણવી જોઈએ; પણ તારા ગુનાહને વાશતે શ ઉ કોઈ બોલેછે, અને મેહલ માંહેલી અશતરી વટીક તુંને મારવા માં રાજી થાએલીછે. બખતીઆરે જવાબ દીધો કે એો નેક પાદ શાહ, અશતરીઓના બોલવા ઉપર બીનકુલ ભરોશો રાખવો નહી જોઈએ; કાંકે પોતાની મતલબ શાંધવા શારૂં તેઓ તરેહવાર મકર લડાવેછે, જેમ કે "એરાક" ના પાદશાહની બેટીને "હબશ" ના પાદશાહએ માંગી, અને પછે તે બેટીની તકશીર ઉપરથી "હબ શ" નો પાદશાહ તેની ઉપર ગોશે થાએએો, અને તેને મારી ના ખવાનો કશદ કીધો; પણ તે બેટીએ પોતાના મકર અને હીલાથી "હબશ" ના પાદશાહને રાજી કીધો, અને તેનું દીલ પાછું ખુશ

કીધું; માટે જો તું નાંમદાર રજા આપે તો, અશતરીએાના મકર બાબે વાત કરૂં. એ વાત શાંભલવાથી પાદશાહને રોશન થાશે કે અશતરીએાના મકરથી કેવી હવેછે. પાદશાહ આજાદબખતે કર માવીઊં કે તે બાત કેમછે તે જાહેર કર. એ ઉપરથી બખતીઆર અદા બજા લાવીએા, અને બોલેએા કેઃ—

એા નેક તાલેના પાદશાહ, મારી દુઆ તુંનેછે કે જાંહતલક જે હાંનની હઈઆતીછે તાંહતલગ તારી હઈઆતીબી કાએમ રેહ. "હ બશ" ના મુલક મધે એક પાદશાહ હતો, અને તે લશકર, દોલ ત, અને માલ ઘણો ધરાવતો હતો. તેને દુનીઆં મધે એકે દુશ મેન નહી હતો, અને લશકરની હાજત નહી રાખતો હતો. તે પાદશાહને દુશમેન નહી હોવાથી તે લશકરને માટે એટલોતો બેગર જ હતો કે તેઓને પગાર આપવાનો પણ વાંધો કાહડવા લાગો, જેથી લશકરી માણશોમા ભુખમરો પડવા લાગો. આ ઉપરથી લશકરી શરદારો વજીરની પાશે ગએઆ, અને પોતાનો શગલો હે વાલ તેની આગલ જાહેર કરેઓ, જેથી તેઓની હાલત ઉપર વજી રને દએઆ આવી, અને જણાવીઊં કે તમારે માટે ધીરજથી તે વીચાર કરશે, અને ઘટતા ઉપાએ લેશે કે જેથી પાદશાહને લશકર ની ગરજ પોતાની મેલેજ પડશે; માટે તમોએ ધીરજ પકડવી. એ પછે વજીરે વીચાર કીધો કે પાદશાહ અશતરીઓ શંબંધી ઘણો વએશનીછે, અને તેટલા માટે એને એ બાબેની લાલચ બતલાવવી જોઈએ. "એરાક" નો પાદશાહ એક બેટી રાખેછે, અને તે ઘ ણી ખુબશુરત, અને ચેહરાવંતીછે, અને તેનો બાપ તેની ઉપર ઘ ણીજ મોહબત, અને પેઆર રાખેછે; માટે તે બેટીની તારીફ જો "હબશ" ના પાદશાહની આગલ કીધામાં આવી તો, વગર વખ ત ખોહવે તે બેટીનો આશક થાશે, અને તેની માંગણી કરવા માટે કાશદોને એરાકના પાદશાહ ઉપર મોકલશે; પણ એરાકનો પાદશા હ, જે પોતાની બેટીને ઘણોજ ચાહેછે તેથી "હબશ" ના પાદશા હની માંગણી નાકબુલ રાખશે, અને તે ઉપરથી એ પાદશાહ ગો શામા આવીને લડાઈની તઈઆરી કરશે, અને તે વેલાએ તેને લ શકરની ગરજ પડશે, અને તે મતલબને માટે લશકરને માંગીઆ

પરમાંણે દોલત આપશે. બીજે દીને વજીર પાદશાહની કચેરીમાં ગએઓ, અને તેની મુલાકાત લીધા પછે બીજી કેટલીએક વાતચીત કરીને "એરાક" ના પાદશાહની બેટીની એવીતો બેહવ તારીફ કીધી કે પાદશાહ તેના ઈશકમાં દેવાનો થાઈ પડેઓ. પાદશાહ વીચારમા પડેઓ કે હવે એની તદબીર શું કરૂં, અને તે ઉપરથી વજીરની શલાહ પુછી કે ઓ દોલતના નેક વજીર, અને દીનના દોશત, અવે એની તદબીર કેવી કરીએ કે જેથી આપણું કામ શાધે. વજીરે જવાબ દીધો કે ઓ નેકબખત પાદશાહ, એમા કરવાનું તો એજ કે કાશદો મોકલવા, પછે જોઈએ કે એરાકનો પાદશાહ શું કેછે. આ વાત પાદશાહને વાજબી લાગી, અને તે ઉપરથી કે ટલાએક દાનાવ મરદોને બોલાવીઆ, અને એરાકના પાદશાહ ઉપર તેઓને પેગામ આપીને મોકલાવીઆ. તેઓ મંજલદરમંજલ ચાલીને એરાક ખાતે પોંહચીઆ, અને એ ખબર પાદશાહને થાએઆથી તેઓને માનશાહીત શેહરમા દાખલ કરેઆ, અને મોટા દબદબાથી તેઓની મુલાકાત લીધી; પણ જારે એરાકના પાદશાહને "હબશ" ના પાદશાહનો પેગામ પોંહચાડીઓ તારે, તે ગોશામા આવીઓ, અને બોલીઓ કે "હબશ" ના પાદશાહને કેહજો કે—તું જાણેછે કે તેની બેટીને હરેક માંગનારને આપીને એ શરમ ભરેલું કામ હું નહી કરૂં. "એરાક" ના પાદશાહનો આ શવાલ શાંભલીઆથી પેલા કાશદો તાંહથી પાછા ફરેઆ, અને એ ખબર "હબશ" મધે આવીને પોતાના પાદશાહને જાહેર કીધી. આ ખબર શાંભલવાથી "હબશ"નો પાદશાહ ગમગીન થાએઓ, અને ગોશામાં આવીને હોકમ કીધો કે લશકર શમારવા શારૂં ખજાણાની તીજોરી ઊંઘાડે, અને લશકરને ખજાણાની વેંહચણી કરે. ખજાણો ખુલેઆ પછે લશકરને બોલાવીને એટલું તો વેંહચાણ કીધું કે લશકરમાં ખુશાલી ઉપજી, અને તે ખબરે જેમ વધારે ફેલાવો કરેઓ તેમ આશપાશના લોકોની મોટી દોડ જાઈ પુગી, જેથી "હબશ" ના પાદશાહની ફોજમાં મોટો વધારો થાઈ પડેઓ, અને તેને "એરાક" તરફ રવાના કરીઓ. "હબશ" ના પાદશાહનું લશકર "એરાક" તરફ પોંહોંચેઓ, અને તેની ખબર તાંહના પાદશાહને થાએઆથી, તેણેબી

50965

પોતાનું લશકર બાહેર પાડેઊં, અને બંધે વચે એક જંગ ભરેલી મોટી લડાઈ થાઈ. એ વેલાએ "એરાક" નાં પાદશાહનાં લશક રની ઉપર તલવારનો માર વધારે ચાલેઆથી તેઓની હાર થાઈ, અને તે ખબર પાદશાહને થાએઆથી ભરતીનું બીજું લશકર મોક લાવીઊં; પણ તેથીબી "એરાક" ના પાદશાહની મોરાદ હાંશલ ન હી થાઈ. એ ઉપરથી તે પાદશાહએ પોતાના વજીરને એ બાબે ની મશલેહત પુછી કે હવે આપણે કેમ ઉપાએ કરીએ ? વજીરે જવાબ દીધો કે એ લડાઈ તારી બેટીની માંગણી ઉપરથી ઊઠીછે, અને દુનીઆં મધે જોડાં વનાંતો માંણશને ચાલતું નથી; માંટે હવે તદબીર એજ કરવી જોઈએ કે શુલેહનો પેગામ મોકલવો, અને હ બશના પાદશાહને બેટી આપવાને નમનતાઈ શાથે જણાવવું. એ પાદશાહ પોતાની દીકરી ઉપર ઘણી મોહબત રાખતો હતો; પણ તેને હબશના પાદશાહને શપુરદ કરવા શીવાએ બીજો કશો ઈલા જ નહી દીઠો તેથી શુલેહના કાશદો મોકલીઆ, અને કેટલાએક પોતાના વીશવાશુ અમીરોની શાથે પોતાની દીકરીને "હબશ" ના પાદશાહ ઉપર મોકલાવી. આ બેટી "હબશ" ના મુલક માં પુગી, અને તે ખબર તાંહના પાદશાહને થાએઆથી તે ખુશી થએઓ, અને તેની શાથે નેકા કરીને ખુશીથી પોતાનો વખત ગુ જારવા લાગો.

બીજી તરફ એવો બનાવ બનીઓ કે "એરાક" ના પાદશા હે પરથમ પોતાની બેટીને બીજા એક શખશ શાથે આપેલી હતી, અને તેની પીઠથી તે બેટીને એક બાલક છોકરો જનમેલો હતો, જે ઈલમ હુનર શીખીને મોટો થાએલો હતો, અને તે પોતાના ભમાવા નો ઘણો પેઆરો હતો, તેને "એરાક" ના પાદશાહએ પોતાની બેટી "હબશ" ખાતે ગએઆ પછે વધારે ચાહવા માંડીઓ, અને તેની શંગાથે ગમત કરીને બેટીના પેઆરનો વીશારો કીધો; પણ "હબ શ" ના પાદશાહનો બાએડી કે જે પોતાનાં ફરજંદને ઘણી ચાહ તી હતી, અને તેની ઉપર મોટો પેઆર રાખતી હતી, અને હરરો જ તેતે પોતાથી છુટો પાડતી નહી હતી, તે પોતાનાં ફરજંદની જુ દાઈથી ગમ કરવા લાગી, અને એવો અંદેશો કીધો કે તે પોતાનાં ફ

ફરજંદને કોઈ ટકનો લાભ લેઈને પોતાની નજદીક બોલાવે. એ ક દીવશે "હબશ" ના પાદશાહને પોતાની બાએડી ઉપર શેહજ વાતથી ગોશો આવીએા, અને તે ઊપરથી બોલીએા કે તારા બાપ નો મુલક કુચ ગણતરીમાં હું ગણતો નથી, અને અગરજો તેણે એક બીજો દીવશ વધારે ઢોલ કીધી હતે, અને તું ને મારી નજદી ક મોકલાવી દીધી નહી હતે તો, તારૂં માંથું ભાંજીને મગજ બાહે ર કાહડતે. એ શખુન શાંભલીને તેની બાએડીએ કહેણીં કે ઓ ને ક ખાવંદ, તારો મુલક જે છે તે તુંએ બરોબર શમારેલોછે, અને તેમ માહરા બાપે કીધું નથી; પણ મારો બાપ એક ઉમદા ચીજ ધરાવેચ તેવી તારા મુલકમાં નથી. હબશના પાદશાએ તેને પુછી ણીં કે એવી તે ઊમદા ચીજ શું છે ? તેણે જવાબ દીધો કે મારા બાપને પરવરદેગારે એક ગોલામ બખશેલોછે, જે તમામ હુનર, આ ને એલમથી ભરપુરછે, લડાઈ અને મરદાંનગીનાં કામથી પુરતું શી ખેલોછે,કમ તથા જાશતી એ શું છે તેની તે દરકાર રાખતો નથી, અ ને અગરજો તેને કોઈ લડાઈમાં મોકલીએા હોએ તો, ફતેહ કીધા શીવાએ પાછો ફરે નહી. તેનો ચેહરો એટલોતો ખુબશુરતછે કે તેના બંધે રોખશારાનાં તેજથી રોશન ખારશેદબો શરમીંદો થા એ, અને દુનીઆંનાં લોકો પોતાની નજરમાંથી તેને ખીશાડે નહી. પાદશાહએ જણાવીણીં કે તારો બાપ જરે આવો ગોલામ ધરાવેછે તા રે તો મને લાજંમછે કે એક દીવશે તાંહ જાઈને તેને જોઉં, અને તેને પોતાની શાથે અતરે લાઉં. પાદશાહજાદીએ જણાવીણીં કે તેનો બાપ તે ગોલામને એટલો તો પેઆરો ગણેછે કે અગરજો એ ક દીવશ તેનેથી તે છુટો પડે તો, ખચીત તેનો બાપ દેવાનો થા એ; માટે જો તું તેને અતરે લાવવાની ખાહેશજ રાખતો હોએતો, અતરેથી કોઈ દાનાવ મરદને શોદાગર કરીને તાંહ મોકલ કે તાં હ જાઈને હરેક તદબીર લગાવીને ફરેમથી અતરે લાવે. આ ગો ઠવણ પાદશાહને પશંદ પડી, અને તે ઊપરથી એક મરદને શોહ ધી કાહડીએા કે જે દુનીઆંના ઘણા ભાગો તરફ ફરી વલેલો હ તો, અને જેણે થંડી તથા ગરમીને પોતાનાં બદંન ઉપર ખંચેલી હતી, અને શગલી પરકારે પોંહચેલો હતો. આ મરદને પોતાની

મકશદથી વાકેફ કીધો, અને જો તે મરદ પેલા ગોલામને "એરા ક" શેહરથી ફરેબ દેઈ લાવે તો, તેને એક શો ગોલામ, અને એક શો ખુબશુરત બાંડી આપવાનો કરાર કીધો. આ વાત પેલા મ રદે કબુલ રાખી, અને તે ગોલામ શંબંધી નીશાંણી અને તેનું નાંમ પુછીલિં. "હબશ" ના પાદશાએ તેને લગતી શગલી ઈધાં ણી આપી, અને જણાવીલિં કે તેનું નાંમ "ફરોખજાદ" કરીનેછે. એ ઉપરથી પેલો પુરશ કેટલોએક તોફા માલ લેઈને "એરાક" ના મુલકમાં ગએઓ, અને પાદશાહને માંટે કેટલોએક અધીઓ લેઈને તેની મુલાકાત લીધી અને તેની શાથે એવાં તો શલુખ બતા વીઆં કે પાદશાહ તે ઉપર વધારે મોહબત રાખવા લાગો, અને દરરોજ તેને પોતાની પાશે બોલાવતો હતો. એક દીવશે તે પુરશ ને વખત મલીઆથી પેલા "ફરોખજાદ" શાથે વાતમાં બેઠો, અને તેનાં મકરથી "ફરોખજાદ" તેની શાથે લપેટાઈ ગએઓ. આ વેલા એ તે મરદે "ફરોખજાદ"ને જણાવીલિં કે અતરે રહીને તેં જે હુનર હાંશલ કીધોચ તે શું કામનો; અગરજો તેહની શાથે "હબશ"ના મુલકમા આવેતો, એક દીવશની અંદર માલદાર, તથા ગોલામ, અને બાંડીઓનો શાહેબ કરું. તારો મરતબો વધારું, અને હબશ નો તમામ મુલક તારા તાબેમા આપું. "ફરોખજાદે" પેલા મ રદને મોહડેથી જારે એવા શખુન શાંભલીઆ તારે, તેનુ દીલ "એ રાક" ના મુલકથી ફરીલિં, અને પાદશાહની મોહબત મેલી પે લા આશનાવ તરફ મોહડું કરીને બોલીઓ કે—"હબશ" ના મુલકની તારીફ હું ઘણું થાઈલિં શાંભલું છેલિં, અને વલી મા રા પાદશાહની દીકરીબી તાંહજછે; માટે અગરજો હું તાંહ જાંલિં તો બેહતર થાશે, અને મારી દોલતમાં પણ વધારો થાશે; પણ પા દશાહ મને ઘણો ચાહેછે, અને મારાવના તેહેને એક ઘડી કરાર રે હતો નથી; માંટે ઘણી દોશતીનાં શબબથી તે મને છોડશે નહી, તારે કેહી રીતે તેની આગલથી હું ગેબ થાલિં, અને શી રવેશથી તાંહ આંલિં. આ શખુન શાંભલવાથી તેના આશનાવે કહીલિં કે અગરજો તારૂં દીલ તાંહ આવવા ઉપર દોડતું હોએતો, હું તુંને

એવી રીતથી લેઇ જાંઉં કે પાદશાહને તે વીશે કશીએ ખબર ન હી પડે. ગોલામને જણાવીઉં કે હું પુરતી રીતે રાજી છેઉં, અ ને અગરજો મને લેઇ જવામાં તું ને કાંઇ રંજ ખેંચવી પડેતો, તેનો બદલો એવી રીતથી વાલું કે તારૂં દીલ ખુશ થાઇ જાએ. એ પછે આશનાવે તેને કહીઉં કે ઠીકછે, અવે તારે આજે શાં હજે મારી પાશે આવવું. શાંહજ પડી, અને "ફરોખજા દ" પોતાના મીતર પાશે ગએઓ. એજ વખતે તેના મીતરે તેને એક પેટીની અંદર બંધ કીધો, અને પોતાનો અશબાબ એ ક ઉંઠ ઉપર લાધીને તાંહથી તે ચાલતો થાંએઓ. આખીરાત મંજલ કાપીને આગલ નીકલી ગીઓ. શહવાર પડી, અને "ફ રોખજાદ" ને પાદશાહુએ જારે નહી દીઠો તારે, તેની શોાહંધ શોહ રમાં કીધી, અને શોહર મધેથી જારે નહી મલીઓ તારે, ચોતરફ કા શદોને કાફલા શાથે દોડાવીઆ. કાશદો ખુબ નીકલી ગીઆ; પ ણ કશો પતો હાથ નહી લાગાથી પાછા "એરાક" તરફ ગએઆ. પેલો "ફરોખજાદ" નો મીતર "એરાક" ની હંધ મધેથી પશાર થાઇને "હુબશ" તરફ ચાલીઓ, અને કેટલેએક દીવશે શોહર મધે દાખલ થાએઓ. "હુબશ" ના પાદશાહ પાશે પેલા ગોલામને હાજર કીધો, અને તેને જોવાથી તે ઘણોજ મધન થાએઓ; કાંકે તેની અશતરીએ તે ગોલામની જેટલી તારીફ કીધી હતી તેનેથી બી તે શરશ દેખાવનો હતો. પાદશાહને ફરજંદ નહી હતું; મા ટે તેને પોતાના ફરજંદ દાખલ રાખેઓ, અને તુરતજ પોતાની ખા શ કોહલા, તથા કબાએ, ઘોડો અને ઢાલ, તલવાર તથા તીરનો ભા થરો તેને આપેઓ, અને મેહલ મધે મોકલીઓ. "ફરોખજાદ" મેહ લમા ગએઓ, અને તેની માએ જેહવારે તેને દીઠો તારે, તેની આંખ મધેથી હરખનાં આંશુ આવેઆં, અને તે ખુશાલીથી ખોદાતાલાના શુ કરાના બજાલાવી, અને તેને બગલમા પકડીને તેના રોખશારા ઉપર બોશા દેવા લાગી. આ દેખાવ પાદશાહના એક ખેદમતગારે દીઠો, અને તે ઉપરથી તેણે પાદશાહને જણાવીઉં કે—પાદશાહજાદીને મે "એરાકી" ગોલામની શાથે એશક કરતાં જોઇ. આ બંધે જણાએ એ એક બીજાને ઝાદમા પકડીઆં હતાં, અને એક બીજાના રોખશારા

ઉપર બેશા લેતાં હતાં. પાદશાહએ વીચાર કીધો કે આ વાત ખરી ન હોવી જોઈએ; કાંકે એવીજ મતલબને માટે પાદશાહજાદીએ તે ની આગલ એ ગોલામની તારીફ અને વખાણ ગાઈને એને અતરે બોલાવવાની હીકમત કીધી હતી. એવો વીચાર કીધા પછે પાદશા હએ ફરોખજાદને પોતાની નજદીક બોલાવીઓ, અને કહીઉં કે ઓ હરામજાદા, હું એ તુને બેટાને મરતબે પોહચાડીઓ, અને મારા મેહ લ મધે દાખલ કીધો તારે તેં બદ દીઆનત કીધી, અને ખોદાથી નહી બીધો. ફરોખજાદે પાદશાહને જણાવવાને ચાહેઉં કે એ તારી ઓરત મારી માંએછેં; પણ ડર લાવીને નહી બોલીઓ. પાદશાહ એ પોતાની અશતરીને બોલાવી, અને તેને પુછીઉં કે શું તું ગોલામ શંગાથે દોશતી રાખેછે, અને તેની શંગાથે ખરાબ કામ કરેછે. આ શખુન શાંભલવાથી તેની આંખમાં આંશુ આવેઆં, અને બેશુમાર રડવા લાગી; પણ પાદશાહને કશોએ જવાબ નહી દીધો. જારે તે બંધે જણાઓથી કશો ખોલાશો પાદશાહને નહી મલીઓ તારે, વી ચારીઉં કે એ વાત ખરીજ હોવી જોઈએ; કાંકે જવાબ આપ વાનો જારે ચારો રહેઓ નથી તારે, રડવું શહરૂ કીધું છે. પાદશા હએ હોકમ કીધો કે એ એરાકી ગોલામને શોહર બાહેર લેઈ જાઈને ઘોરશથાંનમાં એનો જીવ બરબાદ કરે. દરબાને પાદશાહના હોકમ મુજબ ફરોખજાદનો હાથ પકડીઓ, અને તેને કતલ કરવા માટે મો હલની બાહેર કાડીઓ; પણ તેનો ચેહરો જોતાંજ તેને મારવા ઊ પર તેનું દીલ નહી થાઈઉં, અને વીચારીઉં કે એવાં ખુબશુરત આદમીને મારવું શંજાવાર નથી, અને તે ઉપરથી રશતા મધે ફરો ખજાદને પુછીઉં કે અગરજો તું ચાહતો હોએતો, હું તુંને મારા ઘે ર મધે છુપાવી રાખું. આ શખુન શાંભલીને ફરોખજાદ ખુશી થા એઓ, અને બોલીઓ કે જો તું મેહેરબાન થાએતો, મારા જીવનો બચાવ થાશે. એ ઉપરથી દરબાન તેને પોતાને ઘેર લેઈ ગએઓ. દરબાન ફરોખજાદને પોતાના ઘેર મધે રાખીને પાદશાહની દરબાર માં ગએઓ, અને પાદશાહને જણાવીઉં કે તારો હોકમ બજાલા વીઓ. પાદશાહ એ કામથી ગમગીન રહેઓ હતો, અને પોતાની ઓરત શાથે બોલતો નહી હતો. બીજી તરફથી પાદશાહજાદીને

બેવડો ગમ પેદા થએએો હતો. એકતો તેનો પેઆારો દીકરો મા રેએો ગએેએો, અને બીજું એક તેનો ભરથાર તેની ઉપર રૂઠેએો હતો. એક દીવશે પાદશાહજાદી મેહલ મધે એખલી હતી તારે, પોતાના ફરજંદની જુદાઈને લીધે ગમ કરતી હતી,અને રડતી બેઠી હ તી, અને તેવામા એક બુધી અશતરી તેની નજદીક કોઈ કારણુશ ર જાઈ પુગી, અને તેણે પાદશાહજાદીને પુછીઉં કે એો પેઆરી બેહન, તું શામાટે બલાપો કરેછે, અને તારાં દીલને ગમમા કાંએે ગીરફતાર કરીઉંછે, પણ પાદશાહજાદીએે તેને કશોએે ઉતર દીધો નહી. બુધી અશતરીએે ફરીને પુછીઉં કે એો પાદશાહજાદી, તારા ભેદની વાત હોએે તે મારી નજદીક છુપાવના. તારા હોક મ વગર તે વાત હું બાહેર પાડશ નહી, અને તારા જીગરની વા તનો ચારો, ઈઆને ઉપાએે કરશ; માટે મારેથી તારે કોઈબી પર કારે બીહવું નહી; અને એે વાતની જાંમીનગીરી દાખલ હું તે શા હેબનાં કશમ લેઉં છેઉં. જારે તે બુધી ઓરતે કશમ લીધા તારે, પાદશાહજાદીને તેની ઉપર ભરોશો આવીએો, અને તેને જણાવીઉં કે એો બુધી માં, મારો બેટો મારેએો ગએેએો, અને વલી મારો પા દશાહ મારી શંગાથે બોલતો નથી, અને મારી ઉપર ગોશો રાખી બેઠોછે; એટલું કહીને તેણે તે બુધીઆની આગલ પોતાની, તથા પોતાનાં દીકરાની તમામ હકીકત કેહી જણાવી, અને બીજીવાર રડવા લાગી. તે બુધી અશતરીએે તેને દેલાશો દીધો; કાંકે પાદ શાહની અશતરીએે કીધેલાં પોતાના દીકરાના મરણ શંબંધી બર ણનથી તેને દએેઆ ઉપજી, અને તે ઉપરથી તેણે ચાહીઉં કે પા દશાહ શંગાથે આ અશતરીની શગાઈ પાછી જોડવી જોઈએે. એ પછે તે બુધીઆએે પાદશાહજાદીને જણાવીઉં કે અગરજો તે શ હલા આપે તે પરમાણે જો ચાલેતો,પાદશાહ તેની ઉપર પાછો મેહર બાન થાશે. પાદશાહજાદીએે કબુલ કીધું, અને જણાવીઉં કે તું તેને કહી રવેશે ચાલવાને ફરમાવેછે, તે પરમાણે ચાલવાને તે તઈ આરછે. બુધી અશતરીએે પાદશાહજાદીને કહીઉં કે આજે પાદ શાહ શુવા આવે તેની આગમચ તું શુઈ જજે, અને જેમ જાંણે ઉંઘમાં હોએે તેમ, ચીંગી થાઈને જાગેઆ કરજે. પછે પાદશા

હ તુંને ઉંઘમા શુતેલી ધારીને જો કાંઈ પુછેતો, અવડાં મારી આ ગલ જેમ શગલો ખુશાશો કીધો તેમ પરથમથી તે શેવટ શુધીની બીના કહી શંભલાવજે. એ પછે તે બુંધીઆ ઓરતે પુછીઉં કે પાદશાહ અવડે કાંહછે ? પાદશાહજાદીએ જવાબ દીધો કે મેહલ મધે એખલો બેઠોછે, અને ફરોખજાદને મારવા માટેનો અકશોશ અ ને અંદેશો કરેછે. એ ઉપરથી તે બુંધીઆ ઓરત એવાંન મધે પાદશાહની આગલ ગોઈ, અને પાદશાહને એખલો બેઠેલો જોઈને અદબ બજા લાવીને તેની આગલ ગોઈ, અને બોલી કે પાદશાહને એખલું બેશવું નહી જોઈએ; કાંકે એમ કીધાથી દલગીરી પેદા થા એછે. પાદશાહએ જવાબ દીધો કે ઓ બુંધીઆ, એખલો બેશવા નુ કારણ એવું છે કે જે ઓરતને હું એરાકથી લાવેલો છેઉં તેની ઉપર મજબુત દેલ બાંધીને કેટલોએક જર બરબાદ કીધોછે. એ પછે એરાકથી એક ગોલામ મંગાવીઓ હતો, અને તેને ફરજંદ દાખલ રાખેઓ હતો; પણ તે ગોલામ, અને એ ઓરતે બદફેલી કીધી. તે ગોલામને જે દીવશથી મારી નાંખવાનો મેં હોકમ કી ધો તે દીવશથી મારા જીવને કરાર નથી; પણ માલમ નથી પડતું કે તે કામમા ગુનાહ કોંણુનોછે, અને તે જાંણુવા માટે તે દરરોજ અંદેશો કરતો બેશેછે.

બુંધીઆએ કહીઉં કે પાદશાહએ એ વાતથી દલગીર થાવું ન હી જોઈએ; કાંકે હું "ઈઉનાની" ખતનું, અને "શીરીઆ" ની જુબાનમા લખેલું એક તાવીજ હું રાખું છેઉં; માટે જો તું ચાહતો હો એ કે તે વાતનો ભેદ જાંણુંતો, તારી ઓરત જારે ઉંઘમાં હોએ તારે, તેના શીના ઉપર તે મુકજે, અને પુછજે કે પાક બુજોરગ ખોદાએતાલાના નામથી જે કાંઈ બીના તારી, અને ફરોખજાદની શાથે બની હોએ તે રાશતીથી જાહેર કર. એટલે તારી ઓરત ઉંઘની અંદર જુબાન ખોલીને શગલી ખરીજ બીના તારી આગલ જાહેર કરશે, જેની ખબર તે જાગેઆ પછે તેને બીલકુલ નહી આવશે; માટે અગર જો પાદશાહનો હોકમ હોએતો, તે તાવીજ લેઈ આઉં. પાદશા હ આ શખુન શાંભલી ખુશીમા આવીઓ, અને તે બુધીઆ પાશે તાવીજ મંગાવીઉં, અને બોલીઓ કે એવું ભેદ ભરેલું જાંણુવા

જોગ તાવીજ જો તું લાવી આપેતો, ગુમાન, અને વેહમથી મારો છુટકારો થાએ, અને ખરી વાત માલમ પડી આવે. બુંદીઆએ પાદશાહને કહીઉં કે હું તારી ફરમાબરદાર છેઉં, અવડે ઘેર જાઈને લેઈ આઉંચ. બુંદીઆ જડપથી પોતાને ઘેર ગોઈ, અને એક કાગલનો કટકો લેઈને તે ઉપર કેટલાએક લીશોટા કાડીઆ કે જેની શહમજ કશીબી ઉઠે નહી, અને પછે તે કાગલને મીનનુ કવર કરીઉં, અને તે લેઈને પાદશાહની આગલ ગોઈ. પાદશા હને જણાવીઉં કે એ તાવીજને આદરમાંન શાથે લેવું, અને કો ઈ ખરાબ જગોએ મેલવું નહી, અને એને હાથમા રાખીને કશો બી ખરાબ અંદેશો કરવો નહી. પાદશાહ જડપથી ઊકીને ઊભો થાએઓ, અને નમનતાઈ શાથે તે તાવીજ હાથમા લીધું, અને જા લવણીથી રાખીઉં, અને રાત પડી તારે શુવાના ઓરડામા દાખલ થાએઓ. આ વેલાએ જોઈઉં કે પાદશાહજાદી આગમચથી શુ તેલીછે, અને વલી તે ખોઆબમા ચકચુર થાએલીછે તારે, પેલું તા વીજ તેની છાંતી ઉપર મેલીને, પેલી બુંદીઆના કેવા પરમાણેના શખુનો બોલીને મુંગો રહેઓ. એ પછે પાદશાહજાદીએ પોતાનાં મો હડાં મધેથી શખુન કાડીઆ, અને ધીમેધીમે શગલો બોલાશો કીધો, અને તે ઉપરથી માલમ પડીઉં કે "ફરોખજાદ" એરાકના પાદશા હનો ગોલામ નહી હતો,પણ તે પાદશાહની દીકરી (તેની પોતાની બાએડી)નો આગલે ઘેરનો દીકરો હતો. એ બીના જાંણવાથી પાદ શાહ ઘણો પશેમાન થાઈ રડવા લાગો,અને પોતાની બાએડીના મો હ ઉપર બોશા દેવા લાગો, અને તેને ખોઆબથી બીદાર કીધી. જે શખુનો પાદશાહજાદીએ પાદશાહની આગલ કહેઆ હતા તે પાદશાહએ તેને કહી જણાવીઆ, અને કહીઉં કે અએ નેક ઓર ત, તારાં પેઆરાં ફરજંદને માટે મારી આગલ તું શાચું કાંએ ન હી બોલી, અને એવી રીતની નાદાંની કરીને તેને ગોલામ દાખલ કાંએ જણાવીઓ કે મારાં દીલમાં એટલો બધો કરોધ નહી આવ તે, અને તેથી તે પેઆરાં ફરજંદનો પેઆરો જાન બરબાદ નહી થા તે. તેં ખરી વાત કાંએ નહી જાહેર કીધી કે હું તેને મારાં શ ગાં ફરજંદની મીશાલે રાખતે, અને ઘટતી માહવજત કરતે. અ

ગરજો તેં મારો મલાહજો કીધો હોએતો, મારાં માંએની આગલ કેવાને તું ને કશી અડચણ નહી હતી, અને અગરજો મારાં માંએ ની, અથવા મારી આગલ એ બીના ખરેખરી કહી હતેતો, તું ને એટલું બધું દરદ નહી પોંહચતે. એ પરમાંણે એ આખી રાત તેઓએ ફરોખજાદની માહતમમા ગુજારીઆ પછે બામદાદ થાઈ, અને તે વેલાએ પાદશાહએ દરબાનને બોલાવીઓ, અને પુછીઉં કે શાચી વાત કેહકે ફરોખજાદને તેં કહી જગાએ લેઈ જાઈને મારી નાખેઓ. તે નીરદોશપણાથી જુલમ લોગવીને મરણ પામેલાની મરણભુમી આગલ મને લેઈજા કે હું તેની જીઆરત કરૂં, અને તે હકતાલા પાશે તેના રવાનને બખશાવવુ માંગું. મારી દોલતના બા ગનુ ફુલ, અને માહરી દોશતીના બાગનુ શરવનું જાહડ તે ફરોખજા દ હતો, અને તેને મારેથી આવી ખરાબ રીતે ખતા થાઈછે. દરબાન અદબ બજાલાવીને બોલીઓ કે પાદશાહને વધાઈ હોજો, કે તે બેટો જીવતોછે; કાંકે તેની ઉપર તેને દએઆ આવીઆથી તેને મારી ના ખેઓ નથી. આ ખબર શાંભલતાંજ પાદશાહને હરખ ઉપજેઓ,તેથી દરબાનને એક શારો શરોપાવ આપેઓ. દરબાંને કીધેલા હોકમ પ રમાંણે ખેદમતગારો તેને ઘેર દોડી ગએઆ, અને ફરોખજાદને પાદશાહ ની નજદીક લેઈ ગએઆ. ફરોખજાદ પાદશાહની નજદીક પોહચી ઓ તારે, પોતાનુ શર જમીન ઉપર ધરીઉં, અને ઘણોજ રડવા લા ગો. એ ઉપરથી પાદશાહએ તેને પોતાની ગોદમા પકડીઓ, અને પોતાની ઓરતની નજદીક લેઈ ગએઓ, અને ને શગલાંઓ એક બી જાને મલીઆ પછે ખુશ રીતે વખત ગુજારતાં હતાં.

અવે બખતીઆર પાદશાહ આજાદ બખતને કેછે કે પેલી બુધી અ શતરીએ જે મકર કીધાં તે પરમાંણે નહી થાઈઉં હતેતો પાદશાહ પો તાની બાએડી શંગાથે એખલાશ નહીજ કરતે; તેજ પરમાંણે જો પે લા દરબાને પાદશાહના હોકમ પરમાણે ફરોખજાદને મારી નાખેઓ હતે, અને તે પછે જો પેલી બુધીઆના મકરથી ફરોખજાદની બેગોના હી જાહેર થાતેતો, પાદશાહને અફશોશ શાથે પશીમાન થાવું પડતે, અને હમેશ શુધી માહતમ કરવી પડતે. માટે અગરજો મને મારવામા પા દશાહ ઉતાવલ નહી કરશે તો, ઈનશાલા, કોઈબીવાર મારૂ નીર

દોશપણું તેને જાહેર થાશે, જેથી પાછલથી તેને પશતાવો, અને મા હતમપોશી નહી કરવી પડશે. આટલો બનાવ બનીઓ એટલે શાંહજ પડી, અને તે ઉપરથી પાદશાહ આજાદબખતના હોકમથી બખતીઆરને પાછો બંધીખાનામાં લેઈ ગએઆ.

બાબ ૮ મો.

ઊતાવલ કીધાથી કરજંદો બોહનાર જાહવેરી વીશે.

આકમો દીવશ તલુ થાએએો, અને પાદશાહ કચેરી મધે બીરાજીઓ કે આકમો વજીર શીજદો કરીને તેની નજદીક જાઈ ઉ ભો, અને બોલીઓ કે—બુજારગ લોકો એવી મીશાલ આપી ગએ લાછે કે પાદશાહત જે છે તે ગોએઆ એક જાહડછે. જેમ એક જાહડની જડને પાંણી શીપેઆથી મજબુતાઈ આપેઆમા આવેચ તેમજ ગુનેહગારો, ચોરો, જુલમગારો, અને ફાંશીગર લોકોને ગરદ ન મારેઆથી, અને દેહશત ભરેલી શજા કીધાથી પાદશાહતને મ જબુતી મલેછે. જે મીશાલે જાહડનુ થડ શગલાં દાહડ પાંખરાંનો બોજો થોબાવી શકેછે તેમજ એક અદલ ઈનશાફનો ચાહનાર પાદ શાહ પોતાના શતરૂઓના કોફનો અટકાવ કરી શકેછે. જે મીશા લે તે જાહડના થડથી તેનાં ડાહલ પાંખલાંને આધાર, અને આશ રો હોએછે; તેમજ અદલ ઈનશાફવાલા પાદશાહથી તેની શગલી કીશમની રઈઅતને તેઓના જાનમાલ શંબંધી આશરો, અને આ ધાર મલેછે. તે જાહડનાં ફુલ જે મીશાલે ખુશબો આપેછે તેમ મીશાલની ખુશબો, ઈઆને શારી વારતા અદલ ઈનશાફના કરનાર પાદશાહને માટે પરજાના લોકોમા થાએછે. જેવી રીતે દરરોજ તે જાહડની ઉપર નવાં પાતરાં આવેછે, અને જુનાં પાતરાં ખડી જાએછે તેમ રીતે પાદશાહએ નીતરોજ શખાવત કરવી જોઈએ.

હરેક જાહડનો મેવો ખાધાથી જેમ માણશ જાતને ખુશાલી ઉપજેછે, તેજ મીશાલે એક પાદશાહને હાથે તેની પરજાને અદલ ઈનશાફ મલી એા હોએતેા, ગોએઆ બેહશતમા જવાની આશાથી જેટલી ખુશાલી મેલવે તેટલી ખુશાલી તેઓને હાંશલ થાએ; પણ અગરજો તે જાહ ડની જડ શુકાએઆથી તેનાં ડાહ્યલ પાંખડાં પીરાશ પકડે, અને નીત રોજ તે ઉપરનાં પાતરાં ખરીને તે જાહડ ખાલી થાઈજએ; તેજ મીશા લે જે પાદશાહની અદાલતમા અદલ ઈનશાફ નહી હોએ તેના શેહ ર મધે વશનારા જુલમગારોથી કંટાલીને પરજાના લેાકેા તે શેહર છેાડી નીકલી જાએ, જેથી પેલાં જાહડનીજ મીશાલે, તે પાદશાહની પાદશાહતનેા અંત આવે.

બખતીઆર શરીખા એક બુરા પુરશે પાદશાહી મેહલની અં દરજ ખરાબી કીધીછે, અને જારે તેને શજા કીધામા નહી આવે તારે, શેહર માંહેલા બુરા લેાકેાને તેઓના ખરાબ કાંમને માટે ઉતે જન મલે, અને બેહેદેશતથી પરજાના ગરીબ લેાકેાને તેઓ દુખ, અ ને ઈજા દેવાને કવચીત નહી ભુલે, અને તે ઉપરથી પરજાના લેાકેા મા નારાજી પેદા થાએતેા, પાદશાહતના કાંમમાં ખરાબી દાખલ થાએ, તેા પછે તેનેા ઉપાએ કરવેા ઘણેા મુશકેલછે. કેાઈબી ગુ નેહગારની તરફ મેહરબાની બતાવીઆમા આવેતેા, પછે તેવી કીશ મના ઘણા લેાકેા બેફીકર, અને શેાખ થાઈ પડે, અને તે પછે જો તેવા લેાકેાને નશીહત કીધામા આવેતેા, તેથી કંઈબી ફાએદેા નહી થાએ. આ વાત પાદશાહ આજદબખના દીઆંનમા વાજ બી લાગી, અને તે ઉપરથી હોકમ કીધેાકે બખતીઆરને બંધી ખાનાં મધેથી બાહેર લાવે. એ ઉપરથી બખતીઆરને પાદશાહની નજદીક લાવીઆ, અને પાદશાહએ જલાદને હોકમ કીધેા કે બખતીઆ રનું શર ધડથી તુરત જુદું કરે. જલાદે તલવાર હાથમા લીધી, અને બખતીઆરની આંખે પાટા બાંધવા જાતેા હતેા, એટલામાં બખ તીઆરે જલાદને એલતેમાશ કીધી કે શબર કર, અને પાદશાહને શે જદેા કરી જણાવીઓ કે—એા નેક બખત પાદશાહ,અગરજો તું આ કાંમમાં અંદેશેા કરશે તેા બેહતર થાશે. જે કેાઈ હરેક કાંમમાં ઊ તાવલ કરે તે મેહનત અને રંજમાં જાઈ પડે. એક જહવેરી ઊ

તાવલ કીધાથી રંજ, અને મેહનતમાં ગોરફતાર થાએઓ હતો, અને શેવટે બેફાએદેમંદ થાએઓ હતો. એ ઉપરથી પાદશાહએ પુછીઉં કે એ બખતીઆર, તે જહવેરી કોંણ હતો, અને તેણે શું ઊતાવલ કીધી હતી તેનું બએઆન કરવું જોઈએ. બખતીઆરે જણાવીઉં કેઃ—

એક જહવેરી હતો, જે મોટી દોલત ધરાવતો હતો, અને જવા હેરની પરીખશા ઘણી અછી રીતથી કરી જાણતો હતો, જેને તાં હ એક પરહેજગાર અશતરી હતી. જહવેરીની અશતરી હંમેલ દાર થઈ, અને તે પછે એક દીને પાદશાહએ તે જહવેરીને પોતા ને તાંહ બોલાવીઓ. જે કાશદો જહવેરીને બોલાવવા ગએઆ હતા તેઓને તાજીમ શાથે બેશાડીઆ, અને તેઓની શાથે જવા માંટે પોતે તઈઆરી કીધી. જહવેરીએ પોતાની અશતરીને જણા વીઉં કે હું પાદશાહની પાશે જાઉં છેઉં; માટે તું હરદમ તે શા હેજ આગલ દુઆ માંગવાને ભુલતીના, અને અગરજો તું હંમે લથી છુટે, અને બેટો આવેતો તેનુ નામ "બેહેરોજ" કરીને રાખજે; પણ અગરજો બેટી આવેતો તેનુ નામ તુંને જે પશંદ પડે તે રા ખજે, અને ઘેરને લગતા અશબાવ ઉપર શારીપેડે નેગોહદાશતી રા ખજે. એવી રીતની પોતાની અશતરીને નશીહત કીધા પછે જહવે રી ઘેરથી બાહેર પડેઓ, અને જારે પાદશાહની નજદીક જઈ પુગો તારે નમનતાઈથી શેજદો કરીને અદબ બજાવાવી ઉભો, અને શારી રીતથી પાદશાહની વખાણ ગાઈ, જે પાદશાહને ખુશ લાગી. પા દશાહએ જહવેરીને પોતાની નજદીક બેશાડીઓ, અને હોકમ કીધો કે જહવાએરની પેટીઓ લાવે. એ હોકમ મુજબ ફરમાબરદારો જહવાએરની પેટીઓ લેઈ ગએઆ, અને જહવેરીની નજદીક મે લી. પાદશાહએ તેને કહીઉં કે એની અંદરથી કીમતી મોતી જુદાં પાડવાં, અને હલકાં મોતી જુદાં પાડવાં, અને એ કામમાં રાતદાડો મશગુલ રેહવું. જહવેરીએ પાદશાહના હો કમ મુજબ કામ કરવા માંડીઉં, જે રીત પાદશાહને ઘણી પશંદ પડી, અને તે ઉપરથી જહવેરી ઉપર પાદશાહનો પેઆર વધતો ગ એઓ. જહવેરી કોઈ કોઈ જોગવાઈએ પાદશાહની નજદીક અક લમંદ વાતો કરતો હતો, જેથી તેઓની શુલેહનો ગાંઠ મજબુત બેશી

ગએઓ. જહવેરીને એક તરફથી પાદશાહ શાથે આવી રીતની બી તરાચારી ચાલતી હતી, અને બીજી તરફથી તેની બાએડી હંમેલથી છુટી, અને બે બાલકોને જનમ આપેઓ, જે બાલકો ખુબશુરતીમા ઘણા વખાંણવા જોગ જણાતા હતા. જહવેરીની બાએડીએ પોતા ના ભરથારના હોકમ મુજબ બેટાનુ નામ "બેહરોજ", અને બીજા બેટાનુ નાંમ "રોજ બેહ" કરીને રાખીઉં, અને એ વીશેની ખુશખ બરી જહવેરી ઉપર મોકલાવી. આ ખબર શાંભલતાંજ, જહવેરીએ પોતાને ઘેર જવા માંટે પાદશાહની પાશે રજામાંગી, કે તે પોતાના બેટાઓને મલે; પણ પાદશાહએ તેને તે વેલાએ રજા નહી આપી. વખત આગલ ગએઓ, અને એક વરશ થાઉં તારે, જહવેરીએ ફ રીને પાદશાહની પાશે રજા માંગી; પણ તે વેલાએબી પા દશાહએ તેને રજા નહીજ આપી. એ ઉપરથી જહવેરી મુંગો બે ઠો. એમ કરતાં આઠ વરશ નીકલી ગએઆં, અને જહવેરીના દીક રાઓ મોટા થાએઆ, જેઓને તેની માંએ ધરમ, અને વીદીઆ શં બંધી કેલવણી આપી હતી, જેથી તેઓ હોશીઆર થાએઆ હતા, અને કોરાન તથા બીજો એલમ શીખેઆ હતા. એક દીવશે તે છોકરાઓએ પોતાના બાપ ઉપર કાગલ લખેઓ, અને તેને જોવાની પોતાની ઈનતેજારી બતાવી. બેટાઓનુ નાંમું વાંચીઆથી જહવે રીએ તેઓને મલવાને ખાહેશ કીધી, અને પાદશાહ પાશે નમન તાઈથી રજા માંગી. પાદશાહએ તેને ખુલલી રીતે જણાવીઉં કે તેને રજા આપેઆમાં આવશે નહી; પણ જોટલોબી પઈશો ખરચ થાએ તેટલો ખરચીને કાશદોની મારફતે તારા બેટાઓ, અને અશ તરીને અતરે બોલાવવાં; કાંકે તારેતો મારી નજદીકીમાજ રહેવું જો ઈએ; કાંકે હું તુંને મારેથી જુદો કરવાને ચાહતો નથી. એ ઉપર થી જહવેરી લાચાર થાએઓ, અને પોતાના કુટમબને પોતાની નજ દીક બોલાવવને તેઓની ઉપર કાગલ લખેઓ, અને બેટાઓને જ ણાવીઉં કે પાદશાહ મને રજા આપતો નથી; માટે નાંમું વાંચતાં જોવાર તમોએ અતરે નીકલી આવવું જોઈએ. એ નાંમું જેહવારે જહવેરીની બાએડીને પુગું તેહવારે તેણે પોતાના ભરથાર આગલ જવાનો અશબાબ તઈઆર કીધો. બંધે બેટાઓને શાથે લેઈ એક વાંહાં

ણ ઉપર બેઠી, અને એક માંશની મુદતે પોતાના ભરથારના શેહેર ને કીનારે પુગાં. એ વેલાએ મધીઅ દીવશ હોવાથી તેઓએ કી નારા ઉપર ખાણું ખાધું, અને છોકરાઓ શમુદર કીનારે જોઈ ઉ ભા. બીજી તરફથી જહવેરીને પોતાના કુટમબને આવવાની ખબર મલી; જેથી તે પોતાના દીકરાઓને આપવા માટે પોતા શાથે અ શરફીની કોથલી લેઇને શમુદર કીનારે ગએઓ. તાંહ ગએઓ એ ટલે નીમાજનો વખત થાએઓ; માટે પોતાના કુટમબથી થોડે દુર ની જગાએ પેલી કોથરી મેલીને નીમાજ પઢવામાં મશગુલ થાએઓ, અને તે પછે શાથે લીધેલું ખાંણું ખાવાને બેઠા. આ વેલાએ તેને પેલી અશરફીની કોથલીની ઈઆદ પડી, અને તે ઉપરથી પેલી જગા એ તે લેવાને ગએઓ. જારે તેણે તાંહ કોથલી મેલી હતી તારે તે ઠેકાંણે કોઇએ હતું નહી; પણ જારે જોવા માટે પાછો ગએઓ તારે, તેના બંધે દીકરાઓ, જેઓને તે ઓલખતો નહી હતો તેઓ ને તાંહ રમતા દીઠા. એ ઉપરથી તેણે તે છોકરાઓને પેલી કોથ લી વીશે પુછીઉં; પણ તેઓએ તે વીશે નાપાડી. કેટલીએક શોધ કીધા પછે, જહવેરીએ વીચારીઉં કે આ ઠેકાંણે બીજું કોઇ હતું નહી, અને આવેલું માલમ પડીઉંબી નથી, અને આ છોકરાઓ હ ઈઆં આવેલાછે; માટે એઓ શીવાએબી બીજું કોઇ લેઇ નહી શકે. આ વીચારથી જહવેરીએ તે છોકરાઓને ઘણી રીતથી શહમજાવીઆ; પણ તેઓએ જણાવીઉં કે કોઇ પણ રીતની કોથરી તેઓએ દીઠી નથી. એ ઉપરથી જહવેરીને તેઓની ઉપર મોટી રીશ ચહડી, જેથી એક એક પછે તેઓને ઊંચકીને શમુદરને હવાલે કરેઆ, અને વલી પાછો પોતાની કોથરી શોહધવાને કીનારા ઉપર ફરવા લાગો. બીજી તરફથી પેલા છોકરાઓ મોટો વખત થાએઆ છતાંબી પોતા ની માએની નજદીક નહી ગએઆથી તેઓની શોધને માટે તે નીક લી હતી, અને મોટે આવાજે તેઓના નામ દેઈને બોલાવતી હતી. એ ઉપરથી જહવેરીએ પોતાની અશતરીનો આવાજ ઓલખીઓ, અ ને જહડફથી જાઈ પુછવા લાગો કે અએ નેક ઓરત, તું બેટાઓને બોલાવેછે તો તેઓ કાંહછે, તેઓને મલવા માટે મારૂં દીલ તલપી રહેલું છે. એ ઉપરથી તેની અશતરીએ જણાવીઉં

કે મોટો વખત થાએએો તેએો શમુદ્દર કાંઠે ગમત જોવાને ગએેઆ છે, જેએો અજુર શુધી પાછા આવેઆજ નથી. પોતાની અશતરી ને મોહડેથી આ શખુન શાંભલતાંજ જહવેરીનો ચહરો ફીકો પડી ગએેએો, અને શરદ્દ હાએે મારીને રૂદનનો પોકાર કાડી પોતાનાં આં ગ ઉપરના કપડાં ફાડવા મંદી ગએેએો. તે પોતાની ઓરત આ ગલ બોલીઓ કે તે બંધે બેટાઓને તો તેણે પોતાને હાથે શમુદ્દર મધે નાખીને મારી નાખેઆ, અને તે પછે તેમ કરવાનું કારણ પોતા ની બાએેડીની આગલ જાહેર કીધું, જે ઉપરથી તે બંધે જણાંઓ પોતાના પેઆરાં ફરજંના મરણ શંબંધી માહતમ કરવામા મશગુલ થાએેઆં, અને શમુદ્દર કીનારે ફરજંદોની શોધવને માટે ફરવા લા ગાં. શાંહજ પડી, અને નીરઆશ થાએેઆં તારે, જહવેરીએ પો તાનો અશતરીને જણાવીઊં કે એક ઠેકાંણે અવે રેહવું નહી; પણ દેશોદેશ રજડીને બાકીનો જનમારો પુરો કરવો. આ ઈરાદા ઉપ રથી તે અશતરી ભરથાર તાંથી નીકલીને શેહર બાહેર ચાલવા લા ગાં, અને મંજલ દરમંજલ આગલ વધવા લાગાં. પેલી તરફથી એવો બનાવ બનીઓ કે જહવેરીના બંધે દીકરાઓને શમુદ્દરનું પાંણી તાંહથી ઘશડીને બીજા દેશોના કીનારા તરફ લેઈ ગએેઊં, અને જુ દે જુદે ઠેકાંણે જીવતા બાહેર પાડીઆ. "બેહેરોજ" જે કીનારા તરફ તણાઈને બેહોશ પડેલો હતો તે કીનારા તરફ તે શેહરનો પા દશાહ શેકાર રમતો જાઈ પુગો, અને તેની નજર "બેહેરોજ"ની ઉ પર પડી કે એક જુવાન છોકરો કીનારા આગલ પડેલોછે. એ ઊપરથી તે પાદશાહ તેની આગલ ગએેએો, અને તેનેથી પરપુછ કીધી કે આ ઠેકાંણે તે શામાટે શુતેલોછે. "બેહેરોજ" તાંહ કે મ પુગો તે વીશે પરથમથી તે શેવટ શુધીની બીના તે પાદશાહની આગલ જાહેર કીધી. પાદશાહને તાંહ ફરજંદ નહી હતું, અને "બેહરોજ" ખુમશુરત ચેહરાનો હતો; માટે તેણે તેને પોતાની શાથે લીધો, અને ઘેર લેઈ જાઈને પોતાના ફરજંદને ઠેકાંણે રાખે એો, અને શારી માહવજત કરવા લાગો. એ પછે તે પાદશાહ ઘ ણો આજારી પડેઓ, અને તે ઉપરથી બેહેરોજને પોતાનો આગેવા ન કીધો. એ પછે તે રાજા મરણ પાંમીઓ, અને તે પછે તેનુ તાજ તે

ના વજીરોએ "બેહરોજ" ને આપીઉં, અને તેને શેહરના લોકો ઉ પર એવો અંમલ ચલાવીઓ કે તેના ઈનશાફથી લોકો ખુશહાલ થા એઆ. બીજી તરફ એવો બનાવ બનીઓ કે જે કીનારે "રોજબેહુ" પડેઓ હતો તે કીનારા તરફ ચોરોની એક ટોલકી જાઈ પુગી, અ ને તેઓ "રોજબેહુ" ને તાંહુથી લેઈ ગીઆ કે એને ગોલામ દા ખલ વેચીઆથી નાણું પેદા થાશે. તરીજી તરફથી એવો બનાવ બનીઓકે જે શેહરમા પેલો જહવેરી "રોજબેહુ"ને પેલા ચોરો લેઈ ગી આ હતા તેજ શેહર તરફ જાઈ પુગો,અને તાંહુ શશતો શુકાલ જોએઆ થી તેજ શેહરમાં રેહવાનો ઠેરાવ કરેઓ કે દુનીઆ મધે ભટકવા ક રતાંને આ ઠેકાણે એક મકાન ખરીદીને પડી રેહવું, અને ઈશવર શ મરણ કરવું. કેટલેઓએક વખત ગુજરેઆ પછે જહવેરીની અશત રીએ પોતાના ભરથારને જણાવીઉં કે ઘેરના કામકાજને માટે એક ગોલામ હોએતો શારૂ. એક તરફથી જહવેરી નકાશના બજારમા ગોલામની ખરીદીને માટે ગએઓ, અને બીજી તરફથી પેલા ચોરો "રોજબેહુ" ને ગોલામ દાખલ વેચવાને લઈ ગએઆ. જહવેરી "રોજબેહુ" ને જોઈને તેને ઓલખી નહી શકેઓ; તોપણ તેની ખરીદી કરવા ઉપર તેનુ દીલ લલચાએઆથી તેણે તેને ખરીદ કી ધો, અને પોતાની શાથે ઘેર લેઈ ગએઓ. ઘેર મધે દાખલ થાતાં જ, જહવેરીની બાએડીએ પોતાના દીકરાને ઓલખેઓ, અને તે વે લાએ તેના હરખથી જોશમા આવી પોકાર મારેઓ, અને બેહોશ થાઈને નીચે પડી ગેઈ. આ બનાવથી જહવેરી ધાશતીમાં આવી ઓ કે એકાએક એને શું દરદ થાઈ આવીઉં. તેની માહવજત કીધાથી તે પાછી હોશમા આવી, અને પોકાર મારવાનુ કારણ જ હવેરીએ પુછેઆથી બોલી કે એ છોકરો આપણો ગોલામ નહી; પણ આપણું પેઆરૂં ફરજંદછે, અને એનુ નામ "રોજબેહુ" કરી નેછે. એ ઊપરથી તે શગલાંઓ એક બીજા શાથે મલીઆં, અને "રોજબેહુ" એ પોતા ઉપર ગુજરેલી નશીબત શંબંધી શગલો હુ વાલ માંએ, અને બાપની આગલ કહી શંભલાવીઓ. એ પછે તે તરણુડે માંએ દીકરાંઓ દરરોજ પાક હકતાલાની બંદગીમા મ શગુલ થાતાં હતાં, અને જહવેરી પોતાના દીકરા "રોજબેહુ" ને જ

વાહેર પારખવાની શહુમજણ આપતો હતો. એ કામમા તે પુર તી રીતે માહીતકાર થાએઓ, અને થોડા વખતમાં તે એક શોદાગ રની મીશાલે જહુવેરાતની લેવાલી, અને વેચવાલી કરવા લાગેા હ તેા. એમ કરતાં "રોજબેહ"એ ઘણાંએક કીમતી જહુવેરાતનેા શંઘ રહ કીધેા, અને પેાતાનાં બાપને જણાવીઉં કે એવાં કીમતી જહ વેરાત કેાઈ મેાટા પાદશાહ શીવાએ બીજા કેાઈ ખરીદી નહી શકે. લેાકેા મધે વાત ચાલેછે કે "શીરાજ" શેહરનેા પાદશાહ "શાહપુ ર" ઘણેા માતબરછે, અને તે ઊનચી કીમતનાં જહુવેરાતેા ખરીદ વાનેા ઘણેા શેાખીલેાછે; માંટે તેના શેહરમા શેાદેા કરવાને જવાની તેની ઘણી ખુશીછે. દીકરાની આ માગણી જહુવેરીએ કબુલ રા ખી, પણ જણાવીઉં કે "શીરાજ" શેહરમાં શેાદેા કરીને તેણે જ હડફથી પાછુ ફરવું; કાંકે તારી જુદાઈથી મને કશીબી પાંતીએ ક રાર રેહેશે નહી. આ વાત"રોજબેહ"એ કબુલ રાખી, અને માલ મતા લેઈને "શીરાજ" તરફ રવાના થાએઓ. મંજલ દર મંજ લ ચાલીઆ પછે, "રોજબેહ"પેાતાનાં ભાઈ"બેહરોજ" ના મુલક મ ધે જાઈ પુગેા, અને કેટલીએક ઉમદા ચીજો પાદશાહને તાંહ નજ રાંણાં તરીકે લેઈ ગીઓ. પાદશાહએ તેને પેાતાની નજદીક બે શાડીઓ, અને તે કાંહથી આવેઓ, અને શું શેાદેા વેચવા લાવી ઓછે તે બીગરેની હકીકતની પરપુછ કીધી. એ ઊપરથી "રો જબેહ" એ પાદશાહને જણાવીઉં કે તે જહુવેરાતનેા રાખનારછે, અને ઉનચી કીમતના જહુવેરાત તેની પશંદગીને માટે લાવેલેાછે. આ વાત શાંભલી પાદશાહ મધન થાએઓ, અને તે ઊપરથી "રો જબેહ" એ કેટલુએક જહુવેરાત તેની નજદીક મેલીઉં, જે જોવા થી "બેહરોજ" પાદશાહ ઘણેાજ ખુશી થાએઓ. આ બંધે ભા ઈઓ એક બીજા શંગાથે વાતચીત કરતા હતા; પણ એક બીજાને ઓલખતા નહી હતા; પણ બંધે જણના દીલ મધે ભાઈપણાની મેા હબતે અશર કીધી હતી, અને તેથી એક બીજાને ઘણાજ પીઆર થી ચાહતા હતા. "રોજબેહ"એ જેટલુ જહુવેરાત પાદશાહ"બેહરો જ"નેા આગલ મેલીઉં હતું તે શગલું તેણે પશંદ રાખીઉં અને તેની કીમત "રોજબેહ" જેટલી ધારતેા હતેા તેથી વધારે કીમત તેને આ

પી હતી, જેથી તેને મોટો નશો થએલો હતો. પાદશાહએ "રો જમેહ" ને જણાવીઉ કે તેણે તેના મેહલ મધે શાથેજ રેહવું, અ ને તેનેથી દુર થાવુ નહી, જે હોકમને માન આપીને "રોજમેહ" તેની નજદીક રેહવા લાગો. કેટલાએક દીવશ ગુજરવા પછે, "બે હેરોજ" પાદશાહના શેહરની ઉપર તેના એક દુશમને ચડ્ડાઈ કી ધી, અને લશકર લેઈને તે શેહર તરફ આવતો હતો. "બેહેરો જ" પાદશાહની નજરમાં તે શનરૂ ઘણો નમલો લાગાથી તેણે પો તાના શરદારોના શવાધીનમા લશકર આપીને તેની શાંમણે લડવાને મોકલીઆ, અને પોતે શેહરમા રહીને "રોજમેહ" ની શાથે એશ આરમમા વખત ગુજારતો હતો. આવી પરકારની મોહમનનો ગાંઠ આ બંધે વચે જોડાએએો હતો. એક દીવશે રાતના, ખાંણું ખાધા પછે પાદશાહ "બેહરોજ," પોતાના મીતર "રોજમેહ" ની શાથે ગ મતમા બેઠો હતો, અને તે બંધે જણાએો એકએક પછે શરાબ નો શ કરતા હતા. એમ કરતે રાત મોટી વહી ગેઈ, અને પાદશાહ એ ખોઆબ કીધો. આ વેલાએ બેદમતગારો ઠાકને લીધે તાંહથી દુર થએઆ, અને એણીગેમ પેલીગેમ ખોઆબમા પડેઆ "રોજ મેહ"એ વીચાર કરેઓ કે પાદશાહએ ખોઆબ કરેઓછે, અને તેની આગલ કોઈ પણ બેદમતગાર હાજર નથી; કાંકે તેઓ આખા દી વશના ઠાકેલા શુઈ ગએઆછે; માટે બાકી રહેલી રાત પાદશાહની આગલ પેહરો ભરીનેજ પુરી કરૂં. આ વીચાર ઉપરથી રોજમેહએ હાથમા તલવાર પકડી, અને મેઆનથી બાહેર કાડીને પાદશાહની આગલ ચોકી કરવાને પેહરેગીર દાખલ ઉભો રેહએો. જરા વખ ત વહી ગએએો, એટલે લશકરના અમલદારોનાં કેટલાંએક આદ મીઓ દુશમેન શાથેની લડાઈના મેદાંન મધેથી પાછા ફરેઆ, અ ને તે લડાઈ શંબંધી ખબર કેહવાને પાદશાહનાં મેહલમાં ગએઆ. અંદર જાઈને જોએછે તો, પાદશાહએ ખોઆબ કીધોછે, અને જ હવેરીએ પોતાના હાથમાં નાગી તલવાર ધરીને પાદશાહના બીછાં ણા આગલ ઉભેલોછે. આ દેખાવ ઉપરથી લશકરી માણશો એ વું શહમજીઆ કે પાદશાહને ખોઆબ કીધેલો જોઈને જહવેરીએ તે ને મારી નાખવા માટે તલવાર હાથમાં પકડેલીછે, અને તેટલા મા

ટે તેઓએ મોટેથી પોકાર મારેઓ કે અએ બેવફા, આ તું શું કાંમ કરેછે. આ પોકારથી પાદશાહ ખોઆંબથી બીદાર થાએઓ, અને પુછવા લાગેા કે તમેા લોકોએ પોકાર શા માંટે મારેઓ, એના જવાબમાં લશકરી માંણશોએ જણાવીઊં કે તેં ખોઆબ કરેલેા હ તેા, અને આ બેવફા જહેરેરી તલવાર લેઈ તુને મારી નાંખવા શા રૂં તારા બીછાંણાની નજદીક ઉભેલેા હતેા; પણ અગરજો એક લે હજો અમેા મોડા આવીઆ હતેતેા, નથી કેહી શકતા કે એને હા થે પાદશાહની કેવી ગતી થાતે. એ ઉપરથી પાદશાહએ વીચારે ઊં કે રોજબેહુને ગરદન મરાવે; પણ તે વખત બામંદાદનેા હોવા થી પાદશાહ બંદેગીમા મશગુલ થાએઓ, અને બંદેગીથી ફારેગ થાએઆ બાદ, તેણે લશકરી અમલદારોથી લડાઈ શંબંધી હકીકત ની પરપુછ કીધી. તે આદમીઓએ પાદશાહને જણાવીઊં કે દુ શમેનનાં લશકરી ફેાજ ઘણી મેાટીછે;માટે પાદશાહએ પેાતે લશકરની અંદર જવુ જોઈએ. પાદશાહએ જણાવીઊં કે લડાઈમા જવાની આ ગમચ મારે"રોજબેહુ"ને ગરદન મારવેા જોઈએ,અને અગરજો તે પછે લડાઈ મધે જાઊં તેા, લડાઈ ફતેહ થાઈ જશે. આ વીચા ર ઉપરથી પાદશાહએ જલાદને હોકમ કીધેા કે રોજબેહુને તુરત ગ રદન મારે, અને તે હોકમ બજાવવા શારૂં જલાદે "રોજબેહુ" ની આંખે પાટેા બાંધીઓ, અને તલવાર મીઆનથી બાહેર ખેંચીને પા દશાહનેા શેવટનેા હોકમ માંગીઓ કે ઓ નેક પાદશાહ,"રોજબેહુ" ને મારૂં કે નહી ? આ વેલાએ પાદશાહને વીચાર આવેઓ કે એકવા ર શારીપડે વીચાર કરવેા જોઈએ કે "રોજબેહુ" ને મારી નખાઊં કે નહી. અગરજો એને અવડે મારી નાખેઆમાં નહી આવશે તેા પાછલથી મારવાને બની આવશે;પણ અગરજો એકવાર મારી નાખે આ પછે જીવતેા કરવા માંગીએ તેા તે બનવુ માહલછે; માટે એને તુરત વેગાએનેા બંધીખાંને રાખું; પછે લડાઈ મધેથી પાછેા આવી આબાદ એના અપરાધને માંટે તપાશ કીધામાં આવશે. એવેા વી ચાર કીધા પછે, પાદશાહએ હોકમ કીધેા કે "રોજબેહુ" ને બંધી ખાનામા લેઈ જાઈ કેદ કરે. એ પછે પાદશાહ શેહરની અંદર થી બાહેર પડીને લડાઈનાં મેદાંનમાં ગએઓ, અને દુશમેનના લશ

કર ઉપર મજબુત હોમલો કીધો, જેથી દુશમન તાંહથી નાહશી ગ એએો, અને પાદશાહ તે લડાઈ ફતેહ કરીને પાછો પોતાના શેહર મા દાખલ થાએએો, અને પોતાના તખત ઉપર બેશીને કામકાજ કરવા લાગો,અને"રોજબેહ"શંબંધી તકશીર પોતાના મન મધેથી કાડી નાખીને તેને કેદખાનામાજ રેહવા દીધો;પણ પાદશાહનાં માંણશો રો જબેહ ઉપર ઘણાં બલતાં હતાં; કાંકે પાદશાહએ તેને પોતાના ખા શ મોતર દાખલ પોતાની નજદીકીમાં રાખેલો હતો, જેથી તેઓ તે ને મારી નાખેલો જોવાને ઈનતેજાર હતા; પણ પાદશાહના મોટા દબદબાને લીધે તેઓથી તેની આગલ એ બાબે એક હરફબી બોલી શકાતો નહી હતો. આ વાતને બે વરશની મુદત ગુજરી કે પેલી તરફથી "રોજબેહ"ના મા બાપ ઘણાં ફીકરમા પડેઆં કે તેઓનો દીકરો પાછો ફરેએો નહી. એ ઉપરથી તેઓએ પોતાના દીકરા ઉપર એક કાગલ લખેએો, અને એક કાશદને તઈઆર કરીને "શીરાજ" તરફ મોકલીએો કે શોદાગર બજારમાં તે કાગલ પોહ ચાડે. કાશદ તે કાગલ લેઈને "શીરાજ" ખાતે પુગો, અને શો દાગર બજારમાં જાઈને "રોજબેહ" ની પરપુછ કીધી, અને તેનુ નાંનું (ઈઆને કાગલ) એક શોદાગરના હાથમાં આપીઊં. તે શો દાગરે તે કાગલ વાંચીઊં, અને તેનો જવાબ કાશદને લખી આ પેએો કે "રોજબેહ" આવી નશોબતને પોહચેલોછે. આ કાગલ કાશદ "રોજબેહ" ના બાપ પાશે લેઈ ગએેએો, અને તે વાંચી આથી તેણે માંથું કુટીઊં, અને તે મધે લખેલી શગલી બીના પો તાની બાએેડી આગલ જાહેર કીધી કે ખોહવાએેલો એક દીકરો જે મલીએો હતો તે આવી નશીબતને પુગેલોછે; માટે આપણે તે શોહ રમાં જાઈએ, અને પાદશાહની આગલ નમનતાઈ બતલાવી કાલા વાલા કરીએ તો કદાચ તે આપણો દીકરો આપણને આપશે. એ ઉપરથી કેટલાંએક કીમતી જહવેર પોતાની શાથે લેઈને તેઓ "શી રાજ" ખાતે ગએેઆં, અને પાદશાહની મુલાકાત લીંવી, અને પેલાં જહવેરાતનુ નજરાંણું કીધું. પાદશાહએ તેઓની ખબર પુછી કે બંધે માંટી બઈઅર રડી પડેઆં, અને મોટી નમનતાઈ શાથે, પ રથમથી તે શેવટ શુધી પોતા ઉપર ગુજરેલી બીનાનુ વરણન કરી

શંભલાવીઊં. આ ખોલાશાની વેલા એ જહવેરી એવું બોલીઓ કે તેને બે દીકરા હતા, જેમાના એકનુ નામ "બેહેરોજ," અને બીજાનુ નામ "રોજબેહુ" કરીને હતું; તે શાંભલતાંજ "બેહેરોજ" પાદશાહ રડી પડેઓ, અને પોતાના મા બાપને ઓલખીઆં, અને શહમજેઓ કે બંદીખાંને કેદ કીધેલો પુરશ તેનો ભાઈ રોજબેહુછે. પાદશાહએ તુરત હોકમ કરીને તેને બંદીખાંનેથી બોલાવી પોતાનાં માં બાપ આગલ ઉભો કરેઓ, અને તખત ઉપરથી ઉડીને માં, બાપ, અને ભાઈને ગલે વલગેઓ, અને તેઓને જણાવીઊં કે હું તમારો દીકરો "બેહેરોજ" છેઊં. એ પછે તેણે પોતા ઉપર બ નેલી નશીબત શંબંધી ખોલાશો કીધો, અને તેઓને એવાંજ મધે મોકલીને પાદશાહી પોશાગ પેહરાવીને બાહેર લાવીઓ, અને પોતા ના બાપને પાદશાહી તખત ઉપર બેશવાને, અને રાજકારોબાર કર વાને અરજ કીધી. તેના બાપે નમનતાઈ શાથે તે અરજ ના કબુલ રાખીઆથી "બેહેરોજે" પોતાના ભાઈને પાદશાહઅત આ પવા જણાવીઊં; પણ તેણેબી તે વાત નાકબુલ રાખી, અને બેહે રોજને તખત શવાધીન કીધું. પાદશાહએ આ ખુશાલીને માટે બંદીખાંના માંહેલા શગલા બંધવાઓને છોડી મેલીઆ, અને શગ લાંઓ એ પછે ખુશહાલી શાથે પોતાનો વખત ગુજારવા લાગાં.

અવે બખતીઆર પોતાના પાદશાહ આજદબખતને કેહવા લા ગો કે જો પેલા જહવેરીએ પોતાની અશરફીની કોથરીને માટે ઊ તાવલ કરીને વગર પરપુછ કરવે પેલા બંધે છોકરાઓ કે જેઓ તેના પોતાના હતા તેઓને શમુદરમા નાખી દીધા નહી હતે તો, પાછલથી આટલી બધી વીપત, અને રંજ તેને ખેંચવી નહી પડ તે; તેમજ તેનો દીકરો "બેહેરોજ" પાદશાહ જો શબુરી અખતી આર નહી કરીને પોતાના ભાઈ "રોજબેહુ" ને તુરત વેલાએ મા રી નાખતે તો, પાછલથી જેમ તેને, તેમજ તેનાં માંએ બાપને મોટો શંતાપ ખમવો પડતે, અને પોતાને હાથે પોતાના ભાઈને મા રી નાખવા માટે શરમીંદા થાઈને ફરવું પડતે; માટે પાદશાહ આ જાદબખતનેબી ઘટારતછે કે મહને મારવામાં શેતાબી નહી કરે; કાં કે "રોજબેહુ" ની પઠે જરે પાછલથી મારી બેગોનાહી તેના જાણે

આમાં આવશેતારે, પશતાવો ખેંચવો નહી પડે. એ ઉપરથી પા દશાહ આજાદબખતે તેને પાછો બંધીખાને મોકલાવીઓ; કાંકે એ ભાંજઘડ કરતાં દીવશ શંપુરણ થાવા આવીઓ હતો, જેથી પાદ શાહએ એ ભાંજઘડ બીજા દીવશ શુધી મુલતવી રાખી હતી.

બાબ ૯ મો.

અદેખાઈ કીધાથી મારેઆ ગએલા અષ્ટ તમામ નામના મરદ બાબે.

આ જીકર ચલાવતાં નવમો દીવશ શહરૂ થાએઓ, અને પા દશાહ કચેરી ઉપર બીરાજીઆ પછે, નવમો વજીર પાદશાહની આ ગલ ગએઓ, અને પાદશાહને કુંનશ બજાવીને અરજ કીધી કે આ પણા શેહરમા શગલી જગાએ તોફાન ઉઠીઊંછે, અને લોકોમા એવી વાત ચાલીછે કે અગરજો આપણે કોઈબી રીતની તકશીર કરશું તો, છુટવાનુ કાંમ કાંઈ ઘણું મુશકેલ નથી; કાંકે બખતીઆ રની મુઆફક દર રોજ એકકી વાત પાદશાહ આગલ કરીઆથી આપણોબી બચાવ બખતીઆરની માફક થાઈ શકશે. આ શબ્દ નો શાંભલવાથી પાદશાહને ખેજલત લાગી, અને તે ઉપરથી હોકુ મ કીધો કે બખતીઆરને લાવે, અને તે પછે જલાદને બોલાવીને બખતીઆરનુ માંથું ધડથી જુદું કરવાનો હોકમ કરેઓ. એ ઊ પરથી બખતીઆરે જણાવીઊં કે એક બે દીવશની તેને મેહતલ આપવી કે તેટલા વખતમાં બોદાતાલા અંધારા ગાર ઉપર કદાચી ત અજવાલું કરશે, અને મારી ઉપર જે તોહમતનુ આફત આવી પડીઊંછે તે મટી જાશે. મારી ઉપર આ તમામ જકા પ ડેછે, અને શખતી ગુજરેઆમા આવેચ તે શગલુ કાંમ અદેખાઈને લીધે થાએછે, અને અદેખાઈ જે છે તે ગોએઆ આતશછે, અને તે હશદનો આતશ જેબી ચીજની ઉપર પડે તે ચીજને ફના કરી

નાખેછે. જે મીશાલે કે "અબુ તમામ" નામનો પુરશ જો કે બે ગુનાહ હતો, તોપણ અદેખાઓની અદેખાઈથી પાદશાહને હાથે મારેઓ ગએઓ હતો, અને પાદશાહએ તેને મારી નાખીઆ પછે, પાદશાહને માલમ પડીણું કે તે બેગુનાહ હતો, અને તે ઉપરથી પાદશાહ મોટા પશતાવા શાથે અફશોશ કરવા લાગો હતો. એ ઉપરથી પાદશાહ "આજાદબખતે" બખતીઆરને પુછીણું કે "અબુ તમામ નામનો પુરશ કોણ હતો, અને તેની ઉપર કેહવી રીત ની અદેખાઈએ અશર કીધી હતી તે માટેનુ વરણુન કરવું. એ ઉપરથી બખતીઆરે પાદશાહને જણાવીણું કે "અબુ તમામ" એ ક તવંગર મરદ હતો, અને ઘણી નીઆમત ધરાવતો હતો, અને જે શેહર મધે તે રેહતો હતો તે શેહરનો પાદશાહ ઘણો જુલમગા ર હતો, અને જો તેની પરજાના કોઈ આદમી પાશે પાંચ દરમ હોએ તો, તેની ઉપર જુલમ, અને શેતમ ગુજારીને તે છીણવી લેતો હતો, અને કોઈની પણ ઉપર મેહરબાની રાખતો નહી હ તો. તે પાદશાહની આવી ખાશતીને લીધે "અબુ તમામ" ધરાઈને અંન નહી ખાતો હતો. શેવટે "અબુ તમામ" તે શેહરથી પોતા નો શગલો અશબાબ લેઈને છુપી રીતે બાહેર નીકલી ગીઓ, અને થોડુંએક શુધી એણીગેમ પેલીગેમ ભટકીને એક શેહર મધે દાખલ થાએઓ. એ શેહર આબાદી ભરેલું હતું, અને તેને લ ગતી-નદી મધે વેહતાં પાંણી હતાં, અને પાદશાહનો ઈનશાફ ઘણો અદલ હતો, તથા તે શખ્સ વતખોર, અને ગરીબોનો દોશત હતો, "અબુ તમામ" પરથમ આ શેહરની શગલી જગાએ ફરેઓ હતો, અને તે પછે એક મકાન ખરીદ કરીને તેની અંદર રેહતો હતો. તેણે કેટલીએક ઉમદા ચીજો તે શેહરના પાદશાહને ભેટ કીધી હ તી, અને તેણે પાદશાહની તારીફ કીધી, જેથી પાદશાહએ તેને ઘ ણો ચાહેઓ, અને જણાવીણું કે નીત રોજ તેણે પાદશાહી કચે રી મધે બીરાજવું; કાંકે આજથી હુંએ તુંને ખરો મીતર ગણેઓ છે. "અબુ તમામે" પાદશાહની વાત કબુલ રાખી, અને શેજદો કરીને કચેરી મધેથી પોતાને ઘેર રવાના થાએઓ. એ પછે હરરો જ પાદશાહને તાંહુ જાતો હતો, અને પાદશાહ તેને તાજીમ કરતો

હતો; એમ કરતાં અબુ તમામ પાદશાહની નજદીક બેશનારો થાએ
ઓ, અને તે ઉપરથી પાદશાહ અકલ, અને તદબીરની વાતો શં
બંધી તેની મશલેહત લેતો હતો. પાદશાહને તાંહ દશ વજીરો હ
તા, અને તેઓ અબુ તમામને પાદશાહથી મલેલું માન જોઇને તે
ની અદેખાઇ કરતા હતા, અને વીચારતા હતા કે અબુ તમામ તે
ઓની હોરમત લુટેછે. તેઓ વીચારતા હતા કે આગલ પાદશા
હ અકલ, અને દાનાઇની બાબતોમા તેઓની મશલેહત લેતો હ
તો; પણ અત્રે તો તે અબુ તમામની મશલેહત લેવા લાગોછે; મા
ટે આપણે કોઇ એવી તદબીર કરીએ કે અબુ તમામ આપણા
શેહર મધ્યેથી બરતરફ થાએ. આવી મશલેહતની અંદર પાદશા
હના વડા વજીરે પોતાનો એવો વીચાર આપ્યેઓ કે આપણો પાદ
શાહ અશતરીનો ઘણો શોખીનછે, અને શાલલીઆ પરમાણે તુર
કશથાનના પાદશાહની બેટી ઘણીજ ખુબશુરતી ધરાવેછે; માટે આ
પણે એક એક પછે, આપણા પાદશાહની આગલ તે બેટીની ખુ
બશુરતી વીશે તારીફ કરીએ તો, અલબત્ત પાદશાહ તેની તલબ ક
રશે, અને તે જોગવાઇએ તે કામ કરવાનો જોખમ અબુ તમામ ઊ
પર નાખીશું કે ઘણો દાના અને અકલને પોહચેલોછે; માટે એના
શીવાએ બીજા કોઇથી એ કામ થાઇ શકશે નહી. એવી રીતના
આફતમાં જો આપણે એને નાખીશું તો, એ આપણું શેહર છોડી
ને બાહેર નીકલી જાશે. તુરકશતાનના પાદશાહની રીત એવી છે
કે તેની છોકરીનુ માંગું જેબી કાશદ લેઇ જાએ તેને પાદશાહ છો
કરીની આગલ મોકલેછે; પણ અગરજો કાશદ તે બેટીને જોઇને
તેની ખુબશુરતી માટે પાદશાહ આગલ તારીફ કરેછે તો, પાદશાહ
અદેખાઇનો મારેઓ તે કાશદને કતલ કરેછે. એ પરમાણે તેઓએ
પાદશાહની નજદીક જવાનો ઠેડાવ કરેઓ, અને વડા વજીરે તે
વાત પાદશાહની આગલ છેડવાની ગોહવણ કીધી, અને જણાવી
ઊં કે તે વાત પાદશાહની આગલ તે એવી રવેશે કરશે કે પાદશાહ
તે બેટીને જોએઆ વગર તેની ઉપર મોહીન થાઇ પડશે, અને ગો
એઆ દેવાનાની માફક તેનો આશક થાઇ પડશે. આ મશલેહત
પરમાણે તે શગલા વજીરો પાદશાહની આગલ ગએઆ, અને કેટ

લીએક વાતચીત કીધા પછે, પાદશાહના વડા વજીરે તુરકશતાનના પાદશાહની બેટીની વાત કાહડી અને તેમાં તેની ખુબશુરતી બાબે બેહદ્ય તારીફ કીધી. એ ઉપરથી પાદશાહનુ દીલ તે બેટી શંબંધી ખાહેશમંદ થાઈઉં, અને વજીરોને પુછવા લાગેા કે તારે અવે એ બેટી આપણે હાથ કરવાની તદબીર કેહી રીતથી કરીએ. વજીરોએ જણાવીઉં કે એ બાબતમા આપણી તરફથી અકલમંદ અને દાનાવ કાશદ મેાકલાવવેા જોઈએ કે તે ધણી એ મામલાની વાત ઠીક કરી આવે. પાદશાહએ કહીઉં કે એ કામ કેાણના હાથથી નીકલી શકે. વજીરોએ જણાવીઉં કે કાશદપણામા જાવાને માટે "અબુ તમામ" કરતાંને બીજું કેાઈ બી બેહતર નથી. એ ઉપરથી પાદશાહએ અબુ તમામને બેાલાવે એા, અને જણાવીઉં કે હું તુને મારા બાપની જગાએ ગણું છેઉં, અને તેટલા વાશતે અરજ કરૂંચ કે મારી જે ખાહેશછે તે મારા બાપ દાખલ તું એ બજાલાવવી જોઈએ. એટલું કહીને અબુ તમામ આગલ તે વાત જાહેર કીધી. અબુ તમામે પાદશાહની અરજ કબુલ રાખી, અને જણાવીઉં કે પાદશાની ખેદમત બજાવવાને તે તઈઆરછે. એટલુ કહીને તે પાદશાહની આગલથી ઘેર ગએેા, અને તુરકશથાન જાવા માટે અશબાબ તઈઆર કરેએા. પાદશાહએ તેહને કેટલાએક ઉમદા શરનજામ શાથે તુરકશથાન તરફ વદીઆ કરેએા. એક તરફથી અબુ તમામ તુરકશથાન તરફ રવાના થાએેએા, અને બીજી તરફથી પાદશાહના વજીરો વીચાર કરવા લાગા કે અવે એને કહી રવેશથી પરાગંદે કરીએ. અબુ તમામ જેહવારે તુરકશથાન મધે જાઈ પુગેા તારે, તાંહના પાદશાહને ખબર થાઈ, અને તેણે પેાતાના દરબાનેાને શામણે મેાકલીઆ. શેહરમા ગએેઆ પછે બીજે દીને અબુ તમામને પાદશાહએ બેાલાવીએા, અને તેની શંગાથે વાતચીત કીધી. નવરાશનેા વખત થાએેએા તારે, અબુ તમામે પેાતાના પાદશાહનેા પેગામ તુરકશથાનના પાદશાહ આગલ કહેએા. શગલી હકીકત શાંભલી રહેઆ પછે, તુરકશથાનના પાદશાહએ અબુ તમામને જણાવીઉં કે એ બીના હું કબુલ કરૂં છેઉં; ધણુ અંદેશા કરૂંચકે મારી બેટી તારા પાદશાહને લાએેક નહી હેાએ; માટે તું ને ઘટેછે કે મારી શાથે મેહલમા આવે, અને બેટીને જેાએે, તથા

તેના શબ્દનો શાંભલે, અને અગરજો તું તેહને તારા પાદશાહને લાએક જાંણેતો, પછે હું તે વાતની પેરવી કરૂં. અબુ તમામે જણાવીઊં કે મારી ચશમ તે બેટીના ચેહરા ઉપર નાખવી રવા નથી; તે મજ તેની શંગાથે વાત કરવાને હું લાએક નથી; પણ અગરજો એ નેક બખત બેટી મારા પાદશાહને લાએક નહી હતેતો, એ ગેબી વાત તેના દેલમા નહીજ ઉતરતે, અને તારા નાતવાન બંદાને કાશદ પણા મા નહી મોકલતે. અબુ તમામના આ શબ્દનો શાંભલીને તુરકશથા નના પાદશાહએ તેનુ શર ગોદમા પકડીઊં, અને જણાવીઊં, કે તું અકલને પોહચેલો દાનાવ મરદ, અને પાદશાહઓની ખેદમતને લાએકછે. પાદશાહના આ શબ્દન શાભલીને અબુ તમામે તેની આગલ શરનમાવીઊં, અને મોટી નમનતાઈ શાથે અદબ બજાવીને ઉભો રહેઓ. પાદશાહએ જણાવીઊં કે હુએ તારે માટે બુરો અંદેશો કીધો હતો, અને ધારીઊં હતું કે તુને જીવથી મારીને તારૂં શર તનથી જુદું કરૂ; કારણકે જે કાશદો બીજા શેહરના પાદશાહઓની તરફથી મારી બેટીનુ માંગું લાવીઆ હતા તેઓની અજમાશ તારીજ પઠે મેં કીધી હતી; કાંકે જે કાશદો અદબવાલા અને દાનાઈ ભરેલા નહી હોએ તેનો પાદશાહ પણ મારા "વેવશાલ" ને લાએક નહી હોએ, અને એ પરમાંણે, શગલા મલીને ૪૦૦ કાશદોના શર તન થી જુદાં કીધામા આવેલાંછે. એટલું કહીને પાદશાહએ અબુ તમામનો હાથ પકડીઓ, અને તેને એક ઓરડો ઉંઘાડીને પેલા કાશદોના માથાં દેખાડીઆં, અને જણાવીઉં કે એઓએ તેની શંગાથે બેઅંદાજે કામ કીધાથી તેઓ આવી નશીબતને પોહચીઆછે; પણ તારી દાનાઈ, અને અંદાજપણું જોઈને હું તારી ઉપર મેહરબાન થાએઓ છેઉં, અને ખાતરીછે કે તારો પાદશાહ પણ તારા જેહવીજ અકલનો હોવો જાઈએ. એ પછે પાદશાહએ ફર માવીઉંકે બેટીની રવાનગીની તઈઆરી કરે. થોડા વખતમાં તુરકશથાનના પાદશાહએ પોતાની બેટીની "જેહેજ" તઈઆર કીધી, અને અબુ તમામને ઘણો નવાજીઓ, અને ખુબશુરત શરોપાવ આપેઓ. કેટલાએક ખુબશુરત ગોલામો, અને માહરોએ બાડીઓ, અને કેટલાએક દાનાવ ખેદમતગારોને, પાદશાહી લાએક કેટલીએ

ક ચીજો શાથે પાદશાહએ પોતાની બેટીને પોતાના કાબેલ વજીરના સવાધીનમા અબુ તમામના હવાલામા આપી રવાના કીધી. અબુ તમામ જેહવારે પોતાના પાદશાહના શેહરની નજદીક પોહચીઓ તારે પાદશાહને ખબર મલીકે અબુ તમામ, તુરકશથાનના પાદશાહ ની બેટીને કેટલીએક ઉમદા ચીજો શહીત લેઈ આવીઓછે, જે ઉપરથી એક તરફથી પાદશાહને મોટી ખુશી ઉપજી; પણ બીજી તરફથી તેના અદેખાઈ ભરેલા વજીરોને મોટી ગમગીની પેદા થા ઈ; કાંકે તેઓના ધારેઆ પરમાણે અબુ તમામ તુરકશથાનના પાદ શાહને હાથે મારેઓ ગએઓ નહી; પણ તેની બેટી પોતાના પાદ શાહને શારૂ લાવીઆથી,પાદશાહના પેઆરમા વધારો કીધો. એ પ છે પાદશાહએ પોતાના શગલા વજીરો, તથા ઉમરાવોને લશકરની શાથે બે મંજલ શુધી શામણે મેકલીઆ, જેઓ તુરકશથાનના પા દશાહની બેટીને મોટી ઈજત શાથે શેહર મધે લેઈ ગએઆ. પા દશાહના હોકમથી આખી શેહરમાં ખુશી ખુશાલી શાથે રોશની કીધી, અને તુરકશથાનથી આવેલાં માણશોને જીઆફત આપી, અને ઉનચી કીમતના શરોપાવ આપીને, તુરકશથાનના પાદશાહની બેટી શંગાથે પોતાના નેકા બાંધીઆ. પાદશાહએ તે બેટીનો ચે હરો તથા હોશાન જોઈઉં તેવારે તેની ઉપર ઘણોજ આશક થા એઓ, અને અબુ તમામની ઉપર આગલના કરતાંને હજાર ઘણી મો હબત વધારી, અને તેને ઘણોજ ચાહવા લાગો. એજ પરમાણેની મોહબત તુરકશથાનના પાદશાહની બેટી પણ અબુ તમામની ઉપર રાખતી હતી, અને તે ઉપરથી પાદશાના વજીરોની ઈજત દીનપર દીન કમી થાતી હતી. જેહવારે વજીરોએ પોતાને માટે એવું દીકું જેહવારે, તેઓ પોતાની કરણીથી પશેમાન થાએઆ, અને પોતપોતા મા બોલવા લાગા કે જે ઉપાએ અબુ તમામને ફના કરવા માટે આ પણે કામે લગાડીઓ તે ઉપાએથી તો તેને જીઆદે દોલત મલવા નો શબબ થાએઓ, અને તેનો મરતબો, અને આબરૂમા મોટો વધારો થાએઓ; માટે અવે આપણે એક એસાજ કામે લગાડ વો જોઈએ કે જેથી અબુ તમામ પાદશાહની આગલ શરમીંદો થાએ, અને તેની દોલત લુટી લેઈને પાદશાહ તેને કતલ કરે, અથવાતો દે

શનીકાલ કરે. આ બાબતને માટે તેઓએ એવી ગોઠવણ કીધી કે પાદશાહના બે ગોલામોછે કે જેઓને પાદશાહએ રાતની વેલાએ અ વાર નવાર પોતાની આગલ હાજર રેહવાને મુકરર કીધેલાછે ! તેઓ ને પઈશાની લાલચ આપીએ; અને શીખવીએ કે પાદશાહ શુતા પછે, જારે તે બોઆબમા મશગુલ થાએ તારે, તેઓ એક બીજા શંગાથે મો ટેથી પાદશાહ શાંભલી શકે તેમ વાત કરે કે—"તું જોએછે કે અબુ તમામે પાદશાહની નીઆમતનો હુક નેજાહ નહી રાખેઓ, અને પા દશાહી મેહલમાં બદ દીઆનત કીધી, અને બોલેછે કે તુરકશથાનના પાદશાહની બેટી મારે ઉપર આશક નહી થાતેતો, તેને તુરકશથા નથી અતરે કોંણ લાવતે. આગલા વખતમાં ઘણા પાદશાહઓએ તુરકશથાન ખાતે કાશદોને એ બેટીની માંગણીને શારૂ મોકલીઆ હતા, જે મધ્યે ના ૪૦૦ કાશદોને તુરકશથાનના પાદશાહએ કતલ ક રેઆ હતા."

વજીરોએ એ વાત પેલા ગોલામો આગલ કીધી, અને એક હજાર દીરમ તેઓને આપવા કહેઆ, જેમાના પાંચશો દીરમ પ રથમ બેઆના દાખલ આપવાને, અને બાકી રહેલા પાંચશો દીરમ, ઉપલી વાત પાદશાહના કાંન ઉપર નાખીઆ પછે આપવાની કબુલા ત કીધી. પઈશાની લાલચથી તે બંધે ગોલામો વજીરોના ફરેબ માં ફશીઆ, અને વજીરોએ જણાવેલી વાત કબુલ રાખી, જે ઊપ રથી વજીરોએ તેઓને પાંચશો દીરમ આગમચથી આપેઆ. રાત પડેઆ પછે પાદશાહ પોતાના ઓરડામા દાખલ થાએઓ તારે, તે બંધે ગોલામો પોતાના પોશાગ શાથે ઓરડાના દરવાજા આગલ પો તાના હંમેશના રાબેતા પરમાણે જાઈ ઉભા, અને પાદશાહ ઊંઘમા ગીરફતાર થાએઓ કે ગોલામો એક બીજા શંગાથે મોટા આવાજ થી પેલા શબ્દનો બોલીઆ. એ શબ્દનો શાંભલતાંજ પાદશાહ ગો શાલર ઉઠીને બેઠો, અને કેટલોએક વખત શુધી અંદેશો કરીને શુ તો. શહવાર પડી કે ફરીને પાદશાહને પેલી વાત ઈઆદ આવી, અને ફરીને પાછો ગોશો ઉપજી આવીઓ, જેથી વીચાર કરતો બે ઠેલો હતો, અને તેવામા અબુતમામ તેની આગલ જાઈ પોહચીઓ. પાદશાહ ગોશાલર બેઠેલો, અને કેહરને લીધે તેના મોહડાનો ચેહ

રા બદલાએલો હતો, અને તે ઉપરથી અબુતમામે તેમ બેશવાનું પાદશાહને કારણ પુછીઊં. એના જવાબમા પાદશાહએ કહેઊં કે તારા હુકમાં કાંઈએક શાંભલીઊંછે, અને તે ઉપરથી મારૂં દીલ ગો શે થાઈઊંછે, અને હું ચાહુંચ કે તે વાત તું ને પુછું તો મારા દી લ મધેનો શક ભાગે; માટે તું ને ઘટારતછે કે શગલું શાચું જ બોલે.

અબુતમામે કહીઊં કે જેબી બીના પાદશાહ પુછે તેનો જવાબ શચાઈથી દેવાને તેની ફરજછે, અને તે ફરજ તે ઈશવરને હાજર જાંણીને બજાવશે; માટે પાદશાહ શું પુંછવા ધારેછે તે વીશેનો હોક મ કરવો.

પાદશાહએ પુછેઊં કે હર વખતે ખાવંદ પોતાના ખેદમતગાર ના હુકમા હેશાંન તથા બખશેશ કરે, અને તે બખશેશ એવી હોએ કે તે ખેદમતગારના હુકથી જીઆદે હોએ, અને પોતાના બીજા ખેદ મતગારો કરતાં તેનો મરતબો વધારીને તેઓ ઉપર શરદારી આપે, ને ખેદમતગાર પોતાના ખાવંદની નીઆમતનો હુક નહી રાખે, અ ને તેના મોહલ મધે દાખલ થાઈને બદફેલી કરે, તેવા શખશના હુ કમા શું લાજમછે, અને તેવા શખશને કેવી શજા કરવી જોઈએ?

અબુતમામે જવાબ દીધો કે તેવા શખશને મારી નાંખવો લા એકછે, અને એવા શખશનું ખુન કરવું એજ તે કામના બદલાની તેને શજાછે.

અબુતમામના મોહડાં મધેથી આવા શખુનો નીકલતાંજ, પાદ શાહએ તલવાર હાથમા પકડી, અને તતકાલ તેને મેઆન મધેથી બા હેર કાડીને અબુતમામનું દોકું ધડથી જુદું કરી નાખેઊં, અને ફ રમાબરદારોને હોકમ કીધો કે મરનારની લાશને તાંહથી ઊંચકી લેઈ જાએ.

આ મામલા ઉપરથી કેટલાએક દીવશ શુધી પાદશાહ ગોશા ભરેલી રીતે દલગીરીમાં હતો, અને કોઈને પણ પોતાની હજુરમાં દાખલ થવા નહી દેતો હતો. વજીરોને એ મામલો પશંદ આવી ઓ, અને એક બીજા શાથે બોલવા લાગા કે તેઓનો ઉડાવેલો શ ખુન પાદશાહને ઓશતવાર આવેઓ, જેથી અબુતમામ આખર થા યેઓ, અને તેથી તેઓને ખુશાલી ઉપજી રહી.

પેલી તરફ પાદશાહને કરાર નહી થાતો હતો. તે મેહલ્લ મ
ધે એખલો ફરેઆ કરતો હતો, અને અબુ તમામને મારવા શંબંધી
અંદેશો, અને વીચાર કરતો હતો. ઈશ્વરી ઈછાથી એવો બનાવ
બનીઓ કે પાદશાહ એકાએક પેલા ગોલામોની કોથડી આગલ આ
લી ગએઓ, અને તાંહાં થોડો વખત ઉભો રહેઓ, અને કોથડી
ની અંદર જે વાતચીત થાતી હતી તે ઉપર લખશ આપીઉં. કોથ
ડીની અંદર બંધે ગોલામો પેલા દેરમ વેંહચી લેવા માટે ટંટો કર
તા હતા. એક ગોલામ બોલીઓ કે હું તારેથી મોટો છેઉં માટે
વધારે લેઉં; પણ બીજો બોલતો હતો કે તું ને વધારે કાંઈ આપું.
બેચારા નીરદેશ અબુ તમામની ઉપર હુંએ જુઠું તોહમત ઉભું કરી
ઉં, અને તે ઉપરથી તે મારેઓ ગએઓ, અને તેટલા શારૂ વધારે
દીરમ મારેજ લેવા જોઈએ.

આ શબ્દનો શાંભલવાથી પાદશાહના દેલલા ધ્રુજરાં ચડીઆં,
અને તેજ વેલાએ તે પોતાની જગા ઉપર જાઈ બેઠો, અને પેલા ગો
લામોને પોતાની હજુરમા બોલાવીઆ, અને પુછીઉં કે તમો બંધે
જણાએ શાચું બોલજો કે અબુ તમામની ઉપર જુઠું તોહમત ઉઠાવ
વાને તમોને કોણે ઉશકેરીઆ, અને તમોને દેરમ કોણે આપેઆ ?

પાદશાહના આ શબ્દનો શાંભલવાથી તે ગોલામો બીધા, અને
પાદશાહની ધાશતીથી ધ્રુજવા લાગા. તેઓએ તુરતજ પોતાનાં માં
થાં પાદશાહના પગ આગલ મેલેઆં, અને નમનતાઈ શાથે કેવા
લાગા કે—નેકીવંતો પાદશાહ તેઓનો ગુનાહ માંફ કરે તો તેની
આગલ ખરી, અને શાચેશાચી વાત કેહવાને તેઓ હાજરછે.

પાદશાએ કહીઉં કે તમોને જીવતદાંન બખશેઉં છે, અને તેટ
લા માટે તેઓએ અવે શગલી ખરી બીના જાહેર કરવી જોઈએ.
એ ઉપરથી તે ગોલામોએ શગલી બીના જાહેર કીધી, અને વજી
રોએ તેઓ શાથે જે મશલેહત કીધી હતી, અને જે શબ્દનો બોલ
વાને તેઓને શીખાડેઆ હતા તે પાદશાહની આગલ જાહેર કરીઉં.
ગોલામોની એ બીના શાંભલતાંજ પાદશાહ અબુ તમામને મારવા
માટે પશેમાન થએઓ, અને તે આખી રાત અફશોશ શાથે ગોશા
મા ગુજારી. જેવારે બામદાદ થાઈ તેવારે, પાદશાહ તખ્ત ઉપ

ર બેઠો, અને હોકમ કીધો કે બંધે વજીરોને બોલાવે. એ ઉપર થી વજીરો તુરતજ કુનશ બજાવીને પાદશાહની નજદીક જઈને ઊભા, અને પાદશાહએ તુરત હોકમ કીધો કે તેઓને પકડીને બાંધે, અને તેઓના ઘર બાર લુટી લેઈને તેઓને મોટી ખોહવારી શાથે મારી નાંખે. પાદશાહના હોકમ મુજબ તે વજીરોનાં ઘેરબાર લુટી લીધાં, અને વજીરોને રીબાવી રીબાવીને મારી નાખેઆ; તોપણ પાદશાહના દેલ મધેથી અબુ તમામ શંબંધી ગમ,અને અકશોશ ખીશીઓ નહી, અને વારેઘડીએ પશતાવો કરતો હતો.

અવે બખતીઆર પાદશાહ આજાદબખતને કેહછે કે—એ જેહાનના પાદશાહ, જે કોઈ માંણશની ઉપર અદેખાઈએ અશર કીધો હોએ, તે માણશ અબુ તમામની મીશાલે ખચીત મારેઓ જાએ. અગરજો તે પાદશાહએ અબુ તમામને મારવામા ઉતાવલ નહી કીધી હતે, અને ધીરજ પકડીને દુર અંદેશો કીધો હતે તો, અલબતે તેને પાછલથી અકશોશ અને પશતાવો કરવો નહી પડને; માટે અગરજો એ નેકબખત પાદશાહ, તુંબી તારા કમતરીન બંદાને મારવાના કામમા ધીરજ, અને શબુરી પકડીને લાભબો વીચાર કરશે તો તુંનેબી પશેમાન થાવાને, તથા અકશોશ કરવાને કશું કારણ મલશે નહી; પણ અગરજો કોઈના કરેબમા કશીને ઉતાવલ કરી મને મારીજ નાખશે તો, તુંને એટલો તો પશતાવો કરવો પડશે કે જેહનું વરણન કીધામા નહીઆવે. એ વેલાએ રાત પડવા આવેઆથી પાદશાહએ બખતેઆરને પાછો બંધીખાને લેઈ જવાનો હોકમ કરેઓ, અને તે ઉપરથી તેને લેઈ જાઈને કેદ કીધો.

બાબ ૧૦ મો.

અજમના મુલકના પાદશાહની વારતાથી બખતીઆરનો છુટકારો થાએઓ,

અ ને

બખતીઆર પાદશાહીએ બેઠાથી વજીરોનુ મારેઉ જાવું.

બીજે દીને શહવારે પાદશાહ આજદબખતનો દશમો વજીર કચેરી મધે દાખલ થાએઓ, અને પાદશાહના મેહલ મધે એક અશતરી આવજાવ કરતી હતી, તે અશતરીન પોતાની આગલ બોલાવી, અને તેને કેટલુંએક નાણું આપવાને કબુલ કીધું, અને બખતીઆરને લગતી હકીકત પુછવા માટે તેને પાદશાહના મેહલ મધે પાદશાહની અશતરી આગલ મોકલી, અને જણાવીઉ કે આ ભેદની વાતનો બોલાશો તુંએ કરવો જોઇએ. વજીરે તે અશતરી પાશે રાંણીને જણાવીઉં કે આ દરગાહના નીમકથી હું પરવરશ છેઉં, અને એની નીઆમતનો હક મંજુર રાખું છેઉં; માટે એ બાબતમા એથી જીઆદે તાકાત મારામા નથી. તુંને ખરાબ નથી લાગતું જે આલમના લોકોના તાનામીના ખમીને મુગી બેહીચ, પણ પાદશાહને નથી કેહતી કે એ ચોર બચાને જલદીથી મારી નાંખે કે શગલી વાત ઢંકાઈ જાએ. પાદશાહ મેહલની અંદરથી બાહેર આવવા આગમચ આ પેગામ મેહલ મધે પોંહચાડેઓ, અને તે ઉપરથી પાદશાહની અશતરી પોતાના ભરથાર પાશે ગેઇ, અને પુછીઉં કે અએ નેક પાદશાહ, શાવાશતે બખતીઆર શરીખા ફીત નેઅંગેજને મારી નાખતો નથી, અને આલમના લોકોના શખુન વચે મને નાખીછે ? અવે આદમીઓના શખુન મારેથી શંભલાતા નથી. એ ઉપરથી પાદશાહએ જણાવીઉં કે આજ દીને એ કાંમ

ને પુરૂં કરશે; એટલું કહીને મેહલની બાહેર આવીને પોતાના પાદ શાહી તખત ઉપર બેઠો. આ વેલાએ શગલાઓએ શલાંમ કીધા પછે, દશમો વજીર પાદશાહની આગલ જાવા શારૂં ઉભો થાએઓ, અને શાંમણે જાઈને બોલવા જાગો હતો, એટલામાંજ પાદશાહે જણાવીઊં કે એ વજીર, તારી મતલબ તારી આગમચ મેહલ મ ધે મને જાહેર થાઈછે; માટે હું તે કામ આજ દીને ઘણું કરીને પુ રૂં કરશ. એ પછે પાદશાહએ હોકમ કીધા ઉપરથી બખતીઆર ને તુરંગ મધેથી બાહેર લાવીઆ, અને કચેરી મધે પાદશાહની હ જુર ઉભો કીધો, અને પાદશાહના હોકમ મુજમ જલાદ તેનો પડો શમા જાઈ ઉભો. પાદશાહએ બખતીઆરને કહીઊં કે અએ કંમ બખત, હરામજાદા, તેં ઘણું કહીઊં કે તું બેગુનાહછે, અને તે ઊ પરથી હુંએબી અવડાં શુંથી તારો જાન બચાવીઓ કે કાંઈબી રી તે તારી બેગોનાહી જાહેર થાએ; પણ આજ શુંથી તેવું કશુંએ જ ણાઈઊં નથી કે તું બેગુનાહછે. અને આજ દીને તારી કશીબી બીના શાંભલીઆ વગર તુંને કતલ કરવાનો હોકમ કરવો જોઈએ. આ શખુન શાંભલતાંજ બખતીઆર રડી પડીઓ, અને બોલીઓ કે આજ તલગ મેં જે કોશીશ કીધી તે મારી બેગોનાહી જણાઈ આવવાની આશાથીજ કીધી હતી કે કાંઈબી રીતથી મારો બેગુનાહી જાહેર થાએ, અને હું બેગુનાહ મારેઓ નહી જાઊં; પણ જાંહ પર વરદેગારની મરજી નહી હોએ તાંહ, બંદાની કોશીશ કશીબી રીતે પાર પડી શકતી નથી. ખોદાના હોકમ આગલ કોઈનું કાંઈ ચા લતું નથી, જેમ કે "અજમ" ના મુલકના પાદશાહએ પોતાની ના દાનીઅતથી ઘણીબી કોશીશ કીધી, અને ચાહીઊં કે આશમાનની કજાને તે ફેરવે, અને પાક પરવરદેગારના હોકમનો અટકાવ કરૂં; પણ તે પોતાની ધારણામા કશીબી રીતે ફલદરૂપ નહી થાએઓ, અને તેથી ઉલટી રીતે શરમીંદગી શાથે પાછો રહીને ચુપ થાએ ઓ; માટે કોણની મકદુરછે કે તે શાહેબના હોકમ મધે ફેરફાર ક રી શકે. એ ઉપરથી પાદશાહ આજાદબખતે તેને પુછીઊં કે "અજમ" નો પાદશાહ કોણ હતો, અને તેણે પરવરદેગારનો હો કમ ફેરવવા માટે શું, અને કેવી કોશીશ કીધી હતી તે વીશેનું વર

ણુન કરવું. એ ઉપરથી બખતીઆરને પાછી ખુશી ઉપજી, અ ને વીચારીઉં કે અવે વલી આજનો દીવશ તેને જીવવાની આશા છે. એ પછે બખતીઆરે "અજમ" ના મુલકના પાદશાહની વા ત ચાલુ કીધી, અને પાદશાહને કેટલીએક રીતના આશીરવાદ દી ધા પછે જણાવીઉં કે:—

પાદશાહની દોલત, અને ઊંમર રોજ બરોજ જીઆદા હોજો, અને ખોદાએતાલા લાચાર, અને આજેજ આદમીની ઉપર પાદશાહ ને મેહરબાન રાખજો. અએ નેકબખત પાદશાહ, "અજમ" ના મુલકમા "મલેકશાહ" નામનો એક પાદશાહ હતો, અને તે દોલત તથા લશકર ઘણું ધરાવતો હતો; પણ તેહને તાંહ એકે ફરજંદ ન હી હતું; માટે તેને શારૂં ઘણો ઈનતેજારોથી પરવરદેગાર આગલ દુઆ માંગતો હતો, અને તે શબબને શારૂં તે બેશુમાર ખેરાત કર તો હતો. તથા નેમાજ અને રોજા મધે મશગુલ થાતો હતો, અને મો નાજાત પઢીને ખોદાતાલા પાશે એક બેટો માંગનો હતો. એમ ક રતાં તેની એક બાંડીએ હંમેલ પકડીઆ, જેથી પાદશાહ ઘણો ખુ શી થાએઓ. જારે પેલી બાંડીને નવ માશ પુરા થાએઆ તારે, પા દશાએ ખોઆબ દીઠો, અને તેની અંદર એવું માલમ પડીઉં કે જાણે એક બુધો મરદ પાદશાહ મલેકશાહને કેહછે કે— "ખોદાતા "લા પાશે તું બેટો માંગેછે; માટે શાહેએ અવડાં તારી ઉપર બે "ટાની બખશેશ કીધીછે, જે આવતી કાલ દીને માંએના પેટ મધેથી "છુટીને તુંને આવી મલશે; પણ જારે તે બેટો શાત વરશનો થા "શે તારે, એક "ચીતો" તેને મારશે, અને એક પાહડની ઉપરથી "ગબરીને લોહી ભરેઓ ખાકની અંદર લેટશે." એટલી હકીકત પેલા બુધા મરદની શાંભલીઆ પછે પાદશાહ "મલેકશાંહ" ખોઆ બથી બીદાર થાએએઓ, અને તેજ વખતે પોતાના વજીરો, નજુમી ઓ, અને શેતારે શેનાશ લોકોને બોલાવી મંગાવીઆ, અને ખોઆબ મધે શાંભલેલી બીના તેઓ આગલ જાહેર કીધી. તે ઓએ નજુમ જોએઆ પછે પાદશાહને કેટલીએક દુઆ કીધી, અ ને જણાવીઉંકે પરવરદેગારના હોકમ આગલ આપણે શું કરી શ કીએ. એ ઉપરથી અજમના પાદશાહએ કહીઉંકે હું આશમાન

ની કન્યાને ફેરવું, અને તે ચીતાના આશેબથી બેટાનો બચાવ કરૂં, અને બુલંદ પાહડપરથી પડવાનો તથા લોહી અને ખાકમા લેટવા નો બચાવ કરૂં. એ પછે બીજે દીને પેલી બાંડી હુંબેલથી છુટી, અને એક બેટાને જનમ આપેએા, જેથી પાદશાહ મઘન થાએેએા. પાદશાહનો એક વજીર હતો તે ઘણીજ અકલ, તથા દાનાઈ ધરા વતો હતો, અને નજુમનુ કામ પણ શારો રીતથી જાણતો હતો, તેણે એક દીવશે નજુમની અંદર નેગાહ કીધી, અને તે ઉપરથી તેને માલમ પડીઉં કે—"એ બેટો, અને પાદશાહ વચે એક જગાએ "આખેર શરખી લડાઈ થાએેઆ પછે જઘડો થાશે, અને તે વેલા "એ બેટાના હાથથી પાદશાહને એક મોટો જખમ થાશે, જેથી પા "દશાહનુ મરણ નીપજશે." વજીરે નજુમ મધે જારે એવું જોઈ ઊં તારે, પાદશાહની નજદીક ગએેએા, અને પાદશાહને કેટલીએક દુઆ કીધી, અને કહીઉં કે બંદાએે નજુમના કાએેદા મધે એક ઈશારો જોએેએાછે; માટે અગરજો પાદશાહનો હોકમ હોએેતો તે જાહેર કરે; પણ જે બીના હુંએે નજુમ મધે જમ જોઈછે તેમા જા હેર કરૂં; પણ તે પરમાણેનુ પરીનામ નહી નીપજેતો પાદશાહ મને ગરદન નહી મારે, એવી જો કબુલાત મલેતો તે હકીકત જાહે ર કીધામાં આવે. આ માગણી પાદશાહએે કબુલ રાખેઆથી, વજીરે નજુમ મધે જોએેલી શગલી બીના તેની આગલ જાહેર કી ધી. એ ઉપરથી પાદશાહએે કહીઉં કે જમ તુંએે કહીઉંછે તેમ જો નહી બનીઉં તો પછે તુને કતલ કરશ. એ પછે હોકમ કીધો કે જ મીન મધે એક ભાંએરૂં બનાવે, અને તેની અંદર તે બેટાને દાઈ ની શાથે રાખે. આ પરમાણે તે બેટાને ભાંએરાં મધે છુપાવી રાખેએા ખરો; પણ જેવારે તેને શાત વરશ થાએેઆં તેવારે, એક બનાવ એવો બનીએા કે પાદશાહના શેહર મધે મોટી આગ લાગી, અને આખાં શેહર મધે લોકોની દોડાદોડ થાઈ, અને તે પરશંગે પેલાં ભાંએરાં આગલના ચોકીદારો પોતાના ઘેરબાર, અને બચાંએા ની ખબર કાડવાને તે જગાએે દોડી ગએેઆ. આ વેલાએે પેલાં ભાંએરાંનું બારણું ઊંઘાડું હોવાથી એક ચીતો વાધ તેમાં ગએેએા, અને દાઈને મારી નાખીને પેલા છોકરાને કેટલાએક જખમ મારીને

પાહડ ઉપર લેઈ ગએએા, અને તાંહ તેને ખાવા માટે જેહવેા જમી ન ઉપર મેલીએા તેહવેાજ તે છેાકરેા પાહડ ઉપરથી ગબડીને નીચે આવીએા, અને વાઘે કીધેલા જખમથી લેાહીએ ગગરતેા હતેા; મા ટે જમીન ઉપર પડીને તરફરીઆં મારવા લાગેા. બનાવ એવેા બ નીએા કે પાદશાહનેા નવીશંદ્રા શેકારને માટે ગએએા હતેા તે પેલા પાહડની કઢણ તરફ જાઈ લાગેા, અને પેલા છેાકરા ઉપર નજર પ ડી કે તે લેાહીથી ગગરતેા જમીન ઉપર લેાટતેા બેશુધ હાલતમા હ તેા. ઉપર નજર કરતાં પાહડની અણી ઉપર એક વાઘને દીઠેા, અને તે ઉપરથી શહમજેએા કે વાઘે તેને જખમી કરેએાછે. તે છેાક રાનેા ચેહરેા બેશુમાર ખુબશુરતી ધરાવતેા હતેા, અને તેટલા માટે ન વીશંદ્રા તેને તાંહથી ઉઠાવીને પેાતાને ઘેર લેઈ ગીએા, અને તેના જ ખમને રૂહુજ લાવવા માટે અનુપાન કરવાના કામમા ગુતાએએા. કેટલાએક દીવશ પછે તેના જખમ શારા થએેઆ, અને તે પછે તે છેાકરાને નવીશંદ્રાએ એલમ અને હુનર અને અદબ શીખવવા માડી એા. પેલી તરફ ભાંએરાં આગલના ચેાકેાદારેા આગ જોઈને પા છા પાંચ મીનીટમા પેાતાની જગા ઉપર જાઈ બેઠા, પણ અંદર બનેલા બનાવની તેએાને ખબર નહી હતી. બીજે દીને પાદશાહ છેાકરાને મલવા માટે ભાંએરામા ગએએા, અને જોએછે તેા અંદર છેાકરેા પણ નહી, અને દાઈ પણ નહી હતી. એ ઉપરથી પાદ શાહને અંદેશેા ગએએાં કે શું થાઈઉં હશે. પેલી દાઈ દરરેાજ પાદશાહને કંટાલેા આપતી હતી કે એ જગાએથી તેને કાડીને બી જી કેાઈ જગાએ રાખવી, અને તેણે તેમ નહી કીધું તેથી કદાચ તે છેાકરાને લેઈને બાહેર નીકલી હેાએ, અને ધાશતીને લીધે શેહ ર મધેથી નીકલી ગઈ હેાએ. ઉપલા વીચાર ઉપરથી પાદશાહ એ ચેાતરફ કાશદેાને દેાડાવીઆ; પણ તેથી કશેાએ પતેા લાગેા ન હી. એમ કરતાં છેાકરેા મેાટેા થએેએા, અને શગલી પરકારે પ કેા થએેએા તારે, નવીશંદ્રાએ પેાતાનું કલમદાંન તેને શવાધીન ક રીઉં, અને પાદશાહની આગલ બેશતેા કીધેા. જેમ જેમ દીવશ નીકલતા ગએેઆ તેમ તેમ પાદશાહની મેાહબત તેની તરફ દેાડવા લાગી. એક દીને પાદશાહએ નવીશંદ્રાને જણાવીઉં કે એ બેટેા,

જે તારી ખેદમતમાંછે તેને તું મારે શવાધીન કરે. નવીશંદાએ પા દશાહના હોકમને માન આપીને તુરતજ તે છોકરો તેને હવાલે કરે એા, જે ઉપરથી પાદશાહુએ પોતાની કબાએ તથા કોહલા તેને પે હરાવી. એ પછે કેટલીએક મુદતે પાદશાહુનો એક દુશમેન પેદા થાએએા, અને તે દુશમેન લશકરી એક મોટી ફોજ લેઈને લડાઈ ના મેદાનમાં પોંહચીએા. એ વેલાએ પાદશાહુએ પેલા બેટાને લ ડાઈ મધે જવાને તઈઆર કરેએા, અને પોતાના હથીઆર તેને હ વાલે કરેઆં, અને ખાશ બખતર તેને પેહરાવીને દુશમેનની લડાઈ મધે મોકલીએા. જેહવારે બંધે તરફના લશકર એક બીજાની મુ કાબેલ થાએઆં અને એક બીજાને મારી નાખવા માટે એક એક પ ર હોમલા કરવા લાગા તારે, દુશમેનના લશકરની શંખીઆ મોટી હોવાથી તેઓના મારનો તાપ નહી ખમાએઆને લીધે પાદશાહનું લશકર પાછું હટવા લાગું. એ દેખાવ જોતાંજ પાદશાહુએ પોતે લડાઈના મેદાનમાં ઘોડો જોહુકાવીએા, અને એક તરફથી પાદશાહ એણીજમથી પેલીજમ મારફાડ કરવા લાગેા, અને બીજી તરફથી પેલેા છોકરો દુશમેનના શરદારોને ઘોડાની જીન ઉપરથી ઉડાવીને જમીન દોશત કરવા લાગેા. લશકરની અંદર એટલીતેા જહનુન પેડી કે માણશેા એક બીજાંને ઓલખવા નહી લાગાં. આ લડાઈ મધે એક શરદાર ઘણી ડલેરીથી લડતેા પેલા બેટાએ જોએએા, અને તે મરદ એવીતેા ડલેરીથી લડતેા હતેા કે જેબી જુવાન શરદાર તે ની શામણે જાતેા હતેા તેને તે કતલ કરી નાખતેા હતેા. આ દે ખાવ જોવાથી પેલા બેટાએ તેને મારવાની તલબ કીધી; કાંકે તે એવું શમજીએા કે તે શરદાર મરદ દુશમેનની તરફનોછે. બેટાએ પોતાની તલવાર ઉડાવી, અને પાછલથી જાઈને તે મરદની ઉપર એક હાથ કીધેા, જેથી તે જહટકેા તે શરદાર (ઈઆને પાદશાહ "મલેકશાહ") ના ખભાં ઉપર લાગેા, જેથી તેનેા એક હાથ છુટેા પડી ગએએા. પાદશાહ મલેકશાહુએ તુરત પાછું ફરીને જોએઉં, અને બેટાને ઓલખીઆથી બોલીઆ કે એ હરામજાદા કુતરા, મેં તારી શંગાથે શી બદી કીધી હતી કે તેં મારી શંગાથે એવું કીધું. પેલા બેટાએ જવાબ દીધેા કે તે મારાં લશકરનાં ઘણાં માણશેા મા

રી નાખેઆં, અને કેટલાએક જુવાન શરદારોને બેજાન કરેઆ તારે તેના બદલામાં હું તુંને બીજું તે શું કરૂં ? એટલું કહીને તે પાછો લડાઈ મધે મશગુલ થાએઓ. પાદશાહ કેટલીએક મેહનતથી જંગ મધેથી બાહેર પડીને પોતાના છુટાં લશકરની શરહદમા જાઈ પુગેા, અને તેને થાએલાં દરદને લીધે તેના ખીદમતગારો તેની બરદાશત કરવા લાગા. એ દીનેની રાત પુરી થાઈ, અને બીજે દીને શહવારે પાદશાહ લશકરને લેઈને શેહર તરફ પાછેા ફરીઓ. લડાઈનું મેદાંન આવી રીતે પોતાના હમનબરદની તરફથી ખાલી જોઈઉં તારે દુશમેનનું લશકર તેની હદ મધે ગએઉં, અને દેહડા તંબુ, વીગરે અશબાબ લુટી લેઈ ગએઆ. પેલી તરફથી પાદશાહ પોતાના મેહલમા દાખલ થાએઓ, અને તેણે પેલા બેટાને બોલાવી મંગાવીને તેને જખમી કરવાનું કારણ પુછીઉં. બેટાએ શપત લેઈ જણાવીઉં કે એ કામ તેણે જાંણી બુજીને કીધું નથી; પણ દુશમેનનું માણશ જાણીને અંજાણપણાથી કરીઉંછે; તોપણ પાદશાહ તે બેટાની વાતને ખરી માંનતો નહી હતેા. પાદશાહએ કીધેલા હોકમથી તે બેટાને મજબુત બાંધીને બંદીખાને કેદ રાખીઓ. એ પછે પાદશાહ ઘણેા બીમાર થાએઓ, અને પોતાના મનથી શહમજીઓ કે તે અવે જીવવાનેા નથી. એ ઉપરથી પાદશાહએ હોકમ કીધેા કે પેલેા વજીર કે જેણે નજુમ જોઈને એવું કહેલુંછે કે એક લડાઈની વેલાએ બેટાને હાથે પાદશાહને જખમ થાશે, અને તે ઉપરથી પાદશાહનું મરણ થાશે, તે વજીરને તુરત હાજર કરવેા; કાંકે તેણે જણાવીઆ પરમાણે મારા બેટાને વાધે નથી ખાધેા; પણ દાઈ તેને લેઈને નાહશી ગેઈછે; તેમજ તેના જણાવીઆ પરમાણે તે બેટા શાથે મને લડાઈ થાઈ નથી, અને અવડાં જે જખમ થાએઓચ તે પારકાજ શખશના હાથથી થાએલેાછે; માટે તે વજીરને મારી શરત પરમાંણે મારી નાખું તેા પછે મારા દેલમાં વશવશેા રહી નહી જાએ. ખીદમતગારોએ પેલા વજીરને પાદશાહની આગલ હાજર કીધેા, અને તે ઉપરથી પાદશાહ બોલીઓ કે અએ વજીર, અવે તુંને મારી નાખવાનેા વખત નજદીક આવીઓછે; કાંકે મારા છોકરાને તારા કેહવા પરમાંણે વાધે બાધેા નથી; પણ

તેની દાઈ તેને લેઈને કેથે નાહશી ગેઇછે; તેમજ મહને મારા બેટાને હાથે જખમ થાએએા નથી; પણ બીજા શખશને હાથથી જખમ થાએએાછે, અને તેથી કરીને હલાકીમા પડેએા છેઉં.

વજીરે પાદશાહને જવાબ દીધેા કે જો એમેજ હેાએ તારે તેા મને મારવેા રવાછે; પણ તેની આગમચ એ બેઠેા કે જેણે તું ને જ ખમ કીધેાછે, અને જે છેાકરેા આગમચ એકવાર તારેા શહલેદાર હ તેા તેને તારી નજદીકમા બેાલાવ, અને તે કેાંણુની બુનીઆદનેા, અ ને કહી તેાખમનેાછે તે વીશેની પરપુછ તેનેથી કર, અને તે વેલાએ જેબી તું ને વાજબી લાગે તે કરજે. એ ઉપરથી પાદશાહએ તે છેાકરાને બંદીખાનેથી બેાલાવી મંગાવીએા, અને તેને પુછીઉં કે અએ બેટા, તારાં માએ બાપ કેાંણુછે,અને તારી પેદાએશ કાંથીછે ? છેાકરાએ જવાબ દીધેા કે મારાં માંએ બાપ અને બુનીઆદ કેાંણુ તેની મને ખબર નથી; તેમજ માહરી પેદાએશ કાંહથી હતી તેબી હું જાણુતેા નથી; પણ આટલી બીનાથી હું વાકેફ છેઉં કે એક અશતરીએ માંએ દાખલ એક ભાંએરાંની અંદર રાખીને મહને પા લી મેાટેા કરેએા હતેા, અને જે વેલાએ હું મેાટેા થાએએા તે વે લાએ તે મારી આગલ વાત કરતી હતી કે તારેા બાપ પાદશાહ છે; પણ અવડાં શુધી હુંએ માહરા બાપને દીઠેા નથી. એમ કરે તાં એક દીવશે એવેા બનાવ બનીએા કે મારાં ભાંએરાં મધે એક વાઘ આવીએા, અને તેણે મારી માએને ખાધી, અને મહનેબી કે ટલાએક જખમ કરીને પાહડની ઉપર લેઈ ગએએા, અને જમીન ઉપર મેલતાંજ તેહની ધાશતીથી નાહશવા ગએઆથી પાહડ ઉપ રથી ગબરીને જમીન ઉપર આવીએા, અને લેાહીથી ગરક થાએ લેા બેશુધ હાલતમા જમીન ઉપર લેટવા લાગેા. આ વેલાએ પાદ શાહના નવીશંદાનું તે જગાએ આવવું થાએઉં, અને તેણે મને દીઠાથી તે પેાતાને ઘેર ઉંચકી લેઈ ગએએા, અને શારી માવજત થી શારૂં કીધા પછે એલમ, હુનર, અને અદબ વીગરેની તાલીમ આપી, અને તે પછે તું નેકબખત પાદશાહને શપુરદ કીધેા, અને ખાદાના હેાકમથી તથા પેાતાની બદબખતીથી એ જગાએ પેાંહ ચીએા.

આ શખુનો શાંભલીઆથી પાદશાહને તાઆજુબી પેદા થાઈ, અને તે ઉપરથી તેણે નવીશંદાને બોલાવી એને લગતી શરવેં હકી ત પુછેઆથી, નવીશંદાએ શગલી ખાતરી કીધી, અને બેટાને ના ગો કરીને તેના આંગ ઉપર વાધે કીધેલા જખમોની ઈંધાની બત લાવી. પાદશાહની ખાતરી જરે બરોબર અને પુરતી થાઈ તારે, છોકરાને પોતાની નજદીક બોલાવીઓ, અને બીજે દીને મોટા દબદ બા શાથે કચેરી ભરીને તેહને પાદશાહી તખત ઉપર બેશાડીઓ, અને પેલો વજીર કે જેણે નજુમ માહેલી બીનાથી પાદશાહને વાકે ફ કીધો હતો તેને નજદીક બોલાવીને ઓજરબોહાઈ કીધી,અને તેને શરોપાવ આપેઓ. એ પછે શગલા વજીરોએ પોતાના પાદશાહ ને મુબારકબાદી આપી, અને તે પછે તરીજે દીને અજમનો પાદશા હ મરણ પામીઓ. એ પછે પેલો બેટો અજમની પાદશાહત કર વા લાગો, અને દાદ તથા ઈનશાફ અદલ રીતે કરતો હતો, અને પોતાની પરજા રાજી રેહે એવી રીતથી ચાલતો હતો, અને કોઈની બી ઉપર,અણઘટતી રીતે જુલમ નહી કરતો હતો.

અવે બખતીઆર પાદશાહ આજાદબખતને કેહેછે કે "અજમ" નો પાદશાહ, જેણે આવી પરકારના ઊપાએ લીધા તે જેહવો પરવ રદેગારના હોકમને ફેરવી નહી શકેઓ તો, આશમાનની કજા શા થે હું કાંહથી બર આવી શકું ? બખતીઆરને મોહડેથી પાદશા હએ જારે એ શખુન શાંભલીઓ તારે, જણાવીઉં કે આજ દીનેબી તેને બંધીખાનેજ રાખવો જોઈએ. એ ઉપરથી વજીરોએ એકઠો પોકાર ઉઠાવીઓ કે શેહરના લોકોના તાનાબીના અવે અમારથી ખમી શકાતાં નથી; માટે અજીરબી પાદશાહ એને જીવતો રાખવા ને ચાહેછે તો, પાદશાહને ઘટારતછે કે અમોને રજા આપે કે અમો શેહર છોડીને બાહેર નીકલી જાઈએ તો, પાદશાહની બાબતમા આદમીઓના તાનાબીના ભરેલા શખુનો અમારા કાનમા નહી આ વે. એ દરગાહના નીમખથી અમો પરવરશ થાએલા છેઈએ, અ ને તેટલા શારૂં એ દરગાહની બાબતમા ખરાબ શખુનો શાંભલવાને અમો રાજી નથી. વજીરોના આ શખુનો શાંભલવાથી પાદશાહ હેરાંન થાએઓ, અને બોલીઓ કે તમો જાણો, તમોને જે ગમે તે

કરો; પણ તે દેખાવ જોવાને હું ખુશી નથી. એટલું કહીને પો તે ખેલવતમાં ગએઓ. વજીરોએ બખતીઆરના હાથ પાછલી ત રફથી બાંધીઆ, અને શેહર મધે "ઢંઢેરો" ફેરવીઓ કે શીશતાંન માંહેલાં નાંધેલાં અને મોટાં તમામ આદમી લેગાં થાએ, અને જોએ કે જે આદમી પોતાના ખાવંદની નીઆમતનો હક મંજુર નહી રા ખે, અને બદ દીઆનતનો અંદેશો કરે તે આદમીને કેવી શજાએ પોંહચાડીઆમાં આવેછે. વજીરોએ જલાદને હોકમ કરેઓ કે લોકો ની ઠઠ મલીઆ બાદ, જારે બખતીઆરને મારવાનો હોકમ થાએ તા રે, એને ઘણી જારીથી મારી નાખે.

ઈશવરની મરજી એવી થાઈ કે આ ખબર પેલા "ફરોખશ વારે" શાંભલી; કાંકે એ દીવશે તે પોતાના રેશાલા શાથે શીશતાંન તરફ ફરવાને માટે ગએલો હતો. ઢંઢેરાની ખબર શાંભલતાંજ ફ રોખશવાર પાદશાહની દરબાર તરફ પોતાના રેશાલા શહીત દોડી ઓ અને રેશાલાના માણશોને જણાવીઉં કે "બખતીઆર" ને જ લાદની ચુંગાલ મધેથી બચાવવો. એતેફાક એવો બનીઓ હતો કે બખતીઆરને તેની માંએ જનમ આપેઆ પછે, પાદશાહ આજા દબખતે જે "કબાએ" ની અંદર બખતીઆરને લપેટીને પેલા કુ વા ઉપર મેલીઓ હતો તે "કબાએ" એ દીને પોતાને માંથે લપેટે લી હતી. ફરોખશવાર બખતીઆરની નજદીક ગએઓ, અને લો કોની ભીડની અંદર દાખલ થાઈને બખતીઆરને મજબુતીથી પક ડીઓ, અને બોલીઓ કે એને કતલ કરવા નહી દેઉં. વજીરોએ ઘણીબી મેહનત કીધી, પણ "ફરોખશવાર" ની આગલ તેઓનુ ક શું ચાલીઉ નહી, અને તેની ચુંગાલ મધેથી બખતીઆરને છોડ વી શકેઆ નહી, તારે લાચારે, એ ફરીઆદ તેઓ પાદશાહની આ ગલ લેઈ ગએઆ, અને શગલી બીનાથી પાદશાહને વાકેફ કીધો. એ ઉપરથી પાદશાહએ હોકમ કીધો કે ફરોખ શવારને બોલાવે. ફ રોખશવાર બખતીઆરને શાથે લેઈને પાદશાહની આગલ ગએ ઓ. પાદશાહએ ફરોખશવારને પુછીઉં કે—તું મગરૂર થાઈને હરાં મઓારોની હીમાએત કરેછે, અને બખતીઆરને છોડતો નથી કે તે ણે કીધેલી તકશીરને વાશતે તેને શજાએ પોંહચાડે. માહરા હોક

મથી તું ઊલટો ચાલેછે, અને મારેમી રીતે બીહીતો નથી. ફરોખશવારે જવાબ દીધો કે અએ . ા પાદશાહ, તારી ઉંમ ર લામબી હોજો. બંદાઓના ાને પાદશાહની ફરમાબરદા રીથી શર નથી ફેરવીઉ; તેમજ પાદશાહના હોકમથી ઉલટો ચા લીએા નથી, અને હું એક નાચ ન બંદા, જે કીરીથીબી ઘણો જ કમતર છેઉં તે શી હીમત રાખું જે બખતીઆરે જો ગુનાહ કીધો હોએ, અને તેની હીમાએત કરૂં; પણ બેનેહાએત તાકાત ન થી રાખતો કે બખતીઆરને મારેલો જોઉં. અગરજો આલમનો પાદશાહ રાજી થાએએો હોએ કે બખતીઆરને નાચીજ કરેતો; મેહરબાની કરીને હોકમ કરવો કે પરથમ મને મારી નાખે, અ ને તે પછે બખતીઆરને મારે કે હું એને મુવેલો જોઈ નહી શ કું. પાદશાહએ પુછીઉં કે તેં શું તફશીર કીધી કે તુંને મારી નાખવાનો હોકમ કરૂં, અને એક તકશીરવારના બચાવને વાશતે તું પોતાના જીવથી શામાટે હાથ ધોએછે, અને હરામખોરની ઉપ ર મેહરબાની કરેછે. ફરોખશવારે પોકાર મારી કહીઉં કે અએ જેહાંનના પાદશાહ, એ મારૂં ફરજંદછે, અને એના શીવાએ બી જું ફરજંદ હું વેરાવતો નથી, તારે એને મારી નાખેલો કેવી રી તથી જોઈ શકું, એને મારી નાખોઆ પછે મારી જીંદેહગાંની શું કાંમ લાગવાની ? પાદશાહે જવાબ દીધોકે ચાલો તારેતો ઠીક છે;પરથમ એને મારી નાખો,અને તે પછે બખતીઆરને મારી નાખજો. પાદશાહનો એ શખુત શાંભલતાજ ફરોખશવારે પોકાર મારેએો,અને રડીને બોલીએો કે એો પરવરદેગાર, બખતીઆરનો બાપ કહેએો પાદશાહ હશે,અથવા કોંણ વજીર હશે ? જો બખતીઆરને આજે આવી અવશથામા તે જોએતો, પોતાના હાથ મથેથી એને કદીબી નહી છોડે. બખતીઆર અજુરતો નવજુવાન થાવાનોછે, અને આ દુનીઆના બાગના ફલ અજુર એણે ચાખેઆં નથી, ઈઆને પુરી જુવાની વાપરી નથી,અને તેટલા વખતમા એવી ખોહવારી, અને જારી શાથે મારેએો જાએછે. પાદશાહએ ફરોખશવારને કહી ઉં કે એવા બેહુદા શખુનો તું શામાટે બોલેછે. આ ગરીએ તું બોલીએો કે બખતીઆર તેનું ફરજંદછે, અને તેના શીવાએ બી

જુ ફરજંદ ધરાવતો નથી, અને તેટલા માટે તેને મારી નાખેલો શીરીતે જોઈ શકું, અને વલી તેજ પછે તું ને જારે બખતીઆરની શાથે મારી નાખવાનો હોકમ કીધો તારે, લાચારીથી આગલી વાત ને ઊલટાવીને બોલેછે કે—એનો બાપ કહેએો પાદશાહ હશે, અને કોંણ વજીર હશે, અને તેને બખતીઆરને આવી અવશથામા જોએતો કધી તેને છોડે નહી. શું એવી રીતની અડચણ લાવીઆથી તું જાંણેચ કે બખતીઆરને તું જીવતો લેઈને જઈ શકશે. ફરોખશવરે જણાવીઉં કે શાહેબ, તે કશીબી અડચણ કરવાને રાજી નથી, તેમજ પાછલી હકીકત બોલીએાચ તેમા એક શખુનબી ખોટો જણાવેલો નથી. પાદશાહએ પુછીઉં કે તારે એવા શખુનો બોલવાનો શબબ શું ?

ફરોખશવારે ખોલાશો કીધોકે—એક દીવશે તે પોતાના રેશાલાના માણશો શાથે કેરમાનના જંગલ મધે શીદો કરવાને માટે ફરતો હતો, અને તે વેલાએ એ બેટાને (બખતીઆરને) તે જંગલ માંહેલા એક કુવાની પાર ઉપર આએ (માથાં ઉપર લપેટેલું કપડું દેખાડીને બોલીએાકે એ) કોબાહેની અંદર લપેટીને મેલેલો હુંએ દીઠો, અને તે વેલાએ એની ખુબશુરતી ઉપર હું મોહીત થાએએો, અને મારે તાંહ ફરજંદ નહો હોવાને લીધે હું એને મારે ઘર લેઈ ગએએો, અને પાલીને મોટો કીધો હતો. આ શખુન શાંભલીઆથી પાદશાહએ પેલી "કોબાહે" ઉપર નજર કીધી, અને ઓલખી જે તે "કોબાહે" તેનીજછે, અને તે પોતાના બેટાના આંગ ઉપર લપેટેલી હતી. એ ઉપરથી પુછીઉં કે એ "કોબાહે" ની શાથે બીજું શું હતું ? ફરોખશવારે જવાબ દીધો કે કોબાહેને છેડે ઉનચી કીમતના મોતીના દશ દાણા હતા. પાદશાહએ પુછીઉં કે તે મોતી તારી પાશેછે ? ફરોખશવારે જવાબ દીધો કે હા, તે મોતી તેને ઘેર છે. એવું કહીને તુરત માણશો દોડાવીને તે મોતી મંગાવીને પાદશાહને શવાધીન કીધાં. આ બંધે નીશાણી જોએઆથી પાદશાહને એકીન આવીઉં કે બખતીઆર તેનુ પોતાનું ફરજંદછે, અને તે ઉપરથી તેની આંખ મધેથી બખતીઆર આંશું નીકલવા લાગાં. એ પછે તે મોતી, અને કોબાહે લેઈને મહુલ મધે પોતાની

અશતરી આગલ ગએઓ, અને તેને પુછીઉં કે આ કોબાહે અને મોતીને તું ઓલખેછે ? પાદશાહની અશતરીએ જણાવીઉં કે હા,એ કોબાહે,અને મોતી તેછે કે ફલાણા જંગલ મધે એક બેટાને હુંએ જનમ આપેઓ હતો તે બેટાને એ કોબાહેની અંદર લપેટીને મોતી તેની શાથે બાંધીઆં હતાં. એટલું કહીને તે બેટાની જુદાઈને માટે તે બેજાર રડવા લાગી, અને બોલીકે એ બંધે ચીજ આપણા તે બેટાની ઈધાણીછે, અને છેક અવડે તારા હાથમા એ કાંહથી આવી ? પા દશાહએ જવાબ દીધો કે જે પુરશે તારી ઉપર બદ નજર રાખી હુ તી, અને અવડાં હું તેને તારી આગલ લાઉં છેઉં. એટ લું કહીને પાદશાહ આજાદબખત મેહલની બાહેર ગએઓ, અને બખતીઆરને પોતાની નજદીક બોલાવીને તેના બંધ પોતાને હાથે છોડીઆ. એ વખત શુંથી બખતીઆરને કશી ખબર નહી હતી કે તેની બાબતમા શું થાઈઉં, અને શું થાવાનું છે. એ પછે પાદ શાહએ તેના બંધ છોડીને હમામખાંનામા આંગ શાફ કરાવીને તેને ઉનચો પોશાગ પેહરાવીઓ, અને તેપછે તેને મેહલની અંદર પોતા ની અશતરીની આગલ લેઈ જાઈ ઉભો કરી બોલીઓ કે જે બેટાને આપણે કુવાની ઉપર મેલી ગએઆં હતાં તે બેટો આએછે. આ શખુન શાંભલતાંને વારજ તે અશતરીન થાન મધેથી દુધે જોર કી ધો, અને કપડાંની અંદરથી દુધની શેર બખતીઆરના મોહડાં તરફ ઉડી. આવી પરકારનો ચમતકાર જારે પાદશાહએ જોએઓ તારે, હેરાન રહીને બેશુમાર રડવા લાગો, અને બખતીઆરને બગલમા લેઈને તેના ગાલ ઉપર બોશા દેવા લાગો. પાદશાહની ઓરતે તે ને ગોદમા લીધો, અને બોલી કે ઓ બેટા, તું હમારૂં બુજોરગ ફર નંદ, અને અમારી આંખનુ નુરછે, અને અમો તુંને કુવાની પાર ઉંપર મેલી ગએઆં હતાં; કાંકે અમારી ઉપર તે વેલાએ થાએલી દુશમેનની ચડાઈથી અમો શેહર છોડીને નાહશી જાતાં હતાં, અને દુશમેનની ધાશતીને લીધે જલદીથી આગલ નીકલી જવા માંટે તું ને શાથે લેવાને પાંમીઆં નહી હતાં, અને તુંને તે કીરતારને શોંપી બોલીઆં હતાં કે જો તું ચાહતો હોએતો, એ નુરમંદ બેટાને જી વતદાન બખશીને કોઈ દીવશે અમારે હવાલે કરજે. આ અમા

રી અરજ તે કીરતારે, બીજી અરજોની શાથે કબુલ રાખી તે જો
ચાથી આજે અમોને અતીઅંત ખુશવખતી પેદા થાઈછે.

બખતીઆરે પોતાનુ મોહડું પાદશાહ તરફ ફેરવીઉં, અને બોલીઓ કે ઓ નેક ખશલતના પાદશાહ, મારી ઉપર જે અપરા ધ મેલીઆમાં આવીઓ હતો તે અપરાધ હુંએ કરેઓ નથી; પ ણ મારી ઉપર બીલકુલ જુઠું તોહમત ઉઠાવીઆમાં આવીઉંછે; પ ણ હું જાણવા માગું ચ કે એવું બીલકુલ જુઠું, અને વગર પાએ આનું તોહમત એક માંએ પોતાના દીકરા ઉપર કાંએ, અને શામા ટે ઉઠાવીઉં ? આ શવાલના જવાબમાં પાદશાહની અશતરી બોલી કે ઓ નેક ફરજંદ, પરવરદેગાર કે જેણે અમારૂં ફરજંદ અમોને પાછું હવાલે કીધું છે, તે શાહેઅના શોગંદ લેઈ હું તુંને જણાઉં છેઉ કે એ કામની અંદર મારો કશોએ એલ્તાજ રહેઓ નહી હુ તો. તું ખરોંજ બેગોનાહછે, અને તેમાતો કશો શંદેહ નથી; પ ણ એક તરફથી પાદશાહના દેલમા વેહમ ગએઓ, અને બીજી તર ફથી એ મારી શંગાથે રૂશાએઓ, અને બીલકુલ બોલચાલ બંધ કીધી, અને શરવે પાંતીનો વેહવાર વજીરો શંગાથે રાખે આથી, તેઓએ મને દમ આપેઓ, અને તે શમો જાલવ વા માટે તેઓની શીખવણી પરમાંણે ચાલવાને મને ફર જ પડી; કાંકે તેઓને મેં કશમ લેઈ જણાવીઉં કે એવું તોહમ ત ઉઠાવીઆથી હું પરવરદેગારની તકશીરવાર શામાંટે થાઉં; પણ તેઓ બશજીદ થાએઆ, અને તારે માટે જુઠું બોલીઆ કે એણે નાહેક ઘણા ખુન કીધેલાંછે, અને એવા એક ગુનેહગારને મારવામાં કશું પાપ નથી; પણ અગરજો એને મારવાથી પાપ પરાપત થાએ તો તેનો જવાબ તે કીરતારને દેવાનો જોખમ અમારે માથેછે. એ ઉપરાંત બીજાં કેટલાંએક દબાણને લીધે મને તેઓના કેમા પરમા ણે ચાલવાની ફરજ પડી; કાંકે જો તેમ નહી કરૂં તો રૂઠેલો પા દશાહ મારી ખોહવારી કરે; માટેજ ઓ નેક બેટા એ કાંમ મારે હાથે થાઈઉં હતું તે વીશે તું, અને પરવરદેગાર મને માફ કરે. એ પછે આ તરણુડે જણાઓએ એ દીનેની રાત ઘણી ખુશાલી થી ગુજારી, અને પાદશાહઓની રીત પરમાણે જશન કરીઉં. બી

જો દીવશ શહરૂ થાએએો, અને આફતાબ ખીલી નીકલીએો કે પા દશાહ પોતાના તખત ઉપર બીરાજીએો, અને કચેરીના માંણશો હા જર થાએઆં. પેલા અદેખા વજીરો હંમેશના રાબેતા પરમાણે ક ચેરીમા બીરાજીઆ, અને પાદશાહને શલાંમ કરીને પોત પોતાને કા મે લાગા; પણ તેઓના ચેહરા પોતાની બુરી દોઆનતમાં નહી ફાવવાને લીધે ઘણાં ફીકા પડી ગએઆ હતા.

પાદશાહએ એકદમ હોકમ કીધો કે શગલા અદેખા વજીરોને એકેદમ પકડે, અને મજબુત બંધથી બાંધે અને તેઓએ બખતીઆ રને મારી નાખવામા જેવી બુરી ધારણા રાખી હતી તે કરતાંને ઘણીજ બુરી રીતથી તેઓને મારી નાખે. આ હોકમ તુરતજ અમલમા આવીએો, અને તે શગલા વજીરોના ઘેરબાર લુટી લીધાં, અને બખતીઆરને પાદશાહી તખત ઉપર બેશાડીએો, અને પેલા ફરોખશવારને તેનો વજીર ઠેરવીએો, અને ફરોખશવારના રેશાલાના માણશોને શારી રીતથી દોલત બખશી, અને પાદશાહ તથા તે ની અશતરી એ દીનેથી પરવરદેગારની બંદેગીમાં મશગુલ થાએઆં.

ઘોડાના ખેતાબના પુરશો.

અકબરશાહ પાદશાહની કચેરી મધે ખુશરો નામનો તેનો એ. ક ચાકર હતો, જે કુરશદની વેલાએ પાદશાહને રમુજ, અને ગંમત આપતો હતો. એક દીવશે પાદશાહ તે ચાકર, અને પોતાના દી કરાને શાથે લેઈને ઘેરથી બાહેર નીકલીએો હતો. તેઓએ પોતા ના આગમાં રેંશમી શાહેઆ પેહેરેલા હતા; માટે ગરમી પડવાને લીધે જીવને અકલામણ થાઈ હતી. એ ઉપરથી શેહરની બાહેર આ ગલ વધીઆ પછે, અકબરશાહએ પોતાના આંગ મધેથી શાહેઓ કાડી નાખીએો, અને પોતાના ચાકરની ખાંધ ઉપર નાએઓ. પાદ શાહની આ રીત જોવા ઉપરથી, તેના દીકરાએ પણ પોતાનો શા હેઓ કાડીઓ, અને તેણે પણ ખુશરોની ખાંધ ઉપર નાખીઓ.

આ બંધે શાહેઆ ખુશરોની બંધે ખાંધ ઉપર મેલીઆ પછે, ખુશરો જેમ જાણે લંગડાતો, અને ખોરાતો હોએ તેમ દેખાવ કરીને ધીમે ધીમે ચાલવા લાગો. એ ઉપરથી પાદશાહના છોકરાએ તેને પુછીઉં કે ખુશરો, "તેરી ખાંધ ઉપર તો એક ઘધેકે ભારૂક બોજા લાધા હુઆ હુએ." એના જવાબમાં ખુશરોએ જણાવીઉં કે— "બંદે નવાજ, એક કીઉં; મેરી ખાંધ ઉપર તો દો ઘધેકા બોજા લાધા હુઆ હુએ !"

ઉપલા શવાલ જવાબની મકશદ એવીછે કે જારે પાદશાહના છોકરાએ ખુશરોને પુછીઉં કે ખુશરો, તારી ખાંધ ઉપર તો જેમ એક ઘધેડા ઉપર બોજો ભરે તેમ, ભાર લાધીઆમા આવીઓછે, તારે ખુશરોએ હશવા માંટે છોકરાને કહીઉં કે— બંદે નવાજ, એક કાંએ; મારી ખાંધ ઉપર તો બે ઘધેડાઓનો બોજો નાખેલોછે. એટલે કે તમો બંધે બાપ દીકરાઓ ઘધેડા છેઓ; માટે તમારા શા હુઆનો બોજો મારી ખાંધ ઉપર નાખેલોછે.

કંચનીએ આપેલો ઊતર.

"શમશુલ ઉલ દઉલા" નામનો એક શોદાગર શીરાજ નામના શેહર મધે રેહતો હતો, જેને નાચ અને ગાએણાનો ઘણો શોખ હતો. આ રાજા રમુજી, અને ટકોરબાજ હતો, અને કુરશદની વેલાએ દીલ ખુશ કરનારી નીરદોશ રમુજમા પોતાનો વખત ગુજારતો હતો. એક દીવશે તેણે પોતાના મેહલ મધે નાચની એક બેઠક કીધી હતી, અને તે વેલાએ ગાએણ કરવા માટે એક મુશલમીન રાંમશગરને બોલાવી હતી. શોદાગરને રમુજ આપી હશાવવાને માટે તે રાંમશગરે બેઠક મધે બીરાજતી વેલાએ પોતાના પેશવાતની બંધે બાજુએ પોતાના બંધે જોરા બંધાવીઆ હતા, અને મીજલશ મલીઆ પછે નાચવા માટે ઉભી થાઈ હતી— રામશગરે નાચવા, અને ગાવાનુ શેહરૂ કીધું તારે, તેના જોડા પેશવાતની શા

થે બાંધેલા હતા તે શોદાગરની નજરે પડેઆ હતા. એ ઉપરથી શોદાગરે રાંમશગરને કહીઊં કે—તુમારી જોરીઆં પેશવાતકે તઈં કીઊં ?'' રાંમશગરે ઉતર વાલીએા કે—''ગરીબોકી જોરીઆં ઊ નોકેજ પાશ રેહતી હએ; લેકીન શોદાગીરોકી જોરીઆં ખોદમતગા રોકી બગલમે રેહતી હએ.''

ઉપલા શવાલ જવાબની મકશદ એવીછે કે શોદાગરે રાંમશ ગરને પુછીઊં કે તારા જોરા તારા પેશવાત શાથે કાંએ બાંધીઆછે ? તારે રાંમશગરે શોદાગરને રમુજ આપવા માટે જવાબ દીધેા કે— ગરીબની અશતરીએા તેએાનીજ શાથે રેહછે; પણ શોદાગરો, ઈ આને તવંગરોની અશતરીએા તેા પેાતાના ચાકરો શાથે પણ બગલ ગીરી કરેછે.

ભલા, અને ભુંડાનુ વરણન.

''માહશુપા''નામના એક ગાંમડાંમા તાપીદાશ નામનેા ચાલીશ વ રશની વએનેા વાંણીએા રેહતેા હતેા, જે એટલેા તેા ભલેા હતેા કે તેણે તેની આખી જીંદગીમાં લડાઈ ટંટેા તેા નહીજ; પણ કેાઈને એક ગાલ વટીક દીધી નહી હતી, અને તેનેથી જેમ બનીઊં તેમ લેાકેા નું ભલું ઈછવા પછવાડે મેહનત કીધી હતી. અગરજો કેાઈ તેને શતાવતું, અથવા ગાલ દેતું હતું તેા, તેના બદલામાં તાપીદાશ તેની શાંગાથે ભલાઈજ કરતેા હતેા. જોકે તાપીદાશ એટલેા બધેા દએઆ લુ હતેા; તેાપણ ને પઈશા ટકાથી ઘણેા દબાએલેા હતેા, અને ઘેરમાં બચાં છેાકરાં શાથે ખરચવાને તેને મેાટી આપદા ભેાગવવી પડતી હતી. જેમ તાપીદાશ એક ભલેા પુરશ હતેા; તેમજ તેની બાએડી પણ તેવી ભલી, અને શબુરી વાલી હતી, અને તાપીદાશ તેને જેમ શહમજાવતેા તેમ ચાલતી હતી. આગલ ચાલતાં તાપીદાશનેા શમેા ઘણેાજ બારીક આવીએા, અને ને ઉપરથી તેણે દેશાવરખાતે જાઈ કાંઈ વંધેા શોહંધવાનેા વીચાર કરેએા. આ વીચાર તાપીદાશે પેા

તાની બાએડી આગલ જણાવીએા, જે શાંભલંવાથી તે અતીઅંત દલ ગીર થાઇ, પણ વીચાર કીધેા કે એમ કીધા શીવાએ તેઓનેા કશેા એ છુટકેા નથી. જોકે તેની મરજી પેાતાના ભરથારને દેશાવર ખા તે મેાકલવાની બીલકુલ નહીજ હતી, તેાપણ લાચારે છાતી મજબુત કરીને પેાતાના ભરથારને જણાવીઊં કે—જો તમેા ધારતા હેાવકે એમ કીધાથી આપણું ભલું થાશેતેા, શુખેથી જાઈ આવ વું. આ પરમાણે ઘણી ઘણીઆણીની રાજી ખુશીથી તાપીદા શ ઘેર ખાતેથી નીકલીએા,અને મંજલ દર મંજલ ચાલવા લાગેા. માઠા શંજેાગે એક દીવશે એવેા બનાવ બનીએા કે તાપીદાશ શાંધા રણ રશતેા ભુલી ગએેએા, અને જંગલ તરફ નીકલી ચાલીએા, જેથી આખા દીવશ શુધી તેને રશતા મધે એકે માંણશ દીશીઊં નહી, જેથી તે ધાશતી ભલેલી હાલતમાં આગલ વધીઆ કીધેા. શાં હજ પડી તારે,તાપીદાશ વીચાર કરવા લાગેા કે અત્રે તે રાત વાશી કાંહ કરશે; એટલામાં તેને એક જંગલી માંણશ મલીઊં. તાપીદા શને જોતાં તે માંણશે પુછીઊં કે તું અતરે કાંએ આવીએાછે. એ ઠેકાંણે તેા વાઘની મેાટી વશતીછે; માંટે અગરજો રાત વાશી રેહુ તેા, જંગલ મધેથી છેાડાં છપટાં લાવીને તેનેા ઈંગાર પાડીને શજા ગરૂ રેહજે કે ઈંગારની રેાશનીને લીધે વાઘ આવી નહી શકશે. એ ઉપરથી તાપીદાશ જંગલ મધે એણીગેમ પેલીગેમ ભટકીને છેા ડાં છપટાં, અને કચરેા લાવીએા, અને ઈંગાર શલગાવીને આખી રાત બેશીને કાડી. એ રાત ગુજરેઆ. પછે,બીજે દીને એક બીજા પુરશ તે ઠેકાંણે જાઈ પુગેા, અને તેપણ તાપીદાશની પઠે રશતેા ભુલેા પડવાને લીધેજ તે તરફ નીકલી ગએેએા હતેા. તે પુરશે જા રે તાપીદાશને જોએેએા તારે, તેની આગલ ગએેએા, અને તેનેથી કેટલીએક પંરપુછ કીધી, અને તે ઉપરથી માલમ થાઈઊં કે તાપી દાશ પણ તેનીજ પઠે ભુલેા પડીએાછે. તાપીદાશે તેને જણાંવીઊં કે એ ઠેકાંણે વાઘનેા મેાટેા ભએેછે, એવું એક જંગલી માંણશે તે ને કહેલું છે, અને તેના બચાવને માંટે તેણે અતરે ઈંગાર શલગા વી રાખવાને કહેલું છે, અને તેટલા માંટે તેણે આ ઈંગાર શલગા વેલેાછે. પેલા પુરશે તાપીદાશને જણાંવીઊં કે ભાઇ કાંઇ ફીકર ન

હીઃ ઈંગાર શલગાવવાને આપણને ચીંતા શીછે; ચાલો હું પણ છોડાં છપટાં વીણી લાઊં, અને એકને બદલે બે ઠેકાંણે આપણે ઈંગાર શલગાવીએ. એટલું કહીને તેપણ જંગલમાંથી કચરા વીગરે છોડાં વીણી લાવીઓ, અને એક બીજેજ ઠેકાંણે જુદ્દો ઈંગાર શલગાવીઓ, અને 'તાપીદાશને કેવા લાગેા કે ભાઈ આપણે બંધે શાથે જાગીએ, તેના કરતાં એક એક જણ અવારનવાર ઊંઘી ઉઠીએ. આ વાત તાપીદાશે પણ કબુલ રાખી; કાંકે એક આખી રાતના ઉજાગરાથી તે કંટાલેલેા હતેા. એવી કબુલાત કીધા પછે, થેાડા વખત શુધી તે બંધે જણાં વાને બેઠા, અને તે વેલાએ પેલા પુરશે તાપીદાશની ઓલખ, અને નામ ઠાંમ વીશે પુછેઆથી, તાપીદાશે કહીઊં કે—ભાઈ તેનુ નાંમતેા તાપીદાશ કરીનેછે, પણ મારા ગાંમના લેાકેા મને "ભલા" ના નામથીજ ઓલખેછે. પેલા પુરશે પુછીઊં કે "ભલા" ના નામથી ઓલખવાનેા શબબ શુંઃ કાંઈ ત મેા ભલાઈનાં કાંમ કરેાચ કે કેમ ? તાપીદાશે જણાવીઊં કે ભાઈ હા. અગરજો કેાઈ શખશ મારૂં ગમે એટલું બી બુરૂં કરે, તેા પણ હું તેનાં ભલાં શીવાએ જરાએ બુરૂં કરી શકવાનેા નહી, એવી મારી જાતી ખાશીઅતછે, અને તેમ કરતાં હું ભીંખારી હાલત માં રહી ગએએા છેઊં. એ ઉપરથી પેલા પુરશે પેાતાની ખાશીઅતનુ વરણન કરીઊ,અને જણાવીઊં કે તેતેા શરવેથી બુરેાછે,અને તેને હાથેતેા બુરાંજ કાંમ થાએછે. એના જવાબમાં તાપીદાશે કહીઊં કે ભાઇ હશે;જેને જેવું ભાશે તેવું તે કરે,એમાં કેાઇએ દેાશ આપવેા જોઇતેા નથી. એ પછે તે પુરશે તાપીદાશને જણાવીઊં કે ચાલ ભાઇ, તું જોઇ આખી રાતનેા ઉજાગરેાછે; માંટે ઊંઘી જા; હું જાગરન કરૂંચ; પછે વલી તું ઉઠેને હું ઊંઘીશ. આ ભરેાશા ઉપર નચીનત થાઇને તાપીદાશ ઊંઘી ગીએા, અને જરે તે ભર ઊંઘમાં આવીએા તારે, પેલા ચંડાલ પુરશે તાપીદાશના કેાથલા મધે જે વાશણ હતાં તે મધેથી ચમચ કાડીને હાથમાં પકડી,અને તાપીદાશની છાતી ઉપર ચડી બેઠેા, અને તે વેલાએ તાપીદાશ ઘભરાઇને જાગી ઉઠીએા, અને વીચાઊં કે આ ચંડાલની નજર ચા પાંચ શાત રૂપીઆનાં વાશણ જોઇને બીગડી.. એ ઉપરથી તેણે પેલા

ચંડાલને કહીઉં કે અરે એા ભાઈ, વાશણ શરીખી વશતુને માં ટે મને ઈજા દેઈશ નહી; જેબી લેવાને તું ધારણા રાખતો હોએ તે શુખેથી લેજે; તેને માટે હું કધીબી દલગીર થાઈશ નહી; પ ણ અમશથકો મારા જીવની ખરાબી ના કરતો; કાંકે મારાં બચાં છોકરાં ભુખે મરશે; માટે મારી નહી-તો મારાં બાલકોની કદર ખા જે. આ વેલાએ પેલા ચંડાલે ઊતર વાલીઓ કે ભાઈ ચાલ તારી ખુશીછે તો તારો પરાંણ બચાવીશ, અને તુને મારી નાખું નહી; પ ણ તારી બને આંખતો ખચીન ફોડીજ નાખવી જોઈએ;કાંકે તુ આં ખે જોએતો કેથેથીબી મને ઓલખીને પકડાવી શકશે. આ વેલાએ તાપીદાશે તેની આગલ ઘણીએ કાકલુદી કીધી; પણ તે ચંડાલે કશું એ શાંભલેઆ વગર, ચમચની અણીથી તેની બંધે આંખ ફોડી નાં ખી, અને તેનાં વાશણ વીગરે લેઈને ચાલતો થાએઓ.

આ માઠા બનાવથી તાપીદાશ બેચારો બંધે આંખે અપંગ થા ઈ પડીઓ, અને તેની પીડાથી જમીન ઉપર પડીને તરફડતો હતો. રાત મધીઅ પુરી થાઈ,અને જે જગાએ તાપીદાશ પડેલો હતો,તે ઠેકાંણે એક મોટું જાહડ હતું, અને તેની ઊપર એક ગરૂડ પખશી નુ જોરૂં બેઠેલું હતું, અને તેઓએ વાત કરવાની શહરૂ કીધી. ગ રૂડ પખશીએ પોતાની માદાને પુછીઉં કે આજ દીવશની વેલાએ તું કહી દશાએ ચારો શોધવાને ગેઈ હતી. એના જવાબમાં તેની માદાએ કહીઉં કે આજ દીને તે ઊતર દશા તરફ ગેઈ હતી,અને શીગણપુર નામે એક શેહર મધે જારે તે ગેઈ તારે, તે આખી શેહરના લોકોમા ઉદાશી પેદા થાએલી તેણે દીઠી; કાંકે તે શેહરનો રાજા ઘણો દએઆલુ, અને પોતાની પરજાના હકમાં ઘણોજ ભલો, અને શખાવત વાલોછે, અને તેને "રગતપીત" નો મરજ થાવાથી તેનું આખું શરીર શડી ગએઉંછે,જેના દુઃખના કંટાલાને લીધે તેણે એવો નીશચીઅ કરેઓચકે કાશી જાઈને આ તીરથ કરી પછે તાંહ આ પઘાત કરવો. પોતાની માદાની આ વાત શાંભલીને ગરૂડ પખશી એ જણાવીઉં કે એવાં દરદ વાલા પુરશનાં આંગ ઊપર જો તેનો (ગરૂડ પખશીનો) છેહડ પાંણી મધે લેલીને ભરેતો, જરૂર કરીને તે નું દરદ શારૂં થાએ, અને તે ખરેખર નીર રોગી થાઈને શારીપઠે ફરે.

એ પછે માંદાએ ગરૂડ પખશીને પુછીઉં કે એા શવાંમી, તમેા આજ દીને કેહી દશા તરફ ફરવાને ગએઆ હતા, અને તાંહ શું, અને કેવેા ચમતકાર જોએએા હતેા. ગરૂડ પખશીએ જણાવીઉં કે તે દખણ દશા તરફ ફરવાને ગએએા હતેા, અને તેણે પણ એવેાજ એક દેખાવ જોએએાછે. એ દશાએ મધુરશ નામે એક શેહરછે, તાંહનેા રાજા ઘણેા શારેા, શવભાવીક, અને દએઆલુછે; પણ પાછલ થી તે આંખે અપંગ થાએઆને લીધે તેની પરજા ઘણી દલગીર થા એલીછે; તેમજ રાજા પેાતેબી હેરાન થાઈને પેાતાની જીંદેગીથી કંટાલી ગએલેાછે. આ શખુન શાંભલવાથી માંદાએ કહીઉં કે રે શવાંમીજી; એવાં દરદ શારાં કરવાને કશેા વીલમ નથી. અગરજો મારેા છેહડ પાંણી શંગાથે તે રાજાની આંખે ચેાપડેતેા, એક અઠવાડીઆંના અરશામાં તે રાજાની આંખ દીપી નીકલે. આ બંધે જોડાંની વાત તાપીદાશે ધીઆન દેઈને શાંભલી હતી, અને તે ઉપરથી વીચાર કીધેા કે જમની બેારદુ તરફથી પેહલી વાત થાઈ હતી, અને બીજી વાત ડાહબી બેારદુએથી શંભલાઈ હની. એ ઉપરથી તાપીદાશે ડાહબી બેારદુ તરફ હાથ ફેરવીને તપાશ કીધી, અને તે ઊપરથી તેના હાથમાં શુકાએલેા છેહડ આવીએા, તે લેઈને તેણે પાંણી મધે ભીજવીને આંખે લગાડેઆ કીધેા, જેથી એક અઠવાડીઆંમાં તે બંધે આંખે શારીપઠે જોવા લાગેા. એ પછે તેણે બંધે બેારદુનેા છેહડ એકઠેા કરેએા, અને તે લેતેાજ કે ઉતર દશા તરફ નીકલી પડેએા, અને શીગણપુર શેહર તરફ ગએએા, અને તાંહના રાજાની શેાહબ કીધી, જે ઊપરથી તેને માલમ પડીઉં કે તે રાજાતેા કાશી તરફ આપઘાત કરી મરવા માંડે શેહર છેાડીને, અને પેાતાનુ રાજ પેાતાના એક જેશીને શવાધીન કરીને ચાર દીવશનેા ગએએા હતેા, જેથી તેની પરજા મેાટી ઉદાશી, અને ગમગીનીમાં હતી. એ ખબર શાંભલતાંજ, તાપીદાશ તાંહથી આગલ વધીએા, અને મંજલ દર મંજલ ચાલતાં, આઠ દીવશમાં એક ગાંમ તરફ ગએએા, જાંહ શીગણપુરના રાજાએ પેાતાનેા ઉતારેા કીધેલેા હતેા. આ ખબર તાપીદાશને પડવાથી તે રાજાના તંબુ આગલ ગએએા, અને તાંહનાં માંણશેાને અરજ કીધી કે તેની પાશે "રગત પીત" ના દરદનેા

ઈલાજછે, અને જો રાજા તેની દવાઈ કરેતો, તેને આશાછે કે રા જા તે દરદથી શારો થાશે. આ વાત શાંભલવાથી રાજાનાં માંણશો એ ઉતર દીધો કે ભાઈ, હજારો હકીમોની દવા રાજા કરી ચુકો, અને લાખે રૂપીઆ ખરચી ચુકો, તારે અવે તારી દવાઈથી કેવો ફાએદો થાવાનોછે. તાપીદાશે જવાબ દીધો કે ભાઈ, હું પઈશા લેઈને દવાઈ કરવાને આવેલો નથી; પણ એક વફાદાર રાજાના દરદની ખબર શાંભલવા ઉપરથી, તેને શારૂં કરી ઈશવરને રાજી રા ખવાની ધારણાથી આવેલો છેઉં; માટે તમોએ એ વીશેની ખબર રાજાને આપવી. જો મારી દવાથી રાજાને શારૂં થાઈ ઊંતો, મને જશ મલવાને લીધે શંતોશ પામીને અતરેથી મારે રશ તે ચાલશ; પણ કદાચીત ફેર નહી પડેઓ તો તેમા તમારેતો થો ડાજ પઈશા ખરચવાનાછે.

તાપીદાશના આ શબ્દનો શાંભલવા ઉપરથી રાજાના માણશો એ એ ખબર રાજાને આપી, અને તે શાંભલવા ઉપરથી રાજાએ તાપીદાશને બોલાવીઓ, અને તેનેથી કેટલીએક રીતની પરપુછ કરીને તેની પાશેથી દવાઈ માંગી, અને એક અઠવાડીઆં શુધી તે દવાઈ પોતાને આંગે લગાડી. પેહલીવારજ દવાઈ લગાડતાં રાજાના આંગ ઉપર જે આગ બલતી હતી તેમા કરાર વલીઓ, અને તેની બેક રારી ભાગાથો કરારની નીદ તેને આવી. એક અઠવાડીઆમાં રા જાનાં શરીર ઉપરનાં શગલાં ચાઠાં શાફ થાઈ ગએઆં, અને તે ઉ પરથી તે અતીઘણી ખુશીમાં આવીઓ, અને તાંથી શીગણપુર તરફ પાછો ફરવાનો વીચાર તેણે પેતાના માણશો, અને તાપીદાશની આગલ જણાવીઓ. એ ઉપરથી તાપીદાશે રાજાને જ ણાવીઉં કે શાહેબ, તમોએ દુખને લીધે કાશી જાઈ આપ ઘાત કરવાનો ઠેડાવ કરેઓ હતો; પણ જારે અવે તમોને ઈશવરે શુખ, અને કરાર આપેઓ તારે તો તમોને ઘટારતછે, અને તમા રી મોટી ફરજછે કે તમોએ કાશી ખાતે જાઈને તીરથ કરવું, અને દરદ પાછલ જે દોલત ખરચી હોએ તેથી બેવડી રકમનો ધ રમ કરીને પછે તમારાં શેહર મધે જાઈને તમારી રાજ ગાદી ઉપર બીરાજવું. એ વીચાર રાજાને પશંદ પડેઆથી તે કાશી તરફ જા

વાને નીકલીએા, અને તાપીદાશને પેાતાની શાથે બેાલાવીએા; પણ તેણે જણાવીઊં કે જેમ તમારૂં એક માહ દુખ હતું; તેમજ "મધુરશ" નામે એક શેહર દખણ તરફ આવેલું છે તાંહના રાજાની આંખે અંધાપાનુ દરદ થાએલું છે, અને તેણે પણ તમારીજ પઠે આપઘાત કરવાનેા ઈરાદેા રાખેલેાછે, અને આવી ખબર તેને મલેલીછે; માટે જલદીથી તેને જાઈ મલીને, જો ઈશવર મદદ કરેતેા, તેની આંખને શારી કરેઆમાં આવે. આ ઉપરથી રાજાએ તેને પેાતાની ખુશીથી કેટલેાએક ખજાણેા આપેએા, અને પેાતાનુ રાજ તેને શવાધીન કરાને પેાતાની દીકરી શાથે લગન કીધાં. આ વેલાએ તાપીદાશે શીગણપુર ખાતે રાજ કરતા કાંમ ચલાણે રાજાને તે ગાદી શવાધીન કીધી, અને તેને જણાંવીઊં કે તે(તાપીદાશ)શેહર મધે આવે તાંહશુધી તેનુ રાજ તેણે ચલાવવું, એવું તેની ઉપર કાગલ લખીને તાપીદાશ દખણ તરફ રવાના થાએેા, અને "મધુરશ" શેહર મધે દાખલ થાએેા. તે શેહર મધે દાખલ થાએઆ પછે તાપીદાશે તેની દવાઈ બાબે રાજાને ખબર પેાહચાડી, અને તે ઉપરથી રાજાએ તેને બેાલાવીએા, અને તેની દવાઈ કરવા માંડી, જેથી એક અઠવાડીઆંમાં તેની આંખે દેખાવા લાગું. આ ચમતકારીક બનાવથી રાજાને અતીઘણી મેાટી ખુશી ઊપજી, અને તેથી તેણે પેાતાનુ રાજ તાપીદાશને શવાધીન કીધું, અને પેાતે નીરાંત થાઈને બેશવાનેા વીચાર કરેએા; પણ તેની આગમચ કાશી જાઈને તીરથ કરવાનેા વીચાર કરી શેહરનુ તાજ અને તખત તાપીદાશને શવાધીન કરીઉં, અને પેાતાની દીકરી શાથે તેને પરણાવીને તાંહથી કાશી તરફ રવાના થાએેા.

અવે તાપીદાશને પેાતાનાં બાએેડી છેાકરાં ઈઆદ આવીઆં, અને તે ઉપરથી તેણે તેઓને પેાતાની પાશે બેાલાવી લીધાં. તાપીદાશ આ વેલાએ તરણ બાએેડીનેા ધણી, અને બે શેહરનેા શરદાર થાએેા, અને નીરાંતથી બેશીને પેાતાની પરજાનેા ઈનશાફ કરતેા હતેા. એક દીવશે તાપીદાશ પેાતાની બાએેડીએા શાથે પેાતાના મેહલની અગાશી ઉપર બેશીને વાતચીત કરતેા હતેા, અને તે વેલાએ પેલેા "બુરેા" પુરશ કે જેણે તાપીદાશની બંધે આંખેા

ફોડી નાખી હતી તે માંથાં ઉપર લાકડાંનો ભારો મેલીને ધીમે ધી મે ચાલતો તાપીદાશની નજરે પડીઓ. તેને ઓલખતાંજ માં ણશોને હોકમ કરીને તેને પોતાની નજદીક બોલાવીઓ. તે બુરા પુરશો જરે તાપીદાશને જોએઓ તારે, શારી પઠે ઓલખીઓ, અ ને તેને પોતાનાં કરતુકને માટે ધાશતી લાગી કે રખેને અવે તાપી દાશ તેને તેની તકશીરને માટે શજા કરે. તાપીદાશે તેને ખબર પુછી, અને બોલીઓ કે ભાઈ, તું કેમછે ? બુરાએ એના જવાબ માં જણાવીઉં કે શાહેબ, તમારો મોટો તકશીરવાર છેઉં; માટે મા રો ગુનાહ માફ કરવો; આલમાં હું ઘણીજ માંઠી અવશથામાં છેઉં. તાપીદાશે તેને જણાવીઉં કે ભાઈ, એવી વાત તમારે કર વી નહી, અને ઈશવર મને જે આપશે તેમાંથી હું તમારૂં પાલણ કરીશ; માટે ચાલો અંગોર કરીને આ શવારો પેહરો. એટલુ ક હીને તેને કપડાં આપીઆં, અને આંગ ધોવાને મોકલીઓ. આ વેલાએ તાપીદાશને તેની તરણુડે બાએડીઓએ પુછીઉં કે એ શખ શ કોણછે, અને શામાટે એને ઘેર મધે રાખીને એની પરવરશી કરોછેઓ. એના જવાબમાં તાપીદાશે તેઓને કહીઉં કે એ મા રો પુરાણો મીતરછે, અને મારા નઝલા વખતમાં એણે મારી શા રીપઠે બરદાશત કીધેલીછે, તારે અવે મારા શારા વખતમાં એની ઉપર આવી પડેલું દુઃખ એને વીશરાવવાની માહરી પણ ફરજછે, અને તેટલા માંટે મેં એને ઘેરમાં રાખેલોછે; માટે તમોએ પણ એ ની તરફ શારી નજરથી જોવું જોઈએ. તાપીદાશની બાએડીઓ એ પોતાના ભરથારની એ વાત કબુલ રાખી, અને જણાવીઉં કે એક અશતરી દાખલ પોતાના ભરથારના હોકમને માંન આપવાને તેઓ તઈઆરછે; માટે એ બાબે તમોએ નીરભએપણાથી રેહવું. કેટલાએક દીવશ વહી ગએઆ, અને એક દીવશે જરે રાજા કચે રી મધે બેઠેલો હતો તારે, રાજાની છેલી બે બાએડીઓએ પેલા ભું ડા પુરશને પોતાની નજદીક બોલાવી બેશાડીઓ, અને તેને પુછીઉં કે ભાઈ, રાજા તમોને એટલા બધા ચાહેછે તેનું કારણ શું ? બુ રાએ ઉતર વાલીઓ કે બાઈઓ, રાજા એક વાતથી મારો ઓશી આલોછે, અને અગરજો તે બીના હું જાહેરમા લાઉં તો, રાજાને

આ શેહરના લોકો એકેદમ રાજની ગાદી ઉપરથી ઉઠાડી મેલે, અ ને તેજ ધાશતીને લીધે રાજાએ મને ઘેર મધે રાખીઓછે; પણ રા જાનુ ઓશીઆલાપણું શું છે તે મારે કેવું જોઈતું નથી. મારે રાજાના ઘેરમા રેવું બી જોઈતું નથી; પણ લાચારીના શબબથી એ નો શખુન કબુલ રાખેઓછે; કાંકે જારે ભલાઈ કીધી તારે તો શેવટ શુધીજ કરવી જોઈએ. બુરાના આ શખુન શાંભલવા ઉપરથી રાંણીઓ મોટા અંદેશામાં પડી, અને એક બીજામાં વીચાર કીધો કે આપણો ભરથાર એવો તે શું બુરોછે કે તે જો જાહેરમાં આવે તો, પરજા તેને ગાદી ઉપરથી ઉઠાડી મેલે, અને તેટલા માટે તે વાત આપણે જાંણવી જોઈએ. એ ઉપરથી તેઓએ બુરાને કહી ઊં કે ભાઈ, તમોને જેમ અમારા રાજાએ પોતાના મીતર ગણેલા છે તેમજ અમો પણ તમોને અમારા મીતર દાખલ ગણીએછે, અ ને તેટલા માટે રાજા શંબંધી છુપી બાબત શું છે તે મેહરબાની કરીને જાહેર કરવી જોઈએ. આ વેલાએ રાજાની પરથમ પર ણેલી બાએડી તાંહ હતી નહી, અને એ ભાંજવડ શંબંધી તેને ક શીએ ખબર હતી નહી. એ ઉપરથી પેલા ભુંડાએ જણાવીઊં કે આપણો રાજા કાંઈ ઊંચ વરણુનો હીંદુ નથી; પણ નીચમાં ની ચ ઢેડાની વરણુનોછે, અને તે એક ઊંચી વરણુના હીંદુ તરીકે દો લ ધ લીને હીંદુ મંડલીમાં ફરતો હતો, જ ઉપરથી એક વેલાએ એની વરણ મને માલમ પડી હતી,અને તે વેલાએ હુંએ એને મારે ઓ હતો, અને તેટલાજ માંટે એણે મને લાકડાંનો ભારો લેઈ જા તાં બોલાવીઓ તારે મેં એની પાશે માંફ પણ માંગી હતી; કાંકે અવડાંતો એ રાજાની પદવી ઉપર બેઠોછે, અને એને મેં મારેઓ હતો; માટે કદાચ તે વેર લેશે, એવું ધારીને એની પાશે તે દીવશે મેં માંફ માંગી હતી; પણ એ ડાહેઓ હોવાથી તે આગલી બીનાને પડની મેલી; અને કદાચ એવું શમજીઓ હોએ કે મારી શાથે આ ગલનુ વેર લેતાં,આગલી છુપી વાત પાછી જાહેર થાશે, અને તેથી જ મને પોતાના ઘેર મધે રાખીને મોટી માવજત કરેઓ જાએછે.

આ વાત શાંભલવાથી તાપીદાશની પાછલી બંધે બાએડીઓ માહ પશતાવો કરવા લાગી, અને એક બીજી શાથે બોલવા લાગી

કે બેહન રાજાએ તો આપણી દેહ બીગાડીછે, તારે આપણને શવ રગ તે કેહાંથી મલશે; માટે આપણે આપણા પાપનો પશતાવો કર વા માટે ચંદનની "ચાહ" શલગાવીને તેહમાં આપણી દેહનો તે આગ કરીએ. આ વીચાર તે બંધે અશતરીઓને પશંદ પડીઆ થી તેઓએ પોતાના મેહલની પાછલના ભાગમાં ચંદન (ઈઆને શુ ખડ) ની "ચાહ" તઈઆર કરાવી. આ ખબર રાજાને પડવા ઊ પરથી તેણે પોતાની બંધે અશતરીઓને તેમ કરવાનુ કારણ પુછી ઊં, જે ઉપરથી તેઓએ પેલા ભુંડા પુરશે તેઓ આગલ કીધેલી વાત રાજા આગલ જાહેર કીધી. આ બીનાં શાંભલવા ઉપરથી રાજા ઘણોજ દલગીર થાએઓ, અને એ પછે, પરથમ તે પોતાને ઘેરથી નીકલીઓ, અને વનમાં આ ભુડા પુરશે તેને આંખે આંધલો કીધો, તથા તે પછે પેલાં ગરૂડ પખશીની વારતા શાંભલી તેનાં છે હડથી પોતે શારો થાએઓ, અને તે પછે ઉપલી બંધે બાએડીઓના બાપને શારા કીધા, તે શગલી હકીકત તેઓની આગલ કહી,અને બો લીઓ કે ભુંડાથી હંમેશ ભુંડુંજ થાવાનુ; માટે તે વંશનો ગોશો કરવો, એ વાત ફોકટનીછે. રાજાનો આ ખોલાશો શાંભલવાથી બં ધે રાંણીઓ મુંગીજ રહી; પણ રાજા બાહેર ગએઆ પછે, પોતા ને માટે તઈઆર કીધેલી પેલી "ચાહ" મધે પોતાનાં માંણશો પા શે પેલા ભુંડા પુરશને નખાવીને તેને બાલી ભશમ કરેઓ. આ ખબર રાજાને પડીઆથી તે અતીઘણો પશતાએઓ, અને પોતાની બાએડીઓને ઠપકો આપી બોલીઓ કે તમોએ આ માંહ પાપી કાં મ કરીઊંછે, જેથી ઈશવર તમારી ઉપર રીશે ભરાવાનો; કાંકે તે ની મરજીથી તમોએ ઉલટું કાંમ કરીઊંછે. તે પુરશ ગમે એવો પણ બુરો હતો; તોપણ મારી મરજી તેની શાથે ભલાઈજ કરવાની હતી; કાંકે મારા જનમથીજ હું ભલાઇ કરતો આવીઓ છેઊં. તે ની બંધે રાંણીઓએ જણાંવીઊં કે તેણે જે અપરાધ કરેઓ હતો તેની શજા તેને ઘટતીજ રીતે કીધામાં આવેલીછે, અને તેટલા માટે ઈશવર કદી પણ દલગીર થાવાનો નથી. એ પછે રાજાએ પોતાના કુટમબ શહીત શુખચેનમાં પોતાનો બાકીનો વખત પુરો કરેઓ હતો.

તોખમની તાશીર.

ધારાવી નામે એક શેહેરની અંદર પાંનજીવણ નાંમે એક હીંદુ વાંણીઓ રેહતો હતો, જેની બાએડીનુ નામ માનકુંઅર કરી ને હતું. પાંનજીવણ એક શારો વેપારી હતો, અને તેથી તે પઈ શા ટકાથી શુખી હતો. હીંદુ લોકોમા તેઓના શાશતર મધે કારત ક માંશમાં પાછલી રાતે પરોઢીઆને વખતે, આકાશ ઉપરના તારા ઓ અણદીઠ થવાની જરા વખત આગમચ તાપી મધે નાહવાનો ધરમ કહેલોછે, અને તે પરમાણે એક દીવશે પાંનજીવણ વાણીઆ ની અશતરી માનકુંઅર તાપો મધે નાહવાને જાતી હતી. શેહર મધેથી નીકલીને તાપી કાંઠે જાતાં, રશતા મધે કશાઈવાડો આવતો હતો, અને માનકુંઅર જારે કશાઈવાડા શુંધી ગેઈ તારે, કોઈ કશા ઈ એક જુવાન ગાએને કાપવાની તઈઆરી કરતો હતો, અને તેને માટે તે ગાએના પગોમા દોરડાં બાંધી તેને નીચે નાંખેલી હતી. આ દેખાવ માંનકુંઅરની નજરે પડતાંજ તેનો જીવ કમકમી આવી ઓ, અને તેણે પેલા કશાઈને શહમજાવીઓ કે ભાઈ, મેહરબાની કરીને આ ગાએને કાપીશ નહી; પણ એના બદલામાં તું કાંઈ રૂ પીઆ લેઈને એનો છુટકારો કર. એ પરમાણે ગાએનો બંચાવ કરવાને કશાઈએ નાપાડી. માંનકુંઅરે કશાઈને પોતાના આંગ ઉપરનો એક દાગીનો આપવાને કહેઓ, તોપણ પેલો કશાઈ નારા જ થાએએઓ. એમ કરતાં માંનકુંઅરે એક એક પછે,પોતાના આંગ ઉપરના પંદરશો રૂપીઆના દાગીના ઉતારેઆ, તોપણ પેલા કશા ઈએ ગાએનો બચાવ કરવાને શાફ ના પાડી. આ બનાવ ઊપ રથી માંનકુંઅર ઘણી દલગીર થાઈ, અને વીચારીઊંકે ગાએ બચા વવાના શગલા ઉપાએ પુરા થાએઆ તારે, અવે બીજો તે કહેઓ ઉપાએ તે લાગુ પાડી શકે. એમ કરતાં તેણે પેલા કશાઈને પુછી ઉંકે ભાઈ કશાઈ, કોઈ પણ રીતની તું માંગણી કરેતો તે આપવા ને તઈઆરછે; પણ આજ દીને આ ગાએનો બચાવતો થાવોજ જો

ઇએ. માનકુંઅર ખુબશુરત દેખાવની, અને જુવાન હતી; માટે પેલા કશાઈની નઈઅત બીગડી હતી, અને તેટલાજ માટે પંદર શો રૂપીઆના દાગીના લેવાને તેણે નાપાડી હતી; માટે માનકુંવર ના શવાલ ઉપરથી તેણે એવી માંગણી કીધી કે કોઈ પણ વશતુ તે માંગી શકતો નથી; પણ તેની માંગણી એવીછે કે જો ગાએનો બચાવ કરવાની તેની ખુશી હોએતો, તેની શંગાથે હમબીશતર થાવું. કશાઈનો એ શખુન શાંભલવા ઉપરથી માનકુંઅરને અ તીઘણી દલગીરી ઉપજી; તોપણ ગઉહંતીઆ નહી થાવા દેવાને માટે તેણે પોતાની કાએઆ ખરાબ કરવાને આચકો ખાધો નહી, અને કશાઈની માંગણી કબુલ રાખી ! કશાઈનો શંગાથે શંઘલોગ કીધા પછે, તે તાપી મધે નાહવાને ગોઈ, અને તેપછે પોતાને ઘેર ગોઈ. આ શંઘલોગથી એવો બનાવ બનીઓકે માંનકુંઅરને પેલા કશાઈના બુનથી હંમેલ રહેઆ, અને એ પછે એક છોકરાને જનમ આપીઓ. આ છોડો મોટો થાએઆ પછે, પાંનજીવણે તેને એક મેહેતાજીની નીશાલે શીખવા માટે મોકલીઓ, જે નીશાલ મ ધે આશરે બશો છોકરાઓ વીદીઆ અભીઆશ કરતા હતા.

એક દીવશે શકારેથી એક નીશાલીઓ છોકરો તે નીશાલની ઉપર ગએઓ, અને વડા નીશાલીઆને જણાવીણે કે ભાઇ, આ જ દીને તેની માંની શંગાથે તેના શગાને તાંહ જમવાને જનારછે, અને તેટલા માટે તેને રજા આપીને હાજરીમા તેની નોંધ કરવી. આ વેલાએ ને નીશાલીઆના હાથમા એક કપડું હતું તે વડા નીશાલીઆની આગલ મેલીને તાંહ પોતાના ભાઇબંધ બીજા નીશાલીઆઓ શંગાથે વાત કરવાને ઉલો હતો. જરા વખત પછે, જારે તે ઘેર જાવાને નીકલીઓ તારે, તેના હાથ મધેનુ કપડું, જે વડા નીશાલીઆની આગલ મેલેલું હતું તે તાંહથી ગુમ થાઈઉં હતું. આ કપડાં માટે તે છોકરાએ બીજા શગલા નીશાલીઆ ઓથી પરપુછ કીધી; પણ શગલાઓએ નાપાડીકે તેઓએ લીધુ નથી. આ ઉપરથી તે છોકરો કાકલુદીથી વડા નીશાલીઆને કે વા લાગો કે ભાઇ મને મોડું થાએછે. કપડું તમારી આગલ મે લેલું હતું તે કોઇએ લીધું હોએતો અપાવો. આ વેલાએ વડા

નીશાલીઆએ પણ શગલા છોકરાઓને જણાવીઊં કે ભાઈઓ એનું લુગડું જેણે લીધું હોએ તેણે આલવું; કાંકે અવે વધારેવાર એને ઝો ટી કરવો નહી;પણ કોઇબી છોકરાએ તે કપડું લીધેલું માનીઊં નહી. એ ઉપરથી એક છોકરાએ જણાંવીઊં કે આપણે આ ચોરને શોહ ધી કાડીએ, અને તેના ગુનાહને માટે તેને શજા કરીએ. આ વા ત વડા નીશાલીઆએ કબુલ કીધાથી બે છોકરાઓ શીપાહી, એ ક હવાલદાર, એક જમાદાર, એક વજીર, અને એક રાજા થાએ ઓ. શીપાહીઓએ શોહધ કરીને એક છોકરાની પાશેથી તે કપ ડું શોધી કાડીઊં, અને તેને ચોર દાખલ રાજાની શાંમણે ઉભો ક રી તેનો ઈનશાફ કીધો; અને તેને બાર ફટકા બાંધી મારવાને હો કમ કીધો. આ વેલાએ પેલો માંનકું અરનો છોકરો જમાદાર થા ઈને તાંહ ઉભો હતો, અને તેણે રાજાને જણાવીઊં કે શાહેબ, એ છોડો નાહનકરી વએનોછે, અને નાહની ઉમરથો એણે ચોરી કી ધીછે; માટે એને શુલીએ ચડાવવો જોઈએ. શુલીએ કેમ ચડાવી આમાં આવે, અને શુલી ચડાવીઆથી શું થાએ તે વીશેની પેલા બીજા છોકરાઓને પુરતી શહમજ નહી હતી, અને તે ઉપરથી રાજા થાએલા છોકરાએ તે જમાદારને જણાવીઊં કે શુલીએ કેમ ચડાવે તે અમો જાણતા નથી; પણ જો તું ને આવડતું હોએ તો ચડાવવો. આ ઉપરથી તે કશાઈને બુનના છોકરાએ એક ભારવ ટીઆની નીચે મેહતાજીને બેશવાની ખુરશી મેલી, અને તેની ઉપર કેટલાએક પાટલાની ચોર મેલીને દોરડું લેઈ ઉપર ચડીઓ, અને ભારવટીઆ રાંગાથે તે દોરડું બાંધી, ફાંશો કરીને નીચે ઉતરીઓ, અને પેલ ચોરી કરનારા છોકરાને પેલા પાટલા ઉપર ચડાવી ઉભો રાખીને તેનાં ગલાં મધે દોરડાંનો ફાંશો બેશાડીઓ, અને પછે પેલી ખુરશી ખેંચી લીધાથી, દોરડાંની ફાંશી તે છોકરાનાં ગલાંમા બે ઠી, અને તે નીચે લટકોને તરફડીઆં મારવા લાગો. શગલા છોક રાઓને શહમજ નહી પડી કે તે મરણ પાંમશે; પણ તેઓ તો એ વુંજ શમજીઆ કે તેનું ગલું દોરડાંથી બંધાઇ ગીઊં તે બંધ મધે થી છુટવા માટે તે તરફડીઆં મારેછે; પણ પેલો કશાઈના બુનનો, માંનકું અરનો છોકરો શહમજીઓ કે ફાંશી બરોબર બેઠીછે; માટે

અવડાં તે મરણ પાંમશે, તેથી મોટે મોટે પોકારવા લાગ્યા કે "આ લો અવે મરી જાશે." આ વેલાએ રશતાના રાહદારીઓની નજ ર તે નીશાલ ઉપર પડી, અને છોકરાને જોતાંજ લોકો દોડી ગી આ, અને તેને ફાંશીથી છોડીને નીચે ઉતારીઓ; પણ તે વેલા તે મરણ પાંમેલો હતો. આ વેલાએ લોકોની ગરબડ ઉપરથી પોલીશ ના શીપાહીઓ તાંહ જાઈ પુગા હતા, અને તેઓએ પરપુછ કરીને માંન કુંઅરના છોકરાને કેદ પકડેઓ હતો. આ ખબર લોકોમાં ફેલાઈ ગે ઈ, અને તેને અદાલત મધે લેઈ ગીઆ. રાજાની નજદીક જારે તે ને ઉભો કીધો તારે, તેની માંનરે દશ વરશની વએ ધારીને રાજા વીચારમાં પડેઓ કે વાંણીઆનો આટલી નાંનકરી વએનો છોકરો આવું કરપીણ કાંમ કરવાને હરગેજ હીમત ચલાવે નહી; પણ કદાચ, એની તોખમમા ફરક પડીઓ હશે, અને કોઈ ખરાબ બુ નથી પેદા પડવાને લીધે તેણે આ માહ બુરૂં કરમ કીધું હશે.

રાજાને ઉતપંન થાએલો એ વીચાર ખરોછે કે નહી, તેની ત પાશ કરવાને તેણે ઠેડાવ કરેઓ, અને તે ઉપરથી તેણે રાંણી શં ગાથે મશલેહત કરીને તે છોકરાની માંએ માંનકુંઅરને પોતાના મે હલ મધે બોલાવી, અને રાંણીથી થોડેઘેક છેટે ઉભી રાખીને તે ને જણાવીઉં કે— "તારા ભાઈ, અને બાપ દાખલ તે તારી પા શે ઉભોછે, એવું શહમજીને જે શવાલ કરે તેનો ખરેખરોજ ઉતર વાલવો. એટલું કહીને પુછીઉં કે તારા દીકરા કાશીદાશનો તારા પેટમાં પાએઓ રચાએઓ તે વેલાએ તારા ભરથારનીજ શોહબત થાઈ હતી કે કોઈ પારકા પુરશની; તે વાત કશીબી શરમ પકડી આવના, શાચેશાચી જણાવવી; કાંકે તે બાબે તેના દીલમાં મોટો વેહમ પડેલોછે. આ ઉપરથી માંનકુંઅરે રાજાને જણાવીઉં કે શા હેબ, ઈશવર, ભરથાર, અને શેહરનો રાજા, એ તરણુડેને તે એક શરખાજ ગણેછે; માટે તમારી આગલ ખોટી વાત કધી તોપણ કહીશ નહી, એટલું બોલીને તેણે કાશીદાશના હંમેલનો પા એએઓ કેમ રચાએઓ તે વીશે શરવે બીના રાજા આગલ જાહેર કીધી. એ વેલાએ રાજાએ માંનકુંઅરને જણાવીઉં કે તારી બીના ખ રેખરીજછે, અને તેમા કશો શંધેહ નથી કે કાશીદાશ કશાઈના બુનનો

હતો તારેજ તેને આવી માંઠી ચાલ ચલાવવાને શુહુજ પડીઃ બા કી પાંનજીવણુદાશના બુનનો હતે તો કંધીબી આવું કરપીણ કાંમ કરવાને તે છાતી ચલાવતે નહીં; માટે એ બાઈ, એ છોકરો જો જીવતો રહેએ તો, આંગલ ચાલતાં તને બહુજ વગોવશે, અને તે ટલા માટે એણે કીધેલા ગુનાહને માટે એને ફાંશી દેઈ મારી નાખે આમાં આવશે; પણ તે બાબે તારે કશીએ શોગ કરવો નહીં; કાંકે એવા માહ પાપી છોકરાએ જીવવા જોઈતા નથી કે જેએ પોતાના કુલને એબ લગાડે. એટલું કહી માંનકુંઅરને ઘેર જાવાની રજા આપી, અને પેલા છોકરા કાશીદાશને ફાંશી દેવાડી મારી નખા વીએ !

શલોગના શવાલનો જવાબ.

એક રજવાડાં મધે કુંવરશીંગ નાંમે રાજા રાજ કરતો હતો, જેને તાંહ કેટલાએક ભણેલા બરહાંમણો હતા. નીતરોજ રાજા જારે કચેરી ભરે તારે, તેની જમણી બોરદુએ શરદારો વીગરે બેશતા હતા, તથા ડાહવી બોરદુએ કારકુનો વીગરે બેશતા હતા, અને શાંહમણી બોરદુએ પેલા બરહાંમણોને શારૂં બેઠક કીધેલી હતી. દરએક બરહાંમણ દીઠ તેઓની આગલ એક એક કુલ મેલા તું હતું, અને તેની ઉપર એક એક કોરી ચોપડીઓ મેલીઆમાં આવતી હતી. બરહાંમણો કચેરીની અંદર બેઠા પછે પોતાની અકલ પરમાંણે દોહેરા, છપા, અને કવીતા જોડીને તે ચોપડીઓ મધે લખતા હતા. એ પરમાંણે એક દીવશે એક બરહાંમણે એક ચોપડી મધે ચાર શલોગ લખેઆ હતા કેઃ—

ન ખેંચના કમાન,
ન રેહના જમાન.
ન ફાંદના કુવા,
ન ખેલના જુવા.

આ ચારે શલોગ મધ્યેના પેહલા શલોગનો અરથ એવો કરેલો હતો કે માણશે કમાન ખેંચી તીર મારવો નહી; કાંકે અગરજો નીશાંન ચુકીઆ તો, તે તીર બીજાને વાગાથી મોટી ખરાબી થાએછે.

બીજા શલોગનો અરથ એવોછે કે માણશે કોઈ પણ શખશ નો જામીન થાવું નહી; કાંકે જેના જામીન થાએઆ હોઈએ, અને તે જો પોતાની દીઆનતદારી બીગાડે તો, એક જામીન દાખલ તે નો બોજો ખેંચવો પડે, અને પારો જર નહી હોએ તો, જનમ શુધી દેવાદાર રેહવું પડે, અથવા તો મોટી પીડા ભોગવવી પડે.

તરીજા શલોગનો અરથ એવો કરેઓ હતો કે માણશે કુવાની ઉપરથી છલાંગ મારવી નહી જોઈએ; કાંકે કુવા ઉપરથી છલાંગ મારતાં જો ફાવીઆ નહી તો, તે કુવા મધે પડેઆથી જાનની ખરાબી થાએછે.

ચોથા શલોગનો અરથ એવો લખેલો હતો કે માણશે કોઈની બી શાથે જુગાર રમવો નહી; કાંકે જુગાર રમતાં જો હારી જાએ તો તેમાંથી ખરાબીનો પાએઓ નખાએછે.

આ શલોગો લખેઆ પછે થોડે દીવશે તે ચોપડી વાલી જ ગા ઉપર એક બીજોજ બરહાંમણ બેઠો હતો, અને તેણે પેલી ચોપડીની અંદરના શલોગો વાંચવા માંડીઆ, અને તેમ કરતાં ઊપલા શલોગો તેની નજરે પડેઆ. એ શલોગો વાંચીને તે બરહાંમણે વીચાર કીધો કે એનો જોડનાર કોઈ પુરો અકલમંદ નથી; માટે એની નીચેજ એના જવાબ વાલવા જોઈએ, કે જેથી દુનીઆઈ કારોબારના કામમા અડચણ નહી થાઈ શકે. આ વીચાર ઉપરથી તે બરહાંમણે પેલા શલોગોના જવાબમાં એવું લખીઊં કે:—

કલ હોવે તો ખેંચના કમાન,
જર હોવે તો રેહના જમાન.
હીમત હોવે તો ફાંદના કુવા,
જોર કે શંઘ ખેલના જુવા.

આ માંહેલા પેહલા શલોગનો અરથ એવોછે કે જો કમાન ખેંચી તીર મારવાનો એલમ શીખેલાજ હોઈએ તો તીર મારવા માટે કમાન ખેંચવાથી કશી હરકત નથી;કાંકે જો એ હુનર પુરોજ શી

ખેલા હોઇએ તો, કધીબી તીરની નીશાંણ ચુકી શકાતી નથી, અ ને આબાદ નેમેલીજ જગાએ તે તીર જાઈને પડેછે.

બીજા શલોગનો અરથ એવોછે કે જો પારો કાંઇ જોગવાઇ હોએ તો, કોઇના જમીન થાવામાં કશી અડચણ નથી; કાંકે અગર જો જેના જમીન રહેઆ હોઇએ તેણે જો દીઆનત બીગાડી તો, માતરે જમીનગીરીના નાંણાં ખોહી ખીશી જવાને બની આવે. જો એક બોજાને એવી રીતની મદદ, અને આશરો આપવાની ચાલ બંધ પડે તો, શાંનશારનો વેહવાર કધીબી ચાલી શકે નહી, અને શગા શોહેરાં પઈશાવાલાં હોવાછતાં, માંણશોને પીડા ભોગવવી પડે.

તરીજા શલોગનો અરથ એવોછે કે અગરજો માંણશના શરીર મધે જોર, અને કલા હોએ તો, કુવાની ઉપરથી છલાંગ મારી જવાને કશીએ ધાશતી નથી; કાંકે એવી રીતની કશરતો કરવાથી માંણશના શરીરને શુખાકારી રેહછે.

ચોથા શલોગનો અરથ એછે કે જુગાર રમવો, એ પણ એક જાતની માંણશને માટે રમુજ પેદા કીધેલીછે; પણ પારકા પુરશ શાથે રમવાના કરતાં, પોતાની બાએડી શાથે રમવામાં તે શારો શોહલેછે. જો પારકા પુરશ શાથે જુવો રમતાં, માંણશ હારી ગ એઉં તો તેનો બદલો આપવો પડેછે, અને તે જો નહી આપેઆ માં આવે તો, માંઠાં પરીનામ નીપજેછે; પણ બાએડી શાથે રમતાં હારી ગએઆ તો, આપવા લેવાને માટે કશીએ ધાશતી રેહતી નથી.

ઘેલાશાહના ઘરેહની તાશીર !

ઘેલાશાહ નાંમે એક વાણીઓ નવાનગર મધે રેહતો હતો, જેની પડોશમાં થોડેએક છેટે પરાંણશંકર નાંમે એક બરહાંમણ રે હતો હતો. આ બરહાંમણ ઘણો ભણેલો, વીદવાંન હતો, અને નેને ઘેલાશાહ શંગાથે બોલચાલનો વેહવાર હતો. ઘેલાશાહ તે

શેહરનો એક નાંમીચો વેપારી હતો, અને તેટલા માટે તે આખા શેહરમાં તેનુ નાંમ પરખેઆત થાએલું હતું. એક દીવશે ઘેલાશા હ પેલા બરહાંમણને ઘેર વાતચીત કરવા માટે જાઈ બેઠો હતો, અને તે વેલાએ બરહાંમણે ઘેલાશાહને જણાવીઊં કે— ભાઈ ઘેલા શાહ, આવતી કાલથી ચાર દીવશ શુધી તમોએ ઘેર મધેથી કેથે બાહેર પડવું નહી; કાંકે તમારા ઘરેહ ઘણુંજ માહાછે, અને તેટ લા શારૂ જો બાહેર ગએઆ તો, ખચીત તમોને તમારા ઘરેહ ખ રાબ કરશે. એ ઉપરથી ઘેલાશાહએ તે ચાર દીવશ ઘેર મધેજ બેશી રહીને પુરા કરવાનો ઠેડાવ કરેઓ, અને તે પરમાણે બે દી વશ શુધી ઘેર મધે બેશી રહેઆ. તરીજે દીવશે ઘેલાશાહને હાજ ત થાઈ, અને તે ઉપરથી કલશીઓ લેઈ ઘેરથી થોડેએક છેટે હા જતે બેશવાની જે જગા હતી તાંહ હાજતને માટે ગએઆ, હાજતથી પાછા ફરતી વેલાએ એક જાહડની હેઠલ કેટલાએક જુગારીઓને જુગાર રમતાં જોએઆ, અને જારે ઘેલાશાહ ઘેર જાવા માટે તે જાહડની નજદીક ગએઆ તારે, પેલા જુગારીઓ મધેથી એક જણે ઉઠીને ઘેલાશાહનો હાથ પકડીઓ, અને બોલીઓ કે ઘેલાશાહ, શહરૂઆ તમાં તમારે પનેતે હાથે એક દાવ તમો રમી જાવો તો અમોને લા ભ થાશે. ઘેલાશાહએ તેને જણાવીઊં કે એ કાંમ તેણે પોતાના જનમમાં કીધું નથી, અને અવે મરતી વેલાએ શામાટે કરૂં; પણ તે જુગારીઓએ ઘેલાશાહને ઘણીજ રીતથી વીનવીઆ તારે, લાચાર થાઈ વીચારીઊં કે એ લુછાઓ તેને ઘેર જાવા નથી દેતા તારે, કાંઈબી ઉપાએથી તેઓને રાજી કરી નીકલી જાવું જોઈએ. વીચાર કીધા પ છે ઘેલાશાહએ ખેતર મધેથી મટોડીનો એક કકડો લીધો, અને પો તાની પાશે મેલી જુગાર રમવાને બેઠો, અને બોલીઓ કે જો જીહીતું તો એટલી મટોડી લેઊં, અને હારૂ તો એ મટોડી આપું. એ બોલીથી ઘેલાશાહએ જુગાર રમવાને શહરૂ કીધું, અને આગલ ચાલતાં હારી ગએઆ; કાંકે પેલા શંગલા જુગારીઓ એકશંપ થાઈને ઘેલાશા હને હરાવવાનીજ ઈઉકતીથી રમતા હતા. જુગારીઓએ ઘેલાશા હને જણાવીઉ કે—ભાઈ ઘેલાશાહ, કાકા ચાલો તમો હારી ગએઆ, અને તેથી તમારાં શરીર ઉપરનુ આ માટીના જેટલું માંશ આપો;

કાંકે તેમ આપવાને તમોએ અમારી શંગાથે બોલી કીધેલીછે. ઘે લાશાહ વીચારમા પડેઓકે એવી રીતની કશીએ બોલી તેણે કીધી નથી. અને તેવું છતાં, પેલા જુગારીઓ તેને નકામા ગલે પડેછે. એ ઉપરથી ઘેલાશાહએ તેઓને જવાબ દીધો કે એવી બોલી તેણે કીધીજ નથી; પણ દાવની અંદર જે માટી મેલીચ તેજ માતરે હા રી જાવાની તેણે બોલી કરેલીછે; એટલું કહી તાંથી ચાલવા માંડી ઊં. એ વેલાએ જુગારીઓએ ઘેલાશાહને ધમકી આપી કે અમો તમારી ઉપર અદાલત મધે ફરીઆદી કરીશું. ઘેલાશાહએ જવાબ દીધો કે શુખેથી કરવી. એટલું કહીને ઘેલાશાહ ચાલતા થાએઆ, અને વીચારીઊં કે જો કે તે કેથે નહી ગએઓ તેવું છતાં રશતે ચાલ તાં આ લુછાઓ નડીઆછે; માટે એ પણ તાશીર ઘરેહનીજ હોવી જોઈએ.

ઘેલાશાહ તાંહુથી આગલ વધીને પોતાના મોહલા મધે ગ એઆ એટલે શરકારનાં એક હવાલદારની ઘોડી થાન ઉપરથી છુટીને નાહશતી નાહશતી ઘેલાશાહની શાંમણે આવતી હુતી,અને તેની પા છલ હવાલદાર દોડતો હતો. હવાલદારે ઘેલાશાહને જોઈને પોકા ર મારેઓ કે ઘેલાશાહ, તમારા બંધે હાથ પોલા કરીને ઘોડીની શાંમણે થાવો કે તે પાછી ફરે. એ ઉપરથી ઘેલાશાહએ પોતાના બંધે હાથ પોલા કીધા, અને ઘોડીની શાંમણે ગએઆ. આ ઊ પરથી ઘોડી વધારે ચોંકી અને ઉછાલો મારીને પડોશમા આવેલી એક દેવાર કુંદાવા ગેઈ, જેથી તે દેવાર કુંદાવતાં તેના આગલા બ ધે પગ ભાગા, અને પડોશના એક ખાડા પધે પડીને ઘાહેલ થા એઆથી તુરતજ મરણ પાંમી ! આ બનાવ ઉપરથી ઘેલાશાહએ વીચાર કીધોકે એક પીડા મધેથી છુટા નથી તેટલાં વલી બીજી પીડામા જાઈ કશીઆં; કાંકે હવાલદારે ઘેલાશાહની ઉપર મોટો ત કાદો ઉઠાવીઓ, અને બોલીઓકે જરા અટકાવવા કહીઊં તારે, લાંમબા હાથ કરીને શાંમણે ગએઆ, જેથી મારી ઘોડી અકડાઈ જીહીખાઈને મરણ પાંમી; માટે હું એના ખુનનો દાવો શરકારમા જાઈને ભરી લેવશ. હવાલદારને લોકોએ ઘણોબી શમજાવીઓ પણ તે શરકારનોજ કુતરો હોવાથી ઘેલાશાહ તરફ વધારે લોંશવા

લાગેા; કારણકે તેના મનમા એવું જે ઘેલાશાહ પઈશા વાલેાછે; મા ટે તેની પાશેથી કેાઈ રકમ કડાવીએતેા, બીજી ઘેાડી લેવાને કાંમ લાગે, અને તેથી તે બેાલીએકે તેની બારશેા રૂપીઆની ઘેાડીને મારી નાખીચ તેનેા બદલેા લીધા વગર તે ઘેલાશાહને કંઈબી છેા ડનાર નથી. આ ઉપરથી ઘેલાશાહએ વીચાર કીધેા કે ઘરેહના ઘેરાવાથી આ બનાવેા બનીઆછે. જુગારીઓનુતેા શાહમજીઆ; પણ આ ચંડાલતેા અદાલતનેા માનીતેાછે, અને કાઈ પણ રીતે દુખ દીધા વગર રેહવાનેા નથી; માટે પેલા બરહાંમણ પાશે જા ઈને એ બાબે કેમ કરવું તેવીશે તેનેથી પુછવું કે બીજા કેાઈ ઉ પાએ લીધાથી એ પીડા પતી જાતી હેાએતેા શારૂં. એ વીચાર ઉપરથી ઘેલાશેાહ તે બરહાંમણને ઘેર ગએઆ, જે વેલાએ તે બર હાંમણ અંગેાર કરવાને બેઠેા હતેા, અને તેની બાએડી ઘરનાં ર શેાડીઆં મધ્યે રાંધણું કરતી હતી. બરહાંમણને ઘેર બે વરશની એક છેાકરી હતી, જે દરદને લીધે પીલાઈને મરવાની અણી ઉ પર આવેલી હતી, જેને એક હીંચકા ઉપર શુવારીને તેનાં આંગ ઉપર શારી હેારાડેલી હતી. આ હીંદેાલેા અંધારી જગાએ હ તેા, અને તેટલા માટે બરહાંમણની છેાકરી, તે હીંદેાલા ઉપર શુવાડેલી હતી તે ઘેલાશાહની નજરે નહી પડી, અને તે ઉપરથી જડફથી હીંચકા ઉપર બેશતાં તે છેાડીની ઉપરજ બેશી જવાઈઉં, જથી પેલી છેાકરી તુરતજ મરણ પાંમી હતી. ઘેલાશાહના બેશવા થી છેાકરીએ મેાટી ચેાચ મારી, અને તુરતજ મરણ પાંમી, જેથી તે છેાડીની માંએ રશેાડીઆં મધ્યેથી બાહેર નીકલીને ઘેલાશાહને નામના છાજીઆં લેવા લાગી; તેમજ બીજી તરફથી ઘેલાશાહને તે બરહાંમણે ઝાલેા દેવા માડી કે ઘેર બેઠાં આવીને ખુન કીધું. આ વેલાએ ઘેલાશાહ ઘભરાઈ ગએએા, અને વીચારીઉં કે અવે તે જી વવું શેકટ; કાંકે જે બે વીઘનેા વહેઆં તેનાં કરતાં આ તરીજુંનેા માહ બુરૂંછે, જેની અંદર બે મેાટાં પાપછે. પેહલું એકે બરહંમ હંતીઆ અને વલી બીજું એકે અશતરી હંતીઆ થાઈછે. પેહ લાં જે બે વીઘનેા વહેઆં તેનેા ઉપાએ શેા કરવેા, એ વાત પુછ વાને બરહાંમણ પાશે ગએએા, અને તેની અંદરથીતેા આ માહ

પાપી કાંમ થાએઉ, તારે હવે જીવવુ ફોકટછે: નહી તરકે શરકારની તરફથી માહા દુખ ખમવું પડશે. આ ઉપરથી મરવાને નીશચીઅ કીધો, અને શેહરની બોરદુએ એક ડુંગર આવેલો હતો તે ઊપર થી ગબરીને પાછલી બાજુએ નદી આવેલી હતી તેમા પડીને મરણ પામવા શારૂ ઘેલાશાહ તે ડુંગરની ઉપર ચડેઓ, અને જે બોરદુ એ નદી આવેલી હતો તે બોરદુ ઉપર જાઈને નખાવી દીધું. ઘે લાશાહનો ઘરેહ માઠો, અને તેટલા માટે એવો શંજોગ બનેઓકે ડુંગરની જે દશાએથી તેણે નખાવી દીધું તાંહથી તે શીઘ્રો ગબર વાને બદલે ડુંગરની આડી વલણ ઉપરથી ગબરીને જમીન તરફ ગએઓ, અને નદીની પડોશમાં હોરા લોકોની એક મશજીદની બા હેર, જાંહ તેઓ નીમાજ ભણતા હતા તે તરફ ગએઓ, અને ની માજ ભણાવવા માટે એક બુઢ્ઢો મુલાંજી પગ વાલાને જમીન ઉપર, માંથું મેલી વાંકો વલેલો હતો તેની કંમર ઉપર ટુટી પડેઆથી, મુલાંજીની કંમર ભાગી ગેઈ, જેથી તે બેચારો. બીનફોકટ મરણ પામીઓ. આ બનાવ ઉપરથી નીમાજ પઢનારા હોરા લોકો ઘે લાશાહની ઊપર ટુટી પડેઆ, અને જેમ બંધારા કપડાંની કુંદી કરે તેમ મારતા ગએઆ, અને બોલવા લાગા કે મારો, મારો; મુ લાંજીનું ખુન કરીઉંછે. ઘેલાશાહ કદાવર, અને મજબુત બાંધા નો હતો, અને તે ઊપરથી પેલા હોરા લોકોની શંકૂ મધ્યેથી છટકી ને પેલી પડોશની નદી મધ્યે પડેઓ, અને તરીને પેલે પાર નીકલી ગએઓ. નદીની પેલી પાર ભરવાડ લોકોનું એક ટોલું રેહતું હતું તેઓની આગલ છુપાઈને કેટલાએક દીવશ શુધી રહેઓ, અ ને ભરવાડાઓનો આશરો માંગી, પોતા ઊપરના વીઘનોની વારતા તેઓ આગલ જણાવી, જેથી તેઓને ઘેલાશાહની માઠી અવશથા વીશે દએઆ આવી હતી.

પેલી તરફ શેહર મધ્યે દોડાદોડ થાતી હતી, અને શીપાહી શ ફરાઓ ઘેલાશાહની ખોલ, અને શોહધ કરતા હતા; કાંકે ઘેલાશાહ હોરાઓની વચેથી પોતાનો બચાવ કરી નદી મધ્યે પડીઓ તે દેખા વ કોઈએ પણ જોએઓ નહી હતો. આ વાતને ઘણા દીવશ થાએઆ એટલે ઘેલાશાહએ પોતાની બાએડીને કેહવાડીઉં કે તે અ

તરે છુપાઈ રહેલોછે; માટે તેણે કશી ફીકર કરવી નહી, અને શ રકારના મામલતદાર પાશે જાઈને તેને પગે પડી અરજ કરવી કે તેણે આ અકશમાત આવી પડેલા મોટા જુલમનો કાંઈ ઉપાએ કર વો. એ પરમાણે ઘેલાશાહની બાએહી મામલતદારને તાંહ છુપી રીતે ગેઈ, અને તેની આગલ રડી પડીને પોતાના ભરથાર ઉપર ગુજરેલી આફતો વીશે બોલાશો કીધો, જેથી માલતદારના દીલમા દએઆ આવી, અને તેણે હોકમ કીધો કે ઘેલાશાહને જણાવવું કે છુપાઈ રેહવાના કરતાં તેને આવી મલવું કે શગલું શમાધાન કીધામા આવશે. આ પરમાણે મામલતદારનો જવાબ મલવા ઉપ રથી ઘેલાશાહ રાતની વેલાએ શેહર મધે દાખલ થાએએો, અને મામલતદારને ઘેર જઈ તેને પગે લાગી પોતાનો શગલો હેવાલ જાહેર કીધો. શહવાર પડી, અને મામલતદારે શેહરમાં ઢંઢેરો ફેરવીઓ કે ઘેલાશાહ ખુની પકડાએએોછે; માટે તેની ઉપર દાવો કરનારા ઓએ આજ દીને કચેરી મધે હાજર થાવું. એ ઉપરથી આશરે એક હજાર હોરાએો મામલતદારની કચેરી આગલ ગએઆ, અને પેલો બરહાંમણ તથા હવાલદારબી તઈઆર થાએએો. એ જોઈને પેલા જુગારીઓ, જેઓ કશુંબી કરનાર નહી હતા તેઓબી તઈઆ ર થાએઆ કે જે વલીઉં તે ખરૂં.

મામલતદારે હોકમ કીધો કે ઘેલાશાહની ઉપર કોણે કોણે દા વો ઊઠાવીઓછે. એ શબ્દ શાંભલતાંજ પેલા જુગારીઓ ઊભા થાઈ બોલીઆ કે પેહલો દાવો અમારોછે. મામલતદારે તેઓને પુ છેઉં કે તમારી હકીકત શુંછે તે જણાવો. એ ઉપરથી જુગારી ઓ બોલેઆ કે અમો જુગારીઓ છેઈએ, એવી ખરી વાત કેવા ને શરકાર આગલ આચકો ખાતા નથી. જારે અમો બેશીને જુ ગાર રમતા હતા તારે, ઘેલાશાહ અમારી નજદીક આવીઓ, અને બોલીઓ કે ભાઈઓ તમારી શંગાથે મને જુગાર રમાડશો, અને જો રમાડશો તો, એવી બોલીથી રમવાને તઈઆર છેઉં કે જો હા રે તેના આંગ ઉપરથી આ મટોડીના વજન જેટલું માશ કાપી લે વું. અમોતો જુગારીજ ખરા, અને તે ઉપરથી ઘેલાશાહની એ કહણ બોલી પણ કબુલ કરીને રમવા બેહા. એમ કરતાંતો ઘેલા

શાહ હારી ગએઆ; અને તારે તેઓએ પોતાની કબુલાત ઉપર પાંણી ફેરવીઊં, અને પોતેજ કીધેલી બોલી પરમાંણે પોતાનું મા શ આપવાને બદલે મટોડી આપવા કેહછે; માટે શરકારે અમારો ઈનશાફ કરીને અમોને ઘેલાશાહનાં આંગ ઉપરથી આ મટોડીના વ જન જેટલું માશ અપાવવું.

મામલતદારે જુગારીઓને જણાવીઊં કે ઘેલાશાહ કેહછે કે એ વી બોલી તેણે કીધી નથી; પણ તમો જુઠું બોલોચ, અને તમો કે વોચ કે ઘેલાશાહ જુઠું બોલેચ. એ વાંધો પતાવવા શારૂં એટલો જ એલાજછે કે ઘેલાશાહએ તમોને બશો રૂપીઆ આપવા. આ શખુન જુગારીઓએ કબુલ નહી રાખેઓ, અને ઘેલાશાહનું માશ જ લેવા માંગીઊં. એ ઉપરથી મામલતદારનો મીજાજ ગએઓ, અને તે વેલાએ ઘેલાશાહએ પોતાના કાંન આગલ એક આંગલું ઊ નચું કરીને મામલતદારને ઈશારત કીધી કે એકશો રૂપીઆ તમોને આપશ. એ ઉપરથી મામલતદારે નજર ફેરવી નાંખી; કાંકે તે ક જીઓ ચુકવતાં તેનું કાંમ થાઈઊં. મામલતદારે હોકમ કીધો કે ચા લો કાંટો લાવો, અને જુગારીઓના હાથમાં છરી આપો કે તેઓ ઘેલાશાહનું માશ કાપે, અને કાંટાના એક તરાજુમાં પેલી મટોડી મેલો, અને બીજાં તરાજુ મધે કાપેલું માશ મેલી તોલીએ કે જુ ગારીઓ જે માંશ કાપેચ તે બરોબર મટોડીના જેટલાંજ વજનનું છે કે નહી. જો વધુ ઓછું થાઈઊં તો પછે જુગારીઓને શુલી એ ચહડાવી દેજીએ. મામલતદારનો આ શખુન શાંભલવા ઉપરથી જુગારીઓ ઘભરાઈને બોલીઆ કે એવું તે કેમ બને કે માંશ વધા રે ઓછું નહી, અને શરખું જ કાપી શકાએ. મામલતદારે કહી ઊં કે તારે જો તેમ નહી બનાવેઊં તો, તમો તમારો જીવ શલાંમ ત લેઈને ઘેર જવાની આશા છોડજો. એ ઉપરથી જુગારીઓ બેચારા લાચાર થાએઆ, અને શગલી આશા પડતી મેલીને તાંહ થી મુંગે મોડે ચાલતા થાએઆ.

એ પછે પેલો જમાદાર ઉભો થાએઓ, અને બોલીઓ કે મા મલતદાર શાહેબ, બીજો કજીઓ મારોછે. એ ઉપરથી મામલત દારે તેનો શગલો હેવાલ શાંભલી લીધો, અને ઘેલાશાહને જણાવીઊં

કે ભાઈ એમાં તમારો જાહ્નો વાંક નથી; તોપણ જમાદારની ઘોડી મરણ પાંમી તે નવી લેવા માટે તેને એકશો રૂપીઆ તમોએ આપ વા જોઈએ. મામલતદારનો આ શબ્દ શાંભલીને જમાદાર બોલી ઓ કે ના શાહેબ મારી ઘોડીની કીમત બારશો રૂપીઆની છે; માં ટે મને બીજી ઘોડીજ અપાવો. મામલતદારે ઊોશામા આવીને જમાદારને જણાવીઊં કે તારી ઘોડી તો કદાચ દશ હજાર રૂપી આની બી હશે; પણ તે મરણ પાંમી તેમાં વાંકતો તારો પોતાનોજ છે, અને તેવું છતાં, તુંને અદાલતનો જમાદાર જાંણી એકશો રૂપી આ અપાવવાને મેં હોકમ કીધો, અને તેં મારા હોકમની શાંમણે તું થાએએો માટે તુંને એકશો રૂપીઆ દંડ કરવો જોઈએ. આ વેલાએ ઘેલાશાહએ મામલતદારના મોહડાં તરફ જોઈને કાંન આગ લ બે આંગલાંની ઈશારત કીધી, અને તે ઊપરથી મામલતદારે જ માદાર પાશેથી એકશો રૂપીઆ દંડ માંગેએો, અને જો દંડ નહી આપે તો, એક માંશ કેદ રાખવાની શજા કીધી.

એ પછે પેલો બરહાંમણ ઊભો થએએો, અને બોલીઓ કે મા મલતદાર શાહેબ, તરીજો કજીઓ મારોછે; માંટે મારો ઈનશાફ ક રવો જોઈએ; કાંકે ઘેલાશાહએ મારી એકપુરી દીકરીનું ખુન કરી ઊંછે. મામલતદારે તેનો શગલો હેવાલ શાંભલી લીધો, અને તે પછે ઘેલાશાહને જણાવીઊં કે એ બેચારો બરાંહમણનો દીકરોછે, અને તેટલા શારૂં એની દીકરીનાં મરણને માંટે એને જ દુખ થા ઈઊંચ તે મટાડવા માંટે એને તમોએ પાંચશો રૂપીઆ આપવા જો ઈએ. મામલતદારના આ શબ્દનો શાંભલવાથી બરહાંમણે પોકાર મારી કહીઊં કે શાહેબ, અમો અશતરી ભરથારની આખી જીનદેગી માં માતર એ એકજ બાલક હતું, અને તેનું ખુન ઘેલાશાહએ કી ધું છે; માંટે તેના બદલામાં તમો પાંચશો રૂપીઆ અપાવોચ તે તેને જોઈતાજ નથી; માટે એની પાશેથી તેની દીકરી અપાવવી જોઈ એ. આ વેલાએ ઘેલાશાહએ મામલતદારને તરણ આંગલાં બતા વી ઈશારત કીધાથી, મામલતદારે ઊોશામાં આવી બરહાંમણને જ ણાવીઊં કે જારે તુંને તારી દીકરીનીજ જરૂરછે તારે તો તારી બા એડી ઘેલાશાહને હવાલે કર કે તેનેથી છોંકરી પેદા થાએ ને પછે તે

છોકરી, અને બાએડી ઘેલાશાહ તું ને હવાલે કરશે. એ પરમાણે બાએડી આપવાને બરહાંમણે નાપાડી, અને તે વેલાએ મામલતદારે હોકમ કીધો કે એને ધકા મારી કચેરી મધેથી કાહડી મેલો; કાંકે એણે ઈનશાફનો ધીકાર કરેઓછે; જે ઉપરથી બરહાંમણને કચેરી મધેથી ધકા મારી બાહેર કાહડીઓ. આ ઠેકાણે બરહાંમણનો ઈ નશાફ પુરો થએઓ, અને અવે માતરે પેલા હોરાજીના મુલાંના મ રણ શંબંધી ભાંજઘડ બાકી રહી.

ઉપલી ભાંજઘડ થાએઆ બાદ, પેલા મરનાર મુલાંનો દીકરો ઉભો થાએઓ, અને તેણે જણાવેઉં કે મામલતદાર શાહેબ, ચોથો કજીઓ તેનોછે, અને તેની હકીકત એવીછે કે— "ઘેલાશાહએ અ મારાં નીમાજખાંનાંની પડોશના ડુંગર ઉપર ચહડીને મારા બાવા, જેઓ જમાતના લોકોને નીમાજ પઢાવતા હતા તેઓની કંમર ઉપર પડીને કંમર ભાંજી નાંખી,જેથી તેઓ તુરત મરણ પાંમા." મામલતદા રે તેને જણાવીઉં કે ભાઈ એ વાત ખરીછે,અને તમારી જુમાતના શ ગલા લોકોની શાખશી ઉપરથી તે શાચી ઠરેછે; પણ ઘેલાશાહ અવે પોતાનો બચાવ શું કરેચ તે જાવાને બાકી રહેલું છે. એ ઉપરથી ઘેલાશાહ બોલીઆ કે મામલતદાર શાહેબ, તરીજા મુકદમાના વાદી બરહાંમણની છોડીનું મરણ જારે,અણજાણે તેને હાથે થાઈઉં તારે, તે અતીઘણો પશતાવો કરવા લાગો કે આ કાંમ આગલાં બે કાંમો કરતાં માહબુરૂં થાઈઉંછે, અને તે ઉપરથી તેણે આપઘાત કરી મરવાને નીશચીઅ કીધો હતો, અને તે પરમાણે ઊપલા ડુંગરના પાછલા ભાગ ઊપર જાઈને તાંહથી નદી તરફ નખાવી દીધું; પણ માંઠાં ભાએગે ડુંગરના એક પથરા શાંગાથે અથડીઆથી, તેની ઠોકર એવી લાગી કે જેથી ઉછડીને જમીન તરફની બોરદુ ઊપર ઢલી ગીઓ, જેથી વલી આ ચોથો માંઠો બનાવ બનીઓ. મામલતદારે કહીઉં કે ભાઈ તારે આતો એક કજાની વાત થાઈછે; તોપણ ઘેલાશાહને ઘટેછે કે આ બચારા છોકરાના બાપનો નાશ થાએઓછે તેટલા શારૂં એને પાંચશો રૂપીઆ આપે. મામલતદારના આ શ ખુન શાંભલીને મુલાંનો છોકરો બોલીઓ કે— "ના શાહેબ, મેં કાંઈ પાંનશો રૂપીઆ લઉં નહી; મારેતો મારા બાપના ખુનનો બદ

લો ખુનથીજ લેવોછે.” આ વેલાએ ઘેલાશાહએ કાંન આગલ ચા ર આંગલાં કરી મામલતદારને ઈશારત કીધી. મામલતદારે જણા વેઉં કે ભાઈ તારે તો ઠીકછે. જાએા જે જગાએ તમારા બાપ ની માજ પઢાવવાને વાંકા વલીઆ હતા તેજ જગાએ ઘેલાશાહને વાંકા વાલીને તઈઆર કરો, અને તે પછે તમેા પેલા ડુંગર ઉપર જાઈ ને તેની ઉપર ગરબરી પડી એનેબી મારી નાખેા કે ખુનનેા બદ લેા ખુનથીજ વલી રેહશે. જો એ પરમાંણે ખુનનેા બદલેા ખુનથી નહી લેશેા તેા, તમેાને પાંનશેા રૂપીઆનેા દંડ કરવાનેા હોકમ થા એએાછે. મુલાંના છેાકરાએ જણાવીઉં કે શાહેબ, એમતે કાંહથી બને. કદાચ તે નીચે ગબરતાં શુધીમાં પેાતેજ મરણું પાંમે, અને વલી એવેા તે શંજેાગ કેઆંથી બને કે જે જગાએથી ઘેલાશાહ ગબડે એા તે જગાએથી ગબડીઆથી પાછી તેજ જગાએ પડે. ઘેલાશા હતેા અકશમાત બનાવથી તેમ ગબડી પડેએા હતેા. મામલતદારે જણાવીઉં કે તમારી પુરી ખાતરીછે કે ઘેલાશાહ અકશમાત બનાવ થી તે જગાએ ગબરી પડેએા હતેા, તેવું છતાંબી તમેાએ ઈનશાફ ના કાંમમાં હુજ્જત કીધી માટે પાંનશેા રૂપીઆ દંડના આપેા, નહી તર કે છ માશ શુધી કેદ રેહવેા. એ ઉપરથી બેચારા હેારાને લા ચારે પાંનશેા રૂપીઆ દંડનાં શાંમબા આપીને ઘેલાશાહને શજા કરા વીઆ વગર ઘેર જાવું પડીઉં, અને ઘેલાશાહની પાશેથી ચાર ક જીઆના ૧૦૦૦, અને પેલા જમાદારના એકશેા, તથા હેારાજીના પાંચશેા મલીને શેાલશેા રૂપીઆ કમાએએા, અને તેમ બનવાથી ઘે લાશાહનેા છુટકારેા થાએએા.

રાજની શરશાઈ માટે શવાલ.

દીલલી શેહરની હકુમત જારે અકબરશાહ પાદશાહના વઉં શના શવાધીનમા હતી તારે, અકબરશાહના દેાતરા જાંહગીરશાહ એ પેાતાના બીરબલને શવાલ કીધેા કે કેહે બીરબલ—મારા બપા

વા અકબરશાહનું રાજ શારૂં, મારા બાપ નાદરશાહનું રાજ શારૂં કે મારૂં પોતાનું રાજ શારૂં ? એનો જવાબ મને મલવો જોઈએ. બીરબલે વીચાર કીધો કે આ શવાલ કઢંગોછે, અને એનો જવાબ દેવાનું કામ મુશકેલછે; તોપણ તેણે વીચાર કરીને જવાબ દીધો કે શાહેબ, તેને બે માંશની મેહતલ આપવી જોઈએ કે એ બાબે બોલ, અને વીચાર કરવાને બની આવે. જહાંગીરશાહએ તેને તેટલા વખતની મેહતલ આપી, અને તે ઉપરથી તે એણીગેમથી પેલીગેમ ફરવા લાગેા,અને વીચાર કરતો હતો કે આ શવાલનો જવાબ પરભાડી રીતે વલે તેા શારૂં, નહીતેા મારાં બચાં છોકરાંની ખરાબી થાશે. ફરતાં ફરતાં બીરબલને એક ઘણોજ જઈફ પુરશ મલીઓ, અને તેને જોઈ બીરબલે વીચારીઉં કે આ શખશ શગલી પાંતીએ આ દુનીઆંથી પરવારી ચુકેલેા લાગેછે, અને અગરજો એ શખશ જહાંગીરશાહના શવાલનો જવાબ આપે, અને કદાચ ગેાશામા આવીને એને મારી નાખેતેા કશી અડચણ નથી. પેાતાનેા વીચાર બીરબલે તે બુઢા પુરશને જણાવીઓ, અને તેને ૫૦૦૦ રૂપીઆ આપવાને કહેઆ, જે લેઈ જહાંગીરશાહના શવાલનો જવાબ આપવાને તે બુઢેા પુરશ તઈઆર થાએઓ. એ ઉપરથી બીરબલે જહાંગીરશાહનો શવાલ, અને તેનો જવાબ પેલા બુઢાને જણાવીઓ, અને કહીઉં કે શારી હીમતથી તારે પાદશાહની આગલ બોલવું. આ વાત પેલા બુઢા પુરશે કબુલ કીધા ઉપરથી બીરબલે પાદશાહને જણાવીઉં કે તેનો જવાબ આપવા માટે તેણે એક ઘણાજ જઈફ, અને પુરાંણા પુરશને શોહધી કાહડીઓછે; માટે આવતી કાલ દીને કચેરીમાં તે હાજર થાશે. આ ઠેકાણ પરમાંણે બીજે દીને કચેરી મધે ઘણા લેાકેા હાજર થાએઆ કે આજ દીને પાદશાહના શવાલનો જવાબ મલનારછે.

કચેરી ભરાએઆ પછે, બીરબલ પેલા બુઢા પુરશને હાથ પકડીને જહાંગીરશાહ પાદશાહની નજદીક લેઈ ગીઓ, અને જહાંગીરશાહને અરજ કીધી કે શાહેબ, તમારો શવાલ એને પુછીઆથી, તેનો જવાબ એ તમોને આપશે. એ ઉપરથી જહાંગીરશાહએ તે બુઢાને પુછીઉં કે—અએ પુરાંણા પુરશ, તું શાચું બોલ કે મારા બ

પાવા અકબરશાહનું રાજ શારૂં કે મારા બાપ નાદરશાહનું રાજ શારૂં કે મારૂં પોતાનું રાજ શારૂં ?

એના જવાબમાં તે બુઢાએ કહીઊં કે પાદશાહની ઉમરદ રાજ હોજો. એ વાત તેની આગલ અવડાં કીધામાં આવેચ તે શાં ભલવા ઉપરથી તમારા તરણુડે શવાલનો જવાબ મલી આવશે; માં ટે ધીરજથી શાંભલજો. એ વાત એમછે કે:—

તમારા બપાવા અકબરશાહના વખતમાં દીલલી દરવાજાના બ જારમા તેની દુકાંન હતી, અને એક દીવશે જારે તે દુકાંન ઉપર બેઠેલો હતો તારે, કોઈ શોદાગરની દીકરી, જે ઘણાજ ખુબશુરત ચેહરાની જુવાંન હતી ને શોલેશીણુગાર કરીને પોતાને પીઅરેથી પોતાને શાશરે જાવાને નીકલી હતી. આ અશતરી જારે તેની દુ કાંન આગલથી જાતી હતી તારે, એક લફંગો પુરશ તેની પાછલ લાગુ પડેલો તેને જણાએએો. તે અશતરીનું શાશરૂં નવાપરામાં હતું, અને દીલલી દરવાજાથી તે ઘણું દુર હતું, અને વચેનો ર શતો નવરો હતો, માટે તે છોકરી ઘબરાઈને તેની દુકાંન ઉપર ચ હડી ગોઈ. આ વેલાએ તે છોકરીને ઘબરાએલી જોવાથી તે તુર તજ દુકાંન ઉપરથી ઉઠીએા, અને પોતાની માએને દુકાંનની અંદર ના ભાગ મધ્યેથી બોલાવીને જણાવીઊં કે આ બાઈને આજની રાત આપણાં ઘેર મધે રાખો; કાંકે એ નવેપરે જવાનીછે, અને રાતનો શમે હોવાથી તાંહશુધી જવાને બીહેછે. એ ઊપરથી તેની માંએ તે બાઈને દુકાંન મધે લેઈ ગોઈ, અને તે દુકાંન ઉપરજ બેશી રહે એા. એ પછે તે બાઈને મારી માંની શાથે જમાડી, અને હુંએ માંતરે દુકાંન ઉપરજ બેશીને ખાધું. એ પછે તે બાઈની શાથે મારી માં દુકાંનની અંદરના ભાગમાં શુતી, અને દુકાંન બંધ કરી ને હું બાહેરના ભાગમાં શુતો. શહવાર પડીઆ પછે તે બાઈને મારી માંએ નાશતો કરાવીએા, અને તે પછે હું તેની શાથે તેને શાશરે ઘેર ગએએા, અને તેના શશરા, શાશુને રાતે બનેલો શગ લો હેવાલ કહેએા, જેથી તેએાએ મારો ઉપકાર માંનેએા, અને હું મારે ઘેર પાછો ફરેએા. આ વાતને લાંમબા દીવશ ગુજરી ગએ આ, જે પછે તમારા બપાવાનું મરણુ થાએઊં, અને તમારા બાપ રાજની ગાદીએ બેઠા.

એ પછે એક દીવશે વલી પેલી છોકરીની વાત મને ફરીને ઈ આદ આવી, અને તે વેલાએ મારા મનમાં એવો વીચાર આવીઓ કે—હું કેવો મુરખ કે તે છોકરીના આંગ ઉપરનો એક દાગીનો જો કાહડી લીધો હતે તો તેનું કશું એ ચાલતે નહી. આ વીચા ર વારેઘડીએ મારા મન ઉપર ભમેઆજ કરતો હતો. એ પછે મોટો વખત વહી ગીઓ, અને તે પછે તમારા બાપનું મરણ થા ઈઉં, અને તમારા હાથમાં રાજની ગાદી આવી.

તારે વલી એક દીવશે પેલી છોકરીની વાત મને ઈઆદ આ વી, અને તેવેલાએ મારા મનમાં એવો વીચાર આવીઓ કે—હું કેવો મુરખ કે તે છોકરી ઘણી ખુબશુરત, અને નવજુવાંન હતી, અને એક આખી રાત શુધી તે મારા કાબુ મધે રહી હતી; તેવું છ તાં મેં તેની શંગાથે શંઘલોગ પણ નહી કીધો. જો મેં તેમ કી ધું હતે તો, તે છોકરીથી કશું એ બોલી નહી શકાતે, અને મારા મનની મોરાદ શેહલાઈથી પુરી પડતે. આ વીચાર વારેઘડીએ મારાં મન ઉપર ભમેઆજ કરેછે; માટે ઓ નેકબખત પાદશાહ,તમા રા બપાવા, બાપ, અને તારાં પોતાના રાજ કારોબારની રીતી, અ ને નીતી કેવી હતી, અને છે, અને તેની અંદર વખત જાતાં કેવો, અને કેટલો ફેરફાર થાએઓ હોએ તે વીશેનો વીચાર અવે તમો એ પોતેજ ઉપલી વાતના શાર ઉપરથી કરી લેવો.

મુહુરતવારથી મોટી ચોકી કરનારો પુરશ.

ગોકુલ મથુરાં નામે શેહર મધે તાપીદાશ નામનો એક વાંણીઓ રેહતો હતો, જેનો ધંધો ચોરી કરવાનો હતો. આ વાંણીઓ જે ચોરી કરતો હતો તે કાંઈ પાંચ, શાત હજારની નાંધલી નહી કર તો હતો; પણ દશ, વીશ, અને પચીશ હજાર રૂપીઆની મોટીજ ચોરી કરતો હતો. બીજું એ કે એવી ચોરી તે કોઈ નાંવલી આશામીના ઘેર મધે નહી; પણ મોટી, અને શવર આશામીઓ

ના ઘેર મધેજ કરતો હતો. જારે તે ચોરી કરીને લાવે તારે, જાં હશુધી તે પુંજી ચાલે તાંહશુધી કધીબી બીજી ચોરી કરતો નહી હતો; પણ શેહેજ દીવશનો ખોરાક બાકી રહે તારેજ પાછી તઈઆરી કરતો હતો. તાપીદાશના ઘેરથી થોડેએક છેટે એક બરહાંમણ રેહતો હતો, અને તેની પાશે તે ચોરી કરવા જવાનું મુહુરત દેખાડતો હતો, અને જેહબી રીતે ઘેર મધેથી બાહેર નીકલવાને તે બરહાંમણ તેને કેહતો હતો તેવીજ રીતે તાપીદાશ ઘેર મધેથી બાહેર પડતો હતો, અને તે પછે એક દેવીના શથાન આગલ જતો હતો, અને તે દેવીની પરારથના કરીને તેને એવી ચેતવણી આપતો હતો કે જેબી મતા તે ચોરી કરીને લાવશે તેનો ચોથો ભાગ દેવી માતા તમોને આપીઆમાં આવશે. એ પરમાંણે દરએક ચોરીની ચોથાઈના રૂપીઆ મધેથી તાપીદાશ તે દેવીના શથાનનું મકાંન વારેવડીએ આરાશેતા કરેઆ કરતો હતો. એક દીવશે જારે તેની ખરચી ખુટી તારે, તેણે પેલા બરહાંમણને બોલાવીઓ, અને ચોરી કરવા જવાને શારૂં મુહુરત જોવાને કહેઉં. એ ઉપરથી જાશીએ મુહુરત જોઈને તેને કહીઉં કે આવતા ભરેશપતવારે રાતના દશવાગે તમોએ ઘેર મધેથી બાહેર પડવું. એ પરમાંણે ભરેશપતવારને દીને રાતના દશવાગે તાપીદાશ પોતાના ઘેર મધેથી બાહેર પડેઓ, અને રશતાઓ ઉપર ફરતો હતો, અને વીચાર કરતો હતો કે ચોરી કરવાને તો હજુર મોઠો વખતછે; કાંકે અજુરતો બધે ઠેકાંણે વશતીછે; માંટે કોઈ ઠેકાંણે ગમત થાતી હોએ તાંહ જાઈને બેઘડી વીશામો લેઉં. એવા વીચારથી તે ચાલતો હતો, એટલામાં એક વાંણીઆના માલ ઉપર ઘણા માંણશોની વશતી, અને બતીઓની રચના કીધેલી તેની નજરે પડી, જાંહાં એક "વેઆશ" બેશીને "પુરાંણ" વાંચતો જણાએઓ. આ દેખાવ જોઈને તાપીદાશે વીચારીઉં કે કોઈ બીજી માંથાંદુખનની જગાએ બેશવા ના કરતાં આ ઠેકાંણેજ બેશવું શારૂં છે; કાંકે ધરમ શાહશતરની બે વાતો શાંભલીઆમાં આવશે. એ ઉપરથી તાપીદાશ તે વાંણીઆના ઓટલા ઉપર જાઈને બેઠો, અને કેટલોએક વખત પછે તાંહથી ઉઠીને પોતાના ધંધાની શોહધને માંટે ગએઓ. પેલા વાંણીઆને

તાંહ "વીઆશે" જે "પુરાંણ" વાંચીઊં હતું તે મધેના બીજા વાકી અતો કાશીદાશને ઈઆદ નહી રહેઆ; પણ આટલું માંતરે ઈ આદ રહેઊં કે આકાશ ઉપર રેહનારા વહીકુડવાશી લોકો, અને આ પુરથવી ઊપરની દેવીઓ જમીન ઉપર જરે ચાલેછે તારે, તે ઓના પગ જમીનથી અધર રેહેછે. આ શબદ વધારે ગોખી ગોખીને ઈઆદ કરતો હતો. ફરતાં ફરતાં તાપીદાશ શેહરના રાજાના મેહલ તરફ ગએઓ, અને તાંહ ઊભો રહીને અંદરનો દેખાવ જોવા લા ગો. એમ કરતાં લાગ લાગી ગએઆથી તાપીદાશ મેહલની અં દર દાખલ થાએઓ, અને આશપાશ શોહધ કરતાં તેની નજરે ખ જાણાનો દરવાજો પડીઓ, અને તેની તપાશ કરતાં તેનું બારણું અલગું લાગું. એ ઊપરથી દરવાજો ઊઘાડીને તાપીદાશ અંદર પેઠો, અને તેમાંથી કેટલુંએક ઉનચું જહવેરાત લેઈને તુરતજ બાહે ર નીકલી પડેઓ, અને શેહરની બાહેર જઈને જંગલ મધે ડાટી ને પોતાને ઘેર ગએઓ. શહવાર પડી, અને ખજાણચીએ બુમ મારી કે તીજોરી મધેથી બે લાખ રૂપીઆના જહવેરાતની ચોરી થાઈછે. આ ઉપરથી રાજાએ પોતાના વજીર, અને અમીર ઉમરા ઓને બોલાવીઆ, અને તેઓ ઉપર ગોશે થાઈને જણાવીઊં કે— અગરજો આ ચોરને તમો પકડી નહી કાહડશોતો, તમો શગલાઓ ને એકદમ ચાકરીથી બરતરફ કીવામાં આવશે; કાંકે તમારી ગફલ તીથી એ ચોરી થાઈછે. અગરજો તમોએ શાવચેતી રાખી હતેતો કધી પણ ચોર મેહલની અંદર દાખલ નહી થાતે, અને તુરતજ તે પકડાઈ જાતે.

અમીર ઉમરાઓએ વીચારીઊં કે રાજા જે વાત કેહેછે તે ખ રીજછે કે આપણી ગફલતીને લીધેજ એ ચોરી થાઈછે, અને જો રાજા આપણને કાહડી મેલે તો તે કાંઈ અણઘટતું નહી કેહવાશે; માંટે આપણ શગલાઓએ મેહનત કરીને ચોરને પકડી કાહડવો જોઈએ. એવી રીતની મશલેહત કરીને શગલા લોકો ચોરની શોહધમાં ફરવા લાગા. બીજી તરફથી વજીરે શેહર મધેના શગ લા ચોરને પકડાવીઆ, અને તેઓને માર મરાવી પુછીઊં કે આ ચોરી કોણે કીધી તેનો પતો જો તમો નહી મેલવી આપોતો, તમો

ને કેદ મધ્યેથી છોડીઆમાં નહી આવશે, અને દર આઠે દાહડે મા ર મારેઆમાં આવશે. બેચારા શેહર માંહેલા પકડાએલા ચોરો ની ર અપરાધી હતા, અને તેટલા માટે તેઓને જે માર મારેઓ તે નકામો હતો. શેહરના ચોરો તાપીદાશને ઓલખતા હતા, અને એ ચોરી તેણેજ કીધી હશે, એવું શાહમજતા હતા; કાંકે તે મોટી જ ચોરી કરેચ, એવું તેઓ જાંણુતા હતા. પણ તાપીદાશનો તાપ ઘણોજ મજબુત હોવાને લીધે તેઓથી કશું બોલી શકાતું ન હી હતું, અને તેથીજ વજીરનો માર ખાઈને મુંગા બેઠા હતા. એ પછે તે શગલા ચોરને કોટવાલે પોતાના શવાધીનમાં લીધા, અને એકએક જણને માર મારીને એક જુદીજ ઓલી મધે તેઓથી આ ચોરી શંબંધી શંદેશો પુછતો હતો. આ વેલાએ એક ચોરે કોટવાલને જણાવીઉં કે શાહેબ, ગરીબ લોકોને નકામાં શામાટે મા રોછેઓ. અમો શગલાતો માંતરે ચીલરાંના ચોર છેઈએ, અને રાજાને તાંહ થાએલી જેવી મોટી ચોરી કરવાની હીમત અમોને શ પનામાંબી આવે નહી; પણ આપણા શેહર મધે તાપીદાશ નામે એ ક વાંણીઓછે તે એવી મોટી ચોરી કરવાનોજ ધંધો કરેછે, અને તેબી વલી ગરીબોને તાંહ નહી, પણ મોટા શોદાગરો, અને અમી ર ઉમરાઓનાજ ઘેરમાં હાથ ઘાલેછે. આ ચોર ઘણોજ પકો, અ ને બલવાનછે, અને તેનાં કઉઅતનો તાપ એટલો મારેછે કે તેની ધાશતીને લીધે તેની કાંઈપણ વાત કોઈને ખબર પડેતો તે બોલવા ની હીમત રેહતી નથી. જરેબી તે ચોરી કરવાને નીકલેછે તારે, એક બરહાંમણ પાશે મુહુરત જોવાડેછે, અને કલાંની દેવીની આગ લ જાઈને તે ચોરીની અંદરથી ચોથાઈ આપવાની તે દેવી આગ લ કબુલાત કરેછે, અને ચોરીની અંદરથી જે મતા મલેચ તે નાંહ શુધી ખપી રેહ તાંહશુધી બીજી ચોરી કધીબી કરતો નથી.

કોટવાલે વીચારીઉં કે જો આ ચોરી તે વાંણીઆએજ કીધી હશે તો, પેલી દેવીની ચોથાઈ આપી નહી હશે; કાંકે રાજાની તર ફેકથી ધડ પકડની જે દોડાદોડી થાઈ રહીછે તેની ધાશતીને લીધે તુરત વેલાએ ચોરીની મતા છુપાવી બેઠો હશે; માંટે જો દેવીનો અવતાર લેઈ તેને ઘેર રાતની વેલાએ જાઈશતો, અલબતે કાંઈ પ

તો મલશે. એવા વીચાર ઉપરથી કોટવાલે તે ચોરથી તાપીદાશ નાં ઘેરની નીશાંણી વીગરે પકી રીતે પુછી લીધું, અને પેલી દે વી, જેની તાપીદાશ પરારથના કરતો હતો તે દેવીનું મંદીર કાં હછે તે પણ જાણી લીધું, અને ચોરને કબુલાત આપી કે તેનું નામ તે તાપીદાશની આગલ નહી દેશે. એ પછે તે ચોરને છોડી મેલીએો, અને કોટવાલ તાપીદાશની શોહધમાં ફરેએો, અને પેલી દેવી, તથા તાપીદાશનું ઠેકાંણું શોહધી કાહડીઊં હતું. એ પછે દેવીના શરીખો શીણગાર, અને બીજાં પદારથો તઈઆર કીધાં, અ ને એક દીવશે રાતના તે દેવીનો આકાર લેઈને તાપીદાશને ઘેર ગ એેએો, અને તેને દેવીના આકારમાં શાહોધ મારવા લાગો. તાપી દાશે તેને જવાબ આપી પુછીઊં કે તું કોંણુછે, અને રાતની વેલા એ તેને શું કેહછે. કોટવાલે જવાબ દીધો કે તે કલાંણી દેવીછે, અને રાજાને ઘેર કીધેલી ચોરીને ઘણા દીવશ થાએેઆ તોપણ તે ની ચોથાઈનો હીશો અજુર શુધી તેને શામાંટે આપેએો નથી; તેની પુછપરછ કરવાને તે આવીછે. આ શબ્દનો શાંભલી તાપીદાશ ઘ ભરાએેએો, અને વીચારીઊં કે ખરેખર દેવી તેને ઘેર આવીછે, જે થી તુરત ખાટલા ઉપરથી ઉડીને બારણું ઊંઘાડીઊં,અને બંધે હા થે દેવીને પગે લાગવા માટે વાંકો વલીએો, અને તેના પગ ઉપર માંથુ મેલીને નમશકાર કીધો.

આ વેલાએે તાપીદાશને પેલા "વેઆશે" વાંચેલો"પુરાણ"માં હેલો વાકીઅ ઈઆદ આવીએોકે દેવીના પગ જમીન ઊપર લાગવા નહી જોઈએ, પણ અધરજ રેહવા જોઈએ; અને આ આશામીના પગતો જમીનની ઊપર લાગેલાછે, અને તે ઉપરથી તે તુરત શહમ જી ગએેઓ કે કોઈ પુરશ દેવીને ખોટે નામે રાજાને તાંહની ચોરી નો પટો મેલવવાને આવીએોછે. એ ઉપરથી તાપીદાશે તેને જણા વીઉંકે માજી, તમોએે મારા શરીખા એક અદના પુરશને ઘેર આવી દરશન દીધાં તેટલા માટે હું તમોને પગે લાગેએો છેઉ;પણ તમો કેવો ચકે રાજાને ઘેરની ચોરીનો હીશો અજુર મને આપેએો નહી, તેની મને શહુમજ પડતી નથી કે રાજાને તાંહની ચોરી તે શું, અને તે નો હીશો તે કેહવો; પણ તમોએે કોઈની શંગાથે જો શાધન કી

ધું હોએતો તેની મને ખબર નથી, અને તેવું શાધન કરનારો પુરશ હું નથી, અને કદાચ તમો તેનુ ઘેર ભુલી ગએઆં હશો; માટે તે કાંહ રેહચ તે શોધી લેવો, અને મારે ઘેર પધારેઆં તેટલા માટે મને માફ કરજો.

કોટવાલે વીચાર કીધો કે જોકે દેવીનો અવતાર લેઈનેબી એને ઘેર હું આવીએો, અને દેવીને માન આપીને તુરત બારણું ઉઘાડીને પગેબી લાગો; પણ ચોરીના માલ વીશેતો શાફ ના પાડી, અને કહીઉં કે તે કોઈ બીજોજ પુરશ હશે. જો એણે ચોરીજ કીધી હોએતો, અલબતે દેવીની ધાશતીથી તુરત માની દેવી જોઈએ, પણ જારે નથી માનીઉં તારેતો ઠડેચકે રાજાને તાંહની ચોરી એણે બીલકુલ કીધીજ નથી, એવો વીચાર કરી તેને તાંહથી કોટવાલ પાછો ફરેઓ. એ પરમાણે તાપીદાશને રાજાને તાંહની ચોરી પચી ગઈ, અને કોટવાલ વીગરે માણશો ઠકીને ઠેકાંણે બેઠાં.

પંદીત થાએલો પુરશ.

મોરેશવર નામનો એક જુવાન બરહામણ કાશી મધે રેહતો હતો, અને તેણે શાહશતર શીખવા પછવાડે લાંબા વખત શુધી શારો અભેઆશ કરેઓ હતો. કેટલુંએક શીખીઆ પછે તેના મગજમા ગરૂરીનો પવન ભરાએઓ, અને તે ઉપરથી તેણે વીચારીઉંકે તે શધલું શીખીને પુરવીનતા થાએઓછે, અને તેના શરીખો પંદીત પુરશ આ પુરથવી ઉપર કોઈએ નથી. આ અભેમાની ભરેલા વીચારથી તે કાશીથી નીકલીઓ, અને રજવાડાં મધે ફરવા લાગો, અને જે દેશ મધે જાતો તે દેશનાં બરાહમણોને તે કેહેતો હતોકે તેણે શાહશતરનો આભીઆશ પુરતો કીધેલોછે; માટે તેની શંગાથે વાદ વીવાદ કરવી, અને જો તેમાં તે હારેતો, જીહતનારને તાંહાં શેવક દાખલ રેહવાને તઈઆરછે; પણ અગરજો તે પોતે જીહીતેતો, શાં મણાં ધણીનુ પીકચર લેઈને પોતાને પગે બાંહધીને ફરશે. આ પ

રમાણે કેટલાએક રજવાડાંઓમાં તે ફરેઓ, અને કેટલાએક બરહામ ણોને જીહીતીને તેઓનાં પીકચર લેઈને પોતાને પગે બાંહવી ફરતો હતો, અને જાંહાં જાએ તાંહનાં બરહાંમનોને તે પીકચરો દેખાડતો હતો કે આટલા બરહાંમણોને તે જીહતી ચુકોછે. એ પરમાણે ફરતો ફરતો તે બરહાંમણ "ઉજન" શેહરમાં ગએઓ, અને તાંહનાં રાજાની કચેરી માં જાઈને પોતાનો શવાલ કીધો. "ઉજન"ના રાજાને તાંહ શેંહ કડો બુધા બરહાંમણો શરકારી ખરચથી પલતા હતા, અને નીત રોજ કચેરીમા જાઈ અમશથકા ગપા મારીને ઘેર જાતા હતા, અને તે ઓ શાહશતર શહમજાવવાને જરૂરની વેલાએ હાજર થાતા હતા; મા ટે રાજાએ તેઓને હોકમ કીધો કે અગરજો આ જુવાન પંદીત શંગાથે વાદ વીવાદ કરીને જીહીતોતો શારૂ; પણ અગરજો હારી ગ એઆતો, એકે એકને દરબાર મધેથી હાંકી કાડીઆમા આવશે. એ ઉપરથી તે બરહાંમણોએ રાજા પાશે પંદર દીવશની મેહતલ માંગી લીધી, અને તે પછે પેલા પંદીત શાથે વાદ વીવાદ કરવાની કબુલા ત આપી. આ પછે "ઉજન"ના બરહાંમણો ધાશતીમા પડેઆ, અને નીતરોજ રાતની વેલાએ પોત પોતામા શભા ભરીને બેશતા હતા, અને પેલા જુવાન પંદીત શંગાથે વાદ વીવાદ કેવી રીતથી કરવી, અને તેને કેમ જીહીતી શખાશે, તેનો વીચાર કરતા હતા. આ શભા મધે ઘણા બરહાંમણો જાતા હતા, જેઓમાં નાંધલા મોટા, અને ઘરડા બોખા શંગલા બેશતા હતા. એ શભા મધે એક ઘણોજ ઘરડો બરહાંમણ જાતો હતો, અને નીત રોજ તાંહ થાતી તકરા ર શાંહભલતો હતો. આ ઘરડા બરહાંમણે "તરક શાહ શતર" નો અભીઆશ કીધેલો હતો, અને ખુદરતથી તેના દીલમા એવો જોશો થઈ આવીઓ કે તેણે પેલા જુવા ન પંદીત શંગાથે વાદ વીવાદ કરવી. એ ઉપરથી તે ઘરડા બર હાંમણે પોતાનો વીચાર પોતાના શભાશદો આગલ જણાવીઓ, અ ને તે ઉપરથી શભાશદોએ પેલા પંદીત શંગાથે તકરાર કરવાનો દીવશ રાજા શંગાથે નકી કરેઓ. જે દીવશ ઠેડવીઓ હતો તે દી વશે શભા બોલાવી, અને શગલાઓ તેમા ભેગા થાએઆ. આ વેલા એ પેલા પંદીને શભા માંહેલા બરહાંમણોને પુછીઉં કે ભાઈઓ, મા

રી શાંભણે તકરાર કરનારો "વાદી" કોંણછે ? એના જવાબમાં પે લા ઘરડા બરહાંમણે કહીઊં કે માહરાજ, તમો શું પુછવા માંગો છે એ તે પુછો, પછે તેનો જવાબ જે આપનાર હશે તે આપશે. આ ઉપરથી પંદીતે જાણેઊં કે તેનો "વાદી" એજ પુરશછે, અને તે પછે તેણે શભા શદોને જણાવીઊં કે ભાઈઓ શાંભલજો:—

પેહલું એકે ગોઈ રાતના તેને "શવપનો" આવીઓ હતો. એ વેલાએ એક અશતરી ખુબશુરતી ભરેલી તેની નજદીક આવી ઊ ભી હતી, જને જોઈને તે મવન થાએઓ હતો, અને તે ઉપરથી તેણે તે અશતરીને પુછીઊં કે બાઈ, તમારૂં નાંમ શું છે ? અશ તરીએ જવાબ દીધો કે મારૂં નામ "મતી" છે. ફરીને તેણે તે અ શતરીને પુછીઊં કે તમો કાંહ રેવોછો ? અશતરીએ જવાબ દીધો કે મારૂં રેહઠાંણ આદમીના કપાલ મધેછે, અને જો હું ચા હું તો માણશને નેહાલ કરી નાખું. આટલી વાત કીધા પછે, પં દીતે શભાશદોને પુછીઊં કે કેમ ભાઈઓ, ખરી વાતછે કે નહી, કે અગરજો માંણશની "મતી" ફરેતો તે નેહાલ થાઈ જાએ ? એના જવા બમા શભાશદોએ જણાવીઊં કે હા માહરાજ, એ વાતતો ખરીજછે.

એ પછે પંદીતે બીજી વાત કીધી કે વલી તેને "શવપનો" આવી ઓ તારે, થોડેએક વખતે એક બીજી અશતરી તેની પાશે આવી ઉ ભી, જે દેખાવમાં ઘણીજ નાદર હતી, અને તેને જોવાથી તે ખુશી થાએઓ હતો. આ અશતરીને તેણે પુછીઊં હતું કે બાઈ, તમારૂં નાંમ શું છે. એના જવાબમાં તેણે કહીઊં હતું કે મારૂં નામ "શરમ" કરીનેછે. ફરીને તેણે તે અશતરીને પુછીઊં કે તમો કાંહ રેહવોછો. એના જવાબમા તે અશતરીએ કહીઊં કે મારૂં રે હઠાંણ આદમીની આંખો મધેછે. અગરજો હું માણશની આંખ મધે છેઊં તોજ માણશોને એક બીજાની મરીઆદા રાખવી પડેછે. આટલી વાત કીધા પછે પેલા પંદીતે શભાશદોને પુછીઊં કે કેમ ભાઈઓ, આ વાત ખરીછે કે નહી કે જો આંખ મધે શરમછે તોજ માણશો એક બીજાની મરીઆદા રાખી શકેછે. એના જવાબમાં શગલા શભાશદો બોલીઆ કે, માહરાજ, હા, એ વાત ખરીજછે.

એ પછે પંદીતે તરીજી વાત શરૂ કીધી, અને બોલીઓ કે

શાંભલેા ભાઇઓ, મને આવેલા "શવપના" મધ્યે હું એ થેાડે વખતે એક તરીજી અશતરીને દીઠી. આ અશતરી લાએકી વાલી, અ ને નાજ નખરાંથી પુર, અને તે શાથે શુંદર ચેહરાની હતી. એને જોવા ઉપરથી તેનુ જીગર આનંદ પામીઉં હતું, અને તે ઉપરથી તેણે તે અશતરીને પુછીઉં હતું કે બાઈ તમારૂં નાંમ શું છે. એ ના જવાબમા તેણે જણાવીઉં હતું કે તેનુ નામ "હીમત" કરીને છે. ફરીને તેણે પુછીઉં કે બાઈ તમેા કાંહુ રેહવેાછેા. અશતરીએ જણાવીઉં હતું કે તેનુ રેહઠાંણુ આદમીઓની "છાતી" મધ્યે છે. જો માણશની છાતી મધ્યે હું નહી હેાઉં તેા મુશકેલ કાંમ તેનીથી કધીબી થાઈ શકે નહી, અને ભએ પામીને પાછુ હટી જાએ. એ ટલું બેાલી તે પંદીતે શભાશદેાને પુછીઉં કે કેમ ભાઇઓ, આ વાત ખરીછે કે નહી, કે જો માણશની છાતીમાં હીમત હેાએતેા જ તે મુશકેલ કાંમ કરી શકેછે ? એના જવાબમાં શભાશદેા બેા લીઆ કે માહરાજ હા, એ વાત ખરીજછે.

એ પછે પેલા પંદીતે ચેાથી વાત આગલ ચલાવી, અને બેા લીઓ કે શાંભલશેા શભાશદેા, તેને આવેલા "શવપના" મધ્યે તેણે ચેાથીવાર એક ખુબશુરતી વાલા પુરશને જોએઓ હતેા, અને જારે તેણે તે પુરશને દીઠેા તારે તેનુ નામ પુછીઉં, અને તેણે જ ણાવીઉં કે તેનુ નાંમ "બલ" કરીનેછે. એ ઉપરથી તેણે તે પુ રશને પુછીઉં કે તમેા કહે ઠેકાંણે રેહવેાછેા. એના જવાબમા તે પુ રશે કહીઉં કે તેનુ રેહઠાંણુ આદમીઓનાં "બદન" મધેછે, અને માહરે લીધેજ માણશેા મેાટી શકતી ધરાવેછે, અને જબરાં કાંમેા કરી શકેછે. જો માણશનાં બદન મધ્યે હું નહી હેાઉં તેા, માંણુ શ અશકત થાઈ પડે, અને તેનેથી કશુંએ કાંમ થાઈ નહી શકે. એટલુ કહી રહેઆ પછે, પંદીત બેાલીઓ કે કાંએ શભાશદ ભા ઇઓ, આ વાત ખરીછે કે નહી, કે માણશના બદનમાં "બલ" હેાએ તેાજ તેઓ તેની શકતીથી મજબુત કાંમેા કરી શકે ? એના જવાબમાં શભાશદેાએ કહીઉ કે—હા માહરાજ એ વાત ખરીજછે.

આટલી તકરાર ઉપરથી પેલેા પંદીત બેાલીઓ કે ભાઇઓ, હું શભા જીહીતી ચુકેા. ચાલેા અવે તારે વાદીનુ પીકચર મને આપેા ?

આ વેલાએ પેલો બુધ્ધો બરહાંમણ બોલીઓ કે માહરાજ, ઉતાવલા થાવો નહી. આતો માતરે તમોએ શવાલ કીધા; એના જવાબ અજુરતો હું આપવાનો છેઉં, અને તેટલેજ તમો શભા તે કેહાંથી જીહીતી ચુકા. ચાલો અવે શાંભલો, તમારા શવાલોનો જ વાબ હું આપુ છેઉંઃ—

ગેઇ રાતરે જારે તે ઊંઘેઓ હતો તારે, તેણે એક "શવપનો" દીઠો હતો, અને તે વેલાએ એક પુરશ તેની નજર આગલ આવી ઓ હતો. એ ઉપરથી તેણે તે પુરશને જણાવીઉં કે ભાઈ તમા રૂં નાંમ શું. એના ઉતરમા તે પુરશ બોલીઓ હતો કે તેનુ નામ "કાલ" કરીનેછે. ફરીને તેણે તે પુરશને પુછીઉ કે તમો કાંહ રે હવોછો. એના ઉતરમાં તે બોલીઓ કે મારૂં રેહઠાંણ માંણુશના "કપાલ" મધેછે. મારી આગલ માણુશની મતીતો માતરે લોનડીછે. જો હું ચાહું તો માણુશને ખરાબેહાલ કરી નાખું. એટલી વાત કરેઆ પછે તેણે પેલા પંદીતને પુછીઉં કે કે મ માહરાજ, શું આ વાત ખરીછે કે નહી, કે માણુશને માંથે જો "કાલચંદર" ભમેતો, તેને ખરાબેહાલ કરીને દુનીઆથી ઉખેડી નાખે ? એનો જવાબ પંદીતે દીધો કે ભાઈ હા. તમો કેવોચ તે બી વાત ખરીજછે.

બુધ્ધા બરહાંમણે બીજી વાત શહરૂ કીધી, અને બોલીઓ કે એ પછે તેણે એક બીજા "શવપનો" દીઠો. એ વેલાએ એક બીજા પુરશને તેણે દીઠો. એ ઉપરથી ભાઈ તમારૂં નાંમ શું. તે પુરશે જવાબ દીધો કે મારૂં નાંમ "કામ" કરીનેછે. જુવાન બર હાંમણે પુછીઉં કે ભાઈ તમો કાંહ રેહવોચ. તે પુરશે જવાબ દી ધો કે મારૂં રેહઠાંણ આદમીઓની આંખો મધેછે. જો હું ચાહું તો, માણુશની બંધે આંખો માંહેલી શરમને એકેદમ કાડી નાખું; કાંકે શરમ જે છે તે મારી લોનડીછે, અને મારી આગલ તે કશી એ બીશાદ ધરાવતી નથી; માટે જેમ હું ચાહું તેમ તે માણુશ બે શરમ થાઈને બુરાં કામો કરી શકે. એટલું બોલીઆ પછે જુવાં ન બરહાંમણે પેલા પંદીતને પુછીઉં કે—કાંએ માહરાજ, બેશરમ થાએલું માણુશ બુરાઇ કરી શકે કે નહી ? એના જવાબમાં પં દીતે કહીઉં કે ભાઈ હા, એ વાત પણ ખરીજછે.

એ પછે તે બુધ્ધા બરહાંમણે તરીજી વાત ચાલુ કીધી, અને બોલીઆ કે વલી તેણે તરીજી વાર "શવપનો" દીઠો, અને તે વે લાએ પણ એક પુરશે તેને દેખાવ દીધો. એ ઉપરથી તેણે તે પુ રશને પુછીઉં કે ભાઈ તમારૂં નાંમ શું. એના જવાબમા તે પુરશ બોલીઆ કે મારૂં નામ "ભએ" કરીનેછે. જુવાંન બરહાંમણે તે ને પુછીઉં કે તમો કાંહ રેહવો છેઆ. એના જવાબમા તે પુરશે કહીઉ કે મારૂં રેહઠાંણુ આદમીઓની છાતી મચેછે. જો હું રૂ હું તો માણુશને ના હીમત, અને હીચકારો કરી નાખું. હીમત જે છે તે મારી લોનડીછે, અને મારી આગલ તેનું કશુંએ ચા લી શકે નહી. એટલું બોલીઆ પછે જુવાંન બરહાંમણે પેલા પં દીતને પુછીઉં કે માહરાજ, આ વાત ખરીછે કે નહી જે નાહીમ ત, અને હીચકારૂં માંણુશ કશુંએ કાંમ કરી નહી શકે, અને તેથી તે હારમાર થાએ ? પંદીતે જણાવીઉં કે ભાઈ હું, તમો કેવોચ તે પણ ખરૂંછે.

એ પછે બુધ્ધા પુરશે ચોથી વાત ચલાવી, અને બોલીઆ કે જારે તેણે વલી ચોથીવાર "શવપનો" દીઠો તારે, તેની આગલ એક અશતરી ઉભેલી હતી, અને તે ઉપરથી તેણે તે અશતરીનુ નામ પુછીઉ, અને તેણે જવાબ દીધો કે તેનુ નામ "જરા" કરી નેછે. એ ઉપરથી તે અશતરીને પુછીઉંકે તારૂં મકાન કાંહછે. તેણે જવાબ દીધોકે હું માણુશનાં બદનમાં રેહું છેઉં. જો હું માંણુશની ઉપર રૂહું તો, તેનું બલ, અને જોર "જરા" શરી ખું કરી નાખું; કાંકે "બલ" જે છે તે તેની આગલ ગોલામ દાખ લછે, અને તેની આગલ "બલ" નુ કશુંએ ચાલતુ નથી. એટ લું કહેઆ પછે તેણે પેલા પંદીતને પુછીઉ કે માહરાજ, શું આ વાત ખરીછે કે નહી જે માંણુશના આંગમા બલ નહી હોએતો, તે માણુશ નબલું, અને નકામું થાઈ પડે. એના જવાબમાં પંદીત બોલીઆ કે ભાઈ હા, વગર"બલ"નુ માણુશ નકામુજ કેહવાએ.

આ પછે પેલા જુવાન છોકરાએ પેલા પંદીતને પુછીઉં કે મા હરાજ, તમારા ચારે શવાલોના જવાબ તમોને મલીઆ કે નહી ? પંદીતે જવાબ દીધો કે ભાઈ હા, ચારે શવાલના જવાબ મને મલી

ચુકા. એ ઉપરથી તે જુવાન બરહાંમણે કહીઉં કે તારે ચાલો, અવે તમો હારેઆ; માટે મારી શેવા કરવા માટે મારે ઘેર આવો. પંદીત બેચારો લાચાર થાએઓ, અને પેલા જુવાન બરહાંમણની શાથે તેને ઘેર ગએઓ, અને જે શીંજે તે કામ કરીને પોતાનો કા લ કાડવા લાગો. આવી અવશથામા જારે પંદીત વધારે હેરાંન થાએઓ તારે પોતાની ભુલને શહમજીઓ, અને પોતાના શેઠ પેલા જુવાન બરહાંમણ આગલ બોલીઓ કે ભાઈ, મારી ભુલને અવે હું શહમજેઓ કે ઈશવરે જેબી પદારથ, વશતુ, અને ચીજ બના વીછે તે માતરે એકજ નહી; પણ જોરાં દાખલ બબે પેદા કીધેલી છે, જેમકે નેકીની શાથે બદી, ભલાં શાથે ભુંડું, શારાંની શાથે નરશું, શુલટાંની શાથે ઉલટું, શાચાં શાથે જુઠું, અને એજ પર માણે જેમ અશતરી શાથે પુરશનું જોડું બનાવેલુછે તેમજ દરએ ક તેની બનાવટ, ઈઆને ઉતપંતીને તેણે જોડ, ઈઆને બેવડી, અથવા શાથેજ પેદા કીધેલીછે, અને તેટલાજ ઊપરથી હરેક શવા લ જે ઉતપંન થાએ તેનો જવાબ પણ હોવોજ જોઈએ; માટે મા રી ભુલને તમોએ મેહરબાનીની રાહે માંફ કરવી જોઈએ. આ પ રમાણે જારે પેલા જુવાંન પંદીતે માંફ માંગી તારે પેલા ઘરડા બર હાંમણે તેને પોતાની શેવા મધેથી છોડીને શવતંતરપણુ બખશીઉ.

શવતંતરતાથી જાલવેલું પતીવરતાપણું.

મધુરશ શેહર મધે મુગટલાલ નામનો એક વાણીઓ રેહતો હતો, જેની અશતરી એવીતો ખુબશુરત, અને રૂપવંતા ચેહરાની હતી કે તેના જેવું રૂપ તે શેહર મધે કોઈપણ અશતરીને ઈશવ રે બખશેલું નહી હતું. આ અશતરીનુ નામ ગંગા કરીને હતું. તે અશતરી જો કે ભણેલી નહી હતી તોપણ જેમ તે શરવેથી શરશ રૂપાલી હતી તેમજ અકલ, અને હોશીઆરીમાં કશી ખામી ધરાવતી નહી હતી. ગંગાનો ભરથાર ગરીબ હતો, અને

તેને લીધે ગંગાને કુવા ઉપર પાંણી ભરવા, તથા નદી ઉપર કપડાં ધોવા વીગરે કાંમને માટે દરરોજ બાહેર ફરવું પડતું હતું, અને તે વેલાએ તેનુ રૂપ જોઈને ઘણાએક પુરશો ખુશ થાઈ જાતા હતા.. આવી અવશથામા કેટલાંએક વરશ નીકલી ગએઆ પછે, એક દીવ શે એવો શંજોગ બનીઓ કે ગંગા માંથે પાંણીનું બેહરૂં મેલી કુ વા ઉપરથી પોતાને ઘેર જાતી હતી, અને તે શેહરનો રાજા મોહ નશીંગજી ઘોડા ઉપર બેશીને શેહરમાં ફરતો ફરતો તેની તરફ જા ઈ પુગો, અને ગંગાનો ખુબશુરત ચેહરો જોઈને તેનુ દીલ તેની ઉ પર એટલું તો ઉછલીઉં કે ઘોડા ઉપર બેઠાં બેઠાં રાજા બેશુધ થા ઈ પડેઓ. આ વેલાએ તેની શાથે ચાલતા બેદમતગારોએ શાવચેતી રાખી તેને પકડેઓ નહી હતેતો, ખચીત તે ઘોડા ઉપરથી નીચે ટુટી પડેઓ હતે. એ પછે રાજા પોતાને ઘેર ગએઓ, અને પો તાના કેટલાંએક ભરોશેદાર માંણશોને છુપી રીતે જણાવીઉં કે મુ ઘટલાલ વાંણીઆની અશતરી ગંગાને કાંઈ પણ રીતથી શહમજાવીને તેની પાશે લાવવી; પણ તે કામમા તેનુ દીલ દુખે એ વો એકે ઉપાએ લેવો નહી. આ પરમાણે રાજાના માણશોએ ઘણા દીવશ શુધી એ કાંમની પાછલ કોશેશ કીધી; પણ ગંગા ચો ખી, અને પતીવરતા અશતરી હતી, અને પોતાના ભરથાર શીવા એ બીજા કોઈને ચાહતી નહી હતી; માટે રાજાના માંણશો પોતાની કોશેશમા નીશફલ થાએઆં હતાં. રાજાને તેના માણશો ઉશકેર તાં હતાં કે જો તે હોકમ આપેતો ગંગાને તેઓ જબરદશતીથી તે ની પાશે લેઈ જાએ; પણ રાજા પોતાની પરજાનો ડર રાખતો હતો; માટે તેવો અણટતો ઉપાએ લેવાને તે પોતાના માંણશોને હોકમ ન હી આપતો હતો. એક દીને એવો શંજોગ બનીઓ કે ગંગા પોતાના માલની અગાશી ઉપર ઉભી રહીને તડકાંથી પોતાના બા લ શુકવતી હતી, અને તેજ શમે રાજા પણ પોતાની અગાશી ઉ પર અકશમાત જાઈ ઉભો, અને તે વેલાએ ગંગાની ઉપર રાજ નજર પડી, જેથી તે વેલાએ બીજીવાર રાજા બેહોશ થાઈ ગએ રાજા પાછો જારે હોશમા આવીઓ તારે, તેનાં માંણશોએ જ ણાવીઉં કે—જે અશતરી ઉપર તારૂં દીલ દોડેછે તે

આ શુધાં બેચાર તે બેશુધ થાએઓછે, અને તેવુ દીલ દોડવા છ તાં જો તે અશતરીની મુલાકાત નહીજ લીધામાં આવેતો, અલબતે રાજાના શરીને નુકશાન થાએ; માટે રાજાને ઘટારતછે કે ખેદમતગા રોને હોકમ કરેકે તે અશતરીને બરજોરીથી ઊંચકીને મંગાવવી જોઈએ. એ ઉપરથી રાજાએ પોતાનાં માણશોને હોકમ આપે ઓ કે અગરજો ગંગા તેઓને રશતામાં ફરતી મલેતો, જરૂર તેને ઊંચકી લાવવી; પણ તેનાં ઘેર મધેથી તેને પકડી લાવવી નહી. આ ખબર એક પુરશની મારફતે ગંગાને થાઈ, અને તે ઉપરથી તેણે પોતાના ભરથારને જણાવીઉં કે—આપણે ગરીબનો ખરાં; પ ણ જારે શેહરના હાકમની દીઆનત બીગડી તારે શું કરીએ; બાહે ર ફરવાનુ અવે બંધ કરવું જોઈએ, અને તેટલાં માટે પાંણી ભર વા, તથા કપડાં ધોવા માટે તમોએ પઈશા ખરચવા જોઈએ કે કો ઈ બીજાં માણશ પાશે બાહેરનુ કામ કરાવેઆમાં આવે. આ વા ત મુઘટલાલે કબુલ રાખી, અને તે દીનેથી ગંગા પોતાના ઘેર મધે જ ભરાઈ રહી. જારે આવી રીતે ગંગાએ મોટો વખત કાડીઓ તારે, રાજાના માણશોએ તેને ઉશકેરેઓ કે ગંગા કાંઈ બાહેર ની કલતી નથી, અને તેટલા શારૂ તેને રાજાની પાશે લાવી રાજાની ઊંમેદ પુરી કરવાને તેઓથી બની આવતુ નથી; માટે જો તેનાં ઘેર મધેથી ઊંચકી લાવવાનો રાજા હોકમ આપેતો, તેને પુછનાર કોંણ છે ? આ વાત રાજાના ધીઆનમા ઉતરી, અને તે ઉપરથી માંણ શોને હોકમ આપેઓ કે એક અઠવાડીઆં શુધી રાહ જોવી, અને જો તેટલા વખતમા ગંગા બાહેરથીજ મલી આવેતો તેમ, નહીતર કે તેનાં ઘેર મધેથી તેને ઊંચકી લાવવી. આ ખબર વલી ગંગા ને પડી, અને તે વાત તેણે પોતાના ભરથારને જણાવી કે અવે એ શેહર ઉપર પુરો મેલો, અને એમ શહમજો કે જાણે આગ લાગા ી ઘરબાર બલી ગએઉં; માટે આપણે અવે શેહર છોડીને બાહે ીકલી નહી જાઈશું તો, જુલમથી મારાં પતીવરતાપણાનો અ શ થવાનો. ગંગાની આ વાત તેના ભરથારને પશંદ આવી, ઉપરથી તેણે પોતાના અગીઆર વરશની વએના એક છો માંમાંને ઘેર શોકીઓ, અને જણાવીઉં કે અમો બંધે

જણા જાતરાને તીરથે જાઈએછે, તાંથી પાછાં આવીએ તાંહ શુંધી છોકરાનો શંભાલ તમોએ કરવો. આટલુ કીધા પછે, મુગટલાલ પોતાની તેવી રોકડ મતા હતી તે શાથે લેઈને ગંગા શંગાથે શેહર છોડીને બાહેર નીકલી ગએઓ. આગલ ચાલતાં રાત પડી, અને મધીઅ રાતને શમે જમના નામની એક નદીને કાંઠે જાઈ પુગા. આ વેલાએ નદીની અંદર પાંણીનો પુર આવેઆને લીધે મુગટલાલને ન દી આગલ અટકીને મોટા વખત શુંધી ઉભું રેહવુ પડીઉં.

પેલી તરફથી રાજાને ખબર પડી કે ગંગા છુપાછુપ શેહર છોડીને નાહશી જાએછે. એ ખબર શાંહભલતાંજ રાજા ધાભરો પડી ગએએા, અને તુરતજ ઘોડો મંગાવીને વગર જીને ઘોડા ઉ પર શવાર થાઈને ગંગાની તરફ દોડવા લાગો, અને પોતાના ખી દમતગારોને પાછલ દોડી પોંહચવાનો હોકમ કીધો. એ પરમાંણે ખીદમતગારો શહીત ઘણાજ જોરથી દોડીને રાજા પેલી જમના ન દીને કીનારે જાઈ પુગો, જાંહ મુઘટલાલ, અને ગંગાને શાથે બે ઠેલાં જોએઆં. રાજાએ પોતાના માણશોને હોકમ કીધો કે મુઘટ લાલને પકડીને દુર લેઈ જાઈ પેહરા મધે રાખવો, અને તે પરમાં ણે તેને ખીદમતગારો તાંહથી દુર લેઈ ગએઆ, અને તે પછે રા જાએ ગંગાને જણાવીઉં કે એા બેરડ અશતરી, તારે માટે હું ખ ચીત દેવાનો બનેલો છેઉં, તેવું છતાં તું ને ઈજા દેઈ એકેદમ પકડી મંગાવવાને મેં વાજબી ધારીઉં નહી, તારે તુંએ શેહર છોડીને નાહશી જાવાનો ઈઅતન કીધો; માટે મને ઘટેચ કે અવે તારા ભ રથારને કતલ કરી નાખીને તેનેથી તુને એકેદમ છુટી પાડીને મારી શાથે લેઈ જાઉં. ગંગા ઘણી ડાહી, શહમજી, અને શીઆંણી હતી, અને તેટલા માટે તેણે વીચારીઉં કે આ ઠેકાંણે કોઈ શારી જુગતી કામે નહી લગાડશે, અને તુંડાઈ કરશેતેા, એમાથી ખચી તજ ખરાબી થાશે, અને તે ઉપરથી તેણે રાજાને ધીરજથી જણા વીઉં કે એા શેહરના માલેક,જે બનીઉં તે વીશે તારે દરગુજર કરવી જોઈએછે; કાંકે એક અપરાધ ઈશવર પણ માંફ કરેછે. અવેથી હું તારે શરણ થાઈ રહીશ,અને તારી શંગાથે આવવાને તઈઆર છે ઉં; પણ જો તું હોકમ આપે તેા આ છેહલીવાર મારા ભરથાર

ને મલું, અને તેને શહજાવી તેનુ દીલ ખુશી કરીને તારી શંગાથે આઉ; માટે ખીદમતગારોને હોકમ કરવો કે તેની શાથે વાત કરતી વેલાએ તેઓ દુર રેહ; કાંકે આટલી બધી મંજલ કાપી નીકલી આવીઆ છતાં જારે તુંએ અમોને પકડીઆંછે, તારે અવે વીચાર કરવો કે તારાં મુખરાની આગલથી અમો કાંહ. નાહશી જવાના છેઇએ.

રાજાએ ગંગાની આ માંગણી કબુલ રાખી, અને ખેદમતગારોને હોકમ કીધાથી તેઓ મુગટલાલની આગલથી દુર થાએઆ, અને ગંગાએ તેની પાશે જાઈને તેને જણાવીઉં કે— "એ પેઆરા ભરથાર, પતીવરતાપણાંનો શંભાલ કરવાનુ કામ અવે મારા હાથમા રહીઉં નથી; પણ ઈશવરના હાથમાછે, અને જો તે શાહેબ ચાહશેતો અલબતે અવે પછેબી છુટી જવાની કોઇ ટક મને આપશે. ઈશવર શગલી જગાએ હાજરછે, અને શગલા જાહેર અને છુપા બનાવો તેની નજરે પડેછે, અને તે શારાંજ કામનો શાથીછે; માટે જો તે શાહેબ અવે મારી આબરૂનો બચાવ કરી મને કૃતેહ આપશે તો, આજ રાતના આએ ઠેકાંણે હું આવીને તુંને મલીશ; પણ અગરજો નહીજ આવી પુગી તો, તારે નીશચીઅ કરવું કે ગંગાએ એ રાતના આ દુનીઆ છોડીછે, અને શાહવાર પડેથી આજ નદીની અંદર શનાન કરીને તુંએ અતરેથી જાંહાં ઈશવર લેઈ જાએ તાંહ વદીઆ થાવું. આ વેલાએ જો રાજા શંગાથે હું અનુમાન કરૂંતો, મને પકી ખાતરીછે કે રાજા તુંને મારી નાખીને પણ મને લેઇ જવાનો; માટે એક પતીવરતા નારને ઘટારત નથી કે પોતાનુ પતીવરતાપણું જાલવવા માટે કશોબી ઈલાજ બાકી ન હી રહેઆ છતાં, પોતાની નજર આગલલ પોતાના ભરથારનો પરાંણ બરબાદ કરવા દીએ; માટે હું એવુ ધારૂંચ કે જો ઈશવર આબરૂનો બચાવ નહીજ કરેતો, તારી હઇઆતી આગમચ, તું જીવતો છતાં, પરથમ હું મારો આતમા બરબાદ કરૂં, અને તેમ થાએ તારેજ મારાં પતીવરતાપણાંને શોહલા, અને માન મલે."

આ વાતને મુગટલાલે કબુલ રાંખી, અને ગંગાને તેનેથી છુટી પડી રાજા શંગાથે જાવાને રજા આપી, અને પોતે એક મોટાં

જાહડની નીચેજ બેશી રહેઐા. ગંગાને રાજા મોહનશંગજી પો તાને ઘેર લેઈ ગએેઐા, અને રાત પડેઆ બાદ,ખાણું ખાધા પછે તે ને શાથે લેઇને બેઠો, અને પોતાનો બુરો હવશ પુરો પાડવાની ત ઈઆરી કીધી. આ વેલાએે ગંગાએે તેને જણાવીઊં કે— "ઐા નેકબખત રાજા, આ શેહરની શગલી પરજા તારા હોકમ તલે રહે લીછે, અને તેઐા માંહેલી હું પણ એેક છેઊં, અને તારા હોકમની નાકરમાની કરવાને મેં જે ઊપાએે લીધો, અને નાહશી ગેઈ તેમા પણ હું નીશકલ થાઈ, અને અંતે તારા હાથમા આવી; તારે અવે તું વીચાર કરકે છેક દુર નીકલી ગએેઆ છતાંબી મારો બચાવ નહી થાએેઐા તારે, અવેતો તારા ઘેર મધે બેઠેલી છેઊં, અને તાં થી તે કેમ નાહશી જવાશે; માટે જરા શબુરી અખતીઆર કર,અ ને એેકદમ હીચકારાપણું અખતીઆર નોકર. મીઠાઈ, મેવો, અને ખુશબોદાર વશતુઐા મંગાવ કે જે ખાઈએે, અને શરાબ પી ઈને મહશત થાએેઆ પછે, આપણે એેક બીજાની ગોદ મધે લપેટા ઈએે." એે ઉપરથી રાજાએે ઊપલી શગલી વશતુ મંગાવી,જે ખાવા ને બંધે જણાં બેઠાં. આ વેલાની આગમચ ગંગાએે જડપથી એેક ઈ ઉકતી કાંમે લગાડી, અને એેક વાશણુમાંથી દારૂ ઢોલી નાંખીને તે મા પાંણી ભરીઉ, અને તે વાશણ પોતાની પાશે રાખી તે મધેથી પોતે પાંણી પીવા લાગી, અને રાજાને પોતાના પાંણીની બરોબર દારૂ પાએેઆ કીધો,અને રાજાની આગલ ગંમત અને રમુજ આપનારી, તથા લલચાવનારી વાતો કરેઆ કીધી. આવી રીતે જારે મધરાત થાઈ તારે, રાજા ઘણો દારૂ પીધાથી મહશત થાએેઐા;તે છતાં પણ ગંગાએે બશજીદ થાઈને દારૂ પાએેઆ કીધો. ઘણા દારૂથી રાજાની હાલતમા ફેરફાર થાએેઐા, અને રાજા પોતાના અખતીઆર મધેથી નીકલીને દારૂના અખતીઆરમા બેશુધ થાઈ પડેઐા. આ વેલાએે ગંગાએે વીચારીઊં કે આવી રીતના બદ દીઆનત રાજાને મારી ના ખવામા કધી પાપ લાગવાનુ નથી; કાંકે તેણે પોતાની પરજાને માં બેહન દાખલ ગણી નહી, અને લાજ લુટવાને તઈઆર થાએેઐા. આ વીચાર કરતાંજ તેની નજરે રાજાની તલવાર પડી, જે લેતાં જ, મેઆન મધેથી ખેંચીને રાજાનુ માંથું ગલાં આગલથી છુટું ક

રીઉં. એ પછે પોતે એક ખીદમતગારનો વેશ લીધો, અને મીં
થાં ઉપર મીઠાઈની ટોપલી લેઈને જેમ જાંણે રાજાનુ માણશ રા
જાના કામને માટે બાહેર જાતું હોએ તેમ, અતીઘણી ઊતાવલથી
ઓરડાનુ બારણું ઉગાડી બાહેર નીકલી, અને જડપથી પાછું
બારણું બંધ કરીને આશપાશ જોતી બાહેર નીકલી પડી. આ
જોગવાઈ ગંગાને એવી મલી કે રાજાના ચોકીદારો રાંગલા દારૂથી
મહુશત થાઈને પડેઆ હતા; કાંકે ગંગાએ રાજાને એવું જણાવી
ઊં હતું કે તારાં કામની ફતેહ થાઈ માટે શવલાં માણશોને મીઠાઈ
મેવો ખવાડીને જેમ તેઓને ગમે તેમ દારૂ પાવો, અને તે પરમાંણે
રાજાએ કીધું હતુ; માટે ગંગાને બાહેર પડવાને ઘણું શવલ થાએ
ઊ હતું.

રાજાના મેહલ મધેથી નીકલીઆ પછે ગંગા પોતાના ભરથા
રની પાશે ગોઈ, અને તેની નજદીક જાઈ શોહંધતાં એક જાહડની
નીચે શુતેલો જણાએઓ. ગંગાએ તેને ઊંઘેલો જાંણી શજાગરૂ
કરવા માટે તેને ઘણા પોકાર મારેઆ, અને એણીગમથી પેલીગમ
હીલવેઓ; પણ અંતે શહમજી કે તે મરણ પાંમીઓછે. આ બ
નાવથી ગંગા વીચારમાં પડી કે તેનો ભરથાર શાથી મરણ પા
મીઓ હશે. રાજાએ તેને મારી નખાવીઓ કે અશતરીની જુદા
ઈના ગમથી કાંઈ ખાઈને મરણ પાંમીઓ; પણ તેને હીલવતાં તે
જાંહુ શુતો હતો તે અશલ જગા ઉપરથી ખીશી ગએઓ હતો,
અને તે અશલ જગા તરફ ગંગાની નજર પડી તારે, તે ઠેકાંણે જ
મીનની અંદર એક છેડ જણાએઊં. આ ઉપરથી ગંગાને વી
ચાર ગએઓ કે કદાચ કોઈ જનવરે તેને ડશીઓ હશે, અને મુ
ગટલાલ અશલ તે જગા ઉપર જેમ શુતો હતો તે પરમાણે ધાર
વીઆથી પેલાં છેદની ઉપર તેના શરીરનો જે ભાગ આવીઓ હ
તો તે તપાશીઆથી માલમ પડીઊં કે તેને શાંપે દંખ મારીઓ હ
તો, અને તારે ગંગા શહમજી કે આ છેડની અંદર નાગ હશે, અ
ને મુગટલાલને તે ખબર નહી હોવાથી છેદની ઊપર ઊંધી ગએ
ઓ હશે, અનેં નાગને છેદ મધેથી બાહેર નીકલતી વેલાએ અડચ
ણ પડવાથી તેણે દંખ મારીઓ હશે, અને તેથી એનુ મરણ ની

પજીઊં હશે. ગંગાએ લાચાર થાઈને પોતાના ભરથારને નામની ફેાક મુંકી, અને જંગલ મધે રખડીને લાકડાંના છોરાં છપટાં, અને કાંટા કચરો વીગરે એકઠા કરીને મુગટલાલને જમના નદીને કીનારે અગનીદા કરેઆ, અને તે નદી મધે શનાન કરેઆ પછે પોતે તાં થી આગલ ચાલી.

અવે પેલા રાજા મોહનશીંગજી વીશે શું થાઈઊં તે જણાવ વાને બાકી રહેલુછે. તેનુ ખુન થવાની રાત ગુજરીને વાનુવાઈ ઊં, અને તારે લોકેાને ખબર થાઈ કે રાજાનુ ખુન થાઈઊંછે, અ ને ગંગા નામની જે અશતરીને રાજા પકડી લાવીઆ હતો તે મે હલ મધે નથી. રાજાને મરણ પાંમવાને દશ દીવશ થાએઆ બા દ શેહરના લોકેા નવો રાજા ઠેડવવાને લેગા થાએઆ. એ દેશ મા, તેમજ કેટલાંએક રજવાડાંમાં આગલ એવો ચાલ હતો કે જે શેહરનો રાજા મરે, અને તેનો વારશ કેાઈ નહી હેાએ તેા, શેહર ના લોકેા લેગા થાઈને હાથણીની શુહુન મધે "કલશ" આપે, અ ને તેને જણાવે કે રાજા પશંદ કરવો. એ પરમાણે કીધા પછે પેલી હાથણ શુંહુન મધે "કલશ" લેઈને એ ણીગેમથી પેલીગેમ ફરવા લાગી, અને જે જગા ઉપર પેલી ગંગા અશતરીનેા છેાકરેા, જે અગીઆર વરશનેા હતેા તે, પેાતાના માંમાં શાથે આ તમાશેા જાવાને જાઈ ઉભેા હતેા, અને તે ઠેકાંણે તે હાથણ ગેઈ, અને પેલા છેા કરા મનશુખરાએનાં માંથાં ઉપર "કલશ" મધેનુ પાંણી ઢેાલીઊ. આ ઉપરથી તે છેાકરાને પકડીને શેહરના મુખીઆ શેઠીઆએા પા શે લેઈ ગએઆ, જેએા તે છેાકરાનાં મેાડાંનેા ચેહરેા જેાઈને ખુશી થાએઆ કે હાથણે રાજાતેા ઘણેાજ મજેહનેા આપણાં શેહરને લા એક શેાહધી આપેએાછે. એ પછે શેહરના મુખીઆ શેઠીઆએાએ તે છેાકરાને રાજની ગાડી ઉપર બેશાડીએા, અને તેજ વેલાએ શેહ રમાં "ઢંઢેરેા" ફેરવીએા કે— "મનશુખરાએ નામના નાની વએ ના એક છેાકરાને આપણા શેહરનેા રાજા ઠેડવીએાછે, અને તે મા ટેા, અને પુગતી શહમજનેા થાએ તાંહશુધી તેની શંગાથે શેહર નેા નવલશાહ નામનેા વડેા પરધાન, જે ઘણેા જઈકૃછે તે રાજ કા રેાબારમાં શામેલ રેહશે." એ પછે કેટલાએક દીવશ શુધી શેહ

રનો વહીવટ ચલાવીએા. જે શેહરમાં આ છોકરા રાજા મનશુખરાએ ની માએ ગંગા પાછલથી જાઈ લાગી હતી તે,અને બીનાં કેટલાંએક શેહરો મધુરશ શેહરને તાએબે હતાં,અને તેટલા માંટે મધુરશ શેહરનો રાજા મોહનશીંગજી તે શેહરોની ખંડની લેતો હતો. આ વાત જારે નાનકરા રાજા મનશુખરાએને ખબર થાઈ તારે, તેણે ખંડની ઊંઘડાવવાને બાંહને તે શેહરો જોવા જાવાની પોતાની ઈછા પોતાના પરધાનને જણાવી કે જો આપણાં શેહરોની ખંડની ઊંઘડાવવાને હું પોતેજ જાણે તો કાંઈ અડચણછે ? પરધાને જવાબ દીધો કે એમ જો હોએ તો બહુ શારૂં કે તમો તે શેહરો પોતાની નજરે પ ણ જોવો. એ ઉપરથી મનશુખરાએ તે શેહરો તરફ ફરવા જા વાની તઈઆરી કીધી, અને કેટલાએક દીવશ પછે મુશાફરી કરવા ને નીકલીએા.

અવે પેલી તરફ ગંગા અશતરી પોતાના ભરથારને જમના નદીને કીનારે અગનીદા કરીને પછે આગલ ચાલી,અને કેટલાંએક ગામો મધે મુશાફરી કરતી નુરેબોદા નામના એક શેહર તરફ જાઈ પુગી. આ શે હર શુંધી જાઈ પુગતાં રશતા મધે ગંગાને કેટલાએક લુછા લોકો લેટેઆ હતા, અને તેઓએ ગંગાને પોતાને તાંહા લેઈ જાવાની મનબુત ઈઉકતીએા કીધી હતી; પણ ગંગા પોતાની ચતુરાઈ, અ ને ચંચલાઈને લીધે તેઓની ચુંગાલ મધેથી છટકીને આગલ ચાલી હતી. ગંગા જારે "નુરેબોદા" નામના શેહરને પાદરે જાઈ પુગી તા રે, તેને એક ચોર મલીએા, અને તેણે ગંગાને રશતા મધે રોકી. આ ચોરના ફાંદા મધેથી નીકલી આગલ ચાલવાને ગંગાએ તઈ આરી કીધી એટલે તે શેહરના રાજાની "મથુરી" નામની એક "ગુણ કા" ગાડી મધે બેશીને ગંગાની નજદીક જાઈ પુગી. "ગુણકા" એ જારે ગંગાના રૂપનો શુંદર દેખાવ જોએબો તારે, તેનું ચીત ઠેકા ણે નહીજ રેહઉ,અને તે ગંગા ઉપર મોહીત થાઈને વીચાર કરવા લાગી કે—બો ઈશવર,અશતરી નારને કેહવી રીતની ખુબશુરતી તું બખશેછે કે જેનો દેખાવ જોઈને માણશનુ ચીત પણ ઠેકાણે રેહતુ નથી. જારે "ગુણકા" આવી રીતની અંધીરાઈથી ગંગા ના ચેહરા તરફ જોવા લાગી તારે, ચોરે જોઈઉંકે અવે શમો ઠીક

આવીઓછે, અને તે ઉપરથી પેલી ગુણકા પાશે ગએએા, અને બેા લીઓકે આ અશતરી વેચવાનીછે, અને જો પાંચ હજાર રૂપીઆ આપેતેા, તમેાને વેચીઆમા આવશે• મથુરી ગુણકા આ વાત શાંભ લીને•ખુશી થાઇ, અને વીચારીઉ કે પાંચ હજાર રૂપીઆ જાશેતેા બરજેહાંનમ, પણ આ અશતરી હાથ લાગતેા, રાજાનેા પીઆર અવડાના કરતાંબી તેની ઉપર વધી જાશે• એ ઉપરથી પેલા ચેા રને પાંચ હજાર રૂપીઆમા દાગીના આપેઆ,અને તે લઇને તે તુરત તાંહથી વટી ગએએા• મથુરી ગુણકાએ ગંગાને જણાવીઉં કે બાઇ ચાલેા આપણી ગાડી મધે બેશેા• ગંગાએ જવાબ દીધેાકે બાઇ તમારી ગાડી મધે બેશવાની મને ગરજ નથી• ગુણકાએ જણાવી ઉંકે પેલેા પુરશ પાંચ હજાર રૂપીઆ મારી પાશેથી લેઇને તુંને વે ચી ગએાછે; માટે અવે તારેથી કેથે જવાઇ શકાશે નહી•. ગંગા એ પેાતાનેા બચાવ ઘણેાબી કીધેા; પણ ગુણકાની શંગાથે માણશેા ઘણા હેાવાથી જબરદશતીથી તેને ઉંચકીને ગાડી મધે બેશાડી, અ ને પેાતાને ઘેર લેઇ ગઇ• કેટલાએક દીવશ ગએઆ પછે શેહરનેા રાજા મથુરી ગુણકાને મલવા માટે તેને ઘેર ગએએા, અને તે વે લાએ તેની નજર પેલી ગંગાની ઉપર પડી, અને તેને જોવાથી તે ઘણેા ખુશી થાએએા, અને તે કેાણછે, એવું મથુરીને પુછવા લાગેા• મથુરીએ તેને લગતી શઘલી બીના જાહેર કીધી, અને બેાલી કે જા રે આવી ખુબશુરતી એની જોઇ તારે, મેાટી દેાલત ખરચીને તા રા જીવને ખાતરે વેચાતી લાવીછેઉં• એ ઉપથી રાજા ગંગાની પાશે ગએએા, અને ગંગાએ મેાટાં માનથી રાજાની ભેટ લીધી, અ ને ધીરજથી શવભાવીક રીતે તેની શંગાથે વાતચીત કરવા માંડી•. રાજાએ જારે તેને પેાતાની ઇછા જણાવી ત્તારે, ગંગા બેાલીકે એા જી ગરના હાર, હુ અવેથી તારીજ છેઉં; પણ જો તુ એકીનદાર હેા એતેા, મારેા એકવચન પાલવાને તારી મેાટામા મેાટી કરજછે• રા જાએ પુછીઆથી ગંગા બેાલીકે તેનેા ભરથાર મારતે એક માશ થા એએા મરણ પાંમીઓછે, અને તેટલા માટે તેને બાલતી વેલાએ બી જો ભરથાર કરવાને એક વરશની તેણે બેાલી કીધેલીછે; માટે જો તુ મહને ખરાંજ જીગરથી ચાહતેા હેાએતેા, મારાં ભરથારને મેાડે આ

ગ મેલતી વેલાએ જે વચન મે કહેએાછે તે વચન પાલવાને મને છુટ આપવી જોઇએ. એ ઉપરથી રાજાએ પણ વીચાર કીધેા કે અગી આર માશ વહી જાવાને કાંઇ જાહ્નજો વીલમ લાગવાનો નથી, અને તે ઉપરથી રાજાએ ગંગાને તેટલા વખત શુધી નહી બીગાડવાને છુ ટ આપી, અને પેાતાની મેાહબત, અને પેઆર બતાવીને તાંહેથી ચા લી ગએએા. એ પછે લાંબેા વખત વહી ગએએા, અને ગંગા ની બેા લી પરમાણે અગીઆર માશ પુરા થાવાને આવીઆ.

આ પરશંગે એવેા બનાવ બનીઓકે મધુરશ શેહરનેા રાજા મેાહનશીંગજી, જેને ગંગાની ઉપર બદ દીઆનત કીધાથી ગંગાએ તેને મારી નાખેએા હતેા, અને તેના રાજની ગાદી ઉપર ગંગાનેા છેાકરેા મનશુખરાએ બેઠેલેા હતેા, તે શેહરની નીચે બીજાં કેટલાં એક શેહરેા હતાં, અને "નુરેખેાદા" નામનુ શેહર, જાંહ ગંગા પેલી "ગુણકા"ના હાથમાં બંધ પડેલી હતી તે શેહર પણ મધુરશ શેહરને તાએબેજ હતું; માટે તે શઘલાં શેહરેાના રાજા પાશેથી ચેાડાઇ ઉંધ ડાવવાને માટે મધુરશ શેહરનેા નવેા નાંનકરેા રાજા મનશુખરાએ, જે ગંગાનેા દીકરેા થાએ તે પેાતેજ નીકલીએા હતેા; કાંકે પેાતાના શગલાં શેહરેા જેાવાની તેને ખાહેશ થાઇ હતી. ફરતાં ફરતાં મન શુખરાએ "શચીન" શેહર તરફ જાઇ પુગેા, અને એક દીને શાંહજ ની વેલાએ શેહર મધે ફરવાને નીકલીએા. ફરતાં ફરતાં પેલી મ થુરી "ગુણકા" ના ઘેર તરફ જાઇ પુગેા, અને તેની બારીએ ગંગા ને ઉભેલી જોઇ. ગંગા જે ઘણીજ ખુબશુરત હતી તેથી મનશુખ રાએ રાજા તેને જોતાંજ દેવાનેા થાએએા, અને પરપુછ કરતાં તે ઘેર "ગુણકા" નુ દડીઆથી બેધડક માલ ઉપર ચડીએા. મનશુખરા એને ઘેર મધે દાખલ થાતેા જોઇને ગંગા વીચારમા પડી કે શેહ રના રાજાને તેા શમજાવીને કાડીએા; પણ આતેા તેનેથી વડેાછે, અને વલી પરદેશનેા રેહવાશીછે, તારે અવે ઇશવર લજ્જા રાખ શે કે નહી. ગંગા આવેા વીચાર કરેછે, એટલામા મનશુખરાએ લગ ભગ તેની નજદીક ગએએા, અને તેની છાતી ઉપર હાથ નાખવા જાએચ, એટલે તેના બંધે થાન મધેથી દુધની શેર તેની ચેાલીની અંદરથી નીકલીને મનશુખરાએનાં મેાડાં ઉપર પડી.

મનશુખરાએ પોતાંના મામાને મોહડેથી આગલ એવી વાત શાં ભલેલી હતી કે અગરજો કોઈ છુટાં પડેલાં માએ દીકરાં ઈશવરની બખશીશથી કોઈ દીને લેગાં થાએતો, માંએના થાન માંહેથી અક શમાત દુધની શેર તે બાલકનાં મોહડાં ઊપર પડે, તેં વાતં મનશુખ રાએને તુરત ઈઆદ આવી ગેઈ, અને તેથી તે આચકો ખાઈને પા છો હટી ઊભો. આ બનાવથી જેમ મનશુખરાએ રાજા અચરત થા એઓ તેમ બીજી તરફથી મથુરી ગુણકા,અને તરીજી તરફથી ગંગા પણ વીચારમા પડી કે આ બનાવ શાથી બનીઓ હશે. એ પછે મનશુ ખરાએ વારવીઉં કે એ બાએનો ખોલાશો થાવો જોઈએ, અને તેને માટે એ અશતરીને તેના ઉતારાની જગા ઊપર મોકલાવી દેવી જોઈ એ. એ ઊપરથી તેણે પાલકી મંગાવીને ગંગાને તેની અંદર બે શાડીને પોતાના તંબુ મધે મોકલાવી, અને પોતે ફરીને તંબુ મધે ગ એઓ. તાંહ જાએઆ પછે, મનશુખરાએ ગંગાને પુછીઉં કે તે કોંણ, અને કાંહની રેહવાશીછે, અને તેનાં માં બાપ, તથા ભરથાર કોંણ હતાં. આવી રીતની પરપુછ કીધા ઉપરથી મનશુખરાએને મા લમ પડીઉં કે ગંગા તેની ખરી માંએછે, અને તે ઉપરથી તેને શા થે લેઈને પોતાને શેહર નીકલી ગએઓ. શેહરમાં દાખલ થાએઆ પછે મનશુખરાએ એક ભરોલા બરહાંમણને બોલાવીઓ, અને તેને પુછેઉં કે અગરજો ભુલથી એક દીકરાને હાથે પોતાની માએની આબ રૂ ઊપર હોમલો થાએઓ હોએતો, તે પાપ કેવી રીતથી કપાઈ શકે? બરહાંમણે જવાબ દીધો કે જેની અંદર બે માણશ લાંમબાં થાઈને શુઈ શકે એવું એક જરડું લાકડું મંગાવવું,અને તેના બરોબર વચેના ભાગમાં એક પરદો રાખીને, બંધે છેડેથી તે લાકડાંનો અંદરનો ભા ગ કોરાવી કાડવો, અને એક છેડે માંએ, અને બીજે છેડે દીકરાને શુ વાડીને તે લાકડાંના બંધે છેડા શમુદર કાંઠે શલગા વી મેલવા કે તે વી રીતે બલી ગએઆથી, બંધેનુ પાપ કપાઈ જાશે.

આ પરમાણે મનશુખરાએ લાકડું મંગાવીને કોરવાને હોકમ કી ધો, અને તેની અંદર બલી મરીને શવરગમા જવાનો ઠેડાવ કીધો કે રાજ કરવાના કરતાંને જો શવગરનો રશતો પકડીએ તો બહુ શા રૂં. લાકડું તઈઆર થાએઆથી તે બીના પોતાની માએને જણા

વી, અને શમુદ્દર કાંઠે જઈને એક છેડે પોતાની માએને શુવાડી, અને બીજે છેડે પોતે શુતો, અને પછે બંધે છેડા શલગાવી દેવાનો હોકમ કીધો. રાજાના હોકમ પરમાણે તે લાકડાંને બંધે છેડેથી શ લગાવીઊં; પણ તેનો એક છેડો, જેમા મનશુખરાએ શુતેલો હતો તે જમીન તરફ, અને બીજો, છેડો, જેમા ગંગા શુતી હતી તે શ મુદ્દર તરફ આવીએો હતો. મનશુખરાએનો છેડો તુરત શલગી ગ એએો;કાંકે તેની તરફ પવનનો જોર મોટો હતો; પણ ગંગાની ત રફનો છેડો શલગો, એટલામાં તે પાંણીથી ભીજવાવા લાગો; કાંકે શમુદ્દર મધે ભરતી થાતી હતી. ભરતીનો પુર આવે એટલામા મ નશુખરાએનો છેડો બલીને ભશમ થાઈ ગીએો, અને ગંગાને લગતો જે ભાગ પાંણીથી છંટાઈને બલીઆ વગર રહી ગએલો હતો તે શ મુદ્દરના પાંણીથી તરતો થાએએો, અને ઓટની વેલાએ તે એક બી જાં શેહર તરફ આવેલા જંગલના કીનારા ઉપર ધશડાઈ ગીએો. આ કીનારા ઉપર ભરવાડા લોકો પોતાનાં બકરાં ચારતા હતા, અને તે મધેના એક ભરવાડાની નજર તે લાકડાં ઊપર પડી, અને તેણે તે લાકડું ઊંચકી લીધું કે ફારીને બાલવાના કામમાં લાવે; પણ જે વો તે લાકડાંની ઉપર "ફોરાડો" મારેએો કે તેનાં બે ફાડચાં થા એઆં, અને તેની અંદરથી એક અશતરી નીકલી. આ દેખાવ જો વાથી ભરવાડો અચરત થાએએો; પણ ગંગા, જે તરણ, ચાર દી વશની ભુખી હતી તેને લીધે બેશુધ હાલતમા હતી, તેની માવજત કર વાના કામમાં તે ભરવાડો મશગુલ થાએએો. જારે ગંગા પાછી હોશીઆરીમા આવી તારે, વલી વીચારમાં પડી, અને મન મધે બો લીકે એા ઈશવર, જોકે દીકરાના મેલાપથી તે શાહમજી હતી કે અ વે તે શદાના શુખમા પડી; તોપણ અંતે વલી પાછી જેહવીની તે વીજ હાલતમા આવી પડી. પતીવરતા પણું જાલવવા માટે ના ના પરકારના ઊપાએ કીધા; પણ અંતે તે શગલા ફોકટ જાએ તેવું લાગેછે; કાંકે આતો જંગલનો રેહવાશી ભરવાડછે; માટે અગનેઆ ની, અને જાહેલ હોવો જોઈએ, અને એના હાથથી તેના પતીવરતા પણાનો શંભાલ થાએ તેવો ઉપાએ અવે રેહવાનો નથી.

એક તરફથી ગંગા આવો વીચાર કરતી હતી, અને બીજી ત

રકથી ભરવાડો આવો વીચાર કરતો હતો, કે તેને બાએડી નથી તો ખેર; પણ તેશાથે એકે બાલક પણ નથી, અને તેટલા શારૂ આ અશતરીને દીકરી દાખલ ઘેરમાં રાખું, અને તેની શારી રીતથી માવજત કરૂં; કાંકે તે કોઈ શારે ઘેરની નાર લાગેછે. ભરવાડાએ પોતાનો આ વીચાર ગંગાને જણાવીઆથી તે ઘણીજ મઘન થાઈ, અને ભરવાડને પગે લાગી, અને એક ખરા બાપ દાખલનું તેને શ ગલું માન આપવા લાગી. વખત આગલ ચાલીઓ, અને ગંગા ભ રવાડના ઘેર માંહેલું શગલું "વતું" કરવા લાગી, અને દુધ, દહી, માંખણ, અને છાશ વીગરે શગલું કરવા લાગી. આશપાશની અ શતરીઓ છાશ બનાવીને વાશણ ભરી પડોશનાં શેહર મધે વેચવા ને જાતી હતી, તેઓનું જોઈને ગંગા પણ તેઓની શંગાથે છાશ વેચવાને જાતી હતી; પણ તેના જીગરમાં નીતરોજ વાશતી રેહતી હતી કે તેનુ હોશાંન જોઈને રખેને વલી કોઈ લુછો તેને હલાકીમા નાંખે; કાંકે જેમ તેમ કરતાં મોટી મુશકેલે તે ઠેકાંણે પડેલીછે. એક દીવ શે એવો બનાવ બનીઓ કે શગલી ભરવારણો માંથાં ઉપર છાશ ણાં વાશણ મેલીને શેહર મધે હારબંધ ચાલતી હતી, અને તેહ વામા રાજનો હાથી મશતો કરતો પાછલથી દોડતો ચાલીઓ, જેથી શેહર મધે લોકોની દોડાદોડ થાઈ, અને તેવે પરશંગે પેલી ભર વારણો, જેઓ નાહશવા ગોઈ તેઓ દર એકનાં માથાં ઉપરનાં છા શનાં વાશણો ભાગી ગીઆં. પેલો હાથો તાંહથી નીકલી ગીઓ, અને શગલું શમાધાન થાઈઊં; પણ પેલી ભરવારણોનાં છાશનાં વા શણ ભાગાથી તેઓને થાએલાં નુકશાનને માટે તે બચારીઓ રડવાને ઊભી; પણ ગંગા બીચારી મુંગે મોહડે ગંભીરાઈથીજ ઉભી રહી. ગંગાની આવી રીત જોવા ઉપરથી તેની એક પડોશણ તેને પુછવા લાગી કે—રેબાઈ, આપણ શગલીઓને એક શરખું જ નુકશાંન થાએ ઊંછે, અને તેને માટે અમોને તો રડવું આવેછે; પણ તું જાંણે કશું થાએઊં નહી હોએ તેમ, મુંગે મોહડેજ ઊભી રહીછે તેનું કારણ શું હશે ?

આ અશતરીનો શવાલ શાંભલવા ઊપરથી ગંગાએ તેને ઉતર વાલીઓ કે:—

કવીતા.

નરપ માર ચલી અપના પીઉપે.
પીઉ શરપ દશેઓ દુઃખ મેહુ ધરૂં.
ચોર લે ચલો પરદેશ ગએઓ.
મુજ બેચ દઈ ગુનકા ઘરકુ.
શુત શંગ ભએઓ જલને કુચલી.
જલ પુર ભએઓ નીકશીત બહી.
માહારાજ કુમાર અહીરન હું.
અબ છાશકો શીશ મેં કાંએ કરૂં ?

અરથ.

નરપ નામનો રાજા, જેણે તે અશતરીને પકડી હતી તેને મા રી નાખીને પોતાના ભરથાર પાશે પાછી ગેઈ હની; પણ જોએછે તો, તેના ભરથારને શરપે દશીઆથી તે મરણ પામીઓ હતો. આ દલગીરી ભરેલો દેખાવ જોઈને તે અશતરી તાંથી આગલ ચાલી ગેઈ, જેને રશતામા ચોરે પકડી, અને બીજે દેશ લેઈ જાઈને એક ગુનકાને વેચી હતી. પોતાનાજ છોકરા શાથે કુશંગની વકી થાએઆ ઉપર થી બલી મરવાને બંધે માએ દીકરાએ ઠેડાય કીધો;પણ દીકરો બલી ગએઓ, અને રેલના પાંણી ચડીઆથી, માંએ બીજાં શેહર તરફ તાણુ ઈ ગેઈ, અને અહીરન નામના ભરવાડના તાએબામા જાઈ રહી. એ ટલાં વીપત ખમેઆં તેથી નહી બીધી તારે અવે છાશની દોની ભાગી તેનો અકશોશ શામાટે કરૂં ?

માંણેકચંદનુ તપીલું !

મથા નામે એક ગાંમડાં મધે માણેકચંદ નામનો એક કનશારો રેહતો હતો, અને તે વાશણો ઘડીને પોતાનુ પોશંન કરતો હતો. માં ણેકચંદ જોકે ગરીબ હતો; તોપણ તેણે પોતાની માએઆ પુંજી ને માટે પોતાના ઘેર મધે કેટલાંએક વાશણો લેગાં કીધાં હતાં, જે

મા મોટાં તપીલાંની શંખીઆ ઘણી હતી. એક દીવશે તેના ઘેર મધે ચોરી થાઈ, અને શગલાં વાશણો લેઈ ગએઆ. માણેકચંદે આ ચોરીની ખબર પોલીશને આપેઆથી એણીગોમ પેલીગોમ દોડ ધામ ઘણી કીધી; પણ તે ચોરીનો પતો હાથ લાગો નહી હતો. માણેકચંદનાં ગાંમ મધે થાણું નહી હતું; માટે ચોરી વીગરે ભાંજ ઘડના મુકદમાઓની તપાશ, માણેકચંદનાં ગામથી ચાર દીવશની લં બાઈના એક ગાંમ મધે થાતી હતી. આ ચોરીને લાંમઆ દીવશ નીકલી ગએઆ પછે, એક શખશે માણેકચંદને ખબર આપી કે તે ઓની ચોરીના વાશણ, મોટા નામનો એક કોલી, જે માણેકચંદના ગાંમથી બે દીવશની વેગગાઈ ઉપર રેહછે તેના ઘેરમાંછે. એ ઉ પરથી માણેકચંદ તે ગાંમ મધે ગએઆ, અને મોટા કોલીના ઘેરના જાહડા પોલીશે લીધા ઊપરથી માણેકચંદનાં ઘેર માંહેલું તેના નામ શાથેનુ એક તપીલું મલી આવીઊં. આ ઊપરથી તે ચોરીનો મુક દમો ઉભો થાએએો, અને માણેકચંદ મોટાને પકડાવીને થાંણાં મધે લેઈ ગએઆ. તે ચોરી મોટા કોલીની ઉપર શાબેત કરવા, અને તેને શજા કરાવવા શારૂ માણેકચંદ બે માશ શુધી થાંણા મધે ખ રાબ થાએઆ, અને બશોથી વધારે રૂપીઆનો ખરચ થાએએો; પ ણ મોટા કોલીનો વગ થાણેદાર ઉપર વધારે પુગવાથી થાણેદારે શે વટે મોટાને છોડી મેલીએો, અને માણેકચંદનું તપીલું મોટાએ વે ચાતું લીધેલું ઠેડવીને પાછું તેનેજ હવાલે કરીઊં. એ પરમાણે માણેકચંદ તે ચોરીનાં કજીઆથી નીશકૂલ થાઈને પાછા પોતાને ઘેર ફરેઆ.

ઉપલી બીનાને એક માંશ થાએએો એટલે વલી બીજા એક શ ખશે માણેકચંદને ખબર આપી કે કાકા, તમારૂં એક તપીલું રાંમ લા કોલીના ઘેર મધેછે, અને તેની ઉપર તમારૂં નામ પણ પાડે લું છે. માણેકચંદ બેચારા શરકારનાં અંધેર કારોબારને લીધે પ ઈશા, અને મેહનતથી ખરાબ થાએલા હતા; માટે તેઓએ જોઈઊં કે વલી નાહેક પાંચ પચાશ રૂપીઆ ખરચવા છતાં ખરાબ થાવું પ ડશે, અને તેનું પરીનામ કેવું આવશે તેનો ભરોશો રાખી શકાતો નથી. એ ઉપરથી માણેકચંદે પેલા શખશને જવાબ દીધો કે ભાઈ

તે તપીલું મારૂ નહી હોએ. પેલા શખશે જણાવીઉં કે કાકા, તમારૂં તપીલું હું શારીપડે ઓલખું છેઉ, અને વલી તે ઉપર "માણેકચંદ શાકરચંદ કનશારા માહજન" કરીને નામે પાડેલું છે. માણેકચંદે જવાબ દીધો કે નારે ભાઈ તે તપીલું મારૂં ન થી, અને તેની ઉપર જે નામછે તે મારાં નામને મલતું હોએ; કાં કે એવાં એક શરખાં નામના શખશો દુનીઆમા ઘણા હોએછે; માં ટે એજ નામના કોઈ બીજા શખશનું એ તપીલું હશે. એ પરમાં ણે માણેકચંદે શરકાર મધે ખરાબ થાવા, અને પઈશા ખરચવાની કોશડ ટાહડાં પાંણીથીજ કાડી હતી.

હરીભાઈની શેરડી; વાખવાખ!

શદાશીવઘડની પડોશ મધે આવેલાં "આનંદ" નામના એક ગાંમડાં મધે જેઠા નામનો એક કાછીઓ રેહેતો હતો, જે ભાજી ત રકારી, અને તે વીગરે વાવીને તેનો ધંધો કરતો હતો. જેઠો પો તાના ભાજીપાલાના કેઆરા મધે પોતે જાતે ઘણી મેહનત કરતો હ તો, અને તે મેહનતનો બદલો ઈશવર તેને આપતો હતો. જેઠો જારે મરણ પાંમીઓ તારે, હરીઆ નામના એક છોકરા ને કેટલીએક દોલત શાથે મેલી ગએઓ હતો. જેઠો મરણ પાંમીઓ તારે, હરીઆની વએ લગભગ વીશ વરશની હતી, અને તેટલા વખત શુધી તેણે પોતાનો વખત દોશત, અને આશનાવોની શાથે ફરીને મોજ મજાહમાં કાડીઓ હતો; કાકે હરીઆને જાતી અકલ નહી હતી, અને વલી તે શાથે શવભાવેનો ભુંડો હતો; માટે તે નાં મીતરો તેને મોટાઈ આપીને હરીભાઈનાં નામથી બોલાવી તે ને નીચવતા હતા. હરીઆનો બાપ મુવા પછે તેની બાએડીએ કેટલા એક દીવશ શુધી તેને શીખામણ દીધી હતી કે તારા બાપે જે જ મીન ગનોતે રાખેલીછે તેનો જો કાંઈ ઉપીઓગ નહી કરશે તો, આપણને બેવડું નુકશાંન ખમવું પડશે. એકતો એકે તે જમીન પ

ડત નાંખીઆથી આપણને કશી પેદાશ નહી થાશે, અને વલી બીજું એકે તે જમીન પડત નાંખવા છતાં તેનું દેનું આપવું પડશે. હરીઆની અશતરીની શીખામણે તેની ઉપર કાંઇએક અશર થાઈ ખરી, અને તે ઉપરથી તેણે પોતાની જમીન મધે શેરડી વાવી. કેટલોએક વખત નીકલી ગએઆ પછે તે શેરડી તઈઆર થાઈ, જેથી લોકોમાં ખુશી ઉપજી; કાંકે તે શેરડીને જમીન માંફક આવીઆથી શેરડી દલમાં શારી પોશાઈ હની, અને તેની અંદર મીઠાશ, અને શીરીન શારી ઉતપંન થાઈ હતી. આ વાત ગામમાં ફેલાએઆથી, હરીઆનાં મીતરો વલી તેની પાછલ વલગેઆ, અને નીતરો જ તેની આશપાશ ભમતાં હતા. હરીઆએ ખેતર મધેથી શેરડીનો પેહલો ભાગ ઉખેડી કાડીઓ, અને વેચવા માટે ઢગલો કીધો. આ વેલાએ હરીઆનાં મીતરોએ તેને જણાવીઉં કે હરીભાઇ, શેરડીની તારીફ લોકો ઘણી કરેછે ખરા; પણ જેવી તારીફ થાએચ તેવી તારીફને લાએક તેછે કે નહી તે આપણને કેમ માલમ પડે; માટે આપણે એને ચાખવી જોઇએ. એ ઉપરથી હરીઆએ પોતાના મીતરોને હોકમ આપેઓ કે ભાઇઓ, એક એક શેરડી ઘેર લેઇ જાઇ બચાં છોકરાં શાથે ખાઇને મને કાલે જવાબ દેજો. એ ઉપરથી તેનાં મીતરોએ તે શેરડી લેવા માંડી, અને બોલવા લાગા કે " હરીભાઇની શેરડી; વાખવાખ " એ શબ્દનો બોલતા શાંભલીને બેચ કુફ હરીઓ મધન થાએઓ, જે ઉપરથી તેનાં બીજા મીતરો વધીઆ, અને તેની વધારે તારીફ કરવા લાગા, તેઓએ પેલો શેરડીનો આખો ઢગલો પુરો કીધો, અને પોતાને ઘેર ગએઆ. એ પછે હરીભાઇ પણ તાંહથી મુંગો મોડે પોતાને ઘેર ગીઓ. હરીભાઇની બાએડીએ પુછીઉ કે શેરડીની કીમત શું આવી; તો કેજ તેતો તેનાં મીતરો વેંહચી લેઇ ગીઆ ! આ ઉપરથી હરીભાઇની બાએડી ગોશામાં આવી કે રે રહેઆ; " હરીભાઇની શેરડી વાખવાખ " કરીને શગલી શેરડીની ભાકાણવાલી તો પણ પીતીઆ તું કાંઇએ બોલીઓજ નહી ને મુંગો મોડે જાએઆજ કીધું ?

લાલ શોદાગર, અને કાલો ચોર.

ઉજ્જન શેહરમાં ઈછા નામે એક બરહાંમણી રેહતી હતી. આ બરહાંમણી દેખાવમાં ઘણી ખુબશુરત, અને ચંચલ મનની હ તી, જેનાં રૂપ ઉપર ઘણા લોકો મોહીત થાતા હતા. એ શેહર મ ધે એક શોદાગર રેહતો હતો, જે દોલત અને અકલમાં ભરપુર હ તો, અને તેટલા માટે શેહરનાં લોકોએ તેનું નાંમ " લાલ શોદા ગર " કરીને રાખીઉ હતું. એજ પરમાંણે એ શેહરની અંદર એ ક ચોર રેહતો હતો, જે ઘણો ચબરાક, અને ચોરીનાં કાંમમાં પં કાએલો હતો. તેનું નાંમ "કલીઆણ" કરીને હતું; પણ શરૂ પમાં તે કાલો હોવાથી, શેહરનાં લોકો તેને " કાલા ચોર" નાં નાં મથી ઓલખતા હતા. કાલો ચોર શગલા પરાકરમમાં મશહુર હો વાથી, ઈછા બરહાંમણી શંગાથે તેને પરીત પડી હતી, અને તે વા શંબંધમાં તેઓએ ઘણા દીવશ કાડીઆ હતા. લાલ શોદાગ રે જારે ઈછા બરહાંમણીને જોઈ તારે, તે પણ તેની ઉપર મોહીત થાએઓ, અને પઈશાની લાલચથી ઈછાને તેણેબી હાથમાં લીધી, અને કાલા ચોરનો વખત ચુકાવીને ઈછાની ભેટ લેવાને તે જાતો હ તો; કાંકે તે કાલા ચોરથી બીહતો હતો. એક દીવશે એવો શંજો ગ બનીઓ કે લાલ શોદાગર ઈછાના ઘેરમાં ગએઆ પછે, કાલો ચોર તાંહ જાઈ પુગો, અને તેણે લાલ શોદાગરને ઈછાની પાશે બેહેલો જોવાથી તેની નજરમાં જેહર આવીઉં, અને તે ઉપરથી લાલ શોદાગર શંગાથે ગાલગલોચ કરવા લાગો, અને પુછીઉ કે મા રી રાખેલી રાંડનાં ઘેરમાં તારે આવવાનું કાંમ શું ? આ બંધે પુ રશોના જઘડામાં વધારો થાએઓ, અને હાથ દરાજી થાવા લાગી, અને શેવટે તેઓએ તલવાર હાથમાં લીધી. આ વેલાએ પેલી ઈછા બરહાંમણી તેઓની વચે પડી, અને તેઓને કેવા લાગી કે પીટી આઓ, એક બીજાને તલવારથી વાડી લાખશો નહી. જો એમ ક રશો તો ફેકટમાં કાજગરો જીવડો ખોહશો; અને તેથી હું કાંઇ

રાંડીને ઘેરમાં બેશવાની નથી; પણ વલી કોઈ બીજા છેલ છબીલા ને શોહ્યબી કાડીશ. અગરજો તમો ધીરજ પકડો, અને મારામારી કરી નહી મરો તો, મને વાવડવાનો એલાજ હું તમોને બતાઉં, અ ને જે શખશ તે ઈલાજ કરે તેની શાથે રેહવાને હું તઈઆર છેઉં. ઈછાની વાત બંધે જણે કબુલ રાખી, અને પુછવા લાગા કે જે ઈ લાજ તે બતાવે તે કરવાને તેઓ તઈઆરછે. આ ઉપરથી ઈછાએ તેઓને જણાવીઉ કે તમો બંધે મધેથી જે શખશ પોતાની ચંચલા ઈમાં શરશ ઠડે તેને હું પશંદ કરીશ, અને તેને તાએમે થાઈ રે હવાને ખુશી છેઉ. આ વાત બંધે જણાએાએ કબુલ રાખી, અને લાલ શોદાગરે જણાવીઉ કે આવતી કાલે શહવારે તે પોતાની ચં ચલાઈ બતાવવાને તઈઆરછે. આ ઠેકાત તરણુડે જણે પશંદ કી ધો, અને તે ઉપરથી બીજે દીને ઈછાનાં ઘેર મધે લેગાં થાએઆં. લાલ શોદાગરે પોતાનો શગલો પોશાગ પેહરેલો હતો, અને પોતા ના શાહેઆની પોહલી બાંહેની અંદર શઉથી શરશ દેખા વનાં ખો ટાં મોટીની કેટલીએક લથ ઉતારી રાખી હતી. તે ઈછાનાં ઘેરમાં ગએએા, અને તાંથી કાલા ચોર, અને ઈછાને શાથે લેઈને બજાર મ ધે ગએએા, અને મોતી વાલાઓની દુકાંન ઉપર જાઈ ઉનચી કીશ મનાં મોતી જોવા માંગેઆં. લાલ શોદાગર શેહરનાં શગલા ભા ગમાં પરશીધ થાએલો હતો; માટે મોતીવાલાએા તેની ઉપર વીશ વાશ મેલીને મોતીની શુરોનાં ન્નુમખા તેનાં હાથમાં જોવા શારૂં આપતા હતા, અને પોતે પોતાનાં કાંમમાં વલગતા હતા. લાલ શો દાગર મોતી પશંદ કરવાને બાંહને તે શુરખા મધેની લથ હાથમાં પકડતો હતો, અને પોતાની બાંહે મધેની ખોટી લથો શાથે બદલી નાખતો હતો. એ પરમાણે ઘણા મોતીવાલાએાને તાંહ ફરીને પો તાની બાંહે મધેની શગલી ખોટી લથો બદલીને ખરાં મોતીની લ થો તેણે લીધી હતી, અને તે પછે તે બજાર મધેથી પાછો ફરેઓ હતો. ઈછાનાં ઘેરમાં જાઈને તેણે પેલાં ખરાં મોતીની લથો પોતા ની બાંહે મધેથી બાહેર કાડી, અને ઈછાને તથા કાલા ચોરને પુ છીઉ કે કેમ અવે મારી ચંચલાઈ કેવીછે? ઈછાએ જણાવીઊં કે— ભાઈ તારી હાથ ચાલાકી ભરેલો ચંચલાઈ જોવાથી હું તો મહન

થાઈ છેઉ; પણ કાલો ચોર અવે શું કેછે તે માતરે જાણવાને બાકી રહેલું છે. એ ઉપરથી કાલો ચોર બોલીઓ કે ભાઈ, એ કાંઈ ચં ચલાઈ કેવાએ નહી; પણ એક વીશવાશનો ઘાત કીધેલો કેવાએ; કાંકે મોતીનાં વેપારીઓએ તારી ઉપર વીશવાશ મેલીને તું ને મો તીનાં શુરીઆ આપેઆ માટેજ તેં ખોટી લથો બદલીને ખરો લીધીછે, અને તેટલા માટે એ કાંઈ હુથ ચલાકી અને ચંચલાઈ ગણાએ નહી. પણ અવે આવતી કાલે જે ચમતકાર હું કરીશ તેની તપાશ કરવી જોઈએ. એટલું બોલી તે શગલીઓ તાંહથી છુટાં પડેઆં હતાં. બીજે દીને લાલ શોદાગર ઈછાનાં ઘેર મધે ગએઓ, અને કાલા ચોરને બોલાવવાને માણશ મોકલીઉં. કાલા ચોરે તેઓને જણાવીઉ કે તેનું કાંમ દીશનું નહી; પણ રાતનું છે, અને તેટલા શારૂં તે શાંહજ પડેઆથી આવશે. એ પરમાંણે શાંહ જ પડી, અને બતી થાએઆ પછે, કાલો ચોર ઈછાનાં ઘેર મધે ગ એએઓ, અને તાંહ ખાણું ખાધા પછે કેટલાએક વખત શુધી વાતચી ત કીધી, અને છેક દશ વાગા પછે ઘેર મધેથી હથીઆર ભીડીને બાહેર નીકલીઓ. તરણુડે જણાઓ રશતેથી ચાલતાં હતાં એટલા માં તેઓએ બાજુ ઉપર એક ઘધેડાને ઉભેલો જોએએઓ. કાલા ચોરે તે ઘધેડાને દોકી આગલથી પકડીને જહુટક મારી જમીનદોશ કીધો, અને પોતાની તલવારે કરી તેને વાહડી નાંખેઓ, અને તેનાં ચારે પગ કાપી કાડીને એક દોરડીથી બાંધી ઈછાનાં માંથાં ઉપર આપેઆ. આ દેખાવ જોવાથી ઈછા, અને લાલ શોદાગર એક બી જામાં હશવા લાગા કે આ ઘધેડાને મારવામાં કાલો ચોર કાંઈ ચં ચલાઈ શહમજેચ કે શું ? તે પેલાઓને લેઈને શેહરનાં રાજાના મે હલ આગલ ગએએઓ, અને દરબાનને જણાવીઉ કે રાજાને માટે તે માછલી લાવીઓછે. આ રાજાનો એવો હોકમ હતો કે કોઈ પણ માં છી માછલી લઈ આવે તો, મેહલમાં આવતાં તેનો અટકાવ કરવો નહી, અને તે ઉપરથી દરબાને તેઓને મેહલ મધે દાખલ થાવા દીધાં. મોહલની અંદર ઘણા વખત શુધી એણીજમથી પેલીજમ ફરેઆ પ છે, કાલો ચોર રાજાનાં શુવાનાં ઓરડા તરફ ગએએઓ, અને જોએ છે તો રાજા શુતેલો, અને એક ચમપીગાર પુરશ તેની નજદીકમા

બેશીને તેનાં પગ ચાંપતો હતો, અને ગપા શપાની વાતો કરતો હતો. રજપુત બચાઓને અફીણ ખાવાની ટેવ હોએછે, તે પરમાણે એ રાજા અફીણી હતો, અને તેની કેફથી કોઈવાર ચકચુર, અને કોઈવાર શાહવધ થાતો હતો. જારે રાજા હોશમા આવે તારે ચમપીગારને પુછતો હતો કે—"ચાલો, એ પછે બીજું શું ?" રાજાનાં એ શબ્દ શાંભલીને પેલો ચમપીગાર વલી વાત આગલ ચલાવતો હતો, અને રાજાને અફીણનો તાર આવે કે વલી પાછો મુંગો રેહતો હતો. રાજાને કેફનો તાર આવવાની જોગવાઈ લેઈને કાલો ચોર એકેદમ પેલા ચમપીગારની નજદીક ગએઓ, અને જડ કથી તેની દોકી પકડીને તેણું માંથું કાપી નાખીઉં હતું, અને તુરત તેને રાજાનાં પલંગની નીચે ગબરાવી દેઈને પોતે પલંગ ઉપર ચડી બેઠો, અને ઈછા તથા લાલ શોદાગરને પલંગની શાંમણે બેશવાને ઈશારત કીધી, જેથી તેઓ બીહી ધુજીને તે ઠેકાંણે બેઠાં હતાં. એ પછે રાજા પાછો હોશમાં આવીઓ, અને પોતાના રામેતાં પરમાંણે ચમપીગારને પુછવા શારૂં બોલીઓ કે— "ચાલો, એ પછે બીજું શું ?" એ વેલાએ કાલા ચોરે રાજાને જણાવીઉ કે આપણાં શેહરમાં તરણ લુછાંની એક ટોલકી ઉભી થાએલીછે, જેમાં એક ઈછા બરહાંમણી, એક લાલ શોદાગર, અને તરીજો કાલો ચોર કરીનેછે. એ પછે એ તરણડે જણાઓ શંબંધી પરથમથી તે શેવટ શુધીનો બધો હેવાલ રાજા આગલ કહેઓ, અને લાલ શોદાગર, તથા કાલા ચોર વચે ઈછા શંબંધી જે વહડવાડ થાઈ તે, અને તે પછે બંધે આશકોએ ઈછાનાં માગવા ઉપરથી એક બીજાની ચંચલાઈ બતવવાને કબુલ કીધું, અને લાલ શોદાગરે પોતાની ચંચલાઈ બતાવવાને મોતી ચોરેઆં, અને કાલા ચોરે પોતાની ચંચલાઈ બતાવવા શારૂં તઈઆરી કીધી, અને ઈછાને ઘેરથી છેક રાજાનાં મેહલમાં જાઈ દાખલ થાએઆં, અને ચંપીગારને મારી નાંખીઓ, અને રાજાનાં પલંગના ચાર પાએઆ, જે જહવેરથી મઢેલા હતા, તે એક એક કાડીને તેને બદલે ઘધેડાંનાં પગ બાંધી લીધા તે શરવે વાત રાજાની આગલ થોડે થોડે વખતે, જેમ રાજા જાગીને પુછતો ગએઓ તેમ કીધી; પણ રાજા લોકો ગાંડુ હોએ

છે, અને વલી અફીણની કેફથી ચકચુર તેથીજ તે શગલી વાત શંભજીને તેણે એવો ભરોશો આણેઓ કે કદાચ ચમપીગાર તેનું દીલ ફીજવવા માટે એવી ગપ હાંકેછે.

જે વેલાએ કાલો ચોર ઊપલી શગલી વાત કરતો હતો, અ ને બોલીઓ હતો કે—ઈછા, લાલ શોદાગર, અને કાલો ચોર અ વડાં તારા મેહલમાં આવીઆંચ, અને તારા પલંગની શાંમણે બેઠાં છે, તે વેલાએ લાલ શોદાગર, અને ઈછા ઠરઠર કાંપવા લાગાં કે રખેને રાજા હોશીઆરીમાં આવી તેઓને જોઈને મારી નખાવે; પ ણ તેઓને કાલો ચોર ઈશારત કરીને નહી બીહીવાને જણાવતો હ તો, અને જો ગરબડ કરે તો, શીપાહીને શવાધીન કરવાની ધાશતી આપતો હતો. એ પછે લાલ શોદાગર, અને ઈછાની પાશે રાજના પલંગનાં ચારે પાએઆ એક એક પછે કડાવીને તેને બદલે ઘોડાંનાં પગ બંધાવીને તઈઆર કીધા; એટલામાં રાજા પુર ઉંઘમાં પડેઓ કે તેઓ પેલા પલંગના ચારે પાએઆ ઈછાને માંથે ચડાવીને માછી ના નામથી મેહલની બાહેર નીકલી ગએઆં. રશતામા ચાલતાં ચા લતાં કાલા ચોરે ઈછાને પુછીઉં કે કેમ અલી, અવે તારો વીચાર શું છે ? ચંચલાઈમા શરશ તારી નજરમા કોંણ આવેછે ? ઈછાએ જવાબ દીધો કે તારી ચંચાલાઈનો કશો પાર નથી, અને તે ચંચલાઈ જોકે ચોરી કરવાનીછે, તો પણ તારીફ, અને વખાણવા લાએકજ છે. એ પછે જરા વખતે પાદશાહ પલંગ ઉપર ફોર દેવા ગએઓ જેથી પલંગને બાંધેલા ધોડાંના પાએઆ મધેના એક એક પગની દોરી ટુટી ગએઆથી રાજનો પલંગ વાંકો થાએઓ, અને રાજા ની ચે પડીને જખમી થાએઓ. હોશીઆરીમા આવીઆથી તેને માલમ પડીઉં કે તેના પલંગના ચારે પાએઆને ઠેકાંણે ઘોડાંના પગ બાંધે લાછે, અને તે વેલાએ શહમજીઓ કે તે ઊંઘતો હતો, તે વેલાએ તે ના કાંન ઉપર જે વાત નાખીઆમાં આવી હતી તે કાંહણી દાખલ તેનુ મન ફીજવવાને કીધી નહી હતી; પણ ખરેખરીજ બનેલી કે વામા આવતી હતી; કાંકે ચમપીગારની લાશ પણ પલંગની નીચેથી મલી. એ ઉપરથી રાજા કાલા ચોરની ચંચલાઈને માટે અચરત થાએઓ, અને શેહર મધે ઢંઢેરો ફેરવી શરવેને જાહેર કીધું કે ફલાણે દીને રાજાના પલંગના પાએઆની ચોરી જેણે કીધી

હોએ તે ચોરની ચંચલાઈને માટે રાજા ઘણોજ અચરત થાએલો છે, અને તેટલા શારૂં જો તે ચોર રાજાને આવી મલેતો, રાજા તેને માંન શાથે કચેરીમાં બેશાડીને એક અછો શરોપાવ આપશે.

એ ઉપરથી કાલા ચોરે લાલ શોદાગર, અને ઈછાને બોલાંવીઆં, અને પેલા ઢોલીઆના પાએઆ ઈછાને માથે ચડાવી પાદશાહની કચેરી તરફ લેઈ જાવાને તઈઆર થાએએા. કાલા ચોરનો આ વીચાર શાંભલી ઈછા, અને લાલ શોદાગર બોલીઆં કે ભાઈ, જે જગાએથી જીવ બચાવીને મુશકેલે બાહેર પડેઆં તેજ જગાએ વલી ફરીને હાથે કરીનેજ તું જીવ જોહવાંને શામાટે લેઈ જાએછે ? એના જવાબમાં કાલા ચોરે તેઓને જણાવીઊં કે તમારા જીવને કશી પણ રીતે અલવાર આવનાર નથી, તે વીશે તમોએ નીરભએથી રેહવું જોઈએ. એ ઉપરથી તેઓ શાથે રાજાની કચેરી મધે ગએઆં,અને ઈછાના માંથાં ઉપર કપડાં મધે લપેટેલા પલંગના પાએઆ હતા તે નીચે ઉતારીને પાદશાહની નજદીક મેલીને કાલો ચોર બોલીઓ કે પાદશાહ શલાંમત, તમારી જે મતાની ચોરી થાઈ હતી તે ચોરીનો કરનાર હું છેઊં, અને તમારી મતા તમારી આગલ મે લીછે, તે લેઈને તમારા ઢંઢેરામા આવેલી કબુલાત પરમાણે, અમોને જીવતદાંન બખશવું જોઈએ.

કાલા ચોરના આ શખુન શાંભલવાથી પાદશાહ ખુશી થાએઓ, અને પોતાના પલંગના પાએઆ છોડાવી જોઈને કાલા ચોરને પુછીઊં કે ઓ ભલા માણશ,જારે તું આવી ચંચલાઈ ધરાવેછે તારે, ચોરીના નીચ ધંધાથી તે ચંચલાઈનો ઉપીઓગ શામાટે કરેછે ?

કાલા ચોરે જવાબ દીધો કે શાહેબ, મારી પાશે જો જર હોએ તો હું કોઈ શારો, અને આબરૂ વાલો ધંધો કરૂં; પણ જર નહી હોવાને લીધે, લાચારે ચોરી કરીને મારૂં પોશન કરૂં છેઊં.

પાદશાહુએ પુછીઊં કે પણ અગરજો તારી પાશે જર હોએતો, ચોરી કરવાને તું ખુશીછેકે નહી ?

કાલા ચોરે જણાવીઊં કે શાહેબ, જો ઈશવર કુરપાથી જર મલી આવે તો, અલબતે આબરૂ ભરેલી રીતે શારો, અને વખાણવા જોગ ધંધો ચલાવી શકું.

એ ઊપરથી પાદશાહએ ખજાણચીને હોકમ કરેઓ, અને જ ણાવીઉં કે કાલા ચોરને એક લાખ રૂપીઆ વગર વીઆજે આપવા કે તેની જે તેરીખ બચે તેની અંદરથી, તથા તે રૂપીઆના ઉદી ઓગથી જે મલે તેની અંદર તે પોતાનુ ગુજરાંન આબરૂથી કરે,અને મુદલ રૂપીઆ શેવટે, અથવા જારે એના હાથમા આવે તારે આપે. પાદશાહના એ હોકમ ઉપરથી ખજાણચીએ કાલા ચોરને એક લા ખ રૂપીઆ આપેઆ, જે લેઈને તેણે શરાફી ધંધાને માટે એક પે હેડી ઊંઘાડી, અને ગરીબ લોકોને હલકે, તથા તવંગર લોકોને ચડતે વીઆજે નાણું ફેરવવા લાગો, જેથી તેનુ નામ શેહરના, ત થા તેની આશપાશના ભાગોમા આશકારા થાઈઉં; કાંકે શેહર મ ધે કોઈ બે શખશોમા માગણાં લેહણાં બાબે ટંટો ઉહીઓ હોએ, અને માગનાર પોતાના દેનદાર ઊપર ઘણો તકાદો કરતો હોએ તો, દેનદાર જવાબ દેતોકે ભાઈ એટલી બધી ભાંજગડ શામાટે કરેછે; તારા રૂપીઆ કાલા ચોરને તાંહથી લાવીને આપશ. એ પ રમાણે કાલા ચોરે પાછલથી પોતાની આબરૂમા વધારો કીધો, અ ને નામીચી આંટ ચલાવવા ઊપરથી પાદશાહએ તેને વધારે જોઈ તું નાણું આપવાનો હોકમ કરેઓ.

જે વખતથી કાલા ચોરને આ નાણું મલીઉં, અને આબ રૂથી પોતાના ધંધાની પેહડી ઊંઘાડી, તે વખતથી તેણે ઈછાને તં જી મેલી; કાંકે વેપાર, શાથે છીનાલાંનો શંબંધ હોવાથી આબરૂ નો નાશ થાએ, એવી તેનામા શહમજન શકતી હતી. તેણે ઈછા ને જણાવીઉં હતું કે તારી શંગાથે હુંએ ઘણી શારી ચાલ ચ લાવી હતી, અને મારી શગલી કમાઈ તુંને ખવાડી હતી; કાંકે તે વેલાએ તારી મોહબતને લીધે મારી આંખે અંધારાંનો પરદો ફરી વલીઓ હતો; પણ તેવું છતાંબી તુંએ મારા વીશવાશનો ઘા ત કીધો, અને મારી હરશે લાલ શોદાગરને બોલાવી તેની છુપી માશુક થાઈ,અને જારે તે વાત ખુલલી થાઈ,અને અવે બંધે વચે વડ વાડ થાઈ તારે, તેં ખુલલી રીતે અમોને જણાવીઉંકે અગરજો તમો બંધે મારામારી કરી મરણ પામશોતો તેથી કાંઈ હુ રાંડી શ નહી; વલી તમારા બીજા ભાઈઓ તઈઆરછે; માટે આવે તુંએ તારા ધંધાને માટે ગામ મધેથી ઊઠારી લેવું.

ભવઈઆ અનેરા વાણીઆઓ.

છ વાણીઆઓ ધંધો કરવાને કારણે પોત પોતાને ભાગના નાં ણાં જમાવ કરી ગાડાં મધે બેશીને એક શેહર તરફ જવા માટે ની કલીઆ હતા. રશતા મધે ગએઆ પછે, એક ગાંમને થોડેએક છેટે તેઓને ચોરો મલીઆ, જેઓને લંબાંણથી આવતા જોઈને છહે જણાઓ ગાડાં મધેથી નીચે ઉતરી પડીઆ, અને તેઓએ એકબી જા શાથે ગોહવણ કીધી કે ભાઈઓ,આપણી જીનદગીની પુંજી પેલા ચોરો અવે લુટી લેશે, અને તેટલા માંટે અવે કાંઈ ઉપાએ કરવો જોઈએ. એ પરમાણે ગાડાં મધેથી નીચે ઉતરેઆ પ છે, તેઓ હાથમા પીછોડી લેઈને નાચવા લાગા, અને એ ક બીજાને કેવા લાગાકે ચોરો નજદીક આવે તેની આગમચ જેને જે શુજ તે ઉપાએ શીધી ફાડો. ચોરો તેઓની નજદીક ગ એઆ, અને તે વેલાએ તેઓ મધેનો એક જણ પોતાના શોહબતી ઓને ચેતાવી તાંહથી નીકલી ગએઓ. ચોરો તેઓની નજદીક જાઈ પુગા, અને તેઓને નાચતા, અને કુંદતા જોઈને પુછવા લાગા કે ભાઈઓ તમો આ શું કરોછેઓ.

વાંણીઆઓએ જવાબ દીધો કે ભાઈઓ, અમો વાખાના મા રેલા છેઈએ. શેહર મધે ચાકરી નહી મલીઆથી, પરદેશ ચાકરી ગોતવાને માટે જાઈએછે; પણ પાશે નાણું નહી હોવાથી ખાધાના બી હાલ પડેછે, તેથી જીવને રીજવવા,અને મનને મધન કરવા શારૂ અમો ભવઈ કરીએછે.

ચોરોએ પુછીઉં કે તારે તમારા મધેનો એક શખશ નાહશી ગ એઓ તેનુ કારણ શું ?

વાણીઆઓએ જણાવીઉં કે ના ભાઈ,તે કાંઈ નાશી ગએઓ નથી; અમો આ શીઆંગ પુરો કરશું એટલામાં તે વલી ઘોડાનો શીઆંગ લેઈને પાછો અતરે આવશે.

ચોરોએ વીચાર કીધો કે જો એઓ પાશે કાંઈબી હશેતો જા વાનુ કાંહછે. ભવઈનો જે નાચ કરે તે પરથમ જોઈ લેઈએ, અને

તે પછે જો એઓ પાશે કાંઈ હશે તે લુટી લેઈ ચાલતા થાઈશું• એ વા ઈરાદાથી તે ચોરો વાણીઆઓનો નાચ જોવાને ઊભા રહેઆ•

પેલી તરફથી પેલો છઠો વાણીઓ, જે નાચતો નાચતો દોડી ગએઓ હતો તે પડોશના ગામ મધે દાખલ થાએઓ, અને તાંનાં થાંણા મધેના શીપાહીને કાકલુદીથી કેવા લાગો કે અમારાં ગારાં ઉપર ચોરોએ ઘેરો નાખીઓછે, અને જો વખત લાગશે તો, અમારાં માણશોને લુટી લેશે; તે શારૂં જો તમો આવી અમોને બચાવોતો, અમો તમોને તરણ હજાર રૂપીઆ આપીશું• આ લાલચ ઉપરથી તે શીપાહી પોતાની શાથે દશ શવારો લેઈ તે વાંણીઆની શાથે જે ગલ તરફ દોડીઓ• આ શવારોને દુરથી પેલા ચોરોએ જોએઆ, અને પેલા નાચનારા પાંચે વાંણીઆઓને પુછીઉં કે પેલા ઘોડેઅશ વાર કોંણ લોકો આવેછે ?

વાંણીઆઓએ જવાબ દીધો કે પેલો અમારો ભાઈ,જે ઘોડાઓનો શોઆંગ લેવાને માટે ગએઓ હતો તે આવેછે• એ શોઆંગ લાવનારા ઓ આપણી આશપાશ ફરી વલીને ચારે દેશા તરફથી હશવા શરખા દેખાવથી આપણી તરફ આવશે• વાંણીઆઓના બોલવા ઉપર ભરોશો આણેઆથી, બેચારા ચોર લોકો ફશી પડેઆ; કાંકે પેલા ઘોડેઅશવાર શીપાહીઓએ ચોતરફથી દોડી જાઈને તેઓને પકડી લીધા• ચોરોને પકડીને ગાંમના થાંણાંમા લઈ ગએઆ, અને તે ઓને થાંણેદારે એક એક માંશ શુધી ચોકી મધે મોકલાવીઆ• એ પછે પેલો શીપાહી પેલા વાંણીઆ પાશેથી તરણ હજાર રૂપીઆ માંગવાને ગએઓ, જે ઊપરથી વાંણીઆએ તેના હાથ મધે રોક ડે રોકડા તરણ અરધા મેલીઆ, અને બોલીઓ કે—હાએબ, માં ફ કરજો; તમોને બઉ તશદી પડીછે• વાંણીઆની આ ચાલ જોઈ શીપાહી અચરત થાએઓ, અને પુછવા લાગો કે તેં મને તરણ હજાર રૂપીઆ આપવા કહેઆ હતા તેનુ શું થાઈઉં ?

વાંણીઆએ જવાબ દીધો કે નારે ભાઈ, અમારી પાહે ખાવા ને ખાખ નમલે જારે તરણ હજાર રૂપીઆજ અમારી પાંહે હતે તા રે, અમો દેહમા રહીને વેપાર કાંએ નહી કરતે—પરદેહ ચાકરી હો ધવાને હું કામ જાતે ?

શીપાહીએ તેને પુછીઉં કે તું "તરણ હજાર રૂપીઆ" કરી ને મને કહીઉં હતું કે નહી ?

વાંણીઆએ જવાબ દીધો કે હાએબ, બોલતી વેલાએ મારા મો ડાં મધે હોપારી હતી, અને હું તો તરણ "અરધા રૂપીઆ" કરીને જ બોલીઓ હતો; પણ કદાચ હોપારીનુ દબાન જીમલીને થાએ આથી તમારા કાનમા એવો આવાજ આવેઓ અહે, તેમા મારોતો વાંક જરાએ નથી.

વાંણીઆના એ શબુત શાંભલીને શીપાહી મુગો રહેઓ, અને વાંણીઆ પાશેથી તરણ હજાર રૂપીઆ લેવાને બદલે માતરે દોહડ રૂપીઓજ લેઈને શંતોશી થાએઓ.

રતનની ચોરી પકડવાની ઈઝીકતી.

ઉતર દેશમા "કામાવટી" નામે એક નગરી હતી, અને તાં હના રેહવાશીઓ ધંધા રોજગારથી ઘણા શુખી હતા. "કામાવ ટી" નો રાજા ઘણો ધરમી, ડાહ્યો, અદલ ઈનશાફને ચાહ નાર હતો. આ નગરી મધે "રતનશાહ" નામે એક શોદાગર રેહતો હતો, અને તે જહવેરાતનો મોટો ધંધો ચલાવતો હતો. ર તનશાહની વએ પોણોશો વરશની હતી, જેથી એકવાર તે માદગી નાં બીછાંણાં ઉપર બીમારી ભોગવવા લાગો. આ માદગીનો જ હપાટો એવોતો કઠણ હતો કે તેમાંથી શલામત ઉઠવાને રતનશાહ ને આશા રહી નહી હતી. એ ઉપરથી રતનશાહને એવો વીચા ર શુહુજીઓ કે તેની પાશે દોલત ઘણી મોટીછે, અને તેટલા માટે છોકરાઓને તે પોતાને હાથેજ વેંહચી આપેતો શારૂં; નહીતરકે પાછલથી, તેના મરણ પછે, છોકરાઓ હીશા પાડવા માટે ટંટો કરશે, અને દોલતનો મોટો ભાગ શરકારી અદાલત મધે બરબાદ કરશે, જેથી મારી ઈજતમા ઘટાડો થાશે. આ વીચાર ઉપરથી રતનશાહએ એક દીવશે પોતાના ચારે દીકરાઓને પાશે બેશાડીઆ,

અને પોતાની દોલતના શરખા ચાર હીશશા કરીને તેઓને વેંહ ચી આપેઆ; પણ રતનશાહની પાશે ચાર રતન હતાં, જે ઘણાં જ ઊમદા હતાં; માટે તેને શારી રીતે એક દાબડા મધે રાખીને એક પેટી મધે મેલીઆં; અને તે પેટીને કુંચી દેઈને તે ઉપર શીલ કરીઉં, અને પોતાના છોકરાઓને જણાવીઉંકે એ ચારે રતન મા રાં મરણ પછે તમો ચારેજણે એક એક વેંહચી લેવું. એ પછે કેટલેએક દીવશે રતનશાહ શેઠનો કાલ આવીઓ, અને તે જમરાને શવાધીન થાએઓ, ઈઆને મરણ પામીઓ. એ પછે ચારે છોક રાઓએ શરજે હીશે પોતાની પાશેથી દોલત કાડી, અને રતનશાહ ના નામ, અને માન પરમાંણે વરશી શુધીનો તેનો મોટો ખરચ કરેઓ, જેથી ગામમા એવું કેવાડીઉંકે રતનશાહ શેઠને તેના દીક રાઓએ શારી રીતે ઉજવેઆ.

રતનશાહના વડા તરણુડે છોકરાઓ ઘણા શારા, ભલા, અને શતીઅતા વાલા હતા; પણ નાધલો છોકરો લઠખટ, અને અ વીચારી હતો, અને તેણે એક દીવશે વીચાર કરેઓ કે બાપની પેટી મધે જે ચાર રતનછે તે ઘણી મોટી કીમતનાછે; માટે તેની અંદરથી એક રતન ચોરો લેઉં; પછે જારે ચારે ભાઈઓ બાકીનાં રતન વેંહચશે તારે વલી તે મધેથીબી તેને હીશશો મલશે. આ વીચાર પરમાંણે તે છોકરાએ બાપની પેટી, જેને શીલ કીધેલું હ તું તે શીલ ફાડીને પેટી ઊંઘાડી, અને તેની અંદરથી એક રત ન કાહડી લેઈને પાછી પેટી બંધ કીધી, અને કોઈ ઘણીજ બારી ક ઈઉકતીથી તેનુ શીલ અશલ પરમાંણે પાછું વલગાવી દીધું. આ વાતને કેટલાએક દીવશ ગુજરી ગએઆ, અને પેલાં રતનની ચોરી શંબંધી કોઈનેબી ખબર પડી નહી હની; કાંકે પેટીને મા રેલું શીલ અનામતજ હતું. પાછલથી રતનશાહના વડા દીકરા એ પોતાના તરણુડે ભાઈઓ શાથે વીચાર કરેઓ કે ભાઈઓ, આપણુ શગલા બચરવાલ છેઈએ, અને આપણા બાપે આપણને શારીપઠે દોલત આપેલીછે; માટે આપણુ શગલા જુદા રહીએ, અને પેલાં રતન પણ અવે વેંહચી લેઈએ; કાંકે બાપના કેવા પર માણે તેઓની વરશી પણ વીતી ચુકીછે. આ વાત તેના બીજા

ભાઈએએ કબુલ રાખી, અને તે ઉપરથી તેઓ ચારે મલીને બાપ ના ઓરડામા જાઈને તેની પેટી ઉંઘાડી, જેનુ શીલ અનામતજ જ ણાઈઉં હતું; પણ દાબડાની અંદરથી એક રતન ઓછું નીકલી ઉં. આ વેલાએ શગલા ભાઈઓ એકબીજાનુ મોહું જોવા લા ગા, અને જરા વખને વડો ભાઈ બોલીઓકે ભાઈઓ, આપણા બા પે આપણુ ચારે જણાઓના દેખતાં ચારે રતન દાબડામાં મેલીઆં, અને દાબડો પેટીની અંદર મેલીને પેટી બંધ કીધી, અને તેને કલ દેઈને આપણાજ દેખતાં શીલ કીધું, અને જરે તેની અંદરથી એ ક રતન ઓછું થાઈઉં તારે, એ ચોર કાંઈ બાહેરનો હોએજ નહી, પણ ઘેર મધેનોછે; કાંઈ એવું તો બનેજ નહી કે એક રતનને પેટી ખાઈ જાએ. અવે તમો તરણુડે ભાઈઓ ઉપર મારો વીશવાશ બેશતો નથી, અને તેટલા શારૂં આ તરણુડે રતન હું મારી પા શે રાખુંછેઉં, અને જાંહશુધી ખોહવાએલું રતન પાછું મલે નહી તાંહશુધી એની વેંહચણી કીધામાં આવશે નહી; કાંકે જો હલકી કીમતનું રતન હતેતો કદાચ દરગુજરબી કીધામા આવતે; પણ આતો મોટી કીમતનુંછે; માટે મેલી તે કેમ દેવાએ. એટલું કહીને પેલાં રતનો લેઈને વડો ભાઈ પોતાના ઓરડા મધે ચાલી ગએઓ, અને પેલા તરણુડે ભાઈઓ પણ તેની પાછલ ઉડીને પોત પોતા ની જગા ઉપર ગએઆ. એ પછે કેટલાએક દીવશ વહી ગએ આ તારે, વડા ભાઈને એક વીચાર શુજેઓ કે જાંહશુધી શગલા ઓમાં શાહલાછે તાંહશુધીમાં કોઈ શાહમજીતીથી નીકાલ કાડવો વા જબીછે; નહીતરકે શરકાર દરબાર ચડીઆતો, શગલાઓ ખરા બ થાઈ જાશું; માટે એ વાત શેહરના રાજાને જાહેર કરવી, અને જે રતન તેની પાશેછે તેપણ રાજાનેજ હવાલે કરવાં કે પછે રાજા જેવો ઈનશાફ કરે તેવો કબુલ રાખવો; કાંકે કાંમાવતીનો રાજા અદલ ઈનશાફ કરવામા શગલી જગાએ વખણાએલોછે. વડા છોકરાએ પોતાનો આ વીચાર પોતાના તરણુડે ભાઈઓ આગલ કહી જણાવીઓ, અને તેને તરણુડે ભાઈઓએ પશંદ કીધો, જથી તેણે તેઓને જણાવીઉંકે તારેતો ચાલો અવડેજ રાજાની પાશે જા ઈએ; કાકે આપણુ શગલાઓ એકઠા થાએલા છેઈએ. રતનશાહ

શેઠના વડા છોકરાની શહલા તેના તરણુડે ભાઈઓને પશંદ પડવા થી તે શગલાઓ એક ગાડી મધે શાથે બેશીને રાજાને ઘેર ગએ આ, અને રતનશાહુ શેઠના વડા છોકરાએ પોતાનો શગલો હેવાલ રાજા આગલ કહેઓ, અને પોતાની પાશેના તરણુડે રતન રાજા ને શવાધીન કરેઆં, અને બોલીઓ કે રાજા શાહેબ, અમારા બા પની આબરૂ જલવાએ તેમ, અમો ચારે ભાઈઓનો ઈનશાફ વા જબીની રાહે કરવો. રાજાએ તેને મોડેથી શરવે હકીકત શાંભ લી લીધા પછે બોલીઓ કે ભાઈ, આ ચોર કોઈ બાહેરનો હોએ નહી; પણ તમો ચારે મધેથી એક જણ હોવો જોઈએ; પણ તેની કશી ચીંતા નહી. એ ચોરને તે ઘણી શેહલાઈથી પકડી કાડશે; માટે તમોએ આજથી આઠમે દાડે મારી પાશે આવવું. એટલું કહીને તે ચારે ભાઈઓને વદીઆ કીધા.

આ રાજાનો ઈનશાફ શગલે ઠેકાંણે ઘણો વખણાતો હતો, તે નુ કારણ એછે કે તેનો પરધાન ઘણોજ કાબેલ, અને શારી શહ મજણ વાલો હતો, અને જબી ઈનશાફ કરતો તે ધીરજથી અકલ ચોહચાડીને કરતો હતો, અને તેટલાજ ઉપરથી તે રાજાનો ઈનશાફ શરવે ઠેકાંણે વખાણાતો હતો. રતનશાહુ શેઠનાં છોકરાઓ રાજા ને રતન શોંપી ગએઆ પછે, થોડેજ વખતે રાજાનો પરધાન રાજા ની આગલ ગએઓ, જેને ઉપલી શગલી હકીકત રાજાએ કહી, અ ને પેલાં રતન આપીને બોલીઓ કે એઓનો ઈનશાફ ઘણીજ બા રીક રીતે ધીઆંન પોંહચાડીને કરવો. હુંએ તેઓને આજથી આઠમે દીવશે પાછા બોલાવેલાછે, અને તેટલા વખતમા એ બાબે તમોએ ધીઆનથી વીચાર કરી મેલવો. પરધાને જવાબ દીધોકે વાહ શાહેબ, તમારા નીમખના પરતાપથી પરમેશવર મને જેવી બુધી આપશે તેવો ઈનશાફ હું તેઓને કરી આપશ. એ પછે પરધાન કચેરી મધે ગએઓ, અને રતનશાહના ચારે છોકરાઓની ઉપર જુદા જુદા હોકમ લખી મોકલીઆ કે—આજથી આઠમે દી વશે તમારો ઈનશાફ કરવા માટે રાજા શાહેબે બીજાં શગલાં કામો બંધ રાખેઆંછે, અને તેટલા માટે તમો શાહેબે એ દીવશે શહવારે દશ કલાકે કચેરી મધે હાજર થાવું કે તમારો ઈનશાફ કચેરીમાં

નહીં; પણ ખાનગી જગાએ કીધામા આવશે કે જેને લગતી વાત બાહેર લોકોનાં જાણેઆમા નહી આવશે.

એ પછે જરે આઠમો દીવશ થાએઓ તારે, રતનશાહ શેઠના ચારે છોકરાઓ એકઠા થાઈને રાજની કચેરી મધે ગએઆ, જે વેલાએ કચેરી મધે શગલા કામદારોની મોટી ઠઠ મલેલી હતી, અને પરધાન બેશીને તેઓની રાહ જોતો હતો. જેવા રતનશાહ શેઠના ચારે છોકરાઓ કચેરી મધે દાખલ થાએઆ તેવોજ પેલો પરધાન તેઓને શાથે લેઈને રાજના મેહલ મધે કીધેલી ખાનગી જગા મધે લેઈ ગએઓ, જાંહ રાજા શાહેબ પણ બેઠેલો હતો, અને તેને પરધાન તથા રતનશાહ શેઠના છોકરાઓએ નમશકાર કીધા પછે, રાજાના હોકમથી તેઓ તઈઆર કીધેલી જગા ઉપર બેઠા.

શાચા વચનની નારી.

અવે પરધાન પેલા ચારે છોકરાઓને કેછેકે—શાહેબો, બીજાં રજવાડાં મધેથી અમારી કચેરી મધે એક ઈનશાફ કરવાને આવેલોછે, અને તેને લગતાં કાગલો તપાશવા ઉપરથી મને જે વાત માલમ પડીછે તે વાત હું અવડાં તમારી આગલ કરૂંછેઉં તેને તમો એ ધીરજ રાખીને શારાં ધીઆંનથી શાંભલી લેવાની મોટી જરૂ રછે કે:—

"ધારાનગરી" મધે એક મેંહુંતાજી નીશાલ મધે છોકરાંઓને ભણાવતો હતો. જેની નીશાલ ઉપર "અમરચંદ" નામના તે નગરીના એક શાહુકારની દીકરી પણ ભણવાને જાતી હતી. આ નીશાલ ઉપર નરલેરાંમ નામના એક ગરીબ બરહાંમણનો એક છોકરો પણ શીખવાને જાતો હતો, જે ઘણોજ ગરીબ હોવાથી મેંતાજી તેને મુફત શીખવતો હતો. આ છોકરો પેલા "અંમરચંદ" શેઠની છોકરીની ઘણી શારી રીતે ચાકરી કરતો હતો. આવી રીતથી ઘણાં વરશ વહી ગએઆં; અને પેલા "અંમરચંદ" શેઠની દીકરી કેટલીએક બીદીઆ શીખી તારે, મેહતાજીએ તેને જણાવીઊંકે બાઈ, તારે શીખવાનુ હતું તેટલું અશતરી ધરમ પરમાણે તું શીખી ચુકીછે; માટે તારા બાપને કેજેકે મને તથા

મારા વડા નીશાલીઆએા વીગરેને, તમારા બાપની આબરૂ પરમા ણે ઈનામ આપીને, મારી આગના લેઈ નીશાલે આવવું બંધ ક રૂ; જો તને વધારે શીખવાને પશંદ હોએતો, ઘેર આગલ અ ભીઆશ કરજે. એ રીતે મેંહનાજીના કેવા ઉપરથી છોકરીએ પે તાના બાપ "અંમરચંદ" આગલ મેંહનાજીએ કહેલી શરવે બી ના જાહેર કીધી, જે ઉપરથી અંમરચંદે જોશીને બોલાવીને એ માટેનુ શુભ મુહુરત દેખાડીઉં, અને જોશીએ એક દીવશ "નીર માન" કરેઓ, અને તે ઊપરથી અંમરચંદ શેઠે છોકરીની પાશે મેંહતાજીને કેહવાડીઉંકે ફલાંણે દીવશે મારા બાપ મારી વીદીઆ ગીરી દાખલની બખશીશ આપવાને ચાર મીતરો શહીન તમારી પાશે આવીને તમોને શોહભા આપનારછે. એ ઉપરથી મેંહતાજી તથા પેલા ગરીબના દીકરા વીગરે શરવે છોકરાઓને ખુશી પેદા થા ઈકે મોટા શેઠની છોકરીની વીદીઆગીરી થાશે એટલે આપણુ શ રવેને થોડો થોડી બખશીશ મલશે; પણ પેલા ગરીબના છોકરાને તો વધારે આશા થાઈ હતી; કાંકે તે છોકરો અમરચંદ શેઠની દી કરીની દરરોજ શેવા ચાકરી બજાવતો હતો.

અંમરચંદ શેઠની દીકરીને પેલા ગરીબના છોકરા ઉપર દ એઆ આવીઆથી તેને પોતાની પાશે બોલાવીઓ, અને હલુથી તેને કહીઉંકે—નીશાલ મવે તેં મારી ઘણી શારી ચાકરી કરેલી છે, તેનો બદલો વાલવાનો દીવશ ઈશવરે મને નજદીક આપેઓછે; વાશતે તારે શું જોઈએચ તે વાત આ વેલાએ મને જાહેર કરવી કાંકે હું મારા બાપની એકપુરી દીકરી છેઉં; માટે તારે માટે જે બી વાત હું કરશ તેને મારા બાપ ઘણું કરીને કબુલ રાખશે; માટે તારે શું જોઈએછે તે તું મને કેહ. આ મજકુર શાંભલવા ઊપરથી પેલા ગરીબના દીકરાની દીઆંનત બીગડી, જેથી તે લો ભના શમુદરમાં ગીરફતાર થાએઓ, અને બોલીઓ કે જો તું મ ને રાજી કરવાને ચાહેછેતો, એટલુંજ માંગું છેઉં કે તારી શંગા થે મારાં લગન કર. ગરીબના છોકરાની આ વાત શાંભલતાંજ અંમરચંદ શેઠની દીકરીને દલગીરી ઉપજી, અને તે ઉપરથી પે લા ગરીબના દીકરાને કેવા લાગીકે—શાંભલ, એ વાત કાંઈ મારા

શવાધીનની નથી કે હું તું ને કબુલ થાઉં. આપણી નાતમાંતો શારાં ઘેર, અને શારાં કુલ જોવાનો ધારોછે; માટે મારો બાપ પોતાની આબરૂ તથા પોતાનાં કુલ બરોબરનો જોને ધારશે તેની શંગાથે મારાં લગન કરશે; તેથી તારે કપડાં, જીનશ, અથવા કાંઇ નગદ નાંણાં વીગરે જે ચીજ જોઇએ તે મારી પાશે માંગેઆથી મારા બાપને શહમજાવીને તું ને અપાવવા માટે હું બંધાએલી છેઉં. પેલા ગરીબ નરલેરાંમ બરહાંમણના દીકરાએ હટે પડીને કહીઉં કે જે માંગું ચ તે આપવું હોએતો એટલું જછે કે તારી શાથે મારાં લગન કરવાં, નહીતરકે મારે બીજું કશુંએ જોઇતું જ નથી. એટલું કહીને તે બેશુધ થાઇ જમીન ઉપર પડી ગએએો. આ દેખાવ જોવાથી અમરચંદ શેઠની દીકરીના દીલમા દએઆ આવી, અને પોતાના મન શાથે પશતાવો કરવા લાગી કે જો એને આગમચથી એ વાત કહીજ નહી હતેતો શારૂં; કાંકે મુડી વાલીને તે દીવશે જે આપતે તે લેઇને એ બેચારો ખુશી થાતે; પણ અવે એને એકેદમ નાજ કહીશતો એ બેચારો નાશીપાશ થાશે, અને મારી ખુબશુરતીમા એનો જીવ ભરાએઆથી જુરી જુરીને કદાચ મરણ પાંમશે. એ ઉપરથી છોકરીએ તે ગરીબના દીકરાને જણાવીઉં કે—ઇઆદ રાખજેકે મારા શત ધરમથી તારી શંગાથે લગન કરવા વીશેની ભલાંમણ મારી માં, અને બાપ આગલ શારી રીતથી કરશ; પણ તેવું છતાં તારાં માઠાં ભાએગે એ વાતને તેઓ નાકબુલ રાખશેતો હું લાચાર છેઉં; કાંકે તેની અંદર મારો ઇલાજ કશોએ નથી; પણ જા, શેવટનો એક વચન હું તું ને આપું છેઉંકે અગરજો તારી શંગાથે મારાં લગન કરવાને મારો બાપ નાપાડશેતો, બીજા શંગાથે પણવું પડશે; પણ જેનીમી શંગાથે મારો બાપ મારાં લગન કરશે તેની શાથે હું શંઘ કેઆરે કરશકે પરણવા પછે પરથમ હું તારીજ શંગાથે એકાંત કરીને પછે મારા ધણીનો શંઘ કરશ. આ વચન આપેઆ પછે તે છોકરી તેની આગલથી નીકલીને પોતાને ઘેર ગેઇ.

ઠેરવેલે દીવશે અંમરચંદ શેઠ વાજતે ગાજતે મેંહતાજીની નીશાલ ઉપર ગએઆ, અને મેંહતાજીએ તેઓને મોટાં માન શાથે

નીશાલ મધે બેશાડીઆ, જે પછે અંમરચંદ શેઠે મેંહતાજી, તેની બાએડી, વડા નીશાલીઆએા, અને પેલા ગરીબ નરલેરાંમ બરહાં મણના દીકરા વીગરે પેાતાના નીશાલીઆએાને ઈનામ અપાવેઆ પરમાણે અંમરચંદ શેઠે શારી વેંહચણી કીધી, અને તે પછે "શ રશવતી" માતાની પુંજા અંમરચંદ શેઠની દીકરી પાશે કરાવીઆ થી તેએાએ તાંહથી વંદીઆગીરી લીધી.

એ પછે કેટલેાએક વખત વહી ગએેઆ, અને અમરચંદ શે ઠે પેાતાની દીકરીના લગન કરવા માટે એક શારાં કુલનેા છેાકરેા શેાહધી કાડીઆ, અને લગન કરવા માટે શુભ દીવશ, અને મુહુ રત જેાવા માટે બરહાંમણને બેાલાવવાની તઈઆરી કીધી. આ ખ બર જારે તેની દીકરીને પડી તારે, તેણે પેાતાની માએેની મારફતે પેલા ગરીબ નરલેરાંમ બરહાંમણના દીકરાને આપેલા વચન શં બંધી વાત પેાતાના બાપને કેવાડી;પણ તે ઉપર કશું એે લખશ નહી આપીને અંમરચંદ શેઠે પેાતાની દીકરીના લગન ધારવેલા વર શંગા થેજ કરેઆં,અને તેના ભરથાર શંગાથે તે છેાકરીને શાશરે મેાકલી. બીજ દીવશે મધ રાતરે જારે તે પેાતાના ભરથારના એારડામા હ તી, અને તેનેા ભરથાર જારે શુવા માટે એારડા મધે ગએેઆેા તારે, તે છેાકરીને પેાતાના ગરીબ મીતરને આપેલા વચન શંબંધી વાત ઈઆદ આવી કે એા ઈશવર, મારેા ગરીબ મીતર કે જેણે લાંબા વખત શુધી મારી શેવા ચાકરી કીધેલીછે તેને આપેલેા વચન અવે દુબી જાએેછે—જેનેા વચન ગએેઆેા તેનુ શરવે ગએેઉં; એ વેા વીચાર કરીને મેાટેા અફશેાશ કરતી બેઠી હતી.

આ અશતરીનેા દેખાવ જેાવાથી તેના ભરથારે તેને પુછીઉંકે એકાએક તારા દેખાવમાં આવી રીતનેા ફેરફાર શામાટે થાઈ ગએે એાછે, અને તારૂં દીલ ઉદાશ કાંએે થાએેઉંછે. એ ઉપરથી તેણે પેાતાના ભરથાર આગલ પેાતાના મીતરને આપેલા વચન શંબંધી શગલું વરણુન કરેઉં. એ શગલું શાંભલીઆ પછે તેના ભરથા રે તેને શાબાશી આપીકે ધનછે અશતરી તારી માત પીતાને કે આપેલેા વચન પાલવાને તું આટલી બધી આતુરતા રેહછે, અને તે પાલવા માટે તુને માહ દુખ થાએેછે; માટે હું તુંને ખુશીની

શાથે રજા આપું છેઉંકે તું બેધડકજા, અને તારા મીતરને આપેલો વચન શીધ્ર કરીને આવ, અને તેપછે હું તારો શવીકાર કરીશ; માટે તારા બાપને ઘેરના દાગીના ઉપરાંત, બીજા મારે ઘેરના દા ગીના પેહર, અને શરશમા શરશ કપડાં પેહરીને શોહાંમણા શી ણગાર શાથે જાઈને તારો વચન પુરો પાડીને પાછી આવ. એ ઉપરથી અંમરચંદ શેઠની દીકરીને ખુશી ઉપજી, અને શોલેશીણ ગાર કરીને પોતાના મીતર પેલા ગરીબ નરલેરાંમના દીકરાને મ લવા માટે ચાલી. આ વખત મધ્ય રાતનો હતો, અને તેને રશ તા મધે ચાર ચોરની એક ટોલકી મલી. ચોરોએ શોલેશીણગા ર કરીને જાતાં આ અશતરીને જોઈ તેવાજ તેની આગલ ગએઆ, અને તેને રશતા મધે ઘેરીને ઉભી રાખી. આ યુતરીનો દેખાવ જોઈને ચોરો ખુશી થાએઆ, અને તેમાંથી એકજણ બોલીઓકે ભાઈઓ, આજનો આપણે શારા શગાણથી બાહેર નીકલીઆ છે ઈએ, જેથી આપણાં બે કાંમ શીધ્ર થાશે. એકતો એકે હજારો રૂપીઆના આપણને દાગીના મલશે, અને બીજું એકે આવી ખુ બશુરતીવાલી અશતરી શાથે કામભોગ પણ થાશે. આ વાત શાં ભલતાંજ તે અશતરી તુરતજ ચેતી ગેઈ કે એ ચારેજણ ચોરછે, અને માંઠાં ભાએગે તેઓની ચુંગાલ મધે તે ફશી ગેઈછે. એ ઉ પરથી તેણે ચોરોને જણાવીઉંકે ભાઈઓ તમો કોણ છેઓ તે હું શહમજી ચુકીછેઉં, અને તમારા મનમાં બીજો વીચાર શું છે તેપણ હું જાણી ચુકીછેઊં; પણ અગરજો તમો ભલા બાપના દી કરા હશોતો,મારી વાત ધ્યાનથી શાંભલશો. આ શખુન શાંભલતાંજ ચોરો મુંગા થાઈને ઉભા,અને તે ઉપરથી તે અશતરીએ તેઓ આ ગલ વાત કીધીકે ભાઈઓ જારે હું નાંની વએમા હતી, અને મેંહ તાજીની નીશાલે જતી હતી તારે, એક ગરીબ બાપનો દીકરો પણ મારા મેંહતાજીની નીશાલ મધે આવતો હતો, અને તેણે મારી ચા કરી ઘણીજ શારી રીતથી કીધી હતી; માટે જારે મેં નીશાલ છો ડી, અને મારા બાપે શઉને ઈનામ આપવાની તઈઆરી કીધી તા રે, મેં તે ગરીબને જણાવીઉંકે તારી ચાકરીના બદલામાં તું જે માંગે તે આપવાને હું તઈઆર છેઉં તારે તે છોકરાએ પઈશાટકો

માંગવાને બદલે મારી શાથે લગન કરવાની પોતાની ઈછા જણા વી; પણ મેં તેને જણાવીઊંકે મારીથી બનશે એટલી રીતે મારાં માંબાપને શહુમજાવી તારીજ શાથે લગન કરવાની હું કોશીશ કરી શ; પણ અગરજો તેમાં હું નીશફલ થાઈતો, જેબી પુરશ શાથે મારાં માંબાપ મને પરણાવશે તેને મલવાની આગમચ હું તારો શંગ કરીશ, એવો મેં તે ગરીબ નીશાલીઆને વચન આપેલોછે• અવે આજ રાતરે મારા ભરથાર શંગાથે મારો મેલાપ થાનારછે, અને તેટલા માટે આ વાત મેં મારા ભરથારને જણાવી, જે શાંભ લતાંજ મારા ભરથારે મારો વચન પાલવાની મને રજા આપીછેં, અને તેટલા માટે તે વચન પુરો પાડવા માટે હવડાં હું તે મારા ગરીબ મીતરની ભેટ લેવાશારૂ જાઉ છેઊં; માટે અગરજો તમો મા રી ઉપર વીશવાશ રાખોતો, મારો આપેલો વચન પાલીને હું પા છી અતરે તમારી પાશે આવીશ; માટે મારો વચન પાલવાનાં કાં મમાં જો તમો અડચણ નહી કરશોતો પરમેશવર તમારૂં ભલું કરશે•

તે નારીની એ વાત શાંભલતાંજ ચોરોનુ મન પીગલીઊં, અ ને તેને શતીઅતાથી પુર જાણીને તેની પાશેથી વચન લીધો કે તા રા મીતરનો શંગ કરીને તુંએ પાછું અતરે આવીને અમારી ભેટ લે વી• આ પરમાંણેનો વચન ચોરોને આપતીજ તે અશતરી તાંહ થી ચાલીને પોતાનાં મીતરને ઘેર ગેઈ, અને તેનુ બારણું ઠોકવા લાગી• આ અશતરીનો અવાજ શાંભલતાંજ પેલા ગરીબે પોતાનું બાર ણું ઊંઘાડીઊં, અને તેને ઘેર મધે લીધી, અને પુછેછે કે બાઈ, એવડી રાતરે આવવાને શું કાંમ પડીઊ ? એના જવાબમાં તે બો લી કે જે વચન મેં તુંને આપેલોછે તે પાલવા માટે મારા ભરથા રની આગનેઆ લેઈ હું તારી પાશે આવેલીછેઊં; માટે વેલો થા, અને તારૂં ધારેલું કાંમ શીધ કર•

આ દેખાવ જોતાંજ પેલા ગરીબનો આગલો વીચાર ફરી ગ એએો, અને નેનાં મનમાં એવો વીચાર આવીએો કે આ અશતરી કેવી શતવંતીછે કે પોતે આપેલો વચન પાલવા માંટે અવડાં શુધી બંધાએલી રહીછે, અને તે વાતને ઘણાં વરશ થાઈ ગએઆં તેવું

છતાં વલી પોતાના ભરથારને શહમજાવીને મધ રાતને શમે પોંતા
નો વચન પાલવાને અતરે આવી ઉભીછે; પણ તારે અવે એવી શ
તવંતી અશતરી લોગવી, એનો આતમાં બીગાડીઆથી મારા હા
થમાં આવવાનુ તો કાંઈએ નથી; પણ ઉલટું પાપ પરામત થાશે.
એવું ધારી તેણે તે શતવંતી નારીને જવાબ દીધો કે—બેહન શાંભ
લ; હુંએ બચગીની વેલાએ નાદાંન બુધીથી તારી પાશે અઈઓગ
વશતુ માગી તે મારો અપરાધ તું મને માફ કર. તું, અને હું
એકજ ગુરૂની પાશે વીદીઆ શીખેઆ માટે આપણ બંધેને ગુરૂ
ભાઈની, ઈઆને ભાઈ બેહનની શગાઈ થાઈ એટલું બોલીને તે
ઘેરમા ગએઓ, અને બે રૂપીઆ લાવીને તે અશતરીને તેના ભાઈ
દાખલ ચોલીના કરીને આપેઆ, અને વાંકો વલીને તેને પગે લાગી
બોલીઓ કે બેહન મારી તકશીર મને માફ કરવી જોઈએ.
આ શબ્દ શાંભલીને તે અશતરીએ તે ગરીબને શારા આશીરવા
દ દીધા, અને તેની રજા લેઈને તાંહુથી ચાલતી થાઈ, અને પેલા
ચાર ચોરો જાંહુ ઉભા રહેઆ હતા તાહ ચાલવા માડીઉં.

ચાર ચોરો આગલથી, તેઓને પાછી આવી મલવાનો વચન
આપીને તે અશતરી પોતાના મીતર ગરીબને ઘેર ગેઈ તારે, ચોરો
એ વીચાર કોધો કે જારે એ પોતાના મીતર આગલ વચન પુરો પા
ડવાને ગેઈચ તારેતો એને આવતાં મોટો વખત જોઈએ, અને તેટ
લા શુધી આપણે અમશથકા હઈઆં બેશી રહીએ તેનાં કરતાં તેટ
લા વખતમાં આપણા શેકારની શોધ કરીએ, કાંકે કદાચીત તે અશ
તરી પોતાનો વચન તોડીને પાછી નહીજ આવીતો, આપણે બે ગ
મથી નીશફલ થાઈએ. એકતો તે અશતરી આપણે હાથ નહી આ
વે, અને બીજુંતો તેની વાટ જોતાં બેશી રહેઆથી વખત ફોકટમાં
જાએતો, બીજી જગાએ ચોરી કરવાને પણ બની નહી આવે; મા
ટે ચાલો આપણે કેથે ચોરી કરવાની શોધ કરીએ. એ વીચાર
ઉપરથી તેઓ તે ચકલા ઉપરથી એક મેહોલા મધે દાખલ થાએ
આ, જાંહુ રેહનારા એક શોદાગરનું બારણું તેઓએ અલગું જો
ઈઉં, અને તે ઉપરથી તેના ઘેર મધે દાખલ થાએઆ, અને ચોરીતો
તેઓને એવી મોટી, અને ઉમદા કીમતની મલીકે તેવી ચોરી તે ચા

રો માંહેલા એકુએ પણ પોતાના જનમારામાં કીધી નહી હતી. એ ચોરીની મતા લેઈને તેઓ મોટી ખુશી શાથે શોદાગરના ઘેર મધ્યે થી બાહેર નીકલીઆ, અને તે વેલાએ તેઓએ વીચાર કીધોકે પેલી અશતરી ભાએગવાનછે, અને તેનું મોહું જોઈને આપણે ચોરી કરવાને ગએઆતો, આપણને એવી મોટી દોલત મલીછે કે જે મલવાની આશા આપણ શવપનામાં પણ નહી રાખીએ;માટે એ ચોરીની મતાના આપણે પાંચ ભાગ કરવા, અને ચાર ભાગ આપણે ચારે જણે શાથે વેંહેંચી લેઈને,પાંચમો ભાગ તે અશતરીને આપવો જોઈએ. આ વીચાર પરમાંણે તેઓએ તે ચોરીનાં પાચ ભાગ કીધા, અને ચાર ભાગ પોતે લેઈને એક ભાગ તે અશતરીને માટે જુદોજ રાખીને, તે અશતરીની રાહ જોતા બેશી રહેઆ.

પેલી તરફથી તે અશતરી ચોરોનો આગલ જાઈ પુગી, અને પેલા ગરીબને ઘેર ગએઆ પછે જે બનાવ બનીઓ તેની વાત તે ચારે ચોરોની આગલ કહી. ચોરોનાં મન પરથનથીજ જરા પીગલીઆં હતાં, અને બાકીના તે અશતરીની ગરીબ શંગાથેની વાત શાંભલીઆથી પીગલીઆં, અને તે ઉપરથી ચારે જણાએ બોલીઆ કે બેહન, તારા શગાણ જોઈને અમો ચોરી કરવાને ગએઆ હતા, માંટે તાંહથી નહી ધારેલી મતા અમોને મલીછે, અને તેટલા માંટે તેની અંદરથી પાંચ ભાગ કરીને એક ભાગ તારે માંટે. અમોએ રાખેલોછે તે અમો તુંને તારા ભાઈઓ દાખલ બલેવની રાખરી બાંધવા માંટે આપીએચ તે તારે કબુલ રાખવો જોઈએ. આટલું કહીને તેનો હીશો તેની આગલ મેલીને તે ચારે ચોરો તેને પગે લાગા, અને તેને ઘેર જવા માંટે તેને અરજ કીધી જે ઉપરથી તે અશતરી પોતાનો ભાગ શાથે લેઈને તે ચોરોને આશીરવાદ દેઈ પોતાને શાશરે પોતાનાં ભરથાર આગલ ગેઈ, અને શગલી વાત તેની આગલ જણાવીને પેલા ચોરોએ આપેલી ચોરીની મતા તેની આગલ મેલી.

આ વાતનો અંત અતરે આવીઓ; અવે કાંમાવતી નગરીનો પરધાન પેલા રતનશાહ શેઠનાં ચારે છોકરાઓને કેછે કે ભાઈઓ, તમારી આગલ હુંએ જે વાત કહી તે તમો શગલાઓએ ધીઆંન

થી શાંભલીછે. એ વાતની અંદર આવેલા શખશો મધેથી ભલું કોંણ, તેનો ખુલાશો આપણા રાજની પાશેથી મંગાવીઆમાં આ વીઓછે, તેનો ઉતર અમોએ લખી મોકલવાનોછે, અને તે કાંમનાં ધબરાટ મધે અમો છેઇએ; માટે તમારાં રતન શંબંધી ઇનશાફ અમો આવતાં અઠવાડીઆમાં કરીશું; કાંકે અવડાં તમારી આગલ કહી શંભલાવેલી વાતને લગતા ઇનશાફનો ખુલાશો તાંહ લખી મોકલવાનોછે. તમો નાભીચા શાહુકારનાં દીકરા છેઓ, અને વલી તે શાથે બુધીવાન છેઓ; માટે તમોએ શારીપઠે વીચાર કરીને જણાવવું કે પેલા અંમરચંદ શેઠની દીકરી ભલી કે તેનો ભરથાર ભલો, અથવા પેલા ચારે ચોર ભલા કે પેલો ગરીબનો દીકરો ની શાલીઓ ભલો ? એ વીશેનો ખુલાશો તમો દરએક ભાઇએ તમા રી બુધી પરમાંણે જુદો જુદો લખીને આવતી કાલે દશ કલાકે આ પણી કચેરી મધે હાજર થાવું.

એ પછે તે ચારે ભાઇઓ રાજની કચેરી મધેથી રવાનાં થ એઆ, અને પોતાને ઘેર ગએઆ પછે ઉપલી વાત શંબંધી ખુ લાશાનો જવાબ લખીને તઇઆર કરેઓ, અને બીજે દીને શહવા રે દશ કલાકે પોતપોતાનાં લખી કાડેલા જવાબ લેઇને તેઓ રાજા ની કચેરી મધે રવાનાં થાએઆ, અને પોતપોતાનાં લખી કાડેલા દશતાવેજો પરધાનનાં હાથ મધે આપેઆ. પરધાને તે દશતાવેજો લેઇને દરએક જણને એક એક જુદા ઓરડા મધે બેશાડીઆ, અ ને તેઓ લખીને લેઇ ગએલા દશતાવેજો પોતાનાં રાજની આગલ વાંચી શંભલાવીઆ.

એ પછે રતનશાહ શેઠનાં વડા દીકરાને પોતાની નજદીક બો લાવીઓ, અને તેને મોડેથી પુછીઉ કે શેઠ કેવો કે તમારી નજર માં ઉપલા ચાર માંહેલો કોંણ ભલો નજર આવેછે ? એના જવા બમાં તે છોકરાએ કહીઉ કે શાહેબ, મને તો અમરચંદ શેઠની દી કરીનો ભરથાર ભલો નજર આવેછે; કાંકે તેણે પોતાની પરણી આ શતરીને તેણે આપેલો વચન પુરો પાડવા માટે મધ રાતની વેલા એ પરપુરશને તાંહ જાવાની રજા આપી; માટે ભલા શીવાએ એવડી રાતનાં એવાં કાંમને માટે બીજો કોંણ રજા આપી શકે ?

બીજા છોકરાને બોલાવીને પુછેઆથી તેણે જણાવીઉ કે તેની નજરમાંતો અંબરચંદ શેઠની દીકરી ભલી લાગેછે; કાંકે અશતરી થઈને પોતે આપેલો વચન પાલવો શારૂં પોતાની એકીનદારી ન હી બીગાડી.

તરીજા છોકરાને જરે બોલાવીને પુછીઉ તારે, તેણે કહીઉ કે તે નાં વીચાર પરમાંણે તો પેલા ગરીબનો દીકરો ભલો લાગેછે; કાંકે મધરાતની વેલાએ તેને ઘેર બેડાં ગએલી અશતરીને તેણે પાછી વા લી. જો તે પોતાની દીઆનત બીગાડને તો, તેમાં તેને કશોએ દો શ હતો નહી; કાંકે તેમ કરવાને પેલી અશતરી પોતાનાં વચનથી બંધાએલી હતી; પણ તેવું છતાં તે પુરશે તે અશતરીને પો તાની બેડ઼ન દાખલ ગણીને પેરાંમતી આપી પાછી પોતાને ઘેર વ દીઆ કીધી.

એ પછે ચોથા છોકરાની વારી આવી, અને તેને બોલાવીને પુછીઉ તારે, તેણે જણાવીઉ કે પેલા ચાર ચોરો ભલા કાંએકે તે ઓ એકતો જાને ચોરજ હતા, અને વલી તે અશતરી પોતાની ખુશીથી તેઓને વચન આપીને ગએલી હતી; માટે જો તેઓએ તે અશતરીનાં શગલા દાગીનાં કાઢી લેઈને તેની આબરૂ પણ લુટી હતે તોપણ તેઓ તે કાંમથી ગુનેહગાર નહી ઠરતે.

રતનશાહ શેઠનાં નાહનાં છોકરાનાં મોહડાં મધેથી ઉપલો શ બ્દ નીકલતાંજ પરધાને તેનો હાથ પકડીઓ, અને તેને જણાવીઉ કે શેઠજી, તમારા બાપની પેટી મધેથી જે ચોથું રતન બોહવાએ લુંછે તેની ચોરી તમોએજ કીધીછે;માટે મુંગે મોહડે છુપી રીતથી તે રતન મને લાવી આપવું જોઈએ;નહીતર કે તમોને ચોકી મધે બં ધ કરીને જોરબંધનો માર મારેઆમાં આવશે, તો પછે શેહરનાં શ ગલા લોકોમાં તે વાત જાહેર થાશે,અને તેથી તમારી આબરૂનો નાશ થાશે, અને પછે તમારી શંગાથે લેવડદેવડને વેહવાર કોઈ નહી રાખશે. એમ થાએઆથી આપણા અદલ ઈનશાફનાં રાજનાં લો કો તમોને ધીકારશે, અને વલી રાજનો કોફ તમારી ઉપર રેહશે તે જુદો. પરધાનની આવી હીકમતથી તે છોકરાએ કબુલ કીધું કે પરધાન શાહેબ, મારી લજીઆ તમોએ જાલવવી. મારા બાપની પે

ટી મધેથી તે રતન મેંજ ચોરીઉછે. એ ઉપરથી પરધાને તેનો હાથ મેલી દેઈ તેનાં બીજા તરણુકે ભાઈઓને પેલાં તરણુ રતનો વેંહચી આપેઆં.

એ પછે રતનશાહુ શેઠનાં ચારે છોકરાઓએ ભેગા થાઈને વીચાર કરેઓ કે જો પરધાંને આ રૂડી ઈઉકની કાંમે નહી લગાડી હતેતો, આપણુને મોટા વખત શુધી ઈનશાફની અદાલત મધે ખરા બ થાવું પડતે, અને વકી વકીલો વીગરેનાં ખરચથી પઈશાની ખો હવારી થાતે; માટે તેઓએ એકમત થાઈ રાજાનો પરવાનો લેઈને દશ હજાર રૂપીઆ પરધાનને બખશીશ કરેઆ.

જેને ઘેર લોભ, અને આશા છે તેને

ફજેતીનો શું પાર ?

નમદાબાદ નાંમનાં એક શેહર મધે ગોપાલદાશ નાંમનો એક વાંણીઓ શાહુકાર હતો, જેને તાંહ પચાશ વરશની વએમાં પરમેશવરે એક પુતર આપેઓ હતો. ગોપાલદાશને આ બનાવ નવા ઈ શરીખો લાગેઓ કે આવાં ઘડપણની વેલાએ ઈશવરે તેની ઉપ ર મોટી મેહરબાંની કીધી અને તે ઉપરથી ગોપાલદાશે તે છોકરા નું નાંમ લાડથી "લોભ" કરીને રાખેઉ. આ છોકરો જરે મોટો થાએઓ તારે, ગોપાલદાશ શેઠે તેનાં લગન કીધાં, અને જે છોડી શાથે તેને પરનાવીઓ તેનું નાંમ "આશા" કરીને પાડીઉ. આ બનાવ પછે ગોપાલદાશ શેઠનો દીકરો, અને વહુ લાએકનાં થાએ આં, અને તેઓને તાંહ પરમેશવરે એક દીકરી આપી. આશા વહુની દીકરીનું નાંમ; તેનાં બપાવાએ લાડથી "ફજેતી" કરીને રાખીઉ, જેથી ગોપાલદાશ શેઠનાં ઘેર મધે લોભ, આશા, અને ફ જેતી, એ તરણડેનો વાશ થાએઓ. એમ કરતાં ગોપાલદાશ શે ઠનાં દીકરાની દીકરી ફજેતી ૪—૫ વરશની વએની થાઈ, અને

તે વેલાએ તેને શીતલાનો બુરો મરજ થએલો, જેનાં દુખથી તે છો ડી મરણ પાંમી. ફજેતી છોકરીની ઉપર ગોપાલદાશ શેઠ, અને તેની ધણીઆણીનો પેઆર બહુજ હતો; માટે તે છોડીનાં મ રણથી તે ધણી ધણીઆંણી બહુજ રડવા લાગાં, અને તે વેલાએ તેઓનાં પડોશનાં લોકો તેઓને દીલાશો આપવા માટે તેઓની આ ગલ જાઈ બેહાં હતાં. એઓ મધેથી એક પુરશે શેઠને દીલાશા દાખ લ કહી જણાવીઉ કે—શેઠજી તમો રડી રડીને તમારી આંખો શામાટે લાલ કરો છેઓ. પરમેશવરે જે કાંઈ ધારીઉ હતું તેનો બની ચુકું; માટે અવે પછે રડવું એતો ફોકટછે. તમો શાહુમજું, અને ડાહેઆ છેઓ; માટે વીચાર કરો કે અવે રડીઆથી શું વલ શે; પણ અગરજો તમારો લોભ, અને આશા તમારે ઘેરે કાએમછે તો પછે ફજેતીનો શું પાર ?

આ વાતનો શારાઉંશ એવોછે કે જે માંણશ લોભ, અને આશા ઉપર મોહીત થએછે, તેની ફજેતી થવાને કશીએ વીલમ લાગતો નથી; પણ વગર લોભનાં માંણશની કાંઈ પણ રીતે ફજે તી થાતી નથી.

મરંણ સંબંધી એક ફકીરનો દાખલો.

શબજક નાંમનાં એક શેહર મધે અમીરશાહ નાંમનો એક પા દશાહ હકુમત કરતો હતો, જેને તાંહ પરમેશવરે છેક ઘડપણની વેલાએ એક છોકરાને જનંમ આપેઓ હતો. અમીરશાહનું રાજ મોટું હતું, અને તે પઈશાથી ઘણો પુર હતો. અમીરશાહનો દી કરો ઘણો ચંચલ, અને હોશીઆર નીકલીઓ હતો, અને દશ વર શની ઉમ્મી વચેમાં તેણે ઘણો શારો એલમ હાંશલ કરેઓ હતો, જેથી તે શેહરની પરજામાં મોટી ખુશાલી પેદા થાઈ હતી કે તેઓ નાં તુરતનાં પાદશાહની પછે રાજ ચલાવનારો વારેશ ઉપર જણા વીઆ પરમાંણે ખબરદાર નીવડેઓ હતો. માઠાં ભાએગે એવો શું

જોગ બનીઓ કે અમીરશાહ પાદશાહનો દીકરો આજરી પડેઓ, અને બે વરશ શુધી તેણે માદગીનું બીછાંણું ભોગવીઉં; પણ તે અરશામાં તે છોકરાએ માંદગીનાં બીછાણા ઉપર પઢીનેબી એલમ શીખવાનું કામ ચાલુ જ રાખીઉ હતું, અને તેની તબીઅત જોવા આવનારાઓ શંગાથે અકલપશંદ બાબતોની તકરાર ચલાવતો હતો. તેની માંદગીને બરોબર બે વરશ પુરાં થએઆં તે દીને શહ વારે તે છોકરાનું મરણ નીપજીઉ હતું, જેથી પાદશાહી મેહલમાં જ નહીં; પણ તેની શગલી પરજામાં મોટી દલગીરી પેદા થાઈ હતી, અને પાદશાહી મેહલ આગલ પરજાનાં લોકોનો મોટો ભાગ રૂદન કરતો ઉભો હતો. એજ દીવશે તે શેહર મધે એક બુધો ફકીર દાખલ થાએઓ હતો, અને ભીખ માંગવા માટે શેહર મધે ફરતો હતો. આ ફકીર ફરતો ફરતો પાદશાહી મેહલ તરફ જાઈ પુગો, અને તાંહ હજારો લોકોને એકઠા મલી રડતા જોએઆ, અ ને તે ઉપરથી વીચાર કીધો કે આ જગોએ શું ખરાબી થાઈ હશે કે શગલા લોકો રૂદન કરેછે. એ બનાવ જાણવા માટે તે ફ કીર લોકોની ભીડની અંદર દાખલ થાએઓ, અને છેક પાદશાહી મેહલની શીહીડી શુધી ગએઓ, અને તાંહ ઉભેલા લોકોને પુછવા લાગો કે બાવા, તમો શગલાઓ શામાટે રડો છેઓ ? ફકીરનાં શ વાલનો જવાબ એક પુરશે દીધો કે—આ શેહરના પાદશાહનો એક જ પુરો બાર વરશની વએનો દીકરો હતો; જે ઘણોજ ખબરદાર, અને એલમ વાલો હતો તેનું અચડાં મરણ નીપઉજ્છે. આ ખબ ર શાંહભલતાંજ તે ફકીર મોટા આવાજથી ખરખર હશવા લાગો, જે દેખાવ પાદશાહ, અને વજીર, જેઓ ઓટલાની ઉપર હતા તે ઓએ જોએઓ, અને તે ઉપરથી પાદશાહ તે ફકીરની ઉપર ખફા થાએઓ,અને તેને કેદ કરવાને વજીરને જણાવેઉં. પાદશાહનો વજીર શહમજી,અને ડાહેઓ હતો,અને તેથી તે પેલા ફકીરને હશવાની મતલ બને તુરત શહમજી ગએઓ,અને તે ઉપરથી પાદશાહને જણાવીઉ કે ફકીરને કેદ કરવો જોઈતો નથી; કાંએ કે તે આ ફાંની દુની આના રેવાજનો ધીકાર કરીને ખોદાઈ રાહ પશંદ કરેછે, અને એ ટલા માટે હશેછે કે પાદશાહજાદો, જે બાર વરશની દુકી વએમાં

મરણ પાંમીઓ તે કશુંબી પાપ આ પુરથવી ઉપર કીધા વના ની રમલ રહુ શાથે મીનોઇ જેહાંનમાં જાએછે; માટે તેનો વાશો ખરે ખર જીનત બધે થાશે. એટલું કહેઆ પછે વજીરે પાદશાહને જ ણાવીઉ કે એ બાબેની જો તેણે તપાશ કરવી હોએ તો, એક હો શીઆર માંણશને એ ફકીરની પાછલ ફરવાને મોકલ, અને તે માણશને હોકમ કર કે ફકીર આખો દીવશ ફરી રહેઆ પછે, જા રે ઘેર જવાની તઈઆરી કરે તારે, તેને પાછો તારી આગલ લાવે, અને આખો દીવશ શુધી તે કાંહ ફરેછે, અને શું કરેછે તેની તપા શ કરીને તું ને જણાવે. વજીરના આ બોલવા ઉપર પાદશાહને ભરોશો થોડોજ આવીઓ; તોપણ એક ભરોશેદાર માંણશને બો લાવીને વજીરનાં કેહવા પરમાણે તેને પેલા ફકીરની શાથે ફરવાનો, અને શગલી તપાશ કરીને શાંહજે ફકીરને પાદશાહની નજદીક લા વવાનો હોકમ કરેઓ, અને તે પરમાંણે તે માંણશ પેલા ફકીરની પાછલ લાગુ થાએઓ. ફકીરે પાદશાહનો મોહલો છોડીઓ, અને બી જા બે મોહલા ફરેઆ પછે તરીજા એક મોહલામાં દાખલ થાએઓ, જાંહ એકશો વરશનો એક બુધો પુરશ મરણ પાંમેલો હતો, અને તેને ઠેકાંણે પાડવા માટે તેનાં બેશીઓ હશી ખુશીથી તેની કીરી આનું કાંમ કરતા હતા. આ ગરબડ જોઇને ફકીર તાંહ ઉભો, અ ને તાંહ કાંમ કરતા લોકોને પુછીઉ કે બાવા હઇઆં શાંની ગરબ ડછે ? એનાં જવાબમાં એક શખશે વજીરને કહીઉ કે એ ઠેકાણે એકશો વરશનો એક બુધો પુરશ મરણ પાંમીઓછે, અને તેને ઠેકા ણે પાડવા માટે શગલાઓ કાંમ કરેછે. આ શખુન શાંભલવા ઉ પરથી તે ફકીર જારબેજાર રડવા લાગો, અને તેનો તે દેખાવ જોઇને ફકીરની શંગાથે પાદશાહુએ મોકલેલો પુરશ અચરતીમાં પડે ઓ કે પાદશાહનો જુવાન છોકરો મરણ પાંમીઓ તે ઠેકાંણે આ ફકીર બેશુમાર હશીઓ, અને આ એકશો વરશનો પુરશ મરણ પાંમીઓચ તે શાંભલીને બેશુમાર રડેછે તેનું કારણ શું હશે. ફ કીર તાંહથી આગલ ચાલીઓ, અને શાંહજ શુધી એણીગોમ પેલી ગોમ ફરેઆ પછે, પોતાને મકામે જવાને પાછો ફરેઓ કે પાદશાહનું માંણશ જે તેની શાથે હતું તેણે જણાવીઉ કે તું ને પાદશાહ બો

લાવેછે. ફકીરે જવાબ દીધેા કે ભાઈ મેં કાંઈ પાદશાહની તકશી ર કીધી નથી, અને તેટલા માટે હું તારી શાથે આવનેા નથી. માંણશે જણાવીઉ કે પાદશાહના હેાકમ પરમાણે મારે તું ને પાદ શાહની નજદીક લેઈ જાવેા જોઈએ, અને કદાપી તું નહીંજ આવ શે તેા, શીપાહી લેાકેા પકડીને જબરદશતી કરશે. આ શખુન શાં ભલીઆથી તે ફકીર પેલા શખશની શાથે પાદશાહ પાશે ગએેઓ, જાંહ તે માંણશે પેલેા એકશેા વરશનેા બુધેા પુરશ મરણ પાંમીએા હતેા, તેનાં ઘેર આગલ ફકીર રડીએા હતેા તે વાત પાદશાહને જ ણાવી. એ ઉપરથી એ બાબેતેા બેાલાશેા પાદશાહએે વજીરની પાશે માંગેઓ, અને વજીરે પાદશાહને જણાવીઉ કે ફકીર એ ઠેકાં ણે રડીએા તે તેણે બરહક કીધું છે; કાંકે જે પુરશે એકશેા વરશ ની લાંમબી જીંદગી લેાગવીછે તેણે તે લાંમબા વખતમાં કેહવું, અ ને કેટલું માહભારત પાપ કરીઉં હશે તે વીશેની ફકીરને દલગી રી. પેદા થાવા ઉપરથી તે ઠેકાંણે તે રડીએા હશે; માટે અવે એ બંધે દાખલા શંબંધી પાદશાહએે ફકીર પાશેથી ખુલાશેા માંગવેા. એ ઉપરથી પાદશાહએે ફકીરને પેાતાની નજદીક બેાલાવીએા, અ ને તેના જુવાન દીકરા, અને પેલા એકશેા વરશના બુધા પુરશના મરણની વેલાએે હશવા, તથા રડવા વીશેનેા તેની પાશે ખુલાશેા માંગેઓ, જે ખુલાશેા તે ફકીરે વજીરના કેવા પરમાણેજ કીધેા હતેા, અને જણાવીઉં હતું કે માણશ જાત ચુકથી ભરેલું છે, અને તે ગમે એટલેાબી શંભાલ રાખી બેાદાઈ રાહ ઉપર ચલવા જાએે તેાપણ તેને હાથથી પાપ થાએેઆ વગર રેહતું જ નથી; માટે ટુકી ઉમરમા મરવું ઘણું જ બેહતરછે કે તે માણશને હાથે પાપ નહી થાવાથી તે જનત મકાને જાઈ પેાહચેછે.

શમો ફેરવાએલો શોદાગર.

ગોલાબદાશ નામનો એક વાંણીઓ મથુરાં નામે શેહર મધે રેહતો હતો. આ વાણીઓ શોદાગીરીનો ધંધો ચલાવતો હતો, અ ને તે કામમા ઘણોજ હોશીઆર હતો, જેથી તેની પાશે ઘણી મોટી દોલત તેણે મેલવી હતી. તે વેપારના કામમાં એટલોતો હોશીઆ ર હતોકે જેબી દેશમા તે શોદો કરવાને જાએ તે દેશમા તેની શંગા થે બીજા ઘણા શોદાગરો પણ જાતા હતા; કાંકે તેની શહલા પરમા ણે ચાલીઆથી તેઓનેબી શારો નફો થાતો હતો. ગોલાબદાશે મુ શાફરી કરવા માટે ચાર વાંહાંણ નોલે માડીઆં, અને તેની અંદર તરાંહ તરાંહનો માલ ભરેઓ, અને એક વાંહાંણ ઉપર શગલી મંડલી શાહીત બેઠો હતો. ગોલાબદાશના પઈશા પરમાણે તેણે પોતાની શાથે ચાકર વીગરે માણશો રાખીઆં હતાં, જેમાનુ એક માણશ ગો લાબદાશની હજુરમાં રાતદીન બેશી રેહતું હતું, અને તેને લગ તું કામકાજ કરતું હતું. એક દીવશે શહવારે વાંહાંણની બારદુએ ઉભા રહીને ગોલાબદાશ દાતન કરતા હતા, જેઓ આગલ તેનુ પેલું માણશ કલશીઓ પકડીને ઉભેલું હતું. ગોલાબદાશે દાતન કરી રહેઆ પછે હાથ ધોવા માટે વાં હાંણની બાહેર પોતાનો હાથ કાડીઓ, અને તેજ વેલાએ તે ના હાથની આંગલીએ પંદર હજાર રૂપીઆની એક વીટી હતી તે નીકલીને શમુદર મધે પડી. આ દેખાવ જોતાંજ ગોલાબ દાશના પેલા ચાકરે શમુદર મધે નખાવી દીધું, જે જોવાથી, જેમ ગોલાબદાશ તેમજ વાંહાંણ મધે બેઠેલા બીજા શોદાગરો દલગીર થા એઆ, અને વાંહાંણ મધેથી બોટો વીગરે નીચે ઉતારી, અને દોરડાં ઓ નાખીઆં કે તે પકડીને પેલો ચાકર ઉપર તરી આવે. જો કે માહ શમુદર મધે મોટાં બારકશો ગરક થાએ તેનો, અને તેની અંદરના મોટા દાગીનાઓ કાડવાનો થાગ નહી લાગે તેવા અથાગ પાંણીથી ભરપુર થાએલા શમુદર મધે જે જગાએ વીટી પડી હતી તેજ જગાએ પેલા ચાકરે તુરત નખાવી દીધાથી તેના હાથમાં વીટી આ

વી ગેઈ હતી, અને તે લેતેાજકે તે ચાકર પાંણીની શપાટી ઊપર નીકલી આવીએા હતેા, અને દેારડું પકડી લેઈને તેની નજદીક પાગરે બાંધેલી એક બેાટ મધે બેશી ગીએા, અને તે પછે તે બેાટને વાંહાંણ આગલ ખેંચી લેઈને પેલા ચાકરને ઉપર લીધેા. ચાકર પેાતાના મન મધે હરખતેા બહુ હતેા; કાંકે પેાતાના શેઠની પંદર હજાર રૂપીઆની વીટી તેણે કાડીઆથી, શેઠ તેને મેાટું ઈનામ આપશે, એવી તેણે વકા રાખી હતી; પણ તેને બદલે તેા વાંહાંણ ઉપર ગએ આ પછે જુદેાજ બનાવ બનીએા હતેા, અને ચાકરે શેઠના હાથમાં વીટી આપી તે જોતાંજ શેઠની હાલતમાં ફેરફાર થાઈ ગએએા, અને તે બેશુધ થાઈને પડીએા. આ દેખાવ જોવાથી વાંહાંણ મધે બેઠેલાં માણશેામા મેાટેા ધમરાટ થાએએા, અને શગલાએા વીચાર માં પડીઆ કે ગેાલાબદાશ શેઠને અકશમાત શું થાઈ આવીઊં. વાંહાંણના નાખુદાએ, અને બીજા ઊતારૂએાએ ઘણીએક તદબીર કીધાથી ચેાથે દીવશે ગેાલાબદાશ હેાશીઆરીમા આવીએા, અને તે વેલાએ તેને પુછેઆથી બેાલીએા કે—ભાઈએા, આથી તે ચડતેા, અને શરશ દીવશ તેનેા કહેએાછે કે જે માહ શમુદરની અંદર ગરક ગએલાં મેાટાં બારકશીને કાડવાનેા યાગ લાગતેા નથી તે શમુદરની અંદરથી એક જરા શરીખી વીટી તુરત વેલાએ મલી આવી; માટે અવે શીઘ થાએઊં કે તેનેા જે શુભ, અને ચહહતેા ઘરેહ હતેા તે આજ દીને પુરેા થાએએા, અને નરશેા વખત આવવાની આજ દીને થી શાહરૂઆત થાઈ. આ શખુન શાંભલવાથી વાંહાંણ મધે બેઠેલા બીજા શેાદાગરેાએ, અને વાંહાંણના નાખુદાએ ગેાલાબદાશને દીલાશેા આપેએા, અને તેઓના મન મધે જે વેહેમ ભરાએએા હતેા તે ઊડાડેછે, એવા ઘણાએક દાખલા આપીને તેનુ મન રીજ વીઊં, જેથી કેટલેએક દીવશે તે શારીપેઠે ફરવા લાગેા; પણ પેલા વીટી કાડીને લાવનારા ચાકરને ઈનામ વીગરે કાંઈ જ આપીઊં નહી. ચાકર ચેાજ્ઞાજ વફાદાર, અને એકીનવા લેા હતેા; માટે તેણે તે વીશેની કશી પણ દરકાર કીધી નહી, અ ને પેાતાના શેઠની ચાકરીમાં આગલના કરતાંને ઘણીજ શરશ રીત થી મશગુલ થાએએા. કેટલાએક દીવશ ગએઆ પછે તેઓ આ

મદાનગર નામના એક શેહર મધ્યે જાઈ પુગા, અને વાંહાંણુ ઉપર થી ઉતરીને શેહર મધ્યે ઉતારાની જગાને માટે ફરવા લાગા, અને એક શારૂં મોટું, અને કોશાદે ઘેર ભાડે લીધું, અને તેની અંદ ર રહીને તે શેહરના પાદશાને મલવા માટે ગએઓ, અને કેટલીએક બેમુલ્ય વશતુઓ પાદશાહને માટે ભેટ લેઈ ગએઓ હતો. પા દશાહ આગલ જાઈ બેઠાપછે પોતાનો શંગાથે લેઈ ગએલી વશતુ ઓનુ નજરાંણું કીધું, જેથી પાદશાહ મધન થાએઓ, અને ગો લાબદાશ શંગાથે વાતચીત કરતાં તેની બોલી, અને ચંચલાઈ ઘ ણીજ શારી જોઈ, જેથી તેની ઉપર પાદશાહનો ચાહ વધીઓ, અને તેટલા માટે દરરોજ ગોલાબદાશને પોતાની નજદીક બોલાવી મોટા વખત શુધી તેની શંગાથે ગમત, અને રમત કરવા લાગો હ તો. એવી રીતથી ઘણા દીવશ ગુજરી ગએઆ, અને તેપછે શોહ રની અંદર એક ઘણોજ માઠો બનાવ બનીએ. શેહરની અંદર બાહેરથી કેટલાએક ચોર આવીઆ, અને તેઓએ પાદશાહની તી જોરી ઉપર દરોડો પાડીઓ, અને ખજાનચીને કતલ કરીને તીજો રી મધ્યેની નગદી ચોરી ગએઆ. આ કામ કરતાં મોટો વખત નીકલી ગએઓ, અને રાત પુરી થાવા આવી તેથી ચોરોએ તે ન ગદી પેલા ગોલાબદાશે ભાડે લીધેલાં ઘેરના પાછલા ભાગના કમ પઉંનડ મધ્યે ડાટી; કાંકે તે ઘેર મોટું હતું, અને માંણશોની જા જ વશતી હતી તેથી ચોરો તે ઘેર ખાલી જાણીને તેના કમપાઉન ડ મધ્યે દાખલ થાએઆ હતા. શાહુવાર પડી, અને ખુત, અને ચો રીની વાત જાહેર થાઈ, અને તે ઉપરથી પાદશાહએ પગીઓને બોલાવીઆ, અને ચોરીનો પતો મેલવવાને તેઓને જણાવીઉં. પ ગી લોકોએ તીજોરી આગલથી ચોરોના પગલાં પકડીઆં, અને તે જગાએથી તપાશ કરતા ગોલાબદાશના ઘેરના પાછલા વાડા શુ ધી ગએઆ. આ જગોએ પગીઓનાં પગલાં વીખરાએલાં હોવા થી અને વારાની જમીન ખભરાએલી લાગાથી, પગીઓએ જણાવી ઊંકે આ ઠેકાંણે ચોરીનો માલ ડાટેલો લાગેછે. પગીઓના કેવા ઉપરથી તે વાડાની જમીન ખણી, અને તેની અંદરથી પાદશાહ ને તાંની નગદી મલી આવી. આ ઉપરથી પાદશાહને શંધે ગએ

ઓ કે ગોલાબદાશે તે ખુન અને ચોરી કીધીછે, અને તેટલા માટે તેના ઘેર આગલ ચોકી પેહરા મેલીઆ, જેથી ગોલાબદાશની શં ગાથેના બીજા શોદાગરો, અને ગોલાબદાશના શગલા ચાકરો તાંહથી છુપી રીતે નીકલીને વાંહાંણુ મધ્યે બેશીને નાહશી ગએઆં; પણ ગોલાબદાશનો પેલો વફાદાર ચાકર તેની આગલજ બેશી રહે ઓ. થોડા વખત પછે પાદશાહના હોકમથી ગોલાબદાશને પકડીને ચોકી મધ્યે લેઈ ગએઆ, અને તે પછે તે ચોરી વીશેની તેનેથી પ રપુછ કીધી; પણ ગોલાબદાશને તે ચોરી માટે કશીએ ખબર નહી હતી માટે તે બાબતમા તેણે પોતાનુ અંજાણપણું બતાવીઉં. પા દશાહનો શંધે તેની ઉપર વધીઓ અને તેથી એક ખુલી જમીન ઉ પર લાકડાંનુ એક ઝાડું નાખીને તેની અંદર ગોલાબદાશનાં બંધે પગ ઘાલીને તેને તાંહ બેશાડી મેલીઓ, અને તેના ઘેર મધ્યેની ત થા શમુંદર મધ્યેનાં વાંવાંણો ઉપરની તેની શગલી વશતુઓ પાદ શાહએ જપત કરાવી. ગોલાબદાશનો પેલો વફાદાર ચાકર છુપી રીતે તેની આગલ ગએઓ, અને તાંહના ચોકીદારની આગલ જઈ તેનાં કાલાવાલા કીધા કે તેનો શેઠ નીર અપરાધીછે, અને તેટલા માટે તેની ઉપર તેણે દએઆ આંણવી કે એ મુકદમાનો ફેશલો થા એઆબાદ તેને ઈનામ આપેઆમા આવશે, અને તેટલા માટે ગોલા બદાશની ચાકરી કરવા માટે દરરોજ ચોકીદારે તેને આવવાની ર જા આપવી. ચાકરની એ વાત શાંભલીને પેલા ચોકીદારને ગોલા બદાશની ઉપર દએઆ આવી, અને તેઉપરથી તે ચાકરને જણા વીઉં કે જો તારી ખુશી હોએતો, છુપી રીતે પરભાડો આવીને એની ચાકરી કરેઆ કરજે. એ ઉપરથી ચાકરે ગોલાબદાશની આ ગલ જઈને તેને દીલાશો આપેઓ, અને જણાવીઉં કે હું ગાંમ મ ધે કાંઈ ધંધો કરીશ, અને જો કાંઈ મલશેતો લાવીને તારી આ ગલ હાજર કરીશ; માટે તુંએ કશી પાંતીની ફીકર કરવી નહી. ચાકરે પોતાને હાથે રૂપાંની વીટી હતી તે વેચીને તેની એક મશ ક શીવાડી; અને બજાર વીગરે લોકોના આંગણાં આગલ પાંણી શીપવા લાગો, અને તેના જે પઈશા મલે તેનુ ખાવાનુ લેઈને દર રોજ શાંહજના ગોલાબદાશ આગલ જઈને તેની શંગાથે ખાતો હ

તો, અને ગોલાબદાશને ખુલલી જમીન ઉપર શુવાડેઆમા આવતો હતો તાંની ધુલ બેશાડી દેવા માટે તે જમીન ઉપર દરદોજ શીપ ણું કરતો હતો. એમ કરતાં કેટલાએક દીવશ નીકલી ગએઆ; પણ પછે ચોમાશું બેહાથી છટકાવ કરવાનું ક્રાંમતો બંધ પડીઉ, જેથી પેલા ચાકરનો ઈલાજ ખુટેઓ. એ ઉપરથી ચાકરે ઠેડાવ કરેઓ કે શેહેર મધે હુલ મન્જુરી મલેતો તે કરીનેબી પોતાના શેઠ ની શેવા બજાવે, અને તે કારણશર શેહર મધે ભટકવા લાગો; પણ તેમાબી તે બેચારાનુ કાંઇ વલીઉ નહી, અને ઘણા દીવશ શુધી એક ભઠીઆરાને તાંહથી ઊધાર ઉછીનુ લાવીને પોતાના શેઠ ને ખવાડીઉ; અને શેવટે પોતાના હાથની બાન્ધુએ રૂપાંનુ એક ક લું હતું તે વેચીને પેલા ભઠીઆરાના રૂપીઆ આપેઆ. એક દીવ શે શેહર મધેના એક મોહલામાં એક જણને તાંહનો જમનવાર હ તો, અને તે જોઇને પેલો ચાકર તે ઠેકાંણે બેશી રહેઓ. જમવા નુ પુરૂં થવા આવીઉં તારે, એક શખશે તે ચાકરને પુછીઉંકે ભા ઈ મોટા વખતથી તું અતરે બેઠોછે તેનુ કારણ શું ? જો તારે જમવાની ખુશી હોએતો આવ પણગટમા બેહાથી તુંને જમાડીઆ મા આવશે. ચાકરે જવાબ દીધો કે શેઠ જો ધરમ કરો તારેતો બે માંણશનું ખાવાનુ તેને આપવું કે મારો શેઠ ચોકી મધે કેદ પડેલોછે તેની શાથે ખાઉં. એ ઉપરથી પેલા વાંણીઆએ બે જણ શારીપઠે ધરાઈને ખાએ એવી પરકારથી તેને ખાવાનુ આપી ઉં, જેમાં શીરો, પુરી, અને દુધપાખ વીગરે હતું. આ શગલું કાદવના વાશણ મધે મેલી તે વાશણો હાથમાં પકડીને એક શાંક લી ગલી મધેથી પોતાના શેઠ આગલ જાતો હતો. એ ગલીની અંદર બે ગોધાઓ એક બીજા શાથે લડાઈ કરતા હતા;માટે ચાકરે વીચાર કીધો કે ગોધાઓ જાંહ લડેછે તેની પડોશના ઓટલા ઉ પર ચડીને પશાર થાઈ જાઉ, અને તે પરમાણે તે ઓટલા ઊપર ચડીને લડાઈની જગાએથી પશાર થાએઓ, અને પછે ઓટલા ઉપર થી નીચે ઊતરીને ગલી મધે ચાલતો હતો; પણ તેવામા અકશમાત બનાય એવો બનીઓ કે પેલા ગોધાઓ માંહેલો એક ધોધો હારીને ચાક રની તરફ દોડીઓ, જેને મારવા માટે બીજો ધોધો તેની પાછલ લાગો

જેથી તે બંધે ઘોડાઓ ખુબ જોરથી દોડીઆ, અને તેઓની હરોલ મધ્યે પેલો ચાકર આવી ગએઓ, અને ઘોડાના આચકાથી નીચે પડી ને ઘાહેલ થાએઓ, જેથી તેના હાથ મધ્યનુ ખાંણું જમીન ઉપર પડીને ખરાબ થાએઉં. ચાકર બીચારો જમીન ઊપરથી ઉઠીઓ, અને વી ચાર કરવા લાગો કે કાંઇ મુદતે પરમેશવરે તેને શારૂં શુતરૂં ખાવાને આપીઉં; પણ ભાએગમા નહી તારે ઘોડાઓએ તે ખરાબ કીધું, અને વલી જમીન ઉપર પડીઆથી શરીરને વાગું તે શેકટમાં ગએઉં. ચાકર ગોલાબદાશની પાશે ગએઓ, અને તે દીને બનેલા બનાવની રાગલી વાત તેની આગલ કહી. આ વાત શાંભલવાથી ગોલાબદાશ જોકે એક બે દીવશનો ભુખો હતો; તોપણ મોટી ખુશીથી ઊઠી ને ઉભો થાએઓ, અને ચાકરને જણાવીઉં કે ભાઈ, અવે તારે એ મ જાણવું કે મારો જે અશુભ ઘરેહ બેઠો હતો તે અવે બદલાએઓ; કાંકે બે દીવશનો ભુખો હોવા છતાં, ખાવાને જે મલીઉં તે પણ આજ દીને હાથમાથી ગએઉં, અને તરીજો દીવશ પણ ભુખું જ શુવું પડવાનું, તારે અવે એથીને ખરાબ વખત બીજો કહેઓ આવી શકે ? માટે ચાલો ઈશવરને ઈઆદ કરીને શુઈ જાઈએ. એમ બોલીને તેઓ બંધે જણા પરમેશવરને ઈઆદ કરીને શુઈ ગએઆ.

અવે બીજી તરફથી એવો બનાવ બનીઓ કે ગોલાબદાશના ઘેર ઊપર શરકારે જોરે ઘેરો નાખીઓ તારે, બીજા શોદાગરો, અને ગોલાબદાશના માંણશો તાંથી નાહશી ગએઆં હતાં, અને ગોલાબ દાશ ઉપર ગુજરેલી અંચીની આફત વીશે પોતાના પાદશાહને ખબર આપી હતી. મથુરાંનો પાદશાહ અમદાનગરના પાદશાહ કરતાંને મોટો હતો, અને અમદાનગરના પાદશાહ પાશેથી દર વરશે શલામતી ના રૂપીઆ લેતો હતો; માટે તેણે અમદાનગરના પાદશાહની ઉપર એક કાગલ લખીને ગોલાબદાશના માંણશોને આપેઓ હતો, અને તે કાગલ વાંચતાંને વાર ગોલાબદાશને છોડી મેલવાને અમદાનગરના પાદશાહને જણાવીઉં હતું. આ કાગલ લેઈને ગોલાબદાશનાં માં ણશો અમદાનગર મધ્યે જાઈ પુગાં, અને મથુરાંના પાદશાહનો કાગલ અમદાનગરના પાદશાહને હવાલે કરેઓ, અને તે વાંચતાને વારજ પાદશાહએ હોકમ કીધો કે ગોલાબદાશને છોડી મેલે, અને તેની જે

મતા જપત કીધેલીછે તે શગલી તેને પાછી આપે. ગોલાબદાશને છોડી મેલીઓ, અને તેની શંગલી મતા તેને પાછી આપેઆથી, તે વેચીને બીજો માલ ખરીદવાનુ કાંમ તેણે શહરૂ કીધું,એટલામાં એક દીવશે પાદશાહને તાંહ ચોરી કરનારા ચોરો ગોલામદાશના વાડા મધે ડાટેલી નગદી કાડી લેઈ જવાને તાંહ આવીઆ, જે વીશેની ખબર કોટવાલને પડતાંજ તેઓને પકડી લીધા, અને તે વેલાએ પાદશાહની તીજોરી મધે થાએલી ચોરી, અને ખજાનચીના ખુન શંબંધી શગલો ખુલાશો થાએઓ, જેથી પાદશાહએ ગોલાબદાશને પોતાની દરબાર મધે બોલાવી મંગાવીને મોટું માન આપીઉં, અને પોતે કીધેલી બેઈનશાફીને માટે તેની પાશે માંફ માંગી. એ પછે ગોલાંબદાશ પોતાનો શીદ્દો કરી લેઈને પોતાના મથુરાં શેહર તરફ રવાના થાએઓ.

વખત શંભાલીનેજ વાત કરવી.

એક નદીની અંદર રેલનો પુર આવીઆથી એક નાગ ખેંચા ઈ જાતો હતો, અને તે એટલોતો ઠાકી ગએઓ હતો કે પોતાનો બચાવ કરવાનીબી તેનામાં શકતી નહી હતી. નાગનો આવો મામલો જોઈને પાંણી મધે તરતા એક દેડકાએ જોઈઉં કે નવાઈ શરીબો દાખલો દેખાડવાને આ લાગ ઘણો શારો આવીઓછે, એવું વીચારીને નાગની નજદીક જાઈને તે નાગના કપાલ ઉપર ચડીને બેઠો. નાગ બીચારો ઠાકેલો, અને પોતાનો બચાવ કરવાની જરે તેનામાં શકતીજ નહી તારે, દેડકાની શાથે અમશથકો જઘડો કરી હારવાના કરતાને મુંગુંજ રેહવું તેણે દરૂશ ધારીઉં. આ દેખાવ જોવાથી "ચાક" નામનો એક પખશી, જે નદીની શપાટીથી થોડી ઉનચાઈ ઉપર ઉડતો હતો તેણે નાગને પુછીઉં કે ભાઈ જેનો તું ભખશ કરે તેજ આજે તારા શીરનો તાજ થાઈ તારી ઉપર શવાર થાએઓછે તેનુ કારણ શું ?

નાગે તે જાનવરને જવાબ દીધો કે ભાઈ,જેમ એક વાંણીઓ

અશકત,અને નબલો હતો તારે તેની બાએડી પોતાના બુરાં કાંમમાં ફાવી નીકલી હતી, અને વાંણીઓ મુંગે મોડે બેશી રેહતો હતો, તેમજ અવડાં હું એટલોતો ઠાકી ગએએાચ કે આ રેલના પાણીમા થી તરીને મારાં શરીરનો બચાવ કરવાનીબી મારામા શકતી નથી તારે, તેવે શમે મારો એક નંબલામા નબલો શતરૂ મારી ઉપર કૃતેહ મેલવે તો તેમા મોટી નવાઈ તે શું થાઈ; પણ જરે લાગ આવશે તારે જોઈ લેઈશ• આગલ ચાલતાં પાંણીની વચે આશરે એક ગજના ઘેરાવાની જમીનની એક ટેકડી આવી, અને તેજ ટેકડી આગલ નાગ પાંણીથી ઊંચાઈ ગએએો તારે જમીનનો આશરો લેઈને જડપથી પેલી ટેકડી ઉપર નાગ ચડી ગએએો• નાગો આવો ઉપાએ લેતાંજ પેલી તરફથી દેડકાએ પાંણી મધે છલાંગ મારી, અને જહડપથી નાંહશવા લાગો; પણ જમીનની પેલી ટેકડીનો ઘેરા વો નીચાંણમા ઘણો મોટો હોવાથી પોતાની પુછડીનો આધાર તે ટેકડી ઉપર રાખીને નાગો પેલા દેડકા ઉપર અતીઘણી જડપથી તરાપ મારી, અને તતકાલ પકડીને તેનો ભખશ કરી નાખીએા• આ બનાવ જોઈને આકાશ તરફ ઉડતો પેલો "ચાક" પખશી હશી પડીએા, અને નાગને શાબાશી આપી બોલીએા કે ભાઈ તેં પણ ઘણી શારી તાલ બજાવી; પણ અવે પેલા વાંણીઆની, અને તેની બાએડીની વાત શુંછે તે મારી આગલ કર• નાગો તે પખશીને જણાવીઉ કેઃ—

ભરથારને આંધલો કરવા ચાહનારી અશતરી•

શારોલી નામે એક ગાંમમા નવલચંદ નામનો એક વાણીએા રેહતો હતો,જે અતીઘણી નબલી, અને ગરીબી અવશથામાં હતો,અને તેને લીધે ખાવા પીવાને પણ તેને પુરતું મલતું નહી હતું,જેથી તે દુબલો શરીરા હતો• નવલચંદની બાએડી ઘણીજ ખુબશુરત હતી;પણ તે પો તાની ખુબશુરતીને પોતાની માઠી ચાલથી એબ લગાડતી હતી,અને પો તાના ભરથારનુ દીલ દુખાવીને દોશ આશનાવોને રાજી રાખતી હતી• નવલચંદ પોતાની બાએડીનાં કઉતક જાણતો હતો; પણ તે ઘણો દુબલો હતો, અને તેની બાએડી ચપરખંધી, અને મતવાલી હોવાને લી ધે તેને કશુંએ કેહેતો નહી હતો, અને મુંગે મોહોડે, જેમ જાણે તે અશતરીની માઠી ચાલથી નાવાકેફ હોએ તેમ, મુંગે મોહકેજ

ફરેઆ કરતો હતો. જોકે નવલચંદ પોતાની બાએડીનો આટલો બધો જુલમ શોશતો હતો, તોપણ તે અશતરી પોતાના ભરથારની ઉપર એથીબી વધારે જુલમ કરવાને ચાહતી હતી. તે અશતરી નીતરોજ એક દેહડાં મધે જાતી હતી, અને તાંહ બેશાડેલી દેવી આગલ ઈશવર પરારથના કરીને એવું ચાહતી હતી કે—ઓ દેવી માં, એવું કર કે મારો ભરથાર બને આંખે આંધલો થાએ. કાં ઈએક દીવશ ગએઆ પછે, એ વાત નવલચંદને કાંને ગેઈ, અને ને ઉપરથી નવલચંદે એક દીવશે તે દેવીના દેહડાં મધે છુપાઈને પોતાની બાએડીની માંગણી શાહમનવાનો વીચાર કીધો. આ ઠેકાણ પરમાંણે નવલચંદે એક દીવશે શવારે પોતાની બાએડીને જણાવીઉં કે તે અવડાં ગાંમ જાએછે, અને તાંહથી છેક શાંહજે આવશે; માટે તેટલા શુધી તેણે તેની રાહ જોવી નહી. બાએડીએ ઉતર દીધો કે શારૂં; પણ જેમ બને તેમ વેહલા આવજો: મને ઘેરમાં એખલું શોહવાશે નહી. (એમ બોલીને મનમાં વીચારીઉં કે આ પીડા જાએ તો શારૂં કે આખા દીવશ શુધી નીરાંતથી ધારીઉં કાંમ શાધી લેવાને બની આવે.) નવલચંદ ઘેરથી બાહેર નીકલીઓ, અને પેલી દેવીના દેહડાં મધે જાઈને છુપી રીતે દેવીની પાછલ ભરાઈ બેઠો. જરા વખત ગએઆ પછે નવલચંદની બાએડી ઘેરથી નીકલી, અને દેવીનાં દરશણ કરવાને બાંહને દેહડાં મધે ગેઈ, અને દરરોજના રાબેતા પરમાંણે પોતાના ભરથારને આંધલો કરવા માટે દેવીને જણાવેઉં. આ વેલાએ તેના ભરથારે પોતાનો આવાજ બદલીને જણાવેઉં કે—ઓ અશતરી તું દરરોજ તેની શેવા બજાથી માંગણી કરેછે તે શાંભલવાને આજે તે તઈઆરછે; માટે બાહેર જાઈને દેહડાંના દરવાજા બંધ કર, અને તે પછે જે માંગવું હોએ તે મને કેહ કે હું તુંને આપું. જો તું દેહડાં મધેજ ઉભી રેહશે, અને હું પરકાશી નીકલીશતો, મારાં તેજથી તારી આંખે ચીતરી આવશે, અને તેના ઘભરાટથી શું માંગવું તે તુંને શુજશે નહી. આ અવાજ શાંભલતાંજ તે અશતરી તુરત બાહેર નીકલી પડી, અને જહડપથી દેહડાંનાં બારણાં બંધ કરે આં. એ પછે તેના ભરથારે પુછીઉં કે એ અશતરી અવે બોલ

કે તું શું માંગેછે ? અશતરીએ જણાવીઊં કે દેવી માતા, મને એટલું જ જોઇએછે કે મારા ભરથારને બંધે આંખે આંધલો કર. દેવી ના દેહડાં મધેથી તેના ભરથારે જણાવીઊં કે શારૂં, તારૂં ધારીઊં કામ છ મહીનામાં થાશે; પણ તેટલા વખત શુધી તારા ભરથારને દરરોજ ચહડતી કલાનું શારૂં,શુતરૂં,જેમ બનેતેમ ઘીહ ચોપડનું ભોજન જમાડજે, એટલે ધીમે ધીમે તેની આંખે અંધાપો આવી જાશે. આ વાત શાંભલીને તે અશતરી બહુજ મઘન થાઈ, અને દેવીને રૂડા આશીરવાદ દેઈ તાંહથી ચાલીને પોતાને ઘેર ગોઈ-શાંહજ પડી, અને નવલચંદ જાણે ગાંમ જાઈ આવીઓ હોએ તેમ, પોતાના ઘેરમાં ગએઆ. તેની બાએડી જરા ગોશામા આવી ને બોલી કે કેટલો વખત કીધો; આખો દીવશ ઘેર મધે મને એખલું રેહતાં બહુ બીખ લાગી. નવલચંદે જણાવીઊં કે હું તો વેલો જ આવનાર હતો; પણ એક મીતર મલીઆથી, તેની શાથે વાત કરતાં વખત લાગેઓ. એ પછે નવલચંદને માંટે તેની બાએડીએ નાહવાને પાંણી તાતવીઊં, અને તે ચાલતાં ઠાકી ગએઓ હશે, એવું જણાવીને તેને આંગે તેલ ચોલીને તેને ગરમ પાંણીથી નહવાડીઓ, અને ભોણું કરીને જમવાને બેશાડેઓ. ભોણા મધે શારૂં, અને શુતરૂં પકવાન જોઈને નવલચંદ બોલીઓ કે વાહવા, આજતો મારો દીવશ ફરી ગએઓછે. બાએડીએ પુછીઊં કે તે કેમ; એવું શીદને બોલો છેઓ. નવલચંદે જણાવીઊં કે વલી તે વાતતો ખરીજતો. દરરોજતો શુકો પાકો રોટલો ભેલતી હતી, અને કોઇ દીવશે કદાચ શાખ ભાજી ભેલતી હતો, અને કોઈ દીવશેતો અમશથકોજ રોટલો કડવો પડતો હતો; પણ આજ દીનેતો શાખ ભાજીની શાથે ઘીહથી ગગરતો રોટલો ભેલીઓછે.

અશતરીએ જવાબ દીધો કે ઓ શાંભીજી; કેહવાતછે કે "પરે તારે ભુજે" એ ખરીજ વાતછે. હું નવરાશની વેલાએ આપણા ભોહલા માંહેલા વીઆશને તાંહ પુરાંણ વંચાએચ તે શાંભલવાને જાઊં છેઊં, અને વીઆશે આજ દીને પુરાંણ મધેથી એવું વાંચીઊંછે કે જે અશતરી પોતાના ભરથારની શેવા ચાકરી શારી રીતથી કરે તેને આકાશવાશી થાએઆ પછે શવરગ મલે;માટે અવેથી હું તો ત

મારી શારી રીને શેવા ચાકરી કરીશ, અને રૂડાં વાંના જમાડીશ. નવલચંદે પુછીઉં કે હું તો ગરીબરો છેઉં તારે તું કંઈથી લાવીને મને રૂડાં વાનાં જમાડીશ. અશતરીએ જણાવીઉં કે એ વાત ખરીછે; પણ તેની કશી ચીણુના નહી. હું અવેથી રાત દીવશ મેહનત કરીને રેંટીઓ કાંતશ, અને તેના શુતર મવેથી જે બે પ ઈશા મલશે તે ખરચીને શારી રીતથી તમારી શેવા ચાકરી બજા વીશ. નવલચંદે જણાવીઉં કે ચાલ તારેતો હીકજછે: અવે મને તો ધનની દશા બેડી ખરી; જેમ તું ને રૂડું લાગે તેમ કરવું; કાંકે પુ રાંણુ મધે જણાવેલી વાત ખરીજછે કે જે અશતરી ભરથારની શે વા ચાકરી કરે તેને શવરગવાશ મલે. નવલચંદની બાએડી દીન ઊંઝતે નવાં નવાં પકવાંન કરીને પોતાના ધણીને જમાડવા લાગી; પણ તે આંધલો કેહારે થાએ તેની ઈનતેજારીથી વાટ જોતી હતી. એમ કરતાં એક માંશ ગુજરી ગએઓ તારે, નવલચંદે ઢોંગ કીધો કે—અલી, મારીતો આંખે અંધેરાં આવેછે. દીવશની વેલાએ તો જરા શારૂં દીશેછે; પણ રાતની વેલાએ ફાંફાં મારવાં પડેછે. અ શતરીએ જણાવીઉં કે આમ તે શું બોલોછો; જો કાંઈ અડચણ થાઈ હોએ તો, વઈદને ઘેરે જાવો, અને કાંઈ અઉશડ આપે તે ખાવો કે શારૂં થાએ. નવલચંદે જણાવીઉં કે હીકછે જાઈશું, એમ કરીને એક બે માશ કાહડી નાખીઆ, અને પછે રાતની વેલા એ જેમ જાણે આંખે દેખાએ નહી, અને જાંણે ફાંફાં મારતો હોએ તેમ, એણીગેમથી પેલીગેમ અથડાવા લાગેા. આ દેખાવ જોઈને બાએડીનો મનમાં મવન થાઈ; પણ પુછવા લાગી કે—અરે તમો એ શું કરોછો.

નવલચંદે જવાબ દીધો કે હાજતે જાવાને ઉડીઓ છેઉં; પ ણ બારણું હાથ લાગતું જ નથી: શું બતી બુજાઈ ગેઈચ કે ?

બાએડી બોલી કે આવું મોટું બતીનું અજવાલું છે, તે છ તાં અથડાવછો કેમ ?

નવલચંદે જવાબ દીધો કે કરમના ભોગ થાએઆછે. વ ળી જરે બતીનું અજવાલું જણાતું હોએ તારે, શીદને ફાંફાં મારૂં?

બાએડીએ કહીઉં કે પણ તારે વઈદને ઘેરે શામાટે નથી જતા ?

નવલચંદે જણાવીઊં કે ભોગ મારા કરમના ઠે હું વઈદને ઘેરે જાઈ નથી શકતો; કાંકે ઈશવરે મને પઈશો નહી આપેઓ, અને તેથીજ મુંગે મોહડે દુઃખ શોશવું પડેછે.

બાએડીએ કહીઊં કે તમો શેને શારૂં મુજ્ઝોછોઃ લોની પાંચ રૂપીઆ જોઈએતો હું આલું; પણ તમો વઈદને ઘેરે જાઈ અઉશડ કરોકે તમારાં રતનને તેજ વધે. મનેતો તમારી બહુ ધાશતી લાગેછે.

નવલચંદે જણાવીઊં કે બાઈ જો એમ કરશોતો ઈશવર તારૂં કલીઆંણ કરશે. વારૂ આંખ હુશે તો કેથેબી ભટકીને બે પ ઈશા પેદા કરી લાવીશતો આપણાં ગરીબ ઘેરમાં ખરચવાને કાંમ આવશે.

શહવાર પડી, અને વાંનુ વાઈઊં, અને તે વેલાએ નવલચંદની બાએડીએ તેને ૫) રૂપીઆ આપેઆ કે જાઓ વઈદને ઘેરથી કાંઈ અઉશડ લાવીને ખાવો કે તમોને પરમેશવર શારૂં કરે. નવલચંદ ૫) રૂપીઆ લેઈને ઘેર મધેથી બાહેર ગએઓ, અને એક ગાંધીની દુકાનેથી એક પઈશાની શાકર લેઈને તેને બહુજ બારીક કીધી, અને તેનાં થોડાંએક પડીકાં બનાવીને ઘેર લાવીઓ, અને બાએડીને કેછે કે વઈદે તેને અઉશડના પડીકાં આપેઆંછે કે દરરોજ શહવાર શાંહજ એને ઘીહને શાકર મધે ગલવાં. બાએડીએ કહીઊં કે ઠીક જછે. ઘીહતો આપણાં ઘેરમાં છેજ; માંટે તમોએ પડીકાં ખાવાં કે જલદીથી ઈશવર તમારી આંખ શારી કરશે. નવલચંદે એ પરમાંણે એક તરફથી ઘણા દીવશ શુધી શાકર, અને ઘીહ ચાટે આ કીધું અને બીજી તરફથી તેની બાએડી નીતરોજ તેને વધારે તર માલ ખવાડવા લાગી; કાંકે તેતો ખરેખરજ શમજતી હતી કે તેનો ભરથાર દેવીના કેવા પરમાંણે આંધલો થાતો જાએછે. નવલચંદને નીરાંતથી બેશોને શારૂં શુતરૂં ખાવાનું મલીઆથી તે શરીરે નબલો, અને દુબલો હતો તે કઉવતમંદ, અને આંગો ભરેલો થાએઓ, અને જારે છ માંશ પુરા થાવા આવેઆ તારે, એક દીવશે પરોઢીએ શુતેલો ઉઠીને પોકાર મારી રડવા લાગો કે—ભાઈ આવો રે, આજે તો કરમના ભોગ પુરા ફરી વલેઆ. દીવશની વેલાએ જરા જરા જે દીશતું હતું તે પણ આજે બંધ થાઈઊં,

અને બંધે આંખે અપંગ થાએએો. નવલચંદના પોકારથી, અને તેણે કીધેલાં રૂદનથી આશપાશના પાડોશીઓ,અને શગાં વાહલાંઓ તેની નજદીક જાઈ બેઠાં, અને તેને દીલાશો દીધો કે—ભાઈ ઈશ્વ રની મરજી આગલ આપણો કશો ઈલાજ નથી. તકદીરની આ ગલ તદબીર કાઈએ કરી શકતી નથી. તમે તો શારૂં થાવાના ઈલાજ ઘણાએ કીધા; પણ તમારા શીતારાએ તમોને ઈઆરી નહીજ દીધી તેમા તમો શું કરશો.

નવલચંદ રડી કુટી રહીને બોલીઓ કે ભાઈઓ, મારાં ઉદ રપોશનની મને મોટી ધાશતી હતી; પણ ઈશ્વરે મને બાએડી ઘ ણી શારી, અને શતવંતી આલેલીછે, અને તે બેચારી રેહંટીઓ પુની કરીને મારૂં પુરૂં કરેછેઃ નહી તરકે આવે શમે મારો કેવો બુ રો હાલ થાતે.

પાડોશીઓ, અને શગાંઓએ જણાવીઉ કે ભાઈ ખરી વા તછે કે તમો તમારી બાએડીની વખાંણ ગાઓ છેઓ. જો બા એડીને દુઃખ થાએતો ભરથાર વેઠે, અને ભરથારને દુઃખ થાએતો બાએડી વેઠે; એ રીત શગલે ઠેકાંણે ચાલુજછે. શગલાંઓ દીલા શો દેઈને પોત પોતાને ઘેર ગએઆં, અને જાણી ચુકાં કે બેચારો નવલચંદ આંખે અપંગ થાઈને પડીઓછે. થોડાએક દીવશ લગે ઘેર મધે એણીગેમથી પેલીગેમ તે ભટકીઆ કીધો, અને તે ઉપર થી તેની બાએડીએ તેને જણાવીઉં કે એણીગેમ પેલીગમ ભટકી આથી કોઈવાર કઢંગી જગાએ વાગી બેશશે, માટે જો તમો કેતા હોવતો એક ખુણામાં ખાટલો નાંખી આપું, અતે તે ઉપર બેશી ને તમોએ ઈશ્વર શમરણ કરવું. નવલચંદે એ વાત કબુલ કી ધાથી તેની બાએડીએ તેને એક જગાએ ખાટલો નાખી આપેએો, અને તે ઉપર બેશીને નવલચંદ ઘેર મધેનો શગલો ચારો જોતો જો તો ઈશ્વર શમરણ કરતો હતો. નવલચંદની બાએડી શમજી કે અવે તેને શગલી પાંતીથી નીરાંત થાઈ, અને તે ઉપરથી પોતાના દોશ મીતરોને બેધડક ઘેર મધે બોલાવા લાગી, અને તેઓ શંગાથે હશી ખુશીથી રંગભોગ કરવા લાગી. કોઈવાર મોટી ગડબડ થા એ તારે, નવલચંદ તેને પુછે કે અલી તું કોંણ શાથે બોલેછે; તારે

બાએડી કોઈ પાર પાડોશીનુ નામ એડવી દીએ, અને તારે નવલ ચંદ કેહ કે ઠીક; તું બોલચાલ કરેચ એમા મારો જીવ પણ રીજે છે. આવી રીતથી લામબો વખત ગુજરી ગએએા, અને નવલચંદે ખાટલે બેઠા બેઠા પોતાની બાએડીના શઘલા મીતરોને પણ ઓલખી લીધા . તેની બાએડીનો જેબી મીતર આવે તે પોતાની માશુખને લલચાવવા થકી વીટી વેલીઆં, અને કેરદોરા વીગરે ઘરે ણાં પેહરીને આવતા હતા. નવલચંદે ધારવી મેલીઊં કે જો કોઈ દી વશ એવો આવે કે શગલા મીતરો એકજ વખતે લેગા થાએતો મારૂં કામ શાધી લેઊં, અને તેજ પરમાણેનો બનાવ દીવાલીની ધંતેરશ ને દીને બનેએા, અને નવલચંદની બાએડી આગલ એં દીને રાતના તેના શગલા મીતરો આવીઆ, અને તેઓએ જુગાર રમવાને શહ રૂ કીધો. જુગાર રમતાં, હારજીહતની બાજી જોર ઉપર આવી તારે, નવચંદે બીછાંણાં નીચે રાખી મેલેલી તલવાર કાડીને એકેદ મ ધશારો કરીને પોતાની બાએડી, અને તેના શગલા મીતરોને એકેદ મ કતલ કીધા, અને દર એકનાં આંગ ઉપરનુ જેવર ઉતારી લેઈ ઠેકાંણે કરીને પોતે પેલી તલવાર બાહેર એક છાપરાં ઉપર ફેંકી દીધી, અને પોતે પોતાના ખાટલા ઉપર જાઈ બેઠા. શગલું કામ શાધી રહેઆ પછે નવલચંદે ઘેરના બારણાં ઊંઘાડાં મેલીઆં હતાં, અને તે ઊપરથી રાતના ફરવા નીકલેલા શીપાહીએ બાર ણાં ઊંઘાડાં જોઈ અંદર નજર કીધી, અને તે ઉપરથી માલમ પડીઊં કે નવલચંદના ઘેર મધે એક અશતરી, અને શાત પુરશોની લાશ પડેલીછે. આ ઉપરથી ગરબડ વધી, અને પાર પાડોશી, ઓલખપાલખના અને શરકારનાં માણશોની મોટી ભીડ થાઈ, અને નવલચંદને પુછીઊં કે એ ખુન શાથી થાએઆં, અને તે કોંણે કીધાં. નવલચંદે શીપાહીઓને જણાવીઊં કે ભાઈ, હુંતો આંખે અપંગ છેઊં, અને એક શુરદાશ તરીકે આ ખાટલાની ઉપ રજ પડી રેહું છેઊં, અને મને ખબર નથી કે મારા ઘેર મધે કોં ણ આવજાવ કરેછે. રાત કારે પડેચ, અને દીવશ કારે ઉગેચ તે ની તેને ખબર નથી, અને જરેબી તેની બાએડી કકડો કોર ખાવા નુ આલેચ તારે તે ખાએછે. એવી પરકારે એક વરશ તેણે આ

ખાટલા ઉપરજ બેશીને કાડીઉંછે. નવલચંદના પાર પાડોશી, અ ને શગાંઓએ શીપાહીને શમજાવીઆ કે એતો બેચારો એક વરશ થાઈઉં આંધલો થાઈ આ ખાટલા ઉપરજ પડી રેહુછે; તોપણ શી પાહીઓ તેને પકડીને અદાલત મધે લેઈ ગએઆ; પણ શગલાઓ ની શાખશી તેની ઉપર મજબુત પડી કે તે બંધે આંખે શુરદાશ થાએલોછે, અને તે ઉપરથી તેને છોડી મેલેઆમાં આવેઓ હતો.

એવી રીતની ઈઉકતી ચલાવીઆથી નવલચંદ પોતાની બાએ ડીનાં માહ દુઃખ મધેથી છુટો થાએઓ, અને બાએડી તથા તેના મીતરોનાં આંગ ઉપરથી ઊતારી લીધેલા દાગીનાઓથી દોલતવાન પણ થાએઓ.

અવે પેલો નાગ પેલા "ચાક" પખશીને કેછે કે—ભાઈ, જો નવલચંદ પોતાની બાએડીને તેનાં છંદ જોઈ કાંઈ શીખાંમણ દી ધી હતેતો, નવલચંદ નબલો હોવાથી તેને તતકાલ મારી નાખતે; પણ તેણે ધીરજ પકડી, અને ઈઉકતી લગાવીને શગલી પરકારે શામરથવાન થાએઓ તોજ તે પોતાના શગલા શતરૂઓની ઉપર ફ તેહ પામીઓ; માટે મેં જે કીધું હતું તે મારી બાજી શંભાલી લે વાને ઠીકજ કીધું હતું. આ નાગની આટલી વાત શહમજીઆ પછે પેલો "ચાક" નાંમનો પખશી તેની આગલથી ઉડી ગએઓ.

શાચો શખશ શોલી નીકલે.

અંકલેશવર નાંમના એક મોટાં શેહર મધે હીરાલાલ નાંમે એક શાહુકાર રેહતો હતો, જેની પાશે પઈશાનોતો પારજ નહી હતો; પણ ઈશવરે તેને તાંહ એક પુરો જે દીકરો આપેઓ હતો તે બેચકુફ, અને શહમજ વગરનો હતો, જેને માટે હીરાલાલ નીતરોજ અંદેશો અને વીચાર કરતો હતો કે મારી વચ્ચે અવે પુરી થાવા આ વીછે, અને છોકરોતો આવી રીતનો અનારીછે તારે, દોલતનો, અને છોકરાનો શંભાલ કેવી રીતથી થાઈ શકશે. આવી રીતના

વીચારથી હીરાલાલે ઘણા દીવશ ગુજરેઆ; પણ તે વીશે કાંઈ ઘર તો તોર નીકલી શકેએા નહી. એમ કરતાં હીરાલાલ મરણનાં બીછાંણાં ઉપર શુતા, અને તાંહ પણ તેઓના મનમાં એજ વીચાર ઉતપંન થાએઆ કરતો હતો. કેહવનછે કે વાંણીઆનો દીકરો ડાહેએાજ હોએછે તે પરમાંણે, હીરાલાલે મરતાં મરતાં એક એવો તોડ શોધી કાહડીએા કે તેનો છોકરો બેવકુફછે, તે છતાં તેનાં મરણ શુધી તે કશીબી રીતની હરખતમાં નહી આવે.

હીરાલાલને મરણ શમે તેનાં શગાં વાહલાં વીગરે શગલાં તેની આગલ બેઠેલાં હતાં, અને તે વેલાએ હીરાલાલ મરવા માટે ઘણી અકલામણ કરતો હતો. જેઓ તેની આગલ બેઠેલા હતા તેઓ માંહેથી એકજણે હીરાલાલને પુછીઉં કે શેઠ, તમારા જીવ ને અકલામણ શામાટે થાએછે ? અગરજો તમારા મનમાં કાંઈ વીચાર હોએતો અમોને કેવો કે તેનો આપણે કાંઈ તોડ શોધી કાહડીએ. આ ઉપરથી હીરાલાલે તેને જણાવીઉં કે મારા મનમાં એટલોજ વીચારછે કે મારો દીકરો કેશવલાલ અકલ વગરનોછે, અને તેટલા માટે જો તે મને વચન આપે કે મારાં મરણ પછે તેણે "શતશંગ" કરવો. આ વાત હીરાલાલના દીકરાએ કબુલ રાખી; કારણકે "શતશંગ" અને "બદશંગ" એમાનું કશુંએ તે બેચારો શહુનજતો નહી હતો; તોપણ પોતાના બાપના શખુનને માંન આપવા ખાતર તેણે વચન આપેએા. એજ પરમાંણે હીરાલાલનાં નજદીકનાં શગાંએાએબી તેને વચન આપેએા કે અમારેથી જેમ બનશે તેમ,મેહનત લઈને કેશવલાલને"શતશંગ"કરાવીશું. એ નકી થાએઆ પછે થોડા વખતે હીરાલાલ મરણ પાંમેએા,અને તેની આબરૂ પરમાંણે તેની ધરમ કીરીઆ તેના દીકરાએ કીધી. બાપના મરણને તરણ ચાર માશ થાએઆ પછે, કેશવલાલે વીચારીઉં કે તેણે પોતાના બાપને કોલ આપેલોછે, માટે અવે "શતશંગ" શોધી કાહડવો જોઈએ, અને તેને માટે તે નીતરોજ વીચારતો હતો કે તેને "શતશંગ" કાંહ મલશે. "શતશંગ" શોધવાના વીચાર ઉપરથી કેશવલાલે દરરોજ શારાં લુગડાં પેહરીને શાંહજની બેલાએ દેવ દરશણ કરીને એક નાંધેલાં શરોવરની પાલ ઉપર, જાંહ વરડા, અને આબરૂદાર

કેટલાએક શખશો બેશતા હતા તેઓથી જરા દુર જાઈને બેશવા માંડીઉ કે તેને કેથેથી "શતશંગ" મલી આવે. એમ કરતાં કેશવલાલ ૬—૭ દીવશ શુધી તાંહ બેઠો, અને તારે પેલી ઘરડાઓની મંડલી મધેથી એકજણે જણાવીઉ કે પેલો એક શખશ, જે ૫—૬ દીવશ થાએઆ અ.પણો પડોશમાં આવી બેશેછે તે કોઈ શારાં મા ણુશનો દીકરો લાગેછે, અને તેણે આવી બેશવામાં કાંઈ મતલબ હો વી જોઈએ. એ ઉપરથી એક બીજા બુધા પુરશે કહીઉં કે તારે આપણે એને હઈઆં બોલાવીને પુછીએ કે જે હશે તે માલમ પડ શે. એ ઉપરથી એકબીજા બુધો ઊઠીઓ, અને કેશવલાલને બો લાવવાને ગએઓ, અને તેની પાશે જાઈને તેને કહીઉં કે શેઠજી તમો હઈઆં એખલા બેશોછેઓ તેના કરતાંને અમારી ટોલીમા આવીને બેશો તો બે ઘડી "શતશંગ" થાએ તે ખરો. તે બુધાના મોહડાંથી વચન શાંભલી કેશવલાલે વીચાર કીધો કે જેની મને જ રૂરછે તેજ આ બુધાના મોહડાં મધેથી નીકલેછે, તારે હું એઓની આગલ જાઈને બેશશતો અલબતે મને વધારે ફાએદો થાશે, એવું વીચારીને જ બુધો તેને બોલાવવાને તેની પાશે જોઈ ઉલો હતો તેની શાથે બુધાઓની ટોલી મધે જાઈ બેઠો, જોને તે વેલાએ પેલા બુધા પુરશોએ શારો આદરભાવ આપેઓ હતો. એ પ છે તે ટોલી મધેના એક બુધાએ કહીઉ કે શેઠજી, તમો આગા એ ખલા બેશતા હતા તેથી અમોએ તમોને બોલાવીઆછે કે અગરજો ચાર જણની શાથે બેશોતો બે ઘડી પોતાના મનનો ખોલાશો થા એ. તમો શારા ભાએગશાલી દીશો છેઓ; પણ તમારાં દીલમા કોઈ વાતની ચીનતાછે, એવું અમોને નજર આવેછે; માટે જો તે વા ત અમને કેવા જેવી હશે ને તમો કેશોતો, અલબતે તેમાથી તમને કાંઈ પણ રશતો જડશે. કેશવલાલે વીચાર કીધો કે મને જેવું ભાવતું હતું તેવું વઈદે ફરમાવીઉં, અને તે ઉપરથી કેશવલાલે તે ઓને જણાવીઉં કે શાંભલો શાહુઓ:—

મારા બાપ હીરાલાલ કરીને હતા, જેઓ ચાર માંશ થાએ આ ગુજરી ગએઆ; પણ ગુજરવા પેલાં તેઓએ મારી પાશેથી વ ચન લીધેલોછે કે તું "શતશંગ" કરજે, અને "શતશંગ" વીના

બીજી શંગત ના પકડતો, અને તેટલા માટે હું "શતશંગ" શીખું છેઉં.

એના જવાબમાં બે તરણ બુધ્ધાએ બોલી ઉઠીઆ કે—ભાઈ "શતશંગ" એટલે શાચું બોલવું, અને ગમે તે થાએ તોબી જુઠું બોલવું નહીં: એનુ નામ "શતશંગ" કરીનેછે.

કેશવલાલે પુછીઉં કે શાહુબો,અગરજો હું કેથેબી ચોરી કરવા ને જાઉંતો તાંહબો હું શાચું બોલીને તેને જણાઉં કે ભાઈ હું તો તારે તાંહ ચોરી કરવાને આવીઓ છેઉં તો, તેમાં મને કાંઈ અડચ ણ થાશે કે નહી ?

બુધ્ધાઓએ જવાબ દીધો કે ભાઈ ચોરી તો કધી પણ કરવી નહી; કાંકે એ વાતની તો મોટી મનાઈછે; પણ કદાચીત લોગ ચો ઘડીએ ભુલથી એવું કાંમ બની ગીઉ હોએ તો, કદીપણ જુઠુ બો લવું નહી, અને વગર શરમે શાચું બોલવું કે હા, મારે હાથે એ અપરાધ ભુલથી થાએઓછે. એમ કીધાથી કોઈવાર શજામા ઘટા ડોબી થાએછે.

આટલી વાતચીત થાએઆ પછે શાંહજ પડી, અને તે ઉપરથી શરવે પોત પોતાને ઘેર ગએઆ. ઘેર ગએઆ પછે કેશવલાલે વીચાર કી ધો કે આજ રાતરે હું શરવેથી ખરાબ કામ કરવાને જાઉં,અને તે કરતાં કોઈ મને પુછે તો શાચું જ બોલું,અને પછે જાઉંકે તે શચાઈનો બદલો મ ને કેવો મલેછે. એ બાબેનો વીચાર કરતાં કેશવલાલે ધારીઉંકે ચોરી કર તાંને બીજું બુરૂં કાંમ કાંઈએ નથી, તારે આજ રાતરે હું ચોરીજ કરવાને નીકલું. એવો વીચાર કરીને રાતના દશ કલાકને શુંમા રે શારો મજેનો પોશાગ પેહરીને ઘેર મધેથી બાહેર નીકલીઓ. શે હરની ગલીગુંચીની તો તેને ખબર નહી તેથી શીધેજ રશતે ચાલીઆ કીધો. એમ કરતાં રાજાનુ ઘેર આવીઉ, અને તાંહ રોશની ઘ ણી કીધેલી દીઠી તેથી તાંહજ ચોરી કરવાનુ ધારીને રાજાના મેહ લના દરવાજામા ભરાએઓ. અંદર જાતાં દરવાજા આગલના શી પાહીએ પુછીઉં કે શેઠ કાંહ જાઓ છેઓ. એના જવાબમાં કેશવ લાલે શાચુંજ કહીઉ કે ભાઈ, હું ચોર છેઉ, અને ચોરી કરવાને જાઉં છેઉં. શીપાહીએ તેના ભપકાદાર પોશાગ ઉપર નેગાહ રા

ખી ધારીઉ કે કોઇ શારૂં માણુશછે, અને આજે રાજાની શાલઘરે હુછે માટે જમવા ખાવાને આવીએા હશે; પણ મારા શવાલનેા જ વાબ ઠકાબાજીથી વાલેછે તેથી કશુંએ બેાલીઆ વગર તેને અંદર જવા દીધેા. કેશવલાલને મેહલ મધે દાખલ થાતાં એવી બીજી ત રણ ચેાકી મલી, અને તે શગલે ઠેકાંણે કીધેલી પરપુછથી તેણે એવેાજ જવાબ દીધેા હતેા, અને તે શગલા ચેાકીદારેા પણ પેહલા નીજ માંકેક ઠગાએઆ હતા; કાંકે તેઓ એવુ શમજીઆ હતા કે વ લી જે ચેાર હેાએ; અને ચેારીજ કરવાને આવે તારે વલી પેાતાને મેાહડે એમ કેહ કે હું ચેાર છેઉં, અને ચેારી કરવાને આવેએા છે ઉં. છેલી ચેાકીથી પાંચ કદમની નજદીકી ઉપર શેહરનેા કેાટવા લ, જમાદાર અને તે વીગરે માણુશેા ઉભેલાં હતાં તેઓએ કેશવલા લને પુછેઉં કે શેઠ તમેા કેાંણુ છેએા. કેશવલાલે જવાબ દીધેા કે શાહેબ,હું ચેારછેઉં,અને ચેારી કરવાને રાજાના મેહલમા આવેએા છે ઉં. આ શખુન શાંભલવાથી કેાટવાલ હશી પડીએા; કાંકે છેલી ચેાકી આગલમી તેણે એવેાજ જવાબ દીધેા તે કેાટવાલે શાંભલીએા હતેા,અને તે ઉપરથી તે બેાલીએા કે શેઠ તમેા અમારી મશકેરી કરેા છેએા. કેશવલાલે કેાટવાલને જણાવીઉં કે નહી કેાટવાલ શા હેબ,હું મશકેરી કરતેા નથી. ખરી વાત કેવામાં કશું પાપ નથી. એ ટલું કહીને નજદીકના એક મેાટા ઓરડામા તે દાખલ થાએએા, જાંહ તે દીને રાજા કચેરી ભરનાર હતેા. રાજાની "જનમતીથી"નેા તે દીવશ હતેા, અને કેશવલાલ જે શમે તે ઓરડામા ગએએા તે વ ખત રાજાના "જનમશમા" નેા હતેા, અને તેટલા માટે રાજા તે ઓરડા મધેથી નીકલીને પાછલા ચેાક મધે જાઈને "પંચા અમરત શનાન" કરવાને બેઠેા હતેા, જેથી શગલાં માણુશેા રાજાને વધાઈ ના શબદેા બેાલવાને તેની આગલ ગએઆ હતા. રાજાએ શનાન કરી આવી પેહરવા માટે રૂપાંના એક ખુમચા મધે જહવેરાત વીગ રેનેા શીણુગાર તઈઆર કરીને તે ઓરડા મધે મેલેલેા હતેા તેની ઉપર કેશવલાલની નજર પડી, અને તેથી વીચારીઉં કે અવે એ ક રતાંને તે બીજી કેહી શરશ વશતુની ચેારી તેને મલવાનીછે; માટે પેાતાના રેામાલ મધે તે શગલી જીનશ બાંધી લીધી, અને ખુમચા

મધ્યેની શાલમા તે રોમાલ લપેટી દેઈને પાછો બાહેર નીકલવા લા ગેા. આ વેલાએ કેાટવાલ જમાદાર, અને બીજા માણશેા પેાતાની જગા ઉપરથી નીકલીને ચેાક મધ્યે રાજાને વધાઈના શબદેા બેાલવા ને ગએઆં હતાં, અને બાતરે તરણજ ઠેકાંણે ચેાકીદારેા ઉભેલા હુ તા, અને તેઓ એવું શહમજીઆ હતા કે રાજાની જનમગાઠને લી ધે આ પુરશ કાંઈ નજરાંણું લાવીએા હશે, અને તે ઉપરથી રાજા એ એને આ શાલની પેહરામણી કીધી હશે તે લેઈ પાછેા જાતેા હશે;તેા પણ તેઓએ તેને પુછીઉં કે શેઠ આ શું લેઈ જાએા છેએા, તારે તેણે જવાબ દીધેા કે રાજાની શાલ વીગરેની તે ચેારી કરી લેઈને પાછેા ઘેર જાએછે. એ શખુન શાંભલીને તેઓ હશીઆ હતા, અને કેશવલાલને વગર હરખતે તાંથી જવા દીધેા હતેા, જેથી કેશવ લાલ શાચું બેાલીને ચેારી કરી લેઈને પેાતાને ઘેર ગએએા, અને કેા ઈનીબી આગલ વાત કરેઆ વગર રાજાના શીણગારની ગાંશડી પે ટી મધ્યે મેલીને નચીંતાઈથી શુઈ ગએએા.

પેલી તરફ રાજા શનાન કરીને ઓરડામા ગએએા, અને શીન ગાર કરવા માટે ખુમચા તરફ જેાએછે તેા, ખુમચેા તેા ખાલી પડે લેા હતેા, જેથી મેહલ મધ્યે પેાકાર થાએએા કે રાજાનેા શીનગાર ચેારાએએા. એ ઉપરથી રાજાએ કેાટવાલ વીગરેને બેાલાવીઆ, અને તેના શીણગાર કેમ ચેારાએએા તે વીશેની પરપુછ કીધી, અ ને ખુમ ગેાશામા આવી તેઓને હપકેા આપેએા, અને બેાલીએા કે હું રાજા છતાં મારા પેાતાનાજ ઘેરમાં ચેારી થાઈ તારે, બેચારી ગ રીબ પરજાનેા શંભાલ તમેા કહી રીતથી કરતા હશેા, અને તેઓ નેા જાન માલ કેવી ધાશતીમાં હશે, તે વાત ધીઆનમા લેવા શરખી છે. જેા મારેા શીનગાર મને પાછેા મેલવી નથી આપેએા તેા, ઈ આદ રાખજેા કે કેાટવાલ શુધાં શગલાં પેાલીશ ખાતાંને મેાટી શજા કીધામા આવશે.

આ વેલાએ કેાટવાલ વીગરે શીપાહી શકરાએાએ પેલા કેશવલા લની વાત રાજાની આગલ કીધી,અને જણાવીઉ કે જારે તે મેહલ ની અંદર દાખલ થાએએા તારે, શીપાહીથી તે કેાટવાલ શુધીએ અંદર આવવાનું તેને કારણ પુછીઉં; પણ એના જવાબમા તેણે

એવું કહીઉં કે તે ચોરછે, અને ચોરી કરવા માટે મેહલ મધે આ વીએાછે. તેનો પોશાગ ઘણો શારો, અને શફાઈદાર હતો, અને તે ના દેખાવ ઉપરથી તે કોઈ ભલો આદમી જણાએએો હતો; માટે તેઓ એવું શહમજીઆ હતા કે આ કોઈ નામીચો શાહુકારછે, અને રાજા શાહેબની જનમતીથીને લીધે,તેમને મલવા માટે આવીએો હશે; પણ કદાચ ઠોલીએો હોવાથી ચોર છેઉં, અને ચોરી કરવાને આવી એો છેઉં; એવા વચન બોલેછે, એવું શમજીને તેને અંદર દાખલ થાવા દીધો હતો,અને જરે પાછો બાહેર ગએએો તારે,તેની શાલની અં દર કાંઇ લપેટેલું જણાઈઉં,અને પુછીઉં તારે,બોલીએો કે રાજાને તાંહ ચોરી કરીને ઘેર જાંઉ છેઉં. એ વેલાએ અમો શમજીઆ હતા કે વલી ચોર ચોરી કરીને લેઈ જાએ તે એમ કાંએે બોલે કે હું ચોરી કરી ને લેઈ જાંઉં છેઉં;પણ આ ઠોલીએો અમશાથકી ઠોલ કરતો જાએેછે; કાંકે એણે રાજાની જનમગાંઠને માટે રાજાને કાંઈ નજરાંણું કીધું હોએે, તેના બદલામા રાજાએ એને કાંઈ આપેઉં હોએે તે લેઈને જાતો હશે.

આ વારતા શાંભલીને રાજાએ પણ વીચાર કીધો કે જો ખરોજ ચોર હોએેતો, ચોરીનો માલ લેઈને જાતી વેલાએ ખુલલી રીતે કેહ નહી કે તે ચોરી કરીને લેઈ જાએેછે; પણ એમાં કાંઈબી રીતનો ભેદ હોવો જોઈએ.

રાતરી વહી, અને વાંનુ વાઈઉં, અને તે વેલાએે રાજાએે શેહર મધે ઢંઢેરો પીટાવીએો, અને તેમાં એવું જણાવીઉં કે:—ગેઈ રાતના રાજાના મેહલ મધેથી કોઈ પુરશ રાજાનો શીણગાર ચોરી ગએેએો છે; માટે અગરજો તે તુરત શગલો શીણગાર પાછો લાવી આપશેતો, તેને શારૂં ઈનામ આપેઆમા આવશે, અને રાજાનો પેઆર અને મોહબત તેની ઉપર વધશે.

ઢંઢેરો પીટનારો શીપાહી જરે કેશવલાલના ઘેર આગલ ગએેએો તારે, કેશવલાલે શીપાહીને ઢંઢેરાની મતલબ પુછી, અને તે શાંભલી શીપાહીને કહીઉં કે જા, રાજાને જાઈને કેહકે તારો શીણગાર મેં ચોરીએોછે, અને તે મારી પાશે રાખેલોછે; માટે જમીને તે કચેરી મધે હવડાં લાઉંછેઉં. તુરતજ શીપાહી દોડીને રાજાની પાશે

ગએએા, જેથી રાજા કેશવલાલની રાહ જોતો કચેરી મધ્યે બેઠો હતો, અને તેમજ રાજાના અમીર ઉમરાએા, અને પોલીશ અમલદારો કેશવલાલને જોવા માટે કચેરી મધ્યે એકઠા થાઈને બેઠા હતા.

પેલી તરફથી કેશવલાલ નમીને ઘેરથી નીકલીએા, અને જે પરમાણે રાતના મેહલ મધ્યેથી શીણગાર બાંધેલો રેામાલ શાલમા લપેટી બગલમા મારીને રાજાના મેહલ મધ્યેથી બાહેર પડેએા હતેા, તેજ પરમાણે તે શાલ બગલમા મારીને કચેરી મધ્યે દાખલ થાએએા, અને તેને જોતાંજ કોટવાલે રાજાને કહીઉંકે શાહેબ, રાતવાલું માણશ એજછે. કેશવલાલે શાલ મધ્યેથી રેામાલ કાડીને રાજા ની આગલ મેલીએા, અને બોલીએા કે ગરીબનવાજ, તમારો શરવે શીણગાર તમોએ તપાશી લેવેા. રાજાએ રેામાલ છોડીઆથી, તેની અંદરથી તેનો શગલો શીણગાર બરોબર મલી આવેએા, અને તેઉપરથી રાજાએ કેશવલાલને પુછીઉંકે શેઠજી, એમ કરવા નું કારણ તમોને શું હતું ?

કેશવલાલે જવાબ દીધેા કે શાહેબ, એ વાત કચેરી મધ્યે કે વાની નથી; માટે જો એકાંત આવેાતેા કેવામાં આવશે. એ ઉપર થી રાજા તેને એક ઓરડા મધ્યે લેઈ ગએએા, અને તાંહ તેણે પોતાના બાપને "શતશંગ" વીશે આપેલા કોલ વીશેનો શગલો ખોલાશેા કીધેા, અને તેપછે તે પેલા બુધ્ધાએાની મંડલી પાશે જાઈ બેશવા લાગેા, અને બુધ્ધાએા શાથે વેહવાર થાએએા, અને "શતશંગ" શબદનો અરથ તે બુધ્ધાએાની મંડલીથી શાચું બોલવાનો જાણેએા, અને તે ઉપરથી શાચું બોલવાના ફાએદા કેવાછે તે જાણવા માટે તેણે એ ચોરી કીધી તે શગલું રાજા આગલ જણાવીઉં, અને બોલીએા કે શાહેબ, શાચું બોલવાથી કેવો ફાએદો થાએછે તે વીશે તેની પકી ખાતરી થાઈછે, અને તેટલા માટે તેણે ઠેડાવ કરેએાછે કે કોઈ વાત ખરી કેવામાં જીવબી જાતો હોએ, તોપણ તે વેલાએ જુઠું નહીજ બોલવું, એવેા તેણે ઠેડાવ કરેએાછે; માટે રાજા શાહેબ તમારા ઘેરમા મેં જે ચોરી કીધી તે શું શબબને શારૂં કીધી તે વીશેનેા ખોલાશેા મેં તમારી આગલ ખરેખરોજ કી

ધ્યાછે. અવે તમોને ગમેતો મારી તકશીર થાઈ હોએ તે મને માંફ કરો, અને તમોને ગમેતો મને તમારી મરજી પરમાણે શજા કરો.

રાજાએ તે વાત શાંભલી વીચાર કીધો કે કેશવલાલે જે ખુલાશો કીધોચ તે ખરોજ હશે, અને અવેથી જુઠું નહી બોલવાને એણે જે ઠેડાવ કીધેલો જણાવીએોચ તે વાત પણ ખરીજ હશે; કાં કે શાચું બોલવાથી કેવા ગુણ થાએછે તે એણે શારીપઠે જોએઆ છે. માંટે એવો એક શચાઈને ચાહનારો પુરશ મારી કચેરીમા હોએતો બહુ શારૂં કે તેથી મારી કચેરીની શોભા વધે. આ વીચાર ઉપરથી રાજાએ કેશવલાલને જણાવીઉં કે આજથી હુંએ તમોને મારા પરધાનની જગા આપીછે; માટે તમોએ શચાઈને જાલવી રાખીને મારૂં પરધાનપણું શારી રીતથી ચલાવવું. એ પછે કેશવલાલ પોતાને ઘેર ગએેઓ, અને શાંહજે પેલા શરોવરની પાલ આગલ ગએેઓ, અને નીપજેલી શગલી વાત પેલા બુધાઓની મંડલી આગલ કહી જણાવી.

શાચું બોલવાથી કેશવલાલ એક ચોરીના વાંક મધેથી મોક લો થાએેઓ; એટલું એજ નહી પણ તે શાથે તે પરધાનની મોટી પદવીએ ચડીઓ માંટે માણશોએે શચાઈને જાલવવી જોઈએ.

કરમની ગતીની કેવી થાઈ ગતી ?

"ઉજન" નામે એક શેહર મધે નરલેરાંમ નામનો એક વાંણીઓ રેહતો હતો, જેને ઘેર ચાર પુતરો હતા. એક દીવશે નરલેરાંમ ઘણો આજારી પડીઓ, અને તે પરશંગે તેણે પોતાને જીવવાની આશા થોડીજ રાખી, અને તે ઉપરથી તેણે એક દીને રાતના પોતાના ચારે દીકરાઓને આગલ બેશાડીઆ,અને તેઓને જણાવીઉં કે— દીકરાઓ તેનો વખત નજદીક આવીઓ હોએ, એવું તે ધારેછે, અને તેટલા માટે તમોને જણાવેછે કે તમોએ એક બીજાની શંગાથે શંપજથી રેહવું, એટલીજ તેની શેવટની નશીહતછે; પણ એટલું

જાણવા માંગેછે કે તેઓ કેવી કીશમનો ઉદમ કરીને પોતાનુ પેટ ભરશે. એટલી વાત જો તેઓ તેને જણાવશેતો, તે શાંભલવાથી તેનુ દીલ શંતોશી થાશે. એના જવાબમાં તેના વડા દીકરાએ તેને કહી ઊં કે તેની ખુશી એવી છેકે જહવેરીનો ધંધો ચલાવીને પોતાનુ પુરૂં કરશે.—બીજા દીકરાએ જણાવીઊં કે તેની મરજી એવી છેકે વાંહાંણવટીનો ધંધો કરવો.—તરીજા દીકરાએ કહીઊં કે કાપડનો ધંધો કે જે તમો કરોછેઓ તેજ ધંધો મારે પણ કરવો, અને બાપની દુકાનનુ નાંમ ચાલુ રાખવું; પણ ચોથા દીકરાએ જ ણાવીઊં કે તેતો આપણા શેહરના રાજની દીકરી શંગાથે પરણવાનો, અને આપણાં શેહરનું રાજ કરવાનો. ચોથા છોકરાનો શખુન શાંભલતાંજ નલેરામને મોટી રીશ ચડી, અને તે ઉપરથી પોતા ના તરણે, છોકરાઓને કહીઊં કે આ ચંડાલે પોતાને મોહડેથી જે વચન કાડીએાછે તે ઘણોજ ખરાબ, અને નાલાએકછે, અને એ વાત જો રાજાને ખબર પડીતો, ખચીત એને લીધે આપણું ઘેરબાર લુટી લેશે; માટે એને માર મારીને ઘેર અને શેહર મધેથી કાડી મેલો. એ ઉપરથી તેના તરણે, ભાઈઓએ તે છોકરાને માર મારીને ઘેર મધેથી કાહડી મેલેઓ. નરલેરામના એ છોકરાનુ નાંમ મોહનલાલ કરીને હતું, અને તે એટલો તો અપટ, અને અવીચારી હતો કે તેને કશીબી વીદીઆ આવડતી નહી હતી, અને તેના બાપે જારે તેને ઘેર મધેથી કાડી મેલીઓ તારે, તેણે વીચારીઊં કે જો શેહર મધે તે રેહશે, અને ઓલખીતા લોકોને ખબર પડશે કે તેના બાપે તેને ઘેર મધેથી કાડી મેલીઓચનો તેને બહુ ખરાબ લાગશે, અને તે ઉપરથી તે શેહર છોડીને આગલ ચાલીઓ. મોહનલાલ બચા રો કશીએ ધંધો કે વીદીઆ શીખેલો નહી હતો, અને તેટલા માટે જબી શેહર અને ગાંમમાં ગએઓ તાંહુ તેનો કોઈ ખરીદદાર નહી થા એઓ, જેથી દેશે દેશ, અને ગાંમે ગાંમ ભટકવાને તેને ફરજ પડી, અને ભુખમરાથી બેજાર થાઈ ગએઓ, અને જે શખુન તેણે પોતાના બાપની આગલ કાડીઓ હતો તેને માટે પશતાવો કરવા લાગો કે જો એવો શખુન તેણે પોતાના બાપની આગલ નહી કેહએો હતેતો, આટલી બધી હારમારી તેને ખેંચવી નહી પડતે. મોહનલાલ ભટકતો ભટકતો બાહુંધરશીંગ નામના એક રાજાના "કુશપા"

નામ એક શેહર મધે જાઈ પુગેા, અને ફરતાં ફરતાં એક મેંહતાજીની નીશાલ આગલ ગએેઓ. મેંતાજીની નીશાલ ઘણી મેાહટી હતી જાંહુ શેહરના શેાદાગરેા, અમીર ઉમરાએેા, અને વજીરથી તે રાજાનાં બાલકેા કેલવણી પાંમવાને જાનાં હતાં; કાંકે મેહેતાજીની કેલવણી આપવાની રીત ઘણી શારી હતી. આ મેહતાજીની નીશાલ મધે છેાકરાએેા, અને છેાડીએેાને બેશીને વીદીઆ શીખવા માટે જુદા જુદા બે વરગેા કીધેલા હતા. મેાહનલાલ તે નીશાલ મેાટી જાણીને તેના ઓટલા ઉપર એક બાજુએે બેઠેા, અને છેાકરાંએેા કેલવણી લેતાં હતાં તે અચરત થાઈને પેાતાની મુર ખાઈને લીધે જોએેઆ કરતેા હતેા. મેાહનલાલને મુરખના શરીએેા દીકાથી નીશાલીઆએેાને એક રમત મલી આવી, અને તેએે લખતાં વાંચતાં મેાહનલાલની ઉપર કાંકરા વીગરે ફેંકતા હતા, જેથી મેાહનલાલ બેશીને હશીઆ કરતેા હતેા, અને તે ઉપરથી છેાકરાંએેાને વધારે રમુજ મલી આવતી હતી. શાંહજ પડીને મેંહતાજીએે નીશાલના છેાકરાંએેાને રજા આપી; તેાપણ મેાહનલાલ તેા નીશાલના ઓટલા ઉપરજ બેશી રહેએેા. મેહતાજીએે તેને પુછીઉંકે ભાઈ તું કેાણછે, અને અતરે શામાટે બેઠેાછે. મેાહનલાલ આ વેલાએે મેંહતાજીની આગલ રડી પડેએેા, અને જણાવીઉંકે તે વાખાનેા મારેલેા દુર દેશથી આવેએેાછે; માટે જો તેને ખાવાને તથા પેહરવાને આપશેતેા, તેઢલા બદલે જેબી કાંમ શીકશે તે કરેઆ કરશે. મેાહનલાલના એે શબ્દેા શાંભલવા ઉપરથી મેંહતાજીને દએેઆ ઊપજી, અને તેને પેાતાના ઘેરમાં લેઈ જાઈને જમાડીએેા, અને પેાતાને તાંહ ખાધા બદલે રાખીએેા, અને જણાવીઉંકે રાતની વેલાએે ઘેરનુ વાશણ કુશન, અને પાંણી છાંણીનુ કાંમ કરવું, અને દીવશની વેલાએે નીશાલ મધે છેાકરાંએેાની પાટીએેા માંજવા, અને ખરીઆ શાફ કરવા તથા શાહી ભરવા વીગરેનુ કાંમ કરવું. એે પરમાણે મેાહનલાલ મેંહતાજીને તાંહ કાંમ કરીને ઘણું શુધી રહેએેા; પણ તેનાં કાંમ કાજમાં કશીએે શકાર નહી હેાવાથી, નીશાલનાં છેાકરાંએેાએે તેનુ નામ "મુરખેા" કરીને પાડીઉં, અને દરએેક જણ "મુરખા" કરીનેજ તેને બેાલાવતાં હતાં,

અને કોઈ ટપલો, કોઈ ઢોલ, અને કોઈ કાંકરા, અને પથરા મારતાં હતાં. આવી અવશથામા મોહનલાલે ઘણા દીવશ "કુશંપા" શી હરમાં રહીને કાડીઆં; પણ તે અરશામાં છોકરાંઓને હાથે તે બહુજ હારમાર થાતો હતો,અને તેના નેહશ ઘરેહને લીધે તેની ઉપર તે શગલું વીધન વીતતું હતું.

અવે મોહનલાલનો નેહશ ઘરેહ બદલાઈ ગએેઓ, અને તેને માંથે જે કાલચંદર ભમતો હતો તે ઉતરી ગએેઓ, અને શુભ ઘરેહ દીપવા લાગો. તેના શુભ ઘરેહથી એેવો મામલો બનીઓ કે તે શેહરના રાજાની દીકરી,જે તે નીશાલ ઉપર શીખવાને જાતી હતી તેનુ દીલ દરરોજ વજીરના દીકરા ઉપર દોડતું હતું;કાંકે તે બંધે જણાઓ પુગતી ઉમરનાં હતાં; પણ મેંહતાજીની નીશાલ મધે તેઓને બેશવાની વચે એક ચક બાંધેલો હતો, જેથી તેઓ એક બીજાની મુલાકાત કરી શકતાં નહી હતાં. એક દીવશને શમે રાજા બાહદર શીંગની દીકરી "ચંદરાબાઈ" નાં દીલે ઘણોજ ઉછાલો કીધો,અને તે ઉપરથી તેણે એક કાગલના કકડા ઊપર પોતાની મરજી લખી, અને વજીરના છોકરાને જણાવીઊં કે મારૂં દીલ તારી ઊપર ઘણું દોડેછે; પણ મારો બાપ તારી શંગાથે મારાં લગન કરે, એ વાત શપના શરખીછે; માટે જો તું મારૂં માને, અને કબુલ કરેતો, આ વતી પરમ દીને આપણે બંધે શાથે શેહર છોડીને નાહશી જઈએ; માટે જો તું કબુલાત આપેતો, મારેથી જેટલું લેવાએ તેટલું જહ વેરાત શાથે લેઈને ઘોડેઅશવાર થાઈને તારે માટે એક ફાલતુ ઘોડો લેઈને હું આપણાં ગાંમને પાદરે આવેલાં "દુધીઆં" ગાંમ આગ લ આવી પુગશ; માટે તે ઠેકાંણે તારે તઈઆર થાઈ રેહવું; પણ અગરજો મારી વાત તું કબુલ નહી રાખશેતો, પછે હરેક ફંડ લ ગાવીને તારે માથે ખોટું નીમત મેલીશતો, તે વાતનું દુખ તુંને શોશવું ઘણુંજ મુશકેલ થાઈ પડવાનું; માટે મારી વાતને તારે જ રૂર કબુલ રાખવી જોઈએ. આ ચીઠી લખીને રાજાની છોકરી એ બંધ કીધી, અને જે વેલાએ પેલો "મુરખો" વજીરના છોકરા ની નજદીક ગએેઓ તારે, તેને મારવાને બાને પેલી ચીઠીને ગોલ વીંટાલી નાખીને વજીરના છોકરાની ઉપર ફેંકી. આ ચીઠી વ

જરના છોકરાએ લેઈને વાંચી, અને તેની અંદરની મકશદ જાં ણી; પણ વીચાર કીધો કે જો એમ કરતાં, એ ગોકલણમા નીશ ફલ થાએઆં, અને તે વાત રાજાને ખબર પડીતો, મનેજ નહી; પ ણ મારાં માં બાપ શુધાંને પાએમાલ કરી નાખશે; પણ વત્રી બી જી તરફથી છોકરીને નાપાડીતો, તે પેતાની તરફનાં કાંઈ ફીતુર લ ગાવશે, અને તેથીબી મારી ખરાબી થાઈ પડવાની; માટે આ બા બે કાંઈ તાલ રમવી જોઈએ. કેટલેકએકવાર વીચાર કીધા પછે, વજરના છોકરાએ હાજતે જવાને બાંહને અંદર જઈને પેલા મોહ નલાલ "મુરખા" ને ઉશકેરેઓ, અને જણાવીઉંકે આ પરમાણે છે; મટે પરમ દીને તું "દુધીઆં" ગાંમ આગલ જાઈ ઉભો રેહ જે, અને રાજાની છોકરી ઘોડા ઉપર શવાર થાઈને આવેકે તુરતજ ફાલતુ ઘોડા ઉપર તું ચડી બેશીને મુંગે મોડે ને ઘોડો તેના ઘોડા ની આગલનો આગલજ ચલાવીઆ કરજે, અને શહુવાર પડતાં શુધી તેને કશોએ જવાબ આપવાને બને નહી તેવી ઈઊકની લગાવ જે. આ પરમાણે કીધાથી તુંને રાજાની ખુમશુરત, અને રૂડા ચેહરાની કનીઆ મલશે; કાંકે રાત વહી, અને વાંનુ વાઈઉં, અને પછે જો તે છોકરી તુંને ઓલખશેતો, કશુંએ કરી શકવાની ન થી, અને તારી શાથે રેહશે. આ વાત મોહનલાલ "મુરખા" એ કબુલ રાખી, અને તે ઉપરથી વજરના છોકરાએ રાજાની છો કરીને કબુલાત આપી કે તારા કેવા પરમાણે તે તઈઆરછે; મા ટે પરમ દીને તું "દુધીઆં" ગાંમ આગલ શુબેથી આવજે.

રાજની છોકરો ચંદરાબાઈ વજરના છોકરાનો જવાબ જાંણી મધન થાઈ, અને તે દીનથી બાપના ઘેર મધેથી જહુવેરાત ઉચાપ ત કરવાના કાંમમાં મશગુલ થાઈ, અને બે દીવશ ગુજરેઆ પછે તે રાતનાં ફરવા જાવાને બાંહને બે ઘોડા લેઈને ઘેર આગલથી ની કલી. પેલી તરફથી પેલા મુરખા છોકરાએ મોંહતાજી પાશે રજા માંગી, કે શાહેબ તે તમારૂં ઘેર છોડીને આજે બાહેર જાએછે. મેં તાજીએ તેને પુછીઉં કે બચા તું કાંઈ શીખેઓ કે નહી. તેણે જ વાબ દીધો કે શાહેબ, તમારે તાંહ રહેઆ પછે ભણવા લખવાને તો કશુંએ શીખેઓ નથી; પણ ચાર વરશના અરશામાં પાટી

માંગવા, અને ખરીઆ શાક કરવાનેજ માતરે શીખેઓ છેઉં. આ શકુન શાંભલવાથી મેંહતાજીને ઘણી ખીજાવત લાગી,અને તે ઊપરથી પોતાના ઘેર મધે "શરશવતી"ની જે દેવી હતી તેની આગલ તે મુરખા મોહનલાલને લેઈ જાઈને મેહતાજીએ દેવી આગલ અરજ કીધી કે આ છોકરો એક ગરીબી અવશથામાછે, અને ચાર વરશ લગે તે તેનાં ઘેર મધે રહેલેા હતેા; પણ કશુંએ લખવા ભણવાને શીખે ઓ નથી, અને અવડાં તેનુ ઘેર છોડી જાએછે; માટે તે બાહેર કે થે વાત કરેતેા એક મેંહતાજી દાખલ તેને બહુજ ખરાબ લાગશે; માટે એા "શરશવતી"માતા, તમેાએ એની ઉપર પરશંન થાઈ એને વીદીઆ આપવી જોઇએ. એ ઊપરથી શરશવતીની દેવીના થા નક આગલથી આવાજ નીકલીએા કે મેંહતાજી, જાએા હું એને પરશન થાઈ ચુકી છેઉં. દેવીનેા એ શકુન શાંભલવા ઉપરથી મેંહતાજીએ તે છોકરાની પીઠ ઠોકી કહીઉં કે બચા શુખેથી જાંહ ગમે તાંહ તારે જાવું, શરશવતી માંતા તુંને પરશંન થાએલાંછે; માટે તું ઘણુંજ શુખ જોઈ શકશે. એ ઉપરથી મુરખેા મોહનલા લ પેલી દેવી તથા મેંહતાજીને પગે પડીને તાંહથી રજા લેઈને ચાલ તેા થાએઓ,અને દુંધીઆં ગામ આગલ જાઈને રાજાની છોકરીની વાટ જોતેા તાંહ ઉભેા હતેા. બીજી તરફથી રાજાની છોકરી એક ઘેાડા ઉ પર પોતે બેઠી, અને બીજા ઘેાડા ઉપર પોતાના એક ચાકરને બે શાડીઓ,અને "દુંધીઆં" ગાંમ તરફ નીકલી ગેઈ. આ ગાંમના એ ક પેલા"મુરખા"ને ઉભેલેા જોઈને ચોક મધે તે છોકરી ખુશી થાઈ કે વજીરનેા છોકરેા તઈઆર થાએલેાછે; કાંકે અંધારાંને લીધે તેને ઓ લખી શકી નહી. પોતાના ચાકરને જણાવીઉં કે પેલેા પુરશ, જે મારેા મીતરછે તેની આગલ તારેા ઘેાડેા લેઈ જાઈને તું તુરત ઉ તરી પડીને ઘેાડેા તેને શવાધીન કરજે, કે અમેા શાથે ફરીને ઘેર આવીશું. આ પરમાણે પેલા "મુરખા" તરફ ઘેાડેા લેઈ જાઈને પેલેા ચાકર ઘેાડા ઉપરથી ઉતરી પડેઓ કે તુરતજ મુરખેા છલાંગ મારીને ઘેાડા ઉપર બેશીને રાજાની છોકરીની આગલ આગલ ચાલવા લાગેા. રશતા મધે પેલી છોકરીએ પોતાનેા ઘેાડેા "મુરખા" ના ઘેાડાની બરોબર લેવાને ઘણીબી તદબીર કીધી, પણ તેમા તે

નીશકૂલ થાઈ,અને જારે શહવાર પડી તારે,તેનું મોડું દેખાએઆથી તે તો પેલો"મુરખો"માલમ પડીઓ. આ વેલાએ રાજાની દીકરીએ વજી રના દીકરાનો ચાલ બાએ અકશીશ કીધોકે તેણે શાથે આવવાને જો બી લકુલ નાજ પાડી હતેતો,આવા એક મુરખને વાશતે કધીબી કશી નહી પડતે; પણ ખેર અવે બની તેજ ખરી. એટલુંજ કે એની શંગાથે કામજોગ વેહેવાર રાખવો, અને બોલવા ચાલવા, અને શન શાર શંબંધી કશીએ પણ વેહવાર રાખવો નહી. એ પછે તે ઓ"જામનગર"નામે શીહરમા જાઈ પુગાં, અને તાંહ એક શારૂં ઘે ર ભાડે લેઈને રહેઆં. આ ઘેરના માલ ઉપર રાજાની છોકરી "ચંદરાબાઈ" રેહતી હતી, અને પેલા મોહનલાલ મુરખાને તે ઘે રને ભાએતલીએ રાખેઓ હતો, અને તેને જણાવીઉં હતું કે તે ણે કોઈ પણ કારણને શારૂં તેની પાશે માલ ઉપર આવવું ન હી, અને "ચંદરાબાઈ" એ પોતાની આગલ કામકાજને શારૂં એક દાશીને રાખી હતી, જે દાશી ઘણીજ ચંચલ,અને ખબરદાર હ તી. એ પરમાણે રહેઆ પછે કેટલ.એક દીવશ નીકલી ગએઆ, અને મોહનલાલ મુરખો દરરોજ શહવાર શાંહજ પોતાના ઘોડા ઉપ ર બેશીને શેહર મધે ફરવા લાગો. એક દીવશને શમે તે શેહર નો રાજા "રાંમશીંગ" મોહનલાલની શાંમણે થાએઓ, અને તે ણે મોહનલાલની ઘોડા ઉપર બેશવાની રીતભાંત,તથા તેની ચાલ ચલણ જોઈ કે જે ઘણી શારી દીશી, અને તે ઉપરથી તેની ભેટ લીધી; કાંકે રાજા "રાંમશીંગે" જાંણીઉંકે તે કોઈ ઉમરાવજાદોછે. તેની ભેટ લેતાં, તેની શંગાથે જે વાતચીત થાઈ તે ઉપરથી રાજા ને મોહનલાલનો શવભાવ, અને ચંચલાઈ ઘણીજ પશંદ પડી, અ ને તે ઉપરથી પરપુછ કીધી કે તમો કાંહ રેહવો છેઓ. મોહનલાલે જણાવીઉં કે શાહેબ, તમારાં શેહર માંહેલાં બગમપરાં મધેના તુર કી મોહલા મધે રેહછે. એ પછે રાજા, અને મોહનલાલ વચે મન બુત મીતરાચારી થાઈ, અને દરરોજ એક બીજાની શાથે વા તચીત કરવાનો વેહેવાર વધીઓ. એક દીવશે રાજા "રાંમ શીંગે" મોહનલાલને પોતાની શાથે લીધો, અને વાત કરતાં પોતાને ઘેર લેઈ ગએઓ, અને પોતાની દીકરી "ચતરીકા" શંગાથે તેની

ભેટ કરાવી, અને તેની વાતચીત ઉપરથી "ચતરીકા" ઘણીજ ખુશી થાઈ હતી. એક દીવશે રાજા "રાંમશીંગ" મોહનલાલને જણાવીઉં કે આવતી કાલ દીને છોકરાં શહીત આપણે તાંહ મેહમાન આવવું, જે વાત મોહનલાલે કબુલ રાખી, અને ઘેર મધે જાઈને દાશીની પાશે "ચંદરાબાઈ" ને કેવાડીઉં કે શેહરના રાજાની શંગાથે તેને મીતરાચારી થાએલોછે,અને તે ઉપરથી તેણે તેને આવતી કાલે છોકરા શહીત મેમન બોલાવેલોછે; માટે તાંહ તમારે પણ આવવું જોઈશે. આ વાત દાશીએ "ચંદરાબાઈને" કહી, જેથી તે ગોશામા આવી બોલી કે મુવા મુરખાને વલી શેહરના રાજા શાથે દોશતી કાંથી થાઈ, અને રાજાએ શા ઉપરથી પોતાનો મીતર કીધો, અને કેહી અકલ ઉપરથી તેને મેમન દાખલ બોલાવીએ. આ વેલાએ દાશીએ જણાવીઉં કે બાઈ, તમો એને મુરખા શા ઉપરથી કેવોછો. મનેનો એની બોલચાલ અને વાતચીત ઉપર થી તેવું કશુંએ લાગતું નથી, અને હું તો ધારૂંચ કે એ એક માહ પુરશછે; પણ અગરજો તમો એને એકવાર મુરખા દાખલ ગણો તો તમારી મરજી; પણ જારે શેહરના રાજાએ એની શાથે તમોને બી આણું કીધું છે,અને જારે તમો નહીજ જાવો તારે રાજા આગલ એનુ માન ઘટે;માટે તમારે જરૂર જાવું જ જોઈએ;પછે તમારે જોઈએ તો એની શંગાથે આવજાવ કરતાં રશતામાં વાતચીત ના કરતાં; પણ તમારે જાવું તો ધટારતછે. એ ઉપરથી "ચંદરાબાઈ" એ તે વાત કબુલ કીધી, અને બીજે દીને મોહનલાલની શંગાથે શેહરના રાજા "રાંમશીંગ"ને ઘેર જાવાને માટે નીકલી. ચંદરાબાઈને રાજાએ પોતાની દીકરી "ચતરીકા"ના મેહલ મધે મોકલાવી, અને મોહનલાલને પોતાની નજદીક બેશાડીઓ. રાતની વેલાએ ખાંણું ખાઈ રહેઆ પછે, નાચ, અને રંગ રાગ ચાલુ થાએઓ, અને ગાએણાના ખુશનમા શરોદ ચાલવા લાગા. ચંદરાબાઈ, અને રાજાની દીકરી ચતરીકાની ભેટ થાએઆ પછે, ચતરીકાએ ચંદરાબાઈ, અને મોહનલાલની શગાઈ બાબે વાતચીત પુછવા ઉપરથી,ચંદરાબાઈએ પોતાનો શગલો હેવાલ તેની આગલ જાહેર કરેઓ હતો, જે શાંભલ વાથી ચતરીકાએ તેને જણાવીઉં કે ગેઈ કાલ દીન શુધીમાં તે ઘણી

વાર મારા બાપની શાથે મારે ઘેર આવીએાછે, અને તે શગલી વેલાની એની બેાલ ચાલ ઉપરથી તેને તે ઘણેાજ ચંચલ, અને વી દ્વાન લાગેાછે; પણ અજીરબી વહી તે શું ગએેાં• અવડાં નાંચ રંગ શહરૂ થાએલેાછે, માટે આપણે પડેાશના એરડા મધે જાઈને બેશીએ, અને બારણાને ઊંઘાડીને ચક નાખી નાચની બેઠક માંહે લેા શરવે દેખાવ આપણી નજરે જોઈએ કે પછે આપણી પકી ખાત્રરી થાશે• આ વાત ચંદરાબાઈએ કબુલ રાખી, અને તે ઊપર થી તેઓ નાચની ગમત, તથા મેાહનલાલની વાતચીત, અ ને તકરાર શાંભલવા લાગાં• મેાહનલાલ તકરાર ચલાવતેા હતેા, તે રાજાને તથા તે બેઠકમા બીરાજેલા બીજા અમીર ઉમરાઓાને જેમ પશંદ પડતી હતી, તેમજ તે શાંભલીને રાજા રાંમ શીંગની દીકરી ચતરીકાને; તેમજ ચંદરાબાઈનેબી ઘણીજ પશંદ આવતી હતી, અને તે વેલાએ ચંદરાબાઈ વીચારમાં પડી હતી કે જે ઘણી એકવાર પાટી માંજવાનુ કામ કરી દર એક છેાકરાઓાના ટપલા, અને ગાલ ખાતેા હતેા તેનેા શમેા અવડાં કેહી રીતથી ફરી ગએેાઓા હશે• એ પછે મેાહનલાલે પેલી ગુ ગુકા ના ગાએણ ઊપરથી એક ઘણુંજ શુંદર ગાએણ કીધું, જે શાં ભલવાથી બેઠક માંહેલા શગલા લેાકેાતેા ખુશી થાએઆ; પણ ગુ નકાબી અચરતીમા પડી; કાંકે તેનું ગાએણ ઘણુંજ અશર કારક, અને નશીહતથી ભરેલું તથા રમુજી હતું• આ ગાએણ શાંભલવા ઉપરથી એક નવાઈ શરઓા બનાવ થાઈ પડેઓા• એક તરફથી "કુ શંપા" શેહરના રાજાની છેાકરી "ચંદરાબાઈ", અને બીજી તર ફથી "જામનગર" ના રાજા રાંમશીંગની છેાકરી "ચતરીકા" ઈનતે જારીથી મેાહનલાલની ભેટ લેવાને તઈઆર થાએઆં, અને બંધે જ ણાઓાએ તેને પેાતાના ભરથાર દાખલ પશંદ કરેઓા, અને જેમ બને તેમ જલદીથી તેની શંગાથે પેાતાના લગન કરવાને પેાતાના મન શંગા થે ઠેડાવ કરેઓા• ચંદરાબાઈના મનની ધીરજ ઘણીજ ઉતાવલ કીધી, અને તુરતજ રાજા રાંમશીંગની દીકરીને જણાવીઓાં કે તમારાં માણશ ની મારફતે મેાહનલાલને કેવાડેા કે અવે તેને જલદીથી ઘેર લેઈ જાએ• આ ખબર રાજા રાંમશીંગને થાઈ, અને મેાહનલાલને માંન અકરાંમ

શાથે તાંથી વદીઆ કીધેા. રશતા મધે ચાલતાં ચંદરાબાઈએ વીચા ર કીધેા કે મેાહનલાલને પરથમ તેણે ઘણેા ધીકારેલેાછે; માટે અવે એ ને કેહી રીતથી બેાલાવી શકું. એ ઉપરથી ઘેર જાતાં રશતા મધે ચંદરાબાઈએ પેાતાના પગ મધેનુ જાંહજર કાડીને અલકશે એક ખુલલી જગા ઉપર નાખી દીધું, અને ઘેર ગએઆ પછે, દાશીની મારફતે મેાહનલાલને ઉપર બેાલાવી જણાવીઉં કે તેના પગ માંહે લું જાંહજર રશતા મધે નીકલી પડીઉંછે. આ શબ્દ સાંભલતાં જ મેાહનલાલે જણાવીઉં કે કાંઈ ફીકર નહી, અવડાં પાછેા જાઈ ને તે જાંહજર લેઈ આવશે. ચંદરાબાઈની મરજી માતરે તેની શાથે બેાલવાનીજ હતી, અને તે પરમાણે બેાલચાલ થાઈ ગેઈ તેથી તેણે જણાવીઉં કે કાંઈ ફીકર નહી, જાંહજર ગએઉંતેા બલાશે; પણ રાતની વેલાએ તમેા કેથે જાશેા નહી. આ વાત મેાહનલાલે માની નહી, અને જણાવીઉંકે આ ઘડીએ તે જાંહજર લેઈને પાછેા આવશે. એટલું કહીને શેહર મધે પાછેા દેાડી ગએએા, અને રશતા ઉપર ચેાકશાઈથી નજર કરવા લાગેા. શેાહધ કરતાં એક જગાએ થી તેને જાંહજર મલીઉં, અને તે લેઈને પાછેા ઘેર જાતેા હતેા; પણ મેાડી રાત ગએઆને લીધે ભાગલનેા દરવાજેા બંધ કરી નાએએા હતેા. જો મેાહનલાલે કેાશેશ કીધી હતેતેા, દરબાન દરવાજો ઊંઘાડતે; પણ તેને શરમ લાગી કે કદાચ રાંજાને ખબર પડશેકે જાંહજર શરીખી એક નજીવી વશતુ લેવા માટે છેક ઘેરથી પાછેા ફરેએા હતેા. આવી શરમને લીધે તેણે દરવાજોતેા નહી ઊંઘડાવીએા, પણ ભાગલની પડેાશ મધે શેહર માંહેલું વરશાદનુ પાંણી જવાને જે મેાટું ગનડાલું મેલેલું હતું તે રશતેથી બાહેર નીકલવાને કેાશેશ કીધી. મેાહનલા લ જેહેવેા ગનડાલાં મધે ઉતરીને અંદર માંથું મારવા જાએછે કે તાંહ બેઠેલા એક જેહરી નાગની ઉપર તેનેા પગ પડેએા, જેથી તે નાગે મેાહનલાલના પગ ઉપર પેાતાનેા જેહરી દંખ મારેએા, જેથી મેાહનલાલે મેાટા આવાજથી પેાકાર મારેએા. આ ગનડાલાંની શાં મણેજ રાજાની પેલી ગુણકાનુ ઘેર હતું, અને તે તુરતજ રાજા ને તાંહની બેઠકમાંથી આવીને પેાતાનાં કપડાં ઉતારતી હતી તેણે મેા હનલાલનેા પેાકાર શાંભલીએા, અને તુરતજ મશાલ, અને માણશેા

ને લેઇને તે ગનડાલાં આગલ દોડી ગેઇ, અને જોઇઊંતો મોહનલા લ તાંહ પડેલો હતો, અને પેલો નાંગ તાંહથી નીકલીને નાહશી ગ એઓ. ગુણકા તુરત શહમજી ગેઇ કે મોહનલાલને નાંગે દંખ મારેઓછે તેથી તુરત તેને તાંહથી ઊંચકાવીને પેતાના ઘેર મધે લેઇ ગેઇ, અને પોતાની પાશે શાંકનો "મોહરો" હતો તે લગાડીને મોહ નલાલને, હોશીઆર કીધો,અને તેપણ તેની ઉપર ઘણીજ ફીદા થા એલી હતી; માંટે વીચારીઊં કે જો એને અવે છુટો મેલશતો ફરી તે ને હાથ આવવાનો નથી;કાંકે એની ઉપર જુદા જુદા બે રાજાઓની છોડીઓ મોહીત થાએલીછે. એ ઊપરથી ગુણકાએ મોહલાલની શંગાથે તે આખીરાત રંગલોગમા ગુજારી, અને બીજે દીને શહ વારે તેના પગના અંગોઠા ઊપર દોરો બાંધીને તેને પોપટ બનાવી એક પીંજરાં મધે બંધ કીધો. એક તરફથી પેલી ચંદરાબાઈ મો હનલાલની રાહ જોતી ઘેર મધે બેઠીછે,અને બીજી તરફથી મોહન લાલની ગતી આવી રીતની થાઈછે;પણ તે વીશેની ખબર કોઇને પરી નથી; કાંકે ગુણકાએ તે વાત ઘણીજ છુપાવી રાખી હતી. વધારે દીવશ થએઆ, અને મોહનલાલ રાજાને તાંહ નહી ગએઓ તેથી રાજા રાંમશીંગ,અને તેની દીકરી ચતરીકા વીચારમાં પડેઆં, અને ચંદરાબાઈને તે વીશેની ખબર પુછાવી. ચંદરાબાઈએ મોહ નલાલ વીશે ખોલાશો કીધા ઉપરથી રાજાએ તેની ઘણીબી શોહધ કીધી; પણ કોઈબી રીતે કેથેથી તેનો પતો લાગો નહી. એણીગે મ પેલી ગુણકા, જેણે મોહનલાલને પોપટ બનાવી પાંજરાં મધે રાખેલો હતો તે મોહનલાલને જરાએ વીહલો મેલતી નહી હતી, અને રાતની વેલાએ તેના પગના અંગોઠાથી દોરો છોડીને તેને પુ રશ બનાવી તેની શાથે રંગલોગ કરતી હતી, અને શહવાર પડી કે પાછો દોરો બાંધી પોપટ બનાવીને પાંજરાં મધે બંધ કરી રાખ તી હતી. એ પરમાંણે ઘણા દીવશ નીકલી ગએઆ, અને એ ક દીવશે પાંજરૂં ઊંઘાડું મેલીને ગુણકા ભુલમા નાહવા ગેઇ. ત્મા જોગવાઇ લેઇને મોહનલાલ પાંજરાં મધેથી ઉડીને રાજા રાંમ શીંગના મેહલ મધે ગએઓ, અને તેની દીકરી ચતરીકા, જે ગાશી ઊપર બેઠેલી હતી તેના હાથ ઉપર જાઈ બેઠો. આ શુંદ

૨ દેખાવનો, અને બોલતો પોપટ જોઈને ચતરીકા ખુશી થઈ,અને તેને હાથમા પકડીને રમાડવા લાગી. રમતાં,અને બોલતાં બોલતાં તે પોપટે પોતાનો પગ ઉનચો કરીને ચતરીકાને દેખાડીઓ, અને તે વેલાએ તેને અંગોઠે દોરો બાંધેલો માલમ પડેઓ, જે તુરત ચતરીકાએ છોડેઓ કે મોહનલાલ એકેદમ એક પુરશ થાઈને ઉભો. આ દેખાવ જોવાથી ચતરીકા મઘન થઈ, અને પોતાના બાપને બોલાવીઓ, અને તે પછે મોહનલાલને તે બનાવ વીશનુ કારણ પુછીઉં, જે વીશેનો શરવે ખોલાશો મોહનલાલે કીધો. એ પછે ચતરીકા એ તેને તાંહજ રાખવાને જણાવીઉં; પણ મોહનલાલે જવાબ દીધો કે એમ રેહવું અણઘટતું, અને નાલાએકછે; માટે તમો મારે અંગોઠે પાછો દોરો બાંધો કે હું તુરત ઉડીને મારી જગા ઉપર જાઈ બેશું, અને પછે તમો મને ધીરજ, અને શહુમજુતીથી તાંથી કાડી લાવો; કાંકે જેણે જીવતદાન બખશીઉં તેની શાથે દગો કરવો એમા ઈશવર દલગીર થાએછે. એ ઉપરથી રાજાએ મોહનલાલને પગે પાછો દોરો બાંધીઓ, અને તે પોપટ થાઈને તાંથી ઊડીને ગુણુકાના ઘેરમા જાઈ પાછો પાંજરાં મધે બેઠો હતો. એ પછે ગુણુકા નાહીને પાછી ઉપર ગોઈ, અને જોએછે તો પોપટનુ પાંજરૂ ઊંઘાડું હતુ. એ ઉપરથી ગુણુકાએ પાંજરૂં બંધ કીધું, અને મોહનલાલને કહીઉં કે એ મારા દીલજાન તું ઘણો વીશવાશુ છે; પાંજરૂં ઊંઘાડું રહી ગએઉં તોણી ઉડી નહી ગએઓ.

પેલી તરફથી રાજા રાંમશીંગની દીકરીએ એ ખબર ચંદરાબાઈને કેવાડી,જેથી ચંદરાબાઈ તુરત નીકલીને વધારે પરપુછ કરવાને રાજા રાંમશીંગને ઘેર ગોઈ, અને તે હકીકત શાંભલીને રાજાને કહીઉં કે અવે એને લાવવાની તદબીર ઉતાવલેથી કરવી જોઈએ. આ વાતને રાજાની દીકરી ચતરીકાએ પણ ટેકો આપેઓ જેથી રાજાએ જણાવીઉં કે અવે તેજ કાંમ ઉપર તે કંમર બાંધે છે. રાજાએ વજીરને તથા બીજા અમીર ઉમરાઓને બોલાવીઆ, અને એ વીશેનો ખોલાશો તેઓથી પુછેઓ. વજીરે જણાવીઉં કે બંદેનવાજ, ગુણુકા તમારેથી કાંઈ દુર નથી, અને એ કાંમ કરવું કાંઈ ઘણું મુશકેલ નથી; પણ ગુણુકાએ તેને કોઈ ઘણીજ

છુપી જગાએ રાખેલો હશે; માટે એક દીવશે આપણ શગલાએા તેને ઘેર જાઈએ, અને તેનુ ઘેર જોવાને બાંહને શગલે ઠેકાંણે ફરી એ, અને પછે પાંજરૂં દેખાએ કે પોપટને રમાડવાને બાંહને હાથ મા લેઈએ, અને તે પછે જે લાગુ પડે તે તદબીર કાંમે લગાડશું. વજીરનો આ વીચાર રાજાને તેમજ બીજા શરવે અમીર ઉમરા ઓને ઘણોજ પશંદ આવીએા, અને તે ઉપરથી રાજાએ એક ના ધલી શવારી તઈઆર કરાવી, અને ગુણકાને ઘેર ગએઆ. ગુ ણકાને ખબર પડી કે રાજા રાંમશીંગ તેને ઘેર આવીએાછે, જેથી તુરત નીચે ઉતરીને રાજાને શાંમણે થાઈને ઉપર લેઈ જાવા લા ગી. રાજાએ જણાવીઉં કે આજે એવી મરજી થાઈ કે તારૂં ઘે ર જોવું, અને તેટલા શારૂંજ તે અતરે આવીએાછે; માટે નીચેનો ભાગ શરવે ઠેકાંણે ફરીને જોએઆ પછે, માલ ઉપર ચડીશું. એ પરમાણે નીચે શગલે ઠેકાંણે ધીરજથી ફરીઆ પછે તેઓ માલ ઉ પર ગએઆ, અને તે પછે આગાશી ઉપર જરે ફરીઆ તારે, પેલા પોપટનું પાંજરૂં તેઓની નજરે પડીઉં. આ ઠેકાંણે ફરીને રા જા તે પાંજરાં આગલ ગએએા, અને ગુણકાને કહીઉં કે તારો પોપટ ઘણો મજેહનોછે. પોપટને બોલાવીઆથી તે ઘણી શારી રીતથી બોલીઓ, અને તે ઉપરથી રાજાએ ગુણકા પાશે તે પોપટ ની માંગણી કીધી. રાજાનો એ શખુન શાંભલીને ગુણકા ઘલ રાટમાં પડી, અને રાજાને જણાવીઉં કે—એા નેકબખત શરદાર, હું પોતેજ તારી છેઉં, અને મારેથી જેબી તું માંગે તે આપવાને હાજર છેઉં; પણ પોપટ ઘણો બોલકણોછે; માટે મારૂં દુખ વેરા ઈ જાએછે, અને તેટલા શારૂં એ માંગણી કરવાને બદલે જો તું શેહર મધેથી ખરીદી કરશે તો, એનો શું; પણ એના કરતાંને દશ ઘણા શરશ પોપટ તુંને મલી આવશે. પઈશો ખરચેઆથી કેહી ચીજ મલી નહી શકે ? એના ઉતરમાં વજીરે ગુણકાને જણાવી ઉં કે જરે એવું તું શારીપઠે શહમજેછે તારે, રાજાનો શખુન શા માટે રદ કરેછે. એ પોપટ તું રાજાને આપ, અને પછે એના બદલામાં જો તું બીજો ખરીદવા માંગશેતો, જેબી કીમત તેની ખરીદીને માટે પડશે તે આપવાને રાજા તઈઆરછે. ગુણકાએ

જવાબ દીધો કે એ વાતતો શાચીજછે, અને પોપટ શરીખું જાત પર રાજાના શખુનની આગલ કશી બીશાદ ધરાવતું નથી, અને તે નહી આપીને રાજાના શખુનને રદ કરવો, એ વાત ઘણીજ ના મોશી ભરેલીછે; પણ એ પોપટ જારે બોલવા લાગો, અને તે જા રે ઘણો પેઆરો થાએઓ તારે, મેં એને વેચવા, અથવા શોગાત તથા કોઈને ભેટ આપવા માટેના શપત લીધેલાછે, અને તે શોગન પાલવાનેજ વાશતે રાજાના શખુનને પાછો ફેરવવાની તેને દુખ ભરે લી ફરજ પડીછે, જેથી તે નીશચે દલગીરછે. અગરજો રાજા ચા હેનો, તેના ઘેર મધેનું જેબી માંગો તે આપવાને તઈઆરછે; પણ અગરજો રાજા કેહે કે મેં લીધેલા શપત તોડાવવાજ જોઈએ,તો પછે હું લાચાર છેઉં;પણ મારીતો ખાતરીછે કે આપણો નીતીમાન,અ ને ઈશવરી કાએદાને માન આપનારો નેક રાજા કોઈનાબી શપત તોડાવવાનો નાલાએક,અને ઈશવરની મરજીથી ઊલટો હોકમ હરગોજ કરવાનો નથી.

ગુણકાના મકર ભરેલા આ શખુનો શાંભલવા ઉપરથી પરધા ને જણાવીઉં કે એ ગુણકા, તેં જે વાત કહી તે ખરીજછે. આ પણા રાજાએ એવું નાલાએક કાંમ કોઈ દાહડે કરેઉં નથી, અને અવે પછેબી કધી કરવાનો નથી; પણ પોપટને જરા પાંજરાં મધેથી બાહેર કાડીને રાજાના હાથમાતો આપ કે એને રમાડીને પોતાનો જી વ ખુશી કરે. પરધાનના આ શખુનને રદ કરવાની ગુણકામા અ વે કશી તાકાત નહી રહી, જેથી લાચાર થાઈને પોપટને પાંજરાં મધેથી બાહેર કાડીને રાજાના હાથમા આપેઓ. રાજાએ થોડોએ ક વખત શુધી પોપટને રમાડીઓ, અને તે પછે પરધાને માગોઆ થી તેના હાથમા આપેઓ. પરધાને થોડાએક વખત શુધી રમાડીઓ, અને ગુણકાની નજર ચોરાવીને તેના પગનો દોરો છોડી નાંખીઓ, જેથી તે તુરતજ પોતાની આગલી હાલતમાં એક પુરશ દાખલ તઈ આર થાઈને ઊભો. આ બનાવ જોતાંજ ગુણકા ઘભરાઈ ગોઈ; પ ણ પરધાને તેને દીલશો દીધો કે બાઈ, તારે કશીબી રી તે ઘભરાવું નહી. જો તારે એની શાથે રેહવાનીજ ખુશી હો એ તોએની શરવેથી પેહલી બાએડી તુંજ, અને તે પછે બીજી

એા ગણુઆમાં આવશે; પણ આલ અમેા એને લેઇ જાઈએછે, અ ને પછે વલી પાછેા તારે ઘેર આવશે. આ વાત ગુણકાએ લાચા ર થાઈને કબુલ રાખી; કાંકે એ બાબતમાં તેના કશેાએ ઈલાજ કે ચારેા રહેએા નહી. એ પછે રાજા રાંમશીંગ મેાહનલાલને લેઈને પેાતાને ઘેર ધામધુમ શાથે ગએએા, અને તેને પેાતાની દીકરી "ચ તરીકા" શાથે પરણાવીએા, અને પેાતાનુ રાજ તેને શવાધીન કી ધું. એ કીરીઆ થાઈ રહેઆ પછે, "કુશંપા" શેહરના રાજા ની છેાકરી ચંદરાબાઈ શાથે તેનાં લગન કરેઆં, અને તે પછે પેલી ગુનકા શંગાથે લગન કીધાં. આ શગલી કીરીઆ પુરી થાએઆ પછે, મેાહનલાલે રાજા રાંમશીંગને જણાવીઊં કે તે પેાતાના કાર ણને માટે "કુશંપા" ખાતે થાઈને પેાતાનાં માંએ બાપની લેટ લે વા માંટે પેાતાને દેશ ખાતે જાએછે. અને તેટલાં શુધી દેશનુ રાજ તેણે પેાતાને શવાધીન રાખવું. એટલું કહીને પેાતાની શંગાથે કેટલુંએક લશકર લીધું, અને પેલી તરણુડે અશતરીઓને શાથે લે ઈને તાંહથી કુશંપા ખાતે ગએએા. મેાહનલાલની ધામધુમ, અ ને લશકર વીગરે જાઈને કુશંપાનેા રાજા "બાહધરશીંગ" ઘલરાએ એા, અને તેને ફીકર પડી કે તેને કેાઈનીબી શાથે દુશમની નથી, અને તેવું છતાં આ કહેઆ રાજાએ તેનાં શેહર ઉપર ચડાઈ કીધી. રાજા મેાહનલાલને આ ખબર પડતાંજ તેણે બાહધરશીંગને જણા વીઊં કે તમેાએ કશી ફીકર કરવી નહી;કાંકે તે કાંઈ તેના શેહર ઉ પર ચડી આવીએા નથી; પણ તેની દીકરી ચંદરાબાઈ, જેણે તે ની શાથે લગન કીધેલાંછે તેને તારી લેટ કરાવવાને વાશતે અતરે આવીએાછે. એ ઉપરથી રાજા બાહધરશીંગ ખુશી અને મવન થા એએા, અને જમાઈ તથા દીકરીની મેાટી ખુશી શેાથે લેટ લીધેા, અને પેાતાનુ રાજ મેાહનલાલને હવાલે કીધું. એ ઠેકાંણે થેાડા વ ખત શુધી રહેઆ પછે, મેાહનલાલે પેાતાના "ઉજન" શેહર તરફ જવાનેા ઈરાદેા કરેએા, અને તે બીના કુશંપાના રાજાને જણાવી કહીઊં કે તે પાછેા આવે તેટલા વખત શુધી દેશનું રાજ તમેાએ ચલાવ વું. એ પછે મેાહનલાલ રાજા તાહથી નીકલીને "ઉજન" તરફ ગએએા, અને કુશંપા ખાતેથીબી થેાડું એક લશકર શાથે લીધું. આ બંધે

ઠેકાણેનાં લશકર શહીત રાજા મોહનલાલ ઉજન શેહર આગલ જા ઈ પુગેા, જેથી રાજા બાહુંધરશીંગ ઘભરાઈ ગએેા કે કેાઈબી ચે તવણી કીધા વગર આ કહેએા રાજા તેની ઉપર ચડાઈ લાવીએાછે; પણ મોહનલાલે તેને જણાવીઊં કે તે કાંઈ શેહર ઊપર ચડાઈ લાવી એા નથી; માતરે તેની મતલબ એટલીજ છેકે તારી દીકરીના તેની શંગાથે લગન કરવાં; પણ અગરજો તેમ કરવાને તું વાંધેા લેશેતેા જ, તારી શંગાથે લડાઈ કીધામાં આવશે. આ બીનાં શાંભલવા ઊપરથી રાજા બાહુંધરશીંગે તેને એવેા જવાબ વાલીએા કે જે મા ગણી તેણે કીધીછે તે પરમાણે ચાલવાને તે ઘણેાજ ખુશી, અને મઘનછે. એ ઉપરથી મોહનલાલ શેહર મધે દાખલ થાએેા, અને પેાતાના બાપના ઘેરની નજદીકમાજ પેાતાનેા ઉતારેા કરેએા, અને તે પછે શેહરના રાજા બાહુંધરશીંગની દીકરી "મથુરાં" શં ગાથે તેના લગન કીધાં, અને રાજાએ તેને પેાતાનું રાજ શવાધીન કીધું. આ શગલું પુરૂં થાએેઆ પછે, મોહનલાલે ખબર કાડી કે તેનાં માં બાપ જીવતાં છેકે નહી, જે ઉપરથી તેને માલમ પડીઊં કે તેનાં માં બાપ જીવતાંછે,અને તે ઊપરથી તેણે પેાતાનાં માં બાપ, તથા ભાઈએાને બેાલાવીઆં, અને પેાતાની ઓલખ આપીને તેઓને કહીઊં કે તેણે એવેા શખુન કાડીએા હતેા કે આપણા શેહરના રા જાની દીકરી શંગાથે પરણીને આપણાં શેહરનુ રાજ કરશ, તે વાત અવે ખરી ઠડી કે નહી ? એનાં જવાબમાં તે શગલાંઓએ કહીઊ કે ભાઈ તું ખરેાજ ભાએેગશાલી ઠડેએાછે. એ પછે તે શ ગલાંઓએ શુખ, અને શંપજથી પેાતાનેા કાલ કાડીએા હતેા.

શાટાંમા શપડાએલેા શેાદાગર.

બશંત નામની એક નગરીમા ઉતેમચંદ નાંમનેા એક વાંણી એા શેાદાગરનુ કામ કરતેા હતેા, અને તેણે પેાતાની ચંચલાઈથી મેાટેા દરજ્જ લેગેા કરેએા હતેા. ઉતેમચંદને તાંહ શાકરચંદ નામ

નો એક દીકરો હતો,અને જારે તે દશ વરશની વએનો થાએએો તારે, ઉતેમચંદે પોતાંનો વેપાર કરવાનો મોહકુફ કીધો; કાંકે તેની અવશ થા ઘડપણના વખતને પોહચી હતી. ઊતમચંદે પોતાના દીકરા ને કેલવણી આપવા પછવાડે શારી મેહનત કીધી હતી, અને તે થી શાકરચંદ શારીપઠે ખબરદાર થાએએો હતો. જારે શાકરચંદ વીશ વરશની વએને પોહચીએો તારે, તેણે શોદાગરીનુ કાંમ કર વાનો વીચાર કીધો, અને પોતાનો વીચાર પોતાના બાપ ઉતેમચંદ ને જણાવીએો. ઉતેમચંદે પોતાના દીકરાના વીચારને પશંદ રા ખેએો; કાંકે તેની ખાતરી હતી કે તે વેપાર કરવાને શકતીવાન થાએલોછે; માટે દીકરાને જણાવીઉં કે ભાઇ, તું ને જેટલો પઇશો જોઇએ તેટલો લે, અને શુખેથી તારૂં ધીઆન પોહચે તે દેશ તરફ માલનો મોટો જથો લેઇ જાઇને વેપાર કરવો. એ ઉપરથી શાક રચંદે જુદી જુદી પરકારના માલનો એક ઘણો મોટો જથો ખરી દ કરેએો,અને તેને પાંચ વાંહાંણુ મધે ભરેએો,જેથી વાંહાંણો ઉપડી જાવાને તઇઆર થાએઆં. આ ઉપરથી ઉતેમચંદે પોતાના જુના મેહતા, અને માણશોને બોલાવીને પોતાના દીકરાની ચાકરીમાં રા ખેઆં, અને વેપારના કામને માટે શાકરચંદની શાથે જાવાને તેઓ ને હોકમ કરેએો. ઉતેમચંદે પોતાના દીકરાને જણાવીઉં કે જે બી મુલકમાં વાંહાંણુ લાંગરવાડ કરે તે મુલકમાં વાંહાંણુ માહેલા માલનુ ભરતીઉં દેખાડીને પાંચે વાંહાંણુનો શગલો માલ જે ઘણી ખરીદ કરે તે એકજ શખશ શંગાથે શોદો કરજે, અને તેની પા શેથી રોકડ નાંણું લેવાને બદલે માતરે એકજ કીશમનો માલ ખરી દ કરજે: જુદી જુદી જાતનો માલ ખરીદ કરતો ના. અગર જો તે શેહરમા તેવો ખરીદદાર કોઇ નહી મલેતો પછે, તાંથી લાં ગડ ઊચકીને વલી બીજાં બંદર ખાતે જાજે; પણ એકજ ખરીદ દારને શગલો માલ વેચજે, અને એકજ જાતના માલનો શગલો જ થો ખરીદ કરજે.

એ પછે શાકરચંદ બાપની રજા લેઇને વાંહાંણુ ઊપર શવા ર થાએએો, અને બશંત નગરી છોડીને આગલ ચાલીએો. લાભ પાંચમ વખત નીકલી ગએઆ પછે, "નવા શાગર" કરીને એક શે

હરનો કીનારો દેખાએએો, અને તે ઉપરથી શાકરચંદે તે તરફે વાં હાંણુને વલાણુ આપી. થોડા વખતમાં "નવા શાગર" આગલ વાંહાંણો જઈ લાગાં, અને તે વેલાએ વાંહાંણુ ઉપરથી શલામતી ની ટોપો છોડીઆમાં આવી, અને તે ઊપરથી વાંહાંણો પોહચ વાની ખબર શેહરના શોદાગરોમા થાઈ, જેથી તેઓ બોટોમા બે શીને શાકરચંદના વાંહાંણુ તરફે માલના શોદાને માટે ગએઆ. શોદાગરોની બોટો વાંહાંણુની નજદીક જઈ પુગી તારે, શાકરચં દે પોકાર મારીને કહીઊં કે— ભાઈઓ પાંચે વાંહાંણુ મધેનો શગ લો માલ એકજ ધણીને આપવાનોછે, અને તેના બદલામા એકજ જાતનો માલ ખરીદવાનોછે; માટે એ પરમાણેનો શોદો કરવાને જે ધણી માંગતો હોએ તેણેજ વાંહાંણુ ઊપર ચડવું: નહીતો અમશ થકો વખત ગુમાવવો નહી. આ બોલી શાંભલવા ઊપરથી કેટ લાએક શોદાગરો નાહીમત થાએઆ; પણ એક જણે વીચાર કરે ઓ કે કાંઈ ફીકર નહી; વલી ઘણોતો પાંચ વાંહાંણો મલીને પાં ચ લાખ રૂપીઆનો અવેજ હશે. એના બદલામા આપવા માટે હુ ડી લાખ શુધીની કલાઈનો જથો આપણા ઘેરમાં પડેલોછે, અને બાકી રેહલા હડી લાખની કલાઈ શેહર મધેથી, અગર નહી તો દેશાવર ખાતેથી ખરીદી મંગાવીને પુરી કરી આપેઆમાં આવશે; એવા વીચારથી તે શોદાગર વાંહાંણુ ઉપર પડીએા, અને વાંહાંણુ ઉપર ચડાવેલા માલનું ભરતીઉ, અને શતમી જોએઆ પછે તે મા લ ખરીદવાનું શાટાંખત કરીઊં, અને બે આનાંનાં રૂપીઆ આપી ને તાંથી પોતાને ઘેર ગએએા. તે શેહરનાં રાજાનો શરેશતો એવો હતો કે જો કોઈ શોદાગર તેનાં શેહર મધે માલ વેચવા, અથવા ખરીદવાને વાહાણુ લેઈ જાએ તો, તે વાંહાંણુનો ખુટો, અને મા લની જગાત લીએ; પણ તે શોદાગરને પોતાના શેહર મધે રેહવા ની જગા તેને પશંદ પડતી શોધી અપાવે, અને જાંહ શુધી તે શો દાગર શેહર મધે રેહ તાંહ શુધી તેની માવજત કરે, અને તે શો દાગરને પોતાના શેહરનાં લોકો શંગાથે માલની ખરીદીમાં કાંઈ વાં ધો પડે તો, તેની વચે પડીને બંધેને અડચણ નહી થાએ તેવી રી તે શમાધાન કરી આપે. એ રીત પરમાંણે રાજાએ શાકરચંદ

શોદાગરને પોતાનાં શેહર મધે ઉતારાની એક શારી જગા અપાવી, અને તે મકાન મધે શાકરચંદ જાઈ રહેએો, અને તે શેહરનાં શો દાગરે શાકરચંદનાં વાંહાંણો મધેથી માલ ઊતારવા માંડીએો, અને ખાલી થાતા વાંહાંણોમા, એક તરફથી કલાઈ ચડાવવા માંડી, અને બીજી તરફથી શેહર મધે, અને આશપાશનાં ગાંમો, અને શેહરો ખાતે કલાઈની ખરીદીને માટે માંણુશો દોડાવીઆં. આ ખબર શે હર મધે આશકારા થાઈ કે શાકરચંદનાં માલના અવેજમાં તે શે હરનાં શોદાગરે શગલી કલાઈ આપવાની મજબુત બોલી કીધેલી છે તેથી શેહરનાં લોકોએ પોતાથી જેમ બની આવીઉ તેમ, કલા ઈનો જથો પોતપોતાને હાથ કરવા માંડીએો, અને શેહરનાં શોદાગ રનાં હાથમાં જાતો અટકાવીએાં. એવા માંમલાને લીધે મારકુટ કરતા શેહરના શોદાગરનાં હાથમાં કાંઈ શેહજ કલાઈ આવી, અ ને બીજો જથો મલવાનો શગલો ઉપાએ ખુટેએો, જે ઉપરથી તેણે શાકરચંદને જણાવીઉ કે ભાઈ મારી ઉપર તો આ પરમાંણુની આફત આવેલીછે; માટે અવે તમો મેહરબાંની કરીને જાઈએ તો રોકડ નાંણું, અથવા તો બીજી જાતનો કોઈ માલ લેવો. એમ કરવાને શાકરચંદે નાપાડી, અને પોતાનાં લખતમાં જણાવીઆ પ રમાંણે કલાઈ લેવાને જણાવીઉ. આ વાંધો પતાવવા માટે શેહર નો શોદાગર રાજાની પાશે ગએેએો, અને રાજાએે શાકરચંદને બો લાવીને કેટલુંએક શહમજાવીઉ. એ વેલાએે શાકરદાશે રાજાને જ વાબ દીધો કે બંદેનવાજ, તમારો શખુન માંથે ચડાવવાને તે તઈ આરછે; પણ તેમ કીધાથી તેનાં બાપનો શખુન રદ થાએછે; કાંકે તેનાં બાપે તેને જરૂર કરીને પેહલી શીખામણ એજ દીધેલીછે કે શગલો માલ એકજ ધણીને વેચજે, અને તેના બદલામાં એકજ જા તનાં માલની ખરીદી કરજે, અને જો તેવી રીતનું શાટું એક શે હરમાં નહી થાએ તો, વાંહાંણો પાછાં ફેરવીને બીજે શેહર જજે; પણ જુદી જુદી જાતનો માલ કધીબી ખરીદ કરતો નાં. એટલા જ માટે તે આટલી બધી હુજત લેઈ બેઠેલોછે; માટે બંદેનવાજ કોઈબી રીતથી મને કલાઈજ અપાવો તો બહુ શારૂ. શેહરનાં શોદાગરનો કોઈબી તરફથી ઉપાએે રહેએો નહી હતો; કાંકે કલાઈ

નો ભાવતો રૂપાંની પઠે રૂપીએ તોલા પરમાણે થાઈ ગએલો હતો તેથી રાજાએ શેહરનાં શોદાગરને જણાવીઉં કે કલાઈ પણ રૂપી એ તોલો મલેછે તારે તો શાકરચંદને બાકી રહેલી કલાઈનાં ભાગ માં રૂપું તોલી આપવું કે પછે કલઈનો ભાવ પહીજ રેહવાનો. રા જાનાં આ શબ્દ શાંભલીને શાકરચંદે ચાંદી પણ લેવાને નાપાડી; પણ રાજાએ ઘણી રીતથી તેને શમજાવીઓ, અને કહીઉ કે એ મ કીધાથી તારા બાપનો શબ્દ રદ જવાનો નથી; કાંકે જે ભાવે કલાઈ વેચાએછે તેજ ભાવનો માલ તુંને આપવામાં આવેછે; કાંકે તે મ કીધા શીવાએ શેહરનાં શોદાગરનાં હાથમાં બીજો કશોએ ઈલા જ રહેઓ નથી.

શાકરચંદ લાચાર થાએઓ; કાંકે રાજાનો શબ્દ કરેઆ વગ ર તેણે પોતાનો છુટકોજ નહી જોએઓ, અને તે ઉપરથી બાકી રે હલી કલાઈનાં અવેજમાં ચાંદીની ખરીદી કીધી, અને પોતાનાં વા હાંણો ઉપાડીને પાછે પોતાને શેહર જાઈ પુગો. શેહરમાં ગએઆ પછે પોતાની શકર શંબંધી બીનાં પોતાનાં બાપની આગલ જા હેર કીધી, અને તે શાંભલવાથી તેનો બાપ નારાજી થાએ ઓ, અને હોકમ કીધો કે તે શોદાગરે જેટલી ચાંદી આપી હોએ તેટલી શગલી, એક પેટી મધે પેક કરી શીલમોહર કીધા પ છે એક ઓરડા મધે બંધ કરવી અને તે ઓરડાનાં ટાલાં ઉપર પણ શીલ કરાવીઉં; કાંકે એવી રીતે એક શંકટમાં આવી પડેલા શબ્દશને દુખ ઉપર ડાંહમ દેવો જોઈતો નહી હતો; માંઠે અગરજો ઈશવરની મરજી હશે તો, કોઈ દીને તેની ચાંદી આપણે તેને પા છી આપીશું. એ પછે ઘણા દીવશ વહી ગએઆ, અને શાકરચં દ પોતાનાં બાપ ઉતેમચંદની શહુલાથી વેપાર વનજ કરવા લાગો હતો. પેલી તરફથી પેલા કલાઈનું શાટું કરનારા શોદાગરનો વ ખત ઘણો બારીક આવી ગીઓ; કાંકે તેણે કીધેલાં શાટાં પરમાં ણે, શાકરચંદને કલાઈ પુરી પાડી પોતાની આંટ જાલવવા માટે તે ણે ઘણા મોઘા ભાવની કલાઈ પણ ખરીદી હતી, અને શેવટે તે ને શાટાં ખતમાં જણાવીઆ પરમાણેનાં કલાઈનાં ભાવથી ચાંદી આપવી પડી હતી. તે શોદાગરે પાછલથી પોતાનો વેહપાર ચાલું

રાખવા માંટે ઘણાબી ઉપાએ લીધા હતા; પણ તેમાં તે નીશફલ થાએએા હતેા, અને તેટલાજ માંટે તેને પેાતાનેા વેહપાર બંધ ક રવાની ફરજ પડી હતી. એ પરમાંણે તેણે લાંમએા વખત કાડી એા; પણ કશેાએ એલાજ નહી ચાલીઆથી, દેશાવર ખાતે જાઈને કાંઈ ચાકરી ધંધેા કરવાનેા ઠેડાવ કરેએા હતેા, અને તે પરમાંણે તે પેાતાના શેહર મધેથી નીકલીએા હતેા, અને એક શેાદાગરે બશં ત નગરી ખાતે માંકેલાં વાંહાંણુ મધે ચડી બેઠેા હતેા. કેટલેએક દીવશે તે બશંત નગરીમાં જાઈ પુગેા, અને એણીગમથી પેલીગમ ફરતાં ફરતાં, ઉતમચંદનાં બેાહલા મધે જાઈ પુગેા. આ વેલાએ શ હવારનેા વખત હતેા, અને તેટલા માટે ઉતમચંદ પેાતાનાં બેાટ લા ઉપર બેશીને દાતંન કરતેા હતેા, અને પેલેા શેાદાગર તેને જોઈને તેનાં બેાટલા ઉપર જાઈ બેઠેા. ઉતમચંદ દાતન કરીને ઉ ઠીએા, અને પેલા શેાદાગરને જોઈને પુછીઉ કે ભાઈ, કાંઈ કેછે ? શેાદાગરે જણાવીઉ કે શેઠને તાંહ કાંઈ ચાકરી હેાએ તેા, રેહવા માટે તે આવેલેાછે. ઉતમચંદે તેને પુછીઉ કે ભાઈ તું વરશ દાડે કેટલા રૂપીઆ લેશે.

શેાદાગરે જણાવીઉ કે શાહેબ, એક રૂપીઆનું શાલીઆંણું, ખાવા પીવાનું, અને કપડાં જો આપશેા તેા, તમારી ચાકરી બજા વવાને તે તઈઆરછે.

ઉતેમચંદે જણાવીઉકે ભાઈ, એ બેાલી પરમાંણે તમેા ચા કરી કરશેા કે અમશથકા મારેા ઠઠેા કરવાને આવીઆ છેવેા ?

શેાદાગરે જણાવીઉ કે શાહેબ, તે વાખાનેા મારેલેા અતરે આ વેલેાછે, અને જો એટલેા આશરેા તુરત વેલાએ મલશે તેા, મેાટી ખુશી શાથે તમારી ચાકરી કરવાને તે તઈઆરછે.

ઉતેમચંદે જણાવીઉ કે જારે એમજછે તેા જાએા મેં તમેાને ચાકરી ઉપર રાખીઆ: ચાલેા પેહડીની ઉપર, અને નાંમું ઠાંમું લખે આ કરેા.

શેાદાગરે જણાવીઉ કે અજુર બેાલી પુરી થાઈ નથી; માંટે તેની માંગણી પરમાંણેની બેાલી જો તમેા કબુલ રાખેા તેાજ તમા રી ચાકરી કીધામાં આવશે.

ઉતેમચંદે પુછીઉ કે ભાઈ તે બોલી કેવીછે ?

શોદાગરે જણાવીઉ કે—પેલું એજ જારે તમો જમવાને બે શો તારે, તમારી શાથેજ મને પણ જમવાને બેશાડવો જોઈએ. બી જું એકે જેવાં લુગડાં તમો પેહરો તેવાંજ મને પણ પેહરાવવાં જો ઈએ, અને તરીજું એકે પેહડીની ઉપરનાંજ કાંમ શીવાએ બીજું ઘેર ખટલાને લગતું એકે કાંમ કીધામાં નહી આવશે; પછે પેડીની ઉપરનો કચરો કડાવશો તો તે પણ શુએથી કાડીઆમાં આ વશે; પણ ઘેરને લગતું એકે કાંમ તે કંધીબી કરશે નહી.

ઉતેમચંદે આ શગલી બોલી કબુલ રાખી; કાંકે તેણે વીચા રીઉ કે વરશ દાહુડે એક રૂપીઆનાં શાલીઆણાથી શશતો ગુમાશ તો મલીઓછે, અને આપણા ઘેરમાં જે આપણે ખાઈએચ તેજ શ રવે ખાએછે; તારે શાથે જમાડેઆમાં અડચણ શાંની, અને વલી આપણે કાંઈ ચડતાં લુગડાં પેહરતા નથી, તારે તેવાંજ લુગડાં એ ને પણ પેહરાવવાની અડચણ શું ? એ પરમાંણે ઉતેમચંદે તે શો દાગરને પોતાની ચાકરીમાં રાખેઓ, અને તેણે પેહડી ઉપર બેશી ને ઉતેમચંદનું શગલું નાંમું નકી કરીને તેનાં વેપારમાં નફો અને નુકશાંન શું હતું તે ખુલલું કરીને બતાવીઉ, અને જબી ધંધો કરે તે નફા ભરેલો કરતો હતો; પણ તેને માંટે ઉતમચંદને કશું એ પુછતો નહી હતો. જોકે શાકરચંદ દરરોજ તે શોદાગરની પ ડોશમાં બેશતો હતો, તોપણ તે બંધે જણાઓ એક બીજાને ઓ લખતા નહી હતા; કાંકે શોદાગર બીચારો ધંધાની દબાંણુમાં આ વીઆથી તેનાં મોડાં ઉપરનું પાંણી ઉડી ગએલું હતું; તેમજ શા કરચંદ શુખવાશી થાએઆથી, તેના આગલા ચેહરામાં મોટો ફેરફા ર થાએઓ હતો.

શોદાગરે પેહડીનું કાંમ કરવાનો વખત જુદો કરેઓ હતો, અને દલાલો વીગરે શાથે શોદા કરવા, અને ભાવતાલ શાંભલવા નો વખત જુદોજ રાખેઓ હતો; તેમજ દરરોજ માલના ભાવતાલ કેવી રીતે ચાલતા હતા તેનું એક લીશટ બનાવીઉ હતું;અને દર રોજનાં વેચાંણ, અને આએઆત તથા નીકાશ માલનાં પણ લીશટ રાખતો હતો, જેથી તેને શેહરમાં રહેલા માલનાં તરથાલાંની, અ

ને ભાવની ખબર ઘણી શારી પડે રેહતી હતી. પાનજીવણ શેા દાગરની ચંચલાઇ, અને વેપાર કરવાની રીતથી ઉતેમચંદ બહુજ ખુશી થાતેા હતેા; તેમજ ઉતેમચંદનાં મુનીમેા પણ તેની તાબેદારી કરતા હતા. પાનજીવણદાશ રાતે, અથવા દીવશે હીશાબ વીગરેનાં કાંમમાં એટલેા તેા મશગુલ થાતેા હતેા કે ખાવાનું પીરીશીઆ પછે, ઉતેમચંદ જમવા માટે વારેઘડીએ તેને માટે મેાટા વખત શુધી, જે મ જાણે તેનેા ચાકર હેાએ, અને શેઠને ઉઠવા માટે ખાટી હેાએ તે પરમાંણે "પીતાંબર ધેાતીઉ" પેહરીને ઉભેા રેહતેા હતેા, અને વારેઘ ડીએ તેને કેહતેા હતેા કે ભાઇ ખાવાનું પીરીશાઇઉ માંટે ચાલેા ઉ ઠેા; પણ પાનજીવનદાશ તે પછે કેટલેએક વખતે ધીરજથી ઉઠતે હતેા. જોકે પાનજીવનદાશ એવી રીતે વારેઘડીએ પેાતાનાં શેઠને ખાવા માટે તપાવતેા હતેા, તેાપણ તેનાં કાંમકાજથી ઉતેમચંદને જે ફાએદેા થાતેા હતેા તે તરફ ધીઆંન રાખીને તે કશુંએ બેાલી શકતેા નહી હતેા.

એ પછે તેની ચાકરીનું વરશ પુરૂં થાઇઉ, અને શહવાર પ ડી કે પાનજીવણદાશે ઉતેમચંદને જણાવીઉ કે શેઠ મારેા હીશાબ કરેા, અને મારૂં શાલીઆંણું અવે ચુકવી આપેા. ઉતેચંદ વીચા રમાં પડેઓ કે શાલીઆંણું એટલું તે શું મેાટું છે કે વલી એનેા હીશાબ કરવેા જોઇએ; કાંકે બીશાદ તેા માતરે શેાલ આનાનીછે. ઉતેમચંદે તેને જણાવીઉ કે ભાઇ તીજોરી તેા તમારાજ શવાધીન માંછે તારે, અવે શાલીઆંણું લેવાની તમેાને અડચણ શુંછે ? પાં નજીવણે જણાવીઉ કે તેમ મારેથી લેવાએજ નહી; માટે વેહવાર ની રીતે તમેાએ ઊંચકી આપવું જોઇએ. ઉતેમચંદે તેને એક રૂ પીએા આપેએા તે લેઇને શલાંમ કીધી કે શાહેબ, આજથી તમારી ચાકરી અવે પુરી થાઇછે. એટલું કહીને તે તાંથી જાતેા રહેએા, અ ને બજાર મધ્યે જાઇને તે રૂપીએા રશતા વચે મેલીને એક દુકાંન ઉ પર ચડી બેઠેા. જરા વખત દુકાંનદાર શાથે વાતચીત કીધી, એ ટલામાં પેલેા રૂપીએા કેાઇ ઊંચકી લેઇ ગએઉ હતું. આ દેખા વ જોઇને પાનજીવણદાશે વીચાર કીધેા કે અજુર તેનેા ઘરેહ અશુ ભછે, અને તે ઉપરથી તે પાછેા ઉતેમચંદની પેહડી ઉપર જાઇને

પોતાની ચાકરી ઉપર લાગ્યો. ઉતેમચંદતો એવું શમજીએ હતો કે પાનજીવણદાશ ઘણો હોશીઆર હોવાથી કોઇએ તેને પોતાને તાંહ બોલાવીને વધારે શાલીઆંણું આપવા કહ્યેઆથી તેને તાંહથી તે નીક લી ગએઓછે;પણ જારે તે પાછો ચાકરી ઉપર ગએઓ તારે,તેનાં મન મધ્યેનો વેહમ નીકલી ગએઓ. વખત આગલ જાતાં શોદાગરને માલમ પડીઉ કે શેહર મધ્યે હાથીદાંત, અને રેશમનો ભાવ ઘણો વધી ગએઓછે, અને તે માલનું તરથાલું શેહર મધ્યે ઘણુંજ થો હુંછે. આ વીચાર તે શોદાગરના મન મધ્યે રમી રહેલો હતો, અ ને એક દીવશે રાતનાં તરણ વાગા શુધી તે પેહડીની ઉપર બેશી ને કાંમ કરતો હતો; કાંકે માલની લેવડદેવડની બાકી નકી કરવા ની હતી. એ વેલાએ તેણે તોપનાં આવાજ શાંભલીઆ, જેથી તે ણે જાણીઉ કે વેપારીનાં બારકશો આવીઆંછે, અને તે ઉપરથી તે બંદર મધ્યે જાઈ બોટમાં બેઠો, અને વાંહાંણુ તરફ ગએઓ. જોકે શેહર મધ્યે હાથીદાંત, અને રેશમનો ભાવ ચડી ગએલોછે, એ વી ખબર તે વાંહાંણુ વટીઓનેં નહી હતી; તોપણ તેઓ પાંચ વાં હાંણુ ભરીનેં તેજ માલ લેઈ આવીઆ હતા. આ ખબર જારે પાન જીવણદાશને થાઈ તારે,તેણે વીચાર કીધો કે જો એ શગલો માલ તે એક હાથ કરશે તો મોટો નફો થાવાનો, એવું ધારીને ઘણાજ શશ તા ભાવથી તે શગલા જથાનો તેણે શોદો કરેઓ, અને તેનાં શાટાં નકી કરીને બેઆનાં દાખલ એક રકમ આપી, અને શતમી તથા માલનાં ભરતીઆં લેઈને પાછો પોતાની પેહડી ઉપર ગએઓ. શ હવાર પડી, અને શેહરમાં ખબર થાઈ કે હાથીદાંત, અને રેશમ ભરીને પાંચ બારકશો આવીઆંછે, જેથી દલાલોનો મોટો જથો વાં હાંણુ ઉપર ગએઓ; પણ તે શગલો માલ પાનજીવણદાશ શોદા ગરે ખરીદેઓછે, એવી ખબર તેઓને પડવાથી તે શગલાઓ ઉતે મચંદની પેહડી ઉપર ગએઆ, અને પાનજીવણદાશ શંગાથે ત કાદો કરવા લાગા કે શું શગલો માલ એક હાથ કરીને આખાં શે હરનું નખોદ વાલવુંછે કે કેમ ?

આ વેલાએ ઉતેમચંદ દાતન કરતો હતો, અને તેણે પેહડી ઉપર લોકોની મોટી ભીડ જોઈ, અને બુમબરાડા શાંભલીઆ, જે

થી દાતન કરી રહીને પેહડી ઉપર ગએએા, અને લોકોને ધીરજ થી શહમજાવવા લાગેા; પણ તે ઘડી શુધી તેને ખબર નહી હતી કે વેપારી વીગરે દલાલેા પેહડીની ઉપર શાને માટે ધોધાટ કરેછે. એ પછે પાનજીવણદાશે એક ઉપાએ શોધી કાડીએા, અને ખરીદે લા માલનાં જુદા જુદા લાટ કરેઆ, અને દરએક લાટ લીલાંઉ ક રીને વેચીઆ, જેથી તેને ઘણોજ મોટેા નફેા થાએએા, અને તે ઉ પરથી નફાનાં રૂપીઆ પેહડી ઉપર મેલાવીને પરભાડે પરભાડેા વાં હાંણુ ઉપરથી માલ લેવાના શઊને આરડરેા આપેઆ. રાત પ ડી, અને જમવાને બેઠા, અને તે વેલાએ પેાતે કીધેલા વેપારની, અને તેનેથી થાએલા નફાની વાત પાનજીવણદાશે ઉતેમચંદ શાહુકારની આગલ કહી, જે શાંભલવાથી ઉતેમચંદ કાકા ઘણોજ મઘન થાએએા, અને વીચારીઉ કે આટલી બધી દોલત એણે પેાતે ખટપટ કરીને મને મેલવી આપીછે; માટે એનેા ચેાથેા ભાગ મારે એનેબી આપવેા જોઇએ, એવું વીચારીને ઉતેમચંદે પાનજીવ ણદાશને જણાવીઉ કે ભાઇ, એ નફા મધેથી ચેાથાઇ તમેાએ લેવી; કાંકે તમારી મેહનતનું એ પરીનામછે. પાનજીવણદાશે કહીઉં કે શેઠ મારે તેા વરશ દાહડે શેાલ આના હલાલ; તમેા શતર આનાં આપેા તેા મારે હરામછે; માટે એ જેબી મલીઉચ તે તમારા ભા એગનું છે.

ઉપલી વાતચીત થાઇ તે દીને વલી પાનજીવણદાશનું બીજું વરશ પુરૂં થાવાથી તેણે બીજે દીને શહવારનાં ઉતેમચંદ પાશેથી પેાતાનું શાલીઆંણું માગીઉં, અને તેને એક રૂપીએા આપેએા તે લેઇને બજાર મધે ગએએા, અને જે રશતા ઉપર માંણશેાની આવ જાવની મેાટી ભીડ હતી તાંહ તે રૂપીએા મેલીને પડેાશની એક દુ કાંન ઉપર બેઠેા, અને થેાડે થેાડે વારે તે રૂપીઆ તરફ નજર રા ખતેા હતેા. એમ કરતાં રાત પડી, અને અંધારૂ થાઇઉં તેા પણ પેલા રૂપીઆને કેાઇએ હાથ લગાડીએા નહી, અને તે વેલાએ તે રૂપીએા લેઇને પાનજીવણદાશ તાંહથી પાછેા ઉતેમચંદની પેહડી ઉ પર ગએએા. રાતનાં શાથે જમવાને બેઠા તારે, ઉતેમચંદે પાનજી વણદાશને હલુથી કહીઉં કે ભાઇ, તમારી ચંચલાઇથી તમેાએ મને

મોટી દોલત મેલવી આપીછે, અને તેટલા માટે રેશમ વીગરેનાં ન ફા મધેનાં ચોથા ભાગનાં રૂપીઆ તમો લેવાતો બહુ શારૂં; કાંકે તે બધાજ રૂપીઆ હું લેઉતો તે અણુઘટતું થાએછે. હું શાચા શખુનનું માંણુશ છેઉં; માટે મારો શખુત તમો કબુલ રાખો તો ઠી ક. ઉતેમચંદની એ વાત શાંભલીને પાનજીવણુદાશે જવાબ દીધો કે શાહેબ, મારૂં કામ એટલુંજ કે દર વરશે શાલીઆણું લેઈ ત મારી ચાકરી બજાવવી, અને તેમાં નફો નુકશાંન થાએ તેનાં જો ખમદાર તો તમોજ છેવો; માટે એ નફાનાં રૂપીઆ મને નહીં; પ ણ તમોનેજ ઘટેછે. અગરજો એમાં નુકશાંન થાતેતો, કાંઈ ત મોને હું આપવાનો હતો. તમો કેવોચ કે હું શાચા શખુનનું માંણુશ છેઉં; પણ હુંબી તેવાજ શખુનનો છેઉં, અને એકવાર પ ઈશા ટકાથી પાએમાલ થાએઓ; પણ એક શાકરચંદ નામના શે દાગર શંગાથે તેનો માલ લેઈ કલાઈ આપવાનું શાટું કરીઉં હ તું તેનાં બદલમાં જારે કલાઈ નહીંજ મલી, અને રૂપીએ તોલો ભાવ થાએઓ તારે, કલાઈનેજ ભાવે, શાટાંખતમાં જણાવીઆ પર માંણે ચાંદી આપી હતી; જેથી લાચારી વખત આંવીઓ,અને તેઉ પરથી તમારી ચાકરીમાં રેહવાની મને જરૂર પડી. આ વાત શાલલતાંજ ઉતેમચંદે તેને પુછીઉ કે ભાઈ, ચાંદી આપનારા પાનજીવણુદાશ તમેજ કે ? પાનજીવણુદાશે જવાબ દીધો કે ભાઈ હા; એ વેપારની અંદરજ હું પાએમાલ થાઈ ગએઓ, અને આજે તમારે ઘેર ચાકરી રેહવા ની મને ફરજ પડીછે. ઊતેમચંદે તુરતજ પેલો ઓરડો ઊંઘાડીને તે ચાંદી તેને દેખાડીને જણાવીઉં કે એ તમારી અનામત તમારેજ માટે રેહવા દીધેલીછે; માટે તમોએ શુખેથી લેવી. એ પછે ઊ તેમચંદે તેને જણાવીઉં કે—ભાઈ પાનજીવણુદાશ, તમારા શવ ભાવથી, અને તમારાં રૂડાં લખશણુથી હું તમોને ઘણુ ચાહું છેઉં, અને તેમજ મારી દીકરી જશોદા પણ તમારી ઉપર મોહીત થા એલીછે, તેટલા માટે તમોએ મારો શખુત કબુલ રાખવો, અને જ શોદા શંગાથે લગન કરવાં. આ વાત પાંનજીવણુદાશે કબુલ રાખી આથી તેનાં લગન કરી આપેઆં, અને તેની ચાંદી, તથા રેશમ ના નફાના રૂપીઆ મધેથી ચોથાઈ લેવાને જણાવીઉ. એ વેલાએ પા

નજીવણદાશ બોલીઆ કે શેઠજી, અવેતો તમો આખું ઘેર ઊંચકી ને આપશો તો લેવાને તે નાંપાડશે નહી; કાંકે એ વાત ઘટતી અને વેહવારનીછે.

ચંદન રાજા.

ઉજનધડ નાંમનાં એક પાહડની ઉપર ચંદન નાંમે એક રાજા રેહતો હતો, જેને ઘેર બે દીકરા હતા. તે પોતાનાં બંધે દીકરા, અ ને પોતાની બાએડી શહીત જે ઘેરમાં રેહતો હતો તે ઘેર પુરાંણું હ તું, અને તે ઉપરથી તેને ઉખેડીને બીજું નવું ઘેર બાંધીઉ હતું. આ ઘેરમાં રેહુઆ પછે, થોડેએક દીવશે રાતની વેલાએ એવો શવા લ ઉઠવા લાગો કે "અવડાં પડું કે પછી ?" એવી રીતનો શ વાલ ઘણા દીવશ શુધી કીધામાં આવેઓ તારે, ચંદન રાજા શમજી ઓ કે તેનો વખત માંઠો આવેઓછે,અને જારે પુછેઉંકે—"અવડાં પ ડું કે પછે ?"તારે,ચંદને વીચારીઉંકે ઘડપણના દીવશ ઉપર આવે તેના કરતાં અવડાંજ આવેતો શારૂં,અને તે ઉપરથી તેણે પેલા શવાલ ના જવાબમાં જણાવીઉં કે જો પડવું હોએતો અવડાંજ પડજે, પા છલથી પડીને ઘડપણમાં હેરાન કરીશ નહી. એ પછે થોડાએક દી વશ નીકલી ગીઆ, અને ખબર પડી કે તેના પાડની ઉપર એક મોટાં લશકરની ફોજ શાથે એક રાજા ચડાઈ લેઈ આવેછે. ચંદ ન રાજાની પાશે લડવા માટે ફોજ નહી હતી; કાંકે તે પાડ ઉપર એકાંત રહેલો હતો, અને તે ઉપરથી મુશતાક હતો કે તે ઠેકાંણે કોઈ આવી શકશે નહી; પણ જારે શતરની ફોજ મોટી શાંભલી તારે, તેણે વીચાર કીધો કે તેનો વખત નબલો આવેલોછે; માટે તે ગમે એવાબી એલાજ કામે લગાડશે નો તે ફોકટજ જવાના, અને તે ઉ પરથી તેણે પોતાની બાએડી શાથે વીચાર કીધો કે આપણે અવે છુપી રીતે નાહશી જાવું. આ વાત તેની બાએડીએ કબુલ કીધા ઉપરથી તેઓ પોતાના બંધે દીકરાઓને શાથે લેઈને શેહર છોડીને

નીકલી ગએઆં. કેટલીએક મંજલ આગલ વધીઆ પછે, એક નદી આવી, અને તેની અંદર પાંણી વધારે હતાં; માટે બાએડીને જણાવીઉં કે તમો લોકોથી પાંણી મધે ચલાશે નહી, અને તેટલા માટે તમો શગલાંઓને હું એકએક પછે પેલે પાર લેઈ જાઉં. આ વાત તેની બાએડીએ કબુલ કીધી, અને તે ઉપરથી બંધે છોકરાઓને જણાવીઉં કે તમોએ અતરે ઉભા રેહવું; હું તમારી માએને પેલે પાર મેલીને પાછો આવી તમો બંધેને લેઈ જાઈશ. છોકરાઓ તાંહ ઉભા, અને ચંદન રાજા પોતાની બાએડીને ખાંધે બેશાડી પેલે પાર લેઈ ગએએા;પણ તેને તે કીનારે ઉતારીને પાછો આવતાં નદી મધે તેને મગરે ગલીએા. આ બનાવથી નદીને એક કીનારે ચંદન રાજાની બાએડી, અને બીજે કીનારે તેનાં બંધે છોકરાઓ રહી ગએઆ, જેઓ ચંદન રાજાની રાહ જોઈ જોઈ ને રાત પડી તારે શુઈ ગએઆ. નદીનાં એક કીનારા ઉપર એ વો બનાવ બનીઓ કે રાતની વેલાએ એક વંજારો પોતાનાં અશ બાબ શાથે તાંહ જાઈ પુગો, અને તેણે ચંદન રાજાની બાએડીને દીઠી, અને તે ઉપરથી તેને જણાવીઉ કે બાઈ, હું તને મારી બે નને ઠેકાંણે ગણીશ; માટે તું મારી શાથે આવ: આ જંગલ મધે નદીને કીનારે એખલી શામાટે પડી રહેલીછે. તે અશતરીએ પો તાનાં શગલો હેવાલ જાહેર કીધો, અને તે ઉપરથી વંજારાએ કહી ઉ કે અવે રાત પડી માટે તારા દીકરાઓ કાંઈ નદીને પેલે પાર બેશી રેહેઆ નહી હોએ; માટે તું મારી શંગાથે આવ, જેથી તે અશતરી તે વંજારાની શાથે ગેઈ.

બીજે કીનારે એવો બનાવ બનીઓ કે ચંદન રાજાનાં વડા દીકરાને શાંપે દંખ મારીઆથી તે બેશુધ્ધ થાઈને પડીઓ હતો. શહવાર પડી, અને તેનાં ભાઈએ તેને જારે એવી હાલતમો જોએ ઓ તારે, તે શમજીઓ કે તેનો ભાઈ મરણ પાંમીઓછે, અને તે ટલા માટે તેને બાલવા શારૂં લાકડાં લાવવાં જોઈએ. આ વીચાર થી તે પડોશના શેહર મધે ગએએો, અને પોતાનાં હાથને આંગલે હીરાની વીટી હતી તે એક વાંણીઆને આપી અને તેને જણાવી ઉ કે તેનો ભાઈ મરણ પાંમીઆચ તેને અગનીદા કરવા માટે લા

કડાં આપવાં, પછે તેનાં લાકડાંનાં રૂપીઆ આપીને તે વીટી પાછી લેઇ જાશે. વાણીઆએ તેને લાકડાં આપેઆં તે લેઇને તે છોક રો તાંથી પાછો નદીને કીનારે ગએઓ.

ચંદન રાજાનો નાંધલો છોકરો પોતાનાં ભાઇને અગનીદાગ કરવા માટે લાકડાં લેવા ગએઓ, એટલે તેના વડા ભાઇ ઉપ ર ઇશવરે કુરપા કીધી, અને તે પુર હોશીઆરીમાં આવીઓ. આ વેલાએ તેણે પોતાના નાધલા ભાઇને નહી દીઠો, અને તે ઉપરથી વીચારીઉં કે તે પણ કેઠે નીકલી ગએઓ. આવા વીચાર ઉપર થી તે છોકરો તાંહથી આગલ વધીઓ, અને પડોશનું શેહર, કે જાંહથી તેનો ભાઇ તેને બાલવા માટે લાકઠાં લેવાને ગએઓ હતો તે શેહર મધે જાઇ પુગો. આ શેહરનો રાજા મરણ પાંમીઆથી, રાંણી, અને પરજા વચે વાંધો પડેઓ હતો. રાણી પોતાનાં ભા ઇને રાજની ગાડી આપવાને માંગતી હતી, અને તે વાત પરજા ક બુલ નહી રાખતી હતી, જે ઉપરથી શગલાંઓનાં એકમતથી એ વો ઠેડાવ થાએઓ હતો કે હાથણુને શીણુગારવી, અને જેની ઉ પર તે કલશ ઢોરે તેને રાજા ઠેડવવો. આ ઠેડાવ પરમાંણે તાંહ શગલી તઇઆરી કીધામાં આવેલી હતી, અને હાથણુને શીણુગા રી ઉભી કીધેલી હતી. આ ઠેકાંણે શેહરની રઇઅતની મોટી ઠઠ મલેલી હતી, અને તેઓને જોઇને ચંદન રાજનો વડો છોકરો ગો પીચંદ પણ તાહ જાઇને ઉભો. હાથનને ઇશારત કીધા ઉપરથી તે પરજાનાં લોકોમાં ફરવા લાગી, અને ફરતાં ફરતાં તેણે ચંદન રાજાનાં વડા દીકરા ગોપીચંદનાં આંગ ઉપર કલશ ઢોરીઓ; જે થી શેહરનાં લોકો તેને કચેરી મધે લેઇ ગીઆ, અને પોતાનાં રા જાની ગાદી ઉપર બેશાડીઓ, અને તે રાજપાટ ચલાવવા લાગો.

ચંદન રાજાનો નાંધલો છોકરો શવરૂપચંદ જારે લાકડાં લેઇને નદી કીનારે પુગો તારે, તેણે પોતાનાં ભાઇની લાશ નહી દીઠી, અને તે ઉપરથી વીચાર કીધો કે ઓ ઇશવર તેનો ભાઇ મરણ પાંમીઓ તો જેમ તારી મરજી; પણ તેની લાશને ઠેકાંણે પાડવા માટે લાકડાં લાવીઓ તેટલે કોઇ જાનવર તેનો ભખશ કરવાને તે ની લાશને ઊંચકી ગએઉ, એ બનાવ કેવો દુખ ભરેલો થાએઓ

છે. એટલું બોલીઆ પછે તે લાકડાં પાછાં આપવાને પેલાં શેહર મધે ગએઆ,અને દુકાંનદારને પોતાના ભાઈને લગતી હકીકત જણા વી કહીઉ કે તારાં લાકડાં પાછાં લે, અને મારી વીટી મને પાછી આપ. વીટી ઉનચી કીમતની હતી માટે દુકાનદારની દીઆનત બીગડી, અને તે ઉપરથી તેણે શવરૂપચંદને જણાવીઉ કે ભાઈ કાં ઈ ફીકર નહી બેશો, અને તમો જમીનેજ અતરેથી શીધારજો. શવરૂ પચંદ તાંહ બેઠો,અને દુકાંનદારે તેને જમાડીઆ,અને તે પછે તેની ઉ પર ચોરીનો દાવો કરીને શીપાહીની પાશે પકડાવીઆ. એ ઉપરથી તે ને પકડીને ગોપીચંદ રાજાની આગલ લેઈ ગએઆ, અને દુકાંનદા રે તેની ઉપર મેલેલો ચોરીનો વાંક શાબેત કરવાને પોતાની જુબાં ની આપી. એ પછે શવરૂપચંદે પોતાનાં બચાવમાં પોતાનો શગ લો હેવાલ કેહી જણાવીઆ, અને તે ઉપરથી ગોપીચંદ રાજાએ જા ણેઉ કે તે તેનો ભાઈછે, જે ઉપરથી તેણે પોતાનાં મેહલ મધે પો તાની શાથે રાખેઆ.

અવે બીજી તરફ ચંદન રાજા, જેને મગરે નદી મધે ગલી આ હતો તે મગર એક માંછીની જાલ મધે ફશીઉ હતું, અને તે મગરને કાપતાં તેનાં પેટ મધેથી માંછીએ એક પુરશને કાડીઆ,જે ઘ ણોજ મરતતોલ થાએલો હતો. એ ઉપરથી માછીએ તેને શેકપો ત કરીને હોશીઆર કીધો, અને થોડાએક વખત પછે તેણે પોતા ને હાથની એક વીટી માછીને આપી,અને તેનો ઉપકાર માંની તાંથી ચાલતો થાએઆ, અને ઉપલાં શેહરની નજદીકમાં એક દેવશથાંન હતું તાંહ ફકીરી અવતાર લેઈને બેઠો હતો.

તરીજી તરફથી પેલો વંજારો પોઠીઓની મોટી શંખીઆ લે ઈને તે શેહર તરફ ગએઆ. આ શેહર મધે આવતા માલની જ ગાત વશુલ કરવાનું કાંમ વજીરનાં હાથમાં હતું; માટે વંજારો જ ગાતના રૂપીઆ આપવા માટે વજીર પાશે ગએઆ. એ વેલાએ રાજા પણ વજીરની પડોશ મધેજ બેઠેલો હતો,અને બંધે જણાઆ વાતચીત કરતા હતા, જેથી વંજારાને થોડો વખત ખોટી રેહવું પડીઉ. એ વખત પછેબી રાજા, અને વજીર વચેની વાતચીત પુ રી નહી થાઈ, અને તે ઉપરથી વંજારાએ વજીરને જણાવીઉ કે

શાહુબ, તેનો હીશાબ કરીને જગાતનાં રૂપીઆ લેવો કે તે જલદી થી ઘેર જાએ; કાંકે તેની એક ધરમ બેહનછે તે તેના વગર ખાતી નથી, અને તેટલા માટે તે બહુ ભુખી થાઈ હશે. આ વાત શા ભલી રાજાએ વીચાર કીધો કે આજનાં વખતમાં શગી બેહન પોતા નાં ભાઈની ઉપર એટલો બધો પીઆર રાખતી નથી,અને તેની ધ રમ બેહન એવી તે શું શેઆંણી હશે કે ધરમ ભાઈ ઉપર એટ લો બધો પેઆર રાખેછે કે તેના વગર પોતે ખાતી પણ નથી. એ વા વીચાર ઉપરથી રાજાએ તેને પુછીઉ કે તારી ધરમ બેહન કેં ણુછે, અને તેની શંગાથે તે ભાઈ ચારો કાંહા અને કહી રીતથી જોડીઓ. એ ઉપરથી વંજારાએ પેલી નદી આગલ જે બનાવ બનીઓ હતો, અને તે ઉપરથી તે અશતરીને પોતે લેઈ ગએઓ હ તો તે શગલી વાત રાજા આગલ કહી જણાવી, અને તે ઉપરથી રાજાએ ધારીઉ કે ઈશવરે તેની માએની મુલાકાત કરાવવાની તઈ આરી કીધીછે, અને તે ઉપરથી રાજાએ વંજારાને જણાવીઉ કે તા રી ધરમ બેહન એટલી ખુશીવંતીછે; માટે તેને જોવાને તે ઘણી ખુશી રાંખેછે, અને તેટલા માટે જો તું તેને મારી આગલ લેઈ આવે તો બહું શારૂં. આ વાત વંજારાએ કબુલ રાખી, અને તુ રત વંજાર આગલ જાઈને તે અશતરીને રાજાની નજદીક લેઈ ગ એઓ. આ વેલાએ રાજાનો ભાઈ પણ તે ઠેકાંણે બેઠેલો હતો, અને તે બંધે જણે તે અશતરીને ઓલખી કે તેઓની માએછે; તેમ જ તે અશતરીએ પણ પોતાનાં બંધે દીકરાઓને ઓલખીઆ, અને તેનાં થન મધેથી દુધની ધાર નીકલી. આ તરણુડે માંએ દીક રાંઓ એક બીજાને લેટીઆં, અને વંજારાને તેની જીંદગી શુધીની જગાત માફ કીધી; કાંકે તેણે રાજાની માએ જોકે ખુબશુરત હતી તોપણ તેને ચોખી નજરથી પોતાની શંગાથે રાખી હતી. આ તરણુ ડે માંએ દીકરાંઓ શાથે મલીઆ પછે,બંધે ભાઈઓએ પોતાનાં બાપને ઈઆદ કીધો,અને વીચાર કરીને રાજા બોલીઓ કે ઈશવરે આપણુ તરણુડે જણને મેલવીઆં તારે તો કદાચ આપણા બાપનેબી આપ ણી શંગાથે મેલવશે. માટે આપણે એ બાબેની શોહધ કરવી

જોઇએ. એ ઉપરથી રાજાએ તેહલ કરનારા એક બરહાંમણને બો લાવી મંગાવીઓ, અને નીચે જણાવેલા દોહેરા લખીને તેને આપે ઓ, અને જણાવીઉ કે એ દોહેરા બોલતાં બોલતાં તેણે આ શેહ રમાં, અને તેની આશપાશનાં ગાંમો વોગરેમા ફરવું, અને એ દોહ રાનો જવાબ જે ધણી આપે તેનું ઠામ ઠેકાણું ચોકશ કરીને તુરત નીકલી આવવું. તે તેહલીઆ બરહાંમણને રાજાએ એવી રીતનાં દોહેરા લખી આપેઆ હતા કેઃ—

દોહરા.

કાંહાં ચંદન, કાંહાં મલી આગરી;
કાંહાં શાહેર, કાંહાં નીર;

આ દોહરા બોલતો બોલતો પેલો બરહાંમણ શેહરને શગલે ઠેકાંણે, આશપાશનાં ગાંમો મધે ફરી વલીઓ, અને તે પછે તાંહ થી વન મધે જાંહ ચંદન રાજા જે દેવશથાંન આગલ ફકીર થાઈ ને બેઠેલો હતો તે ઠેકાંણે ગએઓ, અને પેલો દોહરો બોલીઓ. એ ઉપરથી ચંદન રાજા તે દોહરાની મતલબને શહુમજી ગએઓ, અને તે બરહાંમણને ઉપલા અધુરા દોહરાનો શંબંધ પુરો કરી આ પેઓ કેઃ—

દોહરો.

જેમ જેમ પડે વીપતડી,
તેમ તેમ શહે શરીર.

આ લખી આપેલા શબદો લેઈને પેલો બરહાંમણ શેહર મ ધે ગએઓ, અને પેલો લખી આપેલો દોહરો રાજાને આપેઓ. એ ઉપરથી રાજા શહમજીઓ કે તેનો બાપ જીવતોછે, અને તે ઉપ રથી પેલા બરહાંમણે બતાવેલે ઠેકાંણે કેટલાંએક લશકર શાહીત ગ એઓ, અને પોતાના બાપને માન શાથે શેહર મધે લાવીઓ. એ પ છે ચંદન રાજા પાછો પોતાનાં શેહર તરફ લશકર લેઈને ચડી ગ એઓ; પણ તે શેહરનો હાકમ નબલો હોવાથી, આ ચડાઇ જોતાં જ છુપી રીતે નાહશી ગએઓ, જેથી ચંદન રાજા પોતાનાં તખત ઉપર બેઠો, અને રાતનાં પોતાનાં મેહલ મધે જાઈ શુતો. એ પ છે કેટલેએક દીવશે વલી રાતના આવાજ આવવા લાગો કે—"પ

હું કે નહી.” એ શાંભલીને ચંદન રાજા બોલીઓ કે—“જારે તું એકવાર પડીઉ તારે મેં શું કીધું હતું કે વલી બીજીવાર પડશે તારે કરી શકશ; માટે અગરજો પડવું હોએ તો પડી લેવું.” એ ઉપરથી એક મોટો આવાજ થાએઓ, અને તે ઉપરથી ચંદન રાજા જોએછે તો, જમીન ઉપર શુનાનો એક “ફરશ”, ઈઆને વેહતાં શુનાં ના રશનો એક ઢગલો પડેલો હતો. આ દેખાવ જોવાથી ચંદન રાજા ખુશી થાએઓ, અને શહમજીઓ કે તેનો ઘરેહ નેહશ થાઈ ને વકરી બેઠેલો હતો તે અવે પોતાનાં ઘેરમાં પાછો ફરીને શુભ થાઈ બેઠોછે, અને તે ઉપરથી પરમેશવરે તેને માટે લખશમીની મારફતે આ દરવીઅ મોકલીઓછે. એ પછે ચંદન રાજાએ પોતા નો બાકી રહેલો વખત ખુશ ખુશાલીથી પુરો કરેઓ હતો.

નવ રતનનો હાર પેહરનારી રાંણી.

નવા નગર મધે માનશીંગ નાંમનો એક રાજા રેહતો હતો, જ શાહુઠ વરશની વએને પોહચીઓ તાંહ શુધી તેને એકે ફરજંદ થાએણેં નહી હતું. એ વેલાએ માનશીંગની બાએડીને પીશ તાલીશ વરશ થાએઆં હતાં, અને તે ઉપરથી તેણે બાલક થાવાની આશા છોડી હતી. માનશીંગે એક દીવશે ઠેડાવ કરેઓ કે રાજપાટ જેછે તે શગલું નકામું છે, અને શેવટે તે પર લોકનાં હાથમાં જાવાનું; માટે વનમાં જાઈને માહદેવની પરારથના કરી બાકીની જીંદગી ગુજારવી જોઈએ. માનશીંગે પોતાનો આ વીચાર પોતાની બાએડી આગલ જણાવીઓ, અને બંધેના એક મ તથી રાજાએ પોતાનું રાજ પોતાનાં પરધાનને શવાધીન કરીઉ. પ રધાન બુધો હતો, અને રાજ કારોબારના કામમાં અછો માહીતકા ર હતો; માટે તે શારીપઠે રાજ કારોબાર કરવા લાગો, અને રાજા માનશીંગ શેહર છોડીને વનમાં જાઈ માહદેવની પરારથનાં કરવા બેઠો હતો. એમ કરતાં કેટલીએક મુદત ગુજરો ગેઈ તારે, એક

દીવશે માનશીંગ રાજા જારે માહદેવની પરારથનાં કરતો હુ તો તારે,જેમ જાણે તેણે શવપનો જોએએો હોએ તેમ, તેની હાલ ત બદલાઈ ગોઈ, અને ગોએઆ ભરનીંદમાં હોએ તેમ થાએએ. આ વેલાએ એક પુરશ તેની નજરે પડીએો, અને તેણે માનશીંગ રાજાને જણાવીઉ કે એ રાજા,જે ઉમેદથી નીશફલ થાઈને તું આ વનમાં મારી પરારથના કરવાને બેહોછે તે તારી ઊમેદ પાર પડ શે, માટે તારી નજદીક જે બે વશતું મેલેલીછે તે લેઈ જાઈને તા રી બાએડીને ખવાડવી. આટલો શબ્દ શાંભલવા પછે રાજા મા નશીંગ પાછો બીદાર થાએએો, અને આંખ ઉઘાડીને જોએછે તો તેનાં પગની આગલ બે નવાં નાલીઅર પડેલાં હતાં. એ બંધે ના લીઅર લેઈને રાજા તાંહથી પાછો પોતાને ઘેર ગએએો, અને તે ના લીઅર પોતાની બાએડીને આપેઆં, અને તેને જણાવીઉ કે માહ દેવ આપણને પરશન થાએલોંછે, અને તેણે મને આ બે નાલીઅ ર આપેઆંછે કે તારી બાએડીને ખવાડીઆથી તારી ઉમેદ પાર પ ડશે. એ ઉપરથી રાજાની બાએડીએ તે બંધે નાલીઅર ભાંજીને ખાધાં, જેથી તે અશતરી ઘરલવંતી થાઈ. આ વાતને દશ માં શ ગુજરેઆ તારે, રાજા માનશીંગની બાએડી જનવાને શુતી, અ ને તેણે બે બાલકોને જનમ આપેએો, જેથી રાજાને, તેમજ તેની પરજાને મોટી ખુશી પેદા થાઈ હતી. રાજા માનશીંગે વડા છો કરાનું નાંમ જવાહેરશીંગ, અને નાંધલાનું નાંમ લાલશીંગ કરી ને રાખીઆં હતાં. આ બંધે છોકરાઓ ઘણુ ચંચલ હતા, જે ઓને તેનાં બાપે શારી કેલવણી આપી હતી. તે બંધે ભાઈઓ વચે ઘણો શારો એખલાશ હતો, અને તે બંધે જણાઓ જાંહુબી જાએ તાંહ શાથેજ ફરતા હતા. ખાવા પીવાનું, અને પેહરવા હો ઢવાનું એક શરખુંજ કરતા હતા, અને એક બીજા વના તેઓ છુ ટા પડતા નહી હતા. જારે તેઓ શીલ વરશની વએને પોંહોંચી આ તારે, એલમ, હુંનર, અને અકલને શારીપઠે શહુમજી શકેઆ હતા. આ અરશામાં મહીંધરપુરા નામના એક શેહરના રાજા ચં દ્રશીંગની દીકરી, જેના લગન થાએઆં હતાં નહી તેણે પોતાનો

ભરથાર પશંદ કરવાને માટે "મંડપ" † રચેઓ હતો, અને તે ઉપરથી તેણે આશપાશના રજવાડાના રાજાઓને આંણા કરવા માં ટે બરહાંમણોને કાગલો આપીને દેશેદેશ મોકલાવીઆ હતા.

ઉપલો કાગલ રાજા માનશીંગના છોકરાઓ જવાહેરશીંગ, અને લાલશીંગના હાથમાં ગએઆથી તેઓએ મહીંદરપુરા તરફ ર ચેલા "મંડપ" માં બીરાજવા જવાની તઈઆરી કીધી. આ કાં મને શારૂં નહી જવાને માટે રાજા માનશીંગે તેઓને ઘણી રીતથી શહમજાવીઆ; પણ તેઓએ તે વાત માંની નહી, અને આંતે પો તાના બાપની રજા મેલવીને તાંહુથી ઘોડે અશવાર થાઈને નીકલેઆ હતા. ચાલતાં ચાલતાં તેઓ મહીંદરપુરાની નજદીક ગએઆ; પ ણ રાતના છ વાગા એટલામાં તે શેહરના દરવાજા બંધ કરી લી ધા હતા. શેહરના દરવાજા એટલા જલદીથી બંધ કરી લેવાનું કારણ એ હતું કે તે શેહરની પડોશમાં એક રાખશણ રેહતી હતી, અને તે રાતની વેલાએ શેહર મધે દાખલ થાઈને માંણશોનો ભખશ કરતી હતી. આ રાખશણને મારી નાંખવા માંટે રાજાએ, અને તેની પરજાએ ઘણા ઉપાએ લીધા હતા; પણ તેથી તેઓ નીશફલ થાએઆ હતા, એવી ખબર એક બાહેર ગામના પુરશે તે બંધે

† રજવાડામા એવી ચાલ હતી કે જો કોઇ રાજની કનીઆ પર ણવાની હોએ, અને પોતાની મરજી પરમાંણેનો ભરથાર શોધવાની હો એ તો "મંડપ," બનાવે આશપાશના રાજાઓને બોલાવોને તઇઆર કીધેલો એક બેઠકમાં બેશાડે, અને તે પછે તે રાજ શભામાં પોતાનો દા શીને શાથે લેઇને દરએક રાજાને જોતી જોતી શગલે ઠેકાંણે ફરે, અને દરએક રાજાને તેનો દાશી ઓલખાવોને તેનાં રાજનો કીરતીથી તે કની આને જાણીતી કરે, અને જે રાજાને તે કનીઆ ભરથાર દાખલ પશંદ રાખે તેનાં ગલાં મધે પોતાના હાથ મધેની "વરમાલા" નાંખે. જો એકવાર ફરીઆથી તેના બીજાંનમાં કોઇ નહી ઊતરે તો, બીજીવાર, અ ને તેમ કરતાંબો નજર નહી ઠડીતો તરીજીવાર ફરે, અને તે છતાંબી ન હી નકી થાએ તો પછે હાથનને શીણગારીને તેની શુન મધે કલશ આપો ને તેની ઊપર તે કનીઆ બેશે, અને શગલી જગાએ હાથનને ફેરવે, અ ને જે રાજની ઊપર હાથન કલશ નાખે તેના ગલાંમાં પેલો કનીઆ પો તાના હાથ મધેની વરમાલા નાંખેછે.

ભાઇઓને આપીને જણાવીઊં હતું કે જો તેઓને પોતાનો પરાંણુ પ્યારો હોયતો, આ જગેઆથી ઘણી લંબાણ મંજલ ઉપર જઇ ને રાત વાશો કરવો. આ ખબર તેઓએ શાંભલીતો ખરી; પણ બંધે ભાઇઓ કદાવર હતા, અને "ધનુશબાણ," ઇઆને લોહડા ના તીર કમાનની રમત ઘણીજ શરશ રીતથી જાણતા હતા, માં ટે તેઓએ તે રાખશાણ શંબંધી જરાએ ધાશતી કીધી નહી હતી, અને શેહરની થોડેએક દુર જઇને એક જંગલ મધે એક જાહડની નીચે તે રાત વાશો રેહવા માટે તેઓએ ઉતારો કરેઓ હતો. થો ડાએક વખત શુધી બંધે ભાઇઓએ શાથે બેશીને વાત કીધી; પણ તે પછે જવાહેરશીંગે જણાવીઊં કે ભાઇ, આખા દીવશની હાક આપણને લાગીછે, અને વલી જો ઉજાગરો કરીશું તો, આપણી તંદરશતી બીગડશે; માટે હું પેહરો ભરંચ માટે તું નીરભએથી ઊંઘી જા. એ ઉપરથી લાલશીંગ શુતો, અને જવાહેરશીંગ શગલાં હથીઆર ભીડીને પેહરો ભરવા લાગો. જારે મધીઅ રાત વીતી ગઇ તારે, જવાહેરશીંગે લાલશીંગને ઉહાડીઓ, અને પોતે શુઇ ગએઓ. લાલશીંગ પણ શગલાં હથીઆર શહીત પેહરો ભરવા લાગો હતો. આ ઉતારાની નજદીક પાંણીનું એક શરોવર હતું, અને તેની અંદર કેટલાએક ખુબશુરત કમલનાં જાહડ ઉગેલાં હતાં. એ શરોવર મધે દેડકાઓની વશતી હતી, અને તેઓ માં હેલો એક મોટો દેડકો શરોવર કીનારે બેશીને મોટો પોકાર મારે આ કરતો હતો. જે જાહડની નીચે પેલા બંધે પરદેશી ભાઇઓ એ ઉતારો કીધો હતો તે જાહડની ઉપર એ રાતના એક પોપટ આવીને બેઠેલો હતો. પેલા દેડકાના મોટા પોકારથી આ પોપટ ઘણો કંટાલી ગએઓ હતો, અને તે ઉપરથી તે બોલીઓ કે રે ઓ પશુ; તુંતો રાત અને દીશ પાંણી મધેજ રેહેછે, અને તારૂં ખાવા પીવાનું, અને ઊંઘાવાનું પાંણી મધેથીજ મલી આવેછે; પ ણ અમો પખશીઓ પેટને માટે આખો દીવશ એણીગેમથી પેલીગેમ મંજલ કરીએછે, અને તેની હાક ઉતારવા માટે રાતની વેલાએ એ કાંત જગા શોધીને તાંહાં નીંદ લેવાને બેશીએછે. આજ શાંજરે આ જાહડ હુંએ પશંદ કીધું કે શહરોવરનાં પાંણીની થંડી લેહરકી

થી મને શારી ઊંઘ આવશે; પણ તેવે ઠેકાંણે તારા પોકારથી મારો જીવ કંટાલી ગએએોછે. રાતની વેલાએ અમો પખશીઓને શુહુજતું નથી, અને તેટલાજ માટે તારી શંગાથે બોલવું પડેછે: નહીતર કે અતરેથી ઉડીને બીજે ઠેકાંણે જાઈ બેશતે. પોપટની આ વાત ઉપર દેડકાએ કશુંએ ધીઆંન આપીઊં નહી, અને આગલનાં કર તાંને વધારે મોડું ચીરીને પોકાર મારવા લાગો હતો. દેડકો જા રે બોલવા માટે મોડું વકારાનો હતો તારે, જમીન ઉપર દેડકાની થોડીએક લંબાઈ શુધી રોશની પડતી હતી, જે દેખાવ જોવાથી લાલશીંગ વીચારમાં પડેઓ હતો. દેડકાએ વધારે પોકાર મારવા ઊપરથી પોપટ ગોશામાં આવીઓ, અને બોલીઓ કે—અગરજો કોઈ માણશ તું ને કાપી નાંખેતો, તારાં પેટ મધે જે અમુલીએ રત નોછે તે તેને મલે, અને વલી મારા જેહવા પખશીને નીરાંતથી ઊંઘવાને બની આવે.

એ વાત શાંભલવા ઉપરથી દેડકાએ જણાવીઊં કે એ આંધ લા પખશી; મારૂં મોહન બનાવવાને જેમ તું શામરથવાન થાએ ઓ તેમ તારૂં મોહત પણ હું જાંણું છેઊં. અગરજો કોઈ મા ણશ તું ને મારી નાખીને તારી મુંડી ખાએતો, તે મોટો બલવાન થાએ, અને હજારો હથીઆર તેના શરીર ઉપર મારેઆમાં આવે તોપણ તેના ઘાહથી તે માણશ મરણ નહી પામે; તેમજ જે મા ણશ તારૂં શરીર ખાએ તેને તતકાલ રાજની ગાદી મલે. આ બંધે જાનવરોની વારતા લાલશીંગે શારાં ધીઆનથી શાંભલી લી ધી હતી, અને તે ઉપરથી તે ધીરજથી દેડકાની નજદીક ગએઓ, અને કમાન ઉપર તીર ચહડાવીને દેડકાની ઉપર ફેંકીઓ, જેથી તેનું નીચલું અને ઉપલું પડ કપાઈને છુટું થાઈ ગીઊં, અને તે ની અંદરથી તરણ રતન નીકલી પડેઆં હતાં, જેથી આશપાશ શગલે ચમકાટ પડી રહેઓ હતો. લાલશીંગે તે તરણડે રતન તાંહથી ઊંચકી લેઈને પોતાના રોમાલ મધે બાંધીઆં, અને કમર મધે તે રોમાલ ખોશીઓ. એ પછે પેલાં જાહડ ઉપર જાંહ પોપ ટ બેઠેલો હતો તાંહ નેમ તાકીને એક તીર ફેંકીઓ, જેથી પેલો પોપટ જમીનદોશત થાઈને નીચે પડીઓ. એ ઉપરથી લાલશીં

ગે કચરો, અને છોરાં વીણીને આગ શલગાવી, અને પેલા પોપટ ના પીછ વીગરે બાલીને કાહડી નાખીને તેને શેકી કાહડીએા. એ પછે પોતે તેની મુંદી ખાધી, અને શરીરનો ભાગ પોતાના ભાઈ જવાહેરશીંગને માટે રાખીએા, અને વીચાર કીધો કે મરા ભાઈ ને રાજની ગાદી મલવી જોઈએ; કાંકે તે મારા કરતાંને વડોછે. એ પછે થોડે વખતે પેલી રાખશણ તે તરફ ફુંકારા મારતી આ વની જણાઈ, જેને દુરથી જોઈને લાલશીંગ શહમજીએા કે એ પે લી રાખશણછે, અને તે ઉપરથી કમાન ઉપર એક મોટો તીર ચ હડાવીને તેની તરફ ફેંકેએા, જેથી તે રાખશણના બે ટુકડા થએ આ અને તે જમીન ઉપર પડી. તેની આગલ જાઈને જોએઆ થી લાલશીંગની ખાતરી થાઈ કે તે મરણ પાંમી હતી, જે ઉપર થી તે પાછો પોતાના ઉતારાની જગાએ ગએએા, અને રાખશણ ના જે ભએ હતો તે મટી ગએઆથી તાંહ ઊંઘી ગીએા. દરરો જ રાતની વેલાએ પેલો દેડકો પોકાર મારતો હતો, અને તેની રો શનીથી જમીન ઉપર અજવાલું પડતું હતું તેના આધાર ઉપરથી એક નાંગ દર મધેથી બાહેર નીકલીને તે શરોવરની નજદીકમા ફ રેઆ કરતો હતો. શરેશતા પરમાંણે પાછલી રાતના તે નાંગ દ ર મધેથી બાહેર નીકલીએા; પણ તે દીને પેલા દેડકાનો આવાજ તેને શહુમજાએએા નહી. આશપાશ ફરતાં દેડકાના શરીરના બે ભાગ થાએલા તેણે જોએઆ, અને તે ઉપરથી વીચાર કરેએા કે કોઈ માણશે એને મારી નાખીએાછે, જે ઉપરથી તે દલગીર થા એએા હતો. થોડોએક આગલ ચાલતાં તે નાંગો લાલશીંગને હથી આર શુધાં શુતેલો જોએએા, અને તે ઉપરથી શહુમજીએા કે તેના દેડકા મીતરને આજ પુરશે મારી નાખેલોછે. એ ઉપરથી તે નાં ગે પોતાના મીતરનું વેર લેવા માટે લાલશીંગને દુંખ મારેએા, જે ના જેહરથી તે બેશુધ થાઈ પડેએા હતો. આ પછે થોડી વેલાએ જવાહેરશીંગ જાગતો થાએએા, અને ઉડીને જોએછેતો, લાલશીંગ બેભાણ થાઈ પડેલો હતો, અને તે ઉપરથી તે શહુમજીએા કે તે મરણ પામીએાછે, અને તે ઉપરથી તેને અગનીદા કરવા માટે શે હર મધે લાકડાં લેવા માટે તે ગએએા; પણ શેહર મધે રાજની

કુંવરે "મંડપ" રચેલો હતો, અને તે ઠેકાંણેની રચના જોવા મા ટે તાંહની શગલી પરજા લેગી થાએલી હતી. આ દેખાવ જોઈ ને જવાહેરશીંગ પણ તાંહ જાઈને ઊભો, અને વીચારેઉં કે રાજ કનેઆ કહેઆ રાજાને "વરમાલા" ઘાલેચ તે જોઈને જવું. આ કનીઆ જુદી જુદી તરણુવાર તે શભામા ફરી, અને કોઈ રાજા તેની નજરમાં ભરથાર દાખલ ઠીક નહી લાગો તેથી તેણે હાથન શીંણગારી, અને તેની શુંહુંડમા કલશ આપીને તેની ઉપર ચહ ડી બેઠી. એ ઉપરથી તે હાથન આખી શભામા ફરી વલી, અને તે પછે બાહેર નીકલી, અને પેલો જવાહેરશીંગ, જે રઈઅતના લો કોની શાથે લેલાઈને ઉભેલો હતો, તેની આગલ જાઈને તેની ઉપ ર કલશ ઢોલીઉં, જે ઉપરથી રાજ કનીઆએ તેનાં ગલાં મધે "વરમાલા" નાંખી, અને તેને ઘેરમાં લેઈ જાઈને શારો પોશાગ પેહરાવીઓ, અને એક માશ શુધી તે લગનની ગંમત ભરેલી કીરી આ કીધામાં આવી અને તે પછે તેને શેહરનો રાજા ઠેડવીઓ હ તો. આવી રીતના મામલામાં પડેઆથી જવાહેરશીંગ પોતાના ભા ઈની તરફ પાછું ફરવાને પામીઓ નહી હતો.

અવે લાલશીંગની તરફ એવો મામલો બનીઓ હતો કે જ વાહેરશીંગ તાંહથી ગએઆ પછે, લાલશીંગ ઈશવરની કુરપાથી કાંઈએક હોશીઆરીમાં આવીઓ હતો; તોપણ શાંકનાં જેહરની ગેન તેની આંખમાં ઘણી હોવાથી તેજ જગાએ તે ઊંધી ગીઓ હ તો. આ વેલાએ શેહરનાં બે ગરીબ લોકો દોરડાં ડાંટરડાં લેઈને તે જંગલમાં ઘાશ કાપવાને જાઈ લાગા, અને તેઓએ પેલી રાખશ ણને કાપી નાંખેલી જોઈ, અને તેથી મધન થાએઆ કે ચાલો અ વે આપણાં શેહેરના લોકોને માંથેની પીડા ટલી ગેઈ. એ પછે થો ડે આગલ, પેલાં જાહડ તરફ ગએઆ તો પેલો લાલશીંગ હથીઆર શહીત તાંહ ઊંઘમાં પડેલો હતો. આ દેખાવ જોવાથી તે ગરીબો શહમજીઆ કે આજ પુરશે રાખશનને મારી નાખી હ શે; કાંકે એની પાશે તીર કમાંન વીગરે હથીઆરોનો જથોછે; માં ટે આપણે એને મારી નાંખીને શેહર મધે જાઈએ, અને નવા ઠ ેલા રાજા પાશે કાંઈ ઈનામ મેલવીએ. આ ગરીબોએ લાલશીં

ગને પોતાની પાશેનાં દોરડાંથી ઊંધાએલાજ મજબુત બાંધીએા, અને પોતાના દાંટરડાંથી તેનાં શરીર ઉપર મજબુત ઘાહ કરીને ઘાશની મોટી ઉનચાઈની જગા ઉપર તેને ગબરાવી નાખીને તાંહથી શેહ ર મધે ગએઆ, અને રાજા આગલ રાખશાણુને મારી નાખવાની ખુશ ખબર કેહી, જેથી તેઓને શારૂં ઈનામ, અને જાગીર આપે આમાં આવી.

અવે ફરીને લાલશીંગની તરફ એવો માંમલો બનીઓ કે તે શેહર મધેનો એક બુધો ફકીર એક ઘોડો રાખતો હતો, તેને માટે ઘાશ કાપવા શારૂં તે પેલાં જંગલ મધે ગએઓ હતો, અને પેલી મોટી ઘાશ કાપવાના ઈરાદાથી આગલ ચાલીઓ, અને ઘાશ કાપ વા લાગો. આ વેલાએ તે ફકીરના કાંન મધે કોઈ માણશનો જી હીણો આવાજ આવીઓ, અને તે શાંભલીને તે આવાજ તરફ ગ એઓ, અને જોએછે તો, એક જુવાંન, અને ખુબશુરત ચેહરાના પુરશને ગાંશડીની મીશાલે બાંધીને ઘાહેલ કીધેલો હતો. આ દે ખાવ જોવાથી તે ફકીરે લાલશીંગનાં બંધ છોડીઆ, અને તેનાં આં ગ ઉપરનું લોહી, ધીરજથી પોતાનાં કપડાં વટે નુછીઊં, અને તેને દીલાશો આપી જણાવીઊં કે જો તેની મરજી હોએ તો, તેને પો તાને ઘેર લેઈ જાઈને તેની બરદાશ કરે. આ વાત લાલશીંગે કબુ લ કીધાથી, તે ફકીરે તેને પોતાના ઘોડા ઉપર બેશાડીઓ, અને પો તાને ઘેર લેઈ ગએઓ, અને પોતાની બાએડી શાથે તેના ઘાહ ઊ પર મલમ પટો કીધો, અને તેને ખાંણું, ખવાડીને તરપત કરેઓ. વખત આગલ ચાલીઓ, અને લાલશીંગ શાહજો થએઓ, અને તે વેલાએ પોતાની પાશેનુ એક રતન કાડીને પેલા ફકીરને આપીઊં, અને જણાવીઊં કે શેહર મધે તમારી ખાતરીનો કોઈ જહવેરી હો એ તેને તાંહ એ રતન ગીરવી મેલવું, અને તેની પાશેથી શું નાં ની ૫૦૦૦ મોહર લાવવી, અને તેને જણાવવું કે એ મોહરો પા છી આપીને રતન લેઈ જાવામાં આવશે. એ ઉપરથી તે ફકીર એક વીશવાશુ, અને મોટી આબરૂના શરાફને તાંહ ગએઓ, અને ઉપર પરમાંણેની બોલી કરીને તેની પાશેથી ૫૦૦૦ મોહોર માંગી. શરાફે તે ફકીરને મોહરો આપી, જે લેઈને તે પાછો પોતાને ઘેર ગએ

ઓ, અને લાલશીંગને આપવા લાગેા. લાલશીંગે ફકીરને જણા વીઉં કે એ મેાહેારેા તમારીજ પાશે રેહેવા દેવેા, અને ઘેર મધે ખાંન પાનને માટે ખરચ કરજો. એ પછે કેટલાએક દીવશ વી તી ગએઆ પછે, લાલશીંગે પેાતાની પાશેની હીરાની વીટી પેલા ફકીરને આપી, અને જણાવીઉં કે પેલા શરાફને એ વીટી વેચાતી આપેા, અને તેની કીંમત આવે તેની અંદરથી પેલી ૫૦૦૦ મેાહેા ર તેને પાછી આપીને આપણું રતન, જે તેની પાશેછે તે ઘેર લેઈ આવેા. એ પરમાંણે તે ફકીર પેલા શરાફને ઘેર ગએએા, અને તેની પાશેથી, ઉપલી બેાલી પરમાંણે પેલું રતન માંગીઉં. શરાફે વીટી હાથમાં લીધી, અને તે જેાવાથી વીચારીઉં કે વીટીના હી રેા પણ બે કીમતછે; તેાપણ રતન ઘણીજ મેાટી કીમતનું છે; માટે પાછું આપવું નહી. એ ઉપરથી ફકીરને જણાવીઉં કે ભાઈ તે રતનતેા તમેા મારે તાંહ વેચી ગએઆ છેએ; માટે પાછું આપી શકાએ નહી, અને તેજ પરમાંણેનું વેચાંણ મેં મારા ચેાપડા મધે બી લખેલું છે; માટે જેા તમારી ખુશી હેાએ તેા તમેાએ ચેાપડા મ ધે વાંચવું; પણ અગરજો તમેાને વાંચતાં આવડતું નહી હેાએ તેા, બીજા કેાઈને લાવી તેની પાશે વંચાવવું. જો ચેાપડા મધે વેચાંણ દા ખલ નહી;પણ ગીરવી દાખલ લખેલું હશે તેા પાછું આપવાને તે તઈઆરછે. એ ઉપરથી ફકીર પેાતાને ઘેર ગએએા, અને શગલી બીનાંથી લાલશીંગને વાકેફ કીધેા, અને તે ઉપરથી લાલશીંગ પે લા શરાફને ઘેર તે ફકીરની શાથે ગએએા. શરાફે લાલશીંગની શાથે ઘણીજ નમનતાઈથી, અને માંન ભરેલી રીતે વાતચીત કીધી, અને બેાલીએા કે શાહેબ ફકીરે તેને તે રતન વેચેલું છે, એવી તે નેતેા ઈઆદછે; પણ તે મેાહેારેાની વીગત તેણે ચેાપડા મધે લખે લીછે; માટે તમેા ચેાપડા તપાશેા, અને તેમાં જે લખેલું હેાએ તે પ રમાંણે આપણે ચાલીશું; માટે ફકીરને તમેાએ ખેાટી કરવેા નહી. એ ઉપરથી લાલશીંગે ફકીરને ઘેર મેાકલીએા, અને પેલા શરાફે લા લશીંગને ફરેબમાં નાંખી પેાતાના ઘેરનાં ચેાથા માર ઉપરનાં એક ઓરડા મધે કેદ કરેએા.

અવે પેલી તરફ જવાહેરશીંગનાં લગન થાએઆ પછે તે રા

જની ગાદીએ બેઠો હતો, અને જારે તે રાંણી શાથે "શંગ ભોગ" કરવાને જાતો હતો તારે, રાંણીએ તેને અટકાવીઓ, અને જણાવી ઊં કે "નવ રતનનો હાર" પેહેરવાની બાધા લીધેલીછે; માટે જ દીને "નવ રતનનો હાર" તે પેહેરશે તે દીવશે તે તારી શાથે "શંઘ ભોગ" કરશે. એ ઉપરથી રાજાએ શેહેરનાં જહવેરીઓને બો લાવીઆ, અને તેઓની પાશે જો કાંઇ રતન હોયતો માંગીઆં. એ શેહેરમાં કોઇ પણ જહવેરીની પાશે રતન હતું નહી;પણ પેલા શરાફની પાશે લાલશીંગનું ફકીરની પાશેથી પડાવી લીધેલું માતરે એક રતન હતું,અને તે લેઇને તે રાજાની પાશે ગએઓ. રાજા તે રતન જોઇને ઘણો ખુશી થએઓ,અને તે શરાફને કહીઉં કે એવાં બીજાં આઠ રતન તેને જોઇએછે, જ ઉપરથી તે શરાફ પાછો પોતાનાં ઘેરમાં ગએઓ. તે શરાફ લાલશીંગની ઉપર ભુખમરો પાડતો હતો કે તે મરી જાએ તો શારૂં, કે તેના રતનની ખબર શેહેરમાં જાહેર નહી થાએ. એ ઉપરથી શરાફે વીચારીઉ કે અવે લાલશીંગ ઘણો દુબલો થાએઓ હશે, અને જો તેની પાશે બીજા રતન હોએ તો, તેને મારકુટ કરીને લેઇ મેલશતો તે કશું એ કરી શકવાનો નથી. આવા ઈરાદાથી તે શરાફ પોતાના મુનીમ ને શાથે લેઇને પોતાનાં ચોથા માલ ઉપર ગએઓ, અને લાલશીંગનાં જાહડા લેવા માંગીઆ. લાલશીંગે તેમ કરવાને ના પાડીઆથી, તેને મનભુત માર મારીઓ, અને તેની પાશે જ બીજાં બે રતન હતાં તે લેઇ મેલીઆં, અને તેને પાછો બંધ કરીને રાજાને ઘેર પેલાં બે રતન લેઇ ગએઓ. આ રતન લેઇને રાજાએ તેને જણાવીઉ કે એ રતન ઘણાંજ અનમુલછે, અને તેણે શોલજીઉ છે કે એવીજ રીતના રતનો જલાલપુર મધે મલેછે; માટે જો તમો "જલાલપુર"જાશો તો,તાંહથી તમોને બીજાં મલી આવશે;માટે તુરત તે તરફ જાઈ પોહચવું. એ ઉપરથી તે શરાફ પાછો પોતાને ઘેર ગએઓ, અને પોતાનાં મુનીમની મારફતે એક વાંહાંણુ "જલાલપુર" ખાતે નોલે મંડાવીઉ, અને મુનીમે તાંહ જાઈને બીજાં છ રતન ખરીદી લાવવાને કહીઉ. મુનીમે જારે વાંહાંણુ ઉપર જાવાની તઈ આરી કીધી તારે,શરાફે તેને જણાવીઊં કે આપણા માલ ઉપર જ બં

ધવોછે તેને છુપી રીતથી વાંહાંણુ ઉપર લેઈ જાવો, અને મોટાં પાં ણીમાં ગએઆ પછે, તેને શમુદરને શવાધીન કરવો. એ હોકમ ઉ પરથી મુનીમે લાલશીંગને વાંહાંણુ ઉપર લેઈને વાંહાંણનું લાંગડ ઉપડાવીઉ, અને આગલ ચાલતા થાએઆ. રશતામાં મુનીમે વી ચાર કરેઓ કે આવા એક ખુબશુરત ચેરાના પુરશને શમુદર મધે દુ બારીને મારી નાંખવાની હુંતીઆ શાને માટે કરવી જોઈએ; કાંકે તેનાં નીરદએઆલું શેઠે તેની પાશેથી તરણુ રતન, અને હીરાની એ ક વીટી છીણવી લેઈને આવી માંહી હાલતમાં આણેઓછે; માટે એ ને મારી નાંખવાનાં કરતાં, જલાલપુર ખાતે લેઈ જાવો કે પછે તાંહ ગએઆ બાદ જેમ થાએ તેમ કરવું. એ પછે જલાલપુર નજદી ક આવીઉ, અને વાંહાંણે કીનારા ઉપર લાંગડ કીધું, અને પેલો મુનીમ રતનની ખરીદીને માટે કીનારે ઊતરેઓ હતો.

જલાલપુરના રાજા જુવાનશીંગને ઘેર પુગતી ઉમરની એક દી કરી હતી,જેને માટે ઘણાએક રાજાઓએ માંગણી કીધી હતી;પણ તે છોકરીએ પોતાનાં બાપને જણાવેઉ હતું કે જે રાજા,અથવા બીજો કોઈ પુરશ "દીપક રાગ"ગાઈ જાણનો હોએ તેની શંગાથે પણવા ને તે ખુશીછે;પણ તે શેહરમાં તેવો કોઈ નર ઉપલા વખત શુધી તેને મલીઓ નહી હતો. પેલી છોકરીએ પોતાનાં મેહલની અંદર એક ઓરડો શીણગારેલો હતો, અને તેની અંદર શગલી જગાએ બતી ઓ તઈઆર કરીને શલગાવવા માટે ગોઠવેલી હતી કે "દીપક રા ગ" શીખેલો કોઈબી પુરશ શેહર મધે આવીને એ રાગ ગાએ તો, તે બતીઓ શલગી જએ, અને તે ઉપરથી તેવા પુરશની શોહધ ક રવાને બની આવશે. અવે જે દીને પેલું વાહાંણ લાંગરવાડ થાએઉ, અને મુનીમ કીનારે ગએઓ તે દીને પેલા કેદ પડેલા લાલશીંગે શં ધીઆ વખતે "દીપક રાગ" ગાવાનું શહરૂ કીધું; કાંકે એ રાગ તે શીખેલો હતો. એ ઉપરથી રાજાની દીકરીના મેહલ મધે શીંણ ગારેલી બતીઓ મધે પોતાની મેલે રોશની થાઈ, જથી તે છોકરી શહમજી કે શેહર મધે કોઈ "દીપક રાગ" જાણનારો પુરશ આવી ઓછે. એ ઉપરથી છોકરીએ એ ખબર પોતાનાં બાપને આપી, અને તેનાં હોકમથી શેહર મધે શોધ કીધી. શેહર મધેથી જારે કો

ઈ પુરશ નહીન મલીઓ તારે, તે છોકરીએ વીચાર કીધો કે ગેઈ કાલ દીને જે વાંહાંણુ અતરે આવીઉછે તેની અંદર કોઈ પુરશ હોવો જોઇએ, અને એવા વીચારથી તેણે માંણુશોને વાંહાંણ ઉપર તપાશ કરવાને મોકલીઆં. પેલા શરાફનો મુનીમ, જે કીનારા ઉપર રતનની શોહધ કરવાને માટે ગએઓ હતો તેણે, પોતાનાં માંણુશોને તાકીદનો હોકમ કીધો હતો કે લાલશીંગને કીનારા ઉપર ઉતરવા દેવો નહી, અને તે ઉપરથી વાંહાંણુ ઉપરના માંણુશોએ લાલશીંગને છુપાવીને રાજ કનીઆનાં માંણુશોને કહીઉ કે તેઓનાં વાંહાંણુ ઉપર દીપક રાગ ગાનારો કોઇએ પુરશ નથી. રાજ કનીઆને પુરોજ શંધે હતો કે એ રાગનો શોખી વાંહાંણુ ઉપરછે, અને તેટલા માટે તેણે વાંહાંણુ મધે છુપા જાશુશો રાખોઆ હતા, અને તે ઉપરથી બીજે દીને શાંહજે જારે લાલશીંગે દીપક રાગ ગાએઓ તારે, પેલાં માંણુશોએ રાજ કનીઆને આપેલી ખબર ઉપરથી લાલશીંગને વાંહાંણુ ઉપરથી કાડીને રાજાનાં મેહલ મધે લેઈ ગીઆ. બીજે દીવશે લાલશીંગે રાજાના મેહલ મધે દીપક રાગ ગાએઓ, અને તે શાંભલવાથી રાજ કનીઆ તેની ઉપર મોહીત થાઈ, અને તેની શંગાથે પોતાનાં લગન કીધાં. આ શેહર મધે રતન પાકતાં હતાં; માટે રાજાએ પોતાની દીકરીને એકશો રતનનો બેત્રીશો હાર પેહરાવીઓ હતો, અને પોતાની આબરૂ પરમાંણે જહવેરાત વીગરેની રીત કીધી હતી. એ પછે પેલો મુનીમ છ રતન લેઈને તઈઆર થાએઓ, અને વાંહાંણુ ઉપાડવાની તઈઆરી કીધી; અને લાલશીંગને જણાવીઉ કે ભાઈ, તું ને ઘટેચ કે મારી શંગાથે પાછું આવવું; કાંકે મારા શેઠે મને તું શોંપેલોછે; માટે હું તેને પાછો શવાધીન કરીને મારે માથેનો જોખમ ઉતારૂ. આ વાત લાલશીંગે વાજબી ધારી, અને વીચારીઉ કે અગરજો તે ચંડાલે મુનીમને જણાવીઉ હોએ કે રતન મલી આવવાને કાંઈ અડચણ પડે તો, આ ધણીની મદદ લેજે, એવું કહીને મને મુનીમને શોકીઓ હોએ, અને જારે મુનીમ મને અતરેજ રેવા દેઈને જાએ તો, એ બેચારા ઉપર જુલમ ગુજારેઆમાં આવે; માટે જેણે મારી શંગાથે કશી આડી ચાલ ચલાવી નથી તેને અમશયકું દુઃખ થાએ તેવું મારે કરવું

નહી જોઈએ, અને તે ઉપરથી પોતાના શશરાને શહમજાનેવી તેની અને પોતાની બાએડીની રજા માંગી. એ વેલાએ શશરાએ તેને રજા આપી; પણ બાએડીએ જણાવીઉ કે તારી શથે તે પણ આ વેછે, જે ઉપરથી તેને પણ વાંહાંણુ ઉપર લીધી. આ વેલાએ રા જાએ તેઓની શંગાથે કેટલાંએક માંણશો તેઓનાં શંભાલને માટે આપેઆં હતાં, અને તે પછે વાંહાંણુ ઉપાડોને પેલા મુનીમે "મહીધ રપુરા" તરફ હંકારીઆં. કેટલાએક દીવશ થાએઆ તારે, પેલાં ધ ણી ધણીઆંણી વચે વાતચીત ચાલી કે "મહીધરપુરા" તરફ જા ઈ પુગા પછે વલી લાલશીંગને પેલા ચંડાલ શરાફનાં ઘેરમા કેદ રે હવું પડશે, અને તે ઉપરથી પોતાની શગલી વાત લાલશીંગે પોતા ની બાએડીની આગલ કહી. આ વેલાએ રાજા ચંદશીંગની દીકરી એ તેહને દીલાશો દીધો કે તમોએ એ બાબતમાં કશી ચીંતા કરવી નહી; કાંકે હું જાદુ જાણું છેઉ, અને તેનાં જોરથી તમોને વાંહાં ણુ ઉપરથી ગેપ કરીને મુનીમને જણાઉ છેઉ કે મારો ભરથાર રા તની વેલાએ શમુદર મધે પડીને મરણ પાંમીએોછે.

રાત પડીઆ પછે તે છોકરીએ લાલશીંગને એક મોટી પેટી ની અંદર કેટલાએક ખોરાક, અને પાંણી શંગાથે બંધ કરેઓ, અ ને તે પછે રડવા લાગી કે તેનો ભરથાર લાલશીંગ વાંહાંણુની બા રદુએ માચી ઉપર જાહુડે ફરવા બેઠો હતો તાંથી શમુદર મધે પડી મર ણ પાંમીઓ. આ વાતની ગરબડ આખાં વાંહાંણુ મધે થાઈ, અને મુનીમનાં કાંન ઉપર ગેઈ, જેથી તેણે વીચારીઉ કે તેનાં શેઠનો જે હોકમ તેણે રદ કરેઓ હતો તે ગોએઆ તે બજાવી ચુકોછે. એ પછે મહીધરપુરા નજદીક આવીઉ, અને વાંહાંણુ લાંગરવાર થાએ આથી, મુનીમ વાંહાંણુ ઉપરથી ઉતરીને પેલાં છ રતન લેઈને પેલા શરાફની પાશે ગએઓ, અને તેને રતન આપીને લાલશીંગ શંબં ધી વારતા તેની આગલ કીધી, અને તેની બાએડી, જે જલાલપુર નાં રાજા જુવાનશીંગની દીકરી થાએ તેને લગતી શગલી બીનાં જ ણાવી કે તે વાંહાંણુ મધેછે, અને મારી શાથે આવવાને નાંપાડેછે. એ ઉપરથી તે શરાફ વાંહાંણુ ઉપર ગએઓ, અને પેલી છોકરીને દીલાશો આપી કહીઉ કે તારે કશી ફીકર કરવી નહી; કાંકે હું

તું ને અમારા શેહરનાં રાજા જવાહેરશીંગને હવાલે કરૂંચ, અને તે તા રા બાપ જુવાનશીંગ ઉપર તું ને મોકલાવશે; માટે મારી શંગાથે આવવું. એ ઉપરથી તે છોડીએ પોતાનાં માંણશો પાશે પોતાનો શગલો અશબાબ ઉચકાવીઓ, અને પેલા શરાફની શંગાથે રાજા જ વાહેરશીંગને ઘેર ગોઈ. શરાફે પેલાં રતન રાજા જવાહેરશીંગને આપેઆં, અને તે તેને પશંદ પડેઆ પછે, જણાવીઉ કે તેનાં વાં હાંણુ મધે "જલાલપુર"નાં રાજાની દીકરી, અને જમાઈ બેકેલાં હતાં; પણ જમાઈ અકેશમાત બનાવથી શમુદર મધે પડીઆને લી ધે મરણ પાંમીઓછે; માટે તે અશતરીને તમારી પાશે લાવીઓ છે ઉ. એ ઉપરથી રાજા જવાહેરશીંગે તે અશતરીને મેહલ મધે પો તાની અશતરી આગલ મોકલાવીને રાખી. જવાહેરશીંગની બા એડીએ તે અશતરીની ખબર પુછી, અને તેનો ભરથાર શું કર તાં શમુદરમાં પડીને મરણ પાંમીઓ તે વાત જાણવા માંગી, અ ને તે ઉપરથી તે અશતરીએ, લાલશીંગ, અને જવાહેરશીંગ, એ બંધે ભાઈઓ પોતાના બાપના શેહર મધેથી નીકલીને મહીધર મધે ગએઆ, અને લાલશીંગ ઉપર કેવી નશીબત ગુજરી, તે વીશેનું શગલું વરણુન તેની આગલ કીધું. જવાહેરશીંગે પણ પોતાનાં ભાઈની, અને પોતાની વારતાનો હેવાલ પોતાની બાએડીની આગલ કહેલો હતો, તે ઉપરથી તે શહમજી કે એ અશતરી તો તે ની દેરાંણી લાલશીંગની બાએડીછે, અને તે ઉપરથી તુરતજ તે બીના જવાહેરશીંગ આગલ જાહેર કીધી. જલાલપુરના રાજાની દીકરીએ પોતાની વાતમાં જણાવીઉં હતું કે તેણે પોતાને દેશથી મહીધર મધે આવતાં રશતા મધે એક પેટીમાં પોતાનાં ભરથારને શાં તીને ખોટ્ટી બુમ ઉરાડી હતી કે તે દરીઆ મધે પડીને મરણ પાં મીઓછે, તે ઉપરથી જવાહેરશીંગે તેને પુછીઉં કે તારો ભરથાર કેહી પેટી મધેછે. એ ઉપરથી તે અશતરીએ તુરત પેલી પેટી ઉ ઘાડી, અને લાલશીંગને બાહેર કાડીઓ, જે વેલાએ તે ખરાબ હ વાને લીધે દુબલો થાએલો હતો. આ વેલાએ તે બંધે ભાઈઓ એકબા મલીઆ, અને એક બીજા ઉપર ગુજરેલી નશીબતની વાતચીત કીધી.

આ વાતચીત ઉપરથી લાલશીંગે જાણેઉ કે તેનો ભાઈ રા

જા થાએલોછે; જવાહેરશીંગે લાલશીંગને કહીઉ કે પેલા શરાફને બો લાવવો જોઈએ, અને તેને ઘટતી શજા કરી તેનું ઘેરબાર લુટી લે વું જોઈએ. એ પછે તુરત હોકમ કરીને તે શરાફનાં ઘેર ઉ પર જપતી બેશાડી, અને તેને દરબાર મધે બોલાવીને શેહરનાં લો કોમાં ઢંઢેરો કરાવીઓ કે એક માહુપાપી કરમ કરનારને શજા કીધામાં આવેચ માટે તે જોવાને લોકોએ અદાલત મધે લેગા થાવું. પરજા શગલી એકઠી મલી, અને તે વેલાએ પેલા શરાફને શુલી આ ગલ લેઈ જાઈને ઉલો કરેઓ, અને તેણે કીધેલાં માહુપાપી કાંમ વી શે લોકોને જણાવીઉ, અને તે પછે તેને શુલી દેઈ મારી નાંખેઓ, અને તે પછે બધે ભાઈઓ મહીધરનું રાજ તાંનાં પરધાંનને શવા ધીન કરીને નવા નગર મધે પોતાનાં બાપને જાઈ મલીઆ.

ચોરી પકડનારો ચેનાભટ!



બેડા નાંમનાં એક ગાંમડાં મધે "ચેનાભટ" નાંમનો એક બર હામણ રેહતો હતો. આ બરહાંમણે વીદીઆ અભીઆશ કશોએ કરેઓ નહી હતો; પણ ભીખશુતપણાથી પોતાનો ગુજારો કરતો હ તો. ચેનાભટનાં લગન પડોશનાં એક ગાંમ મધે થાએલાં હતાં, અ ને તેની બાએડી લાએકની થાએઆથી તે તેને પોતાને ઘેર લાવવા શારૂ પોતાને શાશરે ગએઓ હતો, અને શાંહજ પડતાંમાં શાશરાં ઘેર મધે ગએઓ હતો. ચેનાભટ શાશરા ઘેરમાં ગએઆ પછે તે ની શાશુએ ગરમ પાંણીથી તેને અંગોર કરાવીઓ હતો, અને તે પછે તે રોટલી કરવાને બેઠી હતી. ચેનાભટ શાશુથી થોડે દુર બે શીને ઈશવર ભજનનાં થે ડાએક શબદો, જે કોઈ કોઈને મોડેથી શાં ભલેલા તે બોલેઆ કરતો હતો; પણ તેની નજર શાશુ રોટલી કર તી હતી તાંહ બેઠેલી હતી; કાંકે તે ઘણો ભુખો થાએલો હતો. શા શુએ કેટલી રોટલી કીધી તે ચેનાભટે ગણી હતી, અને તે પછે ચે નાભટની શાશુ,શાલો,અને ચેનાભટ,એ શગલાં જમવાને બેઠાં હતાં. આ

વેલાએ તરણુડે જણા મલીને કેટલી રોટલી ખાધી તે પણ ચેના ભટે ગણી હતી, અને તે ઉપરથી શમજીઓ કે શાશુએ જેટલી રોટલી વડી હતી તેટલી શગલી ખપી ગેઈ. જમી રહેઆ પછે ચેનાભટ ઓટલા ઉપર બેઠેલો હતો, અને તે વેલાએ ગોવાલીઆ એ આવીને શરેશતા પરમાંણે રોટલી માંગી. એના જવાબમાં ચે નાભટે ગોવાલીઆને જણાવીઉ કે ભાઈ, આજે રોટલી ફાલતું ન થી, અને જેટલી વડી હતી તેટલી શગલી ખવાઈ ગેઈછે. ચેના ભટે ગોવાલીઆને દીધેલો આ જવાબ તેની શાશુ, જે ઘેરમાં હતી તેણે શાંભલીઓ, અને તે ઉપરથી તે વીચારમાં પડીકે કેટલી રોટ લી કીધી, અને કેટલી ખવાઈ તેની ગણુતરી એણે કાંથી જા ણી; કાંકે કરતી વેલાએ તો દુર બેઠેલો હતો, તેમજ ત રણ જણ જુદાં જુદાં ખાવાને બેઠેલાં હતાં; પણ કેટલી રોટ લી કીધી, અને કેટલી ખાધામાં આવી, એ શગલું એણે જાણીઉ; માટે એ કેાઈ શારી વીદીઆ શીખેલોછે, એવું ધારીને તે પોતાના મન શાથે ઘણીજ હરખાવા લાગી, અને પાર પાડોશીઓને કેવા લા ગી કે મારો જમાઈ તો ઈશવરી ભેદ જાણેછે; કાંકે ઘરમાં બનેલી છુ પી વાત તેણે કેહી આપી. આ વાત આખા મોલા મધે તેણે જાહે ર કીધી, જેથી શરવે જણાનાં મોડાં મધે એજ વાત ચડી રહી હ તી. બીજે દીને શાહવાર પડી, અને ચેનાભટ હાજતે જવાને માટે ઘેર મધેથી લોટેા લેઈને બાહેર નીકલીઆ. ચેનાભટે વીચાર કરેઓ કે શાશરા ઘેરની નજદીકમાં હાજતે બેશવું એ શરમનું કાંમછે, અ ને તેટલા માટે ગાંમથી જરા વધારે દુર જાવું જોઈએ. આવા વી ચાર ઉપરથી ચેનાભટ ગાંમથી આશરે એક માઈલ શુધી દુર ગ એઓ; અને તાંહ હાજત કરવાને બેઠો હતો. હાજત કરતાં ચેના ભટની નજર એક બલદની ઉપર પડી, જે ચરતો ચરતો ચેનાભટની નજદીકીમાં ગએઓ. આ બલદની નાથ શંગાથે બે વાંમનું એક દોરડુ બાંધેલું હતું, જે જોતાંજ ચેનાભટે હાજતેથી ઉઠીને તે બલ દને પકડીઓ, અને બાવલનાં એક નાધેલા જાડના છોરવા શંગાથે તે ને બાંધીઓ, અને પોતે તાંથી નીકલીને પોતાને શાશરે ગએઓ. જે બલદને ચેનાભટ પેલા બાવલનાં જાહડ શંગાથે બાંધી ગએઓ હતો

તે ચેનાભટના શાશરાં ઘેરની પાછલી બાજુએ રેહનારી એક રંડકા ધોભણની હતી. શાંહજ પડતાં શુધી ધોભણે તે બલદને શોધીઓ; પણ તેનો પતો કેથે નહી લાગાથી, ધોભણ નીરઆશ થાઈને ઘેરમાં ગેઈ, અને શારીનો છેડો વાલીને મોટા આવાજથી રડવા લા ગી. ધોભણ રંડકા હતી, અને વલી તે શાથે તેની અવશથા ગરી બ હતી; માટે નવો બલદ તે કાંહથી લાવે તેની તેને ધાશતી હતી; કાંકે શાંહજ પડતાં શુધીમાં બલદ નહી મલીઆથી, ધોભણે એવો વીચાર કીધો કે કદાચ બલદને વાહઘ ખાઈ ગએઓ હશે. ધોભણનું રડવું શાંભલીને તેની આશપાશનાં લોકોમાં વીચાર આવીઓ કે ધોભણના ઘેર મધે શું હશે કે તે રાતની વેલાએ રડેછે. પડોશ માંહેલો એક છોકરો ધોભણનાં ઘેર મધે દોડી ગએઓ, અને તેનેથી પરપુછ કરીને પાછો ફરેઓ, અને તેનેથી ચેનાભટની શાશુને ખબર પડી કે ધોભણનો બલદ ગુમ થાએઓછે. એ ઉપરથી ચેનાભટની શાશુ જડપથી ધોભણ પાશે ગેઈ, અને તેને જણાવીઉ કે બાઈ રડી શ નહી. મારો જમાઈ માંહ વીદવાનછે, અને તેને જો તું પુછશે તો, તારા બલદને માટે ખરી વાત તે કેશે. આપણાં ઘેર મધે રતન આ વેલું છે તેનું અજવાલું પડતું મેલીને અંધારામાં ગોતાં શામાટે ખા ઈએ;માટે મારા જમાઈ પાશે તું જા,અને તારા બલદ વીશે તેને પુછ કે જે વાત ખરી હશે તે તુંને તે બતલાવી આપશે. એ ઉપરથી ધોભણ ચેનાભટની પાશે ગેઈ, અને તેની આગલ એક પઈશો મે લીને પુછીઉ કે ભટજી, મારો એક બલદ ખોહવાએઓછે તે કેઆં થી મલશે ?

ચેનાભટે કેટલાએક વખત શુધી પોતાનું નાંખ પકડીઉ, અને તે પછે તેણે ધોભણને પુછીઉં કે તમારો બલદ લાલછે કે વારૂ ?

ધોભણે જવાબ દીધો કે હા ભટજી.

ચેનાભટે વલી નાંખ પકડીને થોડોવાર શુધી વીચાર કીધો, અને તે પછે ધોભણને પુછીઉ કે બલદની નાથ શંગાથે થોડું લાંબ ઘું દોરડું બાંધેલું છે કે શું ?

ધોભણે જવાબ દીધો કે હા મારા જ દોરડું બાંધેલું છે.

ચેના ભટે વલી જરાવાર નાંખ પકડીને વીચાર કીધો, અને પ

છે ધોબણને જણાવીઉ કે ગાંમની આડમણ બાજુ તરફ શોધ કરોઃ એ ઠેકાંણે તમારો બલદ ઘેરાએલો માલમ પડેછે. એ ઉપરથી ૫—૬ માંણશો તે દશા તરફ દોડી ગએઆં,અને આશપાશ જોએછે તો,એક નાંવલા બાવલીઆ શાથે બલદ બાંધેલો દેખાએએો, જે ઉપરથી તેને છોડીને ધોબણની પાશે લેઈ ગએઆ, જેને જોઈને ધોબણ મગન થાઈ,અનેં ગાંમના લોકોમાં "ચેનાભટ"ની વાખવાખી થાવા લાગી, જથી ચેનાભટની શાશુને તો હરખ શમાએએો નહી ગએએો, અને ખુશી થાતી લોકો આગલ જમાઈની મોટી તારીફ, અને વખાણ કરવા લાગી. આ વાતને બે તરણ દીવશ થએઆ એટલે રાજા ની દીકરી પોતાના મેહલ મધે નાહવા બેકી, અને મોરીની પડોશમાં એક ખુંટી હતી, તે ઉપર પોતાનો મોતીનો હાર ઓરવીઓ હતો; પણ નાહીને ઉઠીઆ પછે જોએછે તો ખુંટી ઉપરથી હાર ગુમ થાઈ ગએએો હતો. આ વાત તે છોડીએ રાંણીને જણાવી, અને રાંણીએ એ ખબર રાજાને કીધી, જેથી રાજા કચેરી મધેથી ઉઠીને મેહલમાં ગએએો, અને હારની બાબતમાં પુછપરછ કીધી. રાજાની પછવાડે કેટલાએક મોટા અમલદારો પણ કચેરી મધેથી ઉઠીને મેહલ મધે ગએઆ હતા,અને તેઓએ રાજાને જણાવીઉ હતું કે—બાં દેનવાજ, કાંઈ ઘભરાવાની જરૂર નથી. આપણાં ગાંમ મધે રેહનારા જીવણભટને તાંહ તેનો જમાઈ આવેલોછે, અને તે ઘણોજ હોશીઆર, અને એવા છુપા ચોરોને પકડી કાડવાનાં કાંમમાં મોટી ચાંચલાઈ ભરેલી વીદીઆ ધરાવેછે; માટે અગરજો રાજા તેને બોલાવશે તો, અલબતે તે એ હાર કોંણે લીધોછે તે વાત ખુલલી કરી આપશે. આ વાતને રાજાએ કબુલ રાખી, અને ચેનાભટને બોલાવવાનો હોકમ કરેએો. એ ઉપરથી રાજાના હલકારાઓ જીવણભટને ઘેર દોડી ગએઆ, અને "ચેનાભટ" ને જણાવીઉ કે રાજાની દીકરીનો હાર ચોરાએએોછે; માટે તે કોંણે ચોરેએોચ તે પકડી કાડવા માટે રાજા તમોને બોલાવેછે. આ વાત શાંભલતાંજ ચેનાભટના પેટમા ફાર પડી, અને બોલીઓકે અવે કમમખતીનો વખત નજદીક આવીએો,. વીદીઆ તો બાપ ભણેએો હશે તે; આપણે તો કશું જાણતા નથી, અને આતો રાજાને તાંનુ કાંમછે, અને જો જીવ

પડીને શપડાઈ ગએઆ તો લોગ ફરી વલવાના; પણ કરે શું, પોતા
ની શાશુને મોટાઈ બતાવવા ગીએા તારે, મુગે મોડે રાજાના માંણુ
શોની શાથે રાજાને ઘેર ગએએા. ચેનાભટના પેટ મધેનું કાલજી
તો ઠરઠર કાંપે; પણ તેની શાશુનો હુરખતો શમાએએા નહી જાએ,
અને લોકોને કેહવા લાગી કે મારા જમાઈજી તો આજે રાજાના ઘે
ર મધે તેની દીકરીના હારની ચોરી થાઈછે તે પકડવાને ગએઆછે;
કાંકે રાજાને ઘેરથી આંણું આવીઉ હતું. ચેનાભટ રાજાના ઘેરમાં
ગએઆ, અને રાજાએ એક પાટલા ઉપર બેશાડીને, તેની દીકરીનો
હાર કેવી રીતથી ગએએા તે વીશેની શગલી હકીકત ચેનાભટની
આગલ કહી. શરવે બીના જાણેઆ પછે, ચેનાભટે રાજાને કહીઉ કે
ઠીકછે માહુરાજ, ગમે તેબી ચોરે ચોરી કીધી હશે તેને પકડવાને તેને
કશો વીલમ લાગવાનો નથી; પણ મારૂં કાંમ કરવા માટે બેશ
વા શારૂ મને એક એલાહેદી જગા જોઈએ, અને કીરીઆ કરવા શા
રૂ શીંદુર, ગુગલ, ધુપ, દીપ અને ફુલ વીગરે જોઈએ. એ ઉપરથી
રાજાએ તેને એક ઓરડા મધે બેશાડીએા, અને ઉપલી શગલી વ
શતું મંગાવી આપી. એ ઉપરથી ચેનાભટ તે ઓરડાનાં બારણાં
બંધ કરીને ધુપદાંન મધે ગુંગલ બાલવા લાગેા, અને એક પાટલા ઉ
પર શીંદુરના લીશોટા પાડીને તે ઉપર ફુલ મેલીને પરમેશવર આ
ગલ એવી પરારથનાં કરતો હતો કે—એા શાહેબ તેની આબરૂ લુટા
વાનો વખત નજદીક આવેલોછે; માટે તેની શરમ તુંએ રાખવી.
એવી રીતનો અંદેશો કરતાં દીવશ પુરો થાઈ ગીએા, અને રાત
પણ પોતાનો વખત કાઢવા લાગી. ચેનાભટને મોટો ધબરાટ થા
એએા, અને વીચાર કરવા લાગેા કે મોડી રાત થાએઆ પછે' અ
તરેથી નીકલીને મારે ગાંમ નાશી જાઉ; શાશુને જો જરૂર હશે તો
બાએડીને મારે ઘેર મોકલશે. આવી રીતનો વીચાર જારે ચેનાભટ
કરતો હતો તારે, તેને "નીદરા" આવવા લાગી. રાજ કનીઆનો હાર
તેની એક "નીદરા" નાંમની દાશીએ ચોરેલો હતો, અને જારથી ચે
નાભટ ઓરડામાં ભરાઈને બેઠો હતો તારથી તે વારેઘડીએ ઓરડા
ના બારણાં આગલ જઈ ઉભી રહીને ચેનાભટ અંદર શું કરેછે તે
શાંભલવા માટે ધીઆંત આપતી હતી. ચેનાભટને જારે નીદરા આવ

વા લાગી તારે, વલી પેલી નીંદરા નામની દાશી ચેનાભટનાં ઓર
ડાના બારણાં આગલ જઈને ઉભી હતી, અને તે વેલાએ ચેનાભટ
પોતાનાં છત્ર શાથે મેઢેથી બોલીઓ કે "અવે નીંદરા આવી ખ
રી." આ શબ્દ પેલી દાશીએ શાંભલીઆ તેથી તે ધાશતીમાં પ
ડી, અને વીચારીઉં કે ચેનાભટે તેનું નાંમ તો શોધી કાડીઉ; મા
ટે અવે એને પગેલાગીને શમજાવશ તો મારો છુટકારો થાશે. એ
વા વીચારથી નીંદરા દાશીએ ચેનાભટને શાધ મારીને બારણું ઉ
ઘડાવીઉ, અને તેને પગે લાગીને બોલી કે—મારાજ, તમે મારૂં ના
મ શોધી કાડીઉ ખરૂં; પણ અવે એટલું કરજો કે મારૂં નાંમ ત
મારા શીવાએ બીજું કોઈ જાણે નહી. નહીતો રાજા મને મા
રી નખાવશે. એ શાંભલી ચેનાભટે તેને જવાબ દીધો કે બાઈ તે
વાત ઠીકજછે; પણ હાર કાંહછે તે પેલો લાવે. એ શબ્દ શાંભલ
તાંજ દાશી તુરત બાહેર ગેઈ, અને રાજ કનીઆનો હાર લાવીને
ચેનાભટને હવાલે કીધો, અને વલી ફરીને પોતાનું નાંમ કોઈની આ
ગલ નહી કેવા માટે તેનાં કાલાવાલા કરવા લાગી. આ વેલાએ ચે
નાભટે જણાવીઉ કે બાઈ આટલી બધી મેહનત મેં કીધી, અને જા
રે નાંમ નહી દેઉ તારે મારી મેહનતનો બદલો કોંણ જાણે. જો
તમો નામજ છુપાવવા માંગતાં હોવતો ૫૦૦ રૂપીઆ મને આપે.
એ ઉપરથી દાશીએ તુરત તેને ૨૦૦ રૂપીઆ લાવી આપેઆ, અ
ને પગે લાગીને બોલી કે મોહરાંજ, મારી પાશે એટલીજ પુંજી છે.
કાંઈ વધારે હતે તો જરૂર આપતે; માટે એ લેઈને મને મારો ગુના
હ માફ કરવો. ચેનાભટે દાશીને વીશવાશ આપી જણાવીઉ કે
તારે અવે તમો શુખેથી જાવો; રાજા નાંમ પુછશે તો તે નહી કેવાનું
મારા હાથમાંછે. એપછે દાશી તાંથી નીકલી ગેઈ, અને ચેનાભટ
ઓરડાનું બારણું અંદરથી બંધ કરીને ઉધી ગીઆ. શહવાર
પડી, અને દીવશ નીકલીઓ, અને રાજા શુતેલો ઉઠીને ઓરડાના
બારણાં પાશે ગએઓ, અને ચેનાભટને હાક મારી બારણું ઠોકવા
લાગો. કેટલેએક વખતે ચેનાભટ ઉઘેલા જાગીઆ, અને ઓરડા
નું બારણું ઉઘાડીને રાજાને અંદર લીધો, અને રાજા જોએછે તો
તેની કનીઆનો "હાર" ધ્રુપદાનની પડોશમાં મેલેલા પુંજા પાતરી

ના પાટલા ઉપર ફુલ વીગરે જે વશતું મેલેલી હતી તેની શાથે મે લેલો હતો. એ હાર ચેનાભટે રાજાનાં હાથમાં આપી કહીઉ કે બંદેખોદા, આ હાર નીકલવો ઘણો મુશકેલ હતો; કાંકે મારી શ ગલી કોશીશમાં હું નીશફલ થાએઓ હતો; અને તેટલા માટે રાતરે તો છુપી રીતે ગાંમ નીકલી જવાનો વીચાર કીધો હતો; પણ છેવ ટનો એક ઈલાજ હતો તે કરવાને મે ધારવીજ રાખેલું હતું તે કી ધાથી મારા નાંમને પરમેશવરે જશ આપેઓછે; પણ તે ઈલાજ કાં મે લગાંડતાં, મારો જીવ મોટી ધાશતીમાં નાંખવો પડેઓ હતો, પ ણ તેની મેં દરકાર નહી કીધી, અને તમારા જેહવા એક નાંમી ચા રાજાને તાંહથી નાંમ, અને ઈનાંમ મેલવવાની આશાને લીધે એટલો બધો જોખમ મારે માંથે ખેંચી લીધો હતો. જો મારી જ ગા ઉપર મારો ગુરૂ હતે તો, તમારો હાર નહી મલે તેની જરાએ દરકાર નહી કરતે, અને મારી પઠે પોતાનાં જીવને જોખમમાં ન હીજ નાંખતે; કાંકે એકવાર જીવ ગએઓ તો આખાં કુટમબનાં માં ણશો ભુખેમરે, અને તેટલાજ માટે એવું કાંમ નહી કરવાને મા રા ગુરૂએ મને મજબુત ભલામણ કરેલીછે.

રાજાએ કહીઉં કે ભટજી મારાજ, હાર મલીઓ તો ખરો; પણ તે ચોરી કરનારનુ નાંમ શું, તે મને જણાવવું જોઇએ. ચે નાભટે જણાંવીઉં કે રાજા શલાંમત, જે કીરીઆના બલથી આ ચોરી મેં પકડી કાડીછે તે કીરીઆ એવીછે કે અગરજો ચોરનુ જો હું ચોરી પકડનાર જોએ તો તતકાલ ચોરી પકડનારનુ મરણ થા ઇ જાએ; માટે તે કીરીઆ કરી રહીને તુરતજ ઊંધી જવું જોઇ એ કે પછે ચોરી કરનાર પોતાનીજ મેલે તે ચોરીની મતા કીરીઆ ની જગાએ મેલી જાએ; માટે હુંએ પણ તેમજ કીધું હતું, અને કીરીઆ કરી રહેઆ પછે ઊંધી ગએઓ હતો તે છેક રાજાએ બા રણું ઠેકીઉં તારે જાગીઓ હતો માટે ચોરી કોંણે કીધી તે માંણ શની ખબર મને પણ નથી, અને તેટલા માટે હું તુંને કહી શક તો નથી. ચેનાભટની એ હીકમતથી નીદરા દાશીનુ નામ ચોરી કરનાર દાખલ બાહેર નહી આવીઉં, અને રાજાએ એક શારા શ રોપાવ શાથે ૫૦૦ રૂપીઆ ચેનાભટને તે ચોરી પકડવાનાં ઈનામમા

આયેઆ જે લઈને ચેનાભટ પોતાની શાશુ પાશે ગએેઆ, અને રશતે ચાલતાં વીચાર કીધો કે અવે કાલનાકાલ ગાંમ નીક લી જાઈએ તો ઘણું શારૂં, અગર નહીતો મેલવેલું માંન ખોહીને મોટા પશતાવામો આવવું પડશે. ઘેરમાં ગએેઆ, અને રાજાને તાંથી, તથા દાશીની તરફથી મલેલા ધનની વાત શાશુ આગલ કહી, જેથી શાશુના હઈડાંમાં જમાઈની ચંચલાઈનો હરખ શમાઈ નહી શકેઓ, અને તે ઉપરથી જમાઈને કેવા લાગી કે જમાઈજી, જો થો ડા દીવશ તમો અતરેજ રેહશો તો બહુ શારૂં થાશે; કાંકે મોટું શે હર પડીઊંછે માટે કાંઈ નહીને કાંઈ બનાવ બનેઆજ કરશે, અને તેથી તમો પાંચ પઈશા જોગ થાઈ જાશો. ચેનાભટે શાશુને જણા વીઊં કે જે એલમ હું શીખેઓ છેઊં તે એવોછે કે એવી રીતનાં કાંમ આખાં વરશમાં બેથી વધારે કરવાં નહી જોઈએ, અને જો લોભના મારેઆએ કીધાં હોએતેતો, ખચીત દેવી માતા તેની ઉપર નારાજી થાએે, અને તેની પાશેનો એલમ ચાલી શકે નહી; પણ મારી ઉપર ઈશવરે મોટી મેહરબાની કીધીછે કે તમારાં ગાંમ મ ધે બધાં મલીને મેં તરણ એવાં કાંમ કીધા છતાં, મને ફતેહ આપી છે; માટે અવે મારેથી એક ઘડી અતરે રેહવાઈ નહી શકે; માટે આવતી કાલે હુંતો ખચીત જવાનો, તમારે ગમેતો તમારી દીકરી ને મોકલો અને ગમેતો નહી; પણ હુંતો જરૂર જવાનો. બીજી શહવાર પડી, અને ચેનાભટ ગારીમાં બેશીને પોતાની બાએેડી, અને શાલા શાહીત પોતાને ગાંમ જવાને શેહરની બાહેર નીકલીએો, જે વેલાએે તેની શાશુએે પાંચ રૂપીઆની વત જે આપવી હતી તે આપી. ચેનાભટ થોડે રશતે ગએેઓ એટલે શેહરનો રાજા ગાં મ બાહેરથી શેકાર કરીને "ચેના" નાંમનુ એક જનવર કપડાં મ ધે લપેટીને પોતાની શાથે લેઈને આવતો તેને શાંમણે મલીએો, અ ને ચેનાભટને જોઈને તેની નજદીક ગએેઓ, અને પુછીઊં કે ભટ જી માહરાજ, કેવોને કે આ કપડાં મધે શું લપેટેલું છે. આ વેલાએે ચેનાભટ મોટા અંદેશામાં પડેઓ કે અવે છેહલી વાર આંબરૂ જવાનોજ વખત આવીઓછે, તારે અગરજો અવે શરમ પકડીને ખરૂં નહીજ બોલીશ તો, ખચીત આબરૂ જવાની; માટે શગલી ખ

રી હકીકત જાહેર કરવી જોઈએ, અને તે ઉપરથી ચેનાભટ એક એવો દોહરો બોલીઓ કે—

દોહરો—

ટપટપ કરતા ગણીઆ પોલી,
જાહડે ગએઆ તાંહ બાંધેઓ ડોલી.
નીંદરા કહી તારે આવેઓ હાર,
મેલ રાજા અવે "ચેના" નો ખેઆલ.

ચેનાભટના બોલવાનો અરથ એવો હતો કે તેની શાશુએ જારે રોટલી થાપી તારે, ટપટપ કરી તેનો જે આવાજ થએઓ તે ઉરથી તેણે રોટલી ગણી હતી, અને જાહડે ફરવાને ગએઓ તારે ધોભણનો બલદ તેણે પોતેજ બાવલના જાહડ શાથે બાંધીઓ હતો. રાજાની દીકરીનો હાર પકડવા ગએઓ તારે ઊંઘ આવી તેને માટે બોલીઓ કે અવે તો નીંદરા આવી; પણ હાર ચોરના રી નીંદરા નામની દાશી બારણાં આગલ આવીને ઉભેલી હતી તે એવું શમજી કે ચેનાભટે મારૂ નામ પકડી કાડીઉં, અને તે ઉપરથી તેણે ઘભરાઈને હાર આપેઓ. એ પરમાણેનુ તેનામાં વી દીઆ શંબંધી ભંડોલંછે; માટે રાજા અવે હું ચેનાભટને હઈઆં થી જાવાદે, પણ રાજાને એ બોલનો અરથ વલી ઉલટોજ શહમજ પડેઓ; કાંકે તેણે જે પખશી શીકાર મધે પકડેલો હતો તેનુ નામ "ચેના" કરીને હતું; માટે મેલ રાજા અવે ચેનાનો ખેઆલ કરીને ચેનાભટ જ બોલીઓ તે પેલા પખશીને છોડી દેવાને બોલીઓછે, એવું ધારીને તેણે તે પખશીને છોડી મેલીઓ. રાજા એવું શમ જીઓ કે એ પખશીને પકડીઆમા કાંઈ દોશ હશે, અથવા તે પખ શી નેહશ હશે તેથી ચેનાભટે તે પખશીને છોડાવી દેવાને તેને ક હીઊછે.

રાજા ચેનાભટના દોહરાનો અરથ ઉલટો શમજીઓ તેથી ખુશી થએઓ કે વા, ચેનાભટે તો આ પખશીનુ નામ વટીક કં હી આપીઉં, અને તે ઉપરથી પોતાને હાથે શું નાંનુ કરૂં હતું તે કાડીને ચેનાભટને ઈનામ દાખલ આપીઉં, અને પોતે ઘોડો દોડા વી તાંથી શીહર તરફ નીકલી ગીઓ, અને ચેનાભટ તાંહંથી પોતા ને ગામ રવાંના થાએઓ.

(૩૨૧)

શું નશીબમા હોએતો ધેર બેઠાં નહી મલે ?



"વીશાલ" નામના એક નગર મધે "રાંમદેવ નામે એક રા જા રાજ કરતો હતો, જેને તાંહ "માલતી" નાંમની એક કનેઆ હ તી, અને તેની વચે વીશ વરશની હતી. શારૂં, રૂડું, અને કુલ વાન શાશરૂં શોધતાં રાંમદેવે પોતાની કનેઆને વીશ વરશની કીધી હતી, જેથી તે માલતી ભરથાર કરવા માટે દર રોજ વીચાર કર તી હતી, અને તેને માટે તરેહવાર ઈઉકતીઓ શોધતી હતી. વી ચાર કરતાં માલતીને એવો મારગ શુજીઓ કે દર રોજ તેણે "ગં ગાનો ઉપાશન" કરવો, ઈઆને દર રોજ નદી મધે નાહવાને જા વું. એ ઠેકાવ પરમાંણે તે દર રોજ ગંગા મધે નાહવાને જાતી હ તી. આ ઠેકાંણે એક શાધુ બાવો "ભરૂડી" ઈઆને એક જુકેડી નાંખીને પડેલો હતો, જે નવજુવાન અને દેખાવમાં શારો હતો. એક દીવશે માલતીની નજર બાવા ઉપર પડી, અને બાવાની નજ ર માલતી ઉપર પડી, જેથી તે બંધેએ એક બીજાને પોત પોતાના મનમાં પશંદ કીધાં. જેમ માલતી વીચારતી હતી કે બાવો તેને પશંદ કરે તો શારૂં; તેમજ બાવો પણ ધારતો હતો કે માલતી તેને કબુલ રાખે તો શારૂં. માલતીએ બાવાનો વીચાર જાણવા માટે એક ઈઉકતી શોહધી કાડી, અને દર રોજ ગંગા મધે નાહવા પ છે પેલા બાવાને પગે લાગવાને માટે તેની આગલ જાવા લાગી. આ પરમાંણે ઘણાં દીવશ ગુજરી ગએઆ; પણ બાવાની છાતી તેને કેવા માટે ચાલી નહી, તારે એક દાહડે માલતીએ પોતેજ બા વા આગલ વાત છેડી, અને બોલી કે— બાવા, તુંમ કુચ મુશાફરી કરોગે. બાવાએ જવાબ દીધો કે કોઈ જજમાન મીલે, અને મુ શાફરીકુ લેજેતો બાવા તઈઆર હુએ. એ ઉપરથી માલતીએ બા વાને કહીઉં કે આવતી કાલે મારી દાશી એક પેટી ગંગા મધે મે લી જાશે, અને તે પેટીની અંદર હું આવશ; માટે તમો તુરતજ તે પેટી કાડી લેજો. એટલું કહીને પોતે તાંથી ચાલતી થાઈ.

બીજે દીને શહુવાર પડી, અને બાવો બધું કાંમ પડતું મેલીને પે લી માલતીને આવવાની રાહ જોઈ બેઠો હતો, અને તેટલામા થો ડા વખતમાં તેની દાશી પેટી લેઈને તાંહુ જાઈ પુગી, અને પેટી ગંગા મધે મેલી દીધી. તેની શેઠાંણીએ તેને એવું જણાવેલું હુ તું કે પેટી મેલતીજ કે તુરત આવતી રેહજે, અને પાછું ફરીને જોતીના; પણ દાશીને વેહમ પડીઓ કે કદાચ તેમાં કાંઈ હશે; માટે પેટી કોઈને શવાધીન કરૂં અને તેની અંદર જે હોએ તેમા થી ભાગ લેઉં; પણ એટલામાંતો પેટી આગલ ઘશડાઈ ગેઈ, અ ને દાશીને કોઈ ઓલખવાલું મલીઉં નહી, જેથી તે ચાલી ગેઈ. પેલી તરફથી પેલા બાવાનો જીવ તલબેઆ કરતો હુતો,અને દાશીને ખીશવાની રાહ જોતો હતો તેણે એકેદમ નદી મધે નખાવી દીધું, અને તરતો તરતો આગલ ચાલીઓ;પણ પેટી તેના હાથમાં આવી નહી, અને ઘણી આગલ ઘશડાઈ ગેઈ, અને બાવો ઘણો ઠાકી ગ એઓ તેથી પાછો ફરેઓ. પેલી તરફથી પેટી ઘશડાઈને કોઈ એ ક "પેમાનંદ" નામના રાજાના શેહરમાં ગેઈ, અને કીનારા આગ લ અથડવા લાગી. આ કીનારા ઉપર રાજા શેકાર રમતો હતો તેની નજર તે પેટી ઉપર પડી, અને તેથી હોકમ કીધો કે પેટી બાહેર કાડીને ઘેર આગલ લેઈ જાએ. રાજા "પેમાનંદ" ના હો કમથી તેનાં માંણશો તે પેટી રાજાને ઘેર લેઈ ગીઆં, અને રાજા એ કચેરીની અંદર તે પેટી ઊંઘડાવી, અને અંદર જોએછે તો, તે ની અંદર એક શુંદર કનેઆ હતી ! આ વેલાએ કચેરી મધે બર હાંમણો વીગરે જે માણુશો હતાં તેઓએ રાજાને કહીઉં કે શાહે બ, તમોને રાંણી નથી; માટે પરમેશવરે તમારે માંટે મોકલાવીછે, અને તેટલા શારૂં આજના આજ એની શાથે લગન કરીને તમારી રાંણી કેડવો. એ ઉપરથી લગનની શગલી તઈઆરી કીધી, અ ને તે કનેઆ શંગાથે પોતાના લગન કરેઆં. માણશના નશી બનો બનાવ કેવોછે કે લાખ રૂપીઆની કનેઆ પેમાનંદ રાજાને દુર દેશથી નીકલીને ઘેર બેઠાં જાઈ મલી.

બીજે દીવશે રાજાએ હોકમ કીધો કે આપણે તાંહુ જે વાઘ છે તે દર રોજ એક એક બકરૂં ખાએછે તેને એ પેટી મધે ઘાલીને શ

મુદ્દર મધ્યે તરતો મેલી આવે. એ હોકમ પરમાણે માણશો તે પેટી મધ્યે વાઘને બંધ કરીને શમુદ્દર મધ્યે મેલી આવીઆ, અને તે પેટી તરતી તરતી પાછી વીશાલ નગરમાં ગેઈ. આ પેટી ઉપર દુરથી પેલા બાવાની નજર પડી, અને તે જોતાંજ બાવો બોલીઓ કે ભાએગની હતી તે ચાર દીવશે પાછી આવીછે, એટલું કહીને તે વલો શમુદ્દર મધ્યે પડીઓ, અને તરતો તરતો તે પેટીની નજદીક ગએઓ, અને તેને પકડીને કીનારે કાડી, અને પોતાની ગુફડી મધ્યે લેઈ ગીઓ. આ પેટી હાથ લાગાથી બાવા અતીઘણો ખુશીમાં આવીઓ, અને વીચારતો હતો કે આજે રાતનાતો શું દર ચેહરેની એક માથુખને ગોદમાં લેઈ ગંમત કરવાને બની આવશે, અને તે વેહમમાં તેણે પેલી પેટી ઉઘાડી, અને અંદરથી પેલી માલતીને બાહેર કાડતાં, બે દીવશનો ભુખ્યો પેલો વાઘ છલાંગ મારીને બાહેર નીકલીઓ, અને તેણે તુરતજ તે બાવાનો ભખશ કરેઓ.

રે ઓ મ.ણશ તું ગમે એવું તારે માટે શારૂં ઈછે; પણ તારૂં ધારેલું કાંમ કવચીત બનવાનું નથી.

ભાએગમાં નહી હોએ તો કાંથી મલે ?



ચંદ્રનગર મધ્યે પદ્મમાનંદ નાંમનો એક રાજા રાજ કરતો હતો. એ રાજા ઘણો ધરમાતુ, અને દએઆવંતો હતો, અને તેની આગલ જો કોઈ શવાલ કરેતો, તેને આશરો આપવાને તે કધી પણ ભુલતો નહી હતો. એક દીવશે એક કંગાલ ભીખારી તે રાજાની પાશે ગએઓ, અને આશરો માંગવા માટે રાજાને શવાલ કીધો. તે ભીખારીની અવશથા જોવાથી રાજાને દએઆ આવી, અને તે ઉપરથી તેણે વીચાર કરેઓ કે મરેથી જેમમને તેમ હુંએની ઉપર મેહરબાંન થાઉ. એ ઉપરથી રાજા તે ભીખારીને પોતાના "જમદારખાના" પાશે લેઈ ગએઓ, અને તીજોરી ઉઘાડી,

અને તે ભીખારીને એક ચાદર આપી બોલીઓ કે તારેથી જેટલી ઉચકાએ તેટલી મોહર એ ચાદર મધે બાંધીને તારે ઘેર લેઈ જા. એ ઉપરથી તે ગરીબે પેલી ચાદરની અંદર તીજોરી મધેથી મોહરો કાડીને એકકડી કીધી, અને જેટલી પોતાથી ઉચકાઈ તેટલી ચાદરની અંદર બાંધી. રાજાએ તેને રમાડીએ, અને કેટલાંએક કપડાં આપીઆં, અને પેલી ચાદરની ગાંશડી પોતાનાં માંણુશ પાશે તે ભીખારીને માંથે ચડાવી, અને તેને રજા આપી કે તારો મકાન જાંહ હોએ તાંહ જા, અને શુખથી તારો વખત ગુજારજે.

તે ગરીબ ભીખારી પેલી નગદીની ગાંશડી લેઈ ચાલતો થા એઓ કે રાજા હાથમાં દુરબીન લેઈને પોતાની આગાશી ઉપર જાઈને બેઠો, અને દુરબીનથી જોવા લાગો કે તે ભીખારી કાંહ જાએ છે. ભીખારી ઘણો લાંમબો ચાલી ગએએો, અને તે પછે ગાંશડી નાંખી દેઈને નીચે પડી ગીઓ. તે તુરત પાછો નડી ઉડીઆથી રાજા જલદીથી નીચે ઉતરી પડેઓ, અને કેટલાંએક માંણુશો શહીત ઘોડેશવાર થાઈને પેલા કંગાલ ભીખારીની નજદીક ગએએો, અને જોએછે તો તેનું શગલું શરીર થંડુ થાએલું હતું, અને મરણ પાંમવા શરખો બનીઓ હતો. એ વેલાએ રાજાની નજર તેના બંધે હાથ ઉપર પડી, અને એક હાથની મુઠી ખુલલી, અને બીજા હાથની મુઠી વાલેલી હતી. આ દેખાવ ઉપરથી રાજાને શંધે ગએએો; કાંકે દુનીઆઈ ખેલનો એતો ધારોછે કે દરએક માંણુશનો જારે જનમ થાએ તારે, તેના બંધે હાથની મુઠી વાલેલી હોએછે, અને જારે માંણુશ મરણ પાંમે તારે, બંધે હાથ ખુલલા હોએછે; પણ પેલા ભીખારીનો તો એક હાથ ખુલો, અને બીજાની મુઠી વાલેલી હતી. એ ઉપરથી રાજાએ માંણુશોને હોકમ કીધો કે હેના હાથની મુઠી ખુલલી કરો. માંણુશોએ તેનાં હાથની મુઠી ખુલી કીધી, અને તેની અંદરથી એક ચીઠી નીકલી, અને માંણુશોએ તે રાજાને આપી. રાજાએ ચીઠી વાંચીતો તેમાં એવું લખેલું હતું કે:—"જેને મેં ગરીબ કીધોછે તેને તું તવંગર કરવાને ચાહેછે તો તે કેમ બની શકશે. ખુદરતી કાએદાને તું ફેરવવા માંગતો હોએ તો, મેં એને અવડાં મારી નાખેલોછે; માટે તું અવે જીવતો કર."

રાજાએ વીચાર કીધો કે જેની ઉપર ઈશ્વરની મેહરબાની નથી, તેને હું પઈશાદાર કરવા માંગુચ તો તે કંઈ બનવાનું ન થી. એ ઉપરથી તેણે પોતાનાં માણશોને હોકમ કરેઓ કે અ શરફીની આ ગાંશડી આપણે ઘેર લેઈ જઓ, અને કપડાં વીગરે જ માતરે એની આગલ રેહવા દેઓ. જે ઉપરથી રાજાનાં માંણ શો અશરફીની ગાંશડી લેઈને તાંહથી ચાલી ગએઆં, કે પેલો ભી ખારી તુરતજ ઉઠીને ઉભો થાએઓ, અને પોતાની નજદીક રાજાને જોઈને બોલીઓ કે માહારાજ જે અશરફી તમોએ મને આપી હ તી તે પાછી કાંએ લેઈ મેલી? રાજાએ તેને જવાબ દીધો કે ભા ઈ મેંતો તારી ઉપર મેહરબાની કીધી; પણ તારૂં ભાએગજ તા રી ઉપર રૂઠેલું છે તેમાં હું શું કરી શકું. એટલું કહીને રાજા તાં થી ઘોડા ઉપર બેશીને નીકલી ગએઓ.

એક પરધાનની ચંચલાઈ.

શમર નાંમના એક શેહર મધે વીરશેન નાંમે એક રાજા રેહ તો હતો. એક દીવશે તે રાજા પોતાના પરધાનની શાથે શીઆ લાનાં દીવશમાં પરોઢીઆમાં ઉઠીને ઘોડેશવાર થાઈ હવા ખાવા માટે ફરવાને નીકલીઓ હતો. રશતે ચાલતાં ચાલતાં તેઓ પો તાના શેહરથી ઘણા આગા નીકલી ગએઆ પછે, પરધાન રાજાને કેછે કે:—શરકાર, આ રશતેથી એક ચોર ચોરી કરીને અક્કાંજ ગ એઓછે, પણ તે ચોર પગે ચાલતો નથી, અને ઉઠ ઉપર બેશીને જાએછે. વલી થોડેએક આગે ગએઆ પછે, પરધાને ફરીને રાજાને જણાવીઉ કે—શાહેબ, તે ઉઠ એક આંખે કાંનુછે. એ પછે વલી થોડેએક આગે ગએઆ પછે, પરધાને રાજાને જણાવીઉ કે—શાહે બ, તે ઉઠની ઉપર એક મરદ, અને એક અશતરીછે. એ પછે વ લી જરા આગે ગએઆ પછે, પરધાને જણાવીઉ કે—શાહેબ, ઉંઠ ઉપર બેઠેલી અશતરી હમેલદારછે, અને તેને લેઈ જનારો પુરશ તે

ના ભરથાર નથી;પણ તેનો ઈઆરછે,અને આ જગાએ ઊંઠ ઉભુ રા
ખીને તે બંધે જણાએા નીચે ઉતરેઆં હતાં. એ પછે તેઓ જડદ
થી ઘોડા ચલાવીને આગલ વધીઆં, અને તેટલામાં તેઓને પેલું ઊં
ઠ ઘણે આગેથી ચાલતું માલમ પડીઉ, જેની પડોશમાં જઈને તે
ઊંઠવાલાને પકડીઓ, અને તેને શાથે લેઈને શેહર તરફ પાછા ફ
રીઆ. પાછા ફરેઆ પછે, રાજાએ પરધાનને પુછીઉ કે—પરધાન,
તેં શા આધાર ઉપરથી તેને જણાવીઉ કે એ રશતેથી એક માંણુ
શ ઊંઠ ઉપર બેશીને ચેારી કરી જાએછે. પરધાંને જવાબ દીધેા
કે શાહેબ, ઊંઠનાં પગલાં જોવા ઉપરથી એ વાત મેં તમેાને જ
ણાવી હતી, અને તેને ચેાર કરીને જાણેઓ તેનું કારણ એકે તે ઊં
ઠને તેણે આડું અવડું ચલાવેલું હતું; કાંકે ચેારવીનાં ઉઠને આડું
આવડું ચલાવે નહી. એ ઊંઠ એક આંખે કાંનુછે, એવું મેં જણા
વીઉ તેનું કારણ એવુંછે કે રશતે ચાલતાં તે ઊંઠે એકજ બેારદુ
નાં જાડપાન કરડીને ખાધેલા જણાએઆં હતાં. આએ જગા ઉપર
ઉઠને ઉભુ રાખી તેઓ ઉતરેઆં હતાં, એવું જે મેં જણાવીઉચ તે
નું કારણ એકે ઊંઠ તે ઠેકાંણે બેઠેલું હતું, અને તે ઉપરથી ઉત
રેલાં માંણુશેાના પગલાંના આકાર ઉપરથી કહીઉ હતું, અને
અશતરી તથા મરદ બેછે, એવું જણાવીઉ હતું. અશતરી હમે
લદારછે. એવું જે કહીઉ તેનું કારણ એકે તે અશતરીએ નીચે ઉ
તરીને હાજત કીધી હતી તેનું ધાલું પડેલું હતું, અને તે હાજત
જો મરદે કીધી હતેતેા, તેનેા રેલેા ચાલેલેા હતે. તે અશતરીએ હા
જત કીધા પછે ઉઠતી વેલાએ તે ઠેકાંણે જમીન ઉપર હાથના ટેકા
મારી ઉઠેલી જણાઇ હતી, તે ઉપરથી તે હમેલદાર ઠરેછે.

રાજાએ પુછેઉ કે શું તારે ઘરડી અશતરી જમીન ઉપર હાથ
ના ટેકા દેની નથી ?

પરધાને જવાબ દીધેા કે ના શાહેબ, ઘરડી અશતરી તેા ઉઠ
તી વેલાએ પગના ગુઠણને ટેકા દેઈ ઉઠેછે.

રાજાએ પુછીઉ કે તે અશતરી લગનની નહી, અને ઈશકનીછે,
એવું કહીઉ તે શા ઉપરથી ?

પરધાને જવાબ દીધેા કે શાહેબ, તે હાજતનાં ધાભાં આગલ

પુરશનાં પગલાં પડેલાં હતાં તે ઉપરથી કહીઉ; કાંકે જો પરણી અશતરી હોએ તો, ઘણું કરીને પોતાના ભરથારને નાતી વેલાએ, અને હાજત કરતી વેલાએ આગલ ઉભો રેવા નહી દીએ, અને ઉ ભો રેહવા માંગે તો ઘણીજ શરમાએ; પણ ઈશકવાલી બાએડી હો એ તે જરૂર કરીને પાશી ઉભો રેહવા દીએછે.

પરધાને ટરક ઉપરથી જે શગલી વાત કીધી હતી તે વીશેની પરપુછ રાજાએ પેલા ઊંડ ઉપર બેઠેલાં માંણશોથી કીધા ઉપરથી ખરી હડી, અને તે ઉપરથી રાજા બહુજ ખુશી થાએઓ,અને હશ વા લાગો, અને શેવટે પરધાંનના હાથ ઉપર તાલી આપી.

રાજની આ રીત જોતાંજ પરધાનને એક વાત ઈઆદ આવી અને તે ઉપરથી રાજાને કેવા લાગો કે શાહેબ, એક વાત તમારી આ ગજ કેવાની રહી ગેઈછે.

રાજાએ જવાબ દીધો કે તારે જો રહી ગેઈ હોએ તો કહી શં ભલાવવાને અડચણ શુંછે ?

પરધાને જણાવીઉ કે શાહેબ તે વાત કાંઈ એમ નહી કેવાએ.

રાજાએ પુછીઉ કે કેમ વાઉ; શામાટે એમ ન કેહવાએ ?

પરધાને જણાવીઉ કે શાહેબ, તે વાત કેવામાં જો મારો કાં ઈ ગુનાહ થાએ, અને તે માફ કરવાને તમો લખી આપો તોજ કે હી શકાએ.

રાજાએ પરધાનને એક લેખ કરી આપેઓ, અને તેની અંદર જણાવીઉ કે તારે હાથે ગમે એવોબી ગુનાહ થાએ તો ને તુંને મા ફછે; માટે કેહકે અવે વાત શું કેવાની બાકી રહી ગેઈછે ?

પરધાને કહીઉ કે શાહેબ, તખશીર માફ કરજો; તમો કોઈ વાંણીઆને પેટના છેઓ.

રાજાએ પુછીઉ કે એ વાત તું શા ઉપરથી કેહછે ?

પરધાને જણાવીઉ કે શાહબ, મારે મોડેથી મારી અકલની વાતો શાંભલીને તું હશી પડીઓ, અને તે પછે શેવટે મારા હાથ ઉપર તાલી આપી તે ઉપરથી હું કેહું છેઉ; કાંકે જારે વાંણીઓ ખુશી થાએ તારે હશીને હાથ મધ્રે તાલી આપેછે, તેમ તમો શા હેબબી કરેઉછે;તારે અવે મારે બીજું કેવાનું શું બાકી રહેઉછે. ૫

રધાને કીધેલી પરીખશા ઉપરથી તે વાત રાજાને હાડેહાડ બેશી ગઇ, અને તે ઉપરથી તે પોતાનાં મેહલ મધે ગએએા, અને બારણાં બંધ કરીને હાથમાં નાગી તલવાર પકડી, અને માએને ક હીઉ કે અવડાં હું તુને જે વાત પુછું ચ તે શાચેશાચી, અને જે વી હોએ તેવીજ કેવી કે પછે તારો ગુનાહ માફ કરેઆમાં આવ શે; પણ અગરજો મને જુઠું શમજાવશે તો, એમજ શાહમજજે કે તારો, અને મારો જીવ અવે બનચવાનો નથી માટે ખરૂં બોલ કે હું કોણને પેટનો છેઉ.

માએ વીચાર કીધો કે આટલો મોટો વખત નીકલી ગીએા તાંહશુધી એણે એ વાત કોઈ પણ શમે પુછી નહી, અને આજ દીને એકાએક પુછવાને આવેએાછે તારે, અલબતે એ વાતનો એને શનશારો માલમ પડેએા હશે; માટે અવે જુઠું બોલવામાં કશો શા ર નથી. એવા વીચાર ઉપરથી તેણે પોતાના દીકરાને કહીઉ કે ભાઈ શાંભલ, શાચું કેવામાં મને કશો ભએ રહેએા નથી; કાંકે તે ને માટે તેં મારો ગુનાહ તો માફ કરેલોછે. એક દીવશે શવારનાં પરોઢીઆમાં તારા બાપ શુતેલા હતા તારે, હું માંથે નાહીને મા રા કેશ શુકવતી ઉભી હતી. એ વેલાએ કોઈ કાંમને માટે પરધા નને ઓરડા મધે આવવું પડીઉ હતું, અને મેં તેનું મોડું જોઇ ઉ હતું. હું દુર બેઠા પછે પાંચમે દીવશે તે વેલાએ નાહેલી હતી, અને તે પછે જે હમેલ રહુઆ તેનેથી તારો જનમ થાએએા હતો.

રાજાને શારીપઠે આ વાતની ખબર હતી કે દુર બેઠેલી અશતરી જે દીવશે નાહે, અને તે પછે જેવા પુરશનું મોડું જોએ, અને જો હમેલ રેહતો, તેવોજ, તથા તેના જેહવીજ ખાશીઅતનો જ પુરશ અવતરેછે; માટે તેણે પોતાના પરધાનની હોશીઆરી ઉપ ર આફરીન કીધી, અને તેને તે ઘણો ચાહવા લાગો, અને પોતાનું એક મોડું, અને રશીલું ગાંમ હતું તે રાજાએ પોતાના પરધાનને શવાધીન કરીઉ.

(૩૨૯)

રાજાની ચુવાવડ,

અને

લહુવાની દીકરીનો ચંચલાઈ.

એક દીવશે માહમદશાહ નામે કોઈ પાદશાહ શીકાર કરવા માટે ગએએો હતો. તેણે જંગલની લાંમબી મુશાફરી કીધી; પ ણ એકે શીકાર મલીઓ નહી, અને માતરે કુતરાની રમત જોઈને પાછો પોતાનાં મેહલ તરફ ગએએો. ઘેર આવીઆ પછે લહુવાને પુછેછે કે—**"એક હરણા, એક હરણો, દો પુછાં, ચાર કાં ની, અવરે ખાટ, શીલમશીલા;—કહો હમારી હશી; ગાંમ લીખ દેકો પંચાશી."** આ શવાલ શાંભલીઆ પછે તે નો જવાબ આપવા શારૂં લહુવાએ પાદશાહની પાશેથી આઠ દીવશ ની મેહતલ માંગી. એ પછે લહુવો વીચારમા બેઠો કે પાદશાહ શીકારથી શું જોઈ આવીઓ હશેકે આવો શવાલ પુછેછે; પણ પાદ શાહએ તેને તાકીદનો હોકમ કરેલો હતો કે અગરજો આઠ દીનમા જવાબ નહી આપશેતો ગરદન મારેઆમા આવશે, તેથી લહુવો પો તાને ઘેર ગએએો, અને ખાટલા ઉપર શુઈને મોટી ઉદાશીમા પડે લો હતો. લહુવાની દીકરી ઘણીજ ચંચલ અને શારી મનશકતીવા લી હતી, તેણે પોતાના બાપને ઉપજેલી ઉદાશી વીશે તેનેથી પર પુછ કીધી. લહુવાએ દીકરીને જણાવીઉં કે જે શવાલ પાદશાહએ તેને કીધોછે તેની શહમજ તેને પોતાને બરોબર પડતી નથી, તારે વલી તુને તે કેમ શમજાવીઆમા આવે. છોકરીએ બશજ્જદ થાઈ પુછવા ઉપરથી, લહુવાને પાદશાહે કીધેલો ઉપલો શવાલ તેણે પો તાની દીકરીની આગલ કહી શંભલાવીએ. એ શવાલ શાંહલ લતાંજ લહુવાની દીકરીએ પોતાના બાપને કહીઉં કે—કાંઈ ફીકર કરવી નહી; એ શવાલનો જવાબ હું આપી આવશ. લહુવાએ

જણાવીઉં કે—દીકરી જે શવાલ વીશે મને શહમજ નથી પડતી તે નો જવાબ તું તે શું આપી આવશે. છોકરીએ કહીઉં કે બાવા કાંઈ ફીકર નહી, હું બરોબર જવાબ આપી આવશ. આકમે દી વશે, જારે પાદશાહને તાંહથી જવાબ મેલવવાને બોલાવવું આવીઉં તારે, લહુવાની દીકરી ગેઈ હની. પાદશાહએ તેને પુછીઉં કે છો ડી કેમ ? તેણે જણાવીઉં કે તમોએ મારા બાપને પુછેલા શવાલનો જવાબ દેવાને આવી છેઉં; માટે જે પુછવું હોએ તે પુછો કે હું તે નો જવાબ તમોને આપું. એ ઉપરથી પાદશાહએ પેલા દોહરા તેની આગલ કહેઆ, અને તેનો જરાબ તે છોકરીએ એવો દીધો કે—"**તમ ઓર હમ બાહરે માંશ, ઓ ખેલે ભાદરવે મા શ; લે તેરી હશી, અને ગાંમ લીખદે અબ પંચાશી.**" આ જવાબ શાંભલીને પાદશાહ પેલી છોકરીની ચંચલાઈ ઉપર આશીરવાદ દેવા લાગો, અને નવીશીંદાને હોકમ કીધાથી તેને પં ચાશી ગાંમ લખી આપેઆં, અને શરપાવ શાથે એક ઘોડો આપેઓ. થોડા વખત શુધી પેલી છોકરીને પાદશાહએ પોતાની આગલ થોબા વી રાખી હતી, અને તે અરશામા પેલા ઘોડાની જુવાંની ખીલીને બાહેર આવી. આ દેખાવ પાદશાહએ લહુવાની છોકરીને બતાવી ઓ, અને પુછીઉં કે એ શું ? છોકરીએ પાદશાહને જવાબ દીધો કે ઘોડો ઘણો શહમજુછે, અને તેટલા માટે પોતાની જુવાની તું તે બતાવેછે કે—હું તો લહુવાને ઘેર જાઉંછેઉં; હવે તું એની ઉ પર બેશજે. એટલું કહીને પેલી છોકરી ઘોડા ઉપર શવાર થાઈ તાંહથી નીકલી ગેઈ. બીજે દીને લહુવો કચેડીમા ગએઓ, અને તે વેલાએ પાદશાહએ વીચારીઉં કે એક વીધન મધેથી તો એની છોકરીએ છોડવીઓ, અવે જોઇએ બીનાં વીધન મધેથી કેમ છુટે છે. એટલું વીચારીને તેને બોલાવીઓ કે લહુવા—તેણે જવાબ દીધો કે પાદશાહ શલામત. પાદશાહએ કહીઉં કે મને એક જી નશ જોઇએછે, અને તે એકે ચાંચરની શવામણુ ચરબી મને લાવી આપવી. આ જીનશ મેલવો આપવા શારૂં લહુવાએ વલી પાદશા હને આઠ દીવશનો વાએદો દીધો. પાદશાહએ તેને જણાવીઉં કે અગરજો આઠ દીવશમા લાવી નહી આપીતો,તુને ગરદન મારેઆમાં

આવશે. એ પછે લહુવો પોતાને ઘેર ગએઓ,અને વલી આગલની પઠે ઊંઘો થઈને પડેઓ. છોકરીએ તેમ પડવાનું લહુવાને કારણ પુછેઉં. એ વેલાએ લહુવો બોલીઓ કે દીકરી,એક શવાલનો જવાબતો તું દે ઈ આવી, પણ અવડાંના શવાલનો જવાબતો દેવાઈ શકાએ તેવો નથી. છોકરીએ બશજ્જદ થાઈ પુછેઆથી લહુવાએ પાદશાહની માં ગણી તેની આગલ જણાવી. છોકરીએ બાપને દીલાશો દીધો કે કાંઈ ફીકર નહી; એનો જવાબ પણ હું જ આપી આવશ. એ પછે મુદતને શાતમે દીવશે રાતના બાર વાગાને શું મારે થોડાંએક કપડાં, એક પાટલો, એક કટીલો, અને એક મોટી મશાલ શલગાવી ને શાથે લેઈ પદશાહના ઘેરની નજદીકને નદી કીનારે જાઈ બેડી. મશાલ તાંહ ઉલી કરી, અને પેલાં કપડાં પાંણી મધે ભીજવીને પાટલા ઉપર મેલી તે ઉપર કટીલો મારી મોટા પોકારથી બકબકા રો કરવા લાગી. તેના પોકારથી પાદશાહ જાગી ઉઠેઓ, અને શીપાહીને હોકમ કરેઓ કે એવડી રાતના નદી કીનારે કોંણછે, અ ને તે શું કરેછે, તેની પરપુછ કરવી. શીપાહી પેલી છોકરીની આ ગલ ગએઓ, અને તેનેથી પરપુછ કરવા લાગો કે લહુવાની દીકરી તું એવડી મોડી રાતના આ શું કરેછે ? તેણે જવાબ દીધો કે હું જે કરૂંચ તેનો જવાબ તુંને દેવાને હું બંધાએલી નથી. શીપાહીએ એ બીના પાદશાહની આગલ જઈને કહી. પાદશાહએ હોકમ ક રેઓ કે જા તેને અતરે બોલાવી લાવ. શીપાહી પાછો લહુવાની દીકરી પાશે ગીઓ, અને જણાવીઉં કે પદશાહ તુંને બોલાવેછે. એ ઉપરથી છોકરી તાંહથી ઉઠી, અને શીપાહીની શાથે પાદશાહની આગલ ગેઈ. પાદશાએ તેને પુછીઉં કે રાતની વેલાએ તું શું ક કરેછે ? છોડીએ જણાવીઉં કે જાંહપના, તમારો લહુવો વીઆએઓ છે, તેનાં ખરડેલાં કપડાં ધોવાને હું આવી છેઉં. પાદશાહએ છો કરીને પુછીઉં કે અરે એ દેવાંની—શું વલી મરદ પણ વીઆતા હશે ? છોડીએ પાદશાહને જવાબ દીધો કે જાંહપના, જેનો પાદ શાહ દેવાંનો તેનો લહુવો જો વીઆએતો તેમાં અચરતી શરખું કાં ઈએ નથી. પાદશાહે પુછીઉં કે હું દેવાંનો શાથી થએઓ ? છો ડીએ જવાબ દીધો કે જારે મરદ વીઆતો નથી, તારે ચાંચરની ચ

રબી તે કેમ નીકલી શકે ? છોડીનો આ જવાબ શાંહભલી પાદશા હ ખુશી થાએઓ, અને તેને ઈનામ આપી વદેઆ કીધી. બીજે દીને વલી લહુઓ કરીચેમાં ગએઓ તારે, પાદશાહે તેને વલી ત રીજો શવાલ કરીઓ કે— "લહુવા, હીમત બરી કે હથીઆર ?" લહુવાએ જવાબ દીધો કે જાંહપનાંહ, હીમત શબશેં બરી હુએ. પાદશાહે તે વાત કબુલ નહી રાખી, અને બોલેઓ કે હીમત નહી પણ હથીઆર તેથી વધારેછે. એ પછે લહુવો નાહવા ગએઓ તે જાંણીને પાદશાહએ હોકમ કરેઓ કે લહુવાને તુરત હાથીના પગ નીચે કચડીને મારી નાખવો. એમ કહીને પાદશાહ વીચારવા લા ગો કે જોઈએ લહુવો કેહછે કે હીમત બરી તો અવે તે શું કરેછે. પાદશાહના હોકમ પરમાંણે માહવત હાથીને લેઈને લહુવાની પાશે ગએઓ. આ વેલાએ લહુવાની નજદીક એક કુતરૂં હતું તેના બં ધે પગ જહડફથી પકડીને હાથીની શુંહુનની ઉપર ફેંકીઊં. કુતરૂં ઘભરાઈ ગએઉં, અને તેથી કુતરાંએ હાથીની શુંહું ન ઉપર નખરી આં મારેઆથી, હાથી કંટાલીને તાંહથી નાહશી ગએઓ. આ શ મો પોશ મહીનાનો હતો, જેથી શખત ટાહડ પડતી હતી; માટે પાદ શાહએ નદીનો એક કીનારો કે જાંહ પવનનો ઘણો થંડો ફુફારો ચાલતો હતો તાંહ લહુવાને મોકલાવી બેશડાવીઓ. આ ઠેકાંણે લહુવાને ઘણીજ ટાહડ વાગાથી, તેની નજદીક એક મોટો પથર પડેલો હતો તેની શાથે જોરથી કશરત કરવા લાગો, જેથી તેના આંગમાં ગરમી આવીઆથી ટાહડ ઉદી ગઈ. બીજે દીને પાદશા હએ લહુવાની ખબર મેલવવાને એક માંણશને મોકલીઊં, જેહની શાથે લહુવો પાદશાહની નજદીક ગએઓ, અને કુનશ બજાવીને શાં હમણો ઉભો રહેઓ. પાદશાહએ લહુવાને જણાવીઊં કે લહુવા, મેં તુંને મોટી થંડીની જગાએ મોકલાવીઓતો ખરો; પણ તે પછે તારી ઉપર મને ઘણી દએઆ આવી, જેથી મેહલની શરવેથી ઉન ચી જગા ઉપર મેં બતી મેલાવી, જેની ગરમી તુંને પોંહચેઆથી તું તે ઠેકાંણે જીવી શકેઓ. લહુવાએ જવાબ દીધો કે બંદેનવા જ તું કેહચ તે વાત ખરીજ હશે કાંકે આવી મજબુત થંડીની જ ગા ઉપર બફારાથી હું ઘભરાઈ ગીઓ હતો. એક દીવશે લહુવા

એ પાદશાહને કચેરી શહીત જમવાને બોલાવીઓ હતો, અને એક ઓરડાની અંદર એક દોરડાંની શાથે એક ડેગ લટકાવી રાખી, અને તેની નીચે માંતરે એક છાંણું શલગાવીને તે પજરાવીઆ કી ધું. પાદશાહએ લહુવાને હોકમ કીધો કે જો ખાંણું તઈઆર થા ઈઉં હોએ તો કચેરીને બોલાવી લાવવી. એટલું કહીને ખાંણું તઈઆર થાઈઉંચ કે નહી તે જોવાને પાદશાહએ ઈછા જણાવી, જે ઉપરથી લહુવાએ પેલો ઓરડો ઊંઘાડીને પેલી દેગ બતાવી. પાદશાહએ લહુવાને ગાલ દીધી કે રે દેવાંના, એક છાંણાના ધું વાડાથી તે કાંઈ ખાંણું પાકતું હશે. લહુવાએ જવાબ દીધો કે રે ઓ ઘેલા પાદશાહ, મેહલ ઉપરના એક દીવાની ગરમીથી તે કાંઈ નદીકીનારા ઉપરની મજબુત ટાહડ ભાગતી હશે. એવી રીતે ની ટકોર કીધા પછે લહુવાએ પાદશાહને ખાંણું ખવાડીઉં હતું. બીજ દીને જારે લહુવો કચેરીમાં ગએઓ તારે, પાદશાહએ તેને પુછીઉં કે— "લહુવા નુકશાંન થાએ તારે બલાપો કરવો જોઈએ કે નહી ?" લહુવાએ જવાબ દીધો કે હજરત શલાંમત જે બનીઉં તે બલાપો કરેઆથી કાંઈ નહી બનવાનું નથી, તારે બલાપો કર વાનો કશોએ ખપ નથી. એ ઉપરથી પાદશાહએ બે લાલ મંગા વીઆં, અને હરણ હથોરા લેઈને લોહુવારને બોલાવીઓ, અને લ હુવાની હજુરમા પેલાં લાલો હરણ ઉપર મેલાવી તે ઉપર હથોરા ઠોકાવીને પછે તે બંધે લાલ લહુવાને રાખવા આપેઆં કે જારે પા છાં માંગું તારે લાવી આપવાં. તે બંધે લાલ લહુવો પોતાને ઘેર લેઈ ગએઓ, અને પોતાની દીકરીને શવાધીન કીધાં, જેણે એક દાબડામાં ઘાલીને ઉનચાં કરેઆં. એ પછે પાદશાહએ એક દદાને બોલાવી મંગાવી, અને લહુવાને ઘેર જાઈ ફરેબથી પેલાં લાલ પા છાં મેલવવાની મરજી બતાવી. એ ઉપરથી તે દદાએ લહુવાની શાંમણે એક મકાંન ભાડે રાખીઉં, અને એક શોદાગર દાખલ રહી ને લહુવાની દીકરી શાથે મીતરાચારી માંડી, તેની શાથે બેશવા ઉઠવા, અને ફરંવા હરવાની ટેવ પાડી, અને એમ કીધા પછે તે દ દાને લહુવાની દીકરીએ જણાવીઉં કે તેની પાશે લાલછે તેવાં કો ઈનીબી પાશે નહી હશે, જે ઉપરથી દદાએ તે લાલ જોવાને બાંહુ

ને માંગીઆં, અને તે લીધા પછે જોઇને પેલી છોકરીને પાછાં આ પેઆં, અને તે પછે તે બંધે જણાં રમવાને બેઠાં. એ પછે પેલી દદાએ તેજ પરમાણેનો એક દાબડો બનાવી મંગાવીઓ, અને તેની અંદર તેવાંજ બે ઓટાં લાલ મેલી પોતાની શાથે લેઇને લહુવાને ઘેર ગેઇ, અને વાતચીત કીધા પછે લહુવાની છોકરી પાશે પેલાં લાલ ફરીથી જોવાને માંગેઆં. છોકરીએ લાલનો દાબડો દદાના હાથમા આપેઆથી જહુડપમાં છોડીની નજર ચોરાવીને પેલાં ઓટાં લાલનો દાબડો તેને પાછો આપેઓ, અને તે પછે પેલાં ખરાં લાલ લેઇને દદા પોતાને ઘેર ગેઇ, અને બીજે દીને તે લાલ પાદશાહને શવાંધી ન કરેઆં. પાદશાહે એ વેલાએ વીચાર કરેઓ કે જેવી ઠગાઇથી એ લાલ મેં લહુવાને ઘેરથી મંગાવીઆં તેવીજ ઠગાઇથી કદાચ લહુવોબી પાછાં મંગાવી લેશે; માટે તેને શમુદર મધે નાંખી દેવાં, એવું ધારીને તેને પાંણીને શવાંધીન કરેઆં. એ પછે પાદશાહુએ લહુવાને હોકમ કરેઓ કે તેનાં લાલ પાછાં આંણી આપવાં. લહુવો લાલ લેવા ગએઓ, અને પાદશાહુએ લોહવારને બોલાવી મંગાવીઓ, અને લહુવાએ લાલ રજુ કરેઆથી તે ઉપર હથોરો મારતાંજ તેનો ભુકો થાઇ ગએઓ. એ ઉપરથી પાદશાહ ગોશામાં આવીઓ અને લહુવાને જણાવીઉં કે લાલ બદલીને ઓટાં લાવીઓછે; માટે અગરજો તેનાં ખરાં લાલ પાછાં નહી લાવશેતો, તેને ગરદન મારેઆમાં આવશે. લહુવાએ તેનાં લાલ પાછાં લાવી આપવાને કબુલ કરેઉં; પણ તેને માટે બે માશની મુદત માંગી લીધી. મોટી દલગીરી શાથે લહુવો ઘેર ગએઓ, અને એ ખબર પોતાની છોકરીને જણાવી, અને દરરોજ શખાવતનું કામ કરવામા મશગુલ થાએઓ. લાલ લેઇ જવાના વખતની મુદત પુરી થાવા આવી, જેથી લહુવાએ પોતાનાં બાલકોને જે ગમતું હોએ તે ખાવાની પરપુછ કીધી; કાંકે લાલનો પતો કેથેથી નહી મલવાથી તેની આશા છોડી, અને મરવાની ઊંમેદ મનમા ધારી કે અવે રાજા તેને ખચીતજ ગરદન મારવાનો. તેની એક દીકરીને માછલી ખાવા ગમી, અને તે ઉપરથી શીપાહીને દોડાવીઓ કે માછી પાશ શમુદર મધે જાલ નખાવવી, અને તેમાં જે માછલી આવે તે લેઇ આવવી,

અને તેની કીમત જે માંગે તે આપવી. માછીએ જાલ નાખીઆથી તે મધે એક મોટી માંગન બોઈ આવી, જેની કીમત માછીએ દશ રૂપીઆ માંગેઆ તે આપીને શીપાહી લહુવા પાશે લેઈ ગએએા. આ માછલી કાપતાંજ તેની અંદરથી લાલ નીકલીઆં, જે લેઇને લહુવાની દીકરી ખુશી થાઈ અને તુરતજ તેને કુનચે મેલીઆં. જે દીવશે પેલી મુદત પુરી થાઈ તે દીને લહુવાએ જેહરનાં પીઆલાં તઈઆર કરેઆં કે પાદશાહ ગરદન મારે તેના કરતાંને આપણે હાથેજ મરણ પાંમીએ તે બેહતર. આ દેખાવ જોઈ તેમ કરવાનો શબબ પાદશાહની છોડીએ બાપને પુછેએા. લહુવાએ લાલ બાબે ખોલાશેા કરેઆથી છોડીએ પેલાં લાલ લાવીને બાપના હાથમાં આપેઆં, જે લેઈને મોટી ખુશી શાથે લહુવેા પાદશાહને ઘેર ગએએા. લહુવાનું મોડું હશતું જોઈ પાદશાહ વીચારમા પડેએા કે અબે એના મરણનેા વખત નજદીક આવીએા, અને એ હશેછે તેનું કારણ શું હશે. પાદશાહએ લહુવાને પુછેઉં કે કાંએ લહુવા લાલ લાવીએા કે ? લહુવાએ જવાબ દીધેા કે, ગરીબ પરવર તમારાં બંધે લાલ તઈઆર છેજી. તે બંધે લાલેાને હથેારાથી ટીપીને તપાશી જોવા પછે, લહુવાએ પાદશાહને જણાવીઉં કે—બંદેનવાજ તું મહને મારવાનેજ તઈઆર થાએએા હતેા; પણ તે કીરતારની મરજી મને જીવારવાનીછે તે, તારા જેહવા હજારેા મારી નાખવાની ધારણા રાખનારાએા જખ મારેછે, જે શખુન શાંભલવાથી પાદશાહ હશી પડેએા. પાદશાહની કચેરી મધે જે બેઠેા હતેા તેની શરમાથે લહુવાને મોટી અંટશ ચાલતી હતી તેણે પાદશાહને જણાવેઉં કે એ લહુવેા શું કાંમનેા એની પાશે જમીનની મોજની, તારાએાની ગણતરી, અને શગલાં બીજાનું બીજ શું, અને માણશેા મધે નર અને માદા કેટલીછે તે શરવેની ગણતરી માંગવી જોઈએ. પાદશાહએ લહુવાની પાશેથી આ ચારે ચીજો મંગાવી, જે લાવી આપવાને લહુવાએ એક માશનેા વાએદેા દીધેા, અને તે પછે પેાતાને ઘેર ગએએા. ઘેર ગએઆ પછે તે વલી પાછેા ઉદાશ થાએએા, તે જોઈને તેની દીકરીએ તેનું કારણ પુછીઆથી શગલી બીના તેની આગલ જાહેર કીધી. એ શાંભલી છોકરીએ તેને વલી દેલાશેા દી

ધો કે એના જવાબ મારી પાશેછે; માટે તારે કશી ફીકર કરવી ન હી. છોકરીએ બાપને જણાવીઊં કે ભાંગના શામાનનો મોટો જ થો ભંગીખાને ભંગીઓને માંટે મોકલાવ, અને દુધ શાથેની શબજી તાંહના ભંગી લોકોને પાઆ, અને નવીશીદાઓને રાખીને તે ભંગી ઓ જે બોલતા હોએ તે લખાવી મંગાવ. બાજાએ લહુવા પાશેથી જે ચીજ મંગાવી હતી તેની ખબર શેહરના શગલા ભાગમા આશકારા થાએલી હતી, અને તે ઉપરથી પેલી ભાંગ પીઈને એકઠા થાઈ બેઠે લા ભંગીઓ મધ્યે બાજાએ મંગાવેલી ચાર ચીજોનીજ વાત નીકલી. એ ઉપરથી એક ભંગી બોલેઓ કે ગેટાનાં આંગ ઉપર જેટલા બા લ હોએછે તેટલાજ તારા આકાશ ઉપરછે. બીજા ભંગીએ જણા વીઊં કે અગરજો લહુવો પોતાની દીકરીના લગન માહરી શાથે કરી આપે તો જમીનની માપની કેમ થાઈ શકે, અને જમીન કેટ લીછે તેનો હીશાબ હું કરી આપું. તેની આ માંગણી લહુવાની તરફથી તાંહ રાખેલા એક માણશે કબુલ રાખી, અને ઉપરથી ભંગીએ જણાવીઉં કે કાચાં શુતરનો એક ઘણો મોટો દડો બાજાની આગલ મેલીને જણાવવું કે એ ભરી જોવો અને જેટલો ભરતમા થાએ તેટલી જમીનની માપનો જાંણુવી. તરીજાએ જણાવીઊ કે એક કા ગલની ઉપર અતીઘણાં નાંમો લખી કાહડવાં, અને તે પછે હાથમાં ખાશડું લેઈને પાદશાહની કચેરીમાં જવું, અને કેવું કે દુનીઆં માંહેલા મરદ અને ઓરતોનીનો ગણુતરી કરી ચુકો છેઊં; માતરે ક ચેરી મધ્યેનાંજ માંણશો ગણુવાને અવે બાકી રહેલાંછે; એમ કરીને બધાઓને ગણુતાં ગણુતાં જારે બાજાની પાશે જાએ તારે પેલાં ખાશ ડાંથી બાજાને મજબુત માર મારવો, અને કેહવું કે—તું ને શામા ગ ણું. તું નહી મરદમા કે નહી અશતરીમા; દુનીઆ મધ્યે તારા જેવા તો ઘણાછે, અને તેટલા માટે એ હીશાબ કાહડવામાં અડચણ થા ઈ પડીછે. ચોથાએ જણાવીઊં કે અગરજો લહુવો પોતાની દીકરી ને તેની શાથે પરણાવી આપે તો, શબ બીજનું બીજ શું તે હું બ તાઊં. લહુવાનાં માણશે તે માંગણી કબુલ રાખેઆથી તે બોલેઓ કે શરવે બીજનું બીજ પાંણીછે. ગમે એવું બી બીજ જમીન મ ધ્યે વાવો; પણ તેની અંદર પાંણી નહી નાંમોતો તે બીજ કધીબી

ઉંગેજ નહી, અને પાંણી નાંમીઉં હોએતેા, તે બીજ તુરતજ ખો લી નીકલવાનું. આ શરવે બીના નવીશીદાઓ લહુવાની પાશે લેઇ ગએઆ, અને તે શગલું તઈઆર કરી રાખીઉં. મુદત પુ રી થએઆથી પાદશાહએ લહુવાને આંણું મેાકલીઉં, અને તે ઉપ રથી લહુવેા તે શગલું લેઇને કચેરી મધે હાજર થએએા, અને પા દશાહને અરજ કીધીકે—દેાલતમંદ, શગલી ચીજો તઈઆરછે; મા તરે કચેરી મધેના માણશેા ગણવાનીજ ખોટી રહેલીછે. પાદશાહ એ હુકમ કીધેા કે તુરત ગણીને અવે મારા શવાલેાનેા જવાબ જ લદીથી દેવેા. એ હુકમ મલતાંજ લહુવાએ કચેરીનાં માંણશેા ગ ણવા માડેઆં, અને બેાજાની પાશે જાતાંજ પેલાં ખાશડાંથી તેને મજબુત માર મારી પુછીઉં કે "**બેાજા તું ને શામાં ગણું ? તારા શરીખા અડચણ કરનારા દુનીઆ મધે ઘણાછે, અને તેટલા માટે મારેા હીશાબ કાડવાનાં કામમા મેા ટી અડચણ થાઈ પડીછે.**" આ દેખાવથી કચેરી મધે હશા હશ થાઈ ગેઈ, અને લેાકેા શમજેઆકે બેાજાએ કીધેલી શેહતાંની નેા બદલેા લહુવાએ ઘણીજ શારી રીતે લીધેાછે. એ પછે એક ગેટેા કચેરીમાં મેલી બેાલીએા કે એનાં શરીર ઉપર જેટલા બાલ છે તેટલા તારા ગણી લેવા. શુતરનેા દડેા મેલી બેાલીએા કે જે ટલી લંબાઇ એનીછે તેટલી જમીનનીબીછે. પાંણીની એક દાબ ડી મેલી બેાલીએા કે જમીન મધે ગમે એવાંબી બીજ વાવેા; પણ પાંણી વીના તે કંધીબી ઉંગેજ નહી; અને તેટલા માટે પાંણી જેછે તે શરવે બીજોનુ બીજછે. આ જવાબેા શાંભલી પાદશાહ ઘણેા મધન થએએા, અને લહુવાને શારીપઠે શરેાપાવ અને પેનશન કરી આપી વદેઆ કીધેા.

મુવાંની ખબર મેલવનારો હજામ !

અકબર નામના એક પાદશાહની કચેરી મધે તેના વજીર અ ને હજામ વચે લાભબા વખતથી અણબનાવ ચાલતો હતો, અને તે ઉપરથી એક શારી ટક જોઇને હજામે પાદશાહને એલતેમાશ કી ધી કે બંદેખોદા, તમારી કચેરી મધે જે વજીરછે તે શું કામનો• તમારાં વાહલાં અને પેઆરાં કેટલાંએક ખેશીઓ મરણ પામેલાંછે, તેઓ તાંહ શું કરેછે, અને તેઓને કેઇ ચીજની હાજતછે તે વાત ની ખબર એની પાશે મંગાવવી જોઇએ• તમારા મુરબીના મર ણ પછે તેઓનુ રાજ તમોએ લીધું છે, અને તેનાં બલથી તમો જો ઈતું શુખ ભોગવો છેઓ; પણ જેઓથી તમો શુખી થાએઆ છે ઓ તેઓને કેઇ ચીજની જરૂર પડી હોએતો, તે તમારા શીવાએ કોણ પુરી પાડી શકે વારૂ ? એ વાત અંનાડી પાદશાહના ધીઆ નમા તુરતજ ઉતરી, અને તે ઉપરથી તેણે આ ખબર લાવવા શા રૂ વજીરને હોકમ કરેઓ કે આપણાં મરનારો કેમછે, અને તેઓ શું કરેછે, તથા તેઓને કેહી ચીજની હાજતછે, તેની ખબર લેઇ આવવી• આ વાત વજીરે કબુલ કીધી, અને જણાવીઉં કે શા રૂં ભાતપોત લેઇને કાલે શવરગવાશી લોકોમાં જાઇશ• હજામ આ ગલ આ વાત પાદશાહએ કહેઆથી, હજામે પાદશાહને જણાવીઉં કે—બંદે નવાજ વજીરે આતો ખોટું બાંહનુ કીધું છે; કાંકે તમો શારીપઠે જાંણોચ કે શવરગમા જવાનો રશતો કહેઓછે; માટે વજી રને માટે ગાંમ શરેશતા પરમાંણે એક મોટી લાકડાંની ચાહ શીં ચાવો, અને તેની અંદર જેમ મરનારોને આપણે બાલીએચ તેમ જાંહશુધી બાલો નહી તાંહશુધી એનાથી તમારાં મરણ પામેલાં ખે શીઓનો ભેટ લેધાએજ નહી• બીજે દીને પાદશાહએ વજીરને એ પરમાણેનો હોકમ કીધો, અને તે વાત પણ વજીરે કબુલ રાખવાની જરૂર પડી• વજીર પાદશાને મશાંણ કાંઠે લેઇ ગએઓ, અને તાંહના લોકો શંગાથે મશલેહત કરીને પોતે જમીન ઉપર શુતો, અ

ને પોતાનાં આંગ ઉપર એક શારી ગોકવણથી લાકડાં અને ઘાશના મોટા ભાગની ચાહ શીંચાવી, અને જારે તેને શલ ગાવી તારે, ઘાશને લીધે મોટો ધુંવાડો થાએઓ, જેથી પા દશાહને તાંહથી દુર જાઈ ઉભું રેહવું પડીઉંકે વજીર અંદર થી નીકલીને મશાંણુ માંહેલી એક જગામાં છુપાઈ ગએઓ. મ શાંણુ માંહેલાં માણશોએ પાદશાહને નજદીક બોલાવીઓ કે અબે ધુંવાડો નરમ પડેઓછે, અને વજીર બચારો બલી રેહવાને આવી ઓછે. પાદશાહ નજદીક ગએઓ, અને શગલાં લાકડાં બલી ગ એઆ. પછે ઘેર ગએઓ, અને એ ખબર હજામને આપેઆથી તે ઘણોજ ખુશી થાએઓ. આ વાતને બે માંશ ગુજરેઆ કે વજીર પાછો પાદશાહની કચેરી મધે હાજર થાએઓ, અને પાદશાહને કું નશ બજાવી અરજ કીધીકે જાંહપનાહ, તમારા હોકમને હું તાએબે થાએઓતો તેથી એક અગતની ખબર આપણને માલમ પડી. ત મારા મુરબી પીતા તમારી ઉપર ઘણાજ ગોશે થાએલાછે. તે ઓને ખાવા પીવા વીગરે બધું શુખછે; પણ માંથાં અને મોડાં ઉ પર મોટાં બાલ, અને હાથ તથા પગ ઉપર મોટાં નખ વધી ગી આથી તેઓને મોટી બેકરારી ઉપજી રહેલીછે, અને તેટલા માટે આપણા હજામની દરરોજ રાહ જોએછે કે મારા દીકરાને મેં રાજ પાટ આપીઉં ને છતાં તે મારે માટે હજામબી મોકલતો ન થી; માટે ઓ વજીર તુંએ જાનાંનેવાર મારા દીકરાને કેહીને તુરત આપણા હજામને મોકલાવી દેવો;માટે બંદે નવાજ આપણા હજામને અબે જલદીથી તેઓની આગલ મોકલાવી દેવો જોઈએ. આ વા ત શાંભલતાંજ પાદશાહએ હજામને બોલાવી મંગાવીઓ, અને પો તાના બાપનુ માંથું બોરી આવવા માટે શવરગમા જાવાનો હોકમ કીધો. હજામે આનાકાંની કીધાથી પાદશાહએ જણાવીઉં કે જો તું હોકમ નહી માનશેતો તારી શાથે તારાં આખાં કુટમબને ગરદ ન મારશ. હજામે વીચાર કીધો કે અબે કશો ઈલાજ નથી, અ ને મારા એકલાના મરણથી કુટમબનો બચાવ થાશે; માટે તેણે પાદશાહને અરજ કીધી કે બંદે નવાજ, કદાચ મારા હાથે તમારા બાપનુ માંથું બોરવાથી તેઓને કરાર થાએતો તેઓ મને તાંહજ

રેહવાને કેશે માટે મારાં કુટમબને તમોએ પાલીં લેવું જોઈએ. આ વાત પાદશાહએ કબુલ રાખી, અને હજામ શવરગ મધે જવા ને તઈઆર થએએો. એ ઉપરથી રાજની શાથે વજીર પણ મશાંણ કાંઠે ગએએો, અને મોટી શાવચેતીથી લાકડાંની ચાહ શીં ચાવીને હજામને બાલી નાખી પોતાનુ વેર લીધું, જેથી પેલો બે અકલ હજામ બેચારો બલીને ભશમ થએએો.

ફુશરા રાંણીનો આશક.

ઈનામખાન નામના એક પાદશાહએ પોતાના શેહર મધે એવો તરહાશ બેશાડીઓ હતો કે તેની પરજાના લોકોએ એક બીજાની શાથે કજીઓ ટંટો કરવાને છોડી દીધું હતું; એવું છતાં એક બે પરોશણો જરેબી પાંણી ભરવાને બાહેર નીકલે તરે, રશતા મધે કજીઓ કરેઆ કરે, અને પાછી ઘેર જાએ એટલે એકબીજી શાથે હશે, અને બોલે. એ બંધે અશતરીઓને ભાગલનો દરબાન રોજ ધમકી આપેઆ કરતો હતો; પણ તે ઉપર એ બંધે અશતરીઓ કશુંએ લખશ આપતી નહી હતી. એ ઉપરથી શેવટે દરબાન તેઓને પેકડીને પાદશાહની કચેરી મધે લેઈ ગએએો; પણ તે ઠેકાંણેબી તેઓએ લડાઈ ચાલુજ રાખી, અને એક બીજીને ગાલ દેતી હતી. વજીરે તે બંધેને ફુશલાવીને મુંગી રાખી, અને તેપ છે પુછીઉં કે તમો કેહી ગનેઆતની છેઓ. એ ઉપરથી એકે જણાવીઉં કે તે લોહવારડીછે, અને બીજીએ જણાવીઉં કે તે શુંથા રડીછે. એ ઉપરથી વજીરે તે બંધેનાં ઠેકાંણાં પુછી લીધાં, અને તેઓને તાંથી વદેઆ કીધી. એ પછે તે બંધેના ભરથારોને બોલાવી મંગાવીઆ, અને તેઓના ધંધા વીશે પરપુછ કીધી. લોહવારે જણાવીઉં કે તે લોહડાંના પખશીઓ બનાવી જાંણેછે કે જે જાનવરો ઉડે, ચાલે, અને દોડી શકેછે. શુંથારે જણાવીઉં કે એક જાતનું લાકડું જો તેને મેલવી આપેતો, તે એક ઘોડો બનાવી

શકે, અને જાંહ કેહ તાંહ તે ઉડી જાએ. એ પરમાણે તે બંધે જણાએએ પોતાના હુનર વીશે વજીરને કેહી જણાવીઉં. એ ઉપરથી વજીરે તે બંધેને હોકમ કરેઓ કે તેઓએ પોતાની કારીગરીના હુનર તઈઆર કરવા, જે તઈઆર કરવાને શારૂં તે બંધેએ બે માંશનો વાએદો કીધો. એ મુદત પુરી થાવા પછે, પેલા બંધે જણાએઓએ પોતાની કારીગરીનો હુનર લોકોને દેખાડવાની ઈછા વજીરને જણાવી, અને શેહરની અંદરના એક મોટા તલાવની આગત રઈઅતને લેગી કરવાની અરજ કીધી. ઠેડવેલે દીવશે તે તલાવ આગલ લોકોની મોટી હઠ મલી, અને પાદશાહ પોતાની શવારી શહીત તાંહ હાજર થાએએા. એ પછે લોહવાર પોતાના લોહડાંના પખશીઓ લેઈને, અને શુંથાર માતરે ચાર ધીમરાં લેઈને ઉપલી જગાએ હાજર થાએઆ. પાદશાહુએ હોકમ આપતાં જ લોહવાડે એકેક પછે પેલા પખશીઓને હાથમા પકડીને કુંચી આપવા માંડી, જેથી તે જાનવરો રશતા ઉપર ચાલી દોડીને આકાશ ઉપર શંખીઆં બંધ ઉડવા લાગાં, જેથી શગલા તમાશગીરો, તેમજ રાજની કચેરીનાં માણશોને મોટી ખુશી, અને ગમત ઉપજી રહી. એ ઉપરથી રાજાએ તેને શરોપાવ આપવાની તઈઆરી કીધી; પણ વજીરે તેનો અટકાવ કીધો કે શુંથારનો હુનર જોવા પછે જેનો હુનર શરશ હુએ તેને ચડતો શરોપાવ આપવો જોઈએ. એ પછે શુંથારને હોકમ કરેઆથી તેણે પેલાં લાકડાંના ચાર ધીમરાં ને એક એક શાથે ગોહવીઆં, અને જેથી તેનો આકાર ઘોડાનાં શરખો બનીઓ, અને તેને કુંચી આપેઆથી તે ચાલવા લાગો. શુંથારે જણાવીઉ કે અગરજો એની ઉપર કોઈ શવાર થાઈને કેથે જાવા માટે એને હોકમ કરેતો, તે પરમાંણે ધારવેલે ઠેકાંણે એ જાઈ શકવાનો. પાદશાહએ તે ઘોડા ઉપર બેશવાને પરજાના લોકોને જણાવીઉ; પણ ધાશતીને લીધે કોઈ બેહું નહી. રાજનો એકજ માતરે છોકરો હતો, અને તેણે તે ઘોડા ઉપર બેશવાનો ઈરાદો કરેઓ. વજીરે તેને ઘણું શમજાવીઉ કે તારે ઘોડા ઉપર બેશવું નહી જોઈએ; પણ છોકરાએ વજીરની શીખામણ નહી માંની, અને તેણે તે ઘોડા ઉપર શવારી કીધી. શુંથારે તે છોકરાને શહુને

જ આપી કે જો એને ચાબુક મારશે તો એ ઉનચાઈએ ઉડી જાશે; પણ નીચે ઉતારવો હોએ તો એની પીઠ ઠોકવી જોઈએ. છોકરા એ ઘોડા ઉપર શવારી કરીને એકવાર શેહલઘાહ કીધી, અને તે પ છે વીચારીઉ કે એને ચાબુક મારી જોઉ તો ખરો કે ઊનચાઈએ કેમ ઉડી જાએછે, અને ઉપર ગએઆ પછે શું બનેછે. ઘોડાને ચાબુક મારવાથી તે ઉનચાઈએ નીકલી ગએએા, અને થોડાવારમાં લોકોની નજરથી ગુમ થાએએા, જેથી પાદશાહએ પેલા શુંથારને કેદ કરેએા કે મારા છોકરાને લાવી આપ. છોકરો ઘણી ઉનચાઈ એ, અને લંબાઈએ જાઈ પુગેા, અને તે પછે તેને શાહમજ પડી કે શુંથારે જણાવીઉછે કે પીઠ ઠોકેએઆથી નીચે ઊતરશે, અને તે પ રમાંણે તેણે ઘોડાની પીઠ ઠોકી, જેથી તે ઘોડો ફુલરા નાંમે એક રાંણીના બાગ મધે જાઈ ઉતરેએા, જ ઠેકાંણે એક દોશીનું રેહડા ણ હતું. ફુલરા રાંણી દરરોજ શવામણ ફુલે તોલાતી હતી. પાદ શાહજાદાએ પેલા ઘોડાને છુટો પાડેએા, અને તે પછે પેલી ડોશી નાં ઘેરમાં દાખલ થાએએા, અને ડોશીને માએ દાંખલ બોલાવા લા ગેા. ડોશીને પેટે દીકરો નહી હોવાથી તેણે મોટી ખુશી થાએ તે શાહજાદાને પોતાની પાશે રાખેએા. એ દીને બાગની અંદરનાં જા હડો ઉપર ફુલમાં વધારો થાએએા, જેથી દોશીને મોટી ખુશી ઉ પજી, અને શાહજાદા ઉપર તેનો પેઆર વધીએા. બે દીવશ શુધી ઘેરમાં રેહવા પછે શાહજાદો બજાર તરફ નીકલીએા, અને કોઈ લાએક પુરશ મલે તેની શંગાથે દોશતી કરવાનો વીચાર રાખેએા. બજાર મધે એક શરાફની દુકાંન દીઠી, અને તે શરાફને શફાઈદા ર પોશાગ પેહરેલો તથા શારી રીતનો જોએએા તેથી તેની દુકાંન ઉપર જાઈ બેઠેા. શાહજાદાનાં દુકાંન ઉપર બેશવાથી શરાફની દુ કાંન ઉપર ઘરાકી વધવા લાગી, જેથી શરાફ પણ મધન થાએ એા કે આ પુરશ કોઈ શારાં ભાએગનોછે. આ પરમાંણે પેલા શ રાફની દુકાંન ઉપર નીતરોજ શાહજાદો જાઈને બેશીઆ કરતો હતો, જેને ઘણા દીવશ વહી ગએઆ કે તેને એવી ખબર પડી જે તે શ હરનાં રાજાની દીકરી કુમારીછે,અને તે પોતાનાં મેહલ ઉપર બેશે તે વેલાએ જેબી શખશ ઘોડા ઉપર બેશી ઘોડાને છલાંગ મરાવી તે છે

કરીનાં આંગને હાથ લગાડે તેની શાથે પરણવાને કબુલ થાએલી છે; પણ જે શખશ ઉપલા ઈરાદાથી ઘોડાને છલાંગ મરાવે, અને પોતાનો હાથ તે છોકરીને લગાડી નહી શકે તેને મારી નાંખવાનો ઠેકાવ કરેલોછે, જે ઉપરથી ઘણાએક જુવાન પુરશોએ પોતાનાં પેઆ રા પરાણુ ખોહલાછે. ઉપલી ઉમેદ રાખીને બાહેરનાં કોઈ પાદશાહનો એક દીકરો તે શેહરમાં દાખલ થાએએો હતો, અને ઘોડા ઉપર શવાર થાઈ કુલરા રાંણીને હાથ લગાડવા જતો હતો, જે જોવાથી પેલા શરાફે પોતાની દલગીરી જણાવી હતી, અને તે વેલાએ પેલો શાહજાદો પેલા શરાફની દુકાંન ઉપર બેઠેલો હતો; માટે તેણે શરા ફને તે વીશે પુછેઆથી આ ખબર શંબંધી પુરતો ખોલાશો શાહજા દાને મલીએા. એ પછે શાહજાદો ઘેર ગએએો, અને પેલી ડોશી ને જણાવીઉ કે ઘેરમાં બકારો ઘણો પડેછે; માટે તે બાહેર કુવાની પડોશમાં શુશે. કુલરા રાંણીના મેહલની અંદર ઠારેડાર માંણશોની ચોકી રાખેલી હતી. એ દીને રાતે શાહજાદાએ પોતાના પેલા લાક ડાંના ઘોડાને તઈઆર કીધો, અને તે ઉપર શવાર થાઈને ઊડેએો, અને કુલરા રાંણીનાં મેહલ મધે તેનાં ઓરડા મધે દાખલ થાએએો. આ ઠેકાંણે તે રાંણી શેજ પલંગ ઉપર ભર નીદમાં હતી, મા ટે શાહજાદાએ પોતાનો દોશાલો તેનાં આંગ ઉપર હોરાડીએો, અને પોતે બારીથી પાછો નીકલી પડેએો. દોશાલાનાં ભારથી રાંણી શજા ગરૂ થાઈ, અને વીચારમાં પડી કે તેનાં ઓરડા મધે કહેએો પુરશ આવી ગએેએો હશે; કાંકે મેહલની અંદર તો ઠાંમેકાંમ ચોકી પેહ રા રાખેલાછે. બીજે દીને રાતનાં નવ કલાકને અમલે શા હજાદો ફરીને રાંણીનાં મેહલ મધે ગએેએો, અને જોએેછે તો રાંણી ઉઘાએેલીજછે. એ ઉપરથી શાહાજાદાએ તેનાં આગલાં મધે પોતાને હાથની હીરાની વીટી પેહરાવી, અને પોતે પાછો નીકલી ગીએો. રાંણી જારે ઉઘ મધેથી બેદાર થાઈ તારે વલી પાછો વીચારમાં પ ડી કે આ પુરશ કોંણ હશે. અગરજો કોઈ આવતો હોએે તે પુર શ રાજવનશીજ હોવો જોઈએે; પણ તે કહે રશતે, અને શી રીત થી તેનાં મેહલ મધે દાખલ થાતો હશે, એવું તેનાં મનમાં તે વીચા રતી હતી. બીજ દીને રાંણીએ ઠેકાવ કરેએો કે આજે ઉઘાવુ ન

હી, અને આ પુરશ કોંણુછે તેને પકડવો. એ પરમાંણે તે નવ વા ગા શુધી જાગી; પણ તેની ઉપર ઉઘે ગલબો કીધાથી પોતાની છે હલી આંગલી ઉપર છરીથો કાપ મેલીઓ કે તેની આગથી તે ઉ ઘાઈ નહી જાએ. એમ કરતે પેલો શાહજાદો તેનાં ઓરડામાં દાખ લ થાએઓ કે જડકથી રાંણી પોતાની કટાર લેઈને ઉભી થાઈ. આ દેખાવ જોતાંજ શાહજાદાએ પણ પોતાની શમશેહર કાડીને હા થમાં પકડી. એ ઉપરથી રાંણીએ કટાર પાછી મેલી દીધી, અને શાહજાદાને કહીઉ કે તું ચોરછે, અને ચોરીથી મારા મેહલ મધે દાખલ થાએછે. શાહજાદાએ જવાબ દીધો કે તે ચોર નથી, અને ચોરી બદલે તેનાં મેહલ મધે દાખલ થાતો નથી; પણ રાંણીએ કી ધેલી માંગણી પરમાંણેજ ઘોડા ઉપર શવાર થાઈને તે તેનાં મેહલ મધે દાખલ થાએછે, અને તેનો ઘોડો અગાશીની ઉપર તઈઆર છે. રાંણીએ ઘોડાને અગાશી ઉપર જોએઓ, જેથી તે ઘણી ખુ શી થાઈ, અને શાહજાદા શંગાથે બગલગીરીની રમત કીધી, અને શાહજાદો તાંહથી નીકલી ગએએ. દરરોજનાં રાબે તા પરમાંણે બીજે દીને રાંણીને ફુલથી તોલવા બેશાડી તો શરે શતાનાં ફુલ કરતાંને રાંણીનું વજન વધી ગએઉ, અને તે ઉપરથી ફુલવારી માલનના મનમાં શંધે ગીઓ કે એ બનાવ શાથી બનેઓ. આગલે દીને રાંણીએ શાહજાદાની શંગાથે એવો ઠેડાવ કરેઓ હતો કે બરહાંમણને બોલાવીને તેઓએ પોતાનાં નેકા કરવા. એ પરમાં ણે એક શુભ દીવશ જોઈ તેઓએ પોતાની શેહાદી કીધી, અને શા હજાદો દરરોજ રાંણીના મેહલ મધે આવજાવ કરવા લાગો. રાંણી પરથમ દરરોજ શવામણ ફુલેજ તોલાતી હતી, પણ પરણેઆ પ છે તેનાં વજનમાં વધારો થાતો ચાલીઓ, અને શેવટે શાધારણ માં ણશની પેઠે શાહડા તરણ મણનાં વજનની થાઈ, તો પણ પેલી માલણે તે વીશેની ખબર તેનાં બાપને આપી નહી. ઘણા દીવશ થાએઆ પછે. શાહજાદાની શંગાથે રાંણીએ ઘણા દીવશ શુધી ઐ લયત કીધી, જેથી તે ઘરભવંતી થાઈ, અને તેને પાચ માશ થાએ આ તારે, પેલી માલણે તે વીશેની ખબર તેનાં બાપ (શેહરના પા દશાહ)ને આપી. પાદશાહ ઘણોજ ગરમ થાઈ ગએઓ કે મેહલ

મધે આવી રીતનાં શખ્ત ચોકી પેહરા છતાં, આ માઠો બનાવ કે મ, અને શી રીતથી બની શકેએો. આ ખબર પાદશાહએ કોટવા લને આપી, અને તેને ઠપકો આપેએો કે મેહલ મધે રાએેલા ચો કી પેહરા શું કામના. એે ઉપરથી કોટવાલે રાજાને અરજ કીધી કે મેહલ મધે કહેએો પુરશ આવેછે તેની તેઓ શારી રીતે તપાશ કરવા માંગેછે, અને તેટલા માટે બે માંશ શુધી મેહલ ખાલી કરી આપવાને કુલરા રાંણીને પાદશાહએ મેહરબાની કરી હોકમ કરવે. પાદશાહે મેહલ ખાલી કરી બીજા મેહેલમા જાઈ રેહવાને કુલરા રાંણીને ખબર આપી ટે હાલનો મેહલ શમારવાનોછે. રાતના જારે શાહજાદો કુલરા રાંણી પાશે ગએેઓ તારે રાંણીએે મેહલ ખાલી કરવાની ખબર શાહજાદાને આપી અને બીજા મેહલ મધે બીજે દીનેથી બોલાવીએો. બીજા મેહલ મધે જે ઓરડાની અંદર રાંણીનો પલંગ મેલીએો હુ તો તેની નીચે એક હોજ બનાવી હની, અને ઢોલીઆને પાટીને બાલે કાચાં શુતરથી ભરેઓ હતો, અને તેની ઉપર તોરાઈ બીછાવી રાખી હુ તી, અને શેહર મધે જે જાતનો રંગ નહી તે જાતનો રંગ મેલવીને તેનું પાંણી ઢોલીઆ નીચેની હોજની અંદર ભરી રાખીઉં હતું કે જે બી શખશ રાંણી શંગાથે ઢોલીઆ ઉપર ગંમત કરે તે પેલી હોજ ની અંદર પડેઆથી તેનાં કપડાં રંગનાં પાંણીમાં ખરડાએે. રા ત પડીને શાહજાદો કુલરા રાંણીના નવા મેહલમા. ગએેઓ, અને એક બીજાં શાથે બગલગરી કરીને ઢોલીઆ ઉપર બેશવા જાતાં જ નીચે પડેઆથી તેઓનાં કપડાં ખરડાએેઆં, જેથી તુરતજ ધોબી ને બોલાવી રાતોરાત કપડાં ધોઈ લાવવાનો તેને હોકમ કરેઓ. ધોબી છાકટો હતો; માટે બેપરવાહીથી કપડાં લેઈ રશ્તેથી જાતો હતો, અને ખરડાએેલાં કપડાં પોલીશ શીપાહીની નજરે પડેઆથી, તે બાબે તેણે ધોબીથી પરપુછ કીધી, અને તે ઉપરથી ધોબીએે ખરો બોલાશો કીધો, જે ઉપરથી ધોબીને પકડીને શીપાહી કોટવા લ પાશે લેઈ ગએેએા, અને તેહની હકીકત શાંભલી લેઈને કોટવા લે રાંણીના મેહલમાં શીપાહીઓ મોકલીઆ કે પેલા શાહજાદાને પ કડી લાવે. એે હોકમ પરમાંણે શાહજાદાને પકડીને કોટવાલ પા શે લેઈ ગએેઆ. બીજે દીને આ ખબર કોટવાલે પાદશાહને આ

પી, જે ઉપરથી પાદશાહએ હોકમ કીધો કે એ ચંડાલનું મોહડું મારી નજર આગલ નહી દેખાડવું; પણ પરભાડોજ લેઈ જઈને એને ગરદન મારવો. આ ખબર રાંણીને પડતાંજ તેણે મેહલની અંદર રૂદનનો પોકાર ઉઠાવીઓ. શાહજાદાને ગરદન મારવા માટે બજાર મધેથી જારે લેઈ જાતા હતા તારે, તેના પેલા શરાફ મીતરની દુકાંન આવી, અને તે વેલાએ શાહજાદાએ શરાફને અરજ કીધી કે અગરજો મારા ઉપર તારી મેહરબાંની હોએતો, મારી શાથે બે તરણ કોથરી રૂપીઆ લેઈને આવ. જે બાગમા શાહજાદો ઉતરેઓ હતો તેજ બાગની પાછલ શાહજાદાને ગરદન મારવા માટે લેઈ ગએઆ હતા. આ ઠેકાંણે પેલો શરાફ જાઈ પુગાથી, શાહજાદાએ તેના હાથ મધેથી એક કોથલી લેઈ જમાદારના હાથમા આપી જણાવીઉંકે—જમાદાર શાહેબ, જેમ તમો હીંદુ છેઓ તેમ હું પણ છેઉં, અને પાદશાહના હોકમથી જારે તમો મને ગરદન મારોચ તારે, આપણા હીંદુ ધરમ પરમાણે, મને નારી લેવાને છુટ આપવી, અને શનાન કીધા પછે ગરદન મારવો. જમાદાર ગફલતમાં રહેઓ કે ચોકી પેહરાની અંદરથી કાંહ જવાનો છે, એવું વીચારીને પેહરા શાથે તેને નાહવા જવાની રજા આપી. શાહજાદાએ એક પેગામની મારફતે રાંણી શંગાથે શંધેશો ચલાવી ને પોતાના ઘોડાના લાકડાં પેલા કુવા પાશે ગોઠવાવી તઈઆર કરાવીઆં હતાં, અને કુવા આગલ જાઈ બોલીઓ કે ઓ મારા પેઆરા મીતર શરાફ, અવેતો હું મરણની અણી ઉપર આવીઓ ચ; માટે રૂપીઆની બંધે કોથલી મહને આપ કે મરની વખતે દાનપુન કરી લેઉં. એટલું બોલી શરાફના હાથ મધેની રૂપીઆની બંધે કોથલી લેઈને તેને કુવાની આશપાશ વેરી નાખી, જે રૂપીઆ લેવા ઉપર શીપાહીઓનુ ચીત લાગું કે શાહજાદો પેલા ઘોડા ઉપર શવાર થાઈને ફુલરા રાંણીના મેહલ ઉપર ઉડી ગએઓ ! એક તરફથી પોલીશ ખાતાંમા ધબરાટ ઊઠીઓ, અને શાહજાદાને પકડવા માટે દોડધામ ચાલી; અને બીજી તરફથી શાહજાદો ફુલરા રાંણીના મેહલમા જાઈ પુગાથી તે રાંણી મધન થાંઈ, અને શાહજાદાના હોકમથી તુરતજ તેના ઘોડા ઉપર શવાર થાઈ, જેથી તે બંધે જ

ણુએા શાહજાદાના વતન તરફ જવાને તાંહથી ઘેાડેા લેઈ ઉડી ગ એઆ. રશતે જતાં રાંણીને જણુવાની તઈઆરી થાઈ, જેથી એક ડુંગર ઉપર તેએ એ ઊતારેા લીધેા. રાણીએ એક બાલકને જનમ આપેએ, અને તે પછે તેનું આંગ થંડું પડવાથી, શાહજા દાને જણાવીઉંકે તેને ગરમી લાવવા માટે તેના શરીરને શેક કર વેા જોઈએ. એ ઉપરથી શાહજાદેા ઘેડા ઉપર શવાર થાઈને તાં હથી ઉડીએા, અને એક બલના પાહડ આગલ જાઈને તાંહથી શ લગેલેા એક પથર લાવી રાંણી આગલ મેલીએા. આ વેલાએ ગ ફલતીથી પેલા ઘેાડાનાં લાકડાં ખીશતાં નહી મુકાએઆને લીધે પેલા પથરનાં બલનાંથી તે શલગીને બલી ગએઆં. ઘેાડાનાં બલનાં લાકડાં હેાલવીઆં ખરાં; પણ તેની અંદરની જે કરાંમાત તે ખરા બ થાવાથી તે ઉડી શકેએા નહી. એ ઉપરથી તેએા ડુંગરની નીચે ઉતરીને જવા નીકલીઆ ડુંગરની આશપાશ નદીનાં પાંણી હેાવાથી પેલાં લાકડાંનેા તરાપેા બાંધી તેઉપર બેશવા ગએઆં, જે વેલાએ રાંણીનેા ભરથાર શાહજાદેા અકશમાત નદીની અંદર પડી ગએએા. આ બનાવથી રાંણીને મેાટી દલગીરી ઉપજી ખરી; તેાપણ તે ગમ શેાશીને મુંગીજ રહી. ઈશવરની કુરપાથી પેલેા શાહજાદેા પાણી ના જેારથી જીવતેાનેા જીવતેા બીજા દેશને કીનારે જાઈ પુગેા. તે દેશનેા રાજા મરણ પાંમેલેા હતેા, અને તાંહની પરજાએ એવેા ઠે ડાવ કરેએા હતેા કે આવતી કાલે શહવારે જેની શખશ શેહર મધે દાખલ થાએ તેહને રાજનાં તખત ઉપર બેશાડવેા. આ ઠેડાવ પ રમાંણે શેહરના લેાકેાએ શાહજાદાને કીનારે જીવતેા જોએએા, અ ને તેના ચેહરાના દેખાવ ઉપરથી તેઓએ ધારલીઉંકે આ પુરશ કેાઈ રાજવનશીજછે, અને તે ઉપરથી તેને ઉંચકી લેઈ જાઈને રા જની ગાદી ઉપર બેશાડીએા. રાંણી તરાપેા લેઈને એક બીજાં દે શને કીનારે નીકલી ગેઈ, અને ખુશકી ઉપર ઉતરી હતી. આ ઠેકાંણે હનુમાનનું એક દેહરું હતું. આ દેહડાં માંહલા હનુમાન ની આગલ બેશીને એક વાંણીએા શેાદાગર માહદેવની પરારથના ક રતેા હતેા, અને પેલા હનુમાન પાશે છેાકરેા માંગતેા હતેા. પેલી ફુ લરા રાંણી પાંણી મધેથી કંટાલીને કીનારે ઉતરી હતી; માટે હનુ

માનનાં દેહડાંના ઓટલા ઉપર છોકરાને મેલીઓ, અને નદી મધે મોહડું ધોવા ગેડી એટલે વાંણીઓ બાહેર નીકલીઓ, અને પેલા છોકરાને જોઈ ખુશી થાએઓ કે હનુમાનજીએ તેને દીકરો દીધો. એવું વીચારી તે શોદાગર પેલા છોકરાને લેતોજ કે તાંથી નીકલી ગી ઓ; પણ તે વેલાએ તેની નજર કુલરા રાંણી ઉપર પડી હતી. એ ઉપરથી શોદાગરે એક કુટણીને શોધી કાડી, અને કુલરા રાંણી ને ફરેબ દેઈ પોતાને ઘેર બોલાવી લાવવાને શારૂ તેને અરજ કીધી. કુટણી એક પાલખી લેઈને નદી કીનારે ગેઈ, અને રાંણીને જોતાંજ તેની નજર ફરી ગેઈ,જેથી શોદાગરને પડતો મેલીને રાંણીને પોતા ને ઘેર લેઈ જાઈ ખરાબ મારગે પઈશા મેલવવાનો વીચાર કીધો,અને રાં ણીને ઉલટ પાલટ શહમજાવીને પોતાને ઘેર લેઈ ગેઈ. રાંણી કુ ટણી શાથે ગેઈ ખરી; પણ તેની રીતભાંત જોઈને શહમજી કે આ તો કુટણીછે, અને પઈશા મેલવવા માટે તેને ફરેબ દેઈ લાવીછે. એ ઉપરથી રાંણીએ કુટણીને અરજ કીધી કે પઈશા મેલવવાનીજ આશાથી તે તેને પોતાને ઘેર લાવીછે; માટે તેને જોઈતા પઈશા જો તે તેને આપેતો, તેનો છુટકો કરશે કે નહી ? કુટણીએ એ વાત કબુલ કીધી; પણ રાંણીનો ચેહરો ઉતારી લેઈ તેને છોડી દેવાને જણાવીઊં, જે વાત રાંણીએ કબુલ કીધાથી તેની શાખી ઉતારી લે ઈને તેને કીશબ કરવાનાં ધંધાથી છુટી કીધી. આ વાતને ઘણાં વરશ નીકલી ગએઆં, અને તે અરશામા કુલરા રાંણીનો પેલો છો કરો મોટો થાએઓ, અને પોતાના .મીતરોની શાથે પેલી કુટણીને ઘેર ગએઓ. આ ઠેકાંણે એવો રવઈઓ હતો કે જેબી અશતરી કીશબનનાં ઘેરમાં હોએ તેની તશવીર (ચેહરો) તે કીશબનનાં ઘેર મધે ટાંગી રાખે, અને તે ચેહરો જોઈને ઈશકબાજ ખેલવા જના રાઓ તે અશતરીને પશંદ કરે. આ ધારા પરમાણે કુલરા રાંણી નો છોકરો પેલી કુટણીનાં ઘેરમાં ટાંગેલી આરશીઓ મધેની અશત રીઓનાં મોહડાં જોવા લાગો, અને તેમ કરતાં કુલરા રાંણી (પો તાની માએ) નોજ ચેહરો તેણે પશંદ કરીઓ, અને તે પરમણે પે લી કુટણીને હોકમ કીધો કે આ અશતરી મને આપવી. કુટણી એ તે અશતરીની કીમત ઘણી મોટી માગી, જે પેલા છોકરા

એ કીશબનને આપેઆથી તેને ફુલરા રાંણીના ઓરડા મધ્યે મોક લીએા. આ બનાવથી રાંણી ઘણી દલગીર થાઈ; પણ લાચારી એ તે છોકરા શાથે રમવા બેઠી. આ વેલાએ દીકરાના પેઆર દાખલ રાંણીના થાન મધ્યેથી દુધે જોર કીધેા, અને તેની શેરો ફુટ વાથી પેલેા છોકરો રાંણીના દુધથી ભીનવાઈ ગએેઓ. આ ઉપર થી છોકરાને ગેાશેા ઉપજીઓ અને તેની જહનુનમા આવી પેાતાના બાપ (પેલા હગારા શેાદાગર પાશે ગએેઓ, અને શગલી બીના તે ને જાહેર કીધાથી, શેાદાગરે પેલી કુટણીને બેાલાવી મંગાવી. કુ ટણી પેાતાની શાથે ફુલરા રાંણીને લેઈને રાજા આગલ ગેઈ. આ વેલાએ એવેા એનેકાક બનીએા કે રાજા, (પેલેા શાહજાદેા) તેની બા એડી, (ફુલરા રાંણી) અને તેનેા દીકરેા,(જે ફુલરા રાંણી શાથે ઈ શકબાજી રમવાને ગએેઓ હતેા તે, તરણુડે જણાં એકઠાં થાએેઆં. રાંણીને, અને દીકરાને રાજાએે ઓલખીઆંતેા ખરાં; પણ ઈનશાફ ને ખાતર રાંણીને પુછીઉં કે આ છોકરાની ઉપર તું શા માટે થુ કી હતી ? રાંણીએે જવાબ દીધેા કે શાહેબ, હું એની ઉપર થુકી નથી; પણ મારાં થાન માંહેલાં દુધે એને જોતાંજ ઉછાલેા કીધેા, અને તેની શેસે ફુટેઆથી એનું આંગ છંટાઈ ગએેઉં. એ પછે તે અશતરીએે પેાતાના ભરથાર, અને દીકરાથી છુટી પડવા શંબંધી બધી હકીકત તે ઠેકાંણે કેહી જણાવી. એ ઉપરથી પાદશાહુએે પેલા વાંણીઆ શેાદાગરને ધમકાવી પુછેઉં કે આ છોકરેા શું તારેા છે ? શેાદાગર ઘભરાએેઓ, અને ખરી બીના હતી તે જાહેર કી ધી કે—શાહેબ, એ અશતરી જારે છોકરાને હનુમાનના ઓટલા ઉપ ર મેલીને નદી મધ્યે મેાહું ધેાવાને ગેઈ તારે, તે હનુમાન પાશે બેશી દીકરેા માંગતેા હતેા; પણ જારે આ છોકરાને મેલી એની માં દુર થા ઈ તારે, છોકરાને લેઈ હું મારે ઘેર નીકલી ગએેઓ, અને તેને શુખથી પાલીને મેાટેા કરેઓ. એ ઉપરથી પાદશાહુએે રાંણીને,તથા છોકરાને પેાતાની ગેદમાં લીધાં, અને એક બીજાનેા ખુલાશેા કીધેા, અને પછે પાદશાહુએે પેાતાના બાપ ઉપર પેાતા ઉપર ગુજરેલી શ ગલી હકીકત શંબંધી એક કાગલ મેાકલાવીઓ, જે ઉપરથી પેલા

માહાં ભાએગનો શુંથાર, જે કેદ પડેલો હતો તેનો છુટકારો થાએ ઓ, અને મોટાં ઈનામ શહીત રાજાએ તેને ઘેર વદેઆ કરેઓ.

એક અશતરી શાથે અશતરીનાજ લગન !

માહમુદશાહ નામનો એક શોદાગર હતો, જે પઇશા ટકાથી શારી રીતે શુખી હતો; પણ તેને દુખ માતરે એટલું જ હતુ કે તેને ઘેર એકે પુતર નહી હતો. જોકે આ શોદાગર માહમદીઅન હતો, તોબી બાલકના વેહમને લીધે તેણે કેટલાએક બરહાંમણોને બોલાવી પોતાને ઘેર ફરજંદ થાશે કે નહી, તે વીશે તેઓથી પરપુછ કીધી હતી, અને તે બરહાંમણોએ તેને ઊંધાડી રીતે ના પાડી હતી કે તેને ઘેર ફરેજંદ થાવાનુજ નથી, અને તે ઉપરથી તે શોદાગરને મોટી દલગીરી ઊપજી હતી. શુકલ નામે કોઈ બરહાંમણ બાહેર ગાંમથી તે શોદાગરના શેહર મધે ગએઓ, અને તે શરકારની તે વખતની રીત પરમાણે તે બરહાંમણ પેલા શોદાગરને મલવા માટે તેને ઘેર ગએઓ. આ બેલાએ વાતચીત કરેઆં પછે, શોદાગરે બરહાંમણને જણાવીઉં કે ઈશવરે તેને દોલતતો ઘણીજ આપીછે; પણ તેની પછે તે દોલત વાવડવાને ફરજંદ આપીઉં નથી; માટે તેને ઘેર જો ફરજંદ થાએતો ઘણું શારૂં. આ ઉપરથી પેલા બરહાંમણે જોટક જોઈ, અને શોદાગરને જણાવીઉં કે શાહેબ, બીજાઓના કેછે કે તમારે ઘેર ફરજંદ નહીજ થાએ તે વાત ખોટીછે; કાં કે તમારે ઘેર ફરજંદ થાશે તો ખરૂ; પણ જારે તે બાલક પાંચ વરશનુ થાએ કે તમોએ કઈલાશવાશી લોકોમા જાઈ રેહવું પડે. શોદાગરે જણાવીઉં કે કાંઈ ફીકર નહી; બાલક પાંચ વરશનું થાએઆ પછે મારૂં મોહત આવશે તો તેથી હું દલગીર થવાનો નથી; પણ બાલકને જોવાને તે ઘણોજ ઈનતેજારછે. એ ઉપરથી પેલા બરહાંમણે શોદાગરને કેટલીએક બાધા આપી, જે પેલા શોદાગરે લેવાને કબુલ કીધું. એ પછે શોદાગરની બાએડીને હંમલ રહેઆ,

અને પાંચમો માશ થાએએો એટલે શોદાગરે નેઆત જમાડી, અને હુધરણી ઉપર મોટો ખરચ કરેએો, અને દશમે માશે શોદાગ રની અશતરીએ એક બાલકને જનમ આપેએો, જેથી તેની નેઆત ના લોકોમા મોટી ખુશી ઉપજી રહી. છોકરો તરણ વરશનો થા એએો તારે, બીજા એક શોદાગરની એક છોકરી હતી તેની શંગા થે તેની શગાઈ કીધી, અને તેને માટે જે ઘરેણું ઘડાવીઊં તે મધે કાંનની જાહલર પોકલ ઘડાવી, અને પોતાની પાશેનો ખજાણો જે જગાએ ડાટેલો હતો તે વીશેની ઈંધાંણી લખેલી એક ચીઠી પેલી જા હલરની અંદર મેલીને તે જાહલર બંધ કરાવી હતી. એ પછે શો દાગરે પોતાનાં બાલકનાં લગન ઘણીજ ધામધુમથી કીધાં. છોકરો જા રે પાંચ વરશનો થાએએો તારે, પેલા શુકલ બરહાંમણના કેવા પર માણે, પેલો શોદાગર મરણ પામીએો ! એ ઉપરથી શોદાગરના મુ નીમ મેહતાઓની દેમાનત બીગડી, અને તેઓને જેમ ફાવતું ગએે ઊં તેમ મરનાર શોદાગરની દોલત લુટવા લાગા, જેથી શગલું પુરૂં થાઈઊં, અને પેલા શોદાગરની બાએડીની અવશથા ઘણીજ માંઠી થાઈ પડી. એ ઉપરથી તેની વહુ તેનું ઘેર છોડીને પોતાના બા પને ઘેર જાઈ રહી, અને બાહર ફરહર કરતાં, તેને એક કડીઆરા શંગાથે દોશતી થાઈ. પેલી તરફ તેનાં શાશરાં ઘેરમાં પઈશા વગ ર મોટી વીપત પડવા લાગી, અને મરનાર શોદાગરની અશતરીને શુતર કાંતી પોતાનું ઘેર ચલાવવાની જરૂર પડી. શોદાગરનો છો કરો પરણવા પછે જારે પુખતી ઉમરનો થાએએો તારે, કોઈબી રીત નો ધંધો કરવાને તેને શહુમજ પડી, અને તેને માટે બાહેર નીકલી જાવાને ઠેડાવ કરેએો, અને તે ઠેડાવ પોતાની માએને પણ જણાવી એો. એ પછે તે ઘેરથી નીકલીને પોતાના શાશરાં શેહરમાં ગએેએો, અને રાતની વેલાએે પોતાના શાશરા એોટલા ઉપરજ શુતેો. મોટી રાત ગએેઆ પછે તેની બાએડી પેલા કડીઆરાને ઘેર જાવા માટે હા થમાં મશાલ લેઈને બાહેર નીકલી. આ વેલાએે તેણે એોટલા ઉપ ર પોતાના ભરથારને શુતેલો જોએેએો ખરો; પણ તેને એોલખીએો નહી કે તે તેનો ભરથારજછે, અને તે ઉપરથી તેને જણાવીઊં કે અ ગરજો મશાલ હાથમા લેઈ તેની આગલ ચાલેતો, તેની મેહનતના બ

દલામા તેને બે રૂપીઆ આપેઆમા આવશે. શીદાગરનાં છોકરાએ વીચાર કરેઓ કે આ ચાકરી કીધાથી બે કાંમ થાએછે. એકતો તેની બાએડી કાંહુ જાએચ તેનો પતો લાગશે, અને બીજું એકે બે રૂપીઆની કમાઈ થાશે. એવા વીચારથી તેણે તે અશતરીના હાથ મધેથી મશાલ લીધી, અને તેની શાથે ચાલી ગએઓ. કહી આરાનુ ઘેર આવીઉં તારે તે અશતરીએ પેલા (પોતાના ભરથાર) ને ઓટલા ઉપર બેશવાને કહીઉં કે હું રૂપીઆ પછે લાવી આપ શ. તેણે જણાવીઉં કે બાઈ તમો અંદર ગએઆં કે પછે તમારૂં દીલ કાંમમાં લાગશે, જેથી મારા રૂપીઆની તમોને ઈઆદ નહી રેહશે; માટે મને હવડાંજ રૂપીઆ આપીને જાઓતો શારૂં. તે અશતરી પાશે રોકડા રૂપીઆ નહી હોવાથી પોતાના કાન મધેથી પેલી જાહલર કાડીને શીદાગરના છોકરાને આપી, અને જણાવીઉં કે ઘેર મધેથી પાછી આવશ તારે, બે રૂપીઆ આપીને જાહલર પા છી લીધામા આવશે. તે અશતરી પોતાની જાહલર પેલા (પોતાના ભરથાર)ને આપીને અંદર ગઈ કે જાહલર લેઈને પેલો પોતાને શે હર નીકલી ગએઓ, અને પોતાની બાએડીની હકીકત પોતાની મા એની આગલ જણાવીને પેલી જાહલર તેને આપી. માએ તે જા હલર તેને પાછી આપી કહીઉં કે એને વેચીને રૂપીઆ લેઈ આવ કે આપણને ખરચવાને કાંમ આવે. ચોકશીની દુકાંને કીમત કરતી વેલાએ વાંધો પડેઓ કે જાહલરની અંદર કાગલછે કે લાખ પુરી ચ તે તપાશવું જોઈએ,અને તે ઉપરથી તે જાહલરને ભાંજવાને છો કરાએ જણાવીઆથી, ચોકશીએ તેને ભાંજી, જેની અંદરથી તેના બાપે પોતાનો ખજાણો કાંહુ ડાટેએચ તે બતાવવા માટે લખેલી ચી ઠી નીકલી. આ ચીઠી છોકરાએ વાંચીઆ વગરજ ઉનચી મેલી, અને જાહલર તોલાવી તેના જેટલા રૂપીઆ થાએઆ તે લેઈને પોતા ને ઘેર ગએઓ, અને પેલી ચીઠી નકામી જાણી બારી મધે નાખી મેલી. કેટલાએક દીવશ શુધી પેલી જાહલરના રૂપીઆ કરકશરથી વાવડીઆ, અને તે પછે છોકરાએ કાંઈ શોહધવા શારૂં બારી ઉં ઘાડી, જેની અંદરથી પેલી જાહલર માંહેલી ચીઠી મલી. આ ચીઠી વાંચીઆ ઉપરથી શીદાગરે ડાટેલી દોલત તેના દીકરાને મ

લી, જેથી તેણે પોતાનો વેપાર ચાલુ કીધો, અને મેહતા મુનીમોને ચાકરીએ રાખેઆ, અને બાપનો શરશામાન, જે લોકને વેચીઓ હતો તેના રૂપીઆ તેના ખરીદદારોને વીઆજ શાથે આપી શગ લો શામાન પાછો મેલવીએ. આ ખબર તેના શશરાને થાઈ હ તી, અને પોતાની માએના કેહવા ઉપરથી તે પોતાની બાએડીને બોલાવવા શારૂ ગએએો. તેનો શશરો તેને માનશહીત શામણો જાઈ પોતાને ઘેર લેઈ ગએએો હતો. તેની શાલી બેગમ હતી, અને તેણે મરદની અશર લીધી નહી હતી. બંધે બેહનનાં ઓરડા પા શેજ હતા, અને એક બીજા ઓરડામાં જોવાઈ શકે તેવું હતું, અ ને તેની બેહન કડીઆરા શંગાથે શંબંધ રાખતી હતી તેની તેને ખબર હતી. માટે પોતાની બેહન અવે પોતાનાં ભરથાર શંગાથે કે વી રીતથી ચાલેચ તે જોવા ઉપર પેલી બેગમનું ચીત લાગું હતું. રાત મોડી થાઈ; અને શોદાગરનો દીકરો પોતાની બાએડી શંગાથે રમનો હતો; પણ બાએડીનું મન તો કડીઆરાને ઘેર જા વા ઉપરજ ભમતું હતું, તેથી તેનો વીચાર એવો હતો કે ભરથાર ઊંઘાઈ જાએ તો જડફથી તેને મલી આવે; તેથી તે પોતાના ભરથા રને શુવાડવા માટે અનેક પરકારનાં ઉપાએ લેતી હતી. એ ઉપર થી પેલી બેગમ તેની મતલબને શહમજી ગોઈ હતી, અને પોતાનાં મનમાં બલાપો કરતી હતી કે એનો ભરથાર એની ગોદમાં હોવા છ તાં, એ બુરાં લછણ શામાટે છોડતી નથી. રમીઆથી તેનો ભર થાર હારેઓ હતો, અને તેવલા માટે ઠેડવેલા રૂપીઆ તેણે પોતા ની બાએડી આગલ મેલીને કહીઉ કે ચાલો અવે એ ગણી લેવો. અશતરીએ ગણીને કહીઉ કે બે ઓછા કાંએ ? ભરથારે જવાબ દી ધો કે ઓછા તો કાંઈ નથી; એ બે રૂપીઆ તું મને દેવી હતી તે મેં લીધા. અશતરી કે જે શાંના ? મરદે કહીઉ કે ફલાંણે દીવશે તારા ઘેર આગલથી મશાલ હાથમાં લેઈ કડીઆરાને ઘેર તુંને મે લી આવીઓ હતો તેનાં. આ શબુન શાંભલતાં તે અશતરી ફીકી પડી, અને તેની બેહન બેગમે વીચારીઉ કે રાંડ ભુંડીનાં લખશ ણ તો આગમચથી આવીને જોઈ ગએએો દેખું. જારે કડીઆરાના ઘેરની વાત પેલી અશતરીનાં ભરથારે જણાવી તારે, તે ઘણીજ ફી

કી પડી ગેઇ, અને પેાતાનેા ભરથાર કેઆરે શુઈ જાએ તેની ઈન તેજારીમાં પડી, અને તેનાં શુવા પછે પેાતાનાં ગલાં મધે છરી મા રીને તે મરણ પામી. એ શગલેા બનાવ પેલી બેગમે છુપી રીતે જોએએા હતેા. પાછલથી શેાદાગરનેા છેાકરેા જાગી ઉઠીએા, અને જોએછે તેા તેની બાએડીએ આપઘાત કીધેા હતેા, અને તે ખબર તેણે પેાતાનાં શશરાને કેવાડી. શશરાએ વીચારીઉ કે બાએડીને તેરવા આવવાને બાંહને તેને મારી નાંખી, અને તેટલા શારૂં તેનેબી મારી નાંખવાની તેણે તઈઆરી કીધી. આ મનલબ શાહમજતાંજ બેગમ પેાતાનાં ઓરડા મધેથી બાહેર પડી, અને શરવે બીનાથી પેાતાનાં બાપને જાણીતેા કરેએા, જેથી તેનેા બાપ મુંગેાજ થાઈ ગીએા. પેાતાની બાએડીનેા દાડેાદીશેા થાએઆ બાદ, શેાદાગરના છેાકરાએ પેાતાને ઘેર જવા માંગીઉ, જેને તેનાં શશરાએ અટકાવી જણાવીઉ કે તેની બીજી છેાકરી શંગાથે પરણીને લેઈ જવું. પેલાએ ના પાડી કે મારે અવે બીજી છેાકરી જોઈતીજ નથી. આ વેલાએ પેલી બેગમ વચે પડી, અને કહીઉ કે મને તારે પરણી લેઈ જવી; હું તુંને કરી બતાવશ. એ ઉપરથી પેલેા છેાકરેા શંધેમંદ થાએએા કે એ કરીને તે શું બતાવવાનીછે, અને તે પછે પેાતાનેા વીચાર ફેરવીને તે બેગમ શાથે પરણી તેને પેાતાને ઘેર લેઈને ગએએા. તેણે પેાતાની માંએ આગલ શરવે બીના જાહેર કીધી, અને પેાતાનેા ધંધેા ચલા વવામાં મશગુલ થાએએા, અને કેટલેાએક માલ વાંહાંણે ચડાવીને શેાદાગરી કરવાને બાહેર નીકલી ગએએા. શરવે ખેશીઓને કપડાં વીગરે આપેઆં, અને પેાતાની બાએડીની શારી ઉપર એવું લખી ગએએા હતેા કે—"**બાએડી કરીને છેાકરેા જાણવેા. જારે પાછેા આવશ તારે રશતે આવશ; માટે રશતા મધે, જાંહ પાંણી નહી હેાએ તાંહ એક વાવ બણાવવી જા નવરાને પાંણી પીવા માટે શુખ કરવુ. એક બીજી દગાએ એક કુવેા બણાવીને તેની આશપાશ બાગ બ નાવવેા, જે શગલું આવતી વખતે જોતેા આવશ.**" આ શરે ૫—૭ દીવશ નીકલી ગએઆ પછે શેાદાગરનાં છેાકરાની બા એડીની નજર શારીના છેહડા ઉપર લખેલી ઉપલી બીના ઉપર પે

ડી, અને તે વાંચીને શહમજી ધેઆંનમાં લીધું. એ કાંમને વાશતે તેને રૂપીઆ જોઈતા હતા; માટે એક મજબુત ઈશકોતરી ઘેર મધેથી લેઈને તેની અંદર શંધીન પથર ભરેઆ, અને પોતાનાં ભરથારના મીનરને ઘેર લેઈ ગેઈ, અને તેને જણાવીઉ કે આ પેટી મધે જેવ રછે, અને એની કુંચી તેનાં ભરથાર પાશીછે, અને મને અવડાં રૂપી આ જોઈએછે, માટે એ પેટી તારે તાંહ રાખીને મને રૂપીઆ આપ વા કે તેનો ભરથાર અવેથી રૂપીઆ આપીને પેટી પાછી લેઈ જા શે. એ ઉપરથી પેલા મીતરે તેને જોઈતા રૂપીઆ આપેઆ, અ ને તે લેઈને શાશુ પાશે ગેઈ, અને તેને જણાવીઉ કે હું થેાડો વ ખત મારે પીઅરે જાઉ છેઉ. ગાંમને પાદરે જાઈને મરદનો વેશ લી ધેા, અને પછે આગલ ચાલતાં એક ગાંમ મલીઉ કે જાંહ પાંણીની ઘણી ટંગી હતી તાંહનાં પટેલની શાથે તાંહ એક વાવ ખણાવવા ની ગેાઠવણ કીધી, અને તેનું કાંમ શહરૂ કરાવીને તેનાં ખરચને માટે રૂપીઆ આપીને તાંથી આગલ ચાલવા લાગી. એ પછે તાંહ થી આગલ જાતાં એક બીજું ગાંમ મલીઉં જાંહની વશતી શુખી, અને આબાદ હાલતમાં હતી, અને ગાંમ પણ રશીલું લાગાથી તાંહ કુવેા ખણાવવા તથા બાગ બનાવવા શારૂ તાંહનાં મજમુનદા રની શંગાથે ગેાઠવણ કીધી, અને તેને લગતું કાંમ શહરૂ કીધા પ છે તેને માટે ખરચનાં રૂપીઆ આપીને વલી આગલ ચાલી. આગ લ જાતાં એક શેહર આવીઉ, અને તાંહ એક શેાદાગર રેહતેા હતેા તેને ઘેર ઉતારેા લીધેા. આ શેાદાગરની શાથે વાતચીત કરતાં પે લી છેાકરીની તથા શેાદાગરની નાત એકજ માલમ પડી, અને તે ઉપરથી શેાદાગરની દીકરી કુમારી હેાવાથી તેની શંગા થે પરણાવી! જેને શાથે લેઈને પેાતાના ભરથારનાં મુલક તરફ ગે ઈ. તે શેહરની અંદર એક ગવલણ રેહતી હની, જેને તાંહથી મેા ટે વાંધેના લેાકેા દુધ લેઈ જાતાં હતાં, અને તેની ખબર મલવા ઉ પરથી પેલી અશતરીએ તે ગવલણના ઘેર મધે ઉતારેા લીધેા, અને તેની આગમચ પેાતે અશતરીનેા વેશ પાછેા પેહરેએા હતેા. આ હેકાં ણે રહેઆ પછે તે છેાકરીએ પેલી શેાદાગરની જે છેાકરી, જેને તે યરણી લેઈ ગેઈ હની તેની, અને પેલી ગવલણની આગલ શગલી

બીના જાહેર કીધી. શાંહજ પડી તારે એક શીપાહી ગવલણનાં ઘેર માં દુધ લેવાને ગએએા, અને તેને જોઈને પેલી ગવલણે પેલીને જ ણાવીઉ કે આ શીપાહી તારા ભરથારને ઘેરનોછે. ગવલણે પેલા શીપાહીને જણાવીઉ કે તારા શેઠને કેજે કે ગવલણને ઘેર શેા હભાવંતી બાએડીએા આવેલીછે. શીપાહી દુધ લેઈ ગએએા, અ ને પેાતાનાં શેઠ આગલ ગવલણની વાત જાહેર કીધી. બીજે દીને પેલી શેાદાગરનીએ ગવલણનાં વાશણ મધે શાકર નાંખીને દુધ દેા હી આપીઉ, જથી તેનાં દુધની વધારે તારીફ થાઈ હતી. પેલા શેા દાગરે દુધ પીધા પછે શીપાહીને પુછીઉ હતું કે આજે દુધ કાંહ થી લાવીએા, તારે શીપાહીએ જણાવીઉ કે ગવલણનેજ તાંથી લા વીએા; પણ તેનાં ઘેર મધે આવેલી પેલી અશતરીએ પેાતાને હા થે દેાહી આપીઉ હતું. પેલેા શેાદાગર બીજે દીને જારે ફરવા ની કલીએા તારે,પેલી ગવલણના ઘેર મધે દુધનેા હીશાબ કરવાને બાંહ ને દાખલ થાએએા, અને તેનેા હીશાબ કરતાં પેલી બંધે અશત રીઓની ઉપર નજર પડવાથી તેઓનાં નાંમ ઠાંમ અને પરણવા વીશે પુછેઉ, જેનેા જવાબ પેલી શેાદાગરણીએ ઉલટી રીતે આપેએા હ તેા. શેાદાગરે ઘેર જાઈને પેાતાની પાલખી મેાકલીને પે લી શેાદાગરણીને બેાલાવી. શેાદાગરણી પેાતે નહી ગેઈ પણ પેાતા ની શાથે પરણી લાવેલી છેાકરીને મેાકલી. આ પરમાંણે આવજા વ કરતાં લાંમબેા વખત નીકલી ગએએા, અને શેાદાગરની પીઠથી પેલી છેાકરીને હમેસ રેહુઆ. આ બનાવને શાત માંશ થાએઆ પ છે પેલી શેાદાગરણીએ પાલખી પાછી વાલીને પેલી છેાકરીને નહી મેાકલી, અને જણાવીઉ કે અમે અવે અમારે દેશ જાઈએછે. એ ઉ પરથી શેાદાગરે ફરીથી પાલખી મેાકલીને પેલી શેાદાગરણીને બેાલાવી મંગાવી,અને તેને જણાવીઉ કે તારેથી મારેા જીવ ખુશ થાએએાછે, અને અવે તું તારે દેશ જાએછે; માટે તારે કાંઈ માંગવું હેાએતેા કેહ. પેલીએ અરજ કીધી કે દેાલત દુનીઆ શરવે કેાઈ મારી પા શેછે; પણ તારી ઈઆદગીરી દાખલ તારૂં તાજ,કંમરબંધ,રેામાલ, અને બાજુબંધ આપ. પેલા શેાદાગરે તે શગલું આપેઆથી શેાદા ગરણી તાંથી નીકલી, અને ગવલણને ઘેરથી પેલી છેાકરીને લેઈ

ને તેના શેહર તરફ રવાનાં થાઈ, અને રશતા મધે પાછો મરદનો વેશ લીધો. પેલી છોકરીને તેનાં માંબાપને ઘેર લેઈ ગેઈ, અને તે ઓની લેટ કરાવીને કેટલીએક મતા તેઓને આપી, અને તે પછે છોકરીને મોકલવાનો ભરોશો દેઈ તાંહથી નીકલી, અને પોતાને ઘેર જાતી વેલાએ પેલી વાવ, કુવો, અને વાડીની તપાશ કરતી ઘેર ગેઈ હતી. પેલી છોકરીને શેહર ઘેરનાં લોકોથી છુપી રાખી હતી, અને એક ભાંએડાંની અંદરજ તેને બાલક જણાવીઉં હતું. ને બા લકને આશરે પાંચ વરશ થાએઆં તારે પેલો શોદાગર પોતાને ઘેર તરફ નીકલીઓ, અને રશતામાં આવતાં તેણે પેલો કુવો, બાગ, અ ને વાવ બનાવેલી જોઈ, અને તેની ઉપર જડેલા પથરની ઉપર જે નામ કોતરેલું હતું. તે વાંચીને ખુશી થાએઓ. ઘેર જાઈ પુગા પ છે પોતાના દોશત મીતરોનો લેટ, અને મુલાકાત લીધી. ઘેરમાં જા રે તે નીરાંતથી બેઠેલો હતો તારે, પેલા છોકરાને તાજ, કમરબંધ, અને બાજુબંધ પેહરાવીઓ, અને પેલા રોમાલ શાથે શોદાગરના ખોલા ઉપર બેશાડીઓ. શોદાગરે છોકરો જોઈ બાએડીને પુછીઉ કે એ કોંણનો છોકરો ? બાએડીએ જણાવીઉંકે ઈધાંણીઓ ઉપ રથી જેનો હશે તે ઓલખી લેશે. પોતાનુ તાજ વીગરે ઓલખી આથી તેને ઈઆદ આવી કે જારે હું મુશાફરીએ ગએઓ તારે શા રી ઉપર જેમ લખી ગએઓ હતો તેમ એણે શગલું બરોબર બ જાવીઉં ખરૂં. એ પછે શોદાગરે પોતાની બાએડીને પુછીઉંકે અ રે છેક તાંહથુંધી તું કેમ આવી ? શોદાગરણીએ જવાબ દીધો કે આ વીતો ખરી; પણ કાંઈ બીગડીતો નહી. શોદાગરે પુછેઉંકે એ શગલું બનાવવા માટે નાંણાં કાંથી લાવી ? શોદાગરણીએ પેલી પેટી શંબંધી શગલી બીનાં તેને જણાવી. એ ઉપરથી તે પોતા ના મીતરને ઘેર ગએઓ, અને તેને તેના રૂપીઆ હવાલે કરીને પેલી ઈશકોતરી ઉંઘાડી દેખાડીતો અંદર પથરા ભરેલા હતા. એ જોઈ પેલો મીતર વીચારમાં પડેઓ, અને તે પછે શોદાગરે બધી બીનાં તેની આગલ જાહેર કીધી, જેથી પેલી અશતરીની દલેરી ઉ પર તેણે ઈશવર આગલ દુઆ માગી.

લલીતા નામે છોડીની ચંચલાઇ.

એક ચાર મીતરો ધંધાને માટે મુશાફરી કરવા શારૂં એક વી ચારથી પરદેશ જવાને નીકલીઆ. આગલ ચાલતાં એક શેહર મધે તેઓ જાઈ પુગા, અને શાંહજ પડવાને લીધે ખાવા માટે તજ વીજ કરવા લાગા. ખાવાને શારૂં શેહર મધે જવાનો વીચાર ક રેઓ, અને પાછા ફરેઆ પછે એક ઠેકાંણે લેગા થવાનો ઠેડાવ કરેઓ. આવી રીતનો ઠેડાવ કરેઆ પછે તરણ જણાઓએ પેલે મુકરર કીધેલે ઠેકાંણે વીશામો લીધો, અને એક જણ શેહર મધે ગએઓ. આગલ ચાલતાં, અને પરપુછ કરતાં "હીમતરાંમ" નામના એક શાહુકારનુ ઘેર આવીઉં, અને તે ઠેકાંણે જાઈને ખાવા ને શારૂં તજવીજ કરવાનો ઈરાદો કરેઓ. આ વેલાએ "હીમત રાંમ" શાહુકારની દીકરી, જે "લલીતા" કરીને હતી તે પોતાના બારણા આગલ ઉલેલી હતી. પેલા મુશાફરે લલીતાને ખાવા મા ટે અરજ કીધાથી, તે બોલી કે ભાઇ, તને ખાવાનુ આપવાને હું તઈઆર છેઉં, અને વલી જો જોઇશે તો રશતા ખરચને શારૂંબી પઈશા આપશ; પણ તેની આગમચ તારે ખરેખરૂ મને કેવું જોઇ એ કે તું કોંણછે ?

પરદેશીએ જવાબ દીધો કે બાઇ હુંતો ગરીબ છેઉં.

લલીતાએ જણાવીઉં કે તું ખરૂં બોલીઓ નથી, અને મને જુઠું જણાવેછે; કાંકે પુરથવીની ઉપર ગરીબ માતરે બેજછે, અને તું જુઠું બોલીઓ તેથી તું અતરેથી ચાલીઓ જા: હું તુંને કાંઇ એ આપતી નથી.

એ ઉપરથી પેલો પરદેશી તાંથી ચાલતો થાએઓ, અને બને લી વાત પોતાના તરણુડે મીતરો આગલ જણાવી. એ વાત શાંભ લવા ઉપરથી તે તરણ જણ મધેનો એક શખશ ઉઠી ઉભો થાએ ઓ, અને જણાવીઉં કે ચાલો "લલીતા" પાશેથી હું ખાવાનુ લે ઈ આઉં. તે પરદેશી "હીમતરાંમ" ના ઘેર આગલ ગએઓ, અ

ને તે વેલાએ "લલીતા" ઘેર મધેથી બાહેર આવી. પરદેશીએ લલીતા પાશે ખાવાનું માંગેઆથી તે બોલી કેઃ—

ભાઈ તું'ને ખાવા પીવાને આપવાને હું તઈઆર છેઉ; પણ તે કેઆરે કે તું કોંણછે તે વીશે મને ખરેખરી વાત જાહેર કરે.

પરદેશીએ "લલીતા" ને જણાવીઉં કે ભાઈ, હું'તો મુશાફર છેઉં; માટે મને ખાવાનુ આપ.

લલીતાએ તેને જણાવીઉં કે ભાઈ, આ પુરથવીની ઉપર મુશાફર માતરે બેનછે; માટે તું જુઠું બોલેછે, અને તેટલા શારૂં હું તું'ને કાંઇ આપી શકતી નથી.

આ ઉપરથી પરદેશી બીચારો લાચાર થાએઓ, અને પાછો પોતાના મીતરોની આગલ ગએઓ, અને લલીતા શંગાથે તેને થાએલી વાતચીત પોતાના મીતરો આગલ જણાવી.

એ ઉપરથી તેઓમોના તરીજા મીતરે લલીતાની પાશે જવાની તઈઆરી કીધી, અને ઉઠી ઉભો થાઈને બોલીઓ કે ભાઈઓ, હું લલીતા પાશે જાઉં છેઉં, અને એને પીંગલાવીને ખાવાનુ લાઉં છેઉં. એટલું કહીને તે તાંથી નીકલીને ચાલતો થાએઓ, અને "હીમતરાંમ" શેઠનુ ઘેર પુછતો તેના ઘેર આગલ જાઈને ઉભો, અને ખાવાનુ માંગીઉં. આ ખબર શાંભલતાંજ વલી "લલીતા" ઘેર મધેથી બાહેર આવી, અને પેલા પરદેશીને પુછીઉં કે ભાઈ તું કોંણછે, તે જો શાચું બોલે તો હું તને ખાવાનુ આપું, અને વલી તે શાથે વાટનો ખરચ પણ આપું.

એ ઉપરથી તે પરદેશીએ જવાબ દીધો કે બાઈ, હું'તો નર છેઉં; માટે તું'ને ઘટેછે કે મને કાંઇ ખાવાનુ આપ.

લલીતાએ જણાવીઉં કે તું જુઠું બોલેઓછે; કાંકે આ દુનીઆં મધે નર માતરે બેનછે, અને તરીજો નર આ પુરથવી ઉપર કોઈએ નથી, અને જરે તું જુઠું બોલીઓ તારે તું'ને કશુંએ આપેઆમાં આવતું નથી.

એ શણુન શાંભલતાંજ તે મુશાફર તાંહથી પાછો ફરેઓ, અને પોતાના તરણુડે મીતરો આગલ ગએઓ, અને લલીતા શંગાથે થાએલી વાતચીત તેઓ આગલ કહી શંભલાવી.

એ ઉપરથી ચોથો પરદેશી ઉઠીને લલીતા પાશે જવાને તઈ આર થાએઓ, અને તેણે વીચારીઉં કે લલીતા જે કેછે ને બેન કેછે કે આ પરથવી ઉપર ગરીબ, મુશાફર, અને નર બેનછે; તો અવે હું એને "ઘઘેડો" કેહું; કાંકે પુરથવી ઉપર "ઘઘેડા" તો ઘણાંએ ફરેછે; માટે અવે લલીતાને ફશાવવાની ઈઉકતી મારા હાથ માં ઘણી શારી આવી ગેઈછે. એ વીચાર ઉપરથી તે તાંથી નીકલીઓ, અને લલીતાના ઘેર તરફ ગએઓ, અને તાંહ જાઈને પુછવા લાગો કે બાઈ, કાંઈ ખાવાની તજવીજ થાશે ? આ ખબર લલીતાને થાવાથી તે ઘેર મધેથી બાહેર નીકલી, અને પેલા પરદેશીને પુછવા લાગી કે ભાઈ તમોને શું જોઈએછે ?

પરદેશીએ જવાબ દીધો કે—બાઈ, મનેતો ખાવાનુ જોઈએછે.

લલીતાએ તેને જણાવીઉં કે ભાઈ, ખાવાની શાથે જો તું ચા હતો હોએ તો, તને રશતાનો ખરચ પણ આપેઆમાં આવશે; માટે જે વાત હું તુને પુછું તે તારે શાચી બોલવી જોઈએ.

પરદેશીએ કહીઉ કે બાઈ પુછની, જે ખરી બીનાં હશે તે જાહેર કીધામાં આવશે.

લલીતાએ તેને પુછીઉં કે ભાઈ શાચું બોલની, તું કોણછે ?

પરદેશીએ જણાવીઉ કે હુંતો "ઘઘેડો" છેઉં; માટે મેહર બાની કરીને મને ખાવાનુ આપવું જોઈએ.

લલીતાએ તેને જણાવીઉં કે આ પુરથવીની ઉપર "ઘઘેડા" માતરે બેનછે, અને તરીજો ઘઘેડો કોઈએ નથી, અને જારે તું એ પરમાંણે જુઠું જ બોલીઓ તારે, અવે તુંને ખાવાનુ આપી શકા તું નથી.

એ ઉપરથી ચોથો મુશાફરબી તાંથી પાછો ફરેઓ, અને પોતાના તરણુડે ભીતરોની આગલ ગએઓ, અને લલીતા શંગાથે થાએલી વાતચીતથી તેઓને જાણીતા કરેઆ. આ ખબર શાંભલવા ઉપરથી તે ચારે ભીતરોએ એક બીજામા વીચાર કરી ઠેડાવ કરેઓ કે લલીતા અમશથકી આપણી ટકોર કરેછે; પણ ખાવાને કાંઈએ આપતી નથી; માટે આપણ ચારે જણાઓ શાથે મલીને એની પાશે જાઈએ, અને એને ફાકલુદીથી પીગલાવીને ખાવાને કાંઈ પણ મેલ

વીએ. આ વીચાર કરીને તે ચારે ભીતરો એકઠા થાઈ લલીતા ના ઘેર આગલ ગએઆ, અને ચારેએ શાથે મલીને ખાવાનુ માંગ વાનો શવાલ કરેઓ. આ વેલાએ લલીતાએ બાહેર આવીને તેઓ ને પુછીઉં કે તમો શું કેવો છેઓ. એ વેલાએ તે મુશાફરોએ ઘ ણીજ કાકલુદીથી જવાબ દીધો કે બાઈ, અમો ચારે જણ વારા ફરતી તારી પાશે ખાવાનુ માંગવાને આવીઆ; પણ તેં અમારી ભુખ ભાંજવાનો કશોએ એલાજ નહીજ કીધો, અને અવે શાંહજ પ ડી ગેઈ. અમો આ ગાંમથી અંજાણા મુશાફર છઈએ; માટે અ વે બીજ કોઈ ઠેકાંણે જાઈ ખાવાનુ માગવાનો ઉપાએ અમારા હા થ મધે રેહેઓ નથી, અને જો તું અમોને કાંઈ ખાવાનુ નહીજ આપશેતો, ખચીત ભુખા શુતા વગર અમારી પાશે બીજો કશોએ એલાજ રહેઓ નથી. આ ઉપરથી લલીતાને તેઓની હાલતં ઉ પર દએઆ આવી,અને તેથી તેણે તે ચારે જણને પોતાના ઘેર મ ધે બોલાવીઆ,અને પોતાના બાપના કીલીદારને હોકમ કીધો કે એ ચા રે મુશાફરને શારૂં લોજન કરાવીને મારી પાશે પાછા લાવવા. કી લીદાર લલીતાના હોકમ પરમાણે તેઓને રશોડીઆમાં લેઈ ગએ ઓ, અને રાંધણીઆને હોકમ કરીને તે ચારે મુશાફરોને શારૂં અ ને શુતરૂં લોજન જમાડેઉં, અને પછે તેઓને લલીતા પાશે પાછા લે ઈ ગએઓ. લલીતાએ તેઓને મોટાં માન શાથે પોતાની પડોશ મા બેશાડીઆ, અને પાન શોપાડી ખાવાને આપી. એ પછે પો તાના બાપના કીલીદારને હોકમ કરેઓ કે એ ચારે મુશાફરોને એ ક એક શાલ, અને એક એકશો રૂપીઆ લેટ દાખલ આપવા. કી લીદારે જવાબ દીધો કે—બાઈ, જમવા માટે તેણે કશીએ અડચણ લીધી નહી; કાંકે તેનો ઉપાએ થાઈ રેહેશે; પણ શાલ, અને રોક ડ રૂપીઆ તો તેનેથી તારા બાપના હોકમ શીવાએ આપી શકાએજ નહી. આ શખુન શાંભલવા ઉપરથી લલીતાને મોટો ગોશો ઉપ જ્યો, અને કીલીદારને જણાવીઉં કે કાંઈ ફીકર નહી. આજ દીને તેં મારો શખુત રદ કરેઓછે; માટે ઈઆદ રાખજે કે અવે થો ડા દીવશમા તુંને ચાકરીથી બરતરફ કરાવીઆમાં આવશે.

બેચારા કીલીદારને તો આ બનાવથી મોટી અડચણ થાઈ

પડી, અને જમ જાણે શુલીની વચે શોપારી આવી હોએ તેમ, વી ચાર કરવા લાગેા કે—અગરજો લલીતાની માંગણી કબુલ રાખુ છે ઊં તેા શેઠ ગેાશેા કરેછે કે મારા હોકમ વીગર તું એ રકમ શા માટે આપીછે; પણ અગરજો નથીજ આપતેા તેા, લલીતાની તરફ નેા મેાટેા કોફ તેની ઉપર ઉતરેછે, અને તે પેાતાના બાપની એક જ પુરી દીકરીછે; માટે કાંઇબી બેાહતાન તેની ઉપર ઉઠાવીઊં તેા, તેની વાત તેનેા બાપ ખરેખરીજ શહમજવાનેા, અને જો લેાગચેા ઘડીએ તેમ થાઇઊં તેા, લાભબા વખતની ચાકરી ખોહી બેશવું પ ડવાનું; માટે લલીતા પેાતાના બાપની આગલ જઇ તેની ઉપર કાં ઈ પણ તેાહમત ઉઠાવે તેની આગમચ તેણે કાંઇબી ઈઉકતી કામે લગાડવી જોઇ, અને એના બાપની પાશે જાઇને એનીજ ફજેતી કર વી જોઇએ કે પછે એની તરફની મારી શગલી નડ નીકલી જાએ. એ પછે કીલીદાર લલીતા પાશેથી નીકલીને પેાતાના શેઠ હીમતરાંમ ની પાશે ગએેા, અને તેને કહીઊં કે શેઠજી, અવે આપણા કુલને ખાપણુ લાગે, અને લેાકેામા ઉપવાદ થાએ, તેવી અવશર આવીછે; માટે અવે માહરેથી શાહન થવાતું નથી.

શેઠ પુછીઊં કે ભાઇ એવેા તે બનાવ શું બનેઓછે, અને તે વાત મારી આગલ કાંએ કરતા નથી ?

કીલીદારે કહેઊં કે શાહેબ, આપણી લલીતા બેહન અવડેથી ખેાટાં કરમ એાચરેછે. શાહેબ, આ મારાં કેવા ઉપર ભરેાશેા રા ખી અમલ કરવાનાં કરતાં, તમારી જાતે તપાશ કરવી, અને નજરે જોવેા; કાંકે એણે બીન ધાશતીથી કેાઇ ચાર પર પુરશેાને પેાતાની પડેાશમા બેશાડેલાછે, અને તેઓ રાંગાથે એકાંતપણાથી ખુશી ખુ શાલીની વારતાએા કરેછે. એખલું એજ નહી, પણ મને હોકમ કરીને તે દરએકને ઉતમ પરકારનુ ભેાજન કરાવીઊં, અને તે ઉપરાં ત, તે દરએકને એક એક શાલ, અને એક એકશેા રૂપીઆ આપવા ને મને હોકમ કરેઓ. મેં ધીરજથી એ બેહેનને જણાવીઊ કે ત મારા બાપના હોકમ વગર મારેથી ચાર શાલ, અને ચારશેા રૂપીઆ અપાએ નહી, તારે મારે ઉપર મેાટેા ગેાશેા કરીને મને જણાવીઊ કે કાંઇ દીકર નહી; હું તારી ખબર લેઇશ. એ ઉપરથી હું

તમારી પાશે આવીએા છેઉં, અને બનેલી હકીકત જાહેર કરીછે. કદાચીત લલીતા તમારી આગલ કાંઈ આડી અવડી વાત કરે, અ ને તે ઉપરથી તમે મને ઠપકેા આપેા તારે તમેાને જવાબ દેવાનેા એ લાજ મારી પાશે રેહજ નહી. જે વાત હુંએ તમેાને અવડાં કહી છે તે ચાર પર પુરશેા અવડાં ઘેર મધ્યે જ બેઠેલાછે; માટે અગરજો તમેા શાહેબ જરા તશદી લેઈને એ બેહનના મેહલ આગલ આવશેા તેા, મારૂં કેવું ખરૂંછે કે ખેાટું તે ઉપર વીચાર બાંધવાને તમેાને શેહલાઈથી બની આવશે. એ ઉપરથી હીમતરાંમ શેઠ જહડપથી ઉઠીઆ, અને પેાતાના કીલ્લીદારની શાથે લલીતાના મેહલ મધ્યે ગ એઆ, અને જોએછે તેા, પેલા ચારે પુરશેા પલંગની ઉપર બેઠેલાછે. આ દેખાવ જોતાંજ હીમતરાંમને મેાટેા ગેાશેા ઉપજીએા, અને તુરત જ તે પુરશેાની ઉપર માણશેાનેા પેહરેા રાખેએા, અને પેાતે રાજા ની પાશે ગએઆ, અને તેની આગલ બનેલી શગલી વાત જાહેર કી ધી. રાજાએ જોઈઉં કે હીમતરાંમ શેઠ એક પરમાણીક પુરશછે, અને વલી તે શાથે કુલવાનછે; માટે તે ધણી કધીબી જુઠું બેાલે જ નહી. આવા વીચાર ઉપરથી રાજાએ શીપાહીઓને હેાકમ કરે એા કે હીમતરાંમ શેઠની શાથે જવું, અને જે ચાર પુરશેા તે બ તાવે તેઓને પકડી લાવીને શુલીએ ચડાવવા, અને હીમતરાંમની દી કરી લલીતાને ચેાકી મધ્યે રાખવી. શીપાહીઓએ હીમતરાંમની શાથે જાઈને તેના કેવા પરમાણે પેલા ચારે જણાઓને પકડીઆ, અને તેઓને જણાવીઉં કે રાજાના હેાકમ ઉપરથી તેઓને શુલી ઉ પર ચડાવીને મારી નાખેઆમાં આવશે. એજ પરમાંણે લલીતાને પકડીને તેને જણાવીઉં કે તેને પકડીને ચેાકી મધ્યે કેદ રાખેઆમાં આવશે. એટલુ તેઓને કહીને તે પાંચે જણાઓને લેઈને શીપાહી એા તે મેહલ મધ્યેથી બાહેર નીકલી ચાલતા થાએઆ.

આ વેલાએ પેલા ચાર મુશાફરેા બેાલીઆ કે આ શેહરના રા જાનેા કેવેા જુલમછે કે કેાઈનેાબી અપરાધ કીધા વગર નકામા શુલી એ ચડાવેછે. આ શબ્દ શાંભલીને લલીતાએ તેઓને દેલાશેા દી ધેા, અને બેાલી કે એ માટે તમેાએ તમારા મનમા જરાએ ભએ રાખવેાજ નહી. એ પછે લલીતાએ શીપાહીઓને એલતેમાશ કી

ધી કે ભાઈઓ, અમારે રાજા આગલ કાંઈએક ફુલાશો કરવાનોછે; માટે પરથમ રાજા આગલજ અમોને લેઈ જાવા; એ પછે રાજા જે હોકમ કરે તે પરમાણે અમોને શજા કરવી. એ ઉપરથી શી પાહીઓ તેઓને રાજાની પાશે લેઈ ગએઆ, અને તે પાંચે જણને રાજાની શામણે ઉભા કરેઆ. આ વેલાએ લલીતા એ રાજાને જણાવીઉં કે શાહેબ, અમારો ઈનશાફ કીધા વીના, અ ને અમો ખરાંજ તકશીરવાર છેઈએ કે નહી, તે વાતની તપાશ કી ધા વગરજ અમોને શુલીએ ચડાવીને મારી નાખવાનો એકેદમ તેં જે હોકમ કરેઓ તે હોકમ તમારા અદલ ઈનશાફને જાંહુખ લગાડ નારોછે; માટે પરથમ અમારો ઈનશાફ કરો, અને તે ઉપરથી અગ રજો અમો અપરાધી ઠડીએતો,તમારી નજરમા આવે તેવી શજા અ મોને કરજો,અને તારે તમારો ઈનશાફ અદલ,અને વાજબી કેહવાશે.

એ ઉપરથી રાજાએ પેલા ચારે મુશાફરોને પુછીઉં કે તમો ચારે જણાને હીમતરાંમ શેઠની દીકરીના ઘેર મધે જાઈ બેશવાનુ કા રણ શું ?

એના જવાબમાં તે મુશાફરો મધેથી એક જણ બોલીઓ કે શાહેબ, અમો ચારે જણાઓ ધંધો શોધવા માટે અમારે દેશથી ની કલીઆ, અને તમારા શેહર મધે આવીને ઊતારો લીધો, અને ખા વાનુ મેલવવા માટે ગાંમમાં ફરવાનો ઠેડાવ કરેઓ. એ ઠેડાવ પર માણે હું પરથમ લલીતાના ઘેર પાશે ગએઓ, અને ખાવાનુ માં ગીઉં, તારે લલીતાએ મને જણાવીઉં કે તુંને ખાવાનું આપવાને તે તઈઆરછે; પણ જે શવાલ તે પુછે તેનો જવાબ આપેતોજ તે ને ખાવાનુ આપેઆમાં આવશે. એ વાત મેં કબુલ કીધાથી, લલી તાએ મને પુછીઉં કે તું કોણછે, તે વાત મારી આગલ ખરીજ કે શેનો, તુંને ખાવાનું મલશે, અને તે શાથે રશતાનો ખરચ પણ આ પેઆમા આવશે. એ ઉપરથી મેં લલીતાને જણાવીઉં કે બાઈ, હુંતો ગરીબ છેઉં, એ ઉપરથી લલીતાએ મને જણાવીઉં કે આ પુરથવી ઉપર ગરીબ માતરે બેજછે, અને તું જુઠું બોલીઓ તેટ લા શારૂં તુને ખાવાનુ આપતી નથી.

રાજાએ લલીતાને પુછીઉં કે પુરથવીની ઉપર ગરીબતો ઘણાછે, અને તેં જે બે ગરીબ બતાવીઆછે તેનુ કારણ શું ?

લલીતાએ જવાબ દીધોકે પુરથવીની ઉપર ગરીબો ઘણા નથી, અને જેઓને તું ગરીબ ધારતો હોએ તેઓ કાંઈ ગરીબ કેહવાએ નહી. કાંકે પુરથવીની ઉપર એક "ગાએ", અને બીજી "દીકરી" શીવાએ તરીજો કોઈ ગરીબ નથી. ગાએ, અને દીકરીનો જેબી ધણી થાએ તેની શંગાથે તે મુંગે મોહડે ચાલી જવાની; માટે એના કરતાં બીજો ગરીબ પુરથની ઉપર કોઈ મલવાનો નથી, અને તેટલાજ માટે હુંએ જે બે ગરીબ બતાવીઆછે તે ખરાજછે; કાંકે તે બંને જણાએાને જેબી ધણી મલીઓ હોએ તે કદાચ કશાઈ હોએ, નપુશક હોએ, અથવા દલદરીબી હોએ; તોપણ એ બંને જણા તે ધણીને તાએબે રેહછે.

રાજાએ લલીતાને જણાંવીઉંકે તારૂ બોલવું વાજબી, અને ખરૂંજછે. એ બંધેના જેવું ગરીબ પુરથવી ઉપર કોઈએ નથી.

એ પછે બીજો મુશાફર બોલીઓ કે શાહેબ, જરે લલીતાના ઘેર આગલ હું ખાવાનુ માંગવાને ગએેઓ, અને મને પુછીઉંકે તું કોણછે, અને મેં જણાવીઉંકે હું મુશાફરછેઉ તારે, લલીતાએ કહીઉ કે પુરથવી ઉપર મુશાફર માતરે બેજછે, અને તેથી તુ જુઠું બોલીઓછે.

રાજાએ લલીતાને પુછીઉંકે પુરથવીની ઉપર મુશાફરતો ઘણાંબી ફરેછે, અને તે માતરે બેજ જણાવીઆ તેનુ કારણ શુ ?

લલીતાએ જવાબ દીધો કે શાહેબ, જો ખરા મુશાફરો શોધવા માંગતા હોવતો, પુરથવીની ઉપર એક "ચાંદ", અને બીજો "શુરીજ"છે, જેઓ રાત, અને દીન પુરથવીની ઉપર ફરેઆજ કરેછે; તારે અવે તરીજો મુશાફર કોણને ગણીએ ? માટે મેં જે બે મુશાફરો ગણેઆચ તે વાજબી, અને ઘટતાજછે.

રાજાએ કબુલ કીધું કે લલીતાએ ઠેડવેલા બે મુશાફરો ખરે ખરાજછે.

એ પછે તરીજો પરદેશી બોલીઓ કે શાહેબ, મેં લલીતાને જણાવીઉં હતું કે હું નર છેઉં, તારે લલીતાએ જણાવીઉં કે

પુરથવીની ઊપર માતરે બેન્જ નરછે, અને તેઓ શીવાએ બીજો ન ર કોઇ નથી.

રાજાએ લલીતાને પુછીઊં કે પુરથવી ઉપર નરતો ઘણાએ વ શેછે, અને તમોએ માતરે બેન્જ નર બતાવીઆ તેનુ કારણ શું ?

લલીતાએ જવાબ દીધો કે શાહેબ,તમો કેવોચ તે પરમાણે પુ રથવીની ઉપર ઘણા નરો કેવાએછે; પણ જેઓની છાતીની ઉપર ધાઈ, અથવા આંચરનો આકાર હોએ તેઓને નરમા ગણી શકાએ જ નહી; માટે ખરાજ નર શોધવા હોએતો, શાહશતરમા જણાવી આ પરમાણે, એક નર "ઘોડો," અને બીજો નર "અરજુન" નામનો એક પુરશ, જે આગલ લડાએક થાઇ ગએલોછે; માટે તે ઓના શીવાએ તરીજો નર કોઇએ નથી.

આ વાતને રાજાએ કબુલ રાખી, અને જણાવીઊં કે લલીતા જે વાત કહેચ તે ખરીજછે.

ચોથા પરદેશીએ જણાવીઊં કે જરે તેને લલીતાએ પુછીઊં તા રે, તે બોલીઓ હતો કે હુંતો ઘોડો છેઊં, અને તે વેલાએબી લલી તાએ જણાવીઊં હતું કે પુરથવીની ઉપર ઘોડાતો માતરે બેન્જછે, અને તું જુઠું બોલીઓ; માટે તુંને કાંઇ આપેઆમાં નહી આવશે.

રાજાએ લલીતાને પુછીઊં કે પુરથવીની ઊપર ઘોડાતો ઘણા છે, અને તું માતરે બેન્જ બતાવેછે તે કહેઆ ?

એના જવાબમા લલીતાએ કહીઊં કે શાહેબ, અગરજો તક શીર માંફ કરે, અને ખરૂં બોલવાની રીશ નહી કરેતો અલબતે આ પુરથવીની ઉપર જે અવીચારી બે ઘોડાછે તેઓનુ વરણન હું તમારી આગલ કરૂં; પણ તે વરણન શાંભલવાથી ગોશામા આવી ને મને તથા મારા મીતરોને કશીએ ઈજા દેવી નહી જોઈએ: અ ગરજો આવી રીતની કબુલાત તમો મને આપેતોજ આ પુરથવી ઉ પરના ખરા બે ઘોડાનું વરણન હું તમારી આગલ કરૂં.

રાજાએ જવાબ દીધો કે ખરી વાત કેવામા કશીએ અડચણ નથી, અને જો તું ખરોજ ખુલાશો કરશેતો, તુંને શજા કરવાની જરાએ જરૂર નથી; માટે જે હોએ તે બોલી દેવું જોઈએ.

લલીતાએ જણાવીઊં કે શાહેબ, એક ઘોડોતો મારો બાપ,

કે જેણે માતર કીલીદારના કેવા ઉપરજ આધાર રાખેઓ, અને કશીબી પરપુછ કીધા વગર, અથવા મારો બોલાશો જાણેઆ વગર મારી ઉપર બદગુમાન લેઈ ગએઓ, અને તારી આગલ તે વાત જાહેર કરીને આખી શેહર મધે મને રૂશવા કરવાની ઈઉકતી કીધી. અવે બીજો ઘધેડો તું પોતેછે; કાંકે માતરે મારા બાપના બોલવા ઉપરજ આધાર રાખીને અમો પાચે જણને શજા કરવાને. તઈઆર થાઈ હોકમ આપેઓ, જેથી શગલા નીરદોશતો, વગર કારણે ઈજા ભોગવને. આ કામ કીધાથી તેં તારા વાજબી, અને અદલ ઈનશાફને જાંહખ લગાડીછે. તમારીતો ખાશ ફરજ હતી કે પરમેશવરની પેઠે, અમો તમારાં શરવ બાલ બચાંથી, પરપુછ કરતે,અને તેની અંદર જો અમારી ઉપર અપરાધ શાબેત થાતે તોજ શજા કરવાનો શખુન તમારી તરફથી બાહેર પાડવો જોઈતો હતો; પણ તેમ કરવાને બદલે વગર પરપુછ કરવે એકેદમ મોટી શજાનો તઈઆરી કીધી; એ કામ ખરેખર રાજા શાહેમ, તમોએ અને મારા બાપે એક ઘધેડાના શરખુંજ કીધું છે.

વાઘનો મશુલ ઘરેહ.

એક શેહર મધે એક શાહેર રેહતો હતો. એક દીવશે તેને એક ગાંમ તરફ જાવાને કારણ પડીઊં, અને તે ગાંમ તરફ જાતાં રશતા વચે એક પાહડ આવીઓ હતો, અને તેની અંદરથી આવેલા એક ખોહ મધે થાઈને પેલા ગાંમ મધે જાવાનો રશતો હતો. પાહડ મધે જે ખોહ હતો તે શીધો, અને શરખો, જાંણે કોઈએ કોતરી કાડેલો હોએ તેવો હતો. પેલો બોલભાવ જારે તે પાહડની નજદીક જાઈ પુગો તારે, પાહડની બાહેરની પેલી બાજુએથી દોડતો આવતો એક વાઘ જોએઓ. આ બનાવથી પેલા શાહેરે પોતાની જીંદગીની આશા છોડી, અને રશતામાજ ઉભો રહેઓ. તેણે વીચારીઊં કે વાઘ ઘણો દુરતોછે; પણ જો તે પાછો ફરી ના

હશી શકે તેની આગમચ તે ફાર મારતો આવીને તેનો ભખશ કરી નાખશે; માટે બેહતર એજછે કે તેની શાંમણેજ ઉભું રેહવું. મરવાનો વખત આવીએોચતો ખરો; પણ ઈશવરની જો મેહરબાની હશેતો, અલબતે તે શાહેબ કોઈપણ રીતે બચાવ કરી શકશે. પેલો વાહદ્ય દોડતો દોડતો પેલા પાહડના ખોહના મોડાં આગલ આવી પુગો; પણ તાંહ આવીને અટકી ઉભોજ રહેએો. એ પછે એ કથી વધારેવાર ખોહના મોહડાં આગલથી પાછો ફરીને દોડતો દોડતો આવીને વલી પાછો પેલા ખોહના મોડાં આગલજ અટકીને ઉભો રેહવા લાગો. આ દેખાવ જોવાથી પેલો શાહેર વીચારમા પડેએો કે આ વાઘ જોરભર તેની તરફ દોડતો આવેછે ખરો; પણ પાહડની નજદીક આવીને શા માટે અટકી ઉભો રેહછે. શાહેરે હીમત પકડી, અને વીચારીઉં કે અવે મરવાનુતો છેજ; માટે પાહડનાં મોહડાં આગલ જાઈને જોઉં કે વાહદ્ય શાંમણી બાજુના નાંકાં આગલ આવીને શા માટે અટકેછે. તે પાહડની નજદીક ગએેએો, અને અંદર દોકાવીને જોએેછેતો, કરાડીઆએે પાહડનાં શાંમણાં નાંકાંને પોતાનાં જલાંથી ઘેરી લીધેલું હતું, અને તેને જોવાથીજ વાહદ્ય બીહને અટકી ઉભો રેહતો હતો કે રખેને પેલું માણશ પારધી હોએ, અને તેણે ફાંડો મારીને તેની મારફતે તેને પકડવાની ઈઉકતી કીધી હોએ, એવો વીચાર પેલા શાહેરે કરેએો, અને પાહડના નાકાંની નજદીક ઘણા વખત શુધી ઉભો રહેએો. વાઘે પેલા ઓલમાવને પોતાની નજદીક આવેલો જોઈને ઘણી દોડધામ કીધી; પણ અંતે પાહડનાં નાંકાં આગલ આવીનેજ તે અટકવા લાગો, જેથી ઓલમાવની ખાતરી થાઈ કે આજદીને તેનો ઘરેહ ઘણોજ શુભ છે, અને વાઘ અશુભ ઘરેહથી ઘેરાએેલોછે. તેથીજ તેને ખોરાક મલીઆ છતાં, તેની આંખે ઉલટોજ દેખાવ માલમ પડેછે. એવો વીચાર કરીને પેલો ઓલમાવ વાહદ્યની શાંમણેથી ખીશીએો, અને પાહડની કઢણમા છુપાઈને કેટલાએેક વખત શુધી ઉભો; પણ પેલો વાહાદ્ય પાહડની અંદર દાખલ થાઈ તેની નજદીક જાઈ નહીજ શકેએો. આ ઉપરથી પેલા શાહેરનો વીચાર ખરોજ હડીએો, જેથી તે આરકતરે રશતે થાઈને પાછો પોતાને ઘેહર જાઈ પુગો. જેહની

ઉપર પરમેશ્વરની મેહેરબાની હોએછે તેઓ ઉપલા શાહેરની જ મી શાલે મોટાં શંકટમાં ફશીઆ છતાંબી બચી શકેછે. એ બાબતમા તે શાહેરે એવી તોડ જોડીછે કેઃ—

શેતારોકી ગીરદશત,
ઓર મકરીકા ફેર.
ઓર મકરીકી જલોમે,
અટકરેહ શેહર.

ભવીશ જાણનારો મોચી.

શગરાંમ નામના એક શેહરમાં જેઠા નામનો એક મોચી રે હતો હતો, અને તે જોરા શીવીને પોતાનુ ગુજરાંન કરતો હતો. મોચીને તાંહ ડાહી નામે અશતરી હતી, જે રૂપવંતી અને શારા દે ખાવની હતી;પણ તે બુરાં લછણમા ફરતી હતી,અને તેટલા માટે તે ને શારાં લુગડાં, અને જનશો પેહરવાનો ઘણો શોખ હતો. એ ઉ પરથી ડાહી રોજ પોતાના ભરથારને શતાવતી હતી કે જો તું તારો ધંધો છોડીને કાંઈ શારો ધંધો કરી મને શારાં લુગડાં, અને જન શ નહી પેહરાવશે તો, પછે હું મારી કમાઈથી પેહરીશ; પછે તુ ને દુખ નહી લાગે. એ પરમાણે ઘણા દીવશો નીકલી ગએઆ. એક દીવશે ડાહેલી કામને બાહને પોતાનો બુરો હવશ પુરો પાડી આ વી, અને ઘેરમા ભરથારને કેવા લાગીકે રશતામા એક શીદાગરણી ને જોઈને તેનો જીવ ખુશી થાએઓ; કાંકે તેનાં આંગ મધે શારાં લુગડાં, અને જનશો હતી; માટે ઓ રેંડીઆલ, તુંબી કાંઈ શારો ધંધો કરકે હું શારૂં શારૂં પેહરૂ,અને હવે જો કાંઈ શારો ધંધો ગો તી નહી કાહડશે, અને ખાશડાંજ શીવીઆ કરશે તો, ખાશડે ખા શડેજ મારીશ. મોચી બેચારો ગરીબ હતો, અને તેની બાએડી હ રાંમી હતી, અને વલી તેને પોતાના આશનાઓની કુમખ હતી તેથી

લાચાર થઈને વીચારીઉં કે અવે કાંઈ કરવું જોઈએ. એ ઉપ રથી તેણે બાએડીને પુછીઉં કે—કેહરે અલી, અવે હું શારો ધંધો તે શું કરૂં: મને કશું આવડતુ નથી, અને હુનરમાતો બાપીકો ધંધોજ શીખીએોચ, અને તેતો તને પશંદ પડતો નથી, તારે અવે તું જ શારો ધં ધો મને બતાવ. તે અશતરીએ કહીઉં કે ચામડાંનાં થોડાએક શરખા કટકા કાપીને તેની ચોપડી બનાવ, અને તેને રોમાલે બાંધી બગલમા મારીને બ જાર મધે જઈને લોકોને ભવીશ કેહવાને ઉભો રેહ. કે દરરોજ રૂ પીઆનાં રૂપીઆ મલશે. મોચીએ કહીઉં કે મને માતરે ચાં મડાંનોબી હીશાબ કરતાં આવડતો નથી તારે; લોકોને ભવીશ કે હવાનો જુઠો દાવો તે કાંહથી કરૂં, અને તે વાત બરોબર ન હી ઉતરેઆથી કોઈ મારે તો હું શું કરૂં ? બાએડીએ કહીઉં કે અરે એા મારા પીટીઆ, મુશલમાન વેશીઆની કેહવતછે કે—

"ધીહો ખાના શકરશે, ઔર દુનીઆ ખાના મકરશે;"

તેમ જો તુ કાઈબી મકર લગાવીને પઈશો પેદા કરેતો, દુનીઆના અંનારી લોકો તારી ઉપર જીવ આપશે, અને જો કોઈનુ માંડું થા ઈઉં તો છઠે વરશેબી કોઈ તારૂં નામ નહી દેશે. હાહીના કેહ વા ઉપરથી જેઠો બીચારો ચામડાંના કકડા બગલમા મારી બજારે જાઈ ઉભો, અને પોકાર મારી બોલવા લાગો કે જો કોઈની કાંઈ વશતુ ખોહવાઈ અથવા ચોરાઈ હશે તો, તેનો પતો તે મેલવી આ પશે. એ ઉપરથી ઘણા લોકો તેની આંગલ ઉભા રહેલા હતા, અને તેવામા એવો બનાવ બનીઓ કે એક શીપાહીની અશતરી પો તાના ઘેર મધે પાંણીનાં પનીઆરાંની ઉપર નાહવાને બેહી, અને પોતાના ગલાં મધેનો દાગીનો કાહડીને પનીઆરાંની દેવારને પડેલી એક ફાટ હતી તેની અંદર મેલીઓ કે કદાચ તે નાહીને પેહરવા ને ભુલી જાએતો, કોઈ લેઈ નહી શકે. નાહીને જારે ઉડી તારે, દા ગીનો પેહરવાને ભુલી ગેઈ, અને જારે ઈઆદ આવી તારે, તે દા ગીનો ગલાં મધેથી કાડીને તેણે કાંહ મેલીઓ હતો તેની ઈઆદ નહી રહી; પણ એવું જ ભાંણુ હતું કે દાગીનો કાડીને તેણે પની આરાંની ઉપરજ મેલીઓ હતો, અને તાંહથી કોઈ ચોરી લેઈ ગ એઉંછે. આ ચોરીની ખબર પોતાને પીઅર આપવા શારૂં તે અ

શતરી જાની હતી, અને તેણે રેશતા મધે આ મોચીની આગલ લોકોની ભીડ જોઇ, અને તે ઉપરથી પુછવા લાગી કે એ ભીડ શાં નીછે. એ ઉપરથી તેને એકજણે જણાવીઉં કે કોઇની કાંઇ વ શતુ ખોહવાઇ હોએતો આ મોચી મેલવી આપેછે. આ શખુન શાંભલવાથી પેલીને ખુશી ઉપજી કે અવે કદાચ તેનુ કાંમઝી થા શે, અને તે ઉપરથી તે અશતરી પેલા મોચીની શાંહમણે જાઇ ઊ ભી કે તે બોલતો મુંગો રેહ કે મારી વાત તેને જણાઉં. મોચી ની નજર તે અશતરી તરફ ગેઇ, અને તે ઉપરથી તે તેનાં શરી ર તરફ નજર ફેરવવા લાગો કે જો કાંઇ જીવ જેહવી આશાંમી હોએ તો, ભવીશ કેહવાને બાંહને એનેથી કાંઇ મેલવું. આ અ શતરીના શાલલાને ફાટ પડેલી હતી, જેથી તેની એબ જણાતી હ તી, અને તેની ઉપર પેલા મોચીની નજર ગએઆથી તે પુછવા લા ગો કે બાઇ તું હઇઆં કાંએ ઉભીછે. એ ઉપરથી તે અશતરી બોલી કે બાવા મારા ગલાંનો દાગોનો ચોરાએઓછે તે કોણે લીધો ચ, એવું તમો મને બતાવી શખશો ? મોચીએ વીચારીઉં કે અવે એને તે જવાબ શું દેવો. આ વીચાર કરતા કરતાં તે અશતરીની લાજ રાખવા શારૂં, તેના ફાટેલા શાલલા વીશે કહીઉં કે—"બાઇ, તારી મોરી આગલની ફાટ શંભાલ,અને પછે જે કેહવું હોએ તે કેહ જે."આ શખુન શાંહભલતાંજ,પેલી અશતરીને જણશ મેલેલી પહનો આરાંની દેવારની પેલી ફાટની ઇઆદ આવી,અને તે ઉપરથી તે એ વું શહમજી કે પહનીઆરાંની દેવારની ફાટ તપાશવાને કહીઉંછે કે તેની અંદરજ તારો દાગીનોછે, અને તે ઉપરથી બોલી ઉઠી કે બા વા હા, અવે મને ઇઆદ આવી ખરી કે તે ફાટની અંદરજ મેં, મારો દાગીનો મેલેલેછે. એ ઉપરથી મોચીએ તેને જણાવીઉં કે તારે અવે અતરે ઓટી રેહવાનુ તે કારણ શું ? જલદીથી જાઇને તે ઠેકાંણેથી મેલવી લેવો, અને તે પછે માહરી મેહનત મને આપો. શીપાહીની અશતરીએ ઘેર જાઇને જોઇઉં તો, તેજ ઠેકાંણે તે જી નશ અનામત હતી, અને તાંહથી ઊચકી લેઇને, પાછી પેલા મોચી ની આગલ ગેઇ, અને પગે લાગીને બોલી કે બાવા તમે જે શખુન કહુઓ તે ખરોજ હડીઓછે. અને તેટલા માટે આ એકશો રૂપીઆ

આપું ચ તે તમોએ કબુલ રાખવા; તમારી અકલ હોશીઆરી, અને ચંચલાઇ પરમાણે તો એ રૂપીઆ કશી બીશાદ ધરાવતા નથી; પ ણ મારી ગરીબની ઈઆદગારી કબુલ રાખવી. એ રૂપીઆ લે ઈને મોચી પોતાને ઘેર ગએઓ, અને અશતરીને આપીને કેહવા લા ગો કે અવે એ કામ હું નહી કરીશ; કાંકે આજે તો આ પરમાણે બોલતાં તાલ મલી ગેઇ, નહી તો ફજેતી થાતે. ડાહીએ તેને વ ધારે ધમકી આપીને કહીઉં કે કાંઇ ફીકર નહીઃ કાલેબી તું જજે; એરીજ તાલ બેશીઆ કરશે, અને તેથી આપણે શુખી થાઇશું; કાં કે રૂપીઆ જોઇને ડાહીને લાલચ લાગી હતી. બેચારો જેઠા મો ચી ફરીને બીજે દીને બજારમા ગએઓ, અને તાંહ ઉલો રહેઓ એ ટલે એક શોદાગર આવીને તેની શાંહમણે ઉલો. એતેફાક એવો બનીઓ હતો કે તે શેહરના રાજાએ તાંહનુ કેટલુંએક જહવેરાત આ શોદાગરને કીમત કરવા માટે આપીઉં હતું, જે ઘેર લેઇ જાઇને શોદાગરે મેલીઉં હતું; પણ તે પછે શોદાગરની બાએડીએ તે જહવેરાત છુપી રીતે ચોરીઉં હતું, અને તેના ભરથારે પુછવાથી નામુનફેર ગેઇ હતી. શોદાગરે મોચીને જણાવીઉ કે મારે ભવી શ પુછવું છે, અને જો તે બરોબર નહીજ ઠડીઉં તો, રાજાને કહીને તુને ગરદન મરાવીશ; માટે જે બોલે તે શાચું જ બોલજે કે મારા ઘેર મધેથી જહવેરાતની ચોરી થાઇછે તે જહવેરાત કહે ઠેકાંણેછે ? મોચીએ જોઇઉં કે અવે મરવાનો વખત આવીઓ, અને તે ઊપ રથી, શોદાગરને કેવો જવાબ દેવો તેના વીચારમા પડેઓ. શોદા ગરની બાએડીએ પોતાના ભરથારની પછવાડે એક છુપો જાશુશ મોકલીઓ હતો કે મોચી શોદાગરને શું જવાબ દીએચ તે શાંભલી ને તુરત આવવું. મોચીએ વીચાર કરીને શોદાગરને જવાબ દી ધો કે જહવેરાત કાંહછે તે વીશેનો જવાબ આવતી કાલ દીને દી ધામા આવશે. એટલું કહેઆ પછે,પોતાની બાએડી વીશે તે ભરમ મા બોલીઓ કે રાંડે હાથે કરીને મોહતને આણીઉંછે. આ શખુનો શોદાગરની અશતરીએ મોકલેલા છુપા જાશુશે જાઇને તે અશતરીને કહેઆથી, શોદાગરની અશતરી ઘભરાઇ ગેઇ કે જા, મોચીએતો તેને પકડી કાહડી ખરી. એ ઉપરથી રાતોરાત તે મોચીનુ ઘેર

ઓલી કાડીને છુપી રીતે તેને ઘેર ગેઇ, અને પાંચ હજાર રૂપીઆ તેને આપી પગે લાગી કહીઉં કે—આવા, એ જહવેરાત મારી પા શેછે ખરૂં; પણ મેહરબાની કરીને અવે તમેાએ મારેા બચાવ કરવેા. મેાચીએ શેાદાગરણીને કહીઉં કે જે જહવેરાત તારી પાશે છે તે તારા ધણીના પલંગનાં બીછાણાની નીચે મેલજે. જા તારેા વખત હજુર શારેા કે તું જલદીથી મારી પાશે આવી ઉભીઃ નહી તર કે આવતી કાલે તારા ધણાજ બુરા હાલ થાતે. એ શખુન શાં ભલીને શેાદાગરણી મેાચીને પગે લાગીને તાંહથી તેની રજા લેઇ ને ઘેર ગેઇ, અને જેમ બનીઉં તેમ જલદીથી, અને ધણી છુપી રી તે પેલું જહવેરાત પેાતાના ધણીના પલંગનાં બીછાંણા નીચે મેલી ઉં. બીજે દીને શહવારે, દંર રેાજના શરેશતા પરમાણે મેાચી બ જારમા જાઈને ઉભેા, અને તે વખતેજ પેલેા શેાદાગરબી તાંહ જાઈ લાગેા, અને મેાચીને કેહવા લાગેા કે કેમ ભાઈ, મારાં જહવેરાતનેા ચેાર પકડીએા કે ? મેાચીએ શેાદાગરને જણાવીઉ કે જહવેરાતનેા ચેાર પકડવા માટે તમારે ઘેર આવવું પડશે, અને તાંહ બેશીને ત પાશ કરવી પડવાની. એ ઉપરથી શેાદાગર તેને પેાતાને ઘેર લેઇ ગીએા, અને તાંહ તેને બેશાડીએઃ. બેઠા પછે થેાડા વખત શુધી શેાદાગરના દેખતા કાંઈ બરબડાટ કરેએા, અને તે પછે શેાદાગરને જણાવીઉં કે તારા ચાકરેા પાશે તારાં બીછાંણાં અને ટકીઆ પલં ગ ઉપરથી ઉચકાવી નાંખ. આ હોંકમ મલતાંજ, શેાદાગરે માણુ શેાને લગાડીઆં, જેઓએ બીછાંણાં ઉંચકતાંજ તેની નીચેથી રાજા ને તાંહનુ જહવેરાત નીકલીઉં, અને તે જાઈને શેાદાગર, તથા તે ના ઘેરમાં ચેારને જેવા માટે ગએલા લેાકેા અચરત થાએઆં કે આ મેાચી એવી તે શું વીદીઆ શીખીએા કે મુદાશર ચેારી પકડવા લાગેા. શેાદાગરે તેને આ ચેારી પકડવાના બદલામેા પાંચ હજાર રૂપીઆ આપેઆ, અને તે લેઇને ઘેર ગએએા. ઘેર જાઈને બાએ ડીને કહીઉં કે અલી જેને ઘેર દશ શેા રૂપીઆ નહી હતા, તેને ઘેર દશ હજાર રૂપીઆ ઈશવરે આપેઆ તારે, અવે શંતેાશ પકડવેા જોઇએ; કારણ કે જે બે કાંમ કીધામાં આવીઆંચ તે અલલ ટપાં ના બેાલવા ઉપરથી નીપજલાંછે; પણ એવું શદા નીલે નહી, અ

ને મારીઊં જાવું પડે. મોચણ જાતે ખરાબતો ખરીજ, અને વ
લી તેના હાથમા એકાવણુશો રૂપીઆની ગાંશડી આવી, તારે ભર
થાર મરો કે નહી મરો તેની ધાશતી તેને શાંની ? તેતો ચાહતીજ
હતી કે એમ કરતાં જો કોઇને હાથે શપડાઇ જાએતો, તેવાને બશ
થી તેનો છુટકો થાએ, અને પછે કોઇ છેહુલ છબીલાને ગોતી કાહ
ડીને તેની શંગાથે લગન કરે, અને તેટલા શારૂ જેડા મોચીને પા
છી ઉલટ આપો કે તારે કશી ફીકર કરવી નાડી, આપણી ઉપર
ઇશવરની મેહરબાનીછે, અને તેટલા માટે દર વખતે તારે હાથે આ
લલટપાથીજ કાંમ નીપજી આવશે. બેચારો જેડા મોચી લાચાર
થાઇને વલી બીજે દીને બજાર મધે જાઇ ઉભો. કેટલાએક દીવશ
નીકલી ગએઆ પછે તે શેહરના રાજાનાં ખજાણા મધે ચોરી થાઇ,
અને તેની અંદરથી રૂપીઆથી ભરેલી ચાલીશ પેટીઓ ચોરાઇ હ
તી. આ ચોરી બાબે રાજાના કોટવાલે ઘણીબી શોહધ કીધી; પ
ણ તેને તે ચોરી વીશે કશીએ પતો મલીઓ નહી, અને વખત
નીકલતો ગએઓ તારે, પેલા શોદાગરે રાજાને અરજ કીધી કે બંદે
નવાજ, એક મોચી આપણાં શેહરમાંછે, અને ને ચોરી પકડવાનાં
કાંમમાં ઘણોજ વખણાએલોછે. એ વાત રાજાએ હશી કાડીઆથી,
શોદાગરે પેલાં જહવેરાતને લગતી ચોરી વીશે ખોલાશો કરેઓ, અ
ને તે ઉપરથી રાજાએ તે મોચીને બોલાવી મંગાવીઓ, અને ચોરી
શંબંધી તેની આગલ વાત કહી. શગલું શાંભલી રહેઆ પછે,
મોચીએ રાજાને અરજ કીધી કે બંદેખોદા,ચોરી ચાલીશ પેટીનીછે,
અને તેટલા માટે તેની શોહધ કરવાને તેને ચાલીશ દીવશ લાગવા
ના, અને તેને માટે તેટલા દીવશની તેને છુટ આપવી જોઇએ.
એ પરમાણે રાજાએ મોચીને ચાલીશ દીવશની છુટ આપી. આ
નગદીની ચોરીમા પણ ચાલીશ ચોરો શામેલ હતા,અને મોચીને રાજા
એ બોલાવીઓ તે વેલાએ તેની વાત શાંભલવાને લોકો મલતા તે ચો
રોબી રાજાને તાંહુ ગએઆ હતા, અને ચાલીશ દીવશ શહુમજીને તે
ઓ વીચારમા પડેઆ કે "ચાલીશ" શબદ મોચીના મોડાં મધેથી
નીકલીઓ તારે, અવે તે આપણને શોહધી ચુકોછે; પણ તોબી આ
જ રાતરે એને છાપરે જાઇ બેશીને જોવું કે ઘેર મધે એ શું કરે

છે. મોચી પોતાને ઘેર ગએઓ, અને બાએડીને કેહવાનો હતો; પ
ણ બાઅડી કેથે ગએલી હતી. એ ઉપરથી મોચી પાછો બજાર
મા ગએઓ; કારણ કે તે એટલો તો અપટ હતો કે તેને માતરે
ચાલીશ દીવશબી ગણતાં આવડતા નહી હતા, અને તેટલા શારૂં
તે દીવશોની ગણતરી રાખવાં માટે બજાર મધેથી ચાલીશ શોપારી
ખરીદ કીધી, અને ઘેર તરફ ચાલવા લાગો. પેલા ચોરો મધેનો
એક જણ તેની પછલ છુપી રીતે લાગેલોજ હતો તેણે, ચાલીશ શો
પારી લેતાં જોઈને વીચારીલું કે આ મોચીએ ચાલીશ શોપારી પ
ણ ખરીદીછે, અને તે દરએક જણને માટે કાંઈ કરશે ખરો. એ
વું વીચારીને મોચીની પછલ તેના ઘેર શુધી ગએઓ, અને રાત
પડવાને લીધે તેના છાપડાં ઉપર છુપી રીતે ચડી બેઠો. મોચણ
ઘેરમા નહી આવી હતી; માટે મોચી ઈશવર ભઘતી કરવા બેઠો,
અને તે શાહેબ પાશે દુવા માંગવા લાગો કે અવે તેની લજીઆનો
શંભાલ કરજે, નહી તો એક તરફથી બાએડીનો જુલમ ખમવો પ
ડેછે, અને બીજી તરફથી રજેને પાદશાહના જુલમમાં ફશી જવું
થાએ. તે ભઘતી કરતો હતો, એટલામા મોચણ ઘેરમા ગેઈ, અ
ને મોચીની આગલ ઉભી રહી જોવા લાગી કે આ મુવો કોઈ દી
વશે નહી, અને આજ દીને પગ વાલીને અગર શા માટે પડીએો
છે. મોચી ભઘતી કરીને પરવારેએો, અને તારે વીચારીલું કે એ
ક દીવશ તો ઓછો થાએએો, તારે અવે એક વાશણમા મેલેલી ચા
લીશમાની એક શોપારી એક બીજાં વાશણમા મેલી કે એક દીવ
શ ઓછો થાએએો. એ પછે પોતાની બાએડીને કેવા લાગો કે અ
લી, અવે તો માતરે ચાલીશની ગણતરી કરવાનીછે, જેની અંદર
નો એકતો આજે મલીએો, અવે ઓગણચાલીશ પુરા થાએ કે પછે
કેવી બુરી હાલત થાશે તે વાત ઈશવરનેજ માલમછે. પેલી રાંડ
છપણ હતી તેથી તે શહમજી કે કાંઈ શપાટામા આવીએાચ ખરો,
અને તારે અવે નીકાલ આવી જાશે, અને તેટલા માટે વાત ઉડાવી
નાખીને બોલી કે—કાંઈ શીના શો આવી ગએઆ તો, માતરે ચાલી
શ કાડતાં તે કેટલીવાર લાગવાનીછે; ચાલો લોણું કરૂંચ જમવાને
ઉઠો. એ ઉપરથી મોચી જમવાને ઉઠીએો, અને પેલો ચોર, જે

છાપરાં ઉપર બેશીને શગલું શહમજતો હતો તે ઉતરીને પોતાને ઘેર ગએઓ,અને પેલા બધા શોહબતીઓ,જેઓ તેને ઘેર એકઠા થાઈ રા હ જોતા હતા તેઓને કહીઉ કે ભાઈઓ; મોચી શમજી ગએઓચ ખરો કે ચાલીશ જણે ચોરી કીધીછે; કાંકે બજાર મધેથી તેણે ચા લીશ શોપારી ખરીદીચ અને ઘેર જાઈ કાંઈ ભણતર ભણીને એક શોપારી એક વાશણ મધે મેલી બોલીઓ કે ચાલીશ મધેનો એક તો આજે મલીઓ, અવે ઓગણચાલીશ પુરા થાએ કે પછે કેવો બુરી હાલત થાશે, તે વાત ઈશવરનેજ માલમછે. એ વાત તેણે પો તાની બાએડી આગલબી કહી, અને તારે તે બોલી કે કોઈ શોના શો આવી ગએઆ તો, માતરે ચાલીશ કોડતાં તે કેટલીવાર લાગ વાનીછે. આ વાત શાંભલીઆથી શગલા ચેરો ગાશતીમાં પડીઆ કે ભાઈઓ આતો ખરોજ દાખલો મલીઓછે. જો અવે મોચીને મ લીને કાંઈ ઉપાએ જલદીથી કરીએ તો શારૂંછે, નહીતરકે એક એ ક પછે હેરાન થાશું, અને વલી રાજા શજા કરશે તેતો જુદી. ચો રો એકઠા થાઈને એક વીચાર કીધો કે જો આપણે ધીરજ મેલી દે ઈશું તો કદાચ અમશથકાબી ફશી પડશું; માટે ધીરજ ધરીને જો એઆ કરીએ. અજુર તો ઓગણચાલીશ દાહડા લેવાનાછે, અને પછે નહી તરકે મોચીને હાથમાં લેવાને વાર તે કેટલી. પાંચ પચાશ ખરચી નાખેઆ તો તે વલી કાંઈ ઉલટ પાલટ કરી નાંખશે; માટે આપણામાંથી એક જણતો મોચીને ઘેર જાઈ આવીઓ, અવે કા લે એક બીજાએ જાવું, અને એ પરમાંણે દરરોજ નવા નવાએ જા વું કે આગલી વાત તેનાં ધીઆનમાં નહી આવે. એ પરમાંણે જેમ જેમ નેઓ એક એક પછે મોચીના છાપડાં ઉપર જાઈ તેનાં ઘેરનો ચારો જોવા લાગા તેમ તેમ પેલો એક એક શોપારી વધારે ગણીને પેલાં વાશણમાં મેલવા લાગા, જેથી ચોરો શમજેઆ કે જેમ જેમ આપ ણે એક એક પછે આવતા જાઈએચ તેમ તેમ એને ખબર મલતી જાએછે. ચાલીશમી રાતે તેણે ચાલીશમી શોપારી પેલાં વાશણમાં મેલી,અને પછે બોલીઓ કે ચાલો અવે ચાલીશ ચાલીશ પુરા થાએ આ. અવે શેહવાર પડે કે જોઈએ તો રાજા ગરદન મારે કે જાઈ એ તો ઘાંણીમા પીલાવી નાંખે. આ શબુન મોચી તો પોતાને શા

રૂં બોલીઓ હતો કે આજે ચાલીશે દાહડા પુરા થાએઆ, અને ચો રતો પકડાએઆ નથી; મટે શહવાર પહેથી રાજા તેને જે ગમે તે શજા કરે; પણ ચોરો તે વાત પોતાને માટે શહમજીઆ કે આજે ચા લીશે ચોરો પુરેપુરા મલીઆ, અને તેથી શહવારે રાજા તેઓને ગરદ ન મારે કે ગમે તે કરે, તેથી તેઓએ દોડ ધામ કીધી, અને શગ લાઓ એકડા થાઈને મોચીનું બારણું ઠોકવા લાગા. મોચી શહમ જ્યો કે રાજાને તાંહનાં માંણશો તેને બોલાવવાને આવીઆંચ તેથી બોલીઓ કે ભાઈ શું છે, શહવાર તો પડે, પછે જે થાવાનું હશે તે થાશે; માટે બારણું હવડે નહી ઉંઘડે. ચોરોએ ઘણાજ કાલા વાલા કરેઆ, અને બોલીઆ કે ભાઈ અમોને તારી પાશે જરૂરનુ કાંમછે; માટે બારણું ઉંઘાડ. એ ઉપરથી મોચીએ બારણું ઊં ઘાડીઉં, અને ચોરોએ અંદર દાખલ થાઈને તેની આગલ પાંચ હજાર રૂપીઆ મેલી પગે લાગા કે ભાઈ રાજાનો ખજાણો અમારે થી ચોરાએઓતો ખરો; પણ અવે તારે અમોને બચાવી લેવા. તું કેહતો હોએતો ખજાણો તારે ઘેર લાવી મેલીએ, અથવા તું કેહેતો કોઈ જગાએ ડાટીએ; પણ અમો બચરવાલોને નુકશાન ન હી થએ તેમ મેહરબાની કરીને કરવું. મોચીએ જાઈઉંકે ઠીક જછે, અને તે ઉપરથી જણાવીઉં કે ખજાણો શેહરની બાહેર પુ ણા ગાંમને પાદરે જે શેહરની હદ્દનો વર આવેલોછે તેની ઉગમણ દશાના હરખા પટેલનાં ખેતરનાં ખુણામા આવેલી આંમલી આગ લ અવડેનાં અવડે ડાટી નાખો, અને તેમ કીધાથી તમોને જીવતદાં ન બખશીઆમા આવશે. એ ઉપરથી ચોરોએ ખજાણાની ચાલી શે પેટી ડાટી દીધી, અને તે પછે તેઓને પોતાને ઘેર મોકલીઆ કે જાવો, અવે વગર ધાશતીથી શુઈ રેહવો, અને જેઠા મોચી પોતાને ઘેર ગએઓ. શહવાર પડી, અને રાજાને તાંનુ આંણું આવીઉં, અને મોચીએ જવાબ દીધો કે રાજાને કેવોકે મને કાંઈ એખલું ત મારૂંજ કામ નથી; પરજાના ઘણા લોકોનાં છુપેઆં કામ કરવાં પ ડેછે, અને તેઓ મધેથી ગરીબ લોકો પાશેથી કશુંએ લીધામા આ વતું નથી; માટે હાથમા જે કાંમછે તે પુરૂં કરીને આવીશ. રાજા ની કચેરીમા લોકો મોટી ઈનતેજારીથી બેશીને મોચીનો રાહ જો

તા હતા કે જોઇએ મોચી આવીને કહેઆ શખશીને ચોર દાખલ પકડાવેછે, અને નગદી કાંહુથી કાડી આપેછે. મોટો દીવશ ચડી આ પછે, મોચી રાજાની કચેરીમાં ગએએા, અને અકરમાંજ બેસી ને મુછના આંકડા મડવા લાગેા. રાજાએ તેને પુછીઉં કે કેમ ભાઇ મારી ચોરીના પટાનું શું કીધું. ચોરો, અને ચોરીનેા માલ કાં હછે ? મોચીએ જવાબ દીધેા કે બંધે ચીજ શાથે મલવાની નથી. જો ચોરો માંગશોતેા નગદી કધીબી નહી મલશે, અને નગદીજ માં ગશોતેા ચોરો નહી મલશે; માટે બોલેા કે તમોને ચોર જોઇએછે કે નગદી ? રાજાએ તુરત જવાબ દીધેા કે ભાઇ જો નગદીજ મ લી આવેતેા પછે ચોરોને શજા કરીને શું વલવાનું; માટે નગદીજ મલીતેા બશછે. એ ઉપરથી મોચીએ રાજાને જણાવીઉં કે અશ વારીની તઇઆરી કરેા. નગદી લેવાને શેહરની બાહેર જાવું પડ વાનું. અશવારી તઇઆર થાઇ, અને રાજા પેાતાના હાથીની ઉ પર મોચીને શાથે લેઇને અંબારી ઉપર બેઠેા, અને ધામધુમ શાથે પુણા ગાંમ તરફ રવાના થાએઆ. હરખા ભાઠેલાનું ખેતર આ વીઉં, અને આંમલીનાં જાહડની આગલ હાથીને ઉભેા રખાવીએા, અને રાજાની શાથે જેહા મોચી નીચે ઉતરેએા, અને આશપાશ ફરી ને જોતાં પેલી જમીન માલમ પડીકે જેનુ મટેાડું ચુંથાએલું હતું. આ જમીન ખણી કાડવાને મોચીએ રાજાને હોકમ કીધેા; અને મા ણુશોએ તે જમીન ખણતાંજ નગદીના બાકશેા નીકલવા લાગા. શગલા બાકશેા નીકલી રહેઆથી રાજા ઘણેાજ ખુશી થાએએા, અ ને ઘેર ગીઆ પછે નગદીનેા એક બાકશ મોચીને લેટ કીધેા, અને શારેા શરપાવ આપીને પેાતાની અશવારી શાહીત તેને ઘેર રવાના કરેએા.

ગુજરાતી શરશકે દીલીવાન ?

ગુજરાત તરફથી દોલતરાએ નાંમનો એક હીંદુ હીંદુશથાંન ત રફ ધંધાને માટે ગએલો હતો, અને ઠગ વીદીઆ કરીને પોતાનું પેટ ભરવા લાગો હતો. એક શેહર મધ્યે ગએલા પછે, દરરોજ એક જગાએ તેણે પાંચ—શાત ઠોલીઆઓની એક બેઠક જોઈ, અ ને તે ઠેકાંણે જઈ તે પણ બેશવા લાગો. આ ઠેકાંણે ગોલાબખાં હ નામનો એક દીલીવાન લાગુ થએલો હતો, અને તેને પેલા ગુ જરાતી શંગાથે મીતરાચારી થઈ હતી. તેઓ એક બીજા શાથે ઘણા દીવશ શુધી ફરેલા પછે, તેઓએ એક બીજાની મનશખતી વરતી લીધી, અને તે ઉપરથી એક બીજાના ધંધાની પરપુછ થઈ. ધંધાની પરપુછ કરતાં, બંધે એકશરખા ધંધાદારી જણાએલા, અ ને બંધેનો ધંધો લોકોને ઠગવાનોજ હતો; માટે બંધે જણાઓ ભા ગીઆ થએલા, અને તે શેહરથી બીજે શેહર નીકલી ગએલા,' જે શેહરનું નાંમ "રંગાપુરી" કરીને હતું, અને તાંહ એક મુશ લમાન શોદાગર રેહતો હતો, જે તેજ દીને મરણ પામીઓ હતો. આ શોદાગર મોટી દોલત ધરાવતો હતો; માટે તેનાં મરણની ખબ ર આખાં શેહરમાં પડી હતી. જે શેહરથી ઉપલા બંધે ઠગારા ઓ રંગાપુરીમાં ગએલા તે શેહર ખાતે ઉપલો શોદાગર વેપારને માટે જાતો હતો, અને પેલા ઠોલીઆઓની ટોલકીની જ ગાની નજદીકની એક દુકાંન મધ્યે બેશતો હતો, અને તેટલા માટે પેલા ઠગો મધ્યના પેલા ગુજરાતી ઠગ દોલતરાએ તેને શારીપ ઠે જોએલો હતો, અને તેની રીતભાંત જાણતો હતો તથા તેના પ ગની જાંગ અને બરડા ઉપર બે મશા હતા તે તેણે જોએલા હતા. આ શગલા બનાવ ઉપરથી પેલા ગુજરાતી ઠગે દીલીવાન ઠગની શાથે મશલેહત કીધી, અને પેલા શોદાગરની ઉપર પોતાના પચીશ હજાર રૂપીઆ લેહણા કાહડીને તેનાં ઘેર આગલ જઈ પેલો ગુજ રાતી ઠગ ઘણાજ મોટા પોકારો મારીને રડવા લાગો, જે દેખાવ

જોવાથી પેલા શોદાગરના જેશીઓ અજબ થએઆ કે આ હીંદુ શામાટે રડતો હશે. જારે તે ઘણોજ રડવા લાગો તારે, પેલો દી લીવાંન ઠગ ગોલાબખાંહુ તેને દેલાશો આપવા લાગો કે ભાઈ, એ ની અને તારી દોશતીતો ઘણી શારી હતી, અને આપ લેનો જે મોટો વેહવાર થાએઆ તે રકમ કાંઇ એ નહી આપતે તેવો નહી હતો; પણ જારે એના મોહતે શેતાબી કીધી તારે, અવે તેમા કોઈનો ચારો નથી; તોપણ હું ધારતો નહી કે એના જેશીઓ તારા માત રે પચીશ હજાર રૂપીઆ નહી આપશે. એ ઉપરથી દોલતરાએ બોલેઆ કે ભાઈ, મારા રૂપીઆ એકવાર દુબી જાતેતો જેર; પણ મારો જાની મીતર જીવીઓ હતેતો શારૂં. એણે ઘણીજ હુજત થી મને જણાવીઉં હતું કે એકવાર તું રંગાપુરી આવે તો ઘણી મેહરબાની થાશે, અને તે ઉપરથી હું તુંને શાથે લેઈને અતરે આ વીઓ, પણ એ બચારા શાથે એક શબદ વાત કરવાનેબી મારા પેટમાં ઊંમેદ રહી ગોઈ. એણે પોતાના દીકરાને માટે મારી આ ગલ જે વાત કહેલી હતી તે બાબે મારે એનેથી પરપુછ કરવાની હતી; પણ તે શગલું એનીજ શાથે અવે ચાલી જવાનું. આ શ ખુન દોલતરાએ, અને ગોલાબખાંહુને મોડેથી શાંભલીને પેલા શોદા ગરના જેશીઓ વીચારમાં પડેઆ, અને એક બીજા શંગાથે વાત કરવા લાગા કે આ બંધે જણાઓ મરનારના કોઈ ઓલખાણવાલા માલમ પડેછે. એ પછે પેલા શોદાગરનો જનાજો કાહડીઆમાં આ વીઓ, અને પેલા બંધે જણાઓ તેની શાથે ગએઆ, અને જે જ ગાએ તેને ડાટીઓ તે જગાએ જાઈ તેને શીજદો કરવાને બાંહને તે જગા ચોકશ ધીઆનમા રાખીને પાછા ફરેઆ. પાંચ દીવશ થએ આ પછે, પેલા બંધે ઠગારાઓ પાછા પેલા શોદાગરને ઘેર ગએ આ. એની આગમચ શોદાગરનાં બચાં છોકરાંઓ શંબંધી પકી રી તે તેઓએ પરપુછ કરી લીધેલી હતી, અને તે ઉપરથી તેઓએ શો દાગરના ઘેર આગલ જાઈને પુછીઉં કે અબદુલાખાન ઘેરમાછે કે નહી. અબદુલાખાન પેલા શોદાગરનો વડો છોકરો હતો, અને તેને બોલાવતાંજ તે બાહેર નીકલીને પેલા ઠગારાઓની આગલ જા ઈ ઉભો. આ વેલાએ પેલો ગુજરાતી ઠગ ફરીને રડી પડેઓ કે

રે ભાઈ, હું તો તારા બાપને ઘણે દાહડે મલવાને આવીઓ, અને તારાં દુખ વીશે તારા બાપે મારો આગલ જે બલાપો કરેઓ હતો તેની પરપુછ કરવાની મને ઊંમેદે હતી. ખેર, જે બનવાની હોએ ચ તે કાંઈ મીટતી નથી; પણ ભાઈજી, જારે જલલાપુરની મુશાફરી એ બે વરશની વાત ઉપર તારા બાપ આવેઆ હતા તારે, પ ચીશ હજાર રૂપીઆની ગરજ પડવાથી મેં આ શાહુકાર (ગોલાબ ખાંહને બતાવીઓ કે એ)ની પાશેથી અપાવીઆ હતા, અને મારી શાથે જે મોટી મીતરાચારી હતી તેને લીધે મને ઘણીવાર રંગાપુ રી બોલાવીઓ હતો; પણ જારે મેં આવવાને નાપાડી તારે, આ રૂ પીઆ અટકાવીઆ કે અગરજો ગોલાબખાંહને લેઈને તમો રંગાપુ રી આવશોતોજ તમોને રૂપીઆ મલશે. એ ઉપરથી અમો બંધે જણા ખરચ ખાતા આવીઆછે; માટે જો બોદા અપાવે તો, તમોએ આપવા, નહીતો અમારો દાવો તમારી ઉપરતો જરાએ નથી ચાલ વાનો; કાંકે અમારી પાશે એક કારો હરફબી તમારા બાપનો નથી; કાંકે જે કાંમ દોશતીના હકમા થાએ તે એવાંજ હોએછે. તમારા બાપની પરીતી મારી ઊપર એટલીતો હતી કે કદાચ અવડે હું એ ની ઘોહડ આગલ જાઉં તો તે મારી શંગાથે બોલેઆ વગર રેહે ન હી. આ વેલાએ શોદાગરના ઘણાએક ખેશીઓ તાંહ ઊભા હ તા, અને તેઓએ દોલતરાએને જણાવીઉં કે તમો કેવો છેઓ જે મ રનારની તમારા ઉપર ઘણી પરીતી હતી, અને જો તમો તેની કબર આગલ જાઓ તો તે તમારી શંગાથે બોલીબી શકે, તો ચા લો આપણે આવતી કાલે કબરશથાનમા જાઈએ, અને તેને તમારા રૂપીઆ વીશે પુછીએ. જો તે હા કેહશેતો, તેજ ઘડીએ તમારા રૂ પીઆ કુલમાં ઘાલીને તમોને આપેઆમાં આવશે. આ વાતને પે લા ઠગોએ કબુલ રાખી, અને ગોલાબખાંહ બોલીઓ કે ભાઈ દોલ તરાએ, કાલ દીને તમો એખલાજ આવજો; હું તો મારાં ખાનગી કાંમને માટે રોકાનાર છેઉં. એ પછે તે બંધે જણા તાંહથી નીક લી ગએઆ, અને એક બાકશ ઘડાવી તઈઆર કરાવીઓ, અને રા તની વેલાએ છુપી રીતે તેઓ કબરશથાનમા ગએઆ, અને પેલા શોદાગરની કબરની પાશે એક ખાડો ખણીને તેની અંદર પેતી પે

ટી ઉતારી, અને તેની અંદર ગોલાબખાંહ શુતા પછે, તેનું ઢાંક ણું દોલતરાએ બંધ કીધું, અને ઉપર મટોડું વાલીને ઘેર ગએ ઓ. બીજે દીને શહુવારે દોલતરાએ, પેલા શોદાગરના ખેશીઓ શાથે કબરશથાનમા ગએઓ, અને શોદાગરના છોકરાએ પુછીઉં કે "ઓ બાવા,આ દોલતરાએનુ તમારી ઉપર કાંઇ લેહણું છે ?" એ ઉ પરથી કબરની પડોશમા પેટી મધે શુતેલા પેલા ગોલાબખાંહે આવા જ કાહડેઓ કે દીકરા હા, એને પચીશ હજાર રૂપીઆ આપવાના છે. એ ઉપરથી શોદાગરના ખેશીઓ અચરત થાઈ તાંથી પાછા ઘેર ગએઆ, અને દોલતરાએને રૂપીઆ ગણી આપેઆ, જે લેઈને પેલા ગોલાબખાંહને જમીન મધે પડતોજ રેહવા દેઈને તે તાંહથી એક ઘોડો વેચાતો લેઈ તેની ઉપર બેશીને પડોશ મધેના એક ગાંમ મધે નીકલી ગએઓ. એ પછે ગોલાબખાંહને ટક મલી કે ઘોરખોધુ નો આવાજ શાંભલી તેની મદદથી બાહેર નીકલીઓ ને તેને રૂપી આ આપી તાંથી ચાલતો થાએઓ,અને દોલતરાએની શોહોબ કીધી. એ ઉપરથી તેને માલમ પડીઉંકે દોલતરાએ પચીશ હજાર રૂપીઆ પેલા શોદાગરના દીકરા પાશેથી લેઈને એક ઘોડો ખરીદી તે ઉપર શવાર થાઈને તાંહથી નીકલી ગએઓ. શોહોબ કરતાં કેટલેએક દીને ગોલાબખાંહએ દોલતરાએને ગોતી કાડીઓ, અને તે જે ઘેર મધે રેહતો હતો તાંહ જાઈ પુગો, અને દોલતરાએની પાશેથી પોતાનો હીશશો લેઈને તેનેથી છુટો પડીઓ. આ ગાંમ મધે કેટલાએક છોક રાઓ રમતા હતા, અને તે ઠેકાંણે ગોલાબખાંહ ઉભો રહેઓ, અને તેઓ મધેના એક છોકરાની ચંચલાઈ, અને રમવાની જહડપ શારી દીઠાથી તે છોકરાને પોતાની નજદીક બોલાવીઓ, અને તેને પુછી ઉં કે તે તેની શાથે દેશાવર ખાતે ચાકરી આવશે. છોકરો ઘણો ગરીબ હતો, અને ખાવા પીવાને આપડા પડતી હતી; માટે તેણે એ વાત કબુલ રાખી, અને ગોલાબખાંહની શાથે તાંહથીજ નીકલી ગએઓ. ગોલાબખાંહે રશતે ચાલતાં પોતાના ધંધા શંબંધી તે છોકરાને તાલીમ આપી, અને પછે તેનું નામ પુછીઉં. છોકરાએ કહેઉં કે તેનું નામ અબદુલા કરીનેછે, અને તે ગરીબ માંબાપનો દીકરોછે, અને તે પોતાની ચાલાકીથી તેની ચાકરી શેવા શારી બજા

વશે માટે તેની ગરીબી હાલત ઉપર નેગાહ રાખવી. ગોલાબખાં હે જણાવીઊં કે જરે તું ચાકરીજ શારી બજાવશે તારે, તેનો બદલો કાંએ નહી વાલેઆમાં આવશે; માટે તે વીશે તેણે નીરભએપણાથી રહીને શારી ખબરદારીથી ચાકરી બજાવીઆ જાવું. આ ગલ ચાલતાં એક શેહર આવીઊં, અને ગોલાબખાંહે તાંહ ઉતારો કીધો, અને અબદુલા છોકરાને કહીઊં કે બચા આ શેહરમા મોટો દોલતવાન કોંણુછે, અને આપણા હાથમા તે આવશે કે નહી તે વીશે ની ખોલ કરવી જોઈએ. એ ઉપરથી અબદુલાએ શેહરમા ફરીને ખબર મેલવી, અને તે ઉપરથી માલમ પડીઊં કે રાજાને તાંહનો ધોબીછે તે ઘણો પઈશાવાલો, અને શુખવાશીછે, અને તે શાથે એકી નદાર, અને વીશવાશુછે. આ ખબર અબદુલાએ ગોલાબખાંહને આપી, અને તે ઉપરથી બંધે જણાએાએ મશલેહત કરીને ગોલાબખાંહ શઈઅદ બનેએા, અને જાંણે મોટો વીદીઆવાન હોએ તેવું ડોલ બતાવવા લાગેા. અબદુલા છોકરો તેનાં એક જોડી કપડાં લેઈને પેલા ધોબીની પાશે ગએેએા, અને તેની આગલ ગોલાબખાંહની મોટી તારીફ, અને બોહલી વખાંણ કીધી કે તેનો શઈઅદ ઘણો કાબેલ, અને ખબરદારછે, અને તેનાં આ કપડાં ઘણાંજ ચમત કારીકછે, અને તેટલા માટે જેબી માંગે તે કીમત આપવાને તે તઈ આરછે; માટે હાથમાના હાથમાં ઘણી તપાશથી ધોઈ આપશે તો, તે ખુશી થાશે, અને ઈશવર પાશે દુઆ માગેઆથી તારાં કુટમબનું કલીઆંણ થાશે. ધોબી બેગરજ હતો, અને રાજા શવાએ બીજા કોઈનાં પણ કપડાં ધોતો નહી હતો; પણ જરે અબદુલાએ ગોલાબખાંહની મોટી તારીફ કીધી તારે, તેણે વીચારીઊં કે જરે આવો મોટો વીદીઆવાનછે તારે તેનાં કપડાં ધોઈ આપવાં કે કાંઈ કુટમબને લગતી બાલકો શંબંધી પરપુછ કરવાને બની આવશે. એવું ધારીને ધોબીએ અબદુલા પાશેથી તે શઈઅદનાં કપડાં લીધાં, અને પોતાના ચાકરોને બોલાવી ધોવાનો હોકમ આપેએો કે હવડાંને હવડાં શારા શંભાલથી ધોઈ લાવવાં. અબદુલા ધોબીની શાથે વાતે બેઠો, અને તેએો કાંહુથી આવીઆ તે વીશે ધોબીએ તેનેથી પરપુછ કીધી. એ ઊપરથી અબદુલાએ જણાવીઊ કે ગોઈ કાલે શા

હુવારે એકશો કોશ દુરનાં કુલાંણું શોહર મધે હતા, અવે શાંહને તમારા શોહર મધે આવી પોંહચીઆ ! ધોબીએ પુછીઉં કે તારે ત મા શા ઉપર બેશીને એટલી મોટી મંજલ કાપી• અબદુલા કેહેને અમો કાંઇ ચાલતા નથી; તેમજ કશા ઉપર બેશતા નથી; પણ શો હરની બાહેર નવરી જગા ઉપર ગએઆ પછે શઇઅદ મારી આં ખ વીચવાને કેહેછે, અને આંખ વીચીઆ પછે, માંથાં ઉપર હાથ મેલેછે, અને તે પછે જરા વારે હાથ ઊંચકીને આંખ ઊંઘડાવેચ કે બીજું શોહર આવી પુગેછે• એ વાત શાંભલીને ધોબી અચરત થ એએા, અને વીચારીઉં કે આ પુરશ ઘણોજ કામનોછે• એ પછે અબદુલાએ ધોબી પાશેથી રજા લીધી કે શઇઅદને જમાડીને હું જમીને આઉંચ, તેટલે કપડાં તઇઆર કરી રાખવાં• એટલું કહી તાંહથી તે ગોલાબખાંહની પાશે ગએએા, અને બોલીએા કે કપડાં ધોવાડવાને આપેઆંછે, અને જરા વખતમાં જાઇને લાવશ; પણ પ ઇશા નહી આપવા મટે ગોઠવણતો શારી કીધેલીછે• જરાવારે અબદુલાએ વીચાર કરીને ગોલાબખાંહને જણાવીઉં કે હું ધોબી ઘાટ ઉપર જાઉંચ; કાંકે કપડાં શુકવવા નાંખીને ધોબીનાં માણશો રાજાનાં કપડાં ધોવાને કાંમે લાગાંછે; માટે છુપી રીતે જાઇને ટોપી ઊંચકી લાઉંચ, કે પછે ધોબીને દમ ભીરાવવાને બની આવે• ગો લાબખાંહએ જોઇઉં કે છોકરાએ તાલતો ઠીક લડાવીછે, અને તે ઊપરથી તેને જવા દીધો• ફરતો ફરતો અબદુલા ધોબીઘાટ ઉપર ગએએા, અને પેલાં કપડાં મધેથી ટોપી ઊંચકી લેઇને પાછો ગોલા બખાંહ આગલ ગએએા, અને તેને ટોપી આપતોજ કે તુરત ધોબી ની પાશે ગએએા, અને બોલેએા કે શઇઅદનો વીચાર આ શોહર મધે રેહવાનો નથી, અને હવડાંને હવડાં તે અતરેથી નીકલી જવા માંગેછે; કાંકે તે કેહછે કે આ શોહરની વશતીના લોકો દગલબાજ છે, અને તેટલા શારૂં તેનાં કપડાં હુવડેજ આપો• ધોબીએ માં ણશોને બુમ મારી બોલાવીઆ, અને જણાવીઉં કે શઇઅદનાં કપ ડાં જલદીથી લાવો• માંણશો કપડાં લેઇ આવેઆં; પણ તે જરા ભીણાં હતાં, જેથી ધોબીએ જરા થોભવાને અબદુલાને અરજ કીધી કે હાથમેના હાથમા શુકવી આપશે; પણ અબદુલાએ તેમ થોભવાને

નાપાડી, અને જણાવીઊં કે ભાઈ શઈએદે તેને ઘણી તાકીદ કીધી છે; માટે ભીણાંજ આવેા; કાંઈ ફીકર નહી તેનાં આંગમાં શુકા ઈ જાશે. કપડાં ગણતાં તેની અંદર ટોપી નહી હતી, જેથી અ બદુલા ઘણેાજ ઘભરાટ કરવા લાગેા, અને બેાલીએા કે ધેાભી ભાઈ, આતેા બધી ખરાબી થાઈ ગેઈ. શઈઅદની પાશે જે ચમતકારછે તે શગલું ટોપીની અંદરજછે, અને મેાટેા ખરચ કરીને ટોપી બ નાવેલીછે, અને જો તે નહી મલે તેા, હાલ તુરત શઈઅદને અટકી ને ઉભું રેહવું પડે, અને બીજી ટોપી બનાવવાને અતી મેાટેા ખર ચ કરવેા પડે; માટે મેહરબાની કરીને ટોપી શોહધી આપવી. આ ઉપરથી ધેાભીએ ઘણીજ શોહધ કીધી, અને જારે ટોપી નહીજ મ લી તારે, તે વીચારમાં પડેએા કે આ કાંમ નકારૂં થાઈઊંછે. જો શઈઅદ કદુઆ માંગશે તેા, તેને મેાટું નુકશાંન થાઈ પડવાનું અને તેટલા માટે તેણે અબદુલાને કાલાવાલા કીધા કે ભાઈ ટોપીની કી મત કાંઈ માંગે તે આપું. અબદુલાએ જણાવીઊં કે ભાઈ એટ લેા તે તું શું પઈશાવાલેાછે કે વલી ટોપીની કીમત આપી શકવા નેા. તું ધેાભીનેા દીકરેા, અને વલી તારી ગુંજશ તે કેટલી કે તું ટોપીને બદલે મેાટી દેાલત આપવાનેા કે શઈઅદ તે દેાલત ખર ચીને બીજી ટોપી બનાવે; માટે કેથે ધીરજથી શોહધ કરીને ટોપીજ આપ કે મારી આબરૂનેા બચાવ થાએ, નહીતેા શઈઅદનાં મનમાં મારે વીશે મારેા વીચાર આવશે કે ચમતકારીક ટોપી જાણીને મેં છુપાવી હશે, અને એ વીચાર ઉપરથી તે મારે માટે બદ દુઆ માં ગશે તેા, વગર ફેાકટે મારા ગરીબના હુકમા મેાટી ખરાબી થાશે, તેથી જોઈએ તેા પાંચ દશ હજાર રૂપીઆ હવડાંને હવડાં ખરચી નાંખ, હું આપવાને તઈઆર છેઊં; પણ મેહરબાની કરીને જલદી થી ટોપી શોહધાવી આપ. ધેાભીના માંણશાએ ટોપીની ઘણી બી શોહધ કીધી, પણ કેથેથી ટોપીતેા નહીજ મલી તારે, ધેાભી વીચારવા લાગેા કે ટોપી મલે તેા પાંચ દશ હજાર રૂપીઆતેા આ પણને અબદુલા શાંમણ આપવા માંગેછે, તારે અવે એની કીમતના કેટલા રૂપીઆ આપું. આવેા વીચાર કરીને ધેાભી અબદુલાના કા લાવાલા કરવા લાગેા, અને તેને પગે લાગીને પચાશ હજાર રૂપી

આ આપના જણાવીઆ કે શઈઅદને મેહરબાની કરી શાહમજાવવેા કે તેને શારૂં ખરાબ દુઆ નહી માંગે. આ રકમ લેવાને કેટલાએ ક વખત શુધી અબદુલાએ ભારચપામની કીધી, અને તે પછે મેાટી મુશકેલે લેઈને તાંહથી નીકલી ગએએા, અને ગેાલાબખાંહની આગ લ શગલી વાતચીત કીધી, જેથી તે ઘણેાજ મઘન થાએએા, અને વીચારીઉં કે શેઠના કરતાંને ચાકરને ઘણેાજ શરશ મલીએા. એ ઉપરથી તેણે અબદુલાને મેાટી શાબાશી આપી, અને તાંહથી તેએા બે ઘેાડા ખરીદીને તે ઉપર શવાર થાઈને નીકલી ગએઆ. ઘણા દીવશ મુશાફરી કીધા પછે, તેએા એક બીજાં શેહરમાં જાઈ પુગા, અને તાંહ રેહવા પછે એક વેશીઆ માલમ પડી કે જે ઘણી દેાલત વાલી હની, અને અમીર ઉમરાએા, અને શેાદાગરેા શીવાએ બી જા કેાઈને પેાતાને તાંહ લેતી નહી હતી. તે વેશીઆએ પેાતાના દ રવાજા ઉપર એક નગારૂં મેલેલું હતું, અને દરવાજો હમેશ બંધ જ રેહતેા હતેા. જે કેાઈ મરદ તે વેશીઆની ખાહેશ રાખતેા તે, તેના દરવાજા આગલ નગારૂં વજાડે કે પેલી વેશીઆની દાશીએા દ રવાજો ખેાલે, અને પરપુછ કીધા પછે, તે વેશીઆને પેલા મરદનું નામ કહીને તેની જો રજા હેાએ તેા, પેલાને મેહલ મધે દાખલ કરે આ ખબર મેલવીઆ પછે, ગેાલાબખાંહએ અબદુલાને જણાવીઉં કે બચા આજ દીને આ વેશીઆને ઘેર જાવું; કાંકે તે પઈશાથી પુરછે; માટે આપણી મતલબ કાડી લેવા છતાં, એની પાશેથી કાંઈ નાંણું પણ મેલવવું જાઈએ. અબદુલાએ કહીઉં કે ઠીકજછે; ચાલેા આ પણે જાઈએ: અંદરનેા રાહઘાટ જોવા પછે શઊ થાઈ રેહશે. આ બંધે જણાએા તે વેશીઆના ઘર આગલ ગએઆ, અને તેના દર વાજા આગલનું નગારૂં અબદુલાએ વજાડીઆથી પેલી વેશીઆની દાશીએ દરવાજો ઊંઘાડીએા, અને પેલાએા કેાણછે તે વીશે પરપુછ કીધી. અબદુલાએ તે દાશીને જણાવીઉં કે અમદાનગરનેા પાદશા હછે, અને તે તારી શેઠાણીની મુલાકાતને માટે આવેએાછે. આ ખબર દાશીએ વેશીઆને જણાવી, અને તેના હેાકમથી તુરત દરવા જો ઊંઘાડીને તે બંધેને અંદર દાખલ કરેઆ. અંદર ગએઆ તે વેલાએ પેલી વેશીઆ મેાટા દમામથી તેએાને શાંમણે લેવા ગઈ,

અને મોટી તાજીમથી તેઓને બેશાડીઓ,અને ગોલાબખાંહને બેરઆ આફીઅત પુછી, જેના જવાબમાં તેણે પોતાની બડાઈ શંબંધી શહ રાગાત કીધી. રાત પડી, અને તેઓ રમવાને બેઠાં, અને તે પછે બેલવતગાહમા ગએઆં. આ વેલાએ ગોલાબખાંહએ અબદુલાને બોલાવીને તેના કાન મધે હરશેથી કહેઉં કે બચા હું મારી મતલ બ કાહડી લેઉંચ; પણ તું તારાં કાંમને માટે ભુલતોના, અને આ પણી જે ગોડવણછે તેને શારૂં પરપુછ કરીને પતો મેલવી રાખ જે. અબદુલાએ જવાબ દીધો કે અતરે ઘણી અશતરીઓછે, અને તે શગલીઓ ઘણી શારી રીતથી તેની માહુબજત કરેછે; કારણકે જો એક રૂપીઆનું કાંમ પડેછે તો, તરણ રૂપીઆ ખરચી નાખું છેઉં, જેથી તેઓ મોટા ભરોશામા રહેલાંછે. એટલી વાત કીધા પછે અબદુલા તેની આગલથી ગએઓ. શહવાર પડી,અને ગોલા બખાંહને માટે નાહવાનું પાંણી મેલીઉં, અને અબદુલા છુપી રી તે ઘેર મધેથી બાહેર નીકલી ગએઓ, અને બજાર મધેથી ગોલાબ ની ચાર કેરબાશીઓ ખરીદીને, પેલી વેશીઆના ઘેરની ઈધાંણી આપી તાંહ મોકલાવી, અને તે લેઈ જનારાં માણશોને વધારે હેલ આપીને જણાવીઉં હતું કે તમોએ એવું કેહવું કે પાદશાહ ની છાવણી મધેથી એ ગોલાબ મોકલાવેલોછે. હેલકરીઓએ પેલી વેશીઆના ઘેરમા ગોલાબની કેરબાશીઓ પોંહચાડી, અને તે પછે, અબદુલા તાંહ ગએઓ. દાશીઓએ અબદુલાને જણાવીઉં કે ના હવાનું પાંણી તઈઆરછે; માટે પાદશાહને ખબર આપવી. અબ દુલા બોલીઓ કે જરા શબુર કરો; પાદશાહની છાવણી શેહરને પા દરેછે તાંહથી નાહવાને માટે ગોલાબ આવવાનોછે. દાશીએ જવાબ દીધો કે ચાર કેરબાશીઓ તાંહથી આવેલીછે. એ પછે પાદશાહ (ગોલાબખાંહ) પાંણી અને ગોલાબથી નાહેઓ, અને તે પછે પેલી વેશીઆએ તેને માટે કશબી જરીનો પોશાગ તઈઆર કરેઓ હતો તે પેહરીઓ; પણ પછે અબદુલાને બોલાવીને તેની ઉપર જાણે ઘ ણો ગોશે થાએઓ હોએ તેમ, તેને ધમકાવી નાખીઓ કે તું શારાં ધીઆંનથી કારોબારી કરતો નથી: છાવણી મધેથી ફકત ગોલાબજ આવીઓ; પણ કપડાં નહી આવીઆં, જેથી પારકો પોશાગ પેહર

ચાની જરૂર પડી; પણ જલદીથી જા, અને હોકમ કરી આવ કે ખુશનમા ખાંણું પકાવીને ઊંઠો ઉપર લાદીને જલદીથી વખતશર અતરે મોકલાવી દીએ. આ શખુનો શાંભલી પેલી વેશીઆ બોલી કે બંદેનવાજ, મારી ચાકરીમા તમોએ જો ખામી જોઈ હોએ તો, મહને માફ કરીને તે ખામીથી મને જાણીતી કરવી. મારે ઘેરનો પોશાગ તમોને શું પશંદ નથી પડેઓ કે મારાં ખાંણાં મધે કાંઈ ખાંમી નજર આવી ? જો કાંઈબી તકશીર થાઈ હોએ તો, માફ કરીને બે ચાર દીવશ, જાંહશુધી તમો અતરે રેહવો તાંહશુધી ખાંણું, અને પોશાગ માહરે તાંહનોજ વાવડો. ગોલાબખાંહ બોલી ઓ કે ખાંમીતો નહી પણ ખેર, તમારે તાંહનો પોશાગ પેહરશ, અ ને ખાંણુંબી ખાવશ; પણ પાછલથી મારી જીઆફત તમોએબી કબુ લ રાખવી જોઈએ. આ વાત વેશીઆએ કબુલ કીધી, અને ચા ર દીવશ શુધી આ હગારો તેનાં ઘેરમાં રહેઓ, અને તેટલા દીવ શ શુધી નાહવા માટે ગોલાબ પણ વેશીઆએજ આપેઆ કીધો. પાંચમે દીને શહવારે, ગોલાબખાંહએ અબદુલાને બોલાવીને હરશેથી કહેઉં કે બચા,અજુર શુધી તેં કાંઈ કીધું નહી; માટે અવે નહીતો ફેશતો થાશે; માટે જલદીથી કાંઈ ઈઉકતી કરવી જોઈએ; માટે ઊં ઠ ઉપર ખાંણું લાવવાને બાંહને તું અતરેથી નીકલી જા, અને તે પછે કોઈ એવી ઈઉકતી લગાવ કે તુરત વેલાએ નીકલવાને બની આવે. અબદુલાએ આ શખુન શાંહલીને વેશીઆને જણાવીઉં કે પાદશાહની મરજી એવીછે કે આજનો દીવશ તમોએ મેમાની કબુલ રાખવી. એ વાત વેશીઆએ કબુલ રાખી, અને અબદુલા ઘોડા ઉપર શવાર થઈને તાંહથી નીકલીઓ કે છાવણીમાં હોકમ આપીને તે અતરે પાછો આવશે. થોડો આગલ ગએઓ, અને એક ઠેકાંણે એક નણે એક બકરૂં કાપેલુ હતું, તેના લોહીની અંદર પોતાનો તલવાર ખરડી નાખી, અને લોહીના છાંટા પોતાના કપડાં ઊપર નાં ખીને, થોડાએક વખત શુધી તાંહ આશાએશ લીધી, અને તે પછે તાંહથી ઘણાજ જોરથી ઘોડો દોડાવતો પેલી વેશીઆના ઘેર આગલ ગએઓ. ઘોડાને દોડવાની જહડફથી રશતા ઊપર પોકાર ઉઠીઓ, જથી વેશીઆની દાશીઓ બાહેર જોવા લાગી, અને તેઓએ અબ

દુલાને જોતાંજ દરવાજો ઊંઘાડીઓ. અબદુલા એકેદમ ઘોડા ઉપરથી કુંદીને દોડતો ગોલાબખાંહની આગલ ગએઓ, અને પોકાર મારી કેવા લાગો કે આપણા શેહરથી વીશ કોશ દુર રહેનારો નવાબ આપણી ઉપર ચહડાઈ લાવીઓછે, અને તેનાં માણશોએ આપણું શેહર ફતેહ કીધા પછે, આપણી ખબર શાંભલીને અતરે આવીઆંછે. આપણી છાવણી ઉપર તેણે હોમલો કરતી વેલાએ તે તાંહ જાઈ પુગો, અને જેટલું બનીઊં તેટલું કરીને તેનાં કેટલાં એક માણશોને કતલ કીધાં, જેથી આ મારી તલવાર, અને કપડાં ખરાબ થાએઆંછે; પણ એમ કીધાથી નવાબ ઘણાજ ગોશામા આવીઓછે, અને લશકરીને હુકમ કીધોચ કે ગોલાબખાંહ જાંહ હોએ તાંહથી તેને પકડીને કતલ કરવો, અને જો તેને કોઈએ છુપાવી રાખીઓ હોએ તો, તે રાખનારનું ઘેર બાર લુટી લેવું. આ શબ્દનો શાંહભલતાંજ પેલી વેશીઆ ઘભરાટમાં પડી કે કદાચ નવાબને ખબર પડીતો, તેનુ ઘેર બાર લુટી લેશે, અને તેટલા માટે ગોલાબખાંહને તાકીદ કીધી કે બંદે નવાજ મેહરબાની કરીને અતરેથી જમ બને તેમ જલદીથી નીકલી પડવું. ગોલાબખાંહે કહીઊં કે તે વાત બરીછે: અલબતે તમોએ તમારો શંભાલ કરવો જોઈએ; પણ મારી શગડી પુંજીતો છાહવણી મધેછે, અને મને નાંણાં વગરતો ચાલેજ નહી; માટે અબદુલા, તું જલદીથી દોડી પોહચ, અને કોઈ શાહુકારને તાંહથી નાંણાંની જોગવાઈ કરીને લાવ કે આપણે અતરેથી નીકલી પડીએ, અને આ બચારીએ આપણી બરદાશત કીધી તેનો પણ બદલો વાલીએ. વેશીઆએ જોઈઊં કે નાંણાં લાવતાં વાર લાગશે, અને તેટલાં જો પેલો નવાબ આવી પુગો તો તેનુ ઘેર લુટી લેઈ જશે, અને તે ઉપરથી તેણે તુરત ઉઠીને પચાશ હજાર રૂપીઆ કાડી આપેઆ, અને બોલી કે કાંઈ ફીકર નહીં તમો હાલતો એટલા લેઈને નીકલી પડો, અને પછે શગલી શમાવાની થાએ તારે આવીને મારો શગલો હીશાબ ચુકવજો. એમ કરવાને ગોલાબખાંહએ નાપાડી અને ભારેપાંમની કીધી;પણ અબદુલાએ કાલાવાલા કીધા કે આપણે કાંઈ દગલબાજી તો કરવીજ નથી; માટે હાલતો એ લેઈને બાહેર નીકલી પડો—થું આપણી શગવડને ખાતર એ બચારીનું ઘેર પણ

એમાલ કરવા માંગોચ ? બે ચાર દીવશ રહીને નીરાંતથી આપણે પાછા અતરે આવીશું, અને તે વેલાએ એનો હીશાબ ચુકવી આ પશું. એ ઉપરાંત, વેશીઆએ ફરોથી કાલાવાલા કીધા, અને તે ઉ પરથી પેલા પચાશ હજાર રૂપીઆ લેઈને પેલાઓ તે શેહર મધેથી નીકલી ગએઆ અને પેલી વેશીઆ તેઓની રાહ જોતીજ બેઠી !

રાંણીને બોશો લેનારો શીપાહી !

કોઈ ચાર રજપુત પુરશોને એક બીજા શાથે ઘણી શારી મી તરાઈ હતી, અને દરરોજ એક બીજાની શાથેજ તેઓ ફરતા હતા. તેઓ મધેનાં એકનું નાંમ લાલશીંગ, બીજાનું જોરાવરશીંગ, તરી જાનું બાહાદરશીંગ, અને ચોથાનું ડલેરશીંગ કરીને હતાં. ઘણે દી વશે તેઓને શારો વીચાર શુહુજીઓ કે તેઓએ કાંઈ રોજગાર ક રવો; પણ તે કાંમઝી તેઓએ ચારોએ શાથે મલીનેજ કરવું એવો તેઓએ ઠેડાવ કરેઓ. આ ઠેડાવ પરમાંણે તે ચારે મીતરો તેજ શે હરનાં રાજાને તાંહ ચાકરી રહેઆ, અને એવી બોલી કીધી હની કે તે ચારે જણે રાજાનાં મેહલમાં શુવાના ઓરડા આગલ એક એક પછે પેહરો ભરવો. પેહલેજ દીવશે રાજાના ઓરડામાં એક જાણવા જોગ બનાવ બનીઓ, અને પેલા ચારે મીતરોની વફાદારી રાજાને માલમ પડી તે રાતે પેહલા પોહરનાં એવો એતેફાક બનીઓ કે રા જા અને રાંણી બંધે શાથે શુતેલાં હતાં તારે, દેવાલ ઉપરથી એક નાંગ રાજાના શેજ પલંગ તરફ ઉતરતો હતો, જે પેલા પેહલે પેહ રો ભરનારા લાલશીંગે દીઠો કે આ નાગ રાંણીની નજદીક જાએછે; માટે રજાને તેને દંખ કરીને મારી નાખે. આ વીચારથી તેણે પે લા નાગને ઢોકાં આગલથી પોતાની તલવારે કરી કાપી નાંખીઓ; પણ તેનાં લોહીનાં છાંટા રાંણીનાં ગાલ ઉપર ઉડીઆ. આ જો વાથી લાલશીંગ પેહેરેગીર વીચારમાં પડીઓ કે રાંણીને ઉડેલા નાં ગનાં લોહીનાં છાંટાથી તેને જેહર ચડશે, એવા વીચારથી તેણે પો

તાની જીભે કરી રાંણીના ગાલ ઉપરથી તે લોહી ઉચકી લીધું. જારે લાલશીંગ રાંણીનાં ગાલ ઉપર જીભ ફેરવતો હતો તારે, રાજાની ઉંઘ ઉડી,અને રાંણીના ગાલ ઉપર લાલશીંગને જીભ ફેરવતો જોએ ઓ,જેથી રાજાનાં મંનમાં બુરો વીચાર આવેઓ કે પેહેરેગીરે રાંણીને ચુંમી લીધીછે. એ પછે જારે બીજો પેહેરેગીર જોરાવરશીંગ પોતાની ચાકરી ઉપર હાજર થાએઓ તારે,રાજાએ તેને કહીઉં કે પેહલાં પે હરો ભરી ગએલા લાલશીંગનું દોકું કાપી નાંખીને તેની આગલ આંણુ વું. જોરાવરશીંગે તેવું વેર લેવાનું કારણ પુછેઆથી પાદશાહે જોએલી બીના તેડને જણાવી; પણ જોરાવરશીંગે કહીઉ કે રાજા શલાંમત, એ બાબે લાલશીંગથી ખુલાશો જાણવો જોઈએ,અને તેની અંદર જો તે તકશીરવાર હડે તો પછે તેનું દોકુ તો શું; પણ તેના શરીરના ટુકડે ટુકડા અમો પોતે કરી આપશું; પણ અગ રજો વગર તપાશ મારી નાંખશો તો પેલા વંજારાનાં કુતરાના શરી ઓ મામલો થાઈ પડશે. રાજાએ જોરાવરશીંગને પુછીઉ કે વંજારા ના કુતરાની હકીકત શું છે ?

(એક વંજારાના કુતરાની વફાદારી વીશે.)

જોરાવરશીંગે વાત કીધી કે એક વંજારો હતો, અને તે મો ટો નામીચો વેપારી હતો, પણ તેને નાંણાંની જરૂર પડવાથી એક શા હુકારને ઘેર નાંણાં લેવાને ગએઓ, અને નાંણાંની જામીનગીરીમાં પોતાનાં કુતરાને આપેઓ. શાહુકારે નાંણાં આપેઆં તે લેઈને વંજા રાએ કુતરાને જણાવીઉ કે શાહુકારનાં રૂપીઆ ભરીને જારે હું તું ને લેવા આઉં તાંહશીવાએ અતરેથી ખીશવું નહી. વંજારો પોતા ને ઘેર ગએઆ પછે, એક દીવશે રાતનાં પેલા શાહુકારને ઘેર ચોરો દાખલ થાએઆ, અને કેટલીએક મતા લેઈને તાંહથી નીકલી ચાલ વા લાગા. કુતરો આખી રાત જાગીને પેલા શાહુકારનાં ઘેરની મ તાનો શંભાલ કરતો હતો, અને જારે ઘેરમાંથી તે મતાની ચોરી થા ઈ તારે, પેલા ચોરોની સાથે ગએઓ, અને જંગલમાં જાઈને ચોરી નો માલ ચોરોએ ડાટીઓ તે જોઈ લીધો, અને ચોરો તાંથી નીક

લી ગએઆ પછે કુતરો તાંહુથી પાછો ફરી પેલા શાહુકારને ઘેર ગ એએા. શાહુકારને બીજ દીને શહવારે ચોરીની ખબર પડી, જથી તે રડવાને કુટવા લાગેા, અને એ ઉપરથી લોકોની મોટી ભીડ થાઈ પડી. આ વેલાએ લોકોની અંદર જાઈને કુતરો પેલા શાહુકારનું પોતી ઉં મોડાંમા પકડીને ખેંચવા લાગેા,જથી એક બે વાર શોદાગરે તેને મારીને કાહી મેલીએા;પણ તેવું છતાંબી વારેવાર કુતરો તેનું પોતી ઊં ખેચેઆજ કરતો હતો. આ દેખાવ જોઈને એક ઘરડા પુરશને શહમજ પડી, જથી તેણે પેલા શાહુકારને કહીઉ કે આ કુતરો પોતી ઉ પકડીને ખેંચેછે; માટે કદાચ એને કાંઈ ખબર હશે, અને તેટલા માટે જાંહુ એ લેઈ જાએ તાંહ જવું જોઈએ. આ ઊપરથી શાહુ કાર તેની શાથે ચાલવા લાગેા, જથી કુતરો તેને જંગલમાં લેઈ ગએએા, અને એક ઠેકાંણે પોતાના આગલા બધે પગોથી જમીન ખણવા લાગેા. થોડોએક ખાડો પાડીઆ પછે, પેલા શોદાગરની મ તાનો પતો લાગેા, અને શગલું ચોરાએલું જેવર તેને પાછું મલી ઉ, જથી શાહુકારે તેનો મોટો ઊપકાર માનીએા કે—કુતરા, તેં તા રા શેઠનાં બધા રૂપીઆ આજે વશુલ કીધા. ઘેર જાઈને શાહુકારે પેલા વંજારાની ઉપર એક ચીઠી લખી, અને તેની અંદર કુતરાની વફાદારીથી તેનું ચોરાએલું જેવર મલવા શંબંધી બધી બીના જાહે ર કીધી, અને શેવટે જણાવીઉ કે કુતરાની વફાદારીને માટે મારા શગલા રૂપીઆ જે તમોને મેં આપેઆચ તે મેં તમોને માફ કીધાછે;કાંકે કુતરાની ચંચલાઈથીજ મારૂં ચોરાએલું જેવર મને પાછું મલીઉ છે, અને તેટલા શારૂ અવેથી કુતરાને પાછો તમોને શપુરદ કરૂં છે ઉં; કાંકે અવે તમો અને અમો વચે લેવડ દેવડનો કશીએ વેહવા ર રહેએા નથી. એ ચીઠી કુતરાંનાં ગલાં મધે એક દોરીથી બાં ધી, અને જણાવીઉં કે અવેથી તારે વંજારાને ઘેર જાઈને રેહવું. એ ઉપરથી કુતરો તાંથી નીકલીએા, અને વંજારાને ઘેર ગએએા. વંજારાએ આગોથી કુતરાને દીઠો, જથી તેના મનમા એવો વીચાર આવીએા કે કુતરો પેલા શાહુકારને ઘરથી નાશી આવીએાછે. શા હુકારના રૂપીઆ બજુર ભરેઆ નથી, અને તેની આગમચ નીમ ખહરામી કરીને કુતરો નાહશી આવીએા; માટે એને મારીજ નાંખ

વો જોઈએ; કાંકે મારી આંટને એણે ખરાબ લગાડીઊંછે. આ ઠેકાવ પરમાણે, કુંભારો આગલ આવતાંજ, વંજારાએ હાથમાં તલ વાર લેઈલે કુતરાંનું ગલુ કાપી નાખીઉં, જેથી દોકું ધરથી જુદું થાઈ પડીઊં. દોકું છુટું થાઈ નીચે પડીઆથી કુતરાંના ગલાં મ ધેની ચીઠી માલમ પડી,જે હાથમા લેઈ વાંચતાંતો કુતરાની ઘણીજ મોટી વફાદારી જોહેર થાઈ. એ ઉપરથી વંજારો મોટા પશતા વામા પડેઓ, અને વીચારીઉં કે જરા ધીરજ ધરી હતે, અને કુ તરો ઘેરમા દાખલ થાવા પછે તપાશ કરીને શાહુકારથી પરપુછ કી ધી હતેતો, આવો એક વફાદારીથી ભરેલો નામીચો કુતરો મારેઓ નહી જાતે; માટે ઓ રાજા ઉતાવલ કરીને, તપાશ, અને પરપુછ કીધા વના એક માણશને એકેદમ મારી નાખવો, એ કામ પેલા વં જારાની પઠે પાછલથી પશતાવા શરીખું છે. એ પછે જોરાવરશીં ગનો પેહરો પુરો થાએઓ, જેથી બાહુધરશીંગ પોતાની ચાકરી બજાવવાને તાંહ આવી ઉભો. જોરાવરશીંગ તાંહથી નીકલી ગ એઆ પછે, રાજાએ બાહુધરશીંગને કહીઉંકે લાલશીંગને મારી ના ખીને તેનું દોકું મારી પાશે લાવવું જોઈએ. આ હોકમ શાંભલી ને બાહુધરશીંગ વીચારમા પડેઓ, અને રાજાને જણાવીઉંકે ઓ નામદાર, એ બાબતમા શહુવારે પરપુછ કરવી, અને અગરજો તે વેલાએ લાલશીંગ તકશીરવાર હડેતો શુએથી એને મારી નાંખવો; પણ અગરજો વગર વાંકે તપાશ કીધા આગમચ એને મારી નાખશો તો, જેમ એક શોદાગર પોતાના પાલેલા શકરાને મારીને પાછલથી પશતાએઓ હતો તેમ, તમોનેબી પાછલથી પશતાવો ઊંચવો પડ શે. રાંજાએ પુછીઉં કે શકરાની હકીકત કેવી, અને શું છે તે મ ને જાહેર કરવી જોઈએ. બાહુધરશીંગ વાત કીધીકેઃ—

(એક શકરાની વફાદારીથી બચેલો શોદાગર.)

એક શોદાગરે એક શકરો પાલેલો હતો, જેને લેઈને તે મુશાફ રીમા ગએઓ,અને રશતા મધે એક જાહુડની નીચે શુતો હતો. આ વેલાએ શોદાગરને પાંણીની ઘણીજ પેઆશ લાગેલી હતી, અને તે

ઠેકાણે કુવો, વાવ કે નદી નહી હતી. જાહડની ઊપરથી પાંણી નાં ટીપાં પડતાં હતાં તે ઉપર શોદાગરની નજર પડવાથી કલશીઓ લેઈને પાંણી જીહલવા લાગેા; પણ કલશીઆ મધેનુ પાંણી શકરા એ ઢોલી નાખીઉં. આ પરમાણે શોદાગરે તરણવાર કલશીઆ મધે પાંણી જીહીલીઉં, અને તરણડેવાર શકરાએ ઢોલી નાખીઉં. એ ઉપરથી શોદાગર ગેાશામા આવીઓ, અને શકરાના બંધે પગ પકડીને તેને ચીરી નાખેઓ ! શોદાગરને પાંણીની ઘણીજ મોટી પેઆશ લાગેલી હતી, અને તેને માટે જાહડ ઉપરથી પડતાં પાણીને તેણે તરણવાર જીહીલીઆ છતાં, શકરાએ તે વારેઘડીએ ઢોલી નાખીઆથી તેની પેઆશની અગનમા વધારેા થાએઓ, અને તે ગર મી ચડવાના શબબથી જરા પણ વીચાર કે તપાશ કીધા વગર, અ ને તે પાંણી શાંનુ હતું, અને કાંહથી પડતું હતું તેની શોહધ કી ધા વગર શકરાને મારી નાખીઓ. શકરાને મારી નાખવા પછે પે લા બેવકુફ શોદાગરે વીચાર કીધેા કે શકરાએ એ પાંણી તરણ ત રણવાર શામાટે ઢોલી નાંખીઉં હશે, અને તેટલા માટે તેની તપા શ કરવી જોઈએ. એટલું વીચારીને તેણે જાહડની ઉપર નજર કીધી, જેથી તેને માલમ પડીઉં કે ઉપર બેઠેલા એક મોટા નાગનાં આંગના પશીનાનાં પાંણીનાં તીપાં પડતાં હતાં, અને તેનું જેહર ચડેઆથી શોદાગર મરી જાએ, એવી ધાશતી ઉપરથી શકરાએ તે પાંણી તરણવાર ઢોલી નાંખીઉ હતું. જો શકરાને વાચા હતે તેા, તે પેાતાનાં ધણીને મોડેથી કેહતે કે એ પાંણી શાંકના પશીનાનું છે; પણ તેવું બેાલવાની તેનામાં કુદરત નહી હેાવાથી તેણે મુંગે મોહ ડે પાંણી ઢોલી નાંખીઆ કીધું હતું. આ દેખાવ જોઈને શોદા ગર પશતાવામાં પડીઓ કે જેણે તેનાં જાનનેા અગતની વેલાએ બ ચાવ કરેઓ તેનેા પરાંણ વગર અરથે તેણે લીધેા, એ કાંમ તેને હાથે માહ પાપનું થાઈઉછે; માટે એા રાજા શલામત, તમોએ પ ણ ધીરજ રાખવી કે શોદાગરની પઠે પશતાવેા કરવેા નહી પડે. આટલી વાત થાઈ એટલે ડલેરશીંગ પેાતાની ચાકરી ઉપર આવી ઓ, અને તેને જોવાથી બાહધરશીંગ તાંહથી નીકલી ગએઓ. રા જાએ ડલેરશીંગને જણાવીઉં કે લાલશીંગનુ દોકું કાપી લાવવું,

જેને માટે ડલેરશીંગ આગલ પોતે જાએલી બીના જાહેર કીધી. ડલેરશીંગે રાજાને જણાવીઉ કે શાહેમ, હરેક કામમાં ઉતાવલ કરવી નથી જોઈતી. લાલશીંગ અમારો ભરોશેદાર મીતરછે, અને તે કાંઈ ખરાબ દીઆનતનો નથી; પણ મોટા મનનો, અને ચોખી દેઆનતનોછે. અવડે શહવાર પડવા આવીછે; માટે એનેથી ખોલાશો પુછવો જોઈએ, અને તેની અંદર જો તે તકશીરવાર ઠડી ઓ તો, અમારાં નાંમ, અને દોશતીને એમ લગાડવાને માટે અમો જ તેને જીવથી મારી નાંખશું. એટલા શાર રાજાએ ધીરજ ધરવી જોઈએ; નહી તરકે પેલા પરદેશીની બાએડીએ નોલીઆને મારી નાંખીઓ હતો, અને પાછલથી જરે નોલીઆનો ગુણ જાણેઓ તારે, તે અશતરી રડવા કુટવા, અને માંથું ફોડવા લાગી, તેમ પશતાવો કરવો પડશે. રાજાએ પુછીઉ કે તે નોલીઆની વાત કેવીછે તે જ ણાવવાની ઘણી જરૂરછે. એ ઉપરથી ડલેરશીંગે નોલીઆની વાત રાજાની આગલ કીધી કેઃ—

(નોલીઆની વફાદારીથી બચેલો બાલક.)

એક પરદેશીએ એક નોલીઓ પાલીઓ હતો, જે ઘણોજ ખુબ શુરત હતો. એક દીવશે પરદેશી બાહેર ગએલો હતો, અને તે વે લાએ તેની બાએડી પાંણી ગોઈ, અને પોતાનાં એક બાલકને જોહુ લી મધે શુવાડીને, નોલીઆને તેનો શંભાલ કરવાને જણાવીઉ. તે અશતરી ઘેરમાંથી બાહેર નીકલીઆ પછે, એક નાગને પેલાં બાલક ની જોહલી ઊપર ફરતો નોલીઆએ જોએઓ, અને વીચારીઉ કે આ જેહરી જનવર પેલાં નીરદોશ બાલકને મારી નાંખશે. એવા વી ચારથી નોલીઆએ કુતકો મારીને પેલા નાગનું મોહડું પકડી લી ધું, અને નીચે ઘશડી નાંખીને તેને કરડીને ટુકડે ટુકડા કરી નાંખી આ. આ કામથી નોલીઆનું મોડું લોહીથી ખરડાએલું હતું. પે લા નાગને મારી નાંખીઆથી નોલીઓ ખુશી થાએઓ, અને વીચા રીઉં કે એ ખબર પેલા પરદેશીની બાએડીને જણાવશે તો તે ખુ શી થાશે. આ વીચારથી નોલીઓ પેલી અશતરી તરફ દોડી ગએ ઓ; પણ તેનું મોહડું લોહીથી ખરડાએલું જોઈને તે અશતરી શ

હમજી કે નોલીઆએ તેનાં બાલકને કરડીએોછે. આ વાત થી તે અશતરી ગોશામાં આવી, અને પોતાનાં માંથા ઉપરનું પાં ણીથી ભરેલું બેહરૂં નોલીઆની ઉપર છુટું મારવાથી તે બેચારો નીરદોશ કચડાઈને મરણ પામીએો; પણ જારે પેલી અશતરી ઘેર માં ગોઈ તારે, તેનું બાલક ખુશી શાથે જોહલીમાં રમતું હતું, અ ને જોહલીની પડોશમાં નાગનાં ટુકડા પડેલા હતા, અને જોહલીની ઉપર લોહીના ડાધ હતા. એ બનાવ જોવાથી તે અશતરી પશતાવો કર વા લાગી, અને વીચારીઉં કે નોલીઆએ બાલકનો બચાવ કીધો; પણ હું જ મુરખી કે જરા ધીરજ ધરી ઘેરમાં દાખલ થાઈ તપાશ કીધા વગર એક અમુલ જનવરનો પરાંણ લીધો; માટે એો રાજા તમોને પણ તેમજ પશતાવો કરવો પડશે, તેટલા શારૂં એ બાબતમાં પરપુછ અને તપાશ કરવી જોઈએછે.

ઉપર પરમાણેની ભાંજગડ કરતાં શહવાર પડી, અને વાંહાં નું થાઈઉ. કચેરીનો વખત થાએઆથી રાજા તખત ઉપર બેઠો, અને લાલશીંગને, તથા તેનાં તરણુડે મીતરોને કચેરીની અંદર બો લાવીઆ, અને લાલશીંગે રાતનાં રાંણીનાં ગાલને શામાટે ચુંમી લીધી હતી તે વીશેની પરપુછ કરવા માંડી. લાલશીંગે તુરતજ જ ણાવીઉં કે બંદે નવાજ, તમારા શીજ પલંગની નીચે ઢાલની હેઠ લ શું ઢાંકેલું છે તે મંગાવીઆ. પછે તે શગલો ખુલાશો કરશે. હો કમ ઉપરથી માંણશો મેહલમાં ગએઆં, અને પલંગ નીચેની ઢાલ ની તલેથી પેલા નાગનાં ટુકડા લેઈને કચેરીમાં ગએઆં. આ કકડા બ તાવીઆ પછે, લાલશીંગે ખુલાશો કીધો કે એ નાંગ રાંણીની તર ફ જારે જાતો હતો તારે, તેણે વીચારીઉં કે કદાચ રાંણીને દંખ મારશે, અને તેટલા ઉપરથી તેણે નાગને દેવારની ઉપરજ કાપી નાં ખીએો; પણ માઠાં ભાએેગે તે વેલા તેનાં લોહીનાં છાંટા રાંણીનાં ગાલ ઉપર પડવાથી તેને ધાશતી લાગી કે કદાચ એ લોહીથી રાંણીને જેહર ચડશે, અને તેટલા માટે મારી જીએ કરીને તે છાંટા હુંએ ચાટી લીધા, અને તે વેલાએે તમો નાંમદાર જાગી ઉઠવાથી, મારી પરતીશાઠા ઉપર તમોને શંધે ગએેઓ. આ ખુલાશો રાજાને મન માનતો, અને ભરોશેદાર માલમ પડવાથી તે ઘણોજ ખુશી થાએેઓ,

અને પેલા ચારે મીતરોની મીતરાઈ ઉપર આફરીન કરી કહીઉ કે જો મીતરાઈ કરવી તો એવીજ રીતે કરવી જોઈએ.

એક બેવફા રાંણી.

નીશાપુર નાંમનાં એક શેહરની અંદર ચાર મીતરો રેહતા હતા, જેઓમાં અલાહબખશ નાંમનો એક વણકર, ભુધર નાંમનો એક કોલી, રાંમશીંગ નાંમનો એક ભીલ, અને તાપીદાશ નાંમનો એક જહવેરી હતો, જેઓની મીતરાચારીનો ગાંઠ શારી પઠે બંધાએલો હતો. એક દીવશને શમે જહવેરીએ તરણુડે મીતરોને એલતેમાશ કીધી કે એકવાર બે માંશ શુધી કોઈ વાડી મધે રહીને મોજ કરીએ. પોતાનાં મીતરોનાં આ ઠેડાવ ઉપરથી વણકરતો ફીકરમાં પડેઓ; કાંકે તેની હાલત ગરીબી હોવાથી, બે માંશ શુધીનો વાડી મધે મોજ મારવાનો ખરચ તેનેથી આપી શકાએ નહી. એ ઉપર થી તેણે ઘેર મધેનાં ખુણાં ખાંડોલાંમાં શોહધ કીધી કે ઘરડાઓનું કાંઈ મુકેલું મેલેલું હોએ તો મલી આવે. આ વેલાએ ઈશવર તેની ઉપર મેહરબાંન થાએઓ,અને ઘેર મધેથી તેને એક લાલ મલી આવીઉ, જે લેઈને તે શેહરનાં રાજા અનુપશીંગની દરબાર મધે વેચવાને ગએઓ. લાલ રાજાએ ખરીદ કીધું, અને રાંણીને આપીઉ. રાંણીને ગોલાબ શાથે દોશતી હતી; માટે ગોલાંમે તેને ઉશકેરીકે એનો જોડોબી મેલવવો જોઈએ, જેથી રાંણી રાજાની આગલ તોફાંન કરવા લાગી કે જો એનો જોડો નહી મેલવી આપે તો તે જીવવાની નથી. રાજા રાંણીની ઉપર ઘણીજ ચાહ રાખતો હતો, માટે પોતાનાં જહવેરીને બોલાવી પેલાં લાલનો જોડો માંગીઓ. જહવેરીએ જણાવીઉ કે એ લાલ ઘણુંજ અનમુલછે, અને એનો જોડો શેહર મધેથી મલવો મુશકેલછે; કાંકે એવાં લાલ આ વખતમાં તેનાં જોવામાં આવેઆજ નથી; કાંકે તે આગલા જમાનાનું છે; માટે જેણે એ વેચીઊંચ તેનીજ પાશી બીજું હોએ તો મેલ

વધું જોઇએ. એ ઉપરથી રાજાએ વણકરને બોલાવી મંગાવીઓ, અને તેને જણાવીઉ કે એવું બીજું લાલ જો તે મેલવી નહી આપશે તો, તેને ગરદન મારેઆમાં આવશે. વણકરે શગલો ખુલાશો કીધો; પણ તે ઉપર રાજાએ કશું ધીઆંન નહી આપીઉં, અને તેને કેદખાંને મેકલાવીઓ. આ ખબર રાજાએ રાંણીને આપી; પણ તે ઉપર તે રાજી નહીજ થાઇ, અને જો રાજા તેને તે લાલનો જોરો નહી મેલવી આપે તો, આપઘાત કરવાની તેને ધાશતી આપી. રાજા એક દીવશે રાતનાં વેશ બદલીને પેલા વણકર પાશે ગએઓ, અને શીપાહી દાખલ તેને કેવા લાગેા કે ભાઇ અવે તું ને રાજા ગરદન મારશે; માટે જો તારી પાશે બીજું લાલ હોએ તો આપતો કાંએ નહી ? વણકર રડી પડેઓ, અને તેને લાલ કેમ મલીઉ તે વીશે શગલી વાત કીધી, અને પછે કાકલુદીથી અરજ કીધી કે તેનાં તરણુ બીતરોછે તેઓની જો આજે ભેટ કરાવેતો મોટી મેહરબાંની થાએ. એ ઉપરથી રાજા વણકરને જહવેરીને ઘેર લેઇ ગએઓ. જહવેરીએ તેની હકીકત શાંભલીને કહીઉ કે તારે કશી ફીકર કરવી નહી. જો જરૂર પડશે તો, તારી બરોબર રૂપીઆ તોલી આપીને તારા જાનનો બચાવ કરશ. એ પછે તેઓ કોલીને ઘેર ગએઆ. કોલીએ શગલી બીનાં શાંભલીને જણાવીઉ કે કાંઇ ફીકર નહી, તમો બેશો. હું અવડાંજ રાજાનું દોકું કાપીને અતરે લેઇ આઉચ; પછે શહવારે રાજા ગરદન મારવાનો હોકમ કાંથી કરશે. એટલું કહી કોલી તાંથી પોતાની તલવાર લેઇને નીકલી ગએઓ. રાંણી રાજાની ગેરહાજરીમાં ગોલામ શાથે શુતેલી હતી; માટે કોલીએ રાજા જાણીને ગોલામનું દોકું કાપી નાંખીઉ, અને તે લેઇને પોતાને ઘેર જાઇ વણકરની આગલ મેલીઉ. આ દોકુ જોવાથી રાજા વીચારમાં પડીઓ કે રાંડે તો નખોદ વાલીઉ. જેની ઉપર આવો મોટો પીઆર રાખેઆમાં આવેછે તે રાંડ આ ગોલામ શરીખાને પોતાની ગોદમાં લેઇને શુવેછે; એટલો વીચાર કરીને તે મુંગોજ રહેઓ. એ પછે તેઓ ભીલને ઘેર ગએઆ, અને તેની આગલ બધી વાત કીધાથી તેણે જણાવીઉ કે ભાઇ કાંઇ ફીકર નહી; શહવારે કચેરી બેશ પછે તુરતજ તે રાજાનું દોકું કાપી નાંખશે, પ

છે તુને ગરદન મારવાનો હોકમ તે કેમ કરી શકવાનો. આ ભીલ નાં વીચાર શાંભલી તેઓ તાંથી પાછા ફરેઆ, અને રાજા પેલા વ ણકરને પાછો ચોકી મધે મેલી મેહલમાં ગએઓ, અને પલંગ ઉપ ર તપાશ કરતાં, લોહીનાં ડાઘ માલમ પડેઆ. શહવાર પડી, અને કચેરીનો વખત થાએઓ, જે વેલાએ રાજાને તખને બેશવાની ધાશતી પડી, અને તે ઉપરથી તેણે પોતાનાં એક બુધ્ધા ગોલામને શારો પો શાગ પેહરાવીને રમુજ કરવાને બાંહને તખત ઉપર બેશાડીઓ કે તુ રતજ પેલા ભીલે તેનું દોકું કાપી નાંખીઉ ! એ પછે રાજાએ વણ કરને છોડી દીધો, અને તે ચારે મીતરોની દોશતી વીશે ઘણો ખુ શી થાએઓ, અને રાણીને તેનાં કરતુકને માટે શજા કીધી.

એક પાદશાહને શલોગનો શોખ.

ગુલે અનાર નામે એક શેહર મધે માહમુદશાહ નામનો એક પાદશાહ રેહતો હતો, અને તેને શલોગ શીખવાનો ઘણો શોખ હ તો, અને જે કોઈ શલોગ જોડીને તેની પાશે લેઈ જાએ તેને, તે પાદશાહ એકશો રૂપીઆ આપતો હતો. આ રૂપીઆની લાલચ ઉપરથી તે શેહર માંહેલા કોઈ ચાર મીતરોએ ઠેડાવ કરેઓ કે આ પણેબી જો શલોગ જોડીને પાદશાહ પાશે લેઈ જાઈએતો, આપણ નેબી રૂપીઆ મલશે. આ મીતરો મધેના પેહલાનુ નાંમ રાંમચંદ ર, બીજાનુ નાંમ કેવલચંદ, તરીજાનુ નાંમ રાંમશંકર અને ચોથાનુ નાંમ અનુપચંદ કરીને હતું. આ વીચાર કરતી વેલાએ તેઓ એ ક તલાવને કીનારે બેઠેલા હતા. આ ઠેકાંણે કેટલુંએક ઘાશ ઊં ગેલું હતું, જે ઉપર રાંમચંદરની નજર પડી, અને તે ઉપરથી તેણે એક દાંટરડું લેઈને ઘાશને ખણીઉં, અને પોતાનાં મીતરોને જણાવીઉંકે ભાઈઓ, તેણેતો એક શલોગ જોડીઓ કે—"**ખરભ ર ખરભર ખોધતે હુએ.**" આ વેલાએ તલાવની બાજુ ઊપ

ર એક બગલું બેશીને ઊનચી દોકી કરીને તલાવની અંદર પોતા
ના ખોરાકને માટે માછલી જોતું હતું, તેની ઉપર કેવલચંદની ન
જર પડવાથી ને બોલીઓ કે ભાઈ મેં પણ એક શલોગ જોડી
ઓ કે—"**ઊનચી દોકશે દેખતે હુએ.**" એ પછે પેલા બગલાને
તલાવ મધે માછલી માલમ પડેઆથી તેણે જડકથી દોકી નીચી ક
રીને તલાવ મધેની માંછલી પકડવા માટે દુબકી મારી તારે, રાંમ
શંકરે કહીઉંકે ભાઈ મેં પણ એક શલોગ જોડી કાડીઓ કે—
"**નીચી દોકશેં દુખતે હુએં.**" પેલા બગલાની ચુંગાલ મધે
થી માછલી છટકી ગએઆથી બગલો તાંથી તુરતજ ઊડી ગએઓ,
જેની ઉપર અનુપચંદની નજર પડવાથી તે બોલીઓ કે ચાલો ભા
ઈઓ તારે અવે મનેબી એક શલોગ મલી આવીઓ કે—"**નીરાશ
હોકે જાતે હુએ.**" એ પરમાણે ચારે જણાઓ ચાર શલોગ લે
ઈને પાદશાહની કચેરીમાં ગએઆ, અને તે દરએકને એક એકશો
પરમાણે, ચારશો રૂપીઆ પાદશાહએ આપેઆ. પાદશાહની ઉપ
ર તેનો વજીર ઘણો ખફા હતો, અને વજીરને પાદશાહના છોકરા
શંગાથે શારૂં હતું. છોકરાને પોતાના બાપ શંગાથે બે બનાવ
હતો કારણ કે તેની માએ મરણ પામીઆ પછે, પાદશાહએ બી
જી બાએડી કીધી હતી. આવી ટકનો લાભ લેઈને વજીરે પાદશા
હના છોકરાને શહલા પુછી કે આપણે પાદશાહને મારી નખાવીએ
કે ગાદીનો વારશ તુંજ થાએ, નહીતો કે નવી આવેલી બાએડીને
છોકરો થાશેતો, પાદશાહત કદાચ તેને આપેઆમાં આવશે. આ
વાત પરથમ પાદશાહના છોકરાએ કબુલ નહી રાખી; પણ કેટલી
એક આનાકાની કીધા પછે કબુલ રાખી. એ ઉપરથી વજીરે ચાર
ભીલોને નાંણાંની એક શારી રકમ આપવા કહીને એ કામ શોકીઉં,
અને તે ઉપરથી તે ભીલો રાજાના મેહલ મધે એક રાતના દાખલ
થાએઆ. તેઓનો વીચાર એવો હતો કે દેવાર મધે ખાતર પાડી
ને પાદશાહના ઓરડા મધે દાખલ થાઈને પછે તેને કાપી નાખવો.
પાદશાહ ઘણો શોખીલો હતો; માટે નવી મલેલી કવીતાઓ ઘણા
દીવશ શુધી તે રાતની વેલાએ પલંગ ઉપર શુઈનેબી બોલીઆ કર
તો હતો. એક તરફથી ચોરોએ તેના ઓરડાની દેવાર ખણવા માં

ડી, કે બીજી તરફથી પાદશાહએ પેલા ચારે મોતરોએ આપેલા શલો ગ વાંચવાની ઈછા કીધી, અને તે પરમાણે પેહલો શલોગ પાદ શાહ એમ બોલીઓ કે—"**ખરભર ખરભર બાધતે હુ ચ્ચે.**" એ શાંભલવાથી ભીલો બીહયા, અને વીચારીઉં કે દેવાર ખણવાની વાતતો પાદશાહએ જાણીછે. એ ઉપરથી તેઓએ એક ઉનચા તીરકશની અંદરથી જોવા માટે પોતાની દોકી ઉનચી કી ધી. આ વેલાએ પાદશાહ બીજા શલોગ બોલીઓ કે—"**ઊનચી દોકશે દેખતે હુચ્ચે.**" એમ બોલતાંજ પેલા ભીલો ઘભરાઈ ગ એઆ, અને તીરકશ મધેથી જોવાનું પડતું મેલી નીચે બેશી ગ એઆ કે વલી પાદશાહ તરીજા શલોગ બોલીઓ કે—"**નીચી દો કશે દુમતે હુચ્ચે.**" ભીલ લોકો એવું શહમજીઆ કે પાદશાહએ પકી રીતે જાણીઉં કે આ ભીલો તેને મારી નાખવાને આવેઆછે, અને તેટલા માટે આપણી હીલ ચાલની દરએક વાત તે આપણ ને ચેતવણી આપવા માટે બોલતો જાએછે. એ વીચારથી તેઓ તાંથી પાછા ચાલવા લાગા, અને તે વેલાએ પાદશાહએ ચોથો શલોગ કહે ઓ કે—"**નીરાશ હોકે જાતે હુચ્ચે.**" આ શખુન શહમજતાં ભીલો ઘણા ઘભરાએઆ કે આપણા કામની દરએક વાત પાદશાહ શમજી ગએઓછે. મેહલની બાહેર ગએઆ પછે, બીજે દીને ભી લોએ તે શગલી વાતથી વજીરને વાકેફ કીધો, અને તે ઉપરથી વજીર મોટા ઘભરાટમા પડેઓ, અને વીચારીઉં કે પાદશાહ જેમ ભીલો ની વાતને પામી ગએઓ તેમ મારી છુપી મતલબનેબી શમજી ગએ ઓ હશે; માટે તેની આગલ માફ માંગુ. આ ઘેલા વીચાર પર માંણે વજીરે પાદશાહની આગલ, પોતાનાં મન મધેની શરવે વાત કીધી, અને તે વીશે પાદશાહ પાશે માફ માંગી. પાદશાહએ વીચાર કીધો કે શલોગો પાછલ પઈશા ખરચેલા આજે કામ લાગા, અને છેહલા ખરચેલા ચારશો રૂપીઆએ જીવ બચાવેઓ, એવો વીચાર કીધા પછે વજીરને શેહર મધેથી દેશ નીકાલ કીધો,અને પોતાની આ ગલી બાએડીને પેટના છોકરાને ગાદી ઉપર બેશાડીઓ.

બાએડીને શાત ખાશડાં મારવાની બોલી કરનારો ભરથાર.

આમોદનગર નામના એક શેહર મધે શાકરચંદ નામનો એક શોદાગર રેહનો હતો, અને તેને તાંહ નાલચંદ નામનો એક છોક રો હતો. આ છોકરાની વએ ઘણી પુગતી થાઇ તો પણ તેણે લ ગન કરવાને નાપાડી હતી. તેનાં માંબાપે ઘણોજ જારે શહુમજાવી ઓ તારે, તેણે જણાવીઉ કે તેને હાથનાં દરરોજ શાત ખાશડાં જે અશતરી ખાએ તેજ શાથે પરણવાને તે રાજીછે. આ બોલી પ રમાંણે કુકાંવટી લેઇને આશપાશનાં દેશો, અને ગાંમો મધે બરહાંમ ણો ફરવા લાગા. ઘણે દીવશે એક ગાંમ મધેના એક વાંણીઆની છોકરીને એ ખબર પડી, અને તે ઉપરથી તેવી બોલીથી શોદાગર ના છોકરા શાથે પરણવાને તે તઈઆર થાઈ. આવી બોલીથી લ ગન કરવાને તે છોડીના માંબાપ નારાજી હતાં, તેવું છતાં, છોડીએ તેઓને શહુમજાવીને જબરદશતીથી બરહાંમણુને પેહરાંમણી કીધી. બરહાંમણુ પેલા શોદાગરને ઘેર આ વધાંમણી લેઇ ગએઓ, અને તે પછે પેલી છોકરીને ઘેર કંકોતરી મોકલી. અને તે પછે શોદાગ રનો છોકરો તેને પરણીને પોતાને ઘેર લેઇ ગએઓ. પેહલેજ દીને રાતનાં હાથમાં ખાશડું લેઇને પેલીને મારવા જાએછે કે તેણે બુમ મારી, અને જણાવીઉ કે—શબુર કર; અજુર તો હું મારા શશરા નું અન ખાઉં છેઉં. જારે તું કમાઇને ખવાડશે તારેજ તારાં ખા શડાં ખાવાને હું લાએગ થાશ. આ ગડબડથી તે શોદાગર, અને તેની બાએડી જાગી ઉઠીઆં, અને તેઓએ વહુની વાતને ટેકો આ પેઓ, અને દીકરાને જણાવીઉ કે ભાઇ એ કેછે તે ખરીજ વાત છે. આ ઉપરથી તે છોકરાએ બીજ દીને શહુવારે શોદાગરી ઉપર જાવાનો ઈરાદો કીધો, અને તેને વાશતે બાપની પાશેથી કેટલીએક દોલત લેઇ માલની ખરીદી કરીને વાંહાંણુ ભરીઉ, અને માબાપની રજા લેઇ વેપાર કરવાને નીકલીઓ. એક શેહરમાં જાઇને કોઇ ક

શબનનાં ઘેરમાં ઉતારો લીધો. આ કશબન ઘણી લુચ્ચી હતી, અને તેણે ઘણા શાદાગરો લુટી લીધેલા હતા. રાતની વેલાએ નમી ર હીને તે છોકરો પેલી કશબન શંગાથે શેતરંજ રમવા બેઠો. આ વે લાએ કશબને એવી બોલી કીધી હતી કે રમતમાં જે હારે તે પોતા ની મતા શહીત જીહતનારની ગોલામગરીમાં રેહ. રમતાં રમતાં શો દાગરનો છોકરો હારી ગએઓ, જેથી તેના માલનાં વાંહાંણુ થુ ધાં તેને ગોલામ દાખલ રાખેઓ, અને પોતાનાં ઘેર મધે તેલનો જ થો વેચાતો મંગાવીને તેનાં બદલામાં પેલા છોકરાને ઘાંચીને તાંહ કાંમ કરવા આપેઓ. ઘણા દીવશ નીકલી ગએઆ પછે,. પેલા છો કરાએ માંબાપ ઉપર એક કાગલ લખેઓ કે—"ફરતાં તખતની ઉપર બેશીને હાથ મધે શવા હાથની કલમ પકડેલીછે, અને દરરોજ શો ઉધાં, અને શોચતાં કીધામાં આવેછે." આ કાગલ વાંચીઆથી તે નાં માંબાપને શહમજ નહી પડી કે દીકરો ઘાંચીની ઘાંણી પીલેછે; પણ તેઓ શમજીઆં કે કેથે શારી ચાકરી મલીછે, જેથી તેઓ ખુ શી થાવા લાગાં; પણ તેના લખવાનો અરથ તેની બાએડી તુરતજ શહમજી ગેઇ, અને પછે પીઅર જવાને બાંહને શશરા શાશુ પાશે થી રજાં લેઇને ઘેરથી નીકલી. આ વેલાએ તેણે શશરાની પેટી મ ધેથી તેની કુંચી હાથ કરીને કેટલોએક દરવીઅ લીધો હતો. એક વાંહાંણુમાં બેશીને તે અશતરી ઉપલાં શેહરમાં દાખલ થાઇ,અને ખ બર મેલવીને પેલી કશબનનાં ઘેરમાં ઉતારો લીધો. તેણે વાંહાંણુ માં બેશતી વેલાએજ મરદનો વેશ લીધેલો હતો. કશબનના ઘેરમાં જા ઇને તેણે ઉંદરનાં એક બચાંને પોતાની બાંહની અંદર શાંતી રાખી ઊં; કાંકે કશબન રમતી વેલાએ બીલાડીનાં માંથાં ઉપર દીવો આ પતી હતી, અને જારે બાજી આવે તારે, પેલી બીલાડીએ દોકી હી લવેઆથી, રમત ઉપર ઓલો પડતાંજ પેલી કશબન બાજી મધે ફે રફાર કરી નાંખતી હતી. કશબને શરેશતા પરમાંણે બોલી કીધી, અને તે બંધે જણા રમવા બેઠાં; પણ કશબને બાજી ફેરવવાની તં ઇઆરી કરતાંજ પેલીએ બાંહે મધેથી ઉંદરદાને બેમાલમ છોડી દી ધું, જેથી બીલાડી દીવો નાંખી દેઇને તેની પાછલ દોડી, અને તે અ રશામાં પેલીએ બાજી ફેરવી નાંખીઆથી કશબન હારી ગેઇ, જેથી

તેનાં આખાં ઘરની મતા શાથે તેને પેલી અશતરીએ કેદ કીધી. ક શબનને મારી નાંખી, અને કેટલાએક શીદાગરોને તેણે ગોલામ દા ખલ એણીગેમ મેલીગેમ વેચીઆ હતા તે શરવેને છુટાપણું બખ શીઉં. પોતાનાં ભરથારને ધાંચીને ઘરથી મંગાવી લેઈને તેની દાહ ડીને માંથુ બોરાવી શારો પોશાગ પેહરાવીઓ, અને તેનાં માલ શુ ધાં તેનું વાંહાંણુ તેને શવાધીન કીધું. તેની દાડી અને માંથાંનાં બા લ પેલીએ પોતાની પાશે રાખેઆ; અને તે પછે, પેલી વેશીઆનાં ઘરની મતા વેચીને તેનાં નાંણાં શાથે લેઈ પોતે તાંહથી નીકલીને પો તાને પોઅરે ગેઈ. શીદાગરનો છોકરો વાંહાંણુ લેઈ પોતાને દેશ ગ એઓ, અને પોતાની બાએડીને પીઅરથી બોલાવી, જેથી તે તુરત પોતાને શાશરે ગેઈ. એ દીને રાતનાં વલી પેલો હાથમાં ખાશડું લે ઈને પેલીને મારવા ગએઓ, જેથી પેલીએ અટકાવ કીધો કે જાઓ કમાઈને આવો,અને પછે ખાશડાં મારવાને તઈઆર થાજો. પેલા છો કરાએ કહીઉ કે હું કમાઈ આવીઓચ, અને પેલીએ વાંધો લીધો કે તું કમાઈ નથી આવીઓ. આ ગરબડ થાવાથી તે શીદાગર પો તાની બાએડી શાથે તે માટી બઈઅરના ટંટાનો નીવેડો આંણુવા ને ગએઓ, અને પરપુછ કરતાં,છોકરો કે જે તે કમાઈ આવીઓછે, અને વહુ કે જે તે કમાઈને લાવીઓ નથી. શાશુ શશરાએ વહુને પુછીઉ કે કહેઆ આધાર ઉપરથી તું કેછે કે તે કમાઈને લાવીઓ નથી. આ ઉપરથી પેલી વહુએ પોતા નાં ભરથારનાં દાહડી માંથાં નાં બાલ, અને ધાંચીને તાંહનાં તેલથી ખરડાએલાં કપડાં તેઓની આગલ મેલીને, માંટી છોડવવા શારૂ પોતે કીધેલા ઉપાએ શંબંધી બધી વાત કીધી, જેથી પેલો છોકરો લાચાર થાઈને શરમીંદગી શા થે મુંગો રહેઓ, અને પોતાની બાએડીને તાએબેજ રહેઓ.

ખરી દોશતીના ચાર મીતરો.



શુંથાર, બરહામણ, દરજી, અને પઠાણ મલીને ચાર મીત રો આશીરીઆ નામે એક ગાંમમાં રેહતા હતા, અને તેઓની દોશ તીનો ગાંઠ એટલો તો મજબુત થાએલો હતો કે દરરોજ શાથે ખાવું, શાથે ફરવું, અને જેબી લેવું કરવું તે બીજાની શાથેજ કરતા હતા. એક દીવશે પેલા પઠાંણના ઘેરમાં મજબુત કંકાશ થાએઓ, અને તે ઊપરથી તેણે કેથે બાહેર નીકલી જાવાનો વીચાર કરેઓ. આ ઉ પરથી તે પોતાના મીતર શુંથારને મલવા ગએઓ, અને તેની આ ગલ ઘેરનાં કંકાશની વાત કીધા પછે જારે પોતાનો બાહેર નીકલી જાવાનો ઠેડાવ તેને કહેઓ તારે, તે બોલીઓ કે ઓ જીગરના મી તર, જે દેશમાં તું તેજ દેશને હુંબી કબુલ રાખવાનો. પઠાંણે તેને પુ છીઊ કે ભાઈ હું તો ઘેરનાં કંકાશને માટે દેશનીકાલ થાઊંચ; પણ તને શામાટે તેમ કરવું જોઈએ ? શુંથારે જવાબ દીધો કે ભાઈ મા રો ઠેડાવજછે કે જાંહુ મારા મીતરો હોએ તાંહજ મારેબી રેહવું. એ પછે તેઓ બરહામણ, અને દરજીને ઘેર ગએઆ, અને તે બંધે પ ણ તેઓની શાથે બાહેર જાવાને તઈઆર થાએઆ. આ ઠેડાવ પ રમાંણે તે ચારે મીતરો એક બીજા શાથે નીકલીઆ, અને રશતે ચા લતાં એવી વાત કરવા લાગા કે ભાઈઓ આપણ એક બીજામાં કે વી કલાછે તે શગલાઓએ જાણી લેવી જોઈએ કે પરદેશના વચમા તે આપણને વખતે કાંમે લાગે.

પેહલા મીતર દરજીએ જણાવીઉ કે હરેક માંણશ મને દેખા વ દીધા વગર પોતાના વરશની ગણતરી કેહ, અને આંગનું કદ કેવું છે તે જણાવેતો તેને જોવા વગર તેનાં આગમાં બરોબર આવે તે વાં કપડાં વેતરીને શીવી આપું.

બીજા મીતર બરહાંમણે કહીઉ કે તે એવી વીદીઆ જાંણેછે કે મરણ પાંમેલા આદમીને એકવાર શજીવણ કરી શકે !

તરીજા મીતર શુથારે કહીઉ કે અગરજો કલાણી જાતનાં લા

કડાંનો તે બાનટ બનાવે તો તે ઉપર બેશીને જાહ ગમે તાંહ જવા ઇ શકે.

ચોથા ભીતર પઠાણે જણાવીઉ કે જો જંગલ મધે વાઘ અથ વા રશતામાં ચોર મલીઆ હોએ તો, તેઓને મારી હટાડવાની શક તી તે ધરાવેછે.

એ ઉપરથી તેઓએ નીશચે કરેઓ કે અગરજો અવેપછે આપ ણે જુદા પડીએ તોપણ જમતી વેલાએ દરએક જણે ચાર લો ણાં કરવાં, અને ખાઇ રહેઆ પછે જે કાંઇ વધે તે કુતરાંને મેલવું. આગલ ચાલતાં રશતા મધે તેઓને વાઘ મલીઓ, અને તે વેલાએ પઠાંણે આગલ વધીને તલવારથી દોકુ કાપી તેને મારી નાંખેઓ. એ પ છે તેઓએ અજમાએશ કરવા શારૂ બરહાંમણને કહીણે કે ભાઇ તું કે જે મુવેલાંને હું શજીવણ કરી શકું તો અવે તારો હુનર અજમાવી બ તાવ કે આ વાઘ પાછો જીવતો થાઇ શકે. બરહાંમણે તે વાત ક બુલ રાખી, અને ભણતર ભણીને વાઘની ઉપર પાંણી છાંટીઆ થી તેનું કપાએલું ધર વલગી ગીઉ, અને બીજીવાર પાંણી છાંટે આથી તે વાઘ શજીવણ થાએઓ, અને તરીજીવાર પાંણી છાંટેઆ થી બલવંત થાઇ ઉઠીને ઊભો થાએઓ, જેથી દરજી, સુથાર, અ ને બરહાંમણ, એ તરણડે જણાએ નાહશી ગએઆ, અને પઠાંણ પેલાઓનો બચાવ કરવા શારૂ તેની શાંહમણેજ ઉભો રહેઓ તેથી તરણ, જુદા અને એક જુદો, એ પરમાંણે તે ચારે જણાઓ છુટા પડી ગએઆ. વાઘને ફરીથી મારી નાંખોને પેલો પઠાંણ તાંથી ચા લવા લાગો, જે એક જંગલ મધે જાઇ પુગો, જાંહ કોઇ દેવનો મે હલ હતો, અને તેની અંદર માંણશની વશતી નહી હતી. આ ઠેકાંણે પેલા પઠાંણને દેવની દીકરીએ જોએઓ, અને તેને જ ણાવીઉ કે અગરજો મારો બાપ આવશે તો તુંને ખાઇ જાશે. પ ઠાંણે જવાબ દીધો કે જો તુને મારી ઉપર દએઆ આવતી હોએ તો, જાંહ ગમે તાંહ મને બચાવી રાખ. દેવની દીકરીએ મરદનો ઓ રો વટીક દીઠેલો નહી તેથી પઠાંણને જોઇને તે ઘણી મધન હતી, અને તેટલા વાશતે તેણે પઠાંણને પોતાના ઘેર મધેની એક પેટી મ ધે રાખવાનો ઠેડાવ કરેઓ, અને ઘેરમાં લેઇને તેની શંગાધે મીત

રાઈનો ગાઠ બાંધીઓ. જારે પેલો દેવ ઘેરમાં આવે તારે, પેલી પઠાં
ણને પેટી મધે શાંતે; તોપણ દેવ દીકરીને પુછે કે હઈઆં આદમ
જાતનો શંવાશ કાંથી આવેછે ? દીકરી જવાબ દીએ કે રે બાપ, તા
રા તાપ આ જંગલ મધે એટલો તો તપેછે કે કોંણુની મગદુરછે કે
આપણા ઘેર શુધી આવી પુગે. આવી રીતની ગરબડ પેલા દેવે વા
રેવાર કરવા ઉપરથી પઠાંણે પેલી છોકરીને કહીઉં કે તારા બાપ
ને પુછ કે તારૂં મરણ કેહી તરાહથી આવી શકશે કે તે બાબતમાં
હું આગમચથી શંભાલ રાખી શકું; કાંકે તુંતો મહીને બે મહીને
ઘેરમાં આવેછે, તારે હું કેમ શમજું કે તું જીવતોછે કે મરણ પાં
મીઓ. એ ઉપરથી પેલો દેવ ફરીને જારે આવીઓ તારે, તેની દી
કરીએ તેનાં મરણ વીશે પુછીઉં. દેવે જવાબ દીધો કે આપણા દરવા
જા આગલ જે કેરછે તે જે વેલાએ શુકાઈ જાએ તારે જાણવું કે હું
મરણ પાંમીઓ છેઉં. આ વાત દેવની દીકરીએ પઠાંણ આગલ કી
ધાથી તેણે પેલી કેર કાપો નાંખી, જેથી પેલો દેવ દોડતો દોડતો
આવીને કેરની નજદીક પડીને મરણ પાંમીઓ ! અને તે ઉપરથી
પેલાં બંધે જણાં બેફીકરાઈથી ઘેર મધે રહેઆં. એ જંગલ મધે
દેવે જે મેહલ બાંધેલો હતો તે ઘણો શુંદર હતો, અને તેની આગ
લી બોરદુએ જંગલ, અને પાછલી બોરદુએ શમુદર આવેલો હતો,
અને દેવના વખતમાં તે શમુદર તરફનું બારણું હમેશ બંધ રાખી
આમાં આવતું હતું; પણ પઠાંણે તે બારણું ઉઘાડું રાખીઉ, અ
ને શમુદરની ખારી હવા લેવા માટે તે તરફ બેઠક કીધી. એક દી
વશે દેવની દીકરી શાથે પઠાંણ શમુદર કીનારે બેશીને ગમત કર
તો હતો, એટલામાં દેવની દીકરીના પગ મધેની શપાટ શમુદર મધે પ
ડી ગેઈ, અને ઘશડાઈને એક માછીની જાલમાં શપડાઈ, અને માછીએ તે
શપાટ એક શેહરનાં પાદશાહને લેટ કીધી. શપાટ ઘણીજ નાદર, અ
ને બે કીમત કારીગરીથી બનાવેલી હતી, જેથી પેલા પાદશાહ
ના છોકરાએ પોતાના બાપને જણાવીઉકે તેનુ જીવવું પરમાન કે
આરે કે જારે તેને આ શપાટ પેહરનારી શંગાથે પરણાવે તારે. આ
ઉપરથી પાદશાહએ કેટલીએક દદાઓને બોલાવી મંગાવી, અને તે
ઓને ઉપલું કાંમ કરવાને ફરમાવીઉં. એ ઉપરથી એક દદાએ

આ કામ કરવાનું બીરૂં ઉઠાવીઉં, અને તેણે પેલા માંછીને શીહધી કાડીઓા, અને તેનેથી પરપુછ કરીને એક વાંહાંણુ મધે ખોરાક વી ગરે લેઈ, જે દશાથી માંછીને પેલી શયાટ મલી હતી તે દશા તરફ વાંહાંણુ ચલાવીંઉં. આગલ ચાલતાં તેઓને એક મેહલ દેખાવા લા ગેા, જે ઘણાજ નવરાશ ભરેલાં જંગલમાં હતેા. એ ઉપરથી પેલી દદાએ ધારવીઉં કે આએજ મેહલ મધે પેલી અશતરી હોવી જોઈ એ, એવું ધારીને તે વાંહાંણુને તેની નજદીક લેઈ જાઈને પેાતે શીહી ડીની ઉપર ઊતરી પડી, અને વાંહાંણુ દુર લઈજાઈ રાખ્યા કહી ઉં, અને પેાતે શીહીડી ઉપર બેશીને રડવા લાગી, જે અવાજ શાં ભલીને પઠાંણે બાએડીને પુછીઉં કે એ કેાંણ રડેચ. બાએડીએ તેની પરવાહ નહી કરીને જણાવીઉં કે કેાઈ હોશે. પઠાંણે કહી ઉ કે જાઈએતેા ખરાં કે કેાંણછે. બારણું ઉગાડીને જોએછેતેા પેલી દદા બારણા આગલ પાંણીમાં ભીનવાઈને બેહેલીછે, અને તેને પુછવાથી બોલીકે તે એક વાંહાણુની અંદરથી શમુદરમા પડી ગેઈ હતી; પણ એક લાકડાંનેા આધાર મલવાથી આ તમારી શીહીડી શુધી તરી આવીછે;માટે મારા ઉપર દએઆ લાવી બચાવશેાતેા ઈશવર તમારૂં કલીઆણ કરશે. આ કાકલુદી ભરેલા શબ્દેા ઉપર પઠાંણે ભરેાશેા આંણ્યેા, અને તેથી તેની હાલત ઊપર પઠાંણને દએઆ આ વી, જેથી તેને પેાતાના ઘેરમા દાખલ કીધી, અને બાએડીને જણા વીઉંકે તારી આગલ કામકાજને માટે ઠીક પડશે. ઘેર મધે પગ ભર થાએઆ પછે દદાએ પેાતાનાં મકર લડાવીઆં, અને દેવની દીકરીને કેવા લાગ્યા કે તારેા ભરથાર બાહેર જાએચ તાંથી દશ, પંદર અને વીશ દીવશે આવેછે, અને અગરજો તે કેથે બાહેર મરણ પામીઓ તેા, આપણે કેમ જાણીએ, અને જો તેવેા માઠેા બનાવ, ઈશવર નહી કરે; પણ બનીઓતેા આપણું શું થાશે, અને તેટલા માટે તે આવીઆથી તેનું મરણ થાએલું આપણને કેમ માલમ પડશે તે વીશે તેનેથી પરપુછ કરેતેા શારૂં. એ ઉપરથી એ કવાર જારે પઠાંણ આવીઓ તારે, દેવની દીકરીએ ધીરજથી તેનેથી પરપુછ કીધી, અને તે ઉપરથી પઠાંણે જવાબ દીધેા કે મારૂં મેાહત જ નથી; પણ અગરજો મારી તલવારને નુકશાંન થાઈઉં તેા, તેજ

વખતે મારૂં મરણ નીપજી આવે. એકવાર બાહેર જાઈ આવીઆ પછે, દદાએ પઠાંણની તલવાર, જે દેવાર ઉપર ઓરવેલી હતી તે ચોરીને તેણે આગ મધે તાવી નાખી, જેથી પેલા પઠાંણ પોતાનો પરાંણ છોડી દીધો. આ દેખાવથી દેવની દીકરી ઘણી ગોશામા આવો, અને પેલી દદાને મારવાની ધમકી દીધી; પણ પોતાના ભર થાર પઠાંણે પોતાના મીતરોની કલા, અને હુનર વીગરેની જે વાર તા કીધેલી તે ઉપર ધીઆન આપીને પોતાના ભરથારને એક પેટી ની અંદર અવધ બાંધીને મેલીઓ, અને પોતે શમુદર મધે શનાન કરવા ગોઈ, એટલે પેલી દદાએ તેને મારી નાખવાની ધમકી આપી, અને શમુદર મધે મેહલની નજદીકમા રાખેલો મછવો આવી પુગો, અ ને તેને ઉંચકી લીધી, અને દદા તે મછવામાં બેશીને વાંહાંણ તરફ લે ઈ ગોઈ, અને તાંહથી પેલા રાજાને દેશ જાઈ પુગી. રાજાના છોક રાને તે અશતરી જોવાથી હરખ ઉપજીઓ, અને તેથી તેણે લગન ની તઈઆરી કરવા કહી; પણ પેલીએ જણાવીઉં કે તેના ભરથાર ના મરણ પછે છ વરશેજ બીજા શાથે પરણવાને તેણે બાધા લીધે લીછે; માટે તેને એક હલાએદાં ઘેરમાં જુદી રાખવી, અને તે ઘેર ની શાંમણે એક ધરમશાલા બનાવી આપવી, અને તાંહ આવતા મુ શાફરોને દરરોજ શીધો પુરો પાડવો. એ પરમાંણે રાજાએ પેલી અ શતરીને જુદી રાખી, અને તેનાં ઘેરની શાંમણે ધરમશાલા બનાવી, અને પરદેશીઓને શીધું આપવા માંડીઉં. લાંમબો વખત નીકલી ગએઓ, અને છ વરશની મુદતને માતરે તરણ માશજ બાકી રહે આ તારે, પેલા પઠાંણના તરણ મીતરો તે ધરમશાલા મધે આવી પુગા, જેઓએ ચાર જણાઓનું શીધું માગીઉ. દેવની દીકરીએ ધરમશાલા મધે શીધું આપનાર માંણશને હોકમ કરેઓ હતો કે કોઈબી મુશાફર ધરમશાલા મધે આવે, અને તેને લગતી કોઈ પણ બી ના હોએ તે તેને જણાવીઆ કરવી. એ ઉપરથી શીધું આપનારે પેલાઓને પુછીઉ કે ભાઈ તમોતો માતરે તરણ જણ છેઓ, તારે ચાર માણશનું શીધું શામાટે માંગો છેઓ ? પેલા મીતરોએ જ વાબ દીધો કે એનો જવાબ દેવાની અમોને કશી જરૂર નથી. ચા ર જણનું શીધું આપવાને તારી ખુશી હોએ તો તેમ, નહી તો

નાપાડવી. એ ઉપરથી તેણે ચાર શીંધાં આપેઆથી તેઓએ ખાંણું પકાવીઉં, અને ચાર લોણા કરીને તરણે જણે તરણ લોણાં ખા ધાં, અને એક લોણું કુતરાંને ખવાડીઉ. આ શરવે બીના શીધું આપનારે પેલી અશતરીને કેહવાથી તેણે બરહાંમણને બોલાવીઓ અને તેને ચાર લોણાની વાત પુછવાથી તેણે પોતાનાં ચારે મીતરો ની વાત કીધી. એ ઉપરથી પેલી અશતરીએ તેઓનાં મીતર પડાં ણુ શંબંધી શંધેશો તેને કહેઓ, જેથી તે બોલીઓ કે ફલાંણી જા તનાં લાકડાં મંગાવે તો, આપણો મીતર શુંથાર બાજટ બનાવે કે આપણે હઈઆંથી તારા ભરથારનાં મેહલમાં જાઈને તેને પાછો શજી વન કરીએ. એ ઉપરથી પેલી છોકરીએ પેલો રાજા, પોતાના નવા શશરાને જણાવીઉ કે લગન કરવાનો વખત અવે નજદીક આ વેઓછે; માટે બાજટ બનાવવા શારૂં ફલાંણી જાતનાં લાકડાં તેને મંગાવી આપવાં. રાજાએ લાકડાં મંગાવી આપેઆથી શુંથારે બા જટ ઘડેઓ કે તે ઉપર પેલા તરણ મીતરો, અને ચોથી પેલી છો કરીએ શવારી કીધી, અને બાજટ તાંહથી ઊનચે ઉડીઓ. આ વે લાએ પેલી છોકરીએ પોકાર મારીને શશરાને જણાવીઉં કે દગો કોઈનો શગો નથી. પેલી દદા પાશે દગલબાજી કરાવીને મને અ તરે મંગાવી હતી; પણ હું પાછી મારા ભરથારના મેહલ મધે જા ઈ તેને શજીવણ કરીને બાકીની મારી જીંદગી તેની શાથનાં શુખ મા કાહડીશ. એ પછે તેઓ દેવના મેહલ મધે ગએઆં, અને પ ઠાંણુને મેલેલી પેટી ઊંધાડી તેને બાહેર કાડીને બરહાંમણે તેને પા છો શજીવન કીધો, જેથી પેલાં પાંચે જણાઓ એક બીજા શાથે લેટેઆં. એ પછે પઠાંણે જણાવીઉં કે આ મેહલનું બાંધકામ શુંનાં રૂપાંનું છે તે આપણે બધાંએ શરખે હીશે વેંહચી લેવું, એવું બોલી તે મેહલ ભાંજીને તેઓએ વેંહચી લીધો. પેલી અશતરી પ ઠાંણુને હવાલે કીધી, અને બધા જણ પોતાને દેશ નીકલી ગએઆ.

ફાંશી દીધેલો પુરશ જીવતો થાએઓ !

એક દેશમા એવી ચાલ હતી કે જેબી પુરશ ખુનના વાંકમા આવીએા હોએ તેને જંગલ મધે લેઈ જાઈને જાહડની ડાહલ શાથે દોરડું બાંધીને તેનેથી ફાંશી દીએ કે પછે તેની લાશ જંગલી જાનવરો ખાઈ જાએ. આ શરેશતા પરમાંણે શરકારી માણશોાએ એક પુરશ ને ખુન કરવાના વાંકને વાશતે એક દીવશે જંગલ મધેના એક જા હડની ડાહલીએ ફાંશી દીધેા, અને કેટલાએક વખત શુધી તેની આ ગલ ઉભા રહેઆ, અને તે મરણ પામીએા, એવું ધારીને પછે તાં થી ચાલી ગએઆ. પેલેા ખુની મરણ નહી પામીએા હતેા; કાંકે દોરડાંની ફાંશી તેનાં ગલા મધે બરોબર બેઠી નહી હતી, અને તે ઉપરથી તે જંગલ મધે કોઈબી માણશ કેહારે આવે તેની ઈનતે જારીમા હતેા કે તેનેા તાંથી છુટકેા થાઈ જાએ. એમ કરતાં રા ત પડી, અને મોડેથી ચોર લોકોની એક ટોલકી પેલાં શેહર મધે ચોરી કરવા શારૂં તે જંગલ મધેથી જાતી માલમ પડી. એ ઉપ રથી ખુનીએ ચોરોને શાધ મારેએા, જેથી તેઓ બીધાકે આવી મોડી રાતના આ બીઆબાન જંગલમા કોંણ બોલેછે. તેઓએ વીચાર કીધેા કે કાંઈ બલા હશે; માટે આપણને ખાઈ જાશે, અને તેટલા માટે પેલા ખુનીના બોલવા ઉપર ચોરોએ લખશ આપેઉં ન હી, અને આગલ ચાલવાજ લાગા. ખુનીએ ઘણીજ આજોજી થી તેઓને શહમજ પાડીને પોતાનેા હેવાલ જાહેર કીધેા, અને તે ઉ પરથી પેલા ચોરો તેની નજદીક ગએઆ, અને તેહને દોરડાંથી લટકાવેલેા જોવાથી તેઓએ તે ખુનીના બોલવા ઉપર ભરોશેા આ ણેએા, અને તેનાં ગલાં મધેથી ફાંશીનું દોરડું કાડીને તેના હાથ પગ છોડીઆ. આ ઉપરથી ખુનીએ તેઓને રૂડા આશીરવાર દી ધા, અને તે તાંહથી નીકલીને ચાલતેા થાએએા.

આ શખશની ઉપર ખુન કરવાનેા જે અપરાધ મેલીઆમાં આવીએા હતેા તે વાંક ખોટેાજ હતેા, અને તેણે કોઈનું ખુન કીધું

નહી હતું. એતેફાક એવો બનીઓ કે આ ફાંશી દીધેલો પુરશ જે નું નાંમ શુરચંદ કરીને હતું તે પોતાના એક મીતર માએઆરાંમની શાથે વેપાર કરવાનાં ઈરાદાથી બાહેરના દેશો ખાતે જવા નીકલી ઓ હતો, અને વેપારને માટે તેઓએ શું નાંની ગીનીઓ લીધી હ તી જે ગીનીઓ એક મોટી કોથલીની અંદર ભરી હતી. તેઓ ચા લતા ચાલતા દુર ગએઆ, અને જે શેહરમાં પેલાને ફાંશી દીધી હ તી તે શેહરમાં દાખલ થાએઆ. આ શેહરમાં એક પુરશ લોકોને ખવારવાનો ધંધો કરતો હતો, અને તેનું ઘેર નદીના કીનારા ઉપ ર આવેલું હતું. પેલા બંધે મીતરો પરપુછ કરતાં પેલા ખવાડનાર પુરશનાં ઘેર મધે દાખલ થાએઆ; અને પોતાનો એક રાતનો ઉતા રો માંગેઓ, અને પેલા ઘેર ધણીએ તેઓને રેહવાની રજા આપી. આ વખતે પેલી ગીનીની કોથલી માએઆરાંમના હાથમાં હતી, અ ને તેની અંદરથી તેણે પોતાનાં ખાવા તથા ઉતારાને માટે પેલા ઘે ર ધણીને માતરે પોતાનું જ નાંણું આપીઉ હતું, અને શુરચંદે પો તાનું નાંણું પોતાના ખીશા મધેથી આપીઉ હતું, જે ઉપરથી પેલો ઘેર ધણી એવું શમજીઓ હતો કે આ બંધે જણા શાથે નહી પ ણ જુદા જુદા આવેલાછે. તેઓ બંધે જણાએ જમીઆ, અને થોડે વખતે શુતા, જે વેલાએ માએઆરાંમે પેલી ગીનીની કોથલી પોતાનાં માંથાં નીચે ટકીઆને ઠેકાંણે મેલી તે પેલા ઘેર ધણીએ જોઈઉ હતું.

રાતની વેલાએ એવો બનાવ બનીઓ કે ચોટા લોકોની એક ટોલકી મછવામાં બેશીને પેલા ખવાડનારા પુરશના ઘેરના કમપાંઉ નડ મધે આવીને બેહી હતી, અને માએઆરાંમ પીશાબ કરવા અ ને જાહડે ફરવા જવા માટે શુતેલો ઉઠીઓ. માએઆરાંમે શુરચંદ ને જણાવીઉ કે તે જાહડે ફરવા જાએછે; માટે ગીનીની કોથલી તારા માંથાં નીચે રાખીને શું. એક તરફથી શુરચંદ કોથલી પોતાનાં માથાં નીચે મેલીને પાછો ઉઘાઈ ગીઓ, અને બીજી તરફથી માએઆરાં મ ઘેરનાં કંમપાઉનડ મધે ગએઓ કે પેલા ચોટાઓએ પાછલથી જા ઈને તેનું મોહું પકડી લીધું, અને ચુપચુપ તેને ઉચકીને મછવામાં નાંખી પોતાને ગાંમ લેઈ ગએઆ. તેની પાશે કાંઈ નહી. મલી આથી તેને ગોલાંમ દાખલ પોતાને તાંહ રાખેઓ.

વાંચનાર, પેલા શુરચંદની ઉપર અવે કેવી નશીબત ગુજરેચ તે વાત ઉપર ધીઆંન આપવું. શહવાર પડી, અને માએઆરાંમ બીછાંણાં ઉપરથી ગુમ થાએલેા જણાએએા, અને શુરચંદ માંથાં ની ચે ગીનીની કોથલી લેઈ શુતેલેા જણાએઆથી ઘેર ધણીને વેહમ ગએએા કે ગીની નેા માએઆરાંમની હતી માટે શુરચંદે તેને નદી માં નાખી દેઈને ગીનીની કોથલી પેાતે લેઈ મેલીછે. શુરચંદને શુ તેલેા ઉહાડી માંએઆરાંમ કાંહછે તે પુછેઆથી તેણે જણાવીઉ કે રાતનાં મને ગીનીની કોથલી આપી બેાલીએા કે જાડે ફરવાને જા એછે; પછે તે કાંહ ગએએા, અને શું થાઈઉ તેની તેને ખબર ન થી; કાંકે ગીનીની કોથલી માંથાં નીચે મેલીને તેતેા ઉધી ગીએા હતેા. શુરચંદે કીધેલા એ ખેાલાશા ઉપર કેાઈએ ભરેાશેા આંણેએા જ નહી; કાંકે માએઆરાંમ ગીનીની ઠેલી છેાડીને કેથે જાતેા રેહ, એ વાત માનવા શરખી નહી લાગી. ઘેર ધણીએ વધારે પરપુછ કરતાં પેાલીશે આવીને શુરચંદને કેદ પકડીએા, અને ઈનશાફની અંદર માએઆરાંમનું ખુન કરવાનેા વાંક તેની ઉપર ઠેડવી તેને ફાંશી દેવાનેા હેાકમ કરેએા હતેા.

શુરચંદ ફાંશીની ચુંગાલ મધેથી છુટેા થાએઆ પછે તાંહથી નીકલીને જાંહ માએઆરાંમને ચેાટા લેાકેા લેઈ ગએઆ હતા તાંહ નીકલી ગએએા, અને તે ગાંમ મધે ફરતાં ફરતાં એક દીને માએઆરાંમ તેને લેટીએા. આ વેલાએ એક બીજા ઉપર ગુજરેલી નશીબતનેા ખુલાશેા થાએએા, અને શુરચંદે માએઆરાંમને કહીઉ કે ભાઈ ચાલ, અવે આપણે પાછા પેલાં દેશમાં જાઈને આપણી ગીની પાછી મેલવીએ. માએઆરાંમ તેા બેચારેા ગેાલામ દાખલ રહેએા હતેા, પણ શુરચંદની હીકમતથી તે બંધે જણા તે ગાંમ મધેથી નીકલીને પેલાં શેહર મધે જાઈ પુગા, અને પેાતા ઉપર ગુજરેલી શગળી બીના માએઆરાંમે,અને શુરચંદે તાંની શરકારને જણાવીઆથી તેઓની ગીનીની કોઠલી તેઓને હવાલે કીધી, જે લેઈને તેઓ પાછા પેાતાને વતન ગએઆ.

(૪૦૪)

હાંડીબાગનો રાજા !

એક મુશલમાંન ઠગારો લોકોને ઠગીનેજ પોતાનું પોશન કરતો હતો, અને તેટલા માટે ભપકો કરવા શારૂ ઘેર મધે એક ફુરતાજી પુરશને ચાકરીએ રાખેલો હતો, અને ઘેર મધે મોટો દમામ રાખતો હતો. એક દીવશે તે મુશલમાંન બાહેર જાઈને એક મીતરની શા થે બેશીને વાત કરતો હતો, અને ઘેર મધે પેલા ચાકરે ખીચરી રાંધી હતી. ખીચરી તઈઆર થાઈને થંડી પડવા લાગી; પણ પે લો ઠગારો મુશલમાંન જમવાને ઘેર નહી ગએઓ તારે, પેલો ચાકર તેને બોલાવવા ગએઓ, અને તેના મીતરના દેખતાં બોલીઓ કે— **"હજરત પનાહ, હાંડીબાગકે રાજા કઠોટ શેહરમે આ એ હએ; મીલના હોવે તો જલદી જાએ, ઓ શરદ શેહરમે જાતે હએ.**" આ મતલબને પેલો ઠગારો મુશલમાન શાહ જીઓ કે હાંલી મધે રાંધેલી ખીચરી કઠોટમાં કાડીછે, ખાવાને જલ દીથી નહી જાશે તો તે ઠંડી પડી જાવાની. એ ઉપરથી તે ઠગારાએ ચાકરને પુછીઉં કે—"**ભાઈ, ઊશકે શાથ ઔર કોઈ હએ.**" એટલે કે ખીચરીની શાથે ખાવાને કાંઈ લાવનછે ? ચાકરે જવાબ દીધો કે—"**નહી, શાહેબ, ઔર કોઈ નહી હએ.**" એટલેકે ખીચરી માતરે લુખીજછે. એ ઊપરથી તે મુશલમા ને જણાવીઉં કે—"**ભાઈ તુમ જલદીશે ઘરકુ જાએ, અને ઘાશખાંહ શીપાહીકુ ભેજકે મુલચંદ ભમાદાર કુ બોલા મંગાએ.**" એટલે કે ઘેર જાઈને ઘાશની પુરી લઈ તેને વેચીને બજાર મધેથી મુલા લાવ. આ શેઠ વાંહ ણાતરની વાત શાંભલીને તે ઠગારાનો નવો થાએલો મીતર ઠગાએ ઓ કે આ મુશલમાન પોતાના ઘેર મધે શીપાહી, અને જમાદાર

પણ રાખેછે, અને રાજા પાદશાહોની મીતરાઇ ધરાવેછે. એ ઉપ રથી તેણે તે ઠગારાને દશ-હજાર રૂપીઆ ધીરેઆ હતા; પણ પા છલથી જારે તે ધુતારાની ઠગાઇ ખુલલી થાઇ તારે, તે રૂપીઆને નામની ફેાક મેલીને નીરઆશ થાઇ બેઠેા હતેા; કાંકે તે ઠગારેા રૂ પીઆ લેઇને તાંહથી બાહેર વટી ગએેએા હતેા.

00050965

Digitized with financial assistance from the
Government of Maharashtra
on 18 July, 2018